# कारकप्रकरणम्

સમ્પાદક : વસન્તકુમાર મ. ભટ્ટ

સરસ્વતી પુસ્તક ભંડાર • અમદાવાદ

।। श्रीः ।।

वैयाकरणसिद्धान्तकौमुद्याम्

# कारकप्रकरणम्

(મૂળ ગ્રન્થ, ગુજરાતી ભાષાન્તર, વિમર્શ અને 'વિશેષ' ચર્ચા સાથે)


સમ્પાદક :

**વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ**

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,

ભાષા સાહિત્ય ભવન,

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.



૧૯૯૬

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ

**Kāraka-Prakaraṇam :** A chapter from Vaiyākaraṇa Siddhānta Kaumudi by Bhaṭṭoji-Dīkṣita. With Text, translation, notes and critical notes in Gujarati.

by

Vasantkumar Manubhai Bhatt
Head, Deptt. of Sanskrit
Gujarat University
Ahmedabad - 380 009. (INDIA)

© સમ્પાદક

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૪
પરિવર્દ્ધિત અદ્યતન આવૃત્તિ : નવેમ્બર, ૧૯૯૬
મૂલ્ય : રૂ. ૧૧૦-૦૦

: પ્રકાશક :
શ્રી અશ્વિનભાઈ બી. શાહ,
સરસ્વતી પુસ્તક ભંડાર,
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧.

: મુદ્રણ સ્થાન :
પારિજાત પ્રિન્ટરી, રાણીપ, અમદાવાદ.

# સમર્પણ

મારા અગ્રજ પ્રિય

શ્રી ભૂપેન્દ્રભાઈને.....

જેમના પ્રેરણા-પીયૂષથી સંસ્કૃતનો
વધુ અભ્યાસ કરવા પ્રેરાયો.

# ।। पाणिनि-प्रशस्तयः ।।

१. प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचावकाशे प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्राणि प्रणयति स्म, तत्राशक्यं वर्णेनापि अनर्थकेन भवितुं, किं पुनरियता सूत्रेण ।। (१-१-१ महाभाष्यम्)

२. सामर्थ्ययोगान्न हि किञ्चिदस्मिन् पश्यामि शास्त्रे यदनर्थकं स्यात् । (६-१-७७ महाभाष्यम्)

३. पाणिनि इति शब्दो लोके प्रकाशते ।। (२-१-६ काशिका)

४. आकुमारं यशः पाणिनेः । (१-४-८९ महाभाष्यम् ।)

५. सर्ववेदपारिषदं हीदं शास्त्रम् (२-१-६८ महाभाष्यम्)

६. यच्छब्द आह तदस्माकं प्रमाणम् । (२-१-१ महाभाष्यम्)

७. शोभना खलु पाणिनेः सूत्रस्य कृतिः । (२-३-६६ महाभाष्यम्)

८. पाणिनीयं महत् सुविहितम् । (४-३-६६ महाभाष्यम्)

९. महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य । (४-२-७४ काशिका)

१०. पाणिनेराचार्यस्य सिद्धम् । (८-४-६८ कात्यायनः)

११. तद् द्वारमपवर्गस्य वाङ्मलानां चिकित्सितम् ।
पवित्रं सर्वविद्यानाम् अधिविद्यं प्रकाशते ।।
इदमाद्यं पदस्थानं सिद्धिसोपानपर्वणाम् ।
इयं सा मोक्ष्यमाणानाम् अजिह्मा राजपद्धतिः ।।

(-वाक्यपदीयम् १:१४-१६)

Aṣṭādhyāyī is "One of the greatest monuments of human intelligence"

—Bloomfield

# : 'પ્રથમાવૃત્તિ'નું નિવેદન :

॥ तस्मै श्रीपाणिनये नमः ॥

મહર્ષિ પાણિનિએ રચેલું **અષ્ટાધ્યાયી** વ્યાકરણ વિશ્વનું સર્વોત્તમ વ્યાકરણ છે. અષ્ટાધ્યાયી વ્યાકરણના પ્રાણ સમું પ્રસ્તુત 'કારકપ્રકરણ' ભટ્ટોજિ દીક્ષિતની વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી-વૃત્તિ સાથે રજૂ કરતાં પરમ હર્ષની લાગણી અનુભવું છું. પ્રસ્તુત ગ્રન્થમાં અનુવાદ, વિમર્શ અને ક્યારેક વિશેષ-ચર્ચાઓ દ્વારા પાણિનિના કારકવિષયને-સંસ્કૃત વાક્યરચનાને-ઊંડાણથી અને વિસ્તારથી સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ટૂંકાણથી આ વિષયને સમજાવવા જતાં અનેક સંદિગ્ધતાઓ રહી જવાનો ભય રહેલો છે. સંસ્કૃતના કોઈપણ શાસ્ત્રીય વિષયને **સહેલો** કરવો હોય તો ઊંડાણભરી સમજૂતી અને અપેક્ષિત વિસ્તાર આજે અનિવાર્ય બન્યાં છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી 'પાણિનિનું વ્યાકરણ એ કેવળ સંસ્કૃત ભાષાનું રૂપાખ્યાન જ વર્ણવે છે કે પછી તેમાં 'વાક્ય'ની પણ કોઈ ચર્ચા છે ?' એ ચર્ચાનો-ગવેષણાનો વિષય બન્યો છે. આ વિષયમાં નોંધપાત્ર શોધો કરનાર ચાર વિદ્વાનો પ્રા. જ્યોર્જ કોર્ડોના, પ્રા. સ્ટાલ, પ્રા. કિપાર્સ્કી અને પ્રા. એસ. ડી. જોશીનું અત્રે નામ-સંકીર્તન કરવું જરૂરી છે. આ ચારેય વિદ્વાનોના લખાણોનો ઉપયોગ કરીને અદ્યતન ચર્ચાઓને અહીં સમાવી લેવામાં આવી છે. આ ચારેય વિદ્વાનોનું હું અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકારું છું. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત પ્રયાસમાં આપણી પ્રાચીન પરંપરાનો પણ સર્વાંશે ઉપયોગ કરવામાં આવ્યો છે. વિશેષ કરીને ભર્તૃહરિ અને હેલારાજની ચર્ચાઓનો વિપુલ ઉપયોગ કર્યો છે. स्थितस्य गतिश्चिन्तनीया । વાળી આપણી પ્રાચીન પરંપરાઓને આધુનિક સંશોધનોએ ક્યારેક આઘાત પણ પહોંચાડ્યો છે. પરંતુ આ સંશોધનોની ઉપેક્ષા કરવાની જરૂર નથી. પ્રક્ષેપોને કારણે પાણિનિની અષ્ટાધ્યાયીમાં દેખાતી કેટલીક અસંગતિઓને દૂર કરવાનો શુભાશય અહીં રહેલો છે.

प्रज्ञा विवेकं लभते भिन्नैरागमदर्शनैः ।
कियद्वा शक्यमुन्नेतुं स्वतकर्मनुधावता ॥ (वा. प. २-४८४)

"જુદાં જુદાં આગમો અને દર્શનો ભણવાથી પ્રજ્ઞા વિવેકને પ્રાપ્ત કરે છે. માત્ર પોતાના તર્કથી કેટલે દૂર સુધી જવું શક્ય છે ?

★

આ 'કારકપ્રકરણ' વાંચીને કોઈ અભ્યાસીના મનમાં પાણિનીય વ્યાકરણશાસ્ત્ર વિશે વિશેષ જિજ્ઞાસા જન્મશે તો પ્રસ્તુત પ્રયાસ સફળ થયો ગણાશે.

પાણિનીય વ્યાકરણમાં પહેલ વહેલો પ્રવેશ કરાવનાર મારા ગુરુ પં. શ્રી ચિમનલાલ જગજીવનરામ પંડ્યાને તથા પંડિતમૂર્ધન્ય પૂજ્યશ્રી બાલકૃષ્ણ પંચોલીજીને આજે હું વંદન કરું છું. આ કાર્યમાં મને મારા કુટુમ્બીજનોના આશીર્વાદ અને સહકાર પ્રાપ્ત થયા છે. તદુપરાંત, પ્રોફે. ઈ. એ. સોલોમનબહેન, પૂજ્ય પ્રા. પી. સી. દવે, ડૉ. જે. એમ. શુક્લ, ડૉ. તપસ્વીભાઈ નાન્દી, ડૉ. બી. ડી. પંડ્યા, પ્રા. સુરેશભાઈ દવે, ડૉ. અરવિન્દ ભાંડારી અને પ્રા. શ્રી ભાલચન્દ્રભાઈ ઠક્કર સાહેબની પણ શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ છે. આ માટે તે સૌનો આભાર માનું છું. આ ગ્રન્થને પ્રકાશિત કરનાર શ્રી અશ્વિનભાઈ શાહ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદનો પણ ખાસ આભાર માનવો રહ્યો.

**વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ**

૧૦૧/૩, ગાર્ડન વોર્ડ, ચાર રસ્તા,
મહાદેવ પાસે, મણિનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

ધુળેટી
૧૭-૩-'૮૪
શનિવાર

## દ્વિતીય આવૃત્તિ સમયે

ટૂંક સમયમાં જ વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદીના '**કારકપ્રકરણ**'ની દ્વિતીયાવૃત્તિ પ્રકટ થતાં આનંદની લાગણી થાય એ સ્વાભાવિક છે. 'કારકપ્રકરણ'ની ગુજરાતી અનુવાદ અને વિવરણ સાથેની આવૃત્તિને વિદ્યાર્થી મિત્રોએ ખૂબ આનંદથી વધાવી છે જ પરંતુ ઘણાય પ્રાધ્યાપક મિત્રો, અન્ય વિદ્વાન્ વાચકો, અભ્યાસીઓ અને સમીક્ષકોને પણ આ પ્રયત્ન સંતર્પક નીવડ્યો છે. ડૉ. જે. એમ. શુક્લ સાહેબે આ 'કારકપ્રકરણ'નું અવલોકન કરતાં જણાવ્યું છે કે–

The Siddhānta Kaumudi has been translated into English, Hindi and Marathi. The Kāraka section along with the Sanjñā and the Paribhāṣā Sections are translated by many scholars. However, I am glad to say that Prof. Vasantkumar Bhatt's (VB) translation with notes and advanced explanations **is the best** among them.

VB's merits in the work are obvious. In a long introduction, he has explained everything, related directly or indirectly, to Kāraka,......a word which is lucid, exhaustive and which leaves nothing unexplained so far as the Kāraka is concerned. — See **सम्बोधि** (XI, 1-4) April-1982, L. D. Institute of Indology Silver Jubilee Volume, pp. 251-254.

અલબત્ત શ્રી શુક્લસાહેબે જે કેટલાક સુધારા સુચવ્યા છે તેને આ દ્વિતીય આવૃત્તિમાં સમાવી લેવામાં આવ્યા છે. 'વિવક્ષા'ના મુદ્દા વિષે ડૉ. શ્રી અરવિન્દ ભાંડારીએ પણ કેટલીક વિચારપ્રેરક ચર્ચાઓ કરીને મારી ઉપર ઉપકાર કર્યો છે. પ્રોફે. શ્રી પી. સી. દવે સાહેબ, ડૉ. શ્રી ભગવતીપ્રસાદ પંડ્યાને તથા પૂ. આચાર્ય શ્રી જમ્બુવિજયજી મા. સાહેબને પણ આ પ્રયત્ન સંતર્પક નીવડ્યો છે એ મારે માટે ઉત્સાહવર્ધક ઘટના છે. આ સૌ મહાનુંભાવોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રથમાવૃત્તિની જેમ જ, આ દ્વિતીયાવૃત્તિને પણ સૌ વાચકમિત્રો વધાવી લેશે એવી આશા છે. ભવિષ્યમાં સમગ્ર સિદ્ધાન્તકૌમુદીને ગુજરાતીમાં સવિવરણ અનુવાદ કરવાની મહત્ત્વાકાંક્ષા છે. ભગવાન્ સદાશિવ એ કાર્ય કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરી વિરમું છું.

કૃષ્ણોત્સવ
તા. ૧૨-૬-૧૯૮૭ — **વસન્તકુમાર મનુભાઈ ભટ્ટ**

## પરિવર્દ્ધિત અદ્યતન આવૃત્તિ

પાણિનીય વ્યાકરણના આ 'કારકપ્રકરણ'ને ગુજરાત રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સંસ્કૃતના અભ્યાસક્રમમાં સ્થાન અપાયેલું છે. આ 'કારકપ્રકરણ'ના અભ્યાસ દ્વારા સંસ્કૃત ભાષાના મૂલગામી અભ્યાસનો પ્રારંભ થાય છે. સંસ્કૃત ભાષાના અનેક નામ, સર્વનામ, વિશેષણ, કૃદન્ત, સમાસ અને તદ્ધિતાન્ત પ્રકારના શબ્દોને કારકકોટિએ સ્થાન મળ્યા પછી, જે પરસ્પરાન્વિત પદાવલી દ્વારા વાક્યરચના આકાર લેતી હોય છે તેમાં પ્રસ્તુત 'કારકપ્રકરણ'નો અભ્યાસ સર્વથા ઉપયોગી હોવાની સાથે અનિવાર્ય પણ છે. પરંતુ આવા મહત્ત્વના પ્રકરણની ગુજરાતી, હિન્દી, મરાઠી કે અંગ્રેજી ભાષામાં સુસ્પષ્ટ અને વ્યાપક સમજૂતિ અદ્યાવધિ ક્યાંય ઉપલબ્ધ નથી. એ સ્થિતિમાં પ્રસ્તુત પ્રયાસ સંસ્કૃતના સાચા અભ્યાસીઓને ઉપયોગી થઈ રહ્યો છે. અને તેથી જ આ વિશેષ પરિવર્દ્ધિત આવૃત્તિનો અવતાર થઈ રહ્યો છે – તે મારા માટે આનન્દજનક છે. આ ગ્રન્થથી પાણિનીય વ્યાકરણની અને પરમ્પરયા સંસ્કૃત ભાષાની સેવા કરવાનો; તથા ગુજરાતી ભાષાની અંદર ઉપલબ્ધ શાસ્ત્રીય ગ્રન્થોની સામગ્રીમાં એક નવો ઉમેરો કરવાની જે તક મળી છે તે માટે ગુરુજનોને અને પરમાત્માને વન્દન કરું છું.

૧૯૮૩ ઈ.સ.માં 'કારકપ્રકરણ'ના પ્રકાશનથી આરમ્ભાયેલી મારી સંસ્કૃત વ્યાકરણ વિષયક લેખનપ્રવૃત્તિમાં અત્યાર સુધી નિરુક્ત, પાણિનીય વ્યાકરણ વિમર્શ, લઘુસિદ્ધાન્તકૌમુદી (પૂર્વાર્ધ), સંસ્કૃત વાક્યસંરચના ઈત્યાદિ જેવા ગ્રન્થોનું સર્જન થવા પામ્યું છે તે ગુજરાતના સંસ્કૃતાનુરાગી વાચક વર્ગને આભારી છે. તથા આ ગ્રન્થોના પ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહ; સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદને પણ આભારી છે. પારિજાત પ્રિન્ટરી, રાણીપે નવા સ્વરૂપે મુદ્રણ કર્યું છે, તે માટે એમનો પણ આભાર માનું છું.

વિશ્વદર્શનદિન
૧૪-નવે. ૧૯૯૬

– **વસન્તકુમાર મ. ભટ્ટ**
૭, લેકચરર્સ રો હાઉસીસ,
ગાંધીચોતરા, યુનિ. કેમ્પસ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | નિવેદન | | |
| ૨. | પ્રસ્તાવના : | | ૧ થી ૭૦ |
| | (૧) | વાક્ય | ૧ |
| | (૨) | કારક (વ્યાખ્યાઓ) | ૧ |
| | (૩) | કારકસંજ્ઞા અને વિભક્તિપ્રયોગો (કારકપ્રકરણનું પૃથક્કરણ) | ૫ |
| | (૪) | કારકવિભક્તિ અને ઉપપદવિભક્તિ | ૨૮ |
| | (૫) | પાણિનીય વ્યાકરણનું સ્વરૂપ | ૩૨ |
| | (૬) | કારકપાદ અને વિભક્તિપાદ (સંસ્કૃત વાક્યરચના વર્ણવતી વ્યાકરણિક યુક્તિ) | ૩૪ |
| | (૭) | વિવક્ષા | ૫૪ |
| | (૮) | ચતુર્વિધ વિભક્તિવિધાન | ૬૨ |
| | (૯) | કર્મ પ્રવચનીય | ૬૬ |
| ૩. | (क) | કારકપાદનાં સૂત્રોની યાદી | ૬૯ |
| | (ख) | વિભક્તિપાદનાં સૂત્રોની યાદી | ૬૯ |
| | (ग) | કૃદન્ત સૂત્રોની યાદી | ૬૯ |
| ૪. | कारकप्रकरणम् [મૂળ, અનુવાદ, વિમર્શ અને વિશેષ (ચર્ચા)] | | ૭૧ થી ૨૨૦ |
| | (૧) | પ્રથમા વિભક્તિ | ૭૧ |
| | (૨) | સંબોધન વિભક્તિ | ૭૭ |
| | (૩) | દ્વિતીયા વિભક્તિ | ૮૦ |
| | (૪) | તૃતીયા વિભક્તિ | ૧૩૨ |
| | (૫) | ચતુર્થી વિભાક્તિ | ૧૪૪ |
| | (૬) | પંચમી વિભક્તિ | ૧૬૪ |
| | (૭) | ષષ્ઠી વિભક્તિ | ૧૮૦ |
| | (૮) | સપ્તમી વિભક્તિ | ૨૦૭ |
| ૫. | ગ્રન્થસૂચિ | | |

# ગ્રન્થ-સૂચિ


१. **काशिका** (भाग १ एवं २), (न्यासपदमञ्जरीटीकाद्वयोपेता) सं. द्वारिकादासः शास्त्री, कालिकाप्रसादः शुक्लश्च । प्राच्यभारतीप्रकाशनम् , वाराणसी, 1965.

२. **न्यायकोशः** । सं. म.म. भीमाचार्य जळकीकर BORI, Poona, 1978.

३. **बृहच्छब्देन्दुशेखरः** (भाग-२), सं. सीतारामः शास्त्री, (सरस्वतीभवनग्रन्थमाला-87) वाराणसेय संस्कृतविद्यालयः, वाराणसी, 1960.

४. **परिभाषासंग्रहः**, सं. म. म. के. वी. अभ्यङ्कर, BORI, Poona, 1967.

५. **परिभाषेन्दुशेखरः** (Part-I), सं. म. म. के. वी. अभ्यङ्कर, BORI, Poona, 1962.

६. **पाणिनीयसूत्रयोर्हेतुपदस्यार्थः** । (ચારુદેવશાસ્ત્રી સ્મૃતિ વિશેષાંક) **विश्वसंस्कृतम्** 25-2, 3, 4. 1988. pp. 83-90

७. **वाक्यपदीयम्** (with the commentary of Helārāja) (काण्ड-३, भाग-१), ed. by K.A. Subramania Iyer, Deccan college Monograph series : 21, Poona, 1963.

८. **वैयाकरणसिद्धान्तकौमुदी** (भाग-१), बालमनोरमया तत्त्वबोधिन्या च समेता । सं. गिरिधरशर्मा परमेश्वरानन्दशर्मा च । मोतीलाल बनारसीदास, दिल्ली, 1975.

९. **વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી** (હિન્દી વ્યાખ્યા), પંડિત શ્રી બાલકૃષ્ણ પંચોલીજી, ચૌખમ્બા વિદ્યાભવન, કાશી, 1969.

१०. **व्याकरणदर्शनभूमिका** । ले० रामाज्ञा पाण्डेयः, राजकीय संस्कृत पुस्तकालयः, सरस्वतीभवनम् , काशी, सं. २०१० (1954).

११. **व्याकरणमहाभाष्यम्** (प्रदीपोद्द्योतसहितम् ) भाग : १, २, ३. मोतीलाल बनारसीदास, दिल्ली, 1967.

१२. **Pāṇini as a Variationist**, by Paul Kiparsky, Univ. of Poona, 1980.

१३. *Studies on Pāṇini's* ***Grammar,*** by B. Faddegon, Amsterdam, 1963.

१४. **The Fundamentals of Anuvṛtti,** by S. D. Joshi & Bhate, Univ. of Poona, 1984.

१५. Vyākaraṇa-Mahābhāṣya *Kārakāhnika* (P. 1-4-23—1-4-55) by S. D. Joshi and J.A.F. Roodbergen, CASS, Univ, of Poona, 1975.

१६. Vyākaraṇa-Mahābhāṣya *Vibhaktyāhnika* (P. 2-3-18—2-3-45) by S. D. Joshi and J.A.F. Roodbergen, CASS, Univ. of Poona, Poona, 1980.

१७. Vyākaraṇa-Mahābhāṣya *Prātipadika-śeṣāhnika*. (P. 2-3-56—2-3-71) by S. D. Joshi and J.A.F. Roodbergen, CASS, Univ, of Poona, Poona, 1981.

१८. Vyākaraṇa-Mahābhāṣya *Anabhihitāhnika* 2-3-1—2-3-17) by S. D. Joshi and J.A.F. Roodbergen, Univ. of Poona, Poona 1976.

१९. **પાણિનીય વ્યાકરણ વિમર્શ,** ડૉ. વસન્તકુમાર ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 1994.

२०. **સંસ્કૃત વાક્યસંરચના,** ડૉ. વસન્તકુમાર ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 1996.

श्री:

# ॥ कारकप्रकरणम् ॥

## प्रस्तावना

જેવી રીતે અનેક નટ-નટીઓ ભેગાં મળીને કોઈ એક કથાવસ્તુ (plot) રજૂ કરતાં હોય છે, એવી રીતે જ ... પદાર્થો ભેગાં મળીને કોઈ ક્રિયા કરતાં હોય છે. (જગતમાં પદાર્થો સિદ્ધ અથવા નિષ્પન્ન હોય છે અને ક્રિયા સાધ્ય હોય છે.) વક્તા જ્યારે કોઈ પણ વાક્ય બોલતો હોય છે ત્યારે તેના મનમાં જગતના કોઈક સિદ્ધ (અને બુદ્ધિસ્થ) પદાર્થોએ ભેગા મળીને કોઈક ક્રિયા=ઘટના કરી એ વિશે વાત કરવી ઉદ્દિષ્ટ હોય છે. અમુક ક્રિયા ક્યારે અને ક્યાં થઈ, કયા કયા પદાર્થોએ ભેગા મળીને, કેવા કેવા પ્રકારની મદદ કરીને એ ક્રિયા કરી? આની જ રજૂઆત ભાષાના કોઈ પણ વાક્યમાં થતી હોય છે. આમ વાક્ય એ એક પ્રકારના નાટકની રજૂઆત કરે છે.

નાટક — વાક્ય

નટ-નટીઓનો સમૂહ — કથાવસ્તુ — ક્રિયા કરનારા પદાર્થો (કારકો) — ક્રિયા

એક ઉદાહરણથી આને વિશદ કરીશું : रामः काष्ठैः स्थाल्यां तण्डुलान् पचति । રામ લાકડાંથી તપેલીમાં ચોખા રાંધે છે. અહીં રામ, લાકડાં, તપેલી અને ચોખા જેવા પદાર્થો (નટો) ભેગા મળીને રાંધવાની ક્રિયા (એક પ્રકારની કથાવસ્તુ) રજૂ કરી રહ્યા છે. ક્રિયા કરનારા આ (જડ-ચેતન) પદાર્થોને કારકો (participants or roles) કહેવાય. જેમ નાટકમાં નટ-નટીઓ જુદા જુદા પાત્રનો અભિનય કરે છે એમ એક ક્રિયા કરનારાં વિવિધ કારકો પણ (ક્રિયાની સિદ્ધિમાં) જુદા જુદા પ્રકારની મદદ કરે છે. જેમકે, ૧. 'રાંધવાની ક્રિયા'માં રામ ક્રિયા કરનાર તરીકે અર્થાત્ 'કર્તા' સ્વરૂપે મદદ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો રામ લાકડાં, તપેલી વગેરે અન્ય પદાર્થોને ભેગાં કરીને તેમના દ્વારા રાંધવાની ક્રિયા જન્માવે છે. આમ રામ એક સંયોજક કર્તા (Co-ordinator agent) તરીકે 'રાંધવાની ક્રિયા'ને ઉપકૃત કરે છે. ૨. લાકડાં (અગ્નિ) સાધન-કરણ સ્વરૂપે 'રાંધવાની ક્રિયા'ને ... મદદ કરે છે. ૩. તપેલી ચોખાને ધારણ કરી રાખીને આધાર-અધિકરણ સ્વરૂપે કાર્ય કરીને 'રાંધવાની ક્રિયા'ને મદદ કરે છે ...

જગતમાં જડ-ચેતન (અને બુદ્ધિસ્થ) પદાર્થો અસંખ્ય છે. એ દરેક પદાર્થ સ્વતંત્ર રીતે અથવા પરસ્પર ભેગાં મળીને અસંખ્ય ક્રિયાઓ કરે છે, પરંતુ કોઈ પણ ક્રિયા પૂર્ણ થવામાં આ અસંખ્ય પદાર્થો વધુમાં વધુમાં છ પ્રકારની મદદ કરે છે એવું સંસ્કૃત ભાષાના ભાષકોએ તેમની આંતરપ્રતિભાથી જોયું. ~~અથવા આ અસંખ્ય પદાર્થો છથી અધિક~~ પ્રકારની મદદ કરતા હોય તો પણ તેમને વધુમાં વધુ છ રીતે જ ભાષકો અભિવ્યક્ત કરે છે. 'પદાર્થો જુદા જુદા છ પ્રકારે ક્રિયાને મદદ કરે છે' એની અભિવ્યક્તિને. અર્થાત્ ક્રિયા અને પદાર્થો વચ્ચેના સાધ્ય-સાધન ભાવ અથવા ક્રિયા-કારક ભાવની આ છ અભિવ્યક્તિઓને ષટ્કારક રૂપે ઓળખવામાં આવે છે. જેમકે, કર્તૃકારક, કર્મકારક, કરણકારક, સમ્પ્રદાનકારક, અપાદાનકારક અને અધિકરણકારક. આમ ષટ્સંખ્યક કારકસમૂહ છે.

## (૨) કારક

૧. **'કારક' શબ્દનો અર્થ** (... જે પદાર્થ) ક્રિયા કરે તેને કારક કહેવાય છે.' ક્રિયા સિદ્ધ

કરવામાં જે પદાર્થ ભાગ ભજવે તેને કારક કહેવાય છે. આમ કારક એટલે 'ક્રિયા કરનાર' (that which brings about or doer).

√कृ करणे ધાતુને 'કરનાર' (-કર્તા) અર્થમાં ण्वुल्>अक પ્રત્યય લગાડવાથી कारक શબ્દની સિદ્ધિ થાય છે.[1]

**૨. 'કારક' શબ્દના અન્ય પર્યાય :** કાશિકાકારે 'કારક' શબ્દને નિમિત્તનો પર્યાય ગણાવ્યો છે. અર્થાત્ ક્રિયાસિદ્ધિમાં જે પદાર્થ નિમિત્ત બને તેને 'કારક' કહેવાય છે. આમ 'કારક' કહો કે 'હેતુ' કહો એમાં કશો અર્થફેર થતો નથી=ક્રિયા-સિદ્ધિમાં જે પદાર્થ 'હેતુ'-કારણભૂત-હોય તેને કારક કહેવાય છે.[2] ભર્તૃહરિએ 'વાક્યપદીય'માં કારકને માટે બીજા બે શબ્દ વાપર્યા છે : કારક=ક્રિયાનિર્વર્તક (ક્રિયા પાર પાડનાર). તથા કારક=સાધન. साध्यते अनेन इति साधनम् । જેનાથી ક્રિયા સિદ્ધ કરવામાં આવે છે તે પદાર્થ. (અહીં 'સાધન' એટલે કરણ-instrument નહીં, બીજા શબ્દોમાં કહીએ તો-'કારક' એ સંજ્ઞા છે અને 'સાધન (=જેનાથી ક્રિયા સિદ્ધ થાય છે તે પદાર્થ) એ સંજ્ઞિ છે. જોકે 'કારક'ને અન્વર્થ સંજ્ઞા માનવાથી 'સાધક (-ક્રિયા સિદ્ધ કરનાર પદાર્થ)' એવા અર્થનો આપોઆપ લાભ થઈ જાય છે.

**૩. કારકનું લક્ષણ :** પાણિનિએ 'કારક'નું લક્ષણ (-વ્યાખ્યા) આપી નથી. પાણિનિના સમયમાં 'કારક' શબ્દ ખૂબ પ્રચલિત હશે. જેથી તેમને કારકનું લક્ષણ આપવાની જરૂર નહીં જણાઈ હોય. વાર્તિકકાર કાત્યાયન અને ભાષ્યકાર પતંજલિએ પણ આ વિષે કશુંય સ્પષ્ટ કહ્યું નથી. ભાષ્યકારના અનુગામી વૈયાકરણોએ 'કારક'નાં વિવિધ લક્ષણો આપ્યાં છે. જેમકે,

(क) करोति कर्तृकर्मादिव्यपदेशान् इति कारकम् । "આ કર્તા છે,' 'આ કર્મ છે' એવા વ્યવહારમાં જે (સંજ્ઞા) નિમિત્ત બને છે. તેને કારક (સંજ્ઞા) કહે છે." આ લક્ષણ સર્વાંશે શાસ્ત્રીય (technical) છે : પાણિનિએ कारके । ૧-૪-૨૩ સૂત્રથી 'કારક' સંજ્ઞાનો અધિકાર કર્યો છે. આ અધિકાર ૧-૪-૨૪ થી ૫૫ સુધીનાં સૂત્રોમાં અનુવૃત્ત થાય છે. અર્થાત્ ૧-૪-૨૪ થી ૫૫ સુધીનાં સૂત્રોમાં નોંધેલા જે જે પદાર્થો-કર્તાને ક્રિયા વડે મેળવવા માટે ઈપ્સિતતમ પદાર્થ, ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટોપકારક પદાર્થ વગેરે-ને કર્મ, કરણાદિ વિશેષ સંજ્ઞાઓ આપવી હોય તો તે પહેલે તબક્કે 'કારક' (રૂપે વિવક્ષિત) ન હોય તેને અપાદાન વગેરે વિશેષ સંજ્ઞાઓ આપી શકાતી નથી. દા.ત. वृक्षात् पर्णं पतति । અહીં પતનક્રિયામાં પર્ણ અને વૃક્ષ એ બે પદાર્થો ભાગ લે છે. પડનાર વ્યક્તિ તરીકે 'પર્ણ' અને પતનક્રિયાના આરંભબિંદુ-અવધિભૂત પદાર્થ-તરીકે 'વૃક્ષ' પતનની ક્રિયાસિદ્ધિમાં ભાગ લે છે. આમ પહેલા તબક્કે તે બન્ને કારક-ક્રિયાનિર્વર્તક છે એમ કહેવાય. ત્યાર પછી સ્વતંત્ર રીતે પતનક્રિયા કરનાર 'પર્ણ'ને કર્તૃકારક કહેવાય છે અને અવધિભૂત 'વૃક્ષ' પદાર્થને 'અપાદાન' કારક કહેવાય છે. પરંતુ જ્યારે વૃક્ષ પદાર્થ પતનક્રિયામાં વિભાગના આરંભબિન્દુ તરીકે ભાગ ભજવે છે એમ દર્શાવવું ન હોય અર્થાત્ વૃક્ષ પદાર્થને પતનક્રિયામાં ભાગ લેનાર તરીકે ન રજૂ કરવો હોય ત્યારે वृक्षस्य पर्णं पतति । બોલવામાં આવે છે. અહીં વૃક્ષનો વર્ણની સાથે અવયવ-અવયવીભાવ સંબંધ છે એવું દર્શાવવાની ઇચ્છા છે. પતનક્રિયામાં વૃક્ષ કોઈક રીતે મદદ કરે છે એવું દર્શાવવાની ઇચ્છા નથી. આમ 'વૃક્ષ' કારક (=ક્રિયા નિર્વર્તક) જ નહીં હોવાથી તેને 'અપાદાન' કહેવાશે નહીં (અને તે અપાદાન નહીં હોવાથી તેને પંચમી વિભક્તિ પણ લાગશે નહીં. જે ષષ્ઠી વિભક્તિ લાગે છે તે અકારક વિભક્તિ ગણાય છે). અર્થાત્ જે પદાર્થ પહેલે તબક્કે 'કારક'-ક્રિયાનિર્વર્તક-હોય તેમને જ બીજે તબક્કે કર્તા, કર્માદિ વિશેષસંજ્ઞાઓ આપવામાં આવે છે.

આમ કારક એટલે "ક્રિયા કરનાર" (doer). આ શબ્દ ત્રિવિધ સંદર્ભમાં વપરાય છે :

૧. કોઈક પ્રકારનો 'ક્રિયાકારકભાવ સંબંધ (દા.ત. અપાદાન વગેરે કે જેનું વિશેષ વિધાન ૧-૧-૨૪ થી ૧-૪-૫૫

---

૧. √कृ+ण्वुल् (ण्वुलतृचौ । ३-१-१३३, कर्तरि कृत् । ३-४-६७) 'કર્તા' અર્થમાં ધાતુની પરમાં પ્રત્યય
√कृ+अक (युवोरनाकौ । ७-१-१), ण्वुल् ના સ્થાને अक પ્રત્યય
कार्+अक (अचोऽञ्णिति । ७-२-११५), ધાતુના સ્વરમાં/વૃદ્ધિ (ऋ>आर्)
कारक>પ્રાતિપદિક (कृत्तद्धितसमासाश्च । १-२-४६) કૃદન્ત कारक શબ્દની 'પ્રાતિપદિક' સંજ્ઞા થશે.
कारक+सु>अम् (अतोऽम् । ७।१।२४) = कारकम् ।।

૨. कारकशब्दश्च निमित्तपर्य्यायः । कारकं हेतुरित्यनर्थान्तरम् । कस्य हेतुः ? क्रियायाः ।।
(काशिकावृत्तिः १-४-२३ इत्यत्र) ।

સુધીનાં સૂત્રોમાં થયું છે.) (વિવિધ પ્રકારના ક્રિયાકારક ભાવ સંબંધને માટે 'કારક' એવું સામાન્ય નામ વપરાય છે).

૨. ક્રિયાસિદ્ધિમાં ભાગ લેતી કોઈ પણ વ્યક્તિ કે પદાર્થને 'કારક' કહેવાય છે.

૩. ક્રિયાસિદ્ધિમાં ભાગ લેતી વ્યક્તિ કે પદાર્થનો વાચક જે શબ્દ હોય તેને પણ 'કારક' કહેવાય છે.[૩]

(ख) "કારકાધિકાર (૧-૪-૨૩ થી ૫૫)માં પરિગણિત પદાર્થો કે જેમની અપાદાનાદિ વિશેષસંજ્ઞાઓ કરવામાં આવી છે, તેમને જ 'કારક' કહેવાય છે." (આ બીજું લક્ષણ જ સિદ્ધાન્ત રૂપે સ્વીકાર્ય બની શકે છે.) જે પદાર્થો ક્રિયાસિદ્ધિમાં ઉપકાર કરનાર હોય, પણ પાણિનિએ જો તેમની કોઈ કારકવિશેષ સંજ્ઞા જાહેર ન કરી હોય તો તે પદાર્થોને 'કારક' ગણાતા નથી. દા.ત. કાલ અને अध्वन् (માર્ગ). આ બે પદાર્થો કોઈપણ ક્રિયાના શાશ્વત્ નિમિત્ત અથવા સાધારણ કારક/અસાધારણ કારણ ગણાયા છે. છતાંય પાણિનિએ આ બેની કારકવિશેષ સંજ્ઞા કરી નથી. આવા શબ્દોને कालाध्वनोरत्यन्तसंयोगे (द्वितीया) । ૨-૩-૫ સૂત્રથી સીધી દ્વિતીય વિભક્તિનું જ વિધાન કર્યું છે.(અહીં કાલ અને अध्वन्‌ની 'કર્મકારક' સંજ્ઞા કરીને, તે સંજ્ઞાને નિમિત્તે कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્રથી દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું નથી). આથી मासम् अधीते । જેવાં ઉદાહરણોમાં मास પદાર્થને લાગેલી દ્વિતીયા વિભક્તિ કારક (=ક્રિયાકારક ભાવની) વાચિકા ગણાશે નહીં. અહીં પાણિનિએ 'કાલ' પદાર્થની કર્મસંજ્ઞા કરી નથી (કાલ પદાર્થ 'કર્મ' નહીં ગણવાથી) એથી તેનો કર્મણિ પ્રયોગ પણ થશે નહીં.

આમ તાર્કિક દષ્ટિએ કોઈ પદાર્થ કારક હોય છતાંય, જો પાણિનિએ તેનો કારકાધિકારમાં ઉલ્લેખ ન કર્યો હોય તો તેને 'કારક' કહેવાતો નથી. આ રીતે, 'કારકાધિકાર (૧-૪-૨૩ થી ૫૫)માં પઠિત હોવું' એને જ કારકનું લક્ષણ ગણવામાં આવ્યું છે. આ લક્ષણ પણ સંપૂર્ણપણે શાસ્ત્રીય છે.

(ग) क्रियान्वितत्त्वं कारकत्वम् । "જે પદાર્થનો ક્રિયામાં અન્વય હોય તેને 'કારક' કહેવામાં આવે છે." દા.ત. दशरथस्य रामः अग्निना तण्डुलान् पचति । દશરથનો (પુત્ર) રામ અગ્નિથી ચોખા રાંધે છે, અહીં રાંધવાની ક્રિયામાં રામનો ક્રિયા જનક રૂપે-રસોઈઆ તરીકે-અન્વય છે, અગ્નિનો સાધન ભાવે-કરણભાવે-ક્રિયામાં અન્વય છે અને ચોખાનો રાંધવાની વસ્તુ તરીકે (રાંધવાની ક્રિયામાં) અન્વય છે. આથી આ ત્રણેયને-રામ, અગ્નિ અને ચોખાને-'કારક' કહેવાશે. પરંતુ 'દશરથ'નો કોઈ પણ રૂપે રાંધવાની ક્રિયામાં સાક્ષાત્ અન્વય નથી; તેનો તો કેવળ 'રામ' જોડે જ સંબંધ-અન્વય-છે. આથી દશરથને 'કારક' કહેવાશે નહીં, આ લક્ષણ સિદ્ધાન્તકોટિએ સ્વીકાર્ય બની શકે એમ નથી. કારણ કે यस्य च भावेन भावलक्षणम् । ૨-૩-૩૭ સૂત્રવિહિત સતિ-સપ્તમી વિભક્તિનો ક્રિયામાં અન્વય હોય છે. તથાપિ ભાષ્યકારે એને કારકવિભક્તિ નહીં ગણતાં, ઉપપદવિભક્તિ ગણી છે. બીજી રીતે જોઈએ તો-આ (૨-૩-૩૭) સૂત્રવિહિત સપ્તમી વિભક્તિ કારકસંજ્ઞાને નિમિત્તે જન્મતી નથી. (કારકાધિકાર પઠિત કોઈ સંજ્ઞાના નિમિત્તે આ વિભક્તિનું વિધાન થયું નથી.) આથી સિદ્ધ થાય છે કે 'કારક' હોવા માટે 'ક્રિયામાં અન્વિત હોવું' એટલું જ માત્ર પૂરતું નથી.

(घ) નાગેશ ભટ્ટે क्रियाजनकत्वं कारकत्वम् । "જે પદાર્થ ક્રિયાને જન્માવે તેને 'કારક' કહેવાય છે." એવું લક્ષણ આપ્યું છે.[૪] આ જ લક્ષણને તાત્ત્વિક દષ્ટિએ રજૂ કરવું હોય તો शक्तिः कारकम् । કહી શકાય. "પદાર્થમાં ક્રિયા જન્માવવાની 'શક્તિ'ને કારક કહેવામાં આવે છે." આ મુદ્દાની વિસ્તારથી ચર્ચા કરીશું :

વ્યાકરણિક દષ્ટિએ ક્રિયામાં અન્વિત અથવા ક્રિયાના જનક પદાર્થોને 'કારક'=સાધન કહેવામાં આવે છે. પરંતુ તાત્ત્વિક દષ્ટિએ આ મુદ્દાની વિચારણા કરતાં ભર્તૃહરિ જણાવે છે કે ખરેખર સાધન=કારક કોણ છે ? તો क्रियाणाम् अभिनिष्पत्तौ सामर्थ्यं साधनं विदुः (वा. प. ३. ७. १. ब) પદાર્થોમાં રહેલી શક્તિ વડે ક્રિયાની સિદ્ધિ કરવામાં આવે છે (साध्यतेऽनया) क्रिया इति । માટે શક્તિને જ 'સાધન' (=કારક) કહેવું જોઈએ. ભર્તૃહરિના મતે જે ઘટાદિ પદાર્થો છે તે અનેક શક્તિઓના સમૂહ રૂપ છે. આ શક્તિઓ જલાનયનાદિ ક્રિયાઓની સાધિકા છે. એક જ પદાર્થની, જુદી જુદી ક્રિયાના સંદર્ભમાં જુદી જુદી શક્તિ ઉદ્ભૂત થાય છે. પરિણામે જે તે પદાર્થ સ્વરૂપતઃ યથાવત્ રહેવા છતાંય તેમાં રહેલી

---

૩ જુઓ गतिकारकोपपदात् कृत् । ६-२-१३९. એ જ પ્રમાણે ૫-૪-૪૨ અને ૬-૨-૧૪૮ સૂત્રમાં પણ જોવા મળે છે.

૪. પ્રથમા વિભક્તિનો 'કારકવિભક્તિ'માં સમાવેશ કરવા માટે નાગેશે આ લક્ષણ રજૂ કર્યું છે. આ દષ્ટિએ આ મુદ્દાની ચર્ચા અન્યત્ર કરવામાં આવી છે.

અનેક શક્તિઓના સમુદાયમાંથી 'ક્યારેક' કોઈક શક્તિ પ્રકટપણે ઉદ્ભૂત થાય છે—વિવક્ષિત બને છે. જેમ કે, घटं पश्य । घटेन उदकम् आनय । घटे उदकम् निधेहि । અહીં આ ઉદાહરણમાં ઘટ પદાર્થ એક છે, પણ તે અનેક શક્તિઓનો સમૂહ હોવાથી દર્શન ક્રિયાના સન્દર્ભમાં, ઘટ પદાર્થમાં રહેલી દૃશ્ય બનવાની શક્તિ જ્યારે વિવક્ષિત બને છે. ત્યારે તેને 'કર્મ' રૂપે દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. એ જ પ્રમાણે, આનયન ક્રિયાના સન્દર્ભમાં ઘટ પદાર્થમાં રહેલી સાધન રૂપા શક્તિ ઉદ્ભૂત થાય છે. આથી તેને કરણકારક રૂપે તૃતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે. નિધાન (રેડવા)ની ક્રિયાના સન્દર્ભમાં, ઘટ પદાર્થમાં રહેલી આધાર બનવાની શક્તિ વિવક્ષિત બને છે. આથી તેને અધિકરણ કારક રૂપે રજૂ કરવામાં આવે છે. આમ પદાર્થ માત્ર અનેક શક્તિનો સમૂહ હોવા છતાં એકી સમયે તે દરેક શક્તિઓ ઉદ્ભૂત થતી નથી, પણ એકી સમયે કોઈ એક શક્તિ જ ઉદ્ભૂત થાય છે. આથી કારકસાંકર્યનો પ્રસંગ પણ ઊભો થતો નથી.[૬] આમ ભર્તૃહરિના મતે शक्तिः कारकम् । એવું લક્ષણ માન્ય છે.

એક સન્દર્ભમાં પતંજલિએ પણ गुणसमुदायः साधनम् । (૨-૩-૧ સૂત્રભાષ્ય) એવું કહ્યું છે. (અહીં 'ગુણ' શબ્દ 'શક્તિ'ના અર્થમાં વપરાયો છે. શક્તિ પોતાના આધારને અધીન હોય છે, દ્રવ્યાશ્રિત હોય છે અને અન્ય દ્રવ્યથી પોતે જે દ્રવ્યને આશ્રયે રહી હોય છે તેને જુદું પાડે છે. આ ભેદકત્વને કારણે શક્તિને માટે 'ગુણ' શબ્દ વાપર્યો છે.) અહીં ગુણસમુદાય=શક્તિના સમુદાયને 'સાધન' કહ્યો છે. અર્થાત્ એક જ પદાર્થમાં રહેલ અનેક ગુણો=શક્તિઓનો સમૂહ તેને 'સાધન' કહેવાય છે. અથવા, આને બીજી રીતે પણ સમજી શકાય. પ્રધાન ક્રિયા કોઈ એક જ શક્તિથી સિદ્ધ થતી નથી. અનેક શક્તિઓ ભેગી મળીને જ ક્રિયા સિદ્ધ કરી શકાય છે. દા. ત. રાંધવાની ક્રિયા લઈએ, તો આ ક્રિયા કોઈ એક શક્તિથી સિદ્ધ કરી શકાય એમ નથી. અગ્નિ પદાર્થની સાધન રૂપા શક્તિ, તંડુલની કર્મ રૂપ શક્તિ, તપેલીની આધાર શક્તિ અને દેવદત્તની, કર્તૃ=ક્રિયાજનક=સંયોજક કર્તા તરીકેની શક્તિ ભેગી મળશે, અર્થાત્ જુદી જુદી નાની મોટી શક્તિઓનો સમુદાય ભેગો થશે ત્યારે રાંધવાની ક્રિયા સિદ્ધ થશે. આ ગુણો=શક્તિઓના સમુદાયને 'સાધન' કહેવામાં આવ્યો છે.

★ ★ ★

દ્રવ્યને નહીં, પણ દ્રવ્યાશ્રિત શક્તિને સાધન કહેનારા વૈયાકરણોનો વિરોધ કરીને વૈશેષિકો કહે છે કે એકલી (=નિરાધાર) શક્તિ ક્યાંય રહી શકતી નથી. શક્તિ હંમેશા કોઈક દ્રવ્ય-પદાર્થમાં જ રહેલી હોય છે. માટે શક્તિમત્ દ્રવ્યને જ સાધન (=કારક) કહેવું જોઈએ. આમ વૈશેષિકોના મતે शक्तिमत् कारकम् । એવું લક્ષણ કરવું જોઈએ.

ભાષ્યકાર પતંજલિએ પણ કહ્યું છે કે- द्रव्यं क्रियाभिनिर्वृत्तिं प्रति साधनभावम् उपैति । (૩-૧-૮૭ સૂત્રભાષ્ય) "ક્રિયાની પરિનિષ્પત્તિમાં 'દ્રવ્ય' સાધન બને છે." બીજા એક સન્દર્ભમાં, साधने स्वं भवत् लिङ्गसंख्याभ्यां योक्ष्यते । (૧-૨-૬૪ સૂત્રભાષ્ય) એવું જે કહ્યું છે તેમાં 'સાધન' શબ્દનો અર્થ 'સાધન શક્તિથી વિશિષ્ટ દ્રવ્ય' અથવા 'શક્તિના આધાર રૂપ દ્રવ્ય' એવો સમજવાનો છે.

પરંતુ વૈશેષિકોનો ઉપર્યુક્ત મત સ્વીકારી શકાય એમ નથી. કારણ કે જો દ્રવ્ય જ સાધન હોય તો; દ્રવ્ય તો હંમેશા એક સ્વરૂપે જ રહેલું હોય છે, માટે તે કાર્યવૈચિત્ર્ય નહીં લાવી શકે. મતલબ કે એક જ દ્રવ્ય કોઈ એક ક્રિયાના સંદર્ભમાં જો કર્તા બન્યું હશે, તો બીજી ક્રિયાના સંદર્ભમાં કર્મ બની શકશે નહીં. જેમ કે रामः गच्छति । ગમન ક્રિયામાં રામ-પદાર્થ-દ્રવ્ય કર્તા બન્યો હશે, તો भरतः रामं पश्यति । એવો પ્રયોગ થશે નહીં. કેમ કે એકવાર એક દ્રવ્ય કર્તા બન્યા પછી તેમાં રૂપાંતર થવું શક્ય નથી. પણ જો પદાર્થમાં રહેલી શક્તિઓને સાધન માનીશું તો કોઈ એક ક્રિયાના સન્દર્ભમાં પદાર્થની એક શક્તિ પ્રકટ થશે, તો બીજી ક્રિયાના સન્દર્ભમાં તેની બીજી શક્તિ પ્રકટ થશે. પરિણામે रामः गच्छति । भरतः रामं पश्यति । જેવા વિવિધ પ્રયોગો થઈ શકશે.[૭] બીજું પતંજલિએ દ્રવ્યને સાધન કહ્યું છે એ

शक्तिमात्रासमूहस्य विश्वस्यानेकधर्मणः ।
सर्वदा सर्वथा भावात् क्वचित् किंचिद् विवक्ष्यते ।। (वा. प. ३. ७. २.)

૬. तेन अनेकशक्तेरपि पदार्थस्य सदैव तथावस्थानेऽपि काचिच्छक्तिः क्वचिदुद्भूता विवक्ष्यते इति घटं पश्य, घटेनोदकमानय, घटे उदकं निधेहीत्यादि कर्मकरणादिभावो नियमेनोपपद्यते इति न कारकसाङ्कर्यप्रसङ्गः ।। (हेलाराजः पृ. २३२ एवं २३३)

૭. द्रव्यस्य तु एकस्वभावत्वात् कर्मकरणादित्वं नोपपद्यते इति गर्भीकृता इयम् अत्र युक्तिः, शक्तेः साधनत्वं बोद्धव्या ।। (हेलाराजः पृ. २३३)

પણ-શક્તિ અને શક્તિમત્ નો ભેદ ન માનીને (=ભેદની અવિવક્ષા કરીને) કહ્યું છે એમ જાણવું.

## કારક અને વિભક્તિપ્રયોગ

### ('સિદ્ધાન્તકૌમુદી'ના કારકપ્રકરણનું પૃથક્કરણ)

### પ્રાતિપદિકાર્થ અને પ્રથમા વિભક્તિ

૩. પાણિનિએ નિમ્નોક્ત ચાર અર્થોને અભિવ્યક્ત કરવા માટે પ્રથમા વિભક્તિનું વિધાન કર્યું છે.

(ક) પ્રાતિપદિકાર્થ — પ્રાતિપદિક (નામ)ના અર્થને અભિવ્યક્ત કરવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે. દા.ત. રામઃ, કૃષ્ણઃ, જ્ઞાનમ્, નદી વગેરે. અહીં 'રામ' એમ (પ્રાતિપદિક (નામ)ને પ્રથમા વિભક્તિનો સુ પ્રત્યય લગાડવામાં આવ્યો છે. આ પ્રત્યય લગાવવાનો ઉદ્દેશ એ છે કે પ્રાતિપદિક (નામ)નો અમુક ચોક્કસ અર્થ પ્રગટ થાય છે, અભિવ્યક્ત થાય છે.

અહીં એ વિચારણીય છે કે કોઈ પણ પ્રાતિપદિકનો કયો અર્થ નિયત હોય છે? અર્થાત્ પ્રાતિપદિકમાંથી કયો અર્થ પ્રાપ્ત થતો હોય છે? ઉત્તર : કોઈ પણ (પ્રત્યયવિશિષ્ટ) પ્રાતિપદિકનું શ્રવણ થતાંની સાથે જ તેમાંથી વધુમાં વધુ પાંચ અર્થોની પ્રાપ્તિ થઈ શકે છે. જેમકે, પ્રવૃત્તિનિમિત્ત (જાતિ), વ્યક્તિ, લિંગ, સંખ્યા અને કારક. પરંતુ પ્રસ્તુત સન્દર્ભમાં 'જાતિ' અને 'વ્યક્તિ'એ બેનું જ પ્રાતિપદિકના અર્થ તરીકે ગ્રહણ થઈ શકશે. (કારણ કે પ્રથમા વિભક્તિનું વિધાન કરનાર 'પ્રાતિપદિકાર્થ...' સૂત્રમાં 'લિંગ' અને 'વચન=સંખ્યા' એવા શબ્દોનું પૃથક્ ગ્રહણ કર્યું છે.) હવે અલિંગ અને નિયત લિંગવાળા શબ્દોને જ્યારે પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે ત્યારે ત્યાં 'જાતિ' અને 'વ્યક્તિ' રૂપ બે જ અર્થો મળે છે. દા.ત.

(અ) ઉચ્ચૈઃ, નીચૈઃ (બ) કૃષ્ણઃ, જ્ઞાનમ્, શ્રીઃ, વગેરે.

(ખ) લિંગ–અનિયતલિંગવાળા શબ્દોને જો પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે તો ત્યાં શબ્દ (પ્રાતિપદિક)ના લિંગમાત્રનું આધિક્ય સૂચવાય છે. જેમકે, તટ શબ્દ છે. (આ શબ્દનો ત્રણેય લિંગમાં પ્રયોગ થતો જોવા મળે છે. આથી) આ શબ્દ 'અનિયતલિંગવાળો' છે (એમ કહેવાય છે). આ શબ્દને જ્યારે પ્રથમા વિભક્તિનો પ્રત્યય લાગશે ત્યારે (જ) તે શબ્દમાં કયું લિંગ રહેલું છે? તેનો બોધ થાય છે. એટલે કે તટ+સુ>તટઃ રૂપનું ઉચ્ચારણ થશે ત્યારે તે શબ્દ પુંલિંગમાં છે એવો બોધ થશે. તટી+સુ>૦=તટી । રૂપનું ઉચ્ચારણ થશે ત્યારે તે શબ્દ સ્ત્રીલિંગમાં છે એવો બોધ થશે. એ જ પ્રમાણે તટ+સુ>અમ્=તટમ્ રૂપનું ઉચ્ચારણ થશે ત્યારે તે શબ્દ નપુંસકલિંગમાં છે એવો બોધ થશે.

(ગ) પરિમાણ–અમુક શબ્દોને જ્યારે પ્રથમા વિભક્તિ લાગે છે ત્યારે ત્યાં પ્રથમા વિભક્તિ 'માપ' રૂપ અર્થ આપે છે. દા.ત. દ્રોણો વ્રીહિઃ । 'દ્રોણ રૂપ માપથી મપાયેલા/મપાયેલા ચોખા.' અહીં 'દ્રોણ' પ્રાતિપદિક એક વજનમાપ છે. પણ તેને લાગેલી પ્રથમા વિભક્તિ પરિમાણ=માપ રૂપ અર્થ વ્યક્ત કરે છે. આથી 'દ્રોણ' બોલવાથી 'ચોખા જેવા ધાન્યનું માપ' એવો અર્થ મળે છે.

(ઘ) 'વચન=સંખ્યા-કારક' પ્રથમા વિભક્તિ 'સંખ્યા' રૂપ અર્થની વાચિકા (=અનુવાદિકા) હોય છે. જેમકે, एक । द्वि । बहु । વગેરે સંખ્યાવાચક શબ્દો તેમને કોઈ પણ વિભક્તિનો પ્રત્યય નથી લાગ્યો હોતો એ અવસ્થામાં પણ 'સંખ્યા' રૂપી અર્થ ધરાવતા હોય છે. પરંતુ આ વ્યાકરણશાસ્ત્રમાં તો એવો નિયમ છે કે વિભક્તિ પ્રત્યય લગાડ્યા વિનાનો શબ્દ ન ઉચ્ચારવો. વિભક્તિ પ્રત્યય વિનાનો શબ્દ 'પદ' ગણાતો નથી–સાધુ ગણાતો નથી. આથી एक । द्वि । बहु । વગેરે શબ્દો સંખ્યા રૂપી અર્થ આપી શકે છે; છતાંય તેમને 'પદત્વ'ની–સાધુત્વની પ્રાપ્તિ થાય એટલા

---

૮. भाष्ये द्रव्यस्य साधनत्वाभिधानं तच्छक्तिशक्तिमतोर्भेदाविवक्षया इति अवगन्तव्यम् । (हेलाराज પૃ. ૨૬૨)

૯. અહીં પ્રશ્ન થશે કે પ્રત્યય લગાવ્યા વિનાના અર્થાત્ કે કોશગત શબ્દ (પ્રકૃતિ) માત્રથી જ તે (રામ નામ)નો અર્થ શું નથી મળતો? ઉત્તર : સંસ્કૃતભાષામાં એવો નિયમ છે કે એકલા પ્રાતિપદિક (કે ધાતુ) =પ્રકૃતિનો પ્રયોગ ન કરવો. તથા એકલા પ્રત્યયનો પ્રયોગ કરવો નહીં. વિભક્તિ પ્રત્યય લગાવ્યા વિનાના પ્રાતિપદિક (નામ)થી કોઈ અર્થ મળતો નથી. એમ શબ્દને જેવો પ્રત્યય લગાડવામાં આવે છે ત્યારે જ તે શબ્દમાં રહેલો અર્થ અભિવ્યક્ત થાય છે. આમ પ્રાતિપદિક (નામ)ના અર્થને અભિવ્યક્ત કરવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે. (બીજા શબ્દોમાં- 'પ્રથમા વિભક્તિ સાધુત્વબોધિકા છે.')

માટે તેમને પ્રથમા વિભક્તિના પ્રત્યયો તો લગાડવા જ પડે છે. (હવે પ્રશ્ન થશે કે અહીં **एक । द्वि ।** વગેરે પ્રકૃતિ-મૂળ પ્રાતિપદિકો-'સંખ્યા' રૂપી અર્થ આપશે અને પ્રથમા વિભક્તિના પ્રત્યયો પણ શું તે જ 'સંખ્યા' રૂપી અર્થ આપશે ? આનો જવાબ એ છે કે) આવા સંખ્યાવાચક શબ્દોને જે પ્રથમા વિભક્તિના પ્રત્યયો લાગે છે (**एकः । द्वौ । बहवः ।**) તે (કોઈ સંખ્યા રૂપી નવા અર્થનું તો બોધન કરાવતા નથી, પણ) **एक । द्वि । बहु ।** વગેરે પ્રકૃતિથી જ કહેવાતા સંખ્યા રૂપી અર્થનો માત્ર અનુ-વાદ (પુનઃકથન) કરે છે :

પાણિનિએ ઉપર્યુક્ત વ્યવસ્થા **प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा** । ૨-૩-૪૬ સૂત્રથી સૂચવી છે.

આધુનિક વિદ્વાનો કહે છે કે પ્રથમા વિભક્તિના પ્રત્યયો કેવળ 'લિંગ' અને 'સંખ્યા' રૂપી બે જ અર્થો અભિવ્યક્ત કરવા માટે વપરાય છે. આ વિદ્વાનોના મતે પ્રાતિપદિક (નામ)ના 'જાતિ' કે 'વ્યક્તિ' રૂપ જે અર્થો હશે, તે અર્થોનું બોધન તો પ્રાતિપદિક (=પ્રકૃતિ)માંથી જ થઈ જશે. જેમકે, **तट** એવા પ્રાતિપદિકમાંથી તટત્વ જાતિ અને (પૂર્વે જોયેલા) કોઈ નદી વિશેષના કિનારાનું-વ્યક્તિનું-જ્ઞાન થઈ જાય છે. પરંતુ જ્યારે તેને પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાવવામાં આવે છે ત્યારે જ તે શબ્દના લિંગ અને તેની સંખ્યાનો બોધ થાય છે. **तटः ।** કહીશું ત્યારે 'પુલિંગ' અને 'એકવચન' રૂપ અર્થો મળે છે. એ જ પ્રમાણે, **रामौ ।** કહીશું ત્યારે 'પુલિંગ' અને 'દ્વિવચન' અર્થોનો બોધ થાય છે. આમ પ્રાતિપદિકને લાગેલી પ્રથમા વિભક્તિ કેવળ 'લિંગ' અને 'સંખ્યા' એવા બે જ અર્થો અભિવ્યક્ત કરે છે.

★

વાર્તિકકાર કાત્યાયનનો મત છે કે પ્રથમા વિભક્તિ "અભિહિત કારક"ને અભિવ્યક્ત કરે છે. એટલે કે તેમના મતે 'પ્રથમા વિભક્તિ પ્રાતિપદિકાર્થ (જાતિ અને વ્યક્તિ), લિંગ, પરિમાણ અને સંખ્યા જેવા અર્થોને અભિવ્યક્ત કરે છે' એમ કહેવાને બદલે **"अभिहिते प्रथमा"** એમ કહેવું જોઇએ.

અહીં, વાર્તિકકારનો આશય એ છે કે દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિ અનુક્રમે અનભિહિત કર્મકારક, અનભિહિત કર્તૃ અને કરણકારક, અનભિહિત સમ્પ્રદાનકારક, અનભિહિત અપાદાનકારક અને અનભિહિત અધિકરણકારકને અભિવ્યક્ત કરે છે. પરંતુ પ્રથમા વિભક્તિ અભિહિત કર્તૃકારક, અભિહિત કર્મકારક, અભિહિત કરણકારક, અભિહિત સમ્પ્રદાનકારક, અભિહિત અપાદાનકારક અને અભિહિત અધિકરણકારકને અભિવ્યક્ત કરે છે. દા.ત. १. रामः पचति । २. ओदनः पच्यते । ३. स्नानीयं चूर्णम् । ४. दानीयो विप्रः । ५. प्रपतनः वृक्षः । ६. गोदोहनी स्थाली ।। આમ પ્રથમા વિભક્તિ જુદાં જુદાં છ અભિહિતકારકોને અભિવ્યક્ત કરવા વપરાય છે.

આમ પ્રથમા વિભક્તિ કયા કયા અર્થને અભિવ્યક્ત કરવા માટે વપરાય છે એ અંગે ત્રિવિધ મતો જોવા મળે છે.

૨. અહીં એ નોંધપાત્ર છે કે પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં **वृक्षः । रामः ।** જેવાં એકાકિ પ્રથમા વિભક્ત્યન્ત પદોની સિદ્ધિ શક્ય છે. એટલે કે જે પદો પ્રથમા વિભક્તિમાં ઉચ્ચારવામાં આવે છે તે પદો પોતાનો અર્થ આપવા માટે સ્વ-તન્ત્ર છે; તેમને અન્ય વિભક્ત્યન્ત પદોના સાંનિધ્યની જરૂર નથી. જ્યારે પ્રથમા વિભક્ત્યન્ત પદ સિવાયનાં, અન્ય દ્વિતીયાદિ વિભક્ત્યન્ત-પદો ઉચ્ચારવામાં આવે તો પણ તે પદો પોતાનો અર્થ પૂરેપૂરો અભિવ્યક્ત કરવા માટે અન્ય પદોની અપેક્ષા રાખે છે. જેમકે, 'गाम्' એવું દ્વિતીયા વિભક્ત્યન્ત પદ ઉચ્ચારીશું તો 'गो' પ્રકૃતિમાંથી 'જાતિ' અને 'વ્યક્તિ'+પ્રત્યયમાંથી 'કર્મકારક' રૂપ અર્થ મળશે; પણ કર્મકારક રૂપી પ્રત્યયાર્થનો કઈ ક્રિયામાં અન્વય કરવો ? એવો પ્રશ્ન થાય છે. અર્થાત્ અહીં કોઈક ક્રિયાપદ-ક્રિયા-ની આકાંક્ષા રહે છે કે જેમાં 'ગાય' કર્મકારક રૂપે અન્વિત થાય. આમ **गाम्** એવું દ્વિતીયા વિભક્ત્યન્ત પદ સ્વ-તન્ત્ર નથી. શાસ્ત્રીય દૃષ્ટિએ કહીએ તો, પાણિનિને અભિમત એવા વાક્ય-સંસ્કાર પક્ષમાં તો આવાં દ્વિતીયાદિ વિભક્ત્યન્ત પદો (કે तिङन्त=ક્રિયાપદો)ની સ્વતન્ત્ર સિદ્ધિ શક્ય જ નથી. હા, કેવળ પ્રથમા વિભક્ત્યન્ત પદોની એકાકિ સિદ્ધિ શક્ય છે. (પ્રથમા સિવાયનાં દ્વિતીયાન્તાદિ પદો કોઈકને કોઈક વાક્યના એક ભાગ રૂપે જ જન્મી શકે છે. = ક્રિયાપદ સાથે સંબદ્ધ હોય ત્યારે જ જન્મી શકે છે.)

## કર્મકારક અને દ્વિતીયા વિભક્તિ

**૧. (૧) શાસ્ત્રીય દૃષ્ટિએ** વિચારીએ તો, ધાતુના બે અર્થો હોય છે : વ્યાપાર=ક્રિયા અને ફળ. દા.ત. √**पच्**>**पचति** (રાંધે છે) ધાતુ લઈએ. અહીં રાંધવાની ક્રિયાનો બોધ થાય છે અને એ ક્રિયા થવાથી ચોખા જેવો કઠણ પદાર્થ ઢીલો થઈને 'ભાત' બનવા રૂપી કોઈક ફળ આવે છે એનો પણ બોધ થાય છે. અહીં ક્રિયાનો જે આશ્રય છે (=ક્રિયાનો જે કરનાર છે) તેને 'કર્તા' કહેવામાં આવે છે તથા ક્રિયાજન્ય ફળનો જે આશ્રય છે, તે (ચોખા)ને 'કર્મ' કહેવામાં

આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો કર્તાને (સકર્મક) ક્રિયા કરવા માટે જે પદાર્થની અનિવાર્ય જરૂર પડે તેને 'કર્મકારક' કહેવાય છે. रामः तण्डुलान् पचति । 'રામ ચોખા રાંધે છે.' અહીં રામ રાંધવાની ક્રિયાનો આશ્રય છે. પણ રાંધવાની ક્રિયા જેની ઉપર થાય છે તે પદાર્થ-ચોખા-અહીં અનિવાર્ય છે. આ અનિવાર્ય પદાર્થ જ ક્રિયાજન્ય ફળનો આશ્રય બને છે. પાણિનિએ બે સૂત્રોમાં 'કર્મકારક'ની વ્યાખ્યા આપી છે : १. कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ "કર્તાને ક્રિયા વડે મેળવવા માટે જે અત્યંત ઇષ્ટ કારક હોય તેને 'કર્મ' કહેવાય છે." ૨. तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ "ઇપ્સિતતમ પદાર્થની જેમ (મુખ્ય) ક્રિયાની સાથે જોડાયેલા અનીપ્સિત કારકને પણ 'કર્મ' કહેવાય છે."

★

પાણિનિએ નિર્દેશેલા (क) ઇપ્સિતતમ અને (ख) અનીપ્સિત કર્મના કુલ પાંચ ભેદો પડે છે. તેને ભર્તૃહરિ આ પ્રમાણે સમજાવે છે :

(क) ઇપ્સિતતમ કર્મ ત્રણ પ્રકારનું હોય છે : निर्वर्त्यं च विकार्यं च प्राप्यं चेति त्रिधा मतम् । વાક્યપદીય, કાંડ-૩, સાધન સમુદ્દેશ (૭) ૪૫ अ) ૧. કોઈ પ્રકૃતિમાંથી (=ઉપાદાન કારણમાંથી) અમુક વસ્તુ બનાવવામાં આવતી હોય ત્યારે તેને "નિર્વર્ત્ય કર્મ" કહે છે. દા.ત. मृदा घटं करोति । 'માટી વડે ઘડો બનાવે છે.' અહીં નિર્વર્ત્યમાન 'ઘટ'થી પ્રકૃતિ (માટી)નો ભેદપૂર્વક ઉલ્લેખ કરવામાં આવે છે. ૨. કોઈ પ્રકૃતિમાંથી (=ઉપાદાનકારણમાંથી) અમુક વસ્તુ બનાવવામાં આવતી હોય તેને "વિકાર્ય કર્મ" કહે છે. પરંતુ અહીં પ્રકૃતિનો અભેદપૂર્વક ઉલ્લેખ કરવામાં આવે છે. દા.ત. मृदं घटं करोति । 'માટીને ઘડો બનાવવામાં આવે છે." (काशान् कटं करोति । अङ्गारान् भस्म करोति । વગેરે.) ઘટ રૂપી કાર્યથી ભિન્ન માટી નથી એ દર્શાવવા અહીં मृद् શબ્દને પણ દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવેલ છે. આ વિકાર્ય કર્મના બીજા બે પેટાભેદ પડી શકે એમ છે : (i) પ્રકૃતિનો ઉચ્છેદ થવાથી નિષ્પન્ન થતું કર્મ દા.ત. काष्ठानि भस्म करोति । (ii) ગુણાન્તરની ઉત્પત્તિ થવાથી નિષ્પન્ન થતું કર્મ દા.ત. सुवर्णं कुण्डले भवतः । આ બન્ને ઉદાહરણમાં પ્રકૃતિ (काष्ठ અને सुवर्ण) અભેદપૂર્વક વિવક્ષિત છે; અને પરિણામે દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરેલ છે. ૩. ક્રિયાગત-વિશેષની જ્યાં દર્શનથી કે અનુમાનથી ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે તેને "પ્રાપ્ય કર્મ" કહે છે. દા.ત. आदित्यं पश्यति । नगरम् उपसर्पति । वेदम् अधीते । અહીં જોવાની ક્રિયાથી, નજીક જવાની ક્રિયાથી કે ભણવાની/વાંચવાની ક્રિયાથી આદિત્યમાં, નગરમાં કે વેદગ્રન્થમાં કશો વિકાર ઉત્પન્ન થતો નથી. આ બધાં માત્ર પ્રાપ્યકર્મ છે.

આ ત્રણેય પ્રકારનાં કર્મ कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી આવરી લેવામાં આવ્યાં છે.

(ख) અનીપ્સિતકર્મ બે પ્રકારનું હોય છે : औदासीन्येन यत् प्राप्यं, यच्च कर्तुरनीप्सितम् । (એજન-૪૬ अ). ૧. ઉદાસીનતાપૂર્વક પ્રાપ્ય એવું કર્મ દા.ત. ग्रामम् गच्छन् तृणं स्पृशति । 'ગામ જતાં (રસ્તામાં) ઘાસને અડકે છે.' અહીં તૃણસ્પર્શમાં તાત્પર્ય નથી; તે સ્પર્શક્રિયા ઉદાસીનતાપૂર્વક થાય છે. આથી तृणम्‌ને ઉદાસીનતાપૂર્વક પ્રાપ્ય એવું કર્મ કહેવામાં આવે છે. ૨. દ્વેષપૂર્વક પ્રાપ્ય એવું કર્મ. દા.ત. ओदनं भुञ्जानो विषं भुङ्क्ते । 'ભોજન કરતાં કરતાં વિષ ખાઈ લે છે.' અહીં જે ભોજન કર્તા હોય તેને ઇપ્સિતતમ તો ભાત (ओदन) છે, પણ વિષ દ્વેષ્ય-અનીપ્સિત-છે.

પાણિનિએ આ બે-ઉદાસીનતાપૂર્વક પ્રાપ્ય અને દ્વેષપૂર્વક પ્રાપ્ય-કર્મને तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્રથી આવરી લીધાં છે.

૧. (૨) પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં 'કર્મ' સંજ્ઞા કરનારું ત્રીજું સૂત્ર છે : अकथितञ्च । ૧-૪-૫૧. વાક્યમાં અપાદાન વગેરે કારકોની અવિવક્ષા કરવી હોય તો આ સૂત્રથી તેમની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે. દા.ત. वामनः बलेः वसुधां भिक्षते । 'વામન બલિરાજા પાસે જમીન માંગે છે' અહીં માંગવાની ક્રિયાનું મુખ્ય કર્મ જમીન=वसुधा છે; (તેની 'કર્મ' સંજ્ઞા તો कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી જ થશે. પરંતુ) આ વાક્યમાં बलेः એવું જે અપાદાનકારક વપરાયું છે તેને કોઈ વક્તા અપાદાન રૂપે રજૂ કરવા ન ઇચ્છતો હોય તો આ ૧-૪-૫૧ સૂત્રથી તેને 'કર્મ' જાહેર કરી શકે છે. એટલે કે वामनः बलिं वसुधां भिक्षते । એવું દ્વિકર્મક વાક્ય પણ બની શકે છે.

આમ 'અપાદાન' વગેરે સંજ્ઞાન્તરથી અનાખ્યાત-અવિવક્ષિત-કારકોની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે. આ સૂત્ર દ્વિકર્મક ધાતુઓના (बलि જેવા) ગૌણ કર્મને આવરી લેવા માટે રજૂ થયું છે.

૧. (૪) કૃત્રિમ-કર્મ

(क) १. अभिनिविशश्च । १-४-४६ ★

३. अधिशीङ्स्थासां कर्म । १-४-४८

(ख) ...

(ग) कुधद्रुहोरुपसृष्टयोः कर्म । १-४-३८

વાસ્તવમાં (લૌકિક દૃષ્ટિએ), અમુક પદાર્થ આધાર-અધિકરણકારક હોય છે, પરંતુ લોકવ્યવહારમાં તેમને 'કર્મ' રૂપે (એટલે કે દ્વિતીયા વિભક્તિમાં) રજૂ કરવામાં આવે છે. અને 'કૃત્રિમ કર્મ' કહીશું. દા.ત. हरिः वैकुण्ठे शेते । હરિ વૈકુંઠમાં સૂઈ ગયા છે. અહીં વૈકુંઠ શયનક્રિયાનું આધારસ્થાન છે, આથી તેની 'અધિકરણ' સંજ્ઞા થશે. અધિકરણ સંજ્ઞાવાળા કારકને સામાન્ય રીતે સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. પરંતુ અધિ ઉપસર્ગ પૂર્વક જો શીઙ્ (શયને) વગેરે ધાતુ(ઓ) વાક્યમાં પ્રયોજાય તો લોકો તે આધારસ્થાનને-અધિકરણવાચક શબ્દને 'કર્મ' જાહેર કરી, દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરે છે: हरिः वैकुण्ठम् अधिशेते । આવાં કર્મને કૃત્રિમ કર્મ કહીશું. ઉપર (ક)ની અંદર જે જે સૂત્રો મૂક્યાં છે તે અધિકરણકારકની 'કર્મ' સંજ્ઞા કરનારાં છે, જ્યારે (ખ)ની અંદર મૂકેલું સૂત્ર કરણકારકને 'કર્મ' ... (ગ)માં મૂકેલું સૂત્ર સંપ્રદાનકારકને 'કર્મ' જાહેર કરનારું છે. (આ બધાં સૂત્રોની સમજૂતી ભૂમિકામાં જોઈ લેવી.)

આ બધાં સૂત્રોથી જે જે પદાર્થોને 'કર્મ' સંજ્ઞાવાળા જાહેર કરવામાં આવ્યાં છે તેમને (कर्मणि द्वितीया । २-३-२) થી લાગતી દ્વિતીયા વિભક્તિ "કારકવિભક્તિ" ગણાય છે.

[illegible] ઉપપદ વિભક્તિ [illegible]

[illegible] उभयतः सर्वतः धिक् [illegible] उपरि, अधि [illegible] अधो [illegible] अभितः, परितः, समया, निकषा, हा અને प्रति [illegible] યોગમાં [illegible] દ્વિતીયા વિભક્તિ [illegible] પ્રયોગ થાય છે.

(ई) अन्तरा અને अन्तरेण-આ બે અવ્યયો પણ દ્વિતીયા વિભક્તિ લે છે.

(ख) 'કર્મપ્રવચનીય' સંજ્ઞાવાળા પ્રાદિ શબ્દોના યોગે દ્વિતીયા વિભક્તિ—

(૧) 'લક્ષણ' અર્થ, 'તૃતીયા વિભક્તિ'નો અર્થ અને 'હીન' અર્થનો દ્યોતક अनु.

(૨) 'હીન' કે 'અધિક' અર્થનું દ્યોતન કરનાર उप.

(૩) [illegible] અર્થોનું દ્યોતક प्रति, परि અને अनु.

(૪) 'લક્ષણ' [illegible] અર્થોનું દ્યોતક [illegible]

(૫) 'પૂજા' અર્થનું દ્યોતન કરનાર सु.

(૬) 'અતિક્રમણ' અને 'પૂજા' અર્થનું દ્યોતન કરનાર अति

(૭) તથા, 'પદાર્થ', 'સંભાવના', 'અન્વવસર્ગ' (=કામચારાનુજ્ઞા), 'ગર્હા' અને 'સમુચ્ચય' અર્થોનું દ્યોતન કરનાર अपि શબ્દને 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે.

આ "કર્મપ્રવચનીય" સંજ્ઞાના નિમિત્તે कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ વિધિસૂત્રથી દ્વિતીયા વિભક્તિનું વિધાન થાય છે. આ કર્મપ્રવચનીય સંજ્ઞાવાળાં પદો 'ઉપપદ' ગણાય છે. આથી કર્મપ્રવચનીય સંજ્ઞા નિમિત્તે પ્રયોજાતી દ્વિતીયા વિભક્તિ 'ઉપપદ વિભક્તિ' જ કહેવાય છે.

(ग) (ક્રિયાની સાથે) અત્યંત સંયોગ-સાતત્ય-સૂચવતા કાલવાચક અને માર્ગવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. (कालाध्वनोरत्यन्तसंयोगे द्वितीया । ૨-૩-૫) દા.ત. मासम् अधीते । क्रोशं कुटिला नदी । આ સૂત્રથી કહેવામાં આવેલી દ્વિતીયા વિભક્તિ પણ ઉપપદ વિભક્તિ છે.

૩ વાર્તિક : અકર્મક ધાતુઓના યોગમાં દેશ, કાલ, ભાવ અને ગન્તવ્ય માર્ગવાચક શબ્દોની પણ કર્મ સંજ્ઞા થાય છે અને એમને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા.ત. कुरून् स्वपिति । मासम् आस्ते । વગેરે.

## કરણકારક અને તૃતીયા વિભક્તિ

૧ કરણકારક : ક્રિયાના નિર્વર્તકોને (ક્રિયા કરનાર પદાર્થોને) 'કારક' કહેવામાં આવે છે. અનેક કારકો ભેગા મળીને એક ક્રિયા કરતા હોય છે. આમાંથી જે પદાર્થ વ્યાપારનો આશ્રય હોય (=ક્રિયાનો જનક હોય) તેને કર્તૃકારક કહેવામાં આવે છે. કોઈ પણ ક્રિયામાં આવા કર્તૃકારકનું પ્રાધાન્ય હોય છે. પરંતુ કર્તૃકારક સિવાયનાં અન્ય કારકોમાંથી [illegible] ક્રિયાસિદ્ધિમાં જે [illegible] કહેવું જોઈએ : साधकतमं करणम् । ૧-૪-૪૨. [illegible] આ સૂત્રનો આશય સમજાવતાં કહે છે કે જે કારકના વ્યાપાર પછી તરત ફલસિદ્ધિ પ્રાપ્ત થાય તેને 'કરણ કારક' કહેવામાં આવે છે. [illegible] વ્યાપાર પછી [illegible] ફલસિદ્ધિ [illegible] 'કરણ કારક' [illegible] પછી ફલસિદ્ધિ પ્રાપ્ત [illegible] સંજ્ઞા [illegible] साधकतमम् करणम् । ૧-૪-૪૨ સૂત્ર ઉપરની 'વિશેષ' ચર્ચા જુઓ.

[illegible] (ઉદ્દેશ્ય) અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાય છે. દા.ત. कामुकः दास्या संयच्छते । અહીં કામુક અને દાસીનો વ્યવહાર અશિષ્ટ (=અધર્મ્ય) છે, આથી વાસ્તવમાં જે (દાસી) સંપ્રદાન કારક છે તેને તૃતીયા વિભક્તિ દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે. * अशिष्टव्यवहारे दाणः प्रयोगे चतुर्थ्यर्थे तृतीया [illegible]

૨ (क) કારક વિભક્તિ : ૧. साधकतमं करणम् । ૧-૪-૪૨ સૂત્રથી કરણ કારકની વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે. આ સૂત્રને પારિભાષિક શબ્દોમાં 'સંજ્ઞાસૂત્ર' કહેવામાં આવે છે. આ સંજ્ઞાસૂત્રને कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ એવા 'વિધિસૂત્ર'ની સાથે જોડવામાં આવે છે. એટલે કે જે 'કરણકારક' હોય તેને તૃતીયા વિભક્તિના પ્રત્યયોથી અભિવ્યક્ત કરવામાં આવે છે. દા.ત. રામ બાણથી રાવણને મારે છે. અહીં 'બાણ' પ્રકૃષ્ટોપકારક છે, આથી તેનું નામ 'કરણકારક' પાડવામાં આવશે. હનનક્રિયામાં 'બાણ' પ્રકૃષ્ટોપકારક=કરણકારક છે એવું સંસ્કૃતમાં અભિવ્યક્ત કરવા માટે તૃતીયા વિભક્તિના /-टा (एन)/ /-भ्याम्/ /-भिस्/ પ્રત્યયો વપરાય છે. જેમકે, रामः बाणेन रावणं हन्ति ।

૨. તૃતીયા વિભક્તિના આ ત્રણ પ્રત્યયો ક્યારેક 'કર્તૃકારક'નો અર્થ અભિવ્યક્ત કરવા માટે પણ વપરાય છે. જેમકે, 'રામ વડે વાલી હણાયો.' અહીં વાલીને હણનાર=હનનક્રિયા કરનાર 'કર્તા' રામ છે એમ સૂચવવા માટે તૃતીયા વિભક્તિ વપરાય છે : रामेण वाली हतः । (=કર્મણિ પ્રયોગવાળી વાક્યરચનામાં કર્તાને તૃતીયા વિભક્તિ લાગે છે.)

આ બે મુદ્દા कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ સૂત્રથી કહેવાયા છે. 'કર્તૃકારક' અને 'કરણકારક'ને અભિવ્યક્ત કરતી આ (૨-૩-૧૮ સૂત્રોક્ત) તૃતીયા વિભક્તિ 'કારક વિભક્તિ' કહેવાશે.

(ख) અકારકવિભક્તિ[૧૦] ૩. અપવર્ગ અર્થાત્ ફલપ્રાપ્તિ સૂચવવા માટે અત્યંત સંયોગવાળા કાલવાચક અને માર્ગવાચક શબ્દોને પણ તૃતીયા વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે : अपवर्गे तृतीया । ૨-૩-૬. દા.ત. क्रोशेन अनुवाकः अधीतः । એક માઈલ સુધી સળંગ માર્ગ ઉપર અનુવાકનું અધ્યયન કર્યું. अह्ना अनुवाकः अधीतः । એક આખો દિવસ સતત અનુવાકનું અધ્યયન કર્યું, અહીં અનુવાક આવડી ગયો છે-અધ્યયન ક્રિયાનું ફળ પ્રાપ્ત થઈ ગયું છે-એવો અર્થ તૃતીયા વિભક્તિ क्रोशेन અને अह्नाથી અભિવ્યક્ત કરવામાં આવે છે.

૪. વિકૃત અંગવાચક શબ્દને પણ તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે, જો તે વિકૃત અંગથી અંગીનો વિકાર લક્ષિત થતો હોય તો. દા.ત. अक्ष्णा काणः रमेशः । 'રમેશ આંખથી કાણો છે.' અહીં 'રમેશ કાણો છે' એમ બોલાય છે ત્યારે આંખનું કાણાપણું 'રમેશ' ઉપર -અંગી ઉપર- આરોપવામાં આવે છે : येनाङ्गविकारः । ૨-૩-૨૦.

૫. 'કોઈ વ્યક્તિ અમુક પ્રકારની-ઇત્થંભૂત-છે' એવું કહેનાર શબ્દને પણ તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. जटाभिः तापसः । જટાઓથી જણાય છે કે આ વ્યક્તિ તપસ્વી છે : इत्थंभूतलक्षणे च । ૨-૩-૨૧.

૬. દ્રવ્ય, ગુણ અને ક્રિયાસામાન્યને જન્માવનાર વ્યાપારરહિતના પદાર્થને 'હેતુ' કહે છે. આવા હેતુવાચક શબ્દોને પણ તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. (દ્રવ્ય) बीजेन अङ्कुरः । दण्डेन घटः ।। (ગુણ) पुण्येन ब्रह्मवर्चसम् । शिल्पाभ्यासेन नैपुण्यम् । पुण्येन गौरवर्णः । विद्यया यशः । धनेन कुलम् ।। (ક્રિયાસામાન્ય) अग्निना पाकः । कन्यया शोकः । पुण्येन दृष्टः हरिः ।। વગેરે : हेतौ । ૨-૩-૨૩. (હેતુ અને કરણ વચ્ચે ઘણો તફાવત છે. આની ચર્ચા માટે हेतौ । ૨-૩-૨૩ સૂત્ર ઉપરની 'વિશેષ' ચર્ચા જુઓ.)

આમ કુલ છ અર્થો અભિવ્યક્ત કરવા માટે તૃતીયા વિભક્તિ વપરાય છે. આમાંથી પહેલા બે અર્થો કારકાર્થો હોઈને, તે તૃતીયા વિભક્તિ 'કારક વિભક્તિ' કહેવાશે. બાકીના ચાર અર્થોને કહેતી તૃતીયા વિભક્તિ 'અકારકવિભક્તિ' કહેવાશે.

(ग) प्रकृति, गोत्र, प्रायः, सम, विषम, द्विद्रोण વગેરે શબ્દોને પણ તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા.ત. प्रकृत्या चारुः । गोत्रेण गार्ग्यः । વગેરે. *प्रकृत्यादिभ्यः (तृतीया भवति इति) उपसङ्ख्यानम् (कर्तव्यम्) એવી નોંધ વાર્તિકકારે કરી છે. (મહદંશે આ વાર્તિકની જરૂર નથી. કેમકે કારકવિભક્તિ કે અકારકવિભક્તિ દ્વારા લગભગ તે દરેક શબ્દોને આવરી લઈ શકાય છે.)

(घ) ઉપપદ વિભક્તિ : सह શબ્દના અર્થની સાથે જોડાયેલા અપ્રધાન કર્તૃકારકને પણ તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. रामेण सह सीता गच्छति । અહીં ગમનક્રિયાની પ્રધાન કર્ત્રી 'સીતા' છે તથા ગમનક્રિયાનો અપ્રધાન

---

૧૦. 'અમુક કારકને વ્યક્ત કરવા અમુક વિભક્તિ વપરાય છે.' આ પ્રકારનું સૂત્ર હોય અર્થાત્ કારકસંજ્ઞાના નિમિત્તે કોઈ વિભક્તિનું વિધાન કર્યું હોય ત્યારે તેને 'કારકવિભક્તિ' કહે છે. આવી કારકવિભક્તિનું વિધાન પરોક્ષ ગણાશે. પણ "અમુક અર્થ"માં અમુક વિભક્તિ વપરાય છે. એવું સીધું-અપરોક્ષ વિધાન-કર્યું હોય ત્યારે તેને 'અકારકવિભક્તિ' કહીશું.

કર્તા 'રામ' છે. આવો (અપ્રધાન કર્તા) રામ **सह** શબ્દના અર્થની સાથે જોડાયેલ છે. આથી તેને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે : **सहयुक्तेऽप्रधाने** । ૨-૩-૧૯.

આનો સારાંશ એ કે '**सह** શબ્દના યોગે તૃતીયા વિભક્તિ વપરાય છે.' વળી, **सह** શબ્દના જ અર્થવાળા બીજા **साकम्** , **सार्धम्** ઇત્યાદિ જે શબ્દો હોય તેમના યોગે પણ તૃતીયા વિભક્તિ વપરાય છે. (ક્યારેક વાક્યમાં આ શબ્દોનો સ્પષ્ટ પ્રયોગ ન થયો હોય,-કેવળ તે શબ્દોના અર્થ પ્રતીત થતા હોય તો પણ તૃતીયા વિભક્તિ વપરાય છે.) આમ, કોઈ પણ વાક્યમાં **सह**, **साकम्**,**सार्धम्** અને **समम्** જેવા ઉપપદોના યોગે જે તૃતીયા વિભક્તિ વપરાશે તેને 'ઉપપદ વિભક્તિ' કહેવાશે.

૩. ધાતુવિશેષના સંદર્ભમાં : ૧. √**दिव** 'જુગટું રમવું' (**दीव्यति**) ધાતુના સાધકતમ કારકની 'કર્મ' સંજ્ઞા પણ થાય છે અને 'કરણ' સંજ્ઞા પણ થાય છે : **दिवः कर्म च** । ૧-૪-૪૩. અર્થાત્ તાર્કિક દષ્ટિએ √**दिव** ધાતુવાચ્ય ક્રિયાનું જે કરણકારક છે તેની શબ્દવ્યવહારમાં બે પ્રકારે ઉપસ્થિતિ થતી જોવા મળે છે :

| બાહ્ય જગત્માં | શબ્દ વ્યવહારમાં |
|---|---|
| ↓ | ↓ |
| अक्ष (પાસા) જુગટું | अक्षैः दीव्यति । (કરણ) |
| રમવાનું સાધન=કરણ છે. | અથવા |
| | अक्षान् दीव्यति । (કર્મ) |

આમાંથી **अक्षान्**ને 'વ્યાકરણિક કર્મ' કહેવાશે. આને લાક્ષણિક-પ્રયોગ કહેવાશે. ('પાસાથી જુગાર રમે છે' એ અર્થમાં 'પાસા રમે છે / પત્તાં રમે છે' એવો પ્રયોગ લક્ષણાથી પ્રાપ્ત થયો હશે.) અને **अक्षैः**ને તાર્કિક-વાસ્તવિક-કરણ કહેવાશે.

૨. **सम्** ઉપસર્ગપૂર્વક √**ज्ञा अवबोधने** (जानाति) ધાતુના 'કર્મ'ને ક્યારેક (=વિકલ્પે) તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. જેમકે, **पित्रा** અથવા **पितरं सञ्जानीते** । આવા રૂઢિપ્રયોગની નોંધ **संज्ञोऽन्यतरस्यां कर्मणि** । ૨-૩-૨૨સૂત્રથી લેવાઈ છે.

## સમ્પ્રદાનકારક અને ચતુર્થી વિભક્તિ

૧. (क) પાણિનિએ 'સમ્પ્રદાનકારક'ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : **कर्मणा यम् अभिप्रैति, स सम्प्रदानम्** । ૧-૪-૩૨. "દાન ક્રિયાના કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને 'સમ્પ્રદાન કારક' કહેવામાં આવે છે." અર્થાત્ જેને ઉદ્દેશીને દાન ક્રિયા થાય છે તેને 'સમ્પ્રદાન' કહે છે. સાદા શબ્દોમાં કહીએ તો જેને દાન આપવાનું હોય તેને સમ્પ્રદાન કહેવામાં આવે છે. 'સમ્પ્રદાન' શબ્દમાંથી પણ આ જ અર્થ નીકળે છે : **सम्यक् प्रकारेण दीयते यस्मै तत् कारकम् 'सम्प्रदानम्' इति उच्यते** । જે વ્યક્તિને સારી રીતે દાન આપવામાં આવે છે તે વ્યક્તિ (કારક)ને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે. દા.ત. राजा विप्राय गाम् ददाति । 'રાજા બ્રાહ્મણને ગાય આપે છે.' અહીં દાન ક્રિયામાં ત્રણ કારકો હોવાં અત્યંત જરૂરી છે. જેમકે,

૧. દાન આપનાર (દાનક્રિયા કરનાર) : કર્તા

૨. દાન (દાનમાં આપવાની વસ્તુ) : કર્મ

૩. દાન લેનાર (Recipient) : સમ્પ્રદાન

આ ત્રણમાંથી એક પણ પદાર્થ ન હોય તો દાનક્રિયા અસ્તિત્વમાં આવી શકતી નથી. પ્રસ્તુત ચર્ચામાં અત્યારે ત્રીજો પદાર્થ-દાન લેનાર વ્યક્તિ-મહત્ત્વની છે, કેમકે 'દાન લેનાર'ની "સમ્પ્રદાન" સંજ્ઞા થાય છે. 'અષ્ટાધ્યાયી'ના કારકપ્રકરણમાં પાણિનિએ ઉપર્યુક્ત ૧-૪-૩૨ સૂત્રથી 'સમ્પ્રદાનકારક' કોને કહેવાય ? તેની રજૂઆત કરી છે. આ (૧-૪-૩૨) સૂત્ર 'સંજ્ઞાસૂત્ર' કહેવાય છે.

હવે એ વિચારણીય છે કે લોકવ્યવહારમાં જે સમ્પ્રદાનકારક (=દાન લેનાર વ્યક્તિ) હોય છે, તેની શબ્દ વ્યવહારમાં (વાક્યમાં) કેવી રીતે અભિવ્યક્તિ થાય છે ? તો આની અભિવ્યક્તિ બે રીતે રજૂ થાય છે : **विप्राय ददाति** । '(રાજા) બ્રાહ્મણને દાન આપે છે.' અથવા **दानीयः विप्रः** । દાન લેનાર બ્રાહ્મણ છે. વાસ્તવિક દષ્ટિએ વિચારીએ તો એકની

એક [illegible] રીતે [illegible] રજૂ કરવામાં આવી છે એમ [illegible] છે. સૂત્રકાર પાણિનિએ કહ્યું છે કે (૧) વાક્યમાં જ્યારે સમ્પ્રદાનકારક બીજી કોઈ રીતે ન કહેવાતું હોય ત્યારે તેને ચતુર્થી વિભક્તિના [illegible] પ્રત્યયોથી અભિવ્યક્ત કરવામાં આવે છે. જેમકે : विप्राय गां ददाति । 'અષ્ટાધ્યાયી'ના વિભક્તિપાદમાં આવેલા चतुर्थी सम्प्रदाने । २-३-१३ એવા 'વિધિસૂત્ર'થી જણાવવામાં આવે છે કે (कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् । १-४-३२ એવા સંજ્ઞાસૂત્રથી) જેને 'સમ્પ્રદાનકારક' કહેવામાં આવે છે, તેને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવા. તથા (૨) જો સમ્પ્રદાનકારક બીજા કોઈ પ્રત્યયથી અભિહિત હોય તો તેને પ્રથમા વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. જેમકે – दानीयः विप्रः । (આ ઉદાહરણમાં અનીયર્ પ્રત્યયથી સમ્પ્રદાન-ઉદ્દેશ્ય વ્યક્તિ વિપ્ર છે એમ કહેવાઈ જાય છે; આથી વિપ્ર શબ્દને પ્રથમા વિભક્તિ લાગી છે.)

સમ્પ્રદાન શબ્દની વ્યુત્પત્તિ सम्यक् प्रकारेण दीयते यस्मै तत्कारकं सम्प्रदानम् । એ સૂચવાય છે કે દાનક્રિયાના સંદર્ભમાં આ સમ્પ્રદાનકારક હોવું શક્ય છે. અર્થાત્ 'જેને દાન આપવાનું હોય' તેને જ "સમ્પ્રદાનકારક" કહેવામાં આવે છે. આ સમ્પ્રદાન=દાન લેનાર વ્યક્તિ ત્રણ પ્રકારની હોઈ શકે છે. (૧) सूर्याय अर्घ्यं ददाति । 'સૂર્યને અર્ઘ્ય આપે છે.' અહીં અર્ઘ્ય લેનાર સૂર્યે અર્ઘ્ય આપવા માટે પ્રાર્થના કરી ન હતી, કે એ અર્ઘ્યને અનુમતિ પણ આપી નથી તથા તેનો અસ્વીકાર પણ તે કરતો નથી. આવા સૂર્યને 'અનિરાકરણ કરનાર સમ્પ્રદાન' કહેવાશે. (૨) राजा विप्राय गां ददाति । 'રાજા બ્રાહ્મણને ગાય આપે છે.' અહીં બ્રાહ્મણે પહેલાં રાજાને પ્રેરણા આપી છે કે તે પોતાને=બ્રાહ્મણને ગાયનું દાન કરે. આ પ્રેરણા મળ્યા પછી રાજાએ બ્રાહ્મણને ગાય આપી છે. તો આ બ્રાહ્મણને 'પ્રેરક સમ્પ્રદાન' કહેવાશે. (૩) शिष्यः उपाध्याय गां ददाति । 'ઉપાધ્યાયને ગાય આપે છે.' અહીં ઉપાધ્યાયે શિષ્યને પ્રેરણા નથી આપી. છતાંય શિષ્ય દક્ષિણામાં ગાય આપે છે અને ઉપાધ્યાય તેને અનુમતિ આપે છે-તેનો સ્વીકાર કરે છે-તો આ ઉપાધ્યાયને 'અનુમન્તૃ સમ્પ્રદાન' કહેવાશે.

દાનક્રિયાના સન્દર્ભમાં સમ્પ્રદાનકારક હોવું શક્ય હોય તો 'દાનનું સ્વરૂપ' પણ સ્પષ્ટ રીતે સમજવું જરૂરી છે : दानम् अपुनर्ग्रहणाय स्वस्वत्वनिवृत्तिपूर्वकं परस्वत्वोत्पादनम् । – પાછું નહીં લેવાની શરતે, દાનમાં આપવાની વસ્તુ ઉપરથી પોતાના સ્વામિત્વ (=માલિકીહક)ની નિવૃત્તિ કરીને બીજાનું (=દાન લેનારનું) સ્વામિત્વ ઉત્પન્ન કરવું એને 'દાન' કહેવાય છે. [illegible] 'સમ્પ્રદાન' શબ્દની વ્યુત્પત્તિમાંથી આ અર્થ ફલિત થાય છે. सम्यक् प्रकारेण दीयते यस्मै तत्सम्प्रदानम् । એમાં 'સારી રીતે આપવું' એટલે ઉપર વર્ણવ્યા મુજબનું દાન કરવું એવો અર્થ સમજવાનો છે. દા.ત. राजा विप्राय गां ददाति । રાજા બ્રાહ્મણને ગાય આપે છે. અહીં રાજા જ્યારે બ્રાહ્મણને ગાય આપે છે ત્યારે [illegible] પાછી નહીં લેવાની તૈયારી સાથે આપે છે. વળી, એ ગાય ઉપરથી રાજાની માલિકી દૂર થાય છે અને બ્રાહ્મણની માલિકી ઊભી થાય છે. આ સન્દર્ભમાં બ્રાહ્મણને દાન લેનાર 'સમ્પ્રદાન' કહેવાશે. પરંતુ रजकस्य वस्त्राणि ददाति । ધોબીને કપડાં આપે છે. ! તે ઉદાહરણમાં ઉપર્યુક્ત પ્રકારની દાનક્રિયા થતી નથી. એટલે કે વસ્ત્રો લેનાર ધોબીનો માલિકીહક અહીં ઊભો થતો નથી તથા વસ્ત્રો ધોવા આપનાર વ્યક્તિનો માલિકીહક દૂર થતો નથી. એ વસ્ત્રો ધોયાં પછી પાછાં આપવાનાં છે. તો આ સન્દર્ભમાં રજક (ધોબી)ને સમ્પ્રદાન કહી શકાશે નહીં. (માટે રજકને ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે.)

પરંતુ 'વ્યાકરણ-મહાભાષ્ય'માં પતંજલિએ એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે જે વિચારણીય છે : खण्डिकोपाध्यायः शिष्याय चपेटां ददाति । (૧-૪-૩૨ ઉપરનું 'સૂત્રભાષ્ય') 'ખંડિકોપાધ્યાય શિષ્યને લાફો મારે છે.' અહીં ચપેટા (લાફો) ઉપર ઉપાધ્યાયનો કોઈ પ્રકારનો માલિકીહક છે એમ ન કહી શકાય; વળી તેમાં શિષ્યનું કોઈ પ્રકારનું સ્વામિત્વ ઊભું થવાનો પ્રશ્ન ય નથી. આમ सम्यक् प्रकारेण दीयते । એવી વ્યુત્પત્તિ અહીં અક્ષરશઃ ચરિતાર્થ થતી નથી. [illegible]

'ગુસ્સે થયેલો ઉપાધ્યાય' એવો અર્થ પણ થઈ શકે

શિષ્યાય એવો ચતુર્થી વિભક્તિનો પ્રયોગ કર્યો છે. જો शिष्याय ... અહીં કહેવું પડશે કે ભાષ્યકારની દૃષ્ટિએ સમ્પ્રદાનની સંજ્ઞાની અન્વર્થતા (યથાર્થતા) ઉપર ભાર આપવાનો હેતુ એ છે કે જ્યાં ખરેખર સ્વત્વ સમ્પ્રદાનની પ્રતીતિ થતી હોય ત્યાં જ ચતુર્થી વિભક્તિ પ્રયુક્ત થઈ શકે છે. જો ઉપાધ્યાયઃ શિષ્યસ્ય पृष्ठं ददाति । એવો જો પ્રયોગ થઈ શકતો હોય તો रजकाय वस्त्राणि ददाति । પ્રયોગ પણ થઈ શકે. (વળી सार्थकतामेव करणाय) । સૂત્રમાં તમપ્ ગ્રહણ કરીને સૂત્રકારે પણ સૂચવ્યું છે કે આ પ્રકરણમાં ગૌણ-મુખ્ય ભાવનું આશ્રયણ કરવાનું નથી). 'આ અર્થમાં સમ્પ્રદાનસંજ્ઞા એ નોંધો કે विप्राय गां ददाति એ મુખ્ય (અન્વર્થ) સમ્પ્રદાનકારકનું ઉદાહરણ છે. સમ્પ્રદાનના પૂર્વોક્ત ત્રણ પ્રકારો છે. પરંતુ खण्डिकोपाध्यायः शिष्याय चपेटां ददाति એ ગૌણ (ભાક્ત) સમ્પ્રદાનનું ઉદાહરણ છે.

(ख) कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् । १-४-३२. 'ધાતુક્રિયાના કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે.' આ સૂત્ર દાનાર્થક (સકર્મક) ધાતુઓના સન્દર્ભમાં જ ચરિતાર્થ થાય એમ છે. પરંતુ અકર્મક ધાતુઓના પ્રયોગમાં પણ સમ્પ્રદાનકારક ચતુર્થી વિભક્તિ જોવા મળે છે. જેમકે, श्राद्धाय निगर्हते । 'શ્રાદ્ધની નિંદા કરે છે.' युद्धाय संनह्यते । 'યુદ્ધને માટે નિશ્ચયપૂર્વક તૈયારી કરે છે.' पत्ये शेते । 'પતિને માટે શયન કરે છે.' આવા પ્રયોગોને પણ સમ્પ્રદાન સંજ્ઞામાં સમાવી શકાય, એટલા માટે ભાષ્યકાર પતંજલિએ સૂચવ્યું છે કે ઉપર્યુક્ત ૧-૪-૩૨ સૂત્રમાં कर्मणाનો અર્થ क्रियया પણ કરી શકાય. આથી "ક્રિયા દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને પણ 'સમ્પ્રદાનકારક' કહેવાશે." 'યુદ્ધ માટે તૈયાર થાય છે.' અહીં સંનહ્‌/તૈયાર થવાની અકર્મક ક્રિયા દ્વારા 'યુદ્ધક્રિયા'ને ઉદ્દેશ્ય બનાવવામાં આવે છે. તેથી युद्धને પણ 'સમ્પ્રદાનકારક' કહેવાશે અને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવશે. આવો સૂત્રાર્થ લઈએ તો ત્યાં 'સમ્પ્રદાન' સંજ્ઞા કૃત્રિમ ગણવી પડશે. એટલે કે અહીં सम्यक् प्रकारेण दीयते । એવી વ્યુત્પત્તિનું યાથાર્થ્ય જળવાશે નહીં.

૨. પાણિનિએ, વ્યુત્પત્તિની દૃષ્ટિએ 'સમ્પ્રદાન' શબ્દનું યાથાર્થ્ય ન જળવાતું હોય એવા કેટલાક સંદર્ભો (૧-૪-૩૩ થી ૧-૪-૪૧)માં પણ સમ્પ્રદાન સંજ્ઞાનું વિધાન કર્યું છે. આ બધાને કૃત્રિમ સમ્પ્રદાન કહીશું.

૧. रुच्यर्थानां प्रीयमाणः । १-४-३३. "રુચિ અર્થવાળા ધાતુઓનો પ્રયોગ થયો હોય તો ખુશ થનાર (પ્રીયમાણ) પદાર્થ-વ્યક્તિની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે.[૧૨] દા.ત. ब्राह्मणाय मोदकः रोचते । 'બ્રાહ્મણને લાડુ ભાવે છે.' અહીં લાડુ ખાઈને બ્રાહ્મણ ખુશ થાય છે. આથી બ્રાહ્મણને 'સમ્પ્રદાનકારક' કહેવાશે. આવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિના પ્રત્યયોથી અભિવ્યક્ત કરવામાં આવે છે. (અર્થાત્ સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.)

૨. श्लाघह्नुङ्स्थाशपां ज्ञीप्स्यमानः । १-४-३४ √श्लाघ्, √ह्नुङ्, √ष्ठा અને √शप् – આ ચાર ધાતુઓનો ઉપયોગ કરીને 'જેને જણાવવું ઇષ્ટ હોય' તે વ્યક્તિની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે." (ज्ञीप्स्यमानः=બોધન કરવાને ઇષ્ટ વ્યક્તિ) દા.ત. गोपी स्मरात् कृष्णाय श्लाघते/ह्नुते/तिष्ठते/शपते । 'ગોપી પ્રેમવશાત્ કૃષ્ણની પ્રશંસા કરે છે/ કૃષ્ણને બીજી હરીફ સ્ત્રીઓ પાસેથી દૂર ખસેડી લે છે/ કૃષ્ણ આગળ પોતાનો આશય પ્રકટ કરે છે/ કૃષ્ણને ઉપાલંભ આપે છે (અને એ રીતે પોતાનો પ્રેમ જણાવે છે.)' અહીં ગોપી કૃષ્ણને જણાવવા માંગે છે, કે તે પોતે કૃષ્ણને ચાહે છે. તો ત્યાં "જેને જણાવવાનું છે તે વ્યક્તિ 'કૃષ્ણ' છે." માટે 'કૃષ્ણ'ને જ્ઞીપ્સ્યમાન કહેવાશે. આવા જ્ઞીપ્સ્યમાન પદાર્થ-વ્યક્તિને સમ્પ્રદાન કહેવામાં આવે છે અને તેને ચતુર્થી વિભક્તિના પ્રત્યયોથી દર્શાવવામાં આવે છે: गोपी कृष्णाय श्लाघते ।

૩. धारेरुत्तमर्णः । १-४-३५. "√धारय ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે ઉત્તમર્ણ=લેણદારની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે." દા.ત. देवदत्ताय शतं धारयति यज्ञदत्तः । 'યજ્ઞદત્તે દેવદત્તને સો રૂપિયા ચૂકવવાના છે=યજ્ઞદત્તને માથે સો રૂપિયાનું દેવું છે.' અહીં યજ્ઞદત્ત અધમર્ણ=દેવાદાર છે અને દેવદત્ત ઉત્તમર્ણ=લેણદાર છે. આમાંથી જે ઉત્તમર્ણ છે-દેવદત્ત તેની સમ્પ્રદાનસંજ્ઞા થાય છે અને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

---

૧૨. અહીં જોઈ શકાય છે કે सम्यक् प्रदीयते यस्मै એવી વ્યુત્પત્તિ બંધ બેસતી થાય એમ નથી. કશુંય આપવાનો અહીં સંદર્ભ નથી, છતાંય સૂત્રકારે સમ્પ્રદાનસંજ્ઞા વાપરી છે. માટે તેને કૃત્રિમ સમ્પ્રદાન કહેવાશે. આવી જ સ્થિતિ હવે પછીના સૂત્રોમાં પણ જોવા મળશે.

૪. स्पृहेरीप्सितः । ૧-૪-૩૬. "√स्पृह ધાતુનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે જે પદાર્થની સ્પૃહા કરવામાં આવે તેને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે." દા.ત. सीता पुष्पेभ्यः स्पृहयति । 'સીતા પુષ્પોની સ્પૃહા રાખે છે.' અહીં જેની સ્પૃહા કરવામાં આવે છે તે પદાર્થ पुष्प ને સમ્પ્રદાન કહેવામાં આવે છે તેને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.

૫. क्रुधद्रुहेर्ष्यासूयार्थानां यं प्रति कोपः । ૧-૪-૩૭. "√क्रुध, √द्रुह, √ईर्ष्य અને √असूञ् ધાતુઓનો (અને તે ધાતુઓના અર્થ જેવા અર્થવાળા બીજા ધાતુઓનો) પ્રયોગ થયો હોય ત્યારે 'જેના પ્રત્યે કોપ વ્યક્ત કરવાનો હોય' તે વ્યક્તિને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે." દા.ત. रामः रावणाय क्रुध्यति । 'રામ રાવણ ઉપર ગુસ્સો કરે છે.' અહીં જેની ઉપર કોપ કરવાનો છે તે વ્યક્તિ-रावणની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. આવા સમ્પ્રદાનને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

પરંતુ આનો એક અપવાદ છે : ઉપસર્ગ સહિત √क्रुध અને √द्रुह ધાતુ વાક્યમાં વપરાયા હોય તો 'જે વ્યક્તિ પ્રત્યે ક્રોધ/દ્રોહ વ્યક્ત કરવાનો હોય' તેને 'સમ્પ્રદાનકારક' નહીં કહેતાં, 'કર્મકારક' કહેવામાં આવે છે. પરિણામે આવા સન્દર્ભમાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે. જેમકે, क्रूरम् अभिक्रुध्यति/अभिद्रुह्यति ॥

૬. राधीक्ष्योर्यस्य विप्रश्नः । ૧-૪-૩૯. "√राध् અને √ईक्ष એ બે ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે 'જે વ્યક્તિના વિષે વિવિધ પ્રશ્ન કરવામાં આવે, તે વ્યક્તિને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે." દા.ત. गर्गः कृष्णाय राध्यति । 'ગર્ગ' નામનો જ્યોતિર્વિદ્ કૃષ્ણને વિષે ભવિષ્યત્કથન કરે છે.' અહીં 'કૃષ્ણનું ભવિષ્યમાં શુભ થશે કે અશુભ થશે ?' એમ કૃષ્ણને વિષે વિવિધ પ્રશ્ન કરવામાં આવે છે. આથી કૃષ્ણને સમ્પ્રદાન કહેવાશે અને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવશે.

૭. प्रत्याङ्भ्यां श्रुवः पूर्वस्य कर्ता । ૧-૪-૪૦. "प्रति અને आङ् એ બે ઉપસર્ગપૂર્વકનો √श्रु श्रवणे ધાતુ વાક્યમાં વપરાયો હોય તો 'પહેલો પ્રેરણા આપનારો જે વ્યક્તિ હોય' તેને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે." દા.ત. विप्राय गां प्रतिशृणोति / आशृणोति । 'વિપ્રને ગાય આપીશ એવી પ્રતિજ્ઞા લે છે.' અહીં વિપ્રે પહેલા રાજાને પ્રેરણા કરી કે મને (બ્રાહ્મણને) ગાય આપો. તેના અનુસંધાનમાં રાજાએ પ્રતિજ્ઞા કરી કે બ્રાહ્મણને ગાય આપીશ. તો અહીં પૂર્વે પ્રેરણા કરનાર બ્રાહ્મણ-विप्-ને સમ્પ્રદાન કહેવાશે અને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવશે.

૮. अनुप्रतिगृणश्च । ૧-૪-૪૧. "अनु અથવા प्रति ઉપસર્ગ √गृ शब्दे ધાતુને લાગ્યો હોય ત્યારે 'બોલવાની ક્રિયા જેણે પ્રથમ કરી હોય' તેને સમ્પ્રદાન કહેવાય છે." દા.ત. अध्वर्युः होत्रे अनुगृणाति/प्रतिगृणाति । 'અધ્વર્યુ હોતાનું અનુકથન કરે છે=હોતાનું અનુકરણ કરતાં કરતાં બોલે છે.' યજ્ઞક્રિયામાં પહેલાં હોતા મન્ત્ર બોલે છે અને પછી અધ્વર્યુ તેનું અનુકરણ કરે છે-અનુકથન કરે છે. અહીં પહેલાં મંત્ર બોલવાની ક્રિયા કરનાર होतृ છે, તેની સમ્પ્રદાન સંજ્ઞા થશે અને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવશે.

★

**૧-૪-૩૨, અને ૧-૪-૩૩થી ૩૭, ૩૯ થી ૪૧ સૂત્રો દ્વારા જે જે પદાર્થોની સમ્પ્રદાન સંજ્ઞા કરવામાં આવી છે, તેમને चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૩ સૂત્રથી લાગતી ચતુર્થી વિભક્તિ "કારકવિભક્તિ" કહેવાશે. કારણ કે તે ચતુર્થી વિભક્તિ 'સમ્પ્રદાનકારક' સંજ્ઞાને નિમિત્તે પ્રવૃત્ત થાય છે.**

૩. ચતુર્થી વિભક્તિના વિશિષ્ટ પ્રયોગ : હવે આપણે એવાં કારકો જોઈશું કે જેની, શબ્દવ્યવહારમાં દ્વિધા ઉપસ્થિતિ થતી હોય, વાસ્તવિક જગત્ના કોઈ એક પદાર્થ (Semantic category)ની, વાક્યરચનામાં (Syntactic level ઉપર) બે પ્રકારનાં કારક રૂપે રજૂઆત થતી હોય છે. જેમકે,

(૧) નિયતકાલ માટે પગારથી કોઈ વ્યક્તિને નોકરીએ રાખવામાં આવે તો તેને 'પરિક્રયણ' કર્યું કહેવાય. આવી પરિક્રયણ ક્રિયા કરવામાં પગાર (વેતન)માં આપવામાં આવતા રૂપિયા સાધકતમ પદાર્થ ગણાશે અને સાધકતમ પદાર્થને આપણે 'કરણકારક' કહીએ છીએ. પરંતુ સૂત્રકાર પાણિનિ કહે છે કે આવા સન્દર્ભમાં જે સાધકતમ પદાર્થ હોય તેને

'સમ્પ્રદાન કારક' પણ કહેવાય. (परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम् । ૧-૪-૪૪). દા.ત. रमेशः शतेन परिक्रीतः । અથવા रमेशः शताय परिक्रीतः ।

(૨) વાક્યમાં દાનાર્થક √यज् ધાતુ વપરાયો હોય તો વાસ્તવિક દષ્ટિએ જે ઈપ્સિતતમ પદાર્થ=કર્મકારક હોય તે વાક્યરચનામાં કરણકારક રૂપે રજૂ થાય છે; અને વાસ્તવિક દષ્ટિએ દાનક્રિયાનો જે ઉદ્દેશ્ય=સમ્પ્રદાન કારક હોય તે વાક્યરચનામાં કર્મકારક રૂપે રજૂ થાય છે. દા.ત.

| पशुं | रुद्राय | ददाति । |
|---|---|---|
| કર્મ | સમ્પ્રદાન | |

વાસ્તવિક દષ્ટિએ

↓ ↓

| पशुना | रुद्रं | यजते । |
|---|---|---|
| કરણ | કર્મ | |

વાક્યરચનામાં.

આ મુદ્દો ★ कर्मणः करणसंज्ञा, सम्प्रदानस्य च कर्मसंज्ञा ★ । એવા વાર્તિકથી રજૂ થયો છે.

(૩) જો તિરસ્કાર દર્શાવવો હોય તો √मन्य (૪થો ગણ) ધાતુના પ્રાણિભિન્ન અથવા नौ-काक-अन्न-शुक-शृगाल ભિન્ન કર્મકારકને દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરી શકાય અને ચતુર્થી વિભક્તિમાં પણ રજૂ કરી શકાય : मन्यकर्मणि अनादरे विभाषाऽप्राणिषु । ૨-૩-૧૭. દા.ત.

न त्वां तृणं मन्ये । અથવા न त्वां तृणाय मन्ये ।

न त्वां श्वानं मन्ये । અથવા न त्वां शुने मन्ये ।

(૪) જેમાં ચેષ્ટાની પ્રતીતિ થતી હોય તેવા ગત્યર્થક ધાતુઓના, માર્ગ-ભિન્ન કર્મકારકને પણ દ્વિતીયા વિભક્તિ કે ચતુર્થી વિભક્તિમાં રજૂ કરી શકાય છે : गत्यर्थकर्मणि द्वितीयाचतुर्थ्यौ चेष्टायाम् अनध्वनि । ૨-૩-૧૨. દા.ત. ग्रामं गच्छति रामः । અથવા ग्रामाय गच्छति रामः ।

૪. ચતુર્થી વિભક્તિનો વિવિધ અર્થમાં પ્રયોગ : "સમ્પ્રદાનરૂપી અર્થ (=દાન લેનાર વ્યક્તિ કોણ છે એ) કહેવા માટે ચતુર્થી વિભક્તિ વપરાય છે." चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૩.-એ મુદ્દો આપણે અગાઉ જોયો છે. આમ ચતુર્થી વિભક્તિના પ્રત્યયોનો એક અર્થ (क) 'સમ્પ્રદાન' (=દાનક્રિયાનો ઉદ્દેશ્ય=લેનાર વ્યક્તિ) એવો થાય છે. પરંતુ આ સિવાયના અર્થોની અભિવ્યક્તિ કરવા માટે પણ ચતુર્થી વિભક્તિના પ્રત્યયો વપરાય છે. આની નોંધ વાર્તિકકારે લીધી છે. જેમકે,

(ख) તાદર્થ્યને કહેવા માટે ચતુર્થી વિભક્તિનો ઉપયોગ થાય છે (तादर्थ्ये चतुर्थी वाच्या). તાદર્થ્ય એટલે કે ઉપકાર્ય-ઉપકારક ભાવને કહેવા માટે ચતુર્થી વિભક્તિ વપરાય છે. દા.ત. यूपाय दारु । 'યૂપ (થાંભલો) બનાવવા માટેનું લાકડું' અહીં યૂપ ઉપકાર્ય છે અને દારુ ઉપકારક (કારણ) છે. આમાંથી ઉપકાર્ય પદાર્થને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. मुक्तये हरिं भजति । 'મોક્ષ માટે હરિને ભજે છે.' અહીં હરિભજન ઉપકારક-જનક-છે અને મુક્તિ (મોક્ષ) ઉપકાર્ય-જન્ય છે. આમાંથી ઉપકાર્ય પદાર્થને ચતુર્થીમાં મૂકવામાં આવે છે.

(ग) √क्लृप् ધાતુનો પ્રયોગ હોય ત્યારે ઉત્પદ્યમાન પદાર્થને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. (क्लृपि सम्पद्यमाने च)। અર્થાત્ ક્યારેક (=√क्लृप ધાતુના સન્દર્ભમાં) ચતુર્થી વિભક્તિ સમ્પદ્યમાન=ઉત્પદ્યમાન પદાર્થની પણ વાચિકા બને છે. દા.ત. भक्तिः ज्ञानाय कल्पते । 'ભક્તિથી જ્ઞાન મળે છે.'

(घ) ઉત્પાતથી કાંઇક જ્ઞાપિત-સૂચિત-થતું હોય તેને પણ ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. (उत्पातेन ज्ञापिते

[illegible] (દા.ત. [illegible] વાતાય કપિલા વિદ્યુત્ [illegible] ઉત્પાત થાય તો તેનાથી એવું સૂચવાય છે કે નજીકના ભવિષ્યમાં વાવાઝોડું ફૂંકાશે. આ જ્ઞાપિત [illegible] ચતુર્થી વિભક્તિથી વ્યક્ત કરવામાં આવે છે.

૫. ક્રિયાર્થા ક્રિયા ઉપપદમાં હોય તો હેત્વર્થ કૃદન્તના કર્મને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે અને હેત્વર્થ કૃદન્તનો અપ્રયોગ થાય છે : क्रियार्थोपपदस्य च कर्मणि स्थानिनः ૨-૩-૧૪. આ હેત્વર્થ કૃદન્તવાળી વાક્યરચનામાંથી ચતુર્થી વિભક્તિના પ્રયોગવાળી વાક્યરચના કેવી રીતે કરી શકાય એ દર્શાવતું આ સૂત્ર (TG rule) છે.

| | | | |
|---|---|---|---|
| देवदत्तः<br>કર્તા | फलानि<br>કર્મ | आहर्तुम्<br>હેત્વર્થ કૃદન્ત | याति ।<br>ક્રિયાર્થા ક્રિયા |
| ↓ | ↓ ↓ | ↓ ↓ | ↓ |
| કર્તા<br>देवदत्तः | ચતુર્થી વિ.<br>फलेभ्यः | અપ્રયોગ<br>--- | ક્રિયાર્થાક્રિયા<br>याति । |

અહીં आहर्तुम् એવા હેત્વર્થ કૃદન્તનો જ્યારે અપ્રયોગ થાય છે, ત્યારે એ કૃદન્તનો અર્થ અભિવ્યક્ત કરવાનું કામ ચતુર્થી વિભક્તિએ કરવું પડે છે. આથી હેત્વર્થ કર્મ-ફલ-ને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવી છે.

૬. ઉપપદવિભક્તિ : (ક) नमः, स्वस्ति, स्वाहा, स्वधा, अलम् (=પર્યાપ્ત), वषट् — આ અવ્યયોના યોગે ચતુર્થી વિભક્તિ વપરાય છે. જેમકે, गणेशाय नमः । सीतायै स्वस्ति । इन्द्राय स्वाहा । पितृभ्यः स्वधा । रामः रावणाय अलम् । इन्द्राय वषट् । (नमःस्वस्तिस्वाहास्वधालंवषड्योगाच्च । ૨-૩-૧૬) (ખ) હિત શબ્દના યોગે પણ ચતુર્થી વિભક્તિ વપરાય છે (हितयोगे च) દા.ત. ब्राह्मणाय हितम् ॥

## અપાદાનકારક અને પંચમી વિભક્તિ

૧. (ક) અપાદાનની વ્યાખ્યા : ध्रुवम् अपाये अपादानम् ૧-૪-૨૪ (अपाये साध्ये ध्रुवम् अपादानम्). બે સંયુક્ત પદાર્થોનો અપાય (વિશ્લેષ=વિભાગ) થતો હોય ત્યારે જે અવધિભૂત પદાર્થ હોય તેને 'અપાદાનકારક' કહેવામાં આવે છે. જ્યારે બે સંયુક્ત પદાર્થના વિભાગીકરણની ક્રિયા થતી હોય ત્યારે એક પદાર્થ ધ્રુવ=સ્થિર (ઉદાસીન) રહેતો હોય છે અને બીજો પદાર્થ છૂટો પડતો હોય છે. દા.ત. वृक्षात् पर्णं पतति । 'વૃક્ષ પરથી પાંદડું છૂટું પડે છે.' અહીં પર્ણ પદાર્થ છૂટો પડી રહ્યો છે ત્યારે વૃક્ષ=સ્થિર (ઉદાસીન) છે. આ 'ધ્રુવ' પદાર્થને વ્યાકરણમાં 'અપાદાનકારક' કહેવામાં આવે છે. (વાક્યમાં આવા અપાદાનકારકને અભિવ્યક્ત કરવા માટે પંચમી વિભક્તિના પ્રત્યયો વપરાય છે : अपादाने पञ्चमी । ૨-૩-૨૮. જેમકે, वृक्षात् पर्णं पतति ।)

★

અહીં એ નોંધપાત્ર છે કે 'ધ્રુવ'નો અર્થ 'સ્થિર' કે 'અચલ' કરવાનો નથી, કારણ કે-देवदत्तः धावतः अश्वात् पतति ।' દેવદત્ત દોડતા ઘોડા ઉપરથી પડે છે.' એ ઉદાહરણમાં, પહેલાં દેવદત્ત અને ઘોડાનો સંયોગ હતો. ત્યાર પછી તે બે પદાર્થોનો વિયોગ (=વિભાગ-વિશ્લેષ) થાય છે. હવે આ વિશ્લેષ થવાની ક્રિયામાં જે છૂટો પડતો પદાર્થ છે તે 'દેવદત્ત' છે. પરંતુ દેવદત્ત જ્યાંથી છૂટો પડે છે તે ઘોડો અસ્થિર છે-ચલ છે. (वृक्षात् पर्णं पतति । 'વૃક્ષ ઉપરથી પાંદડું પડે છે.' એ ઉદાહરણમાં પાંદડું જ્યાંથી છૂટું પડે છે તે 'વૃક્ષ' તો સ્થિર છે; પણ આ બીજા ઉદાહરણમાં દેવદત્ત જ્યાંથી છૂટો પડે છે તે 'અશ્વ' તો અસ્થિર છે- દોડતો' ઘોડો છે.) આથી જો 'ધ્રુવ=સ્થિર પદાર્થને અપાદાનકારક કહેવાય છે.' એવો સૂત્રાર્થ કરીશું તો ઉપરના ઉદાહરણમાં (અસ્થિર=દોડતા) ઘોડાને અપાદાનકારક કહેવાશે નહીં. આ મુશ્કેલીને દૂર કરવા માટે ટીકાકારોએ ધ્રુવનો અર્થ ઉદાસીન કર્યો છે.

અહીં ઉદાસીન એટલે 'વિભાગજનક ક્રિયાનો અનાશ્રય.' એટલે કે જ્યારે બે પદાર્થોનો વિયોગ થાય છે ત્યારે એક પદાર્થ વિભાગજનક ક્રિયાનો આશ્રય હોય છે અને બીજો પદાર્થ [illegible] આશ્રય હોતો નથી, (વૃક્ષ પરથી

પાંદડું પડે છે.' અહીં પર્ણ વિભાગજનક (પતન) **ક્રિયાનો** આશ્રય છે અને વૃક્ષ 'વિભાગનો આશ્રય' છે. આમાંથી જે પદાર્થ 'વિભાગનો આશ્રય' હોય તેને 'અપાદાનકારક' કહેવામાં આવે છે. (તથા વિભાગજનક ક્રિયાનો જે આશ્રય હોય=જે પડનાર વ્યક્તિ હોય તેને 'કર્તા' કહેવામાં આવે છે.)

વિભાગ
↓
વિભાગનો આશ્રય → અપાદાન → વૃક્ષ/અશ્વ
વિભાગજનક ક્રિયાનો આશ્રય → કર્તા → પાંદડું/દેવદત્ત

| વિભાગનો આશ્રય | વિભાગજનક ક્રિયાનો આશ્રય |
|---|---|
| ↓ | ↓ |
| અપાદાન | કર્તા |
| ↓ | ↓ |
| વૃક્ષ/અશ્વ | પાંદડું/દેવદત્ત |

આમ **देवदत्तः धावतोऽश्वात् पतति ।** માં ઉલ્લેખાયેલી પતનક્રિયા દેવદત્તમાં રહેલી છે, અશ્વમાં નહીં. અશ્વ તો ઉદાસીન છે. બીજા શબ્દોમાં કહીએ તો-અશ્વ વિભાગજનક (પતન) ક્રિયાનો આશ્રય નથી. વિભાગજનક (પતન) ક્રિયા તો દેવદત્તમાં રહેલી છે. (અશ્વ કેવળ વિભાગનો આશ્રય છે.) આમ અશ્વ 'ઉદાસીન' કહેવાશે. જે પદાર્થ આવી 'વિભાગજનક ક્રિયાનો અનાશ્રય' (=ઉદાસીન) હોય તેને અપાદાનકારક કહેવામાં આવે છે.

★

**अपाये ध्रुवम् अपादानम् ।** (૧-૪-૨૪) "વિશ્લેષ થવાની ક્રિયા વખતે જે ધ્રુવ=સ્થિર=ઉદાસીન પદાર્થ હોય તેને 'અપાદાન' કહેવાય છે." આને સમજાવતાં ભટ્ટોજિ દીક્ષિતે **ધ્રુવ**નો અર્થ 'અવધિભૂત'-Starting point-કર્યો છે. **वृक्षात् पर्णं पतति । देवदत्तः धावतोऽश्वात् पतति ।** જેવાં ઉદાહરણોમાં पतति ક્રિયાપદ ઉપરથી 'છૂટું પડે છે' એનો બોધ થાય છે. પહેલા ઉદાહરણમાં પાંદડું છૂટું પડી રહ્યું છે, પરંતુ ક્યાંથી ? તો 'વૃક્ષ ઉપરથી' અથવા બીજા ઉદાહરણમાં દેવદત્ત છૂટો પડી રહ્યો છે, પરંતુ ક્યાંથી ? તો 'દોડતા ઘોડા ઉપરથી'. અહીં 'જ્યાંથી છૂટા પડવાની ક્રિયા થઈ રહી છે તે આરંભબિન્દુ-Starting point-ને અવધિભૂત પદાર્થને (=**વૃક્ષ અને અશ્વને**) "અપાદાનકારક" કહેવામાં આવે છે.

(ख) અપાદાનના ભેદો : અપાદાનકારકના સામાન્ય દૃષ્ટિએ ત્રણ ભેદ પડે છે : અચલ અપાદાન, ચલ અપાદાન અને બુદ્ધિકૃત અપાદાન ૧. वृक्षात् पर्णं पतति । 'વૃક્ષ ઉપરથી પાદડું પડે છે.' અહીં પતનક્રિયામાં અવધિભૂત પદાર્થ વૃક્ષ છે અને તે પોતે સ્થિર છે. આથી તેને 'અચલ અપાદાન' કહેવાશે. ૨. देवदत्तः धावतोऽश्वात् पतति । 'દેવદત્ત દોડતા ઘોડા ઉપરથી પડે છે.' અહીં પતનક્રિયામાં અવધિભૂત પદાર્થ અશ્વ છે અને તે પોતે દોડી રહ્યો છે. મતલબ કે તે અશ્વ 'ચલ અપાદાન'નું ઉદાહરણ છે. ૩. अध्ययनात् पराजयते । 'અધ્યયનથી કંટાળે છે.' અહીં ભણવાની ક્રિયા દુઃખકારક છે એમ વિચારીને કોઈ શિષ્ય ભણવાનું છોડી દે, ભણવાનો ત્યાગ કરે છે. તો શિષ્ય પહેલાં અધ્યયન કરવા વિશે વિચારે છે ત્યારે તે એક મિનિટ પૂરતો અધ્યયનની સાથે જોડાય છે અને પછી બીજી મિનિટે તેને જણાય છે કે 'ભણવું' દુષ્કર છે' ત્યારે તે તેનાથી માનસિક રીતે છુટો પડે છે. આને 'બુદ્ધિકૃત **અપાદાન**' કહે છે. પહેલા બે પ્રકારના અપાદાન સ્થૂળ અપાદાન હતા અને આ ત્રીજું અપાદાન સૂક્ષ્મ પ્રકારનું છે. (ભર્તૃહરિએ પણ 'અપાદાન ત્રણ પ્રકારનું છે.' એમ કહ્યું છે. પરંતુ તેમણે કરેલું અપાદાનનું ત્રિવિધ વિભાજન થોડુંક જુદું છે. જેનું વિવરણ આ ૧-૪-૨૪ **સૂત્રની** 'વિશેષ' ચર્ચામાં કર્યું છે.)

૨. **ध्रुवमपायेऽपादानम् ।** ૧-૪-૨૪ સૂત્રમાં અપાદાનની વ્યાખ્યા રજૂ કરી છે. તથા ૧-૪-૨૫ થી ૩૧ સુધીનાં સૂત્રોમાં, કયા કયા સંદર્ભમાં બીજા કયા કયા પદાર્થોને અપાદાન કહેવામાં આવે છે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમકે,

(क) **भीत्रार्थानां भयहेतुः ।** ૧-૪-૨૫ "ભયાર્થક કે ત્રાણાર્થક ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે ભય ઉત્પન્ન કરનાર જે પદાર્થ હોય તેને 'અપાદાન' કહેવાય છે." દા.ત. चौराद् बिभेति । 'ચોરથી ડરે છે.' અહીં ભય ઉત્પન્ન કરનાર 'ચોર' છે. તેને અપાદાનકારક કહેવાય છે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

(ख) पराजेरसोढः । ૧-૪-૨૬ "વાક્યમાં परा ઉપસર્ગપૂર્વક √जि ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે જે અસહ્ય પદાર્થ હોય તેને 'અપાદાન' કહેવાય છે." દા.ત. अध्ययनात् पराजयते । 'અધ્યયનથી કંટાળે છે.' અહીં શિષ્યને માટે ભણવું અસહ્ય છે, ત્રાસદાયક છે. તેથી તે અધ્યયનથી દૂર ભાગે છે. આમ અસહ્ય પદાર્થ अध्ययन ને 'અપાદાન' કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

(ग) वारणार्थानामीप्सितः । ૧-૪-૨૭ "વારણાર્થક ધાતુઓનો પ્રયોગ થયો હોય ત્યારે જે પદાર્થ ઉપર પ્રવૃત્તિ થતી અટકાવી દેવામાં આવે તે પદાર્થને 'અપાદાન' કહેવામાં આવે છે." દા.ત. अग्नेः माणवकं वारयति । 'બાળકને અગ્નિ પાસે જતું અટકાવી દેવામાં આવે છે.' અહીં બાળક અગ્નિને સ્પર્શવા જાય છે. તેને રોકી લેવામાં આવે છે : वारयति । અહીં અગ્નિપદાર્થ તરફ જતાં અટકાવવામાં આવે છે, માટે તે अग्नि ને અપાદાન કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

(घ) अन्तर्धौ येनादर्शनमिच्छति । ૧-૪-૨૮ "વ્યવધાન હોય ત્યારે (અંતરાય-આડશને આધારે) પોતાની જાતને જેનાથી સંતાડવાની ઇચ્છા હોય તે વ્યક્તિને 'અપાદાન' કહેવામાં આવે છે." દા.ત. कृष्णः मातुः निलीयते । 'કૃષ્ણ-માતાથી સંતાઈ જાય છે.' અહીં કૃષ્ણ માતા યશોદા પોતાને ન જોઈ જાય એમ ઇચ્છે છે, માટે मातृने અપાદાન કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

(ङ) आख्याता उपयोगे । ૧-૪-૨૯ "જ્યારે નિયમપૂર્વક (=શિસ્તબદ્ધ થઈને) વિદ્યા સ્વીકારવાનો ઉપક્રમ હોય ત્યારે આખ્યાતા=વક્તાને 'અપાદાન' કહેવામાં આવે છે." समित्पाणिः शिष्यः उपाध्यायाद् अधीते । 'હાથમાં સમિધ લઈને આવેલો શિષ્ય ઉપાધ્યાય પાસેથી (વિદ્યા) ભણે છે.' અહીં શિષ્ય શિસ્તબદ્ધ છે અને તેને કંઈક શિખવું છે, વિદ્યા પ્રાપ્ત કરવી છે. માટે તેને જ ભણાવનારો-આખ્યાતા-છે તે उपाध्यायને 'અપાદાન' કહેવાય છે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. વિદ્યા સ્વીકારવાનો જ્યાં ઉપક્રમ ન હોય, કેવળ વાર્તા કે ગીત સાંભળવાનો ઉપક્રમ હોય તો ત્યાં આખ્યાતાને 'અપાદાન' કહેવાતો નથી.

(च) जनिकर्तुः प्रकृतिः । ૧-૪-૩૦ "જન્મ લેનાર પદાર્થનું જે કારણ (હેતુ) તેને 'અપાદાન' કહેવામાં આવે છે."
૧૧ દા.ત. ब्रह्मणः प्रजा प्रजायन्ते । 'હિરણ્યગર્ભ બ્રહ્મામાંથી પ્રજા ઉત્પન્ન થાય છે.' અહીં જન્મ લેનાર પ્રજાનું જે ઉપાદાનકારણ મૂળ પ્રકૃતિ-હેતુ-છે તે હિરણ્યગર્ભ બ્રહ્મા છે. તેને-ब्रह्मन्ને-અપાદાન કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

(छ) भुवः प्रभवः । ૧-૪-૩૧ "ઉત્પન્ન થનાર પદાર્થનું જે પ્રભવસ્થાન (ઉત્પત્તિ સ્થાન) હોય તેને 'અપાદાન' કહેવાય છે." हिमवतः गङ्गा प्रभवति । દા.ત. 'હિમાલયમાંથી ગંગા નીકળે છે.' અહીં ગંગાનું ઉત્પત્તિસ્થાન હિમાલય છે, આથી તેની અપાદાનસંજ્ઞા થશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

(ज) *जुगुप्सा-विराम-प्रमादार्थानाम् उपसङ्ख्यानम्* । જુગુપ્સા, વિરતિ કે પ્રમાદ અર્થવાળા ધાતુઓના પ્રયોગમાં જેનાથી જુગુપ્સા થતી હોય/વિરતિ થતી હોય/પ્રમાદ થતો હોય તે તે પદાર્થને પણ 'અપાદાન' કહેવામાં આવે છે. જેમકે, पापात् विरमति । 'પાપથી વિરતિ પામે છે-અટકે છે' અહીં પાપથી અટકવામાં આવે છે, પાપથી માનસિક રીતે છુટા પડવામાં આવે છે. માટે पापને 'અપાદાન' કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે.

આમ ૧-૪-૨૫ થી ૩૧ સુધીનાં સાત સૂત્રોમાં અને ઉપર (ज)માં દર્શાવેલા વાર્તિકથી કયા કયા પદાર્થોને 'અપાદાન' કહેવામાં આવે છે તેનું નિરૂપણ કર્યું છે.

પરંતુ મહાભાષ્યકાર પતંજલિના મતે આ સાત સૂત્રોની કોઈ જરૂર નથી. આ સાતેય સૂત્રોમાં જે જે પદાર્થોને 'અપાદાન' કહેવામાં આવ્યા છે તે દરેક 'બુદ્ધિકૃત અપાદાન'નાં જ ઉદાહરણો છે. પરંતુ ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ સૂત્રથી બધા પ્રકારના (ચલ, અચલ અને બુદ્ધિકૃત) અપાદાનને આવરી લઈ શકાય છે. માટે બુદ્ધિકૃત અપાદાનનો વિષય જુદાં (ઉપર્યુક્ત સાત) સૂત્રોથી (કે વાર્તિકથી) વર્ણવવાની જરૂર રહેતી નથી. (સૂત્રકાર પાણિનિએ આ સૂત્રો बालानाम् सुखबोधाय રજૂ કર્યાં છે એમ માનવામાં આવે છે.)

★

જે અવધિભૂત-Starting point-પદાર્થને 'અપાદાન કારક' કહેવામાં આવે છે તેને વાક્યરચના દરમ્યાન પંચમી વિભક્તિથી રજૂ કરવામાં આવે છે. પાણિનિ કહે છે : **अपादाने पञ्चमी ।** ૨-૩-૨૮. આ વિધિસૂત્ર છે. અમુક પદાર્થ અપાદાન કારક છે એમ સૂચવવા (અભિવ્યક્ત કરવા) માટે પંચમી વિભક્તિના /**-ङसि>आत्**//**-भ्याम्**// **-भ्यस्** /પ્રત્યયો વપરાય છે. દા.ત. 'વૃક્ષ ઉપરથી પાંદડું પડે છે' અહીં પાંદડું જ્યાંથી છૂટું પડે છે તે અવધિભૂત પદાર્થ **वृक्ष** છે, તે 'અપાદાનકારક' છે; તેને સંસ્કૃતમાં રજૂ કરવા માટે પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડાશે. **वृक्ष+ङसि>आत्=वृक्षात् (पर्णं पतति) ।**

૩. ઉપર્યુક્ત ત્રિવિધ અપાદાનને અભિવ્યક્ત કરવા માટે (**अपादाने पञ्चमी ।** ૨-૩-૨૮) પંચમી વિભક્તિ વપરાય છે. તદુપરાંત, હેતુભૂત પદાર્થને પણ અભિવ્યક્ત કરવા માટે પંચમી વિભક્તિ વપરાય છે. જેમકે,

(**क**) **अकर्तरि ऋणे ।** ૨-૩-૨૪ "કર્તા ન હોય તેવા હેતુભૂત **ऋण**વાચક શબ્દને પંચમી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **शताद् बद्धः ।** 'સો રૂપિયાના દેવાને કારણે બંધાયો છે.' અહીં બંધનક્રિયામાં સો રૂપિયાનું દેવું (**ऋण**) હેતુભૂત છે-કારણભૂત છે. માટે હેતુભૂત પદાર્થને પંચમી વિભક્તિથી રજૂ કરવામાં આવે છે.

(**च**) **विभाषा गुणेऽस्त्रियाम् ।** ૨-૩-૨૫ "હેતુભૂત પદાર્થવાચક શબ્દ પોતે ગુણવાચક હોય અને સ્ત્રીલિંગમાં ન આવેલો હોય તો તેને પંચમી વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે." દા.ત. **जाड्यात् बद्धः ।** અહીં બંધનક્રિયામાં (કોઈ વ્યક્તિ જેલમાં પુરાયો એનું) કારણ=હેતુ **जाड्य** (બુદ્ધિની મંદતા) છે. આ હેતુભૂત પદાર્થ વાચક **जाड्य** શબ્દ પોતે ગુણવાચક છે અને સ્ત્રીલિંગમાં આવેલો નથી. માટે તેને પંચમી વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગી શકે છે. જ્યારે પંચમી વિભક્તિના પ્રત્યયો નહીં લાગે ત્યારે તેને તૃતીયા વિભક્તિના પ્રત્યયો પણ લાગી શકે છે : **जाड्येन बद्धः ॥**

ક્યારેક આ સૂત્રનું બે ભાગમાં વિભાજન કરીને (='યોગવિભાગ' કરીને)-૧. ગુણવાચક ન હોય તેવા શબ્દને પણ પંચમી લગાડવામાં આવે છે. જેમકે, **धूमाद् अग्निमान् ।** 'ધૂમાડાને કારણે જણાય છે કે (પર્વત) અગ્નિયુક્ત છે.' અહીં **धूम** 'હેતુ' હોવા છતાંય તે 'ગુણવાચક' શબ્દ નથી. છતાંય ક્યારેક આવા શબ્દોને પણ પંચમી વિભક્તિ લાગી શકે છે. એ જ પ્રમાણે, ૨. હેતુભૂત પદાર્થ વાચક શબ્દ સ્ત્રીલિંગમાં હોય તો પણ પંચમી વિભક્તિ લાગી શકે છે. જેમકે, **भूतले नास्ति घटः अनुपलब्धेः ।** 'ભૂતલ ઉપર ઘડો નથી; કારણ કે ઉપલબ્ધ થતો નથી.' અહીં હેતુ દર્શાવનાર **अनुपलब्धि** શબ્દ સ્ત્રીલિંગમાં છે, તો પણ પંચમી વિભક્તિ લાગી શકે છે.

(**ग**) 'જ્યાંથી માંડીને માર્ગ કે કાલની ગણતરી કરવાની હોય તે અવધિવાચક શબ્દને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.' જેમકે, **वनाद् ग्रामः योजनं/योजने वा अस्ति ।** 'વનથી ગામ એક યોજન દૂર છે.' અહીં વનથી માંડીને ગામની વચ્ચેના માર્ગની ગણતરી કરવાની છે, તેથી વન એ અવધિવાચક શબ્દ છે તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે. એ જ પ્રમાણે, **कार्तिक्याः आग्रहायणी मासे ।** 'કાર્તિકમાસની પૂર્ણિમાથી માંડીને એક મહિને માગશર મહિનાની પૂર્ણિમા આવે છે.' અહીં કાલની ગણતરી છે અને તેમાં અવધિવાચક શબ્દ **कार्तिकी (पूर्णिमा)** છે. આથી તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.

૪. ઉપપદ વિભક્તિ : (**क**) નીચેના શબ્દોના યોગે પંચમી વિભક્તિ વપરાય છે :

૧. अन्यः कृष्णात् ।
भिन्नः कृष्णात् ।
इतरः कृष्णात् ।
} 'કૃષ્ણથી જુદો.' (અન્યાર્થક શબ્દોના યોગે પંચમી)

૨. आराद् वनात् । 'વનની નજીક.'

૩. ऋते कृष्णात् । 'કૃષ્ણ સિવાય.'

૪. पूर्वो ग्रामात् । 'ગામની પૂર્વમાં'
चैत्रात् पूर्वः फाल्गुनः । 'ચૈત્રની પહેલાં ફાગણ આવે'
} ('દિક્શબ્દ'ના યોગે પંચમી.)

૫. प्राक् ग्रामात् ।
प्रत्यग् ग्रामात् ।
} अञ्चूत्तर 'प्राक्' વગેરે પદોના યોગે પંચમી.

૬. दक्षिणा ग्रामात् । 'ગામથી દક્ષિણે' (आच् પ્રત્યયાન્ત શબ્દોના યોગે પંચમી)

૭. दक्षिणाहि ग्रामात् । 'ગામથી દક્ષિણે' (आहि પ્રત્યયાન્ત શબ્દોના યોગે-)

(अन्यारादितरर्तेदिक्शब्दाञ्चूत्तरपदाजाहियुक्ते । ૨-૩-૨૯)

(ख) નીચેના અવ્યયોના યોગે પંચમી/તૃતીયા/દ્વિતીયા વિભક્તિઓ વપરાય છે :

| | | |
|---|---|---|
| ૧. पृथक् रामात् । | ૨. विना रामात् । | ૩. नाना रामात् । |
| पृथक् रामेण । | विना रामेण । | नाना रामेण । |
| पृथक् रामम् । | विना रामम् । | नाना रामम् । |

(पृथक् विनानानाभिस्तृतीयाऽन्यतरस्याम् । ૨-૩-૩૨)

(ग) દ્રવ્યવાચક ન હોય તેવા કેટલાક શબ્દો તૃતીયા કે પંચમીમાં વપરાય છે. જેમકે, स्तोक, अल्प, कृच्छ्र અને कतिपय ।। દા.ત. स्तोकेन मुक्तः । स्तोकाद् मुक्तः ।

(घ) દ્રવ્યવાચક ન હોય તેવા 'દૂર' અને 'અન્તિક' અર્થવાળા શબ્દોને બીજી, ત્રીજી કે પંચમીમાં વાપરી શકાય છે. જેમકે, दूर અને अन्तिक । દા.ત. दूरं ग्रामात् । दूरेण ग्रामात् । दूरात् ग्रामात् ।

૫. કર્મપ્રવચનીય યોગે પંચમી :

૧. વર્જનાર્થક अप અને परि,

૨. મર્યાદા (અને અભિવિધિ) અર્થવાળો आङ् અને

૩. પ્રતિનિધિ અને પ્રતિદાન અર્થમાં प्रति-આ શબ્દોને 'કર્મપ્રવચનીય' કહેવામાં આવે છે. આ 'કર્મપ્રવચનીય' સંજ્ઞાવાળા શબ્દોના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે. દા.ત.

૧. अप हरेः । परि हरेः ।। ૨. आ मुक्तेः संसारः । आ बालात् प्रभुभक्तिः ।। ૩. प्रद्युम्नः कृष्णात् प्रति । तिलेभ्यः माषान् प्रति यच्छति ।।

૬. ઉપસર્ગ સહિતના સંબંધક ભૂતકૃદન્તની સાથે વપરાયેલા કર્મકારકને અને અધિકરણકારકને પણ પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે; (અને તે કારકોને પંચમી વિભક્તિમાં મૂકતી વખતે સંબંધક ભૂતકૃદન્તનો લોપ થાય છે). દા.ત. प्रासादम् आरुह्य प्रेक्षते-प्रासादात् प्रेक्षते ।। आसने उपविश्य प्रेक्षते-आसनात् प्रेक्षते ।। આ ઉદાહરણોમાં आरुह्य અને उपविश्य-ઉપસર્ગ સહિતના (ल्यबन्त) સંબંધક ભૂતકૃદન્તો છે. તેમની સાથે प्रासादम् અને आसने એવા અનુક્રમે કર્મકારક અને અધિકરણકારકો વપરાયાં છે. આ કારકોને પણ પંચમી વિભક્તિ લાગી શકે છે અને પંચમી વિભક્તિ લગાડતી વખતે સંબંધક ભૂતકૃદન્તનો લોપ થાય છે : ल्यब्लोपे कर्मणि अधिकरणे च (पञ्चमी स्यात्).

## 'શેષ' (આદિ) અર્થમાં ષષ્ઠી વિભક્તિના પ્રયોગ

૧. (क) શેષ (=સંબંધ) વાચિકા ષષ્ઠી વિભક્તિ: પાણિનિએ षष्ठी शेषे । ૨-૩-૫૦ સૂત્રથી 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિનું વિધાન કર્યું છે. 'શેષે' શબ્દના બે અર્થઘટન જોવા મળે છે : (૧) ભટ્ટોજિ દીક્ષિતે 'શેષ'નો અર્થ 'કારકાર્થ અને પ્રાતિપદિકાર્થથી ભિન્ન' કર્યો છે. આ મુજબ દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિ અનુક્રમે કર્મકારક, કરણકારક અને કર્તૃકારક, સમ્પ્રદાનકારક, અપાદાનકારક અને અધિકરણકારક અર્થો રજૂ કરે છે. તથા પ્રથમા વિભક્તિ 'પ્રાતિપદિકાર્થ'ને રજૂ કરે છે. આ બે-કારકાર્થ અને પ્રાતિપદિકાર્થ-થી અતિરિક્ત એક **સંબંધ** રૂપી અર્થ 'શેષ' બાકી રહ્યો છે. જગત્માં આવા 'સંબંધો' અનેક છે. દા.ત. સ્વ-સ્વામિભાવ, જન્ય-જનકભાવ, અવયવ-અવયવીભાવ સંબંધ વગેરે. (ઉદા.ત. राज्ञः पुरुषः । 'રાજાનો માણસ'. અહીં રાજા અને પુરુષ વચ્ચે સ્વ-સ્વામિભાવસંબંધ રહેલો છે.) આવા સંબંધોને ભાષામાં અભિવ્યક્ત કરવા માટે ષષ્ઠી વિભક્તિ વપરાય છે. બીજી રીતે કહીએ તો-જગત્માં સંબંધ બે જગ્યાએ જોવા મળે છે : ૧. જગત્ના પદાર્થોનો કોઈક ક્રિયા જોડેનો સંબંધ અને ૨. જગત્ના અનેક પદાર્થ (વસ્તુ/વ્યક્તિ)નો બીજા પદાર્થની જોડે સંબંધ. આ બે સંબંધોમાંથી એક પદાર્થ (વસ્તુ/વ્યક્તિ)નો ક્રિયા જોડેનો સંબંધ કહેવા માટે (પ્રથમા), દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિ વપરાય છે. દા.ત. रामः काष्ठैः तण्डुलान् स्थाल्यां पचति ।) તથા જગત્ના એક પદાર્થનો બીજા પદાર્થ જોડેનો સંબંધ કહેવા માટે ષષ્ઠી

વિભક્તિ વપરાય છે. (જગત્ના પદાર્થોનો એકબીજાની સાથે સ્વ-સ્વામિભાવાદિ અનેક પ્રકારનો સંબંધ હોય છે. દા.ત. राज्ञः पुरुषः । पितुः पुत्रः । વગેરે.) આમ ૧. નામપદ અને ક્રિયાપદ વચ્ચેનો સંબંધ કારકવિભક્તિઓ-(પ્રથમા), દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી-થી રજૂ થાય છે. પરંતુ ૨. એક નામપદનો બીજા નામપદની સાથેનો સંબંધ ષષ્ઠી વિભક્તિથી રજૂ થાય છે. આ દષ્ટિએ ષષ્ઠી વિભક્તિને કારકવિભક્તિ કહેવાતી નથી; સંબંધવાચિકા વિભક્તિ કહેવાય છે.

(૨) ભાષ્યકાર પતંજલિએ 'શેષ' શબ્દનો અર્થ 'અવિવક્ષા' કર્યો છે. આ મુદ્દાને વિગતે સમજવો પડશે. ભાષ્યકાર કહે છે કે અહીં 'શેષ'નો અર્થ 'ગૌણ' લઈ શકાશે નહીં. કારણ કે વાક્યમાં ક્રિયા સાધ્ય હોઈ પ્રધાન ગણાય છે અને તે ક્રિયાનાં નિર્વર્તકો (ક્રિયા કરનારા પદાર્થો)=કારકો=સાધનો હોઈને ગૌણ છે. આમ પ્રધાન ક્રિયાની દષ્ટિએ તો બધાં જ કારકો ગૌણ હોવાથી, તે દરેક કારકને ષષ્ઠી વિભક્તિ લગાડવા રૂપી આપત્તિ આવી પડશે. એ જ પ્રમાણે, 'શેષ'નો અર્થ "उक्ताद् अन्यः=નહીં કહેવાયેલ=કારકાર્થથી ભિન્ન" પણ થશે નહીં. કારણ કે જ્યાં ષષ્ઠી વિભક્તિ વપરાઈ હોય છે. ત્યાં પણ ક્રિયા-કારકભાવ દર્શાવી શકાય છે. (એટલે કે ષષ્ઠી વિભક્તિ પણ 'કારકવિભક્તિ' છે !) જેમકે, राज्ञः पुरुषः । 'રાજાનો માણસ.' અહીં વાસ્તવિક દષ્ટિએ વિચારીએ તો राजा पुरुषाय ददाति । 'રાજા પુરુષને (ધનાદિ) આપે છે' નો બોધ થાય છે. એટલે કે 'રાજા' આપનાર (કર્તૃકારક) છે અને 'પુરુષ' લેનાર (સમ્પ્રદાન કારક) છે એવો બોધ થાય છે. એક તરફ દાન ક્રિયા છે અને બીજી તરફ એ ક્રિયા કરનારાં બે કારકો છે. આમ જ્યાં ષષ્ઠી વિભક્તિ વપરાઈ છે-राज्ञः पुरुषः ।-ત્યાં પણ ક્રિયાકારકભાવ દર્શાવી શકાતો હોય તો "ષષ્ઠી વિભક્તિ કારકાર્થથી અતિરિક્ત-ભિન્ન-, કોઈ જુદો (સંબંધ રૂપ) અર્થ વ્યક્ત કરે છે." એમ કહી શકાશે નહીં. આથી ભાષ્યકાર કહે છે કે વાસ્તવિક દષ્ટિએ વિચારતાં, જો બે પદાર્થો વચ્ચે ક્રિયાકારકભાવ રહેલો હોય તો તેને વાક્યમાં (ભાષામાં) સ્પષ્ટપણે રજૂ કરવો કે નહીં તે વક્તાની વિવક્ષા ઉપર આધાર રાખે છે. અર્થાત્ જો ક્રિયાકારકભાવ સંબંધ કહેવાની ઇચ્છા હશે તો राजा पुरुषाय ददाति । બોલવું પડશે અને જો ક્રિયાકારકભાવ સંબંધ કહેવાની ઇચ્છા નહીં હોય તો राज्ञः पुरुषः । બોલાશે. આમ, ભાષ્યકારના મતે 'શેષ' એટલે ક્રિયાકારકભાવ સંબંધને કહેવાની અનિચ્છા-અવિવક્ષા. (અલબત્ત, સૂત્રકાર પાણિનિને 'શેષ'નો 'અવિવક્ષા' અર્થ અભિપ્રેત નહીં હોય. પરંતુ ભાષ્યકારે શેષનો આવો અર્થ કર્યો એનું કારણ ૨-૩-૫૧ થી ૬૪ સુધીનાં સૂત્રોમાં શેષ='અવિવક્ષા' અર્થ લાગુ પાડવો એ છે.)

(ख) "શેષ-સ્વસ્વામિભાવાદિ સંબંધ-અર્થમાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે" એમ કહ્યા પછી એ દર્શાવવાનું બાકી રહે છે કે, બે સંબંધી પદાર્થોમાંથી કયા પદાર્થને-કયા શબ્દને-ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે ? તાર્કિક દષ્ટિએ વિચારતાં જણાય છે કે સંબંધ તો 'દ્વિષ્ઠ'-બન્ને પદાર્થમાં રહેનારો-છે. આથી બન્ને સંબંધી પદાર્થોને ષષ્ઠી વિભક્તિ લગાડવી જોઈએ. જેમકે, राज्ञः पुरुषस्य । પરંતુ સંસ્કૃત ભાષાની વાક્યરચનામાં, 'બે સંબંધી પદાર્થોમાંથી જે વિશેષણ રૂપ ગૌણ-પદાર્થ હોય છે તેને જ માત્ર ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે' એવો વ્યવહાર જોવા મળે છે.[૧૩]

**૨.** ભાષ્યકારે 'શેષ' (૨-૩-૫૦)નો અર્થ 'અવિવક્ષા' કર્યો છે. બે સંબંધી પદાર્થ વચ્ચે રહેલા ક્રિયાકારકભાવ સંબંધને કહેવાની અનિચ્છા-અવિવક્ષા-હોય ત્યારે ષષ્ઠી વિભક્તિ પ્રવૃત્ત થાય છે. 'શેષ' શબ્દના આ અર્થઘટનના અનુસંધાનમાં હવે ૨-૩-૫૧ થી ૬૧ અને ૬૪ સૂત્રને[૧૪] જોઈશું :

(૧) **ज्ञोऽविदर्थस्य करणे** । ૨-૩-૫૧. "જ્ઞાનાર્થક ન હોય તેવા √ज्ञा ધાતુના કરણકારકની, શેષત્વ રૂપે વિવક્ષા કરવામાં આવે તો તેને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. सर्पिषः ज्ञानम् । 'ઘી સંબંધી જ્ઞાન'. અહીં વાસ્તવિક દષ્ટિએ વિચારીએ તો सर्पिषा जानीते । 'ઘીથી જાણે છે' એવો અર્થ છે. પરંતુ ઘીનું કરણત્વ અવિવક્ષિત છે. માટે તેની શેષ રૂપે વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.

---

૧૩. બે સંબંધી પદાર્થોમાંથી કોને ષષ્ઠી વિભક્તિ લગાડવી એ વિષે યદૃચ્છા પ્રવર્તતી હોય એમ જણાય છે. જગત્ની કેટલીક ભાષાઓમાં વિશેષ્ય રૂપ પ્રધાન પદાર્થને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. જેમકે, અરબી ભાષામાં 'શેર-એ-પંજાબ.' 'સિંહનો પંજાબ'. અહીં વિશેષ્યવાચક **શેર** શબ્દને ષષ્ઠી વિભક્તિનો **ए** પ્રત્યય લગાડવામાં આવ્યો છે. જ્યારે સંસ્કૃત ભાષામાં આથી ઉલટું જોવા મળે છે. એટલે કે વિશેષણ રૂપ ગૌણ પદાર્થને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. જેમકે; राज्ञः पुरुषः । અહીં पुरुष વિશેષ્ય છે અને राजन् વિશેષણ છે.

૧૪. **चतुर्थ्यर्थे बहुलं छन्दसि** । ૨-૩-૬૨ અને **यजेश्च करणे** । ૨-૩-૬૩ સૂત્રો વૈદિક સંસ્કૃત માટેનાં છે. આથી ભટ્ટોજિ દીક્ષિતે એ બે સૂત્રોને અહીં મૂક્યાં નથી.

(૨) **अधीगर्थदयेशां कर्मणि** । ૨-૩-૫૨ "अधि ઉપસર્ગપૂર્વક √ईक, √दय અને √ईश ધાતુઓના કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **मातुः स्मरणम्** । **सर्पिषः दयनम्** । **सर्पिषः ईशनम्** । અહીં વાસ્તવિક દષ્ટિએ માતા અને ઘી (**सर्पिष**) કર્મકારક છે. પરંતુ કર્મકારક રૂપે તેમની અવિવક્ષા કરવાથી, તેમને ષષ્ઠી વિભક્તિ લાગે છે : 'માતા સંબંધી સ્મરણ' વગેરે.

(૩) **कृञः प्रतियत्ने** । ૨-૩-૫૩. "√कृञ् ધાતુના કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી લગાડવામાં આવે છે." અર્થાત્ કર્મકારકની અવિવક્ષા કરવામાં આવે તો તેને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. **एधो दकस्य उपस्करणम्** 'લાકડાં અને જળ સંબંધી સંસ્કરણ.'

(૪) **रुजर्थानां भाववचनानाम् अज्वरेः** । ૨-૩-૫૪. "જ્વરાર્થક સિવાય રુજાર્થક ધાતુઓમાંથી બનાવેલા ભાવવાચક નામો કર્તા તરીકે પ્રવર્તતાં હોય ત્યારે કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **चौरस्य रोगस्य रुजा** । 'ચોરને રોગસંબંધી પીડા'. અહીં **चौर**ની કર્મકારક રૂપે અવિવક્ષા કરવાથી તેને ષષ્ઠી વિભક્તિ લાગે છે. (અને **रुजा** એવા કૃદન્ત શબ્દના યોગમાં **कर्तृकर्मणोः कृति** । ૨-૩-૬૫ થી કર્તૃવાચક શબ્દ રોગને પણ ષષ્ઠી વિભક્તિ લાગે છે.)

(૫) **आशिषि नाथः** । ૨-૩-૫૫ "આશીર્વાદ અર્થવાળા √नाथ ધાતુના કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. **सर्पिषः नाथनम्** । 'ઘી મળે એવી ઇચ્છા-આશંસા.'

(૬) **जासि-निप्रहण-नाट्-क्राथ-पिषां हिंसायाम्** । ૨-૩-૫૬. "હિંસાર્થક √जासि, नि અને प्र ઉપસર્ગપૂર્વકનો √हन्, √नाट्, √क्राथ અને √पिष ધાતુઓના કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **चौरस्य उज्जासनम्/निप्रहणनम्/उन्नाटनम्/क्राथनम्/पेषणम्** । 'ચોર સંબંધી હિંસા'.

(૭) **व्यवहृपणोः समर्थयोः** । ૨-૩-૫૭. "**वि+अव** ઉપસર્ગપૂર્વક √हृ અને √पण ધાતુઓના કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **शतस्य व्यवहरणम्/पणनम्** । 'સો રૂપિયા સંબંધી જુગાર કે વેપાર."

(૮) दिवः तदर्थस्य । ૨-૩-૫૮ "દ્યુત રમવું કે વેપાર કરવો અર્થવાળા √दिव ધાતુના કર્મને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **शतस्य दीव्यति** । 'સો રૂપિયાનો જુગાર રમે છે.'

(૯) **विभाषा उपसर्गे** । ૨-૩-૫૯ "દ્યૂત કે વેપાર અર્થવાળા સોપસર્ગ √दिव ધાતુના કર્મને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ કે દ્વિતીયા વિભક્તિ લાગે છે." દા.ત. **शतस्य शतं वा प्रतिदीव्यति** ।

(૧૦) **प्रेष्य ब्रुवोः हविषो देवतासम्प्रदाने** । ૨-૩-૬૧. 'કોઈ દેવતાને ઉદ્દેશીને હવિર્વિશેષ આપવામાં આવે છે' એ અર્થવાળા **प्र+√इष** અને **√ब्रु** ધાતુઓના કર્મને (હવિર્વિશેષવાચક શબ્દને) ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. **अगनये छागस्य हविषः वपायाः मेदसः प्रेष्य/अनुब्रूहि** ।

(૧૧) **कृत्वोऽर्थप्रयोगे कालेऽधिकरणे** । ૨-૩-૬૪. 'ક્રિયાની આવૃત્તિ' દર્શાવનારા **कृत्वसुच्** અને **सुच्** પ્રત્યયો લાગીને જે શબ્દો બન્યા હોય તેમના યોગમાં કાલરૂપી અધિકરણ વાચક શબ્દને, 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. **पञ्चकृत्वः अह्नः भोजनम्** । **द्विः अह्नः भोजनम्** । પાંચવાર/બેવાર દિવસસંબંધી ભોજન.

★

૨-૩-૫૦ (**षष्ठी शेषे**) સૂત્રથી 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિનું વિધાન કરવામાં છે. હવે જો 'શેષ'નો અર્થ 'અવિવક્ષા' કરવામાં આવે તો ज्ञोविदर्थस्य करणे । ૨-૩-૫૧ થી ૬૪ સુધીનાં સૂત્રો રચવાની જરૂર રહેતી જ નથી. કારણ કે **षष्ठी शेषे** । ૨-૩-૫૦ સૂત્રથી જ ૨-૩-૫૧ થી ૬૪માં વર્ણવાયેલ પ્રત્યેક સન્દર્ભોમાં ષષ્ઠી વિભક્તિ પ્રવૃત્ત થઇ શકશે. આવી શંકાનો પરિહાર કરવા માટે કહેવામાં આવ્યું છે કે ૨-૩-૫૦ સૂત્રથી જ્યાં સ્વસ્વામિભાવાદિ સંબંધોમાં ષષ્ઠી વિભક્તિ થઇ હોય ત્યાં (षष्ठी । ૨-૨-૮ સૂત્રોક્ત) ષષ્ઠી તત્પુરુષ સમાસ થઇ શકે છે. (જેમકે, **राज्ञः पुरुषः** । અહીં સ્વસ્વામિભાવસંબંધ અભિવ્યક્ત કરવા માટે राजन् શબ્દને ષષ્ઠી વિભક્તિ, षष्ठी शेषे । ૨-૩-૫૦ સૂત્રથી લગાડવામાં આવી છે. આથી તે બે પદોનો, षष्ठी । ૨-૨-૮ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઇ શકશે राजपुरुषः ।)

પરંતુ જ્યાં ૨-૩-૫૧ થી ૬૪ સુધીનાં સૂત્રો દ્વારા ષષ્ઠી વિભક્તિ થઈ હશે ત્યાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકતો નથી. (જેમકે, **सर्पिषः ज्ञानम्** । અહીં **ज्ञोविदर्थस्य कर्मणि** । ૨-૩-૫૧ સૂત્રથી **सर्पिष्** શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. આથી આ બે પદોનો **षष्ठी** । ૨-૨-૮ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકશે નહીં.) **વાર્તિકકાર કાત્યાયને આ સન્દર્ભમાં કહ્યું છે કે प्रतिपदविधाना षष्ठी न समस्यते । એટલે કે "૨-૩-૫૧ થી ૬૪ સુધીનાં સૂત્રો દ્વારા કહેવામાં આવેલી ષષ્ઠી વિભક્તિનો સમાસ થઈ શકતો નથી.'** આવી (૨-૩-૫૧ થી ૬૪ સૂત્રોક્ત) ષષ્ઠી વિભક્તિ જેને લાગી હોય તેવા પદનો અન્ય પદની સાથે સમાસ નહીં થવા દેવાનું કારણ એ છે કે જો આ સન્દર્ભોમાં સમાસ થાય તો ૨-૩-૫૧ થી ૬૪ સૂત્રોએ કરેલી ષષ્ઠી વિભક્તિ જોવા જ ન મળે. એટલે કે જો **सर्पिषः ज्ञानम्** । જેવા પદોનો ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ જાય તો પછી ૨-૩-૫૧ સૂત્રે કરેલો વિધિ-ષષ્ઠી વિભક્તિનું વિધાન-જોવા જ ન મળે. આથી સૂચિત થાય છે કે ૨-૩-૫૧ થી ૬૪ સૂત્રોક્ત સન્દર્ભોમાં ષષ્ઠી વિભક્તિ જ થાય છે; સમાસ થતો નથી.

૩. અમુક કૃદન્ત શબ્દોના યોગે કર્તૃવાચક કે કર્મવાચક શબ્દોને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે અને અમુક કૃદન્ત શબ્દોના યોગે તે ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવતી નથી. આનું વર્ણન કરતાં સૂત્રો નીચે મુજબ છે :-

(૧) **कर्तृकर्मणोः कृति** । ૨-૩-૬૫

(૨) **उभयप्राप्तौ कर्मणि** । ૬૬

(૩) **क्तस्य च वर्तमाने** । ૬૭

(૪) **अधिकरणवाचिनश्च** । ૬૮

(૫) न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् । ૬૯

(૬) अकेनोर्भविष्यदाधमर्ण्ययोः । ૭૦

(૭) कृत्यानां कर्तरि वा । ૭૧.

અહીં એ નોંધપાત્ર છે કે **षष्ठी शेषे** । ૨-૩-૫૦ સૂત્રોમાંથી જે 'शेषे' પદની અનુવૃત્તિ ૨-૩-૫૧ વગેરે અનુગામિ સૂત્રોમાં આવતી હતી, તે અહીં ૨-૩-૬૫ સૂત્રમાં આવતી નથી. પરિણામે કર્તૃકારક કે કર્મકારકની શેષત્વ વિવક્ષામાં આ (૨-૩-૬૫ થી ૭૧) સૂત્રો ષષ્ઠી વિભક્તિનું વિધાન કરે છે એમ નહીં કહેવાય. પરંતુ કર્તૃકારક કે કર્મકારક અર્થમાં જ ષષ્ઠી વિભક્તિ લાગે છે એમ જાણવું. આ સૂત્રોથી અમુક કૃદન્ત શબ્દોના યોગમાં કર્તૃકારક વાચક શબ્દને કે કર્મકારક વાચક શબ્દને જે ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે તે "કારકષષ્ઠી" કહેવાય છે.[૧૫]

(૧) **कर्तृकर्मणोः कृति** । ૨-૩-૬૫. "કૃદન્ત શબ્દોના યોગે કર્તૃવાચક શબ્દને અને કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **कृष्णस्य कृतिः** । **जगतः कर्ता कृष्णः** । પહેલા ઉદાહરણમાં કૃદન્ત **कृतिः** શબ્દના યોગે કર્તૃવાચક **कृष्ण** શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે અને બીજા ઉદાહરણમાં કૃદન્ત **कर्ता** શબ્દના યોગે કર્મવાચક **जगत्** શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે.

(૨) **उभयप्राप्तौ कर्मणि** । ૨-૩-૬૬. "કૃદન્ત શબ્દના યોગે જો બન્ને કર્તૃવાચક અને કર્મવાચક શબ્દોને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય-લાગવા આવે-તો તે બેમાંથી કેવળ કર્મવાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવી." દા.ત. **आश्चर्यः, गवां दोहः अगोपेन** । 'અરે ! આશ્ચર્ય કહેવાય કે એક ગોવાળીઓ નહીં એવા માણસે ગાયોને દોહી.' અહીં કૃદન્ત શબ્દ **दोहः**ના યોગમાં કર્તૃવાચક **अगोप** શબ્દને અને કર્મવાચક **गो** શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ આ સૂત્ર નિયમ કરે છે કે આવી પરિસ્થિતિમાં કેવળ કર્મવાચક **गो**>ગવામ્ શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવી. અર્થાત્ કર્તૃવાચક **अगोप** શબ્દને ષષ્ઠી વિભક્તિ ન લગાડવી.

---

૧૫. કારકષષ્ઠી=કર્તૃકારક કે કર્મકારક વાચિકા ષષ્ઠી. આવી 'કારકષષ્ઠી' જ્યાં લાગી હોય ત્યાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકે છે : **कृद्योगा षष्ठी समस्यते । (वार्तिकम्)**. કૃદન્ત શબ્દોના યોગમાં **षष्ठी शेषे** । ૨-૩-૫૦ સૂત્રથી ષષ્ઠી વિભક્તિની પ્રાપ્તિ થતી નથી. આથી ૨-૩-૬૫ થી ૭૧ સુધીનાં સૂત્રોની રચના કરવામાં આવી છે. હવે ૨-૩-૬૫ થી ૭૧ સૂત્રોક્ત સન્દર્ભોમાં જે ષષ્ઠી વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. તે દરેકનો ષષ્ઠી । ૨-૨-૮ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકે છે.

અલબત્ત, આ સન્દર્ભમાં વાર્તિકકારે જે નિરીક્ષણ કર્યું છે તે એ પ્રકારનું છે કે કર્મવાચક શબ્દને તો (નિત્ય) ષષ્ઠી વિભક્તિ લાગે છે. પરંતુ કર્તૃવાચક શબ્દને ક્યારેક ષષ્ઠી વિભક્તિ નથી લાગતી અને ક્યારેક ષષ્ઠી વિભક્તિ લાગે પણ છે. જેમકે, शब्दानाम् अनुशासनम् आचार्येण । અથવા शब्दानाम् अनुशासनम् आचार्यस्य ।। અહીં કર્મવાચક शब्द શબ્દને તો ષષ્ઠી વિભક્તિ હંમેશાં લાગે જ છે, પરંતુ કર્તૃવાચક आचार्य શબ્દને ષષ્ઠી ક્યારેક લાગે છે અથવા નથી લાગતી.

(૩) क्तस्य च वर्तमाने । ૨-૩-૬૭. "વર્તમાનકાળ અર્થમાં क्त>त પ્રત્યય લાગીને જે કૃદન્ત શબ્દ બન્યો હોય, તેના યોગમાં (કર્તૃવાચક શબ્દને) ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. राज्ञां बुद्धः । राज्ञां पूजितः । રાજાથી જ્ઞાત, પૂજાયેલો.

(૪) अधिकरणवाचिनश्च ૨-૩-૬૮ "(અધિકરણ' અર્થમાં) क्त>त પ્રત્યય લાગીને જે કૃદન્ત શબ્દ બન્યો હોય, તેના યોગમાં (કર્તૃવાચક શબ્દને) ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. इदम् एषाम् आसितम् । 'આ એમનું બેસવાનું (સ્થળ) છે.'

(૫) न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् । ૨-૩-૬૯. "ल् કારના સ્થાનમાં થયેલ આદેશ સ્વરૂપ કૃત્ પ્રત્યયાન્ત શબ્દો, उ પ્રત્યયાન્ત શબ્દ, उकञ् પ્રત્યયાન્ત શબ્દ, અવ્યય સ્વરૂપ કૃદન્ત શબ્દો, 'નિષ્ઠા' સંજ્ઞાવાળા क्त>त અને क्तवतु>तवत् પ્રત્યયાન્ત શબ્દો, खल् પ્રત્યયના અર્થવાળા કૃદન્ત શબ્દો અને तृन् પ્રત્યાહારમાં આવતા પ્રત્યયો લાગીને જે (કૃદન્ત) શબ્દો બન્યા હોય તેમના યોગમાં કર્તૃવાચક કે કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી." આ સૂત્રથી ૨-૩-૬૫ અને ૬૬ સૂત્રોક્ત 'કારકષષ્ઠી'નો નિષેધ કરવામાં આવે છે. અર્થાત્ આ સૂત્રમાં ગણાવેલ કૃદન્તોના યોગમાં ૨-૩-૬૫ કે ૬૬થી જો ષષ્ઠી વિભક્તિ લાગવા આવે તો તેનો પ્રસ્તુત સૂત્રથી બાધ થઈ જાય છે. દા.ત. हरिः सृष्टिं कुर्वन्/कुर्वाणः । વગેરે.

(૬) अकेनोः भविष्यदाधमर्ण्ययोः । ૨-૩-૭૦. "૧. 'ભવિષ્યમાં' અર્થવાળો अक પ્રત્યય જેને લાગ્યો હોય તેવા કૃદન્ત શબ્દના યોગમાં, તથા ૨. (क) ભવિષ્યમાં અને (ख) 'દેવાદાર' અર્થવાળો इन પ્રત્યય જેને લાગ્યો હોય તેવા કૃદન્ત શબ્દના યોગમાં કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી." દા.ત. ૧. सतः पालकः अवतरति । 'સજ્જનોનું (ભવિષ્યમાં) પાલન કરનાર જન્મે છે.' ૨. (क) व्रजं गामी । '(ભવિષ્યમાં) વ્રજમાં જનાર.' (ख) शतं दायी । 'ભવિષ્યમાં સો રૂપિયા પાછા આપનાર' આ સૂત્ર પણ 'કારકષષ્ઠી'નો નિષેધ કરનારું છે.

(૭) कृत्यांनां कर्तरि वा । ૨-૩-૭૧. "'કૃત્ય' પ્રત્યયો લાગીને જે શબ્દો બન્યા હોય, તેમના યોગમાં કર્તૃવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લાગે છે." દા.ત. मम सेव्यः हरिः અથવા मया सेव्यः हरिः ।

આ સાતેય સૂત્રો દ્વારા જુદા જુદા કૃદન્ત શબ્દોના યોગે ક્યાં ષષ્ઠી વિભક્તિ થાય, ક્યાં ન થાય અને ક્યાં વિકલ્પે થાય ? એનું નિરૂપણ કર્યું છે. આ બધાં સૂત્રો 'કારક ષષ્ઠી'ને લગતાં છે.

૪. હવે 'અમુક અમુક શબ્દોના યોગે ષષ્ઠી વિભક્તિ વપરાય છે' એનું વિધાન કરનારાં સૂત્રો જોઈશું :

(૧) षष्ठी हेतुप्रयोगे । ૨-૩-૨૬. "વાક્યમાં 'હેતુ' શબ્દનો પ્રયોગ થયો હોય અને હેતુ દ્યોતિત રહેતો હોય તો ષષ્ઠી વિભક્તિ વપરાય છે." દા.ત. अन्नस्य हेतोः वसति । 'અન્નના હેતુથી નિવાસ કરે છે.'

(૨) सर्वनाम्नः तृतीया च । ૨-૩-૨૭. "હેતુ" શબ્દનો પ્રયોગ થયો હોય તો સર્વનામવાચક શબ્દોને તૃતીયા કે ષષ્ઠી વિભક્તિ લાગે છે." દા.ત. केन हेतुना वसति । कस्य हेतोः वसति ।

અહીં એ નોંધપાત્ર છે કે निमित्त, प्रयोजनम् કે हेतु શબ્દના યોગમાં સર્વનામવાચક શબ્દને લગભગ બધી વિભક્તિઓ લાગી શકે છે. किं निमित्तम् । केन निमित्तेन । कस्मै निमित्ताय । વગેરે.

(૩) षष्ठी अतसर्थप्रत्ययेन । ૨-૩-૩૦. દિક્-દેશ-કાલ રૂપ અર્થવાળા अतसुच् (૫-૩-૨૮) વગેરે પ્રત્યયોના યોગે ષષ્ઠી વિભક્તિ વપરાય છે." દા.ત. ग्रामस्य दक्षिणतः વગેરે.

(૪) एनपा द्वितीया । ૨-૩-૩૧. આ સૂત્રનો યોગવિભાગ કરીને 'एनपा' સૂત્રનો અર્થ કરીએ તો-"एनप् પ્રત્યયાન્ત શબ્દોના યોગમાં દ્વિતીયા વિભક્તિ અને ષષ્ઠી વિભક્તિ પણ વપરાય છે." દા.ત. दक्षिणेन ग्रामम् / ग्रामस्य वा ।

(૫) दूरान्तिकार्थैः षष्ठी अन्यतरस्याम् । ૨-૩-૩૪ "દૂર અને નજીક અર્થવાળા શબ્દોના યોગે ષષ્ઠી વિભક્તિ અને

પંચમી વિભક્તિ વપરાય છે." દા.ત. दूरं ग्रामस्य ग्रामाद् वा ।। निकटं ग्रामस्य ग्रामाद् वा ।।

(૬) **तुल्यार्थैः अतुलोपमाभ्यां तृतीयान्यतरस्याम्** । ૨-૩-૭૨. "તુલા અને ઉપમા સિવાયના, તુલ્યાર્થક શબ્દોના યોગે તૃતીયા વિભક્તિ અને ષષ્ઠી વિભક્તિ થાય છે." દા.ત. कृष्णस्य तुल्यः । कृष्णेन तुल्यः ।।

(૭) **चतुर्थी च आशिषि आयुष्य-मद्र-भद्र-कुशल-सुख-अर्थ-हितैः** । ૨-૩-૭૩. "આશીર્વાદ અર્થમાં વપરાયેલા આયુષ્ય વગેરે શબ્દોના યોગમાં ચતુર્થી વિભક્તિ અને ષષ્ઠી વિભક્તિ વપરાય છે." દા.ત. आयुष्यं कृष्णाय कृष्णस्य वा भूयात् । વગેરે.

★

આ ઉપરાંત, **षष्ठी चानादरे** । ૨-૩-૩૮, **स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूतैश्च** । ૨-૩-૩૯, **आयुक्तकुशलाभ्यां चासेवायाम्** । ૨-૩-૪૦ અને **यतश्च निर्धारणम्** । ૨-૩-૪૧ એ ચાર સૂત્રો દ્વારા પણ ષષ્ઠી વિભક્તિ અને સપ્તમી વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. (હવે પછી 'સપ્તમી વિભક્તિના પ્રયોગો'માં આની વિચારણા કરીશું.)

## અધિકરણકારક અને સપ્તમી વિભક્તિના પ્રયોગ

૧. **आधारोऽधिकरणम्** । ૧-૪-૪૫. આધારને 'અધિકરણ' કહેવાય છે. અહીં આકાંક્ષા ઊભી થશે કે કોનો આધાર ?-કર્તા કે કર્મમાં રહેલી ક્રિયાનો જે આધાર તે 'અધિકરણ' કહેવાય છે. સાધ્યક્રિયા-અમૂર્ત ક્રિયા હંમેશા કર્તામાં કે કર્મમાં રહેલી હોય છે. જેમકે, रामः गच्छति । 'રામ જાય છે-ચાલે છે.' અહીં ગમનક્રિયાનો સાક્ષાત્ આશ્રય (આધાર) રામ-કર્તૃકારક-છે તથા तण्डुलाः पच्यन्ते । 'ચોખા રંધાય છે' અહીં રાંધવાની ક્રિયાનો સાક્ષાત્ આધાર ચોખા-કર્મકારક-છે. પરંતુ ગમનક્રિયાને ધારણ કરનાર રામ પોતે બીજા કોઈક આધાર ઉપર નહીં ઊભો હોય તો ગમનક્રિયા કરી શકશે નહીં. એ જ પ્રમાણે, રાંધવાની ક્રિયાને ધારણ કરનાર ચોખા પણ બીજા કોઈક આધાર ઉપર નહીં રહેલા હોય તો રાંધવાની ક્રિયા થઈ શકશે નહીં. અર્થાત્ ક્રિયાના સાક્ષાત્ આશ્રયરૂપ કર્તા કે કર્મને બીજા કોઈક આધારની જરૂર છે. જેમકે, रामः **वने**>वनं गच्छति । तण्डुलाः स्थाल्यां पच्यन्ते । આવા કર્તા કે કર્મના આધારને-वन અને स्थालीને-અધિકરણ કહેવાશે. અહીં वन અને स्थाली અનુક્રમે 'કર્તા' रामને અને કર્મ तण्डुलને ધારણ કરે છે' એમ કહેવા કરતાં કર્તામાં રહેલી ગમનક્રિયાને અને કર્મમાં રહેલી રાંધવાની ક્રિયાને ધારણ કરે છે એમ કહેવું વધુ યુક્તિયુક્ત છે, એટલે કે કર્તા કે કર્મ દ્વારા (Through) ક્રિયાને જે ધારણ કરે તેને 'અધિકરણ' કહેવાય છે. આમ જે 'આધાર' પદાર્થ હોય છે તે ક્રિયાને સાક્ષાત્ ધારણ કરતો નથી; પણ અસાક્ષાત્ સ્વરૂપે=કર્તા અને કર્મ દ્વારા (=કર્તા અને કર્મના માધ્યમ દ્વારા) ક્રિયાને ધારણ કરે છે.

★

અધિકરણકારકના ત્રણ ભેદ જોવા મળે છે : ૧. ઔપશ્લેષિક ૨. વૈષયિક અને ૩. અભિવ્યાપક. (કેટલાક વૈયાકરણોના મતે ચોથું સામીપિક અધિકરણ પણ હોય છે. પરંતુ બીજા કેટલાક વૈયાકરણો સામીપિક અધિકરણનો 'ઔપશ્લેષિક અધિકરણ'માં જ સમાવેશ કરી લે છે.) ભર્તૃહરિના મતે, આધાર અને આધેય વચ્ચેનો સંબંધ તો સર્વત્ર (અધિકરણના ત્રણેય ભેદોમાં) એકસરખો હોય છે. પરંતુ આધારભૂત પદાર્થ આધેયને જુદી જુદી રીતે ઉપકૃત કરે છે. જેમકે, ક્યાંક આધાર અને આધેય વચ્ચે સંયોગસંબંધ હશે, તો ક્યાંક સમવાય સંબંધ હશે. દા.ત. પહેલા ઔપશ્લેષિક અધિકરણના **कटे आस्ते देवदत्तः** । 'દેવદત્ત સાદડી ઉપર બેઠો છે' જેવા ઉદાહરણમાં દેવદત્તનો સાદડી જોડે સંયોગ સંબંધ છે એવું પ્રતીત થાય છે. અહીં સાદડીના પ્રત્યેક અવયવ જોડે દેવદત્તનો ઉપશ્લેષ=સંયોગ સંબંધ જોવા મળતો નથી. જ્યારે ત્રીજા અભિવ્યાપક અધિકરણના तिलेषु तैलम् । 'તલમાં તેલ છે' જેવા ઉદાહરણમાં, તલની સાથે તેલનો સમવાય સંબંધ છે એવું પ્રતીત થાય છે. કારણ કે તલના પ્રત્યેક અવયવમાં તેલ રહેલું છે. આથી તલને 'વ્યાપક'=અભિવ્યાપક અધિકરણ કહેવામાં આવે છે. હવે (બીજા પ્રકારના) વૈષયિક અધિકરણને થોડાં વધુ ઉદાહરણથી સમજવું જરૂરી છે : (क) खे शकुनयः । 'આકાશમાં પક્ષીઓ છે' અહીં આકાશના એકદેશમાં પક્ષીઓ છે એમ સમજવાનું છે. કારણ કે તાત્ત્વિક દષ્ટિએ આકાશમાં અવયવો નથી. આથી કલ્પિત પ્રદેશની જોડે પક્ષીઓનો સંબંધ છે એમ સમજાય છે. પક્ષીઓ અન્યત્ર મળતાં નથી. આથી આકાશ પક્ષીઓને ઉડવાનું સ્થાન છે-ઉડવાનો પ્રદેશ છે એટલું જ કહેવાનો આશય છે. આને વૈષયિક અધિકરણ કહેવાય છે. અહીં 'વિષય'નો અર્થ 'અનન્યત્ર ભાવ' થાય છે. અર્થાત્ અન્યત્ર ન હોવાપણાનો

ભાવ તેને 'વિષય' કહે છે. અથવા - **ब्रह्मणि जिज्ञासा ।** "બ્રહ્મ વિષે (=વિષયક) જિજ્ઞાસા" આ ઉદાહરણમાં **'ब्रह्मन्'** એ વૈષયિક અધિકરણ છે. **(ख) गुरौ वसति शिष्यः ।** 'શિષ્ય ગુરુ પાસે રહે છે.' આનો અર્થ શિષ્યનું અધ્યયન અને બીજી જરૂરિયાતો ગુરુ ઉપર અવલંબે છે. આમ શિષ્ય આધેય છે અને ગુરુ આધાર છે-અધિકરણ છે. એ જ પ્રમાણે, (ग) **युद्धे सन्नह्यति ।** યુદ્ધ માટે તૈયાર થાય છે. અહીં 'યુદ્ધ' એ તૈયાર થવા માટેનું પ્રયોજન-નિમિત્ત-છે, એને પણ 'અધિકરણ' તરીકે રજૂ કરવામાં આવે છે. આ ત્રણેય ઉદાહરણમાં આકાશ, ગુરુ અને યુદ્ધ ભૌતિક દષ્ટિએ અધિકરણ નથી; પણ આલંકારિક રીતે તેમને અધિકરણ રૂપે રજૂ કરવામાં આવે છે.

★

ક્રિયા બે પ્રકારની હોય છે : સિદ્ધસ્વભાવા અને સાધ્યસ્વભાવા. ભર્તૃહરિ કહે છે કે સિદ્ધસ્વભાવવાળી ક્રિયા(ભાવ)ઓનો (શાશ્વત્) આધાર 'આકાશ' છે અને સાધ્યસ્વભાવવાળી ક્રિયાઓનો (શાશ્વત્) આધાર 'કાલ' છે.[૧૬] બીજા શબ્દોમાં કહીએ તો-કોઈ પણ ક્રિયા દેશ અને કાલની ચોક્કસ મર્યાદામાં જ જન્મી શકે છે. આથી તાર્કિકોએ દેશ અને કાલને કાર્યમાત્રનાં 'શાશ્વત્ અધિકરણો' અથવા 'અસાધારણ કારણ' માન્યાં છે.

★

કર્તા અને કર્મ ક્રિયાના સાક્ષાત્ આધાર છે, ક્રિયાના આશ્રય છે. આવા કર્તા અને કર્મને ધારણ કરી રાખીને પરોક્ષ રીતે જે ક્રિયાને ધારણ કરે છે, ક્રિયાને ઉપકૃત કરે છે તેને 'અધિકરણ કારક' કહેવાય છે. આ અધિકરણ કારકને વાક્યરચનામાં અભિવ્યક્ત કરવું હોય તો સપ્તમી વિભક્તિના /-ङि//-ओस्//-सुप्/ પ્રત્યયો વપરાય છે : **सप्तमी अधिकरणे च ।** ૨-૩-૩૬. (આમ સપ્તમી વિભક્તિ (૧) 'અધિકરણ કારક' રૂપી અર્થ અભિવ્યક્ત કરે છે.)

અહીં એ નોંધપાત્ર છે કે સપ્તમી વિભક્તિનો પ્રયોગ જેવી રીતે મુખ્ય આધાર (અભિવ્યાપકાદિ ત્રણ અધિકરણો)ને[૧૭] અભિવ્યક્ત કરવા માટે થાય છે; તેવી રીતે ગૌણ આધાર (સામીપિક અધિકરણ)ને અભિવ્યક્ત કરવા માટે પણ થાય છે. (દા.ત. गङ्गायां घोषः ।)

૨. નક્ષત્રવાચક શબ્દોને પણ 'અધિકરણ' અર્થમાં સપ્તમી વિભક્તિ લાગે છે : **नक्षत्रे च लुपि ।** ૨-૩-૪૫. "પ્રકૃત્યર્થમાં રહેલા નક્ષત્રવાચક શબ્દને તદ્ધિતનો કોઈ પ્રત્યય લાગ્યો હોય, પણ તેનો લુપ્ સંજ્ઞાથી લોપ=અદર્શન થયું હોય ત્યારે તે નક્ષત્ર વાચક શબ્દ, એને જે પ્રત્યય લગાવ્યો હતો તે પ્રત્યયના અર્થનો પણ વાચક બને છે. આવા પ્રત્યયાર્થ વિશિષ્ટ નક્ષત્ર વાચક શબ્દને સપ્તમી વિભક્તિ (કે તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે." દા.ત. **मूलेन् आवाहयेद् देवीम् ।** અથવા **मूले आवाहयेद् देवीम् ।** 'મૂલનક્ષત્રયુક્ત કાલમાં દેવીનું આહ્‌વાન કરવું જોઈએ.' (અહીં **मूल** નક્ષત્રવાચક શબ્દ કોઈ વ્યક્તિનો વાચક નથી, પણ નક્ષત્રનો જ વાચક છે. એટલે તે પ્રકૃત્યર્થને અભિવ્યક્ત કરનારો નક્ષત્રવાચક શબ્દ છે. આ શબ્દને '-થી યુક્ત કાલ' અર્થમાં તદ્ધિતનો **अण्** પ્રત્યય લાગે છે અને પછી તેનો લુપ્=અદર્શન થાય છે. હવે **मूल** શબ્દ 'મૂલનક્ષત્રયુક્ત કાલ' અર્થ વ્યક્ત કરે છે. આવા પ્રત્યયાર્થવિશિષ્ટ નક્ષત્રવાચક **मूल** શબ્દને સપ્તમી કે તૃતીયા વિભક્તિ લાગે છે.)

૩. **यस्य च भावेन भावलक्षणम् ।** ૨-૩-૩૭. આ સૂત્ર સત્સપ્તમી (=ભાવ સપ્તમી)નું વિધાન કરે છે : જ્યારે એક જ્ઞાત ક્રિયાથી ક્રિયાન્તર-અજ્ઞાત ક્રિયા-લક્ષિત થાય, ત્યારે તે જ્ઞાત ક્રિયાવાચક (કૃદન્ત) શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે તથા તે જ્ઞાતક્રિયાના આશ્રય રૂપ કર્તા કે કર્મને પણ સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. 'દેવદત્ત ક્યારે ગયો' ? એવા પ્રશ્નના જવાબમાં કહેવાય છે કે 'ગાયો દોહવાતી હતી તે સમયે દેવદત્ત ગયો.' અહીં એક જ્ઞાતક્રિયા ગોદોહનની છે. તેના દ્વારા બીજી એક અજ્ઞાત ક્રિયા-દેવદત્તની ગમનક્રિયા-લક્ષિત થાય છે. આથી જ્ઞાતક્રિયાવાચક (કૃદન્ત) **दुह्यमाना** શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે : **दुह्यमानासु ।** (આ સપ્તમી વિભક્તિ 'અધિકરણ'ની વાચિકા નથી; પણ ભાવ=ક્રિયા વાચક સપ્તમી કહેવાય છે, કેમકે દોહનક્રિયાથી અજ્ઞાત-ગમન-ક્રિયા કહેવાય છે. આ 'ભાવસપ્તમી' સામાન્ય રીતે "સત્સપ્તમી=સતિસપ્તમી" રૂપે ઓળખાય છે.) એ જ પ્રમાણે આ દોહવાની ક્રિયાના

---

૧૬. कालात् क्रिया विभज्यन्ते, आकाशात् सर्वमूर्तयः । (वा. प. ३-७-१५३ अ).

૧૭. કેટલાક સામીપિક અધિકરણનો ઔપશ્લેષિક અધિકરણમાં સમાવેશ કરી લે છે. બીજા કેટલાક તેને સ્વતંત્ર-ચોથા પ્રકારનું અધિકરણ પણ ગણે છે.

કર્મ-ગો-ને પણ સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે : गोषु । (गोषु दुह्यमानासु सत्सु देवदत्तः गतः । 'જ્યારે ગાયો દોહવાતી હતી ત્યારે દેવદત્ત ગયો.') અહીં गो શબ્દને અને दुह्यमाना શબ્દને લાગેલી સપ્તમી વિભક્તિને સત્સપ્તમી=ભાવસપ્તમી કહે છે. બીજુ એક વાક્ય લઈએ ब्राह्मणेषु अधीयानेषु देवदत्तः गतः । 'બ્રાહ્મણો અધ્યયન કરતા હતા ત્યારે દેવદત્ત ગયો.' અહીં જ્ઞાત અધ્યયન ક્રિયાવાચક अधीयान શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે તેથી તે જ્ઞાત ક્રિયાના કર્તા-ब्राह्मण-ને પણ સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે. આ સતિ (સત્)-સપ્તમી વિભક્તિ (૨) 'ભાવલક્ષણ' રૂપ અર્થ અભિવ્યક્ત કરવા માટે વપરાય છે. (ભાવલક્ષણ એટલે ક્રિયાન્તર)

આ સન્દર્ભમાં બીજું એક સૂત્ર પણ જોવા મળે છે : षष्ठी चानादरे । ૨-૩-૩૮. અહીં આ ભાવલક્ષણ=ક્રિયાન્તર ઉપરાંત 'અનાદર' રૂપી અર્થ અધિકપણે અભિવ્યક્ત કરવાની ઇચ્છા હોય છે. જેમકે, 'પુત્ર રડતો હતો છતાંય/ત્યારે દેવદત્ત સંન્યાસી થઈ ગયો.' અહીં દેવદત્ત ક્યારે સંન્યાસી થઈ ગયો ? એ પ્રશ્નના જવાબમાં પુત્રની રુદનક્રિયા-જ્ઞાતક્રિયા-ને આગળ ધરવામાં આવે છે. અર્થાત્ પુત્રની રુદન ક્રિયાથી અજ્ઞાત એવી સંન્યાસી થઈ જવાની ક્રિયા લક્ષિત-સૂચિત-થાય છે. આથી જ્ઞાત રુદનક્રિયા વાચક रुदत् શબ્દને એ ક્રિયા કરનાર કર્તા-पुत्र-ને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે. पुत्रे रुदति देवदत्तः प्राव्राजीत् । અહીં એ નોંધપાત્ર છે કે આ ઉદાહરણમાં રુદનક્રિયાથી માત્ર ભાવલક્ષણ=ક્રિયાન્તર (સંન્યાસી થવાની ક્રિયા) સૂચવવાની જ ઇચ્છા નથી, પણ 'દેવદત્તે પુત્રનો અનાદર કર્યો' એ અર્થ પણ સૂચવવાનો આશય છે. પરંતુ જ્યારે ભાવલક્ષણ ઉપરાંત 'અનાદર' રૂપી અર્થ પણ વિશેષ પણે સૂચવવાનો આશય હોય છે ત્યારે કેવળ સપ્તમી પ્રવૃત્ત થતી નથી. આ સન્દર્ભમાં ષષ્ઠી વિભક્તિ પણ પ્રવૃત્ત થાય છે. પરિણામે पुत्रे रुदति देवदत्तः प्राव्राजीत् । ("પુત્ર રડતો હતો ત્યારે દેવદત્ત સંન્યાસી થઈને ચાલી નીકળ્યો.")ની સાથે સાથે पुत्रस्य रुदतः देवदत्तः प्राव्राजीत् । ("પુત્ર રડતો હતો **છતાંય** દેવદત્ત સંન્યાસી થઈને ચાલી નીકળ્યો.") જેવો (ષષ્ઠી વિભક્તિના ઉપયોગવાળો) પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.

૪. 'નિર્ધારણ' રૂપી ત્રીજો અર્થ અભિવ્યક્ત કરવા માટે પણ સપ્તમી વિભક્તિ (અને ષષ્ઠી વિભક્તિ)નો ઉપયોગ થાય છે : यतश्च निर्धारणम् । ૨-૩-૪૧. "સમુદાયમાંથી જ્યારે જાતિ, ગુણ, ક્રિયા કે સંજ્ઞા વડે એકદેશનું પૃથક્કરણ=નિર્ધારણ કરવામાં આવે છે ત્યારે સમુદાયવાચક શબ્દને સપ્તમી કે ષષ્ઠી લગાડવામાં આવે છે." દા.ત. नृषु ब्राह्मणः श्रेष्ठः । અથવા नृणां ब्राह्मणः श्रेष्ठः । 'માણસોમાં બ્રાહ્મણ કુલનો માણસ ઉત્તમ હોય છે.' વગેરે.[૧૮]

૫. ઉપપદ વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રો :

(क) स्वामि, ईश्वर, अधिपति, दायाद, साक्षि, प्रतिभू અને प्रसूत શબ્દોના યોગે ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ વપરાય છે. દા.ત. गवां स्वामी । અથવા गोषु स्वामी । વગેરે. (૨-૪-૩૯)

(ख) 'ઉત્સુકતા' અર્થમાં વપરાયેલા आयुक्त અને कुशल શબ્દોના યોગમાં પણ ષષ્ઠી કે સપ્તમી વિભક્તિ વપરાય છે. દા.ત. हरिपूजनस्य आयुक्तः/कुशलः । અથવા हरिपूजने आयुक्तः/कुशलः । (૨-૩-૪૦).

(ग) 'સમ્માન' અર્થ સૂચવતા साधु અને निपुण શબ્દોના યોગમાં (કેવળ) સપ્તમી વિભક્તિ વપરાય છે; અલબત્ત આ શબ્દોના પ્રયોગની સાથે સાથે प्रति શબ્દ ન વાપરવો જોઇએ. દા.ત. कृष्णः मातरि साधुः । कृष्णः मातरि निपुणः । (૨-૩-૪૩)

(घ) प्रसित (=તત્પર) અને उत्सुक શબ્દોના યોગે તૃતીયા વિભક્તિ અને સપ્તમી વિભક્તિ વપરાય છે. દા.ત. प्रसितः हरिणा । उत्सुकः हरिणा । અથવા प्रसितः हरौ उत्सुकः हरौ । (૨-૩-૪૪).

(ङ) બે કારકશક્તિઓની મધ્યમાં આવેલા કાલવાચક શબ્દને અને માર્ગ (દિશા) વાચક શબ્દને સપ્તમી વિભક્તિ (કે પંચમી વિભક્તિ) લાગે છે. દા.ત. ૧. अद्य भुक्त्वा अयं (=देवदत्तः) द्व्यहे (द्व्याहाद् वा) भोक्ता । 'આજે જમ્યા પછી આ (દેવદત્ત) બે દિવસ પછી જમશે.' અહીં કાલવાચક द्व्यहन् શબ્દને સપ્તમી કે પંચમી લગાડી શકાય છે.

૧૮. અહીં એ નોંધપાત્ર છે કે નિર્ધારણ ક્રિયામાં સમુદાય અને એકદેશની વચ્ચે અભેદ હોય ત્યારે જ ઉપર્યુક્ત સૂત્રથી સપ્તમી કે ષષ્ઠી વિભક્તિ પ્રવૃત થાય છે. જ્યારે સમુદાય અને એકદેશ વચ્ચે ભેદ રહેલો હોય ત્યારે पञ्चमी विभक्ते । ૨-૩-૪૨ સૂત્રથી પંચમી વિભક્તિ પ્રવૃત્ત થાય છે. દા.ત. माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः । पाञ्चालाः कुरुभ्यः अभिरूपतराः । અહીં હેલારાજની ટીકા નોંધપાત્ર છે : सूत्रारम्भवादिनापि समुदायभावः समानगुणत्वाद् आश्रयणीयः । अन्यथा निर्धारणाधिकारादेव विभागे लब्धे, 'विभक्त' ग्रहणाद् अत्यन्तविभागप्रतीतौ, न वास्तवः समुदायभावः युज्येत ।। (वा. प. ३-७-४ इत्यत्र हेलाराजः-पृ-२३५)

૨. इहस्थोऽयं क्रोशे (क्रोशाद् वा) लक्ष्यं विध्येत् । 'અહીં રહેલો (દેવદત્ત) એક ક્રોશ દૂર આવેલા લક્ષ્યને વિંધી શકે છે.' અહીં માર્ગવાચક क्रोश શબ્દને સપ્તમી કે પંચમી લગાડી શકાય છે. (૨-૩-૭).

(च) अधिक શબ્દના યોગે પણ સપ્તમી કે પંચમી વિભક્તિ વપરાય છે. જેમકે, लोके अधिकः हरिः । અથવા लोकाद् अधिकः हरिः ॥

૬. કર્મપ્રવચનીયના યોગે સપ્તમી વિભક્તિ:

(૧) 'ઈશ્વર'=સ્વ-સ્વામિભાવસંબંધ અર્થમાં अधिની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. (૧-૪-૯૭)

(૨) 'અધિક' અર્થમાં उपની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. (૧-૪-૮૭)

આ બન્ને 'કર્મપ્રવચનીય'ના યોગે સપ્તમી વિભક્તિ વપરાય છે. (આને ઉપપદ વિભક્તિ કહેવાય છે એવું અગાઉ જણાવ્યું છે.) દા.ત. ૧. अधि भुवि रामः । અથવા अधि रामे भूः । અને ૨. उप परार्धे हरेः गुणाः । વગેરે (૨-૩-૯).

## (૪) કારકવિભક્તિ અને ઉપપદવિભક્તિ

### ૧

પાણિનિએ 'વિભક્તિપાદ' (૨-૩-૧ થી ૭૩)માં જુદી જુદી વિભક્તિઓ ક્યાં અને ક્યારે લાગે છે એનું વિધાન કર્યું છે. આ વિભક્તિપાદના પ્રારંભે 'अनभिहिते' (૨-૩-૧) એવા પદનો અધિકાર કરવામાં આવ્યો છે. આ અધિકારની અન્તર્ગત નીચે મુજબનાં સૂત્રો જોવા મળે છે.

- अनभिहिते । २-३-१

(૧) कर्मणि द्वितीया । २-३-२.

(૨) चतुर्थी सम्प्रदाने । २-३-१३

(૩) कर्तृकरणयोस्तृतीया । २-३-१८

(૪) अपादाने पञ्चमी । २-३-२८

(૫) सप्तम्यधिकरणे च । २-३-३६

આ સૂત્રો અનુક્રમે જણાવે છે કે (૧) કર્મકારક જ્યારે બીજા કોઈ પણ પ્રત્યયથી ઉક્ત=અભિહિત ન હોય ત્યારે તે કર્મકારકને (=તદ્વાચક શબ્દને) દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો લગાડવા જોઈએ. (૨) સમ્પ્રદાનકારક જ્યારે બીજા કોઈ પણ પ્રત્યયથી ઉક્ત ન હોય ત્યારે તે સમ્પ્રદાનકારકને (તદ્વાચક શબ્દને) ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવા જોઈએ. (૩) કર્તૃકારક જ્યારે બીજા કોઈ પણ પ્રત્યયથી ઉક્ત ન હોય ત્યારે કર્તૃકારકને (તદ્વાચક શબ્દને) તૃતીયા વિભક્તિના પ્રત્યયો લગાડવા જોઈએ. એ જ પ્રમાણે, કરણકારક જ્યારે બીજા કોઈ પણ પ્રત્યયથી ઉક્ત ન હોય ત્યારે તે કરણકારકને (=તદ્વાચક શબ્દને) પણ તૃતીયા વિભક્તિના પ્રત્યયો લગાડવા જોઈએ. (૪) અપાદાનકારક જ્યારે બીજા કોઈ પણ પ્રત્યયથી ઉક્ત ન હોય ત્યારે તે અપાદાનકારકને (તદ્વાચક શબ્દને) પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડવા જોઈએ. (૫) અધિકરણકારક જ્યારે બીજો કોઈ પણ પ્રત્યયથી ઉક્ત ન હોય ત્યારે તે અધિકરણકારકને (=તદ્વાચક શબ્દને) સપ્તમી વિભક્તિના પ્રત્યયો લગાડવા જોઇએ. આ પાંચ સૂત્રો જે જુદી જુદી દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન કરે છે તેને **"કારકવિભક્તિ"** કહેવામાં આવે છે. કારણ કે આ પાંચ સૂત્રો દ્વારા જે વિભક્તિઓ (=વિભક્તિઓના પ્રત્યયો)નું વિધાન કરવામાં આવ્યું છે તે કર્મ, સમ્પ્રદાન, કર્તૃ, કરણ, અપાદાન અને અધિકરણ જેવાં જદાં જુદાં (છ) કારકોના અર્થોની અભિવ્યક્તિ કરવા માટે વપરાય છે. બીજા શબ્દોમાં કહીએ તો—આ દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન (કારકાધિકાર ૧-૪-૨૩ થી ૫૫ માં રજૂ કરેલી) કર્તૃ-કર્માદિ કારક સંજ્ઞાઓના નિમિત્તે કરવામાં આવ્યું છે. આથી તેમને 'કારકવિભક્તિ' કહેવામાં આવે છે.

પરંતુ આ કારકવિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રોની વચ્ચે જે બીજાં સૂત્રો આવેલાં છે, (કે જેમાં કોઈ કારકસંજ્ઞાને નિમિત્તે વિભક્તિવિધાન હોતું નથી) તે સૂત્રો **"ઉપપદવિભક્તિ"**નું વિધાન કરનારાં સૂત્રો ગણાય છે. દા.ત.

૧. कर्मणि द्वितीया । २-३-२ → 'કારકવિભક્તિ'નું વિધાન કરનારું સૂત્ર.

૨. अन्तराऽन्तरेण युक्ते । २-३-४<br>૩. कालाध्वनोरत्यन्तसंयोगे । २-३-५ } 'ઉપપદવિભક્તિ'નું વિધાન કરનારાં સૂત્ર.

[અહીં એ નોંધપાત્ર છે કે 'કારકવિભક્તિ'નું વિધાન કરનારા **कर्मणि द्वितीया** । ૨-૩-૨ સૂત્રોમાં તો 'अनभिहिते' સૂત્રનો અધિકાર આવે છે. પરંતુ 'ઉપપદ વિભક્તિ'ઓનું વિધાન કરનારાં (૨-૩-૪ અને ૨-૩-૫) સૂત્રોમાં તે 'अनभिहिते'નો અધિકાર અપ્રસ્તુત/અસંગત જણાય છે. આથી આ સૂત્રોમાં તે અધિકાર આવતો નથી એમ માનવું જોઇએ.]

## ૨

હવે આપણે 'કારકવિભક્તિ' અને 'ઉપપદવિભક્તિ' શબ્દોના અર્થ સમજવાનો પ્રયત્ન કરીશું. **करोति तत् कारकम्** । "જે પદાર્થ કોઈ ક્રિયા કરે (=ક્રિયામાં **કોઈક રીતે** ભાગ લે) તેને 'કારક' કહેવામાં આવે છે." અમુક પદાર્થ 'કારક' (=ક્રિયા કરનાર અર્થાત્ ક્રિયામાં ભાગ લેનાર) છે, એવા અર્થની અભિવ્યક્તિ કરનારી વિભક્તિને "કારકવિભક્તિ" કહેવામાં આવે છે તથા **उपोच्चरितम् पदम् उपपदम्** । "નજીકમાં ઉચ્ચારવામાં આવેલાં પદને 'ઉપપદ' કહેવાય છે." આવા 'ઉપપદ'ને આધારે (નિયમિતઃ) જે વિભક્તિનો પ્રયોગ કરવામાં આવે તેને "ઉપપદ વિભક્તિ" કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો-અમુક ચોક્કસ અવ્યય (=ઉપપદ)ના યોગમાં, રૂઢિને કારણે જે એક (કે એકથી વધારે) **નિશ્ચિત** વિભક્તિનો પ્રયોગ થતો હોય તેને 'ઉપપદ વિભક્તિ' કહે છે. ઉદા.ત. જોઈએ તો-(૨) **कुठारेण वृक्षम् छिनत्ति** ! 'કુહાડીથી વૃક્ષ કાપે છે, અહીં 'કાપવાની ક્રિયા કરનાર' **कुठार** 'કરણકારક' છે. આ કુઠાર પદાર્થ 'કારક' (=ક્રિયા કરનાર) છે એવા અર્થની અભિવ્યક્તિ કરવા માટે **कुठार** શબ્દને જે તૃતીયા વિભક્તિ લગાડવામાં આવી છે તેને 'કારક વિભક્તિ' કહેવામાં આવે છે. એ જ પ્રમાણે, વૃક્ષ 'કપાનાર' પદાર્થ છે. આમ વૃક્ષ પણ કાપવાની=કપાવાની ક્રિયામાં ભાગ લેનાર પદાર્થ-કર્મકારક-છે. આ કારકાર્થને **અભિવ્યક્ત** કરનારી દ્વિતીયા વિભક્તિને "કારકવિભક્તિ" કહેવામાં આવશે. (૨) **अन्तरेण हरिं न सुखम्** । 'હરિ વિના (બીજે કયાંય) સુખ નથી.' અહીં **अन्तरेण** એવું અવ્યયપદ 'ઉપપદ' છે, તેના યોગ (સાંનિધ્ય)માં (=**अन्तरेण** શબ્દના અર્થની સાથે જોડાયેલા શબ્દની પાછળ) નિયમપૂર્વક દ્વિતીયા વિભક્તિનો (જ) પ્રયોગ થાય છે આ દ્વિતીયા વિભક્તિ 'ક્રિયા કરનાર (=કારક)' એવા કોઈ અર્થની અભિવ્યક્તિ કરતી નથી, કેવળ રૂઢિથી **अन्तरेण** અવ્યયની સાથે દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થાય છે. આ ઉદાહરણમાં લાગેલી દ્વિતીયા વિભક્તિને 'ઉપપદ વિભક્તિ' કહેવાય છે. એ જ પ્રમાણે, गणेशाय नमः । 'ગણેશને નમસ્કાર'. અહીં नमः એવું અવ્યય હંમેશાં ચતુર્થી વિભક્તિ જ લે છે એવી રૂઢિ છે. આથી नमः એવા અવ્યય =ઉપપદ (=નજીકમાં ઉચ્ચારવામાં આવેલા नमः પદ)ને કારણે गणेश શબ્દને લાગેલી ચતુર્થી વિભક્તિને 'ઉપપદ વિભક્તિ' કહેવાય છે.

## ૩

શાસ્ત્રીય ગ્રન્થોમાં 'કારક વિભક્તિ' અને 'ઉપપદ વિભક્તિ' કોને કહેવી ? એની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી છે. આ ચર્ચાઓ દરમ્યાન 'કારક-વિભક્તિ' અને 'ઉપપદ વિભક્તિ'નાં વિવિધ લક્ષણો (=વ્યાખ્યાઓ) આપવામાં આવ્યાં છે. (क) **क्रियान्वयित्वम् कारकत्वम्** । "(જે પદાર્થ) ક્રિયામાં અન્વિત હોય તેને 'કારક' કહેવામાં આવે છે." 'કારક'ની આ વ્યાખ્યાને આધારે એમ કહેવામાં આવે છે કે અમુક પદાર્થ ક્રિયામાં અન્વિત છે ='કારક' છે એવું દર્શાવનારી વિભક્તિને 'કારકવિભક્તિ' કહે છે. (તથા આ સિવાયની વિભક્તિને ઉપપદવિભક્તિ' કહેવામાં આવે છે.) પરંતુ 'કારકવિભક્તિ'ની વ્યાખ્યાને સ્વીકારી શકાય એમ નથી. કારણ કે **यस्य च भावेन भावलक्षणम्** । ૨-૩-૩૭ સૂત્રવિહિત સતિસપ્તમી વિભક્તિનો ક્રિયામાં અન્વય છે, છતાંય ભાષ્યકાર પતંજલિએ તે (સતિસપ્તમી)ને 'ઉપપદ વિભક્તિ' કહી છે, (કારકવિભક્તિ કહી નથી). (૫-૧-૯૬ સૂત્રભાષ્ય) (ख) **प्रधानीभूतक्रियासम्बन्धनिमित्तकार्यत्वं कारकविभक्तित्वम्** । "જે પદાર્થનો પ્રધાનક્રિયામાં અન્વય હોય તેને 'કારક' કહેવામાં આવે છે; આવા કારકને લાગતી વિભક્તિને 'કારકવિભક્તિ' કહેવામાં આવે છે." આ વ્યાખ્યા પણ સ્વીકારી શકાય એમ નથી; કારણ કે પૂર્વોક્ત દોષની આપત્તિ અહીં પણ આવે છે. એટલે કે **यस्य च भावेन भावलक्षणम्** । ૨-૩-૩૭ સૂત્રોક્ત સતિસપ્તમી વિભક્તિનો પણ પ્રધાનક્રિયામાં અન્વય હોય છે. છતાંય પતંજલિએ તેને 'કારકવિભક્તિ' કહી નથી; 'ઉપપદવિભક્તિ' કહી છે. (ग) "કારકાધિકાર (૧-૪-૨૩ થી ૫૫)માં પઠિત કર્માદિ કારકસંજ્ઞાઓના નિમિત્તે જે વિભક્તિ પ્રવૃત્ત થાય તેને જ 'કારકવિભક્તિ' કહેવામાં આવે છે તથા કારકસંજ્ઞાના નિમિત્ત વિના જે વિભક્તિ પ્રવૃત્ત થાય તેને 'ઉપપદવિભક્તિ' કહેવામાં આવે છે." એવી એક ત્રીજી વ્યાખ્યા પણ આપવામાં આવી છે. આ વ્યાખ્યા સ્વીકાર્ય બની શકે એમ છે. પરંતુ નાગેશ ભટ્ટે આ વ્યાખ્યામાં પણ દોષદર્શન કર્યું છે. જેમકે, 'કારકસંજ્ઞાના નિમિત્તે જે વિભક્તિ પ્રવૃત્ત થઈ હોય, તેને જ 'કારકવિભક્તિ' માનવાથી દ્વિતીયા, તૃતીયા,

ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિઓ જ કારકવિભક્તિ કહેવાશે. પરંતુ પ્રથમા વિભક્તિનો કારકવિભક્તિ તરીકે સમાવેશ નહીં થાય. (કારણ કે પાણિનિએ प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । ૨-૩-૪૬ આટલા અર્થોમાં જ પ્રથમા વિભક્તિનું વિધાન કર્યું છે. પણ 'कर्तरि प्रथमा ।' એવું સૂત્ર બનાવ્યું નથી.) બીજી તરફથી, પતંજલિએ सहयुक्तेऽप्रधाने । ૨-૩-૧૯ સૂત્ર ઉપરના ભાષ્યમાં એવું સૂચવ્યું છે કે પ્રથમા વિભક્તિ 'કારકવિભક્તિ' છે. આથી નાગેશ ભટ્ટનું કહેવું છે કે પ્રથમા વિભક્તિનો પણ 'કારક-વિભક્તિ'માં સમાવેશ થાય એવું કોઈક લક્ષણ (=વ્યાખ્યા) આપવું જોઈએ.

વાસ્તવમાં, (અનભિહિત કારકને માટે વપરાતી દ્વિતીયાદિ વિભક્તિઓ જ 'કારકવિભક્તિ' ગણવી જોઈએ. પ્રથમા વિભક્તિ તો **અભિહિતકારક**ને લાગનારી વિભક્તિ છે. એટલે કે તે વિભક્તિ 'અકારકવિભક્તિ' છે. બીજાં શબ્દોમાં કહીએ તો- **પ્રથમા વિભક્તિ કોઈ ચોક્કસ કારકવિશેષનો બોધ કરાવનારી વિભક્તિ જ નથી.** પાણિનિએ "પ્રાતિપદિકાર્થ, લિંગ, પરિમાણ અને વચન—એ ચાર અર્થો પ્રથમા વિભક્તિ અભિવ્યક્ત કરે છે." એવું કહ્યું છે (૨-૩-૪૬), 'કર્તૃ-કર્માદિ કોઈ કારકવિશેષનો અર્થ અભિવ્યક્ત કરે છે.' એવું કહ્યું નથી. આમ ભાષ્યકારે કહ્યું હોવા છતાંય પ્રથમા વિભક્તિનો 'કારકવિભક્તિ'ના શીર્ષક હેઠળ સમાવેશ કરવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી. તે સ્પષ્ટ રૂપે 'અકારકવિભક્તિ' છે.*

(ઘ) પરંપરાનું સમર્થન કરવા-ભાષ્યકારના શબ્દોને જ અંતિમ પ્રમાણ રૂપે સ્વીકારીને ચાલીએ તો, પ્રથમા વિભક્તિને પણ 'કારકવિભક્તિ' કહેવી જોઈએ. આને માટે નાગેશ ભટ્ટે કારકવિભક્તિનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે : क्रियाजन-कार्थकत्वमेव कारकविभक्तित्वम् । ક્રિયાને જન્માવનાર (=ક્રિયામાં ભાગ લેનાર) પદાર્થને 'કારક' કહેવાય છે, અને આવા કારકને લાગેલી વિભક્તિને 'કારકવિભક્તિ' કહેવામાં આવે છે." આવી વ્યાખ્યા માનવાથી પ્રથમા વિભક્તિ પણ 'કારકવિભક્તિ' ગણાશે. નાગેશ ભટ્ટે 'કારકવિભક્તિ'ની બીજી એક વ્યાખ્યા પણ આપી છે : कर्त्रादिषट्काऽन्यतमार्थत्वं वा । (बृहच्छब्देन्दुशेखरः ભાગ-૨, પૃ-૮૬૫ "કર્તૃ, કર્મન્, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ-આ છ કારકોમાંથી કોઈ પણ કારકના નિમિત્તે જે કોઈ (પ્રથમા કે દ્વિતીયાદિ) વિભક્તિ જન્મી હોય તેને 'કારકવિભક્તિ કહેવી." આ વ્યાખ્યા દ્વારા પણ પ્રથમા વિભક્તિનો 'કારકવિભક્તિ'માં સમાવેશ કરવાનો પ્રયત્ન થયો છે.

ઉપર (ગ) અને (ઘ)માં રજૂ થયેલી 'કારકવિભક્તિ'ની વ્યાખ્યાઓ સિદ્ધાન્ત પક્ષે સ્વીકાર્ય છે.

૪

અગાઉ જણાવ્યું છે તેમ 'अनभिहिते' (૨-૩-૧ સૂત્રસ્થ) પદનો અધિકાર नक्षत्रे च लुपि । ૨-૩-૪૫ સૂત્રમાં પૂરો થઈ જાય છે; ત્યાર પછી प्रातिपदिकार्थलिङ्ग० । ૨-૩-૪૬મા સૂત્રથી જે પ્રથમા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે તે (પ્રથમા વિભક્તિ) કોઈ કારકવિશેષનો અર્થ અભિવ્યક્ત કરતી નથી. આથી પ્રથમા વિભક્તિને આપણે 'અકારકવિભક્તિ' એવું નામ આપીશું. અથવા, વાર્તિકકારના શબ્દોમાં, પ્રથમા વિભક્તિને 'અભિહિત કારકવિભક્તિ' કહીશું; એટલે કે પાણિનીય તન્ત્રમાં પ્રથમા વિભક્તિ ઉદ્દેશ્ય (subject) વાચિકા છે.

★

ષષ્ઠી વિભક્તિને પણ 'અકારક વિભક્તિ' કહેવામાં આવી છે. કેમકે દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સાતમી વિભક્તિઓ (અનભિહિત) કર્તૃકર્માદિ છ કારકાર્થોને અભિવ્યક્ત કરવા માટે વપરાય છે. બીજા શબ્દોમાં કહીએ તો—તે (પ્રથમા અને) દ્વિતીયા, તૃતીયા, વગેરે વિભક્તિઓ "ક્રિયાકારકભાવ"ને કહેનારી વિભક્તિઓ છે. જ્યારે ષષ્ઠી વિભક્તિ બે પદાર્થ વચ્ચે રહેલા સ્વસ્વામિભાવાદિ કોઈક "સંબંધ"ને કહેનારી હોય છે. દા.ત. दशरथस्य (पुत्रः) रामः कुठारेण वृक्षं छिनत्ति । "દશરથનો પુત્ર રામ કુહાડીથી વૃક્ષને કાપે છે.' અહીં રામ, કુહાડી અને વૃક્ષ એ ત્રણ પદાર્થોનો છેદનક્રિયામાં અન્વય છે. (એ ત્રણેય પદાર્થો છેદનક્રિયામાં એક યા બીજા સ્વરૂપે ભાગ લે છે.) પરંતુ દશરથનો અન્વય કેવળ રામની સાથે જ છે (દશરથ કોઈ પણ રીતે છેદનક્રિયામાં અન્વિત નથી.) રામ અને દશરથ જન્યજનકભાવ સંબંધે જોડાયેલા છે. એટલે કે રામ 'જન્ય' છે અને દશરથ 'જનક' છે. આમ રામ અને દશરથ એ બે પદાર્થો વચ્ચે રહેલા

---

* બીજા શબ્દોમાં - પ્રથમા વિભક્તિ 'ઉદ્દેશ્ય' (subject) વાચિકા છે. કર્તરિવાક્યરચનામાં પ્રથમા વિભક્તિ કર્તાકારકને લગાડીએ છીએ, પણ કર્મણિવાક્યરચનામાં એ જ પ્રથમા વિભક્તિ, આપણે કર્મકારકવાચક શબ્દને લગાડીએ છીએ. આમ પ્રથમા વિભક્તિ તો વાક્યમાં કોને ઉદ્દેશીને વાક્યરચના થઈ છે એનું સ્પષ્ટીકરણ કરે છે. આમ તેને ઉદ્દેશ્યવાચિકા કહેવી જોઈએ.

'સંબંધ'ની વાચિકા ષષ્ઠી વિભક્તિ છે : दशरथस्य । આવા ષષ્ઠયન્ત પદનો ક્રિયામાં અન્વય નથી હોતો અને તે કોઈ પણ કારકાર્થને અભિવ્યક્ત કરતી નથી. આથી ષષ્ઠી વિભક્તિને 'કારક વિભક્તિ' કહેવામાં આવતી નથી.

૫

(અકારકવિભક્તિ,) કારકવિભક્તિ અને ઉપપદવિભક્તિ વચ્ચેનો ભેદ સમજ્યા પછી, હવે આ બે વિભક્તિઓમાંથી કઈ વિભક્તિ બલવતી ગણાય છે એની ચર્ચા કરીશું. 'દેવને નમસ્કાર કરે છે' देवम् नमस्करोति । અહીં નમસ્કાર ક્રિયાના કર્મકારક તરીકે દેવ પદાર્થને દ્વિતીયા વિભક્તિ લાગી છે, (આ દ્વિતીયા વિભક્તિ "કારકવિભક્તિ =કર્મકારકની વાચિકા વિભક્તિ ગણાય છે.) પરંતુ કોઈને પ્રશ્ન થાય કે नमस्करोति ક્રિયાપદમાંથી नमस् એવા અંશને ધ્યાનમાં લઈને, नमः स्वस्तिस्वाहास्वधाऽलम्वषड्योगाच्च । ૨-૩-૧૬ સૂત્ર અનુસાર દેવ શબ્દને (ઉપપદ વિભક્તિ તરીકે) ચતુર્થી વિભક્તિ કેમ ન લાગે ? બીજી રીતે આ પ્રશ્નની રજૂઆત કરીએ તો/- 'દેવને નમસ્કાર કરે છે' એ ઉદાહરણમાં 'કારકવિભક્તિ' તરીકે દ્વિતીયા વિભક્તિની પ્રવૃત્તિ થશે, કે 'ઉપપદવિભક્તિ' તરીકે ચતુર્થી વિભક્તિની પ્રવૃત્તિ થશે ? આવી અનિશ્ચિત સ્થિતિમાં એક પરિભાષાવચન[૧૯]નો ઉપયોગ કરવામાં આવે છે : उपपदविभक्तेः कारकविभक्तिः बलीयसी । (૨-૩-૧૯, ૩-૧-૧૯, इत्यत्र भाष्यम् । "ઉપપદવિભક્તિ કરતાં કારકવિભક્તિ બલવતી હોય છે." આ પરિભાષાને આધારે પ્રકૃત ઉદાહરણમાં 'કારકવિભક્તિ' દ્વિતીયા વિભક્તિને પ્રવૃત્ત કરવામાં આવશે. देवम् नमस्करोति ।

★

પાણિનીય વૈયાકરણ પરંપરામાં ઉપર્યુક્ત પરિભાષા સુપ્રચલિત છે. કેટલાક વૈયાકરણોના મતે આ પરિભાષા પ્રધાનાપ્રધાનન્યાય મૂલક છે. (એટલે કે કારકવિભક્તિ પ્રધાન છે અને ઉપપદવિભક્તિ અપ્રધાન છે એમ માનીને કારકવિભક્તિને બલવતી ગણવી એવું કહેવામાં આવ્યું હશે.) બીજા કેટલાક વૈયાકરણોના મતે આ પરિભાષા અંતરંગ બહિરંગ[૨૦] ન્યાયમૂલક છે. (એટલે કે કારકવિભક્તિ અંતરંગ છે અને ઉપપદવિભક્તિ બહિરંગ છે એમ માનીને કારકવિભક્તિને બલવતી જાહેર કરવામાં આવી હશે.) પરંતુ 'પરિભાષેન્દુશેખર'માં નાગેશ ભટ્ટ કહે છે કે આ બંને મતો સ્વીકાર્ય નથી.[૨૧] આ પરિભાષા તો "વાચનિકી" છે. એટલે કે આ પરિભાષા મહાભાષ્યકાર પતંજલિનું વચન છે. એટલા માત્રથી જ તેનો સ્વીકાર કરવાનો છે. ઉપપદ વિભક્તિની અપેક્ષાએ કારકવિભક્તિનું બલવત્ત્વ નક્કી કરવા માટે કોઈ કારણ/પ્રમાણ શોધવાની જરૂર નથી. "ઉપપદ વિભક્તિ કરતાં કારક-વિભક્તિ બલવતી હોય છે." એવું ભાષ્યકારે જ કહ્યું છે; માટે આપણે તેને સ્વીકારી લેવાનું. (કાશીની વૈયાકરણ પરંપરામાં ભાષ્યકારનું વચન અંતિમ પ્રમાણ ગણાય છે.)

★

અમુક અવ્યયના યોગે અમુક ચોક્કસ વિભક્તિ-ઉપપદ વિભક્તિ-નો જ પ્રયોગ થાય છે એવું રૂઢિથી જોવા મળે છે. આધુનિક ભાષાવિજ્ઞાનના પારિભાષિક શબ્દોમાં આ ઉપપદ વિભક્તિઓને Government કહેવામાં આવે છે.

૬

વાક્યમાં ઉપપદોનું કાર્ય : વાક્યની અંદર કોઈ ઘટનાનું-ક્રિયાનું વિધાન જોવા મળે છે. (વૈયાકરણોના મતે ધાત્વર્થ વ્યાપારવિશેષ્યક શાબ્દબોધ થાય છે. એટલે કે, કયા કયા પદાર્થો-કારકો-એ ભેગા મળીને અમુક ક્રિયા કરી એનું નિરૂપણ કરવા માટે પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિનો વાક્યમાં પ્રયોગ થાય છે. તથા જે તે ક્રિયા કયા સ્થળ-કાળમાં થઈ તેનું પણ નિરૂપણ અધિકરણ વાચિકા સપ્તમી વિભક્તિથી થાય છે. આ ઉપરાંત, વાક્યમાં જે ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ થાય છે તે દ્વારા ક્રિયા કરનારા પદાર્થો-કારકો-નો જગત્‌ની જોડે શો સંબંધ છે તેનું નિરૂપણ થાય છે. જેમકે,

---

૧૯. अनियमे नियमकारिणी परिभाषा । "અનિયમ (અવ્યવસ્થા)માં નિયમ (વ્યવસ્થા) કરી આપનારા વચનને 'પરિભાષા' કહેવામાં આવે છે."

૨૦. 'અંતરંગ' (=પહેલે તબક્કે પ્રાપ્ત થનાર) અને 'બહિરંગ' (=બીજે તબક્કે પ્રાપ્ત થનાર) શબ્દોની સમજૂતી માટે જુઓ : પરિભાષેન્દુશેખર (પરિ.-૫૦)

૨૧. પરિભાષેન્દુશેખર (પરિ.-૯૪)

| | | | |
|---|---|---|---|
| अद्य (=अस्मिन् द्यवि) | रामस्य (पत्नी) सीता | काष्ठैः स्थाल्यां तण्डुलान् | पचति |
| કાળરૂપી અધિકરણ | પતિ-પત્નીનો સંબંધ | કારકો | ક્રિયા |
| | સીતાનો (ક્રિયા ઉપરાંત) જગતના એક બીજા પદાર્થ (રામ) જોડે પણ 'સંબંધ' છે. આ (પતિ-પત્નીના) 'સંબંધ'ને ષષ્ઠી વિભક્તિ રજૂ કરે છે. | સીતા, કાષ્ઠ, તપેલી અને ચોખા-આ પદાર્થોને ક્રિયાની જોડે 'કારક=ક્રિયા કરનાર' તરીકેનો સંબંધ છે. એટલે કે આ પદાર્થો અને ક્રિયા વચ્ચે ક્રિયાકારકભાવ સંબંધ છે. | |

હવે, આવાં વાક્યોમાં ઉપપદો શું કાર્ય કરે છે એ જોઈશું. આ જ વાક્યમાં જો એમ હોય કે **प्रियंवदया सह सीता . . . . पचति ।** કે **प्रियंवदां विना सीता . . . . पचति ।** તો **सह/विना** જેવાં ઉપપદો કર્તૃકારકના પરિવેશ (Surroundings)ને સ્પષ્ટ કરવાનું કામ કરે છે એમ કહી શકાશે. બીજા શબ્દોમાં કહીએ તો, જેવી રીતે ષષ્ઠી વિભક્તિ કારકનો જગત્ જોડેનો સંબંધ સ્પષ્ટ કરી આપે છે; તેવી રીતે **ઉપપદો કારકાર્થને વિશેષિત કરવાનું કામ કરે છે.** જેમકે, 'સીતા એકલી રાંધે છે કે તેની સાથે કોઈક છે ? એ કહેવા માટે **सह** ઉપપદનો ઉપયોગ થાય છે. 'પ્રિયંવદાના સાહચર્યથી વિશિષ્ટ' એવી **सीता** રાંધે છે. એ જ પ્રમાણે, સીતાની કોઈ સહાય (=સાથીદાર, જોડીદાર) નથી એ વર્ણવવા **विना**નો ઉપયોગ થાય છે. (જિજ્ઞાસુએ મારો 'The Grammatical Funcations of the Upapadas' VIJ-XXI, 1983 લેખ જોવો.) [**सह** અને **विना** જેવાં ઉપપદો સહિતનાં પદબંધોને અમે કારકનાં "ભેદમૂલક વિશેષણ" તરીકે ઓળખાવ્યાં છે. જુઓ : "સંસ્કૃત વાક્યસંરચના", દ્વિતીયાવૃત્તિ, ૧૯૯૬, પૃ. ૬૫-૬૮.)

## (૫) પાણિનીય વ્યાકરણનું સ્વરૂપ

પ્રાચીન સમયથી એવું મનાતું આવ્યું છે કે પાણિનિનું વ્યાકરણ સંસ્કૃત ભાષાનું માત્ર રૂપતન્ત્ર (Morphology) જ વર્ણવે છે. જેમકે, 'पदवाक्यप्रमाणज्ञ' જેવા વિશેષણમાં **પદ=વ્યાકરણશાસ્ત્ર**, વાક્ય=પૂર્વમીમાંસા અને પ્રમાણ=ન્યાયદર્શન એમ સમજવામાં આવે છે. પતંજલિના 'વ્યાકરણ-મહાભાષ્ય'માં પહેલું વાક્ય अथ शब्दानुशासनम् । છે. (કાશિકાકારના મતે આ વાક્ય પાણિનિની અષ્ટાધ્યાયીનું પહેલું સૂત્ર છે. કેટલાક વૈયાકરણો તેને ભાષ્યકારનું વાક્ય સમજે છે.) આ વાક્યમાં વપરાયેલા 'शब्द' શબ્દનો અર્થ વાક્ય/ઉક્તિ થાય છે; પરંતુ ઘણા લોકો 'શબ્દ' એટલે રૂપ (=પદ) એવો અર્થ કરે છે. આમ પાણિનિનું વ્યાકરણ સંસ્કૃત ભાષાનાં પદો (=નામનાં રૂપો અને ક્રિયાપદનાં રૂપો)ની સિદ્ધિ કેવી રીતે થાય છે એનું જ વર્ણન કરે છે. (એમાં 'વાક્ય'ની કોઈ ચર્ચા નથી) એમ મનાય છે. પરંતુ આધુનિક સમયમાં એવું પુરવાર કરવામાં આવ્યું છે કે આ મત ભ્રાન્તિપૂર્ણ અને ખોટો છે'.[૨૨] પાણિનિનું વ્યાકરણ સ્પષ્ટ રૂપે સંસ્કૃતભાષાની વાક્યરચના વર્ણવતું વ્યાકરણ છે. વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો-પાણિનિના વ્યાકરણ દ્વારા સંસ્કૃતભાષાનાં એકાકિ પદોની સિદ્ધિ શક્ય નથી, દરેક પદની સિદ્ધિ કોઈક વાક્યનાં ઉપલક્ષ્યમાં જ શક્ય બને છે. પારિભાષિક શબ્દોમાં કહીએ તો-પાણિનિને પદસંસ્કારપક્ષ માન્ય જ નથી; કેવળ વાક્યસંસ્કારપક્ષ જ માન્ય છે.

એ સર્વવિદિત છે કે પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં 'વાક્ય'ની વ્યાખ્યા આપી નથી. અલબત્ત, **वचोऽशब्दसंज्ञायाम् । ૭-૩-૬૭ સૂત્ર દ્વારા તેમણે "वाच्यम् आह** (કહેવા યોગ્ય કહે છે) **અને वाक्यम् आह ।** (ઉક્તિ/વાક્ય બોલે છે)" વચ્ચેનો ભેદ નોંધ્યો છે. તેના ઉપરથી સૂચવાય છે કે 'વાક્ય'ના સ્વરૂપ વિશે (વાક્યના ખ્યાલ-concept) વિશે તેઓ અનભિજ્ઞ નથી. તેમણે ૬-૧-૧૩૯, ૮-૧-૮ અને ૮-૧-૮૨ જેવાં સૂત્રોમાં 'વાક્ય' શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. આ ઉપરાંત, ૮-૧-૩૫, ૫૧-૫૩, ૫૯ અને ૬૦ જેવાં સૂત્રો દ્વારા એ પણ સૂચવાય છે કે પાણિનિના મતે 'વાક્ય અનેક ક્રિયાપદવાળું હોઈ શકે છે'; અને ૮-૧-૩૬-૫૦, ૬૮, ૬૯, ૯૩-૯૪, ૮-૨-૯૬ અને ૯૯ સૂત્રો દ્વારા એ પણ સૂચિત થાય છે કે 'વાક્ય એક (જ) ક્રિયાપદવાળું પણ હોય છે'. આમ પાણિનિ 'વાક્ય' સંજ્ઞાથી કે 'વાક્યના

૨૨. See : Joshi S. D. and Roodbergen JAF; Introduction (pp. i-xxi) to Vibhaktyāhnika (P. 2-3-18-45). University of Poona, Pune, 1980.

ખ્યાલ'થી અનભિજ્ઞ ન હતા. છતાંય એ હકીકત છે કે તેમણે 'અષ્ટાધ્યાયી'માં 'વાક્ય'ને કોઈ પારિભાષિક શબ્દ તરીકે કોઈ સંજ્ઞાસૂત્રમાં રજૂ કરેલ નથી. લાઘવપ્રિય આ વૈયાકરણશ્રેષ્ઠે 'વાક્ય'નું લક્ષણ આપ્યા વિના જ પદો પરસ્પર સંકલિત હોય એ રીતે જ વ્યાકરણની પ્રક્રિયા વર્ણવી છે. જેમકે, પાણિનિએ **कारके** । (૧-૪-૨૩) સૂત્રથી "ક્રિયામાં અન્વિત હોય ત્યારે" (એને 'કારક' કહેવાય છે) એવી શરત રજૂ કરી છે. આ ઉપરાંત, **युक्ते/योगे** (૨-૩-૪, ૮) જેવા શબ્દો પણ વાપર્યા છે; જે "એક પદ બીજા પદની સાથે જોડાયેલું હોય ત્યારે" એવી શરત રજૂ કરે છે. આ જ પ્રમાણે, **समर्थः** (૨-૧-૧) જેવો શબ્દ પણ કહે છે કે "પદો જ્યારે અર્થની દૃષ્ટિએ (Semantically) અને પદાન્વયની દૃષ્ટિએ (Syntactically) પરસ્પર જોડાયેલાં હોય ત્યારે" એવી શરત રજૂ કરે છે.

★

વાર્તિકકાર કાત્યાયનને 'અષ્ટાધ્યાયી'માં વાક્યનું લક્ષણ ઉમેરવું જરૂરી લાગ્યું હતું. આથી તેમણે ૧. **आख्यातं साव्ययकारकविशेषणम् वाक्यम्** । (વાર્તિક-૯) "અવ્યય, કારક અને વિશેષણ સહિતનું ક્રિયાપદ જેમાં હોય તેને વાક્ય કહે છે." તથા ૨. **एकतिङ् (वाक्यम्)** । (વાર્તિક-૧૦) ("ઓછામાં ઓછું) એક તિઙન્ત ક્રિયાપદ જેમાં હોય તેને વાક્ય કહે છે." એવાં બે લક્ષણો આપ્યાં છે (૨-૧-૧ સૂત્રભાષ્ય). પરંતુ ભાષ્યકાર પતંજલિના શબ્દોમાં આ લક્ષણો પાણિનીય વ્યાકરણમાં અપૂર્વ છે અને પરિણામે કદાચ દ્વેષ્ય-વાંધાજનક પણ છે. (આની વિસ્તૃત ચર્ચા અહીં અપ્રસ્તુત છે.) [જિજ્ઞાસુએ મારું "પાણિનીય વ્યાકરણ વિમર્શ", અમદાવાદ, ૧૯૯૪, (પૃ. ૩૧-૩૯) પુસ્તક જોવું.]

'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનું ક્રમશઃ અધ્યયન કરીએ તો, તેમાં વાક્ય ઉક્તિ-ની રચના વર્ણવવા માટેનો સૂત્રોનો ક્રમ નીચે મુજબનો છે એમ માલુમ પડે છે :

(૧) કૃત્રિમ-પારિભાષિક સંજ્ઞાઓ અને પરિભાષાઓ (meta-rules).

(૨) વાક્યના એકમને મનમાં રાખી અર્થોને વ્યાકરણિક (કારક) સંજ્ઞાઓ આપવી.

(૩) સંજ્ઞાઓનું સુબન્ત-તિઙન્ત રૂપો (પદો)માં પરિવર્તન

(૪) પદવિષયક ધ્વનિવિજ્ઞાનના નિયમો અને ધ્વનિવિજ્ઞાનના નિયમો.

આ વિષયવિભાજનને એક ઉદાહરણથી સમજીશું (આ ઉદાહરણને સમજવાથી 'પાણિનિએ (કેવળ) વાક્યસંસ્કાર પક્ષનો જ પુરસ્કાર કર્યો છે' એવા પૂર્વોક્ત મુદ્દાનું પણ સમર્થન થઈ જશે.) : 'રામ લાકડાંથી રાંધે છે.' આ ઉક્તિની સંસ્કૃતમાં રચના કરવા માટે, નમુના રૂપે આપણે એક પદ-"લાકડાંથી"-ની પ્રક્રિયા તપાસીશું. પાણિનિ **પહેલા અધ્યાયના** **कारके** । ૧-૪-૨૩ સૂત્રથી કહે છે કે "અમુક પદાર્થ ક્રિયામાં ભાગ લેનાર હોય ત્યારે = ક્રિયામાં અન્વિત હોય ત્યારે (=ક્રિયાપદ સાથે જોડાયેલ હોય ત્યારે)"; તે પદાર્થ જો ક્રિયાસિદ્ધિમાં સાધકતમ=પ્રકૃષ્ટોપકારક હોય તો તેની કરણ સંજ્ઞા કરવી (**साधकतमम् करणम्** । ૧-૪-૪૨). આમ પહેલા "સાધકતમ" એવા અર્થ (Semantic category)ને એક પારિભાષિક (करण) સંજ્ઞા આપવામાં આવી. ત્યાર પછી, **બીજા અધ્યાયના** **कर्तृकरणयोः तृतीया** । ૨-૩-૧૮ સૂત્રથી તે કરણકારકને અભિવ્યક્ત કરનાર તૃતીયા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. આ તૃતીયા વિભક્તિના પ્રત્યયો ક્યાં લગાડવા એનું સ્પષ્ટીકરણ **ત્રીજા અધ્યાયના** प्रत्ययः । परश्च । ૩-૧-૧, ૨ (પ્રકૃતિની પાછળ પ્રત્યય લગાડવા) સૂત્રોથી કરવામાં આવ્યું છે તથા એ તૃતીયા વિભક્તિના પ્રત્યયો કયા કયા છે એ **ચોથા અધ્યાયમાં** (**स्वौजसमौट्०** । ૪-૨-૧) બતાવ્યું છે. આમ 'લાકડાંથી → સાધકતમ → કરણ + તૃતીયા વિભક્તિ → टा, भ्याम्, भिस् ।। काष्ठ + भिस् એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. (**પાંચમા અધ્યાયમાં** મહદંશે તદ્ધિતના પ્રત્યયો છે.) હવે **છઠ્ઠા અધ્યાયના अङ्गस्य** । ૬-૪-૧ સૂત્રથી શરૂ કરીને **સાતમા અધ્યાયના અંત સુધીમાં રજૂ કરેલાં સૂત્રોથી આ भिस् પ્રત્યયમાં કેવા ફેરફાર કરવા એનું વર્ણન કરવામાં આવ્યું** છે. જેમકે, अतो भिस ऐस् । ૭-૧-૯ સૂત્રથી 'અકારાન્ત પ્રકૃતિ-અંગની પાછળ આવતા भिस् પ્રત્યયને બદલે ऐस् પ્રત્યય થાય છે'. काष्ठ + ऐस्=काष्ठैस् । હવે **આઠમા અધ્યાયના** ससजुषो रुः । ૮-૨-૬૬ સૂત્રથી सु પ્રત્યયના स् કારનું રેફમાં પરિવર્તન થાય છે અને ત્યાર પછી खरवसानयोर्विसर्जनीयः । ૮-૩-૧૫ સૂત્રથી રેફનું વિસર્ગ ( : )માં પરિવર્તન થાય છે એ દર્શાવવામાં આવ્યું છે : **काष्ठैः** ।।

અહીં જોઈ શકાય છે કે '**काष्ठैः**' પદની એકાકિ સ્વતન્ત્ર પદ તરીકે સિદ્ધિ શક્ય નથી. કારણ કે **कारके** ("ક્રિયાપદ જોડે અન્વિત હોય ત્યારે") એવી શરત સંતોષાય તો જ - અર્થાત્ ક્રિયાપદ (= વાક્ય)ના ઉપલક્ષ્યમાં જ -કોઈ પણ પદની સિદ્ધિ શક્ય છે. इति दिक् ।।


## (૬) કારકપાદ (૧-૪-૨૩ થી ૫૫) અને વિભક્તિપાદ (૨-૩-૧ થી ૭૩)

### (સંસ્કૃત વાક્યરચના વર્ણવતી વ્યાકરણની તાન્ત્રિક યુક્તિ)

૧

(સૂત્રાત્મક) વ્યાકરણ રૂપી તન્ત્ર (machine)થી સંસ્કૃત વાક્યની નિષ્પત્તિ કેવી રીતે થાય છે ? એ વર્ણવવા માટે પાણિનિએ જે યુક્તિ પ્રયોજી છે તે કોઈ પણ આધુનિક ભાષાવૈજ્ઞાનિકને માટે માર્ગદર્શક બની શકે એમ છે. પાણિનિએ વક્તાના મનમાં રહેલા અર્થો (Semantic categories)નું પહેલાં પૃથક્કરણ કર્યું છે. પછી આ અર્થોની કર્તૃ-કર્માદિ કારકવિશેષ સંજ્ઞાઓ પાડી છે. (એટલે કે વાક્યનું deep structure વર્ણવ્યું છે.) ત્યાર પછી, આ કારકવિશેષ સંજ્ઞાઓને જુદી જુદી વિભક્તિઓ સાથે જોડી છે. (એટલે કે વાક્યના deep structureનું surface structureમાં કેવી રીતે રૂપાન્તર થાય છે એનું વર્ણન કર્યું છે.)

પૂર્વોક્ત પહેલા બે તબક્કાઓ, એટલે કે વક્તાના મનમાં રહેલા અર્થોનું પૃથક્કરણ અને તે અર્થોના પારિભાષિક નામો-કર્તૃ, કર્માદિ કારક સંજ્ઞાઓ-કારકપાદ (૧-૪-૨૩ થી ૫૫)માં રજૂ કરવામાં આવ્યાં છે. ત્યાર પછીનો તબક્કો, એટલે કે કારકવિશેષોને કઈ કઈ વિભક્તિઓથી અભિવ્યક્ત કરવાં ? એને માટે વિભક્તિપાદ (૨-૩-૧ થી ૭૩) મૂકવામાં આવ્યો છે. 'અષ્ટાધ્યાયી'ના આ કારકપાદ અને વિભક્તિપાદ પરસ્પર સંમિલિત થઈને સંસ્કૃત વાક્યરચનાનું વર્ણન કરે છે.




કારકપાદની અંદર પાણિનિએ જે કર્તૃ-કર્માદિ કારકસંજ્ઞાઓ રજૂ કરી છે તેનો ઉપયોગ સમજવા જેવો છે. એક તરફથી, તે કારકસંજ્ઞાઓ વક્તાના મનમાં રહેલા (વિવક્ષિત) ईप्सिततम, स्वतन्त्र, साधकतम વગેરે અર્થો-પદાર્થો-ની પારિભાષિક સંજ્ઞાઓ જેવી છે. બીજી તરફથી, વક્તાના વિવક્ષિત અર્થનું વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં રૂપાન્તર કરાવવા માટે જે વિભક્તિઓનું વિધાન કરવું પડશે, તેમાં તે કારકસંજ્ઞાઓ **माध्यम** રૂપે કાર્ય કરે છે. દા.ત. **ध्रुवम् अपाये अपादानम्** । ૧-૪-૨૪ સૂત્રથી "વિશ્લેષની ક્રિયામાં જે ધ્રુવ=અવધિભૂત (=વિભાગાશ્રય) અર્થ-પદાર્થ-હોય તેને 'અપાદાન' કહેવામાં આવે છે" એવું જાહેર કર્યું છે. ત્યાર પછી, આ અવધિભૂત અર્થ-પદાર્થ-નું વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં રૂપાન્તર કરાવવા માટે તેને પંચમી વિભક્તિનું વિધાન કરવું પડશે (એટલે કે આવા અવધિભૂત અર્થની અભિવ્યક્તિ પંચમી વિભક્તિના પ્રત્યયોથી થાય છે એવું કહેવું પડશે). આને માટે પાણિનિએ अपादान સંજ્ઞાને માધ્યમ બનાવી છે. જેમ કે, **अपादाने पञ्चमी** । ૨-૩-૨૮. "(૧-૪-૨૪ સૂત્રથી) જે (અવધિભૂત અર્થ-પદાર્થ-)ની 'અપાદાનકારક' એવી પારિભાષિક સંજ્ઞા પાડવામાં આવી છે, તેને (અભિવ્યક્ત કરવા માટે) પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડવા." આમ જે તે વિભક્તિઓનું વિધાન કરવા માટે પાણિનિએ કારકસંજ્ઞાઓને માધ્યમ બનાવી છે. "અપાદાન કારકને પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડવા" એવું ૨-૩-૨૮ સૂત્રથી કહ્યા પછી ૪-૨-૧ સૂત્ર (**स्वौजसमौट्**) માં તે પંચમી વગેરે વિભક્તિઓના (એકવચન, દ્વિવચન, બહુવચનના) કયા કયા પ્રત્યયો છે એનું વર્ણન કરવામાં આવ્યું છે.

★

| અર્થ (Semantic category) | કારકસંજ્ઞા | → | વિભક્તિ વિધાન | પ્રત્યયો (૪-૨-૧) |
|---|---|---|---|---|
| ૧. (૧-૪-૨૪) **ध्रुवम्** अपाये વિશ્લેષની ક્રિયામાં જે અવધિભૂત પદાર્થ -વિભાગાશ્રય પદાર્થ - હોય તેની | अपादानम् । સંજ્ઞા થાય છે. | → | अपादाने पञ्चमी । ૨-૩-૨૮ | /-ङसि/ /-भ्याम्/ /-भ्यस् / |
| ૨. (૧-૪-૩૨) कर्मणा **यम् अभिप्रैति** स દાનાર્થક ધાતુના કર્મનો જેને ઉદ્દેશ્યં બનાવવામાં આવે-જેને દાન આપવામાં આવે-તેની | सम्प्रदानम् । સંજ્ઞા થાય છે. | → | चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૩ | /-ङे/ /-भ्याम्/ /-भ्यस् / |
| ૩. (૧-૪-૪૨) **साधकतमम्** ક્રિયાસિદ્ધિમાં જે પ્રકૃષ્ટોપકારક અર્થ-પદાર્થ-હોય તેની | करणम् । સંજ્ઞા થાય છે. | → | **कर्तृकरणयो-** स्तृतीया । | /-टा/ /-भ्याम्/ /-भिस् / |
| ૪. (૧-૪-૪૫) **आधारः** (કર્તાને અને કર્મને ધારણ કરી રાખીને પરોક્ષ રીતે ક્રિયાને જે ધારણ કરી રાખે તે) આધાર રૂપ અર્થ-પદાર્થ-ની | अधिकरणम् । સંજ્ઞા થાય છે. | → | सप्तमी अधिकरणे च । ૨-૩-૩૬ | /-ङि/ / /-ओस्/ /-सुप् / |
| ૫. (૧-૪-૫૪) **कर्तुः ईप्सिततमम्** કર્તાને ક્રિયા વડે મેળવવા માટે જે અત્યંત ઇપ્સિતતમ અર્થ-પદાર્થ-હોય તેની | कर्म । સંજ્ઞા થાય છે. | → | कर्मणि द्वितीया । ૨-૩-૨ | /-अम्/ /-औट्/ /-शस् / |
| ૬. (૧-૪-૫૪) **स्वतन्त्रः** ક્રિયા કરવાની બાબતમાં જે અર્થ-પદાર્થ-સ્વતન્ત્ર (=પ્રધાન) હોય તેની | कर्ता । સંજ્ઞા થાય છે. | → | **कर्तृ**करणयोस्तृतीया । ૨-૩-૧૮ | /-टा/ /-भ्याम्/ /-भिस् / |

૪-૨-૧ સૂત્રોક્ત પ્રત્યયોમાં પ્રકૃતિ (અંગ)ના સ્વરૂપ અનુસાર કેવા કેવા ફેરફાર કરવા પડે છે એનું વર્ણન **अङ्गस्य** । ૬-૪-૧ સૂત્રોક્ત અંગાધિકાર (૬-૪-૧ થી ૭મા અધ્યાયના અંત સુધી)માં કરવામાં આવ્યું છે.

એક ઉદાહરણથી આ મુદ્દો સ્પષ્ટ કરીશું : 'વૃક્ષ પરથી પાંદડું પડે છે.' અહીં પાંદડું વૃક્ષ પરથી છુટું પડે છે. આથી વૃક્ષને અવધિભૂત=વિભાગાશ્રય અર્થ-પદાર્થ-કહેવામાં આવશે. **ध्रुवम् अपाये अपादानम्** । ૧-૪-૨૪ સૂત્રમાં આવા અવધિભૂત અર્થ (Semantic category)નું વર્ણન **"ध्रुवम् अपाये"** શબ્દોથી કરવામાં આવ્યું છે અને આ અર્થની (deep structureમાં) **'अपादान'** કારકસંજ્ઞા જાહેર કરવામાં આવી છે. હવે આ અપાદાનકારકની વાક્યમાં (Surface structureમાં) કેવી રીતે ઉપસ્થિતિ થશે ? એનું પ્રદર્શન કરવા માટે **(अनभिहिते) अपादाने पञ्चमी** । ૨-૩-૨૮ સૂત્ર રજૂ કર્યું છે (અને અર્થાપત્તિ દ્વારા **अभिहिते अपादाने प्रथमा** । એવું સૂચવ્યું છે.[૨૩]). આ પંચમી વિભક્તિના (એકવચન, દ્વિવચન અને બહુવચનમાં) કયા કયા પ્રત્યયો છે એનું વર્ણન **स्वौजसमौट्०** । ૪-૨-૧ સૂત્રમાં કર્યું છે. ત્યાર પછી વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં આ પંચમી વિભક્તિના પ્રત્યયોનો પ્રયોગ કરતાં પહેલાં, આ પ્રત્યયોમાં જે ફેરફાર (=વિકાર) કરવા જરૂરી છે એનું વર્ણન **अङ्गस्य** । ૬-૪-૧ સૂત્રોક્ત અંગાધિકારમાં આવેલાં સૂત્રોથી કરવામાં આવ્યું છે :-

---

૨૩. આ મુદ્દાની વિશેષ સમજૂતી ૪માં કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| 'વૃક્ષ પરથી પાંદડું પડે છે' <br> અવધિભૂત = વિભાગાશ્રય અર્થ (પદાર્થ) <br> ↓ | | Semantic representation <br> ↓ |
| અપાદાન (૧-૪-૨૪) | | Deep structure <br> ↓ |
| ↓ | ↓ | |
| અભિહિત <br> પ્રથમા (૨-૩-૪૬) | અનભિહિત <br> પંચમી વિભક્તિ (૨-૩-૨૮) <br> /-ङसि/ /-भ्याम्//-भ्यस् (૪-૨-૧) | Surface structure <br> ↓ |
| આ મુદ્દાનું સ્પષ્ટીકરણ ૪માં કરવામાં આવશે. | वृक्ष+ङसि>अत् (टाङसिङसाम् इनात्स्याः । (૭-૧-૧૨) =वृक्षात् पर्णं पतति ।। | Phonological representation |

આ રીતે, પાણિનિએ કારકપાદ અને વિભક્તિપાદનાં સૂત્રોમાં 'સંસ્કૃત વાક્યની નિષ્પત્તિ કેવી રીતે થાય છે ?' એ વર્ણવ્યું છે.

## ૨

વક્તાના મનમાં રહેલા વિવિધ અર્થો (Semantic categories)નું, અને તેમને માટે વપરાતી કારકસંજ્ઞાઓ (deep structure)નું જે સૂત્રોમાં વર્ણન કરવામાં આવ્યું છે, તેને **કારકપાદ**[૨૪] એવું નામ આપીશું. આ કારકપાદ ૧-૪-૨૩થી શરૂ થઈને ૧-૪-૫૫માં પૂરો થાય છે. આ કારકપાદની સમગ્ર 'અષ્ટાધ્યાયી'ના સંદર્ભમાં જે રીતે ગુંથણી કરવામાં આવી છે તે સમજવા જેવી છે. જેમકે,

आ कडाराद् एका संज्ञा । ૧-૪-૧

विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨

| | |
|---|---|
| (૧) कारके । ૧-૪-૨૩ | (૫) आधारोऽधिकरणम् । ૪૫ |
| (૨) ध्रुवमपायेऽपादानम् । ૨૪ | (૬) कर्तुरीप्सिततमं कर्म । ૪૯ |
| (૩) कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् । ૩૨ | (૭) स्वतन्त्रः कर्ता । ૫૪ |
| (૪) साधकतमं करणम् । ૪૨ | (૮) तत्प्रयोजको हेतुश्च । ૫૫ |

અહીં आ कडारादेका संज्ञा । ૧-૪-૧ સૂત્રથી "એકસંજ્ઞાધિકાર" શરૂ થાય છે. (कडारा कर्मधारये । ૨-૨-૩૮ સૂત્રમાં આ "એકસંજ્ઞાધિકાર" પૂરો થાય છે.) ત્યાર પછી, विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્રથી એક પરિભાષાસૂત્ર રજૂ કરવામાં આવ્યું છે. આ બે સૂત્રો આપ્યાં પછી, कारके । ૧-૪-૨૩થી એક નાનો "કારકાધિકાર" રજૂ કર્યો છે. આ "કારકાધિકાર"માં પાણિનિએ વક્તાના મનમાં રહેલા વિવિધ અર્થોને માટે વપરાતી કર્તૃ, કર્મ, કરણાદિ કારકસંજ્ઞાઓ રજૂ કરી છે. હવે, "એકસંજ્ઞાધિકાર" (૧-૪-૧) (અને विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ એવા પરિભાષાસૂત્ર)ની અન્તર્ગત "કારકાધિકાર"ને મૂકવાથી જે વ્યવસ્થા ઊભી થાય છે તે સમજીશું :

आ कडारादेका संज्ञा । ૧-૪-૧ સૂત્રોક્ત "એકસંજ્ઞાધિકાર"ની અંદર પાણિનિએ કર્તૃ, કર્માદિ કારકસંજ્ઞાઓ રજૂ કરી છે. હવે, અનેક સંજ્ઞાઓના આ સમૂહમાંથી કોઈ એક ઉદાહરણમાં વધુમાં વધુ કેટલી સંજ્ઞાઓ પ્રવૃત્ત કરવી ? એવો પ્રશ્ન ન થાય એટલા માટે પાણિનિએ કહ્યું છે : 'एका संज्ञा' ।। અર્થાત્ "આ એકસંજ્ઞાધિકારમાં (કર્તૃ, કર્માદિ) સંજ્ઞાઓ આવેલી છે, તેમાંથી કોઈ **એક** સંજ્ઞા જ એકી સમયે પ્રવૃત્ત થાય છે." હવે "અનેક સંજ્ઞાઓના સમૂહમાંથી 'કઈ એક' સંજ્ઞાની પસંદગી કરવી ?" એનો પણ નિર્ણય કરવો પડશે. આને માટે, પાણિનિએ विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ એવું પરિભાષાસૂત્ર આપ્યું છે. આ સૂત્ર દ્વારા એવી વ્યવસ્થા પ્રાપ્ત થાય છે કે "બે તુલ્યબલવાળી (=જુદાં જુદાં બે ઉદાહરણોમાં ચરિતાર્થ થયેલી એટલે કે અન્યત્ર લાગુ પડી ચૂકેલી, અર્થાત્ સાવકાશ બે) કારક સંજ્ઞાઓમાંથી જે સંજ્ઞા પરસૂત્રોક્ત હોય તેને પ્રવૃત્ત કરવી."[૨૫] કેટલાંક ઉદાહરણો જોવાથી આ મુદ્દો વધુ સ્પષ્ટ થશે.

---

૨૪. સીરદેવે આ શબ્દનો પ્રયોગ કર્યો છે. (પરિભાષાસંગ્રહ : પૃ. ૧૯૨)

૨૫. ભાષ્યકાર પતંજલિના મતે **विप्रतिषेधे** । ૧-૪-૨ સૂત્ર કેવળ સવાસાત અધ્યાયમાં જ વ્યવસ્થા કરી આપનારું સૂત્ર છે. પરંતુ આધુનિક જગત્માં ફેડેગોન નામના વિદ્વાને એવો મત ઉચ્ચાર્યો છે કે આ સૂત્ર કેવળ 'એકસંજ્ઞાધિકાર'માં (=૧-૪-૨૩ થી ૨-૨-૩૮માં) જ વ્યવસ્થા કરી આપે છે. (પ્રવૃત્ત થાય છે). જુઓ : B. Faddegon, **Studies on Pāṇini's Grammar,** Amsterdum. 1967, PP. : 26-27.

(क) 'રામ ઘરમાં પ્રવેશે છે.' અહીં 'ઘર(માં)' એ અર્થ-પદાર્થ-ની **आधारोऽधिकरणम् ।** ૧-૪-૪૫ થી 'અધિકરણ' સંજ્ઞા થવા આવે છે અને **कर्तुरीप्सिततमम् ।** ૧-૪-૪૯થી 'કર્મ' સંજ્ઞા પણ થવા આવે છે. હવે આ બે સંજ્ઞાઓ અન્ય ઉદાહરણોમાં દા.ત. तिलेषु तैलम् । અને रामः फलं अत्ति । માં ચરિતાર્થ થયેલી છે, એટલે કે આ બન્ને સંજ્ઞાઓ સાવકાશ છે. આથી (**विप्रतिषेधे०** । ૧-૪-૨ સૂત્રોક્ત વ્યવસ્થાનુસાર) પરસૂત્રોક્ત કર્મ સંજ્ઞા જ પ્રવૃત્ત થશે. (અહીં અધિકરણ સંજ્ઞા ૧-૪-૪૫ સૂત્રથી કહેવામાં આવેલી છે, જ્યારે કર્મ સંજ્ઞા પાછળ આવેલા=૧-૪-૪૯ સૂત્રથી કહેવામાં આવેલી છે.) આમ रामः गेहं प्रविशति । જેવો પ્રયોગ જ વ્યાકરણસમ્મત ગણાશે. रामः गेहे प्रविशति । નહીં.

(ख) 'રામ ક્રૂર વ્યક્તિ તરફ ગુસ્સે થાય છે.' અહીં 'ક્રૂર' એ અર્થ-પદાર્થ-ની **क्रुधद्रुहेर्ष्यासूयार्थानां यं प्रति कोपः ।** ૧-૪-૩૭ સૂત્રથી 'સમ્પ્રદાન' સંજ્ઞા થવા આવે છે અને अभि ઉપસર્ગપૂર્વક √**क्रुध** ધાતુના સન્દર્ભમાં **क्रुधद्रुहोरुपसृष्टयोः कर्म ।** ૧-૪-૩૮ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થવા આવે છે. હવે આ બે સંજ્ઞાઓથી ૧-૪-૩૭ સૂત્રોક્ત સમ્પ્રદાનસંજ્ઞા क्रूराय क्रुध्यति रामः । જેવા પ્રયોગમાં ચરિતાર્થ-સાવકાશ-થયેલી છે. પણ ઉક્ત સન્દર્ભમાં ૧-૪-૩૮ સૂત્રોક્ત 'કર્મ' સંજ્ઞા અચરિતાર્થ-અનવકાશ છે. આમ જ્યાં એક સંજ્ઞા સાવકાશ હોય અને બીજી અનવકાશ હોય ત્યાં પરત્વને કારણે (**विप्रतिषेधे०** । ૧-૪-૨ સૂત્રથી) વ્યવસ્થા થતી નથી. ત્યાં તો જે તે સૂત્ર અનવકાશ હોવાને કારણે જ બીજા કોઈ પણ સૂત્ર કરતાં વધુ પ્રબળ બની જાય છે અને અન્ય સૂત્રોનો બાધ કરે છે. આથી क्रूरम् अभिक्रुध्यति । જેવા પ્રયોગને જ વ્યાકરણની સમ્મતિ મળે છે.

એ જ પ્રમાણે, 'વૈકુંઠમાં શયન કરે છે' એ ઉદાહરણ જોઈએ. અહીં 'વૈકુંઠ' એ અર્થ-પદાર્થ-ની **आधारोऽधिकरणम् ।** ૧-૪-૪૫થી 'અધિકરણ' સંજ્ઞા થવા આવે છે અને अधि + √शीङ् ધાતુના સન્દર્ભમાં **उपान्वध्याङ्वसः ।** ૧-૪-૪૮ થી 'કર્મ' સંજ્ઞા પણ થવા આવે છે. પરંતુ અધિકરણ સંજ્ઞા અન્યત્ર સાવકાશ હોઈને, ૧-૪-૪૮ સૂત્રોક્ત નિરવકાશ 'કર્મ' સંજ્ઞા જ પ્રવૃત્ત થઈ શકે છે : वैकुण्ठम् अधिशेते ।

આ ઉદાહરણોમાં પર્યાયથી બન્ને સંજ્ઞાઓને પ્રવૃત્ત કરવાનો પ્રયત્ન પણ કોઈએ ન કરવો જોઈએ. કેમકે પાણિનિએ ૧-૪-૪૫ કે ૧-૪-૪૮ માં / वा / विभाषा / अन्यतरस्याम् જેવા શબ્દો ગોઠવ્યા નથી.

(ग) જ્યાં કોઈ બે કારકસંજ્ઞાઓમાંથી બન્ને નિરવકાશ હોય ત્યાં બન્નેને પ્રવૃત્ત કરવામાં આવે છે. કેમકે 'પાણિનિનું કોઈ પણ સૂત્ર વ્યર્થ ન જવું જોઈએ' એવો પરંપરાનો આગ્રહ છે.

આમ "એકસંજ્ઞાધિકાર"થી અને **विप्रतिषेधे०** । ૧-૪-૨ જેવા પરિભાષાસૂત્રને કારણે કોઈ એક સમયે એક જ કારકસંજ્ઞા પ્રવૃત્ત થાય છે; અને એ એક કારકસંજ્ઞા પરસૂત્રોક્ત હોવી જોઈએ અથવા તે નિરવકાશ સંજ્ઞા હોવી જોઈએ. અહીં એ પણ ધ્યાનમાં રાખવું કે જો સૂત્રકાર પાણિનિએ કોઈ સૂત્રમાં च કે अन्यतरस्याम् જેવા શબ્દો વાપર્યા હોય તો એકથી વધારે સંજ્ઞા પણ થઈ શકે છે. દા.ત. दिवः कर्म च । ૧-૪-૪૩. આ સૂત્ર કરણસંજ્ઞા અને કર્મસંજ્ઞાનો એક જ ઉદાહરણમાં સમાવેશ કરી શકે છે. તથા **परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम् ।** ૧-૪-૪૫. આ સૂત્ર કરણસંજ્ઞા અને સમ્પ્રદાનસંજ્ઞાનો એક જ ઉદાહરણમાં સમાવેશ કરી શકે છે. અર્થાત્ એક જ ઉદાહરણમાં બન્ને પ્રકારના પ્રયોગો પર્યાયથી વાપરી શકાય.

પાણિનિએ જો ઉપર્યુક્ત ગ્રન્થવ્યવસ્થા ઊભી ન કરી હોત તો કોઈ એક જ ઉદાહરણમાં એકથી વધારે કારકસંજ્ઞા પ્રવૃત્ત થઈ શકત અને પરિણામે શિષ્ટોને માન્ય ન હોય-લોકમાં પ્રચલિત ન હોય-તેવા પ્રયોગોની પણ નિષ્પત્તિ થાત. આમ કેવળ શિષ્ટ પ્રયોગોને જ નિષ્પન્ન કરવા; બીજા શબ્દોમાં કહીએ તો કેવળ **શિષ્ટ પ્રયોગોને** જ વ્યાકરણની સમ્મતિ જાહેર કરવા-'એકસંજ્ઞાધિકાર'માં **विप्रतिषेधे०** । (૧-૪-૨) પરિભાષાના અનુરોધથી કારકસંજ્ઞાઓને ગોઠવવામાં આવે છે.

★

'વાક્યપદીય' (કાંડ ૩)ના ટીકાકાર હેલારાજે પણ એ મુદ્દા પરત્વે ધ્યાન ખેંચ્યું છે કે સૂત્રોમાં **विप्रतिषेधे परम् कार्यम् ।** ૧-૪-૨ પરિભાષાસૂત્રના અનુરોધથી "અપાદાન, સમ્પ્રદાન, કરણ, અધિકરણ, કર્મ અને કર્તૃ" એ ક્રમથી કારકસંજ્ઞાઓ જાહેર કરવામાં આવી છે.[૨૬] **विप्रतिषेधे०** । **(૧-૪-૨) પરિભાષાને કારણે** આ સંજ્ઞાઓથી પૂર્વ-પૂર્વ સંજ્ઞાની અપેક્ષાએ પર પર સંજ્ઞા બલવતી જાહેર થાય છે. એક-બે ઉદાહરણથી આ મુદ્દો વિશદ કરીશું : 'ધનુષ્યથી વીંધે છે.' અહીં વીંધવાની ક્રિયામાં ધનુષ પદાર્થ 'કરણ' પણ છે અને **'ધનુષમાંથી બાણ છૂટું પડે છે'** એ દૃષ્ટિએ તે 'અપાદાન'

---

૨૬. सूत्रेषु तु विप्रतिषेधपरिभाषाम् अनुरुध्य अपादानादि क्रमेण उक्तम् । (पृ. २६६)

પણ છે. પરંતુ અપાદાનસંજ્ઞાની અપેક્ષાએ કરણસંજ્ઞા પરમાં (=પાછળ) આવેલી છે; તેથી તે વધુ બળવતી ગણાશે. આમ धनुषा विध्यति । પ્રયોગ જ સાધુ (=પ્રયોગાર્હ) ગણાશે. धनुषः विध्यति । પ્રયોગ અસાધુ ગણાશે. એ જ પ્રમાણે, 'કાંસાના પાત્રમાં ભોજન કરે છે.' અહીં ભોજનક્રિયાનો આધાર કાંસાનું પાત્ર છે. આથી તેની અધિકરણ સંજ્ઞા થવા આવે છે અને બીજી દષ્ટિએ-'ભોજન કાંસાના પાત્રમાંથી છુટું પડે છે' એ દષ્ટિએ-તે પાત્રની અપાદાન સંજ્ઞા પણ થવા આવે છે. પરંતુ અહીં અપાદાન સંજ્ઞાની અપેક્ષાએ અધિકરણ સંજ્ઞા પરમાં આવેલી છે, તેથી તે વધુ બલવતી ગણાશે. આમ कांसपात्र्यां भुङ्क्ते । પ્રયોગ સાધુ ગણાશે અને कांसपात्र्याः भुङ्क्ते । (એવો પંચમ્યન્ત પ્રયોગ) અસાધુ ગણાશે.

★

પાણિનિએ 'કર્તા (પ્રથમા), કર્મ (દ્વિતીયા), કરણ (તૃતીયા), સમ્પ્રદાન (ચતુર્થી), અપાદાન (પંચમી) અને અધિકરણ (સપ્તમી)' એવા ક્રમે કારકસંજ્ઞાઓને ઉપસ્થિત નથી કરી. પરંતુ "અપાદાન (૧-૪-૨૪), સમ્પ્રદાન (૩૨), કરણ (૪૨), અધિકરણ (૪૫), કર્મન્ (૪૯) અને કર્તૃ (૫૪)" એવા ક્રમે કારકસંજ્ઞાઓને ગોઠવી છે. અહીં જોઈ શકાય છે કે પાણિનિએ તદ્દન નવા-વિચિત્ર-ક્રમે જ કારકસંજ્ઞાઓને રજૂ કરી છે. પાણિનિએ ઊભો કરેલો આ ક્રમ યાદૃચ્છિક ન હોઈ શકે. આવો ક્રમ સ્વીકારવા પાછળ એક તાત્ત્વિક કારણ રહેલું જોવા મળે છે. તથા એ તાત્ત્વિક કારણસર જ વર્તમાન (ઉપર્યુક્ત) શાસ્ત્રીય ક્રમ ગોઠવાયો છે.

કોઈ પણ વાક્યનું પ્રાણભૂત પદ તે ક્રિયાપદ ગણાય છે. કેમકે, ક્રિયાપદ વગરનો પદસમૂહ અનર્થક લાગે છે. દા.ત. रामः वनम् । 'રામ વનમાં.' પણ આ બે પદોની સાથે જ્યારે गच्छति જેવું ક્રિયાપદ જોડાય છે ત્યારે 'રામ વનમાં શું કરે છે ?'ની આકાંક્ષા સંતોષાય છે; रामः અને वनम् એ બે પદો સાર્થક બને છે. (આથી જ વાર્તિકકાર કાત્યાયને વાક્યની વ્યાખ્યા : एक तिङ् । (૨-૧-૧ સૂત્રભાષ્ય વા-૧૦) "જે પદસમૂહમાં ઓછામાં ઓછું એક ક્રિયાપદ (તિઙન્ત પદ) હોય તેને 'વાક્ય' કહેવાય છે" એ પ્રમાણે આપી છે. આમ વાક્યની અંદર આવેલા ક્રિયાપદ સહિતના પદસમૂહમાંથી સૌથી પહેલું મહત્ત્વ તો 'ક્રિયા-પદ'નું જ છે; એ સિદ્ધ થાય છે. પરંતુ વાક્યની અંદર વપરાતાં અન્ય નામપદોમાંથી કયા પદનું કયા ક્રમે આગળ પડતું મહત્ત્વ છે ? એ પણ વિચારણીય છે.

પાણિનિએ विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્રથી જાહેર કર્યું છે કે **પરસૂત્રોક્ત (કારક) સંજ્ઞા વધુ બલવતી ગણવી.** આ દષ્ટિએ "અપાદાન (૨૪) - સમ્પ્રદાન (૩૨) - કરણ (૪૨) - અધિકરણ (૪૫) - કર્મન્ (૪૯) અને કર્તૃ (૧-૪-૫૪)" એવા ક્રમે ઉપસ્થિત થતી કારકસંજ્ઞાઓમાંથી, છેલ્લે આવેલી કર્તૃકારકસંજ્ઞા બલવતી ગણાશે. એટલે કે વાક્યમાં ક્રિયાપદ પછી, બીજા નંબરે કર્તૃવાચક પદ મહત્ત્વનું ગણવું એવું પાણિનિએ સૂચવ્યું છે. એ જ પ્રમાણે, કર્તૃવાચક પદ પછી કર્મવાચક પદ ત્રીજે નંબરે મહત્ત્વનું ગણવું. કર્મવાચક પદ પછી અધિકરણ વાચક પદ ચોથા નંબરે મહત્ત્વનું ગણવું. અધિકરણ વાચક પદ પછી કરણવાચક પદ મહત્ત્વનું ગણવું. કરણવાચક પદ પછી સમ્પ્રદાનવાચક પદ મહત્ત્વનું ગણવું અને સૌથી છેલ્લો નંબર અપાદાનવાચક પદને આપવો.

આમ પાણિનિના મતે વાક્યમાં ક્રિયાપદ પછી જે ક્રમે જે કારક મહત્ત્વનું પૂરવાર થાય છે તે ક્રમ આ પ્રમાણે છે :

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | કર્તૃકારક | - નામપદોમાં સૌથી પહેલું | મહત્ત્વનું | પદ |
| ૨. | કર્મકારક | બીજું | " | " |
| ૩. | અધિકરણકારક | ત્રીજું | " | " |
| ૪. | કરણકારક | ચોથું | " | " |
| ૫. | સમ્પ્રદાનકારક | પાંચમું | " | " |
| ૬. | અપાદાનકારક | છઠ્ઠું | " | " |

પરંતુ અગાઉ જણાવ્યું છે તેમ विप्रतिषेधे० । ૧-૪-૨ એવા પરિભાષાસૂત્રથી પાણિનિએ "અષ્ટાધ્યાયીના (સપાદસપ્તાધ્યાયી)માં પરસૂત્ર બલવાન છે" એવી ગ્રન્થવ્યવસ્થા જાહેર કરી છે. આથી પાણિનિએ ઉપર્યુક્ત ક્રમ તદ્દન ઉલટાવી દેવો પડ્યો છે. એટલે કે સૌથી નિર્બળસંજ્ઞાને સૌથી પહેલી મૂકવી પડી છે અને સૌથી સબળ સંજ્ઞાને છેલ્લે મૂકવી પડી છે. આમ સૂત્રરચનાનો ક્રમ આવો ઊભો થયો છે :

| | | | |
|---|---|---|---|
| ૧. | અપાદાન સંજ્ઞા | (૧-૪-૨૪) | -સૌથી નિર્બળ સંજ્ઞા |
| ૨. | સમ્પ્રદાન સંજ્ઞા | (૩૨) | -ઓછી નિર્બળ સંજ્ઞા |
| ૩. | કરણ સંજ્ઞા | (૪૨) | -સૌથી ઓછા મહત્ત્વની સંજ્ઞા |
| ૪. | અધિકરણ સંજ્ઞા | (૪૫) | -પ્રમાણમાં વધુ મહત્ત્વની સંજ્ઞા |
| ૫. | કર્મ સંજ્ઞા | (૪૯) | -મહત્ત્વની સંજ્ઞા |
| ૬. | કર્તૃ સંજ્ઞા | (૫૪) | -ખૂબ વધુ મહત્ત્વની સંજ્ઞા |

હવે પ્રશ્ન થશે કે -"કર્તૃકારક સંજ્ઞા=કર્તૃવાચક પદ વાક્યમાં સૌથી વધુ મહત્ત્વનું નામપદ છે" એવું શી રીતે નક્કી થાય છે ? (વાક્યના પદસમૂહમાંથી ક્રિયાપદનું સર્વાધિક મહત્ત્વ કેવી રીતે છે એ તો ઉપર શરૂઆતમાં બતાવ્યું છે, પણ નામપદોમાંથી કોનું કેટલું મહત્ત્વ છે ? અને, ખાસ તો શા માટે નિર્દિષ્ટ ક્રમે મહત્ત્વ છે ? એ તાત્ત્વિક દૃષ્ટિએ બતાવવાનું બાકી છે.)

જગત્‌ની કોઈ પણ ક્રિયા કરવામાં જે પદાર્થનું 'સ્વાતન્ત્ર્ય'=પ્રાધાન્ય હોય તેને 'કર્તૃ' કહેવામાં આવ્યો છે. 'રામ અગ્નિથી તપેલીમાં ચોખા રાંધે છે' અહીં તપેલી (અધિકરણ), અગ્નિ (કરણ) અને ચોખા (કર્મનૂ) જેવા પદાર્થોનો વ્યાપાર કર્તૃ-રામ-પદાર્થના વ્યાપારને અધીન છે; જ્યારે રામ-કર્તૃ-નો વ્યાપાર અન્ય કોઈ પદાર્થ-કારક-ના વ્યાપારને અધીન નથી. આ અર્થમાં 'રામ' સ્વ-તન્ત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો રામ 'ક્રિયાજનક' છે. (રામની ગેરહાજરીમાં અગ્નિ, તપેલી કે ચોખા દ્વારા રાંધવાની ક્રિયા અસ્તિત્વમાં આવી શકતી નથી. આ દૃષ્ટિએ રામનું ક્રિયાજનકત્વ સિદ્ધ થાય છે. વળી, અકર્મક ક્રિયાને અસ્તિત્વમાં આવવા માટે ઓછામાં ઓછા કર્તૃ પદાર્થની તો જરૂર રહે જ છે. આથી, વાક્યમાં ક્રિયાપદ પછી તરત જ કર્તૃપદનું સૌથી વધુ મહત્ત્વ છે એવું પૂરવાર થાય છે. (આવું સર્વાધિક મહત્ત્વ સૂચવવા પાણિનિએ તેનું પરસૂત્ર ૧-૪-૫૪થી વિધાન કર્યું છે.)

(સકર્મક) ક્રિયાને અસ્તિત્વમાં આવવા માટે કર્તૃપદાર્થ પછી, બીજા નંબરે કર્મપદાર્થની જરૂર પડે છે. કેમકે કોઈ પણ ક્રિયા કરવાથી તેનાં બે ફળ આવે છે : વ્યાપાર અને ફળ. દા.ત. રાંધવાની ક્રિયામાં એક ચોક્કસ પ્રકારનો (જેમકે, ચૂલામાં લાકડાં અને અગ્નિ મૂકવો, ફૂંક મારવી, તપેલી ચઢાવવી વગેરે) વ્યાપાર પહેલાં તો અસ્તિત્વમાં આવે છે. આ વ્યાપાર જે પદાર્થમાં રહે તેને (=વ્યાપારાશ્રયને=ક્રિયાજનકને) કર્તૃપદાર્થ કહે છે. પરંતુ આ રાંધવાના વ્યાપારથી, (ચોખા) 'ઢીલા પડવા' રૂપી જે ફળ જન્મે છે; તે ફલ જે પદાર્થના આશ્રયે રહે છે તેને (=ફલાશ્રય પદાર્થને) કર્મપદાર્થ કહે છે. આમ વ્યાપારાશ્રય કર્તા પછી બીજે નંબરે ફલાશ્રય 'કર્મ' મહત્ત્વનું છે એવું સિદ્ધ થાય છે. (વ્યાપારને રહેવા જેમ કર્તૃપદાર્થની પહેલી જરૂર છે તેમ (ક્રિયાજન્ય ફલને રહેવા માટે કર્મપદાર્થની બીજે નંબરે જરૂર છે.) આથી પાણિનિએ તે (કર્મ)ને કર્તૃસંજ્ઞા (૧-૪-૫૪)ની પૂર્વે (૧-૪-૪૯માં) મૂક્યું છે.

કર્તૃકારક અને કર્મકારક પછી ત્રીજા નંબરે અધિકરણ-પદાર્થનું મહત્ત્વ છે. કેમકે આ અધિકરણ પદાર્થ કર્તા અને કર્મને ધારણ કરી રાખીને પરોક્ષ રીતે ક્રિયા ઉપર ઉપકાર કરે છે. જેમકે, **महानसे रामः अग्निना स्थाल्यां तण्डुलान् पचति ।** 'રસોડામાં રામ અગ્નિથી તપેલીમાં ચોખા રાંધે છે.' અહીં રાંધવાની ક્રિયાના કર્તા-રામ-ને રસોડા રૂપી અધિકરણ ધારણ કરી રાખે છે અને રાંધવાની ક્રિયાના કર્મ-ચોખા-ને તપેલી રૂપી અધિકરણ ધારણ કરી રાખે છે. આમ અધિકરણ રૂપી પદાર્થ નહીં હોય તો રાંધવાની ક્રિયા થઈ શકતી નથી. આથી કર્તૃપદાર્થ અને કર્મપદાર્થ પછી ત્રીજા નંબરે અધિકરણ પદાર્થની જરૂર છે, મહત્ત્વ છે એમ સિદ્ધ થયું. આ મુદ્દો સૂચવવા માટે પાણિનિએ કર્તા અને કર્મનું વિધાન કરનારાં સૂત્રોની બરાબર આગળ અધિકરણનું વિધાન કરનાર સૂત્ર (૧-૪-૪૫) મૂક્યું છે.[૨૭]

નામપદોનાં સમૂહમાંથી ચોથા નંબરે કરણ પદાર્થનું મહત્ત્વ છે. દા.ત. **महानसे रामः स्थाल्यां तण्डुलान् अग्निना पचति ।** 'રસોડામાં રામ તપેલીમાં ચોખા અગ્નિથી રાંધે છે.' અહીં કર્તા, કર્મ અને એ બેનાં અધિકરણો પછી; ચોથા નંબરે રાંધવાની ક્રિયામાં પ્રકૃષ્ટોપકારક કોઈક પદાર્થ-કરણકારક-ની જરૂર પડે છે. આથી પાણિનિએ અધિકરણ (૧-૪-૫૪)ની પૂર્વે કરણસંજ્ઞાનું વિધાન કરનાર સૂત્ર (૧-૪-૪૨)ને મૂક્યું છે.

---

૨૭. હેલારાજે આ મુદ્દો બીજા શબ્દોમાં નોંધ્યો છે : **कारकाधिकारे च तरतमयोगो नास्तीत्यत्र परम्परया क्रियाधारके** अधिकरणसंज्ञायाः सावकाशत्वात् साक्षात् क्रियाधारकयोः (=कर्तृकर्मणोः) परत्वात् **कर्तृकर्मसंज्ञे एव ।। (पृ. ३४८)**

કરણ, અધિકરણ, કર્મન્ અને કર્તૃ કારક સંજ્ઞાઓ રજૂ કરતાં પહેલાં, પાણિનિએ અપાદાન અને સમ્પ્રદાન સંજ્ઞાઓ રજૂ કરી છે. પાણિનિના મતે આ બે સંજ્ઞાઓ નિર્બળ છે. (તેથી તેમને કારકપાદના આરંભે જ મૂકી દીધી છે.) હવે આ કારકોનું મહત્ત્વ તદ્દન ઓછું છે. બીજા શબ્દોમાં કહીએ તો — આ બે કારકસંજ્ઞાઓ નિર્બળ છે એવું કેવી રીતે સિદ્ધ થાય છે ? આ પ્રશ્નનો જવાબ હેલારાજે સૂચવ્યો છે. ક્રિયાની નિષ્પત્તિ કરવાની બાબતમાં કોઈ પણ કારક પદાર્થનું સ્વાતન્ત્ર્ય હોઈ શકે છે. એટલે કે ચેતન કર્તૃવ્યાપારની અનપેક્ષા કરીએ તો **स्थाली पचति । एधाः पचन्ति । असिः छिनत्ति ।** જેવા પ્રયોગો પણ થઈ શકે છે. એટલે કે વાસ્તવિક દષ્ટિએ જે કારક પદાર્થ અધિકરણ, કર્મન્ કે કરણ હોય છે; તેને પણ (વ્યાકરણની દષ્ટિએ) 'કર્તા' જાહેર કરી શકાય છે. પરંતુ સમ્પ્રદાન અને અપાદાન એ બે કારક પદાર્થો એવા છે કે જેમનું ક્રિયાસિદ્ધિમાં સ્વાતન્ત્ર્ય દર્શાવી શકાતું નથી. એટલે કે તેમને વાક્યમાં 'કર્તા' જાહેર કરી શકાતા નથી. દા.ત. **असिना छिनत्ति ।** 'તલવારથી કાપે છે'ને બદલે **असिः छिनत्ति ।** 'તલવાર કાપે છે' એવો પ્રયોગ થઈ શકે છે, પરંતુ **ब्राह्मणाय ददाति ।** કે **वृक्षात् पतति ।** જેવા સમ્પ્રદાન અને અપાદાન કારકોને 'કર્તા' જાહેર કરીને તેમને (**ब्राह्मणः ददाति । वृक्षः पतति ।** એ રીતે) પ્રથમા વિભક્તિમાં રજૂ કરી શકાતાં નથી. કેમકે **ब्राह्मणः ददाति ।** જેવો પ્રયોગ કરીશું તો બ્રાહ્મણ 'લેનાર' મટીને 'આપનાર' બની જશે, તથા **वृक्षः पतति ।** જેવો પ્રયોગ કરીશું તો વૃક્ષ 'અવધિ બિન્દુ'-છૂટા પડવાની ક્રિયાનું આરંભબિન્દુ મટીને પતનક્રિયાનો આશ્રય[૨૮] (=પડનાર) વ્યક્તિ બની જશે. આમ અન્ય કારકોની જેમ સમ્પ્રદાન અને અપાદાન કારકોમાં 'કર્તૃકારક' બનવાની ક્ષમતા નથી.[૨૯] આ તેમની નિર્બળતા છે. આથી પાણિનિએ તે બે નબળી સંજ્ઞાઓને પહેલી મૂકી છે.

સમ્પ્રદાન અને અપાદાન-એ બે કારક સંજ્ઞાઓમાંથી અપાદાન સંજ્ઞા વધારે નિર્બળ છે અને સમ્પ્રદાન સંજ્ઞા ઓછી નિર્બળ છે. કેમકે જે જે અર્થો-પદાર્થો (Semantic categories)ની 'અપાદાન' સંજ્ઞા જાહેર કરી છે તેમાંથી એક પણ અર્થની 'અપાદાન' સિવાયની બીજી કોઈ સંજ્ઞા થઈ શકતી નથી. પરંતુ જે જે અર્થોની સમ્પ્રદાન સંજ્ઞા જાહેર કરી છે, તેમાંથી એક (**यम्प्रति कोपः**=જેના પ્રત્યે ગુસ્સો વ્યક્ત કરવાનો હોય-) અર્થ એવો છે કે જેની 'કર્મ' સંજ્ઞા પણ થઈ શકે છે (**क्रुधद्रुहोरुपसृष्टयोः ।** ૧-૪-૩૮) દા.ત., **रामः क्रूरम् अभिक्रुध्यति ।** આવા કર્મને કર્મણિ પ્રયોગમાં કર્તૃત્વ પ્રાપ્ત થઈ શકશે. **रामेण क्रूरः अभिक्रुध्यते ।** આ દષ્ટિએ અપાદાન સંજ્ઞા (૧-૪-૨૪ થી ૩૧)ની પાછળ સમ્પ્રદાન સંજ્ઞા કરનાર સૂત્રો (૧-૪-૩૨ થી ૪૧) ને મૂકવામાં આવ્યાં છે.

★

પાણિનિએ **कारके ।** ૧-૪-૨૩ના અધિકારમાં કુલ સાત કારકસંજ્ઞાઓ રજૂ કરી છેઃ અપાદાન (૧-૪-૨૪), સમ્પ્રદાન (૧-૪-૩૨), કરણ (૧-૪-૪૨), અધિકરણ (૧-૪-૪૫), કર્મન્ (૧-૪-૪૯), કર્તૃ (૧-૪-૫૪) અને હેતુ (૧-૪-૫૫). પરંતુ આધુનિક સમયમાં, તાત્ત્વિક દષ્ટિએ 'કારકોની સંખ્યા કેટલી સ્વીકારવી ?' એ પણ ચર્ચાનો વિષય બન્યો છે. પશ્ચિમના કેટલાક વિદ્વાનો એવું માને છે કે **तत्प्रयोजको हेतुश्च ।** ૧-૪-૫૫ સૂત્રોક્ત હેતુ=પ્રેરકકર્તાને 'કારક' ગણવાની જરૂર નથી.[૩૦] પરંતુ સ્ટાલ અને કિપાર્સ્કી 'હેતુ'ને જુદા-સાતમા-કારક તરીકે ગણે છે.[૩૧] સામાન્ય રીતે તો કર્તૃકારકથી હેતુ (=પ્રેરક કર્તા) કારકને જુદું ગણાવવામાં આવતું નથી. પરંતુ મતમતાન્તરોની ચર્ચાને બાજુએ મૂકીને જોઈએ તો પાણિનિએ 'હેતુ'ને જુદું-સાતમું કારક ગણ્યું છે. કેમકે તેમણે **गतिबुद्धिप्रत्यवसानार्थशब्दकर्माकर्मकाणाम् अणि कर्ता स णौ ।** ૧-૪-૫૨ થી પ્રયોજ્યકર્તાને 'કર્મ' જાહેર કરેલ છે; એ અવસ્થામાં (=પ્રેરક વાક્યરચનામાં) 'પ્રયોજક=પ્રેરક કર્તા' ને **तत्प्रयोजको हेतुश्च ।** ૧-૪-૫૫થી 'હેતુ' નામ આપવામાં આવ્યું છે અને આ જ સૂત્રમાં આવેલા च કારથી તે

---

૨૮. વિભાગાશ્રય મટીને, વિભાગજનક ક્રિયાનો આશ્રય (બની જશે.)

૨૯. अनपेक्षिते च कर्तृव्यापारे स्थाली पचति, एधाः पचन्ति, असिः छिनत्ति इति प्रधानक्रियायाम् एव एषां कर्तृत्वम् । सम्प्रदानापादानयोः स्वव्यापारे स्वातन्त्र्यविवक्षा नास्ति । द्वितीयस्य आदातुः अपगन्तुश्चापेक्षणात् ।। (पृ.-२४६)

૩૦. (क) Renou Lions, "*Grammaire Sanscrite,*" Paris : Adrien Maisonneuve, 1961, p. 287.
(ख) Staal J. F., *Word Order in Sanskrit and Universal Grammar,*" Dordrecht, Netherland : Reidel, 1967; p. 38.

૩૧. Kiparsky P. and Staal J.F. "*Syntactic and Semantic Relations in Panini,*" Foundations of Language–5, 1969, pp. 83-117.

'હેતુ'ની 'કર્તૃ' સંજ્ઞા જાહેર કરવામાં આવી છે. (હવે=પ્રેરકમાં પ્રયોજ્ય કર્તા 'કર્મ' બની ગયા પછી ખરો 'કર્તા' પ્રયોજક કર્તા જ કહેવાશે.) આવા હેતુ (=પ્રયોજક) કર્તૃકારકને જ (**अभिहिते कर्तरि**) પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. આમ પાણિનિની દૃષ્ટિએ તો સાત કારકો જ છે (અને અગાઉ લખ્યું છે તેમ તેમણે 'કારકાધિકાર'માં જુદી જુદી કારકસંજ્ઞાઓ સ્પષ્ટ શબ્દોમાં મૂકી જ છે.)

'કારકસંખ્યા કેટલી ?' એ પ્રશ્નની વિચારણા પંડિત રામાજ્ઞા પાંડેયે પણ કરી છે. તેમના મતે કારકો ચાર જ છે ! કર્તૃ, કર્મ, કરણ અને અધિકરણ-આ ચાર જ ખરાં તત્ત્વતઃ-કારકો છે. તેમણે હેલારાજ (પૃ. ૨૪૬)ને આધારે કહ્યું છે કે સમ્પ્રદાન અને અપાદાન 'કર્તૃકારક' બની શકતાં નથી. આથી સમ્પ્રદાન અને અપાદાનને કારક નહીં ગણવાં જોઈએ. આ સન્દર્ભમાં તેમણે નોંધપાત્ર દલીલ એ કરી છે કે જેવી રીતે 'કર્તૃ', 'કર્મન્,' 'કરણ' અને 'અધિકરણ' શબ્દોમાં √**डुकृञ् करणे** ધાતુ અનુસ્યૂત છે (=√**कृ** ધાતુ ઉપરથી કર્તૃ, કર્મન્, કરણ અને અધિકરણ શબ્દો સાધવામાં આવ્યાં છે.) તેમ 'સમ્પ્રદાન' અને 'અપાદાન' શબ્દોમાં √**कृ** ધાતુ જોવા મળતો નથી. (=√**कृ** ધાતુ ઉપરથી 'સમ્પ્રદાન' અને 'અપાદાન' શબ્દો સાધવામાં આવ્યાં નથી.) માટે પં. રામાજ્ઞા પાંડેયના મતે ચાર કારકો જ ગણવાં જોઈએ.[૩૨]

ભાષાશાસ્ત્ર (Comparative Philology)ની દૃષ્ટિએ વિચારીએ તો પ્રાકૃત ભાષાઓમાં, અને તદનુગામિની અપભ્રંશ અને આધુનિક ભારતીય આર્ય-ગુજરાતી, મરાઠી વગેરે-ભાષાઓમાંથી સમ્પ્રદાન અને અપાદાન કારકોએ (=ચતુર્થી અને પંચમી વિભક્તિઓએ) લગભગ વિદાય લીધી છે. આ દૃષ્ટિએ પણ પં. રામાજ્ઞા પાંડેયનો મત બહુ સૂચક જણાય છે.

## ૩

પાણિનિએ જે કારકસંજ્ઞાઓ આપી છે, તેમાંથી ક્રમશઃ એક એક કારક સંજ્ઞા લઈને, હવે આપણે એ જોઈશું કે પાણિનિએ કયા કયા અર્થ/અર્થોને માટે તે તે કારકસંજ્ઞાનું વિધાન કર્યું છે એટલે કે જે તે અર્થની અમુક કારકસંજ્ઞા જાહેર કરવા માટે પાણિનિએ કેવા પ્રકારનો સૂત્રસમૂહ રજૂ કર્યો છે એનું વિગતે અવલોકન કરીશું. આમ કરવાથી સમગ્ર કારકપાદ (૧-૪-૨૩ થી ૫૫)માં આવેલાં સૂત્રોનો પણ અભ્યાસ થઈ જશે. તથા પરોક્ષ રીતે એ પ્રશ્ન પણ હાથ ધરી શકાશે કે પાણિનિ કોઈ એક અર્થ (Semantic category)ને માટે એક જ કારક સંજ્ઞા વાપરી છે કે એકથી વધારે ? અનેક અર્થ માટે એક જ કારકસંજ્ઞા વાપરી છે ? આવો સૂક્ષ્મ અભ્યાસ કરવાથી કારકપાદમાં પ્રતિબિંબિત થતી પાણિનિની વર્ણનાત્મક પદ્ધતિનો ખ્યાલ આવી શકશે.

(क) સૌથી પહેલા અપાદાન સંજ્ઞા લઈશું :

| | |
|---|---|
| १. अपाये **ध्रुवम्** (१-४-२४) | अपादानम् |
| २. भीत्रार्थानां (प्रयोगे) **भयहेतुः** (२५) | |
| ३. पराजेः **असोढः** (२६) | |
| ४. वारणार्थानां (धातूनां प्रयोगे) ईप्सितः (२७) | |
| ५. अन्तर्धौ **येनादर्शनम् इच्छति** (२८) | |
| ६. उपयोगे **आख्याता** (२९) | |
| ७. जनिकर्तुः **प्रकृतिः** (३०) | |
| ८. भुवः **प्रभवः** (३१) | |

અહીં ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ **સૂત્રથી** "વિશ્લેષની ક્રિયામાં જે 'ध्रुव =અવધિભૂત અર્થ-પદાર્થ' હોય તેની 'અપાદાન' સંજ્ઞા જાહેર કરી છે. પરંતુ ત્યાર પછીનાં સૂત્રોમાં, જુદા જુદા સન્દર્ભોમાં 'ભયહેતુ' અર્થની, 'અસહ્ય અર્થ'ની, 'ઈપ્સિત અર્થ'ની, 'જેનાથી અદર્શનની ઇચ્છા હોય તે અર્થ'ની, 'આખ્યાતા' અર્થની, 'પ્રકૃતિ અર્થ'ની અને

૩૨. यथा कर्तृकर्मकरणाधिकरणेषु कृधातुरनुस्यूतोऽस्ति, न हि तथा सम्प्रदानापादानशब्दयोः । एतेनापि न तयोः कारकत्वं युक्तियुक्तम् ।। व्याकरणदर्शनभूमिका-(पृ. २०८, २०९)

'પ્રભવ=જન્મસ્થાન અર્થ'ની પણ અપાદાનસંજ્ઞા જાહેર કરી છે. આમ કુલ આઠ અર્થ-પદાર્થોની એક (અપાદાન) સંજ્ઞા જાહેર કરવામાં આવી છે. પરંતુ અપાદાન એટલે છૂટા પડવું=છૂટા પડવાની ક્રિયાનું અવધિભૂત સ્થાન=વિભાગાશ્રય પદાર્થ એવો અર્થ આ દરેક સન્દર્ભોમાં રહેલો હોઈ, તાત્ત્વિક દષ્ટિએ એક જ અર્થ (Semantic category) અવધિભૂત=વિભાગાશ્રય પદાર્થ-ની[33] એક જ (અપાદાન) સંજ્ઞા જાહેર કરવામાં આવી છે એમ કહી શકાશે.

(ख) સમ્પ્રદાન સંજ્ઞા :

| | |
|---|---|
| १. कर्मणा **यम् अभिप्रैति** (१-४-३२) | सम्प्रदानम् । |
| २. रुच्यर्थानां **प्रीयमाणः** (३३) | |
| ३. श्लाघह्नुङ्स्थाशपां **ज्ञीप्स्यमानः** (३४) | |
| ४. धारेः **उत्तमर्णः** (३५) | |
| ५. स्पृहेः **ईप्सितः** (३६) | |
| ६. क्रुधद्रुहेर्ष्यासूयार्थानां **यं प्रति कोपः** (३७) | |
| ७. राधीक्ष्योः **यस्य विप्रश्नः** (३९) | |
| ८. प्रत्याङ्भ्यां श्रुव **पूर्वस्य कर्ता** (४०) | |
| ९. अनुप्रतिगृणश्च **(पूर्वस्य कर्ता)** (४१) | |

અહીં कर्मणा यम् अभिप्रैति स सम्प्रदानम् । १-४-३२ સૂત્રથી "(√दा ધાતુવાચ્ય ક્રિયાના) કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે-જે વ્યક્તિને (દાન) આપવામાં આવે=તેને" 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે. અહીં यम् अभिप्रैति અર્થ-પદાર્થ (=લેનાર વ્યક્તિ) ઉપરાંત, ખૂશ થનાર વ્યક્તિ, જેના વિષે જાણવાની ઇચ્છા થાય તે વ્યક્તિ, લેણદાર વ્યક્તિ, ઇચ્છિત વસ્તુ, જેના ઉપર ગુસ્સો કરવાનો હોય તે વ્યક્તિ, પ્રતિજ્ઞા લેનાર વ્યક્તિનો પ્રેરક વ્યક્તિ અને અમુક સન્દર્ભમાં બોલવાની પ્રેરણા આપનાર વ્યક્તિની સમ્પ્રદાન સંજ્ઞા કરવામાં આવી છે. અહીં सम्यक् प्रदीयते यस्मै तत् सम्प्रदानम् । 'જેને સારી રીતે આપવામાં આવે છે તે વ્યક્તિ (=લેનાર) એવો શબ્દાર્થ જોતાં, જણાય છે કે (૩૩ થી ૪૧ સૂત્રોક્ત) પ્રીયમાણ=ખૂશ થનાર વ્યક્તિ વગેરેને સાચા અર્થમાં સમ્પ્રદાન (=લેનાર વ્યક્તિ) કહી શકાય એમ નથી. આમ તાર્કિક દષ્ટિએ અનેક અર્થોની એક પારિભાષિક (સમ્પ્રદાન) સંજ્ઞા પાડવામાં આવી છે. અહીં અપવાદ રૂપ એક સ્થળ પણ જોવા મળે છે :

यं प्रति कोपः

'જેના પ્રત્યે ગુસ્સો, વ્યક્ત કરવાનો હોય તે અર્થ-પદાર્થ/વ્યક્તિ'

| | |
|---|---|
| क्रुधद्रुहेर्ष्यासूयार्थानाम् (३७) | उपसृष्टयोः क्रुधद्रुहोः (३८) |
| ↓ | ↓ |
| સમ્પ્રદાન સંજ્ઞા | કર્મ સંજ્ઞા |

અહીં તાર્કિક દૃષ્ટિએ જે એક જ અર્થ (यं प्रति कोपः) છે, તેની (જુદા જુદા સન્દર્ભમાં) જુદી જુદી બે સંજ્ઞાઓ થઈ છે. આમ વાસ્તવમાં જેના પ્રત્યે ગુસ્સે થવાનું હોય તે વ્યક્તિ (=અર્થ-પદાર્થ) તો એક જ હોય છે, પણ વ્યાકરણની દષ્ટિએ (જુદા જુદા સન્દર્ભોમાં) તે જુદી જુદી રીતે અભિવ્યક્તિ પામી શકે છે.

(ग) કરણકારક સંજ્ઞા :

અપાદાન અને સમ્પ્રદાન સંજ્ઞાઓને રજૂ કર્યા પછી, પાણિનિએ કરણ સંજ્ઞાની રજૂઆત કરી છે.

| | |
|---|---|
| १. **साधकतमम्** (४२) | करणम् । |
| २. परिक्रयणे **साधकतमम्** अन्यतरस्याम् (४४) | |

૩૩. એટલા માટે જ પતંજલિએ ૧-૪-૨૫ થી ૩૧ સુધીનાં સૂત્રોનું ખંડન કર્યું છે.

અહીં **साधकतमम् करणम्** । ૧-૪-૪૨ સૂત્રથી "(ક્રિયાસિદ્ધિમાં જે પ્રકૃષ્ટોપકારક=) સાધકતમ અર્થ-પદાર્થ" હોય તેની કરણ સંજ્ઞા જાહેર કરી છે. પરંતુ પાણિનિએ આ સન્દર્ભમાં એક સંકુલતા ઊભી કરી છે. જેમકે,

**साधकतमम्**

| કરણ | કર્મ | સમ્પ્રદાન |
|---|---|---|
| (૪૨) | (दिवः कर्म च) (૪૩) | (૪૪) |

અહીં તાર્કિક દષ્ટિએ જે એક જ અર્થ-પદાર્થ (=ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટોપકારક=સાધકતમ) છે, તેની જુદા જુદા સન્દર્ભમાં, જુદી જુદી ત્રણ કારકસંજ્ઞાઓ પ્રસ્તુત કરવામાં આવી છે. પરિણામે આ ત્રણેય કારકોની વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં જુદી જુદી રીતે અભિવ્યક્તિ થાય છે.

(ઘ) અધિકરણ કારક સંજ્ઞા :

એ જ પ્રમાણે, પાણિનિએ **आधारोऽधिकरणम्** । ૧-૪-૪૫ સૂત્રથી તાર્કિક દષ્ટિએ "જે આધારસ્થાન (અર્થ-પદાર્થ-) છે તેની અધિકરણ સંજ્ઞા" જાહેર કરી છે તથા અન્ય કેટલાક સન્દર્ભોમાં તે આધારની 'કર્મ' સંજ્ઞા પણ જાહેર કરી છે. જેમકે,

आधारः

| મુખ્ય કે ગૌણ આધાર | अधिशीङ्स्थासाम् (आधारः), (૪૬) | अभिनिविशश्च (आधारः) (૪૭) | उपान्वध्याङ्वसः (आधारः) (૪૮) |
|---|---|---|---|
| ↓ અધિકરણ ↓ (સપ્તમી) | | કર્મ ↓ (દ્વિતીયા) | |

આમ તાર્કિક દષ્ટિએ જે એક જ અર્થ (આધાર રૂપી અર્થ-પદાર્થ-) છે, તેની એકથી વધારે વ્યાકરણિક સંજ્ઞાઓ જાહેર કરવામાં આવી છે.

(ङ) કર્મ સંજ્ઞા :

૧. **कर्तुः ईप्सिततमम्** (૧-૪-૪૯)
૨. तथायुक्तम् चानीप्सितम् (૫૦)
૩. अकथितञ्च । (૫૧)[૩૪]
૪. गतिबुद्धिप्रत्यवसानार्थ० **अणि कर्ता** स णौ (૫૨)
૫. हृक्रोः अन्यतरस्याम् (अणि कर्ता) (૫૩)

} कर्म

આ સૂત્રો દ્વારા પણ ઈપ્સિતતમ, અનીપ્સિત (દ્વેષ્ય અને ઉદાસીન) અને अणि=પ્રયોજ્યકર્તા - એવા ત્રણ અર્થ - પદાર્થો-ની એક જ (કર્મ) સંજ્ઞા જાહેર કરવામાં આવી છે. (અલબત્ત, ભર્તૃહરિના મતે અહીં એક જ ઈપ્સિતતમ-અર્થની એક જ સંજ્ઞા કરવામાં આવી છે.) અહીં એક અપવાદ સ્થળ પણ છે :

૩૪. આ સૂત્ર પ્રક્ષિપ્ત છે એવું પ્રો. એસ. ડી. જોશીનું માનવું છે. જુઓ : CASS STUDIES-3, Univ. of Poona, 1976. (pp. 59-71).

अणि कर्ता

(गतिबुद्धि-प्रत्यवसानार्थ०) (૫૨) → કર્મ → (દ્વિતીયા)

हृ અને कृ ધાતુઓના પ્રયોગમાં (૫૩) → કર્મ (અથવા) → (દ્વિતીયા); (પ્રયોજ્ય) કર્તા → તૃતીયા

અહીં વાસ્તવિક દષ્ટિએ એક જ અર્થ (अणि कर्ता) છે. પણ જુદા જુદા સન્દર્ભમાં વ્યાકરણની દષ્ટિએ તે જુદાં જુદાં કારકો બને છે અને વાક્યમાં તેની જુદી જુદી રીતે અભિવ્યક્તિ થાય છે.

(च) કર્તૃ સંજ્ઞા :

૧. **स्वतन्त्र** : (૧-૪-૫૪) /-कर्ता

અહીં એક જ અર્થ-પદાર્થ-ની એક જ સંજ્ઞા જાહેર કરવામાં આવી છે.

(छ) હેતુ (=પ્રયોજક/પ્રેરક) કર્તા સંજ્ઞા :

**तत्प्रयोजकः** (૧-૪-૫૫) / **हेतुः च**

અહીં પણ એક અર્થની એક જ સંજ્ઞા જાહેર કરવામાં આવી છે.

★


જુદી જુદી કારકસંજ્ઞાઓનું વિધાન કરનારાં સૂત્રોનું ઉપર્યુક્ત પૃથક્કરણ જોતાં જણાય છે કે (क)માં તાત્ત્વિક દષ્ટિએ એક જ અર્થ-અવધિભૂત=વિભાગાશ્રય પદાર્થ-ને માટે એક જ સંજ્ઞા વાપરી છે. (ख)માં સમ્પ્રદાન સંજ્ઞા કરનારાં સૂત્રોમાં પાણિનિએ જે અર્થો વાસ્તવમાં સમ્પ્રદાન નથી તેમને માટે પણ 'સમ્પ્રદાન કારક' સંજ્ઞા જાહેર કરી છે. આમ કરવાનું કારણ એ છે કે તે અર્થોમાં ચતુર્થી વિભક્તિનું વિધાન કરનાર સૂત્ર (**चतुर्थी सम्प्रदाने** । ૨-૩-૧૩)ની પ્રાપ્તિ થઈ શકે. એટલે કે જો અનેક (૧-૪-૩૨થી ૪૧માં વર્ણિત) અર્થો એક જ વિભક્તિ પ્રત્યયથી ભાષામાં અભિવ્યક્ત થતા હોય તો તેમને એક જ કારકસંજ્ઞા હેઠળ મૂકવા પડે. પરંતુ (ग)માં અને (घ)માં વાસ્તવિક-તાર્કિક-દષ્ટિએ જે એક અર્થ (Semantic category) છે, તેને માટે અનેક કારકસંજ્ઞાઓ જાહેર કરી છે. આટલા અંશે કારકસંજ્ઞાઓનું નિરૂપણ સંકુલ બનવા પામ્યું છે. અહીં એ પણ નોંધપાત્ર છે કે-અનેક અર્થો-પદાર્થો (Semantic categories)ની એક જ કારકસંજ્ઞા પ્રાપ્ત થાય એવી પરિસ્થિતિનું પણ નિર્માણ થયું છે. દા.ત.

ઈપ્સિતતમ (૪૯) | સાધકતમ (૪૩) | આધાર (૪૬, ૪૭, ૪૮)

→ કર્મ સંજ્ઞા → (દ્વિતીયા)

ટૂંકમાં, એક જ અર્થ-પદાર્થ (Semantic category)ની અનેક કારક સંજ્ઞાઓ પણ જાહેર થઈ છે અને અનેક અર્થોની એક જ કારક સંજ્ઞા પણ જાહેર થઈ છે.

નીચેનું ચિત્ર જોવાથી જુદા જુદા અર્થોને જુદી જુદી એક કે એકથી વધારે કારકસંજ્ઞાઓ આપવામાં આવી છે તે સમજી શકાશે :




૪

'અષ્ટાધ્યાયી'ના દ્વિતીય અધ્યાયના તૃતીયપાદને **'વિભક્તિપાદ'** કહીશું. કેમકે ૨-૩-૧ થી શરૂ કરીને તે પાદના અંતિમ ૭૩ સૂત્ર સુધીમાં જુદી જુદી વિભક્તિઓ ક્યાં, ક્યારે લાગે છે એનું વિધાન કરવામાં આવ્યું છે. પરંતુ આ જુદી જુદી વિભક્તિઓનું વિધાન કરતાં પહેલાં, પાણિનિએ अनभिहिते । ૨-૩-૧ એવું એક અધિકારસૂત્ર મૂક્યું છે. આ ૨-૩-૧ સૂત્રનો અધિકાર नक्षत्रे च लुपि । ૨-૩-૪૫ સુધીનાં ૪૪ સૂત્રોમાં જાય છે.

૧. **अनभिहिते** । ૨-૩-૧ સૂત્રનો અધિકાર ↓

૨. कर्मणि द्वितीया । ૨-૩-૨

૩. चतुर्थी सम्प्रदाने । ૧૩

૪. कर्तृकरणयोस्तृतीया । ૧૮

૫. अपादाने पञ्चमी । ૨૮

૬. सप्तमी अधिकरणे च । ૩૬

૭. नक्षत्रे च लुपि । ૪૫ (અહીં अनभिहिते । નો અધિકાર પૂરો.)

૮. प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । ૨-૩-૪૬

૯. **सम्बोधने च** । ४७

१०. **षष्ठी शेषे** । ५०

११. **चतुर्थी चाशिष्यायुष्यमद्रभद्रकुशलसुखार्थहितैः** । २-३-७३

આમ **अनभिहिते** (२-३-१) સૂત્રોક્ત અધિકારની અંતર્ગત પ્રથમા અને ષષ્ઠી વિભક્તિ સિવાયની, એટલે કે દ્વિતીયા, ચતુર્થી, તૃતીયા, પંચમી અને સપ્તમી વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે. હવે, સૌથી પહેલાં એ વિચારણીય છે કે '**अनभिहिते**' ના અધિકારની નીચે દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન કરવાનું શું કારણ છે ? નીચેની ચર્ચા વાંચવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :

બીજા અધ્યાયના ત્રીજા પાદના આરંભે આવેલું આ **अनभिहिते** । આ સૂત્ર '**અધિકારસૂત્ર**' છે, પરિણામે २-३-२ થી શરૂ કરીને २-३-४५ સુધીનાં તમામ સૂત્રોમાં **अनभिहिते** એવું પદ અનુવૃત્ત થાય છે. દા.ત. **अनभिहिते** । २-३-१ એવું સૂત્ર **कर्मणि द्वितीया** । २-३-२માં અનુવૃત્ત થાય છે : **कर्मणि अनभिहिते, द्वितीया (स्यात्)** । = "કર્મકારક (બીજા કોઈ પ્રત્યયથી) ઉક્ત ન હોય ત્યારે, તે કર્મકારકને અભિવ્યક્ત કરવા માટે દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો વપરાય છે." પરંતુ જો કર્મકારક કોઈક પ્રત્યયથી ઉક્ત હોય તો, કર્મકારક વાચક શબ્દને કઈ વિભક્તિના પ્રત્યયો લાગશે ? આ પ્રશ્નના જવાબ રૂપે પાણિનિએ **प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा** । २-३-४६ એવું સૂત્ર રજૂ કર્યું છે. (આ २-३-४६ સૂત્રમાં **अनभिहिते** । २-३-१નો અધિકાર=અનુવૃત્તિ આવતી નથી. **अनभिहिते** । २-३-१નો અધિકાર કેવળ **नक्षत्रे च लुपि** । २-३-४५ સુધીનાં સૂત્રોમાં જ જાય છે.) એટલે કે પ્રથમા વિભક્તિ એવી છે કે જે શુદ્ધ પ્રાતિપાદિકાર્થ અને, પદાર્થના લિંગ અને સંખ્યાનો જ બોધ કરાવે છે. વધારે સ્પષ્ટ રૂપે કહીએ તો-**પ્રથમા વિભક્તિ કોઈ પણ કારકવિશેષનો બોધ કરાવનારી વિભક્તિ નથી.** (બીજા શબ્દોમાં કહીએ તો **કોઈ પણ અભિહિત કારકને માટે વપરાય છે.)** આથી જ્યારે કર્મકારકાદિ જેવા કારક વિશેષનો બોધ કોઈક પ્રત્યયથી થઈ ગયો હોય ત્યારે તે કારકવિશેષને પ્રથમા વિભક્તિના પ્રત્યયો જ લાગી શકશે. નીચેનાં ઉદાહરણોથી આ મુદ્દો વધુ સ્પષ્ટ થશેઃ 'રામ વેદ વાંચે છે.' અહીં વાંચવાની ક્રિયામાં ઈપ્સિતતમ અર્થ-પદાર્થ-વેદ છે. આથી તે અર્થને પદાર્થને-'કર્મકારક' સંજ્ઞા આપવામાં આવશે. હવે આ કર્મકારકની જુદી જુદી બે-પ્રથમા અને દ્વિતીયા-વિભક્તિઓથી અભિવ્યક્તિ થઈ શકે છે. જેમકે,

'રામ **વેદ** વાંચે છે.'

કર્મકારક

| અનભિહિત | અભિહિત |
|---|---|
| रामः **वेदं** पठति । | रामेण **वेदः** पठ्यते । |
| (દ્વિતીયા) | (પ્રથમા) |

અહીં /-ति/ પ્રત્યયથી કર્મકારક ઉક્ત (અભિહિત) નથી. માટે (अनभिहिते) **कर्मणि द्वितीया** । તેને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.

[કર્તરિ પ્રયોગમાં અહીં /-ति/ પ્રત્યયથી કર્તૃકારક રૂપી અર્થ ઉક્ત છે. માટે તે અભિહિત કર્તૃકારક વાચક-રામ-શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.]

અહીં पठ्यते ક્રિયાપદમાં જે /-य/ પ્રત્યય લગાડવામાં આવ્યો છે તે 'કર્મકારક'નો વાચક છે. આથી કર્મકારક ઉક્ત (અભિહિત) બનવાથી, તેને દ્વિતીયા વિભક્તિ લાગી શકશે નહીં.

હવે શુદ્ધ પ્રાતિપદિકાર્થની વાચિકા પ્રથમા વિભક્તિ જ બાકી રહે છે, જે કોઈપણ અભિહિતકારકને લગાડવામાં આવે છે. આથી કર્મકારક-વેદ-ને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

આમ, પાણિનિએ રચેલું આ अनभिहिते । २-३-१ સૂત્ર અત્યંત મહત્ત્વનું છે. તેમાંથી બે વ્યવસ્થાઓ જન્મે છે :

(૧)

**अनभिहिते । २-३-१**

१. (अनभिहिते) कर्मणि, द्वितीया (२)

२. चतुर्थी, (अनभिहिते) सम्प्रदाने । (१३)

३. ४. (अनभिहितयोः) कर्तृकरणयोः तृतीया । (१८)

५. (अनभिहिते) अपादाने, पञ्चमी (२८)

६. सप्तमी, (अनभिहिते) अधिकरणे च (३६)

આ વ્યવસ્થાને ઉદાહરણોમાં મૂકી બતાવવી હોય તો :

१. रामः **वेदं** पठति ।

२. नृपः **विप्राय** ददाति ।

३. **रामेण** फलं खाद्यते ।

४. **चूर्णेन** स्नाति ।

५. **पर्वतात्** पतति ।

६. गां **स्थाल्यां** दोग्धि ।

(અહીં કર્મ, સમ્પ્રદાન, કર્તૃ, કરણ, અપાદાન અને અધિકરણકારકો અનભિહિત હોવાથી અનુક્રમે દ્વિતીયા, ચતુર્થી, તૃતીયા, પંચમી અને સપ્તમી વિભક્તિના પ્રત્યયોથી તેમનું અભિધાન કરવામાં આવ્યું છે.)

(૨)

**अभिहिते । (=ઉક્ત હોય ત્યારે)**

१. अभिहिते कर्मणि
२. अभिहिते सम्प्रदाने
३. अभिहिते कर्तरि
४. अभिहिते करणे
५. अभिहिते अपादाने
६. अभिहिते अधिकरणे

} प्रथमा } प्रातिपदिकार्थलिङ्गपरिमाण-वचनमात्रे प्रथमा । २-३-४६

१. रामेण **वेदः** पठ्यते । (કર્મનૂ)

२. दानीयः **विप्रः** । (સમ્પ્રદાન)

३. **रामः** फलं खादति । (કર્તૃ)

४. स्नानीयम् **चूर्णम्** । (કરણ)

५. प्रपतनः **पर्वतः** । (અપાદાન)

६. गोदोहनी **स्थाली** । (અધિકરણ)

(અહીં પહેલા ઉદાહરણમાં /-य/ પ્રત્યય (૩-૧-૬૭)થી કર્મકારક ઉક્ત છે. બીજા ઉદાહરણમાં /-अनीय/ પ્રત્યય (૩-૩-૧૧૩)થી સમ્પ્રદાનકારક ઉક્ત છે. ત્રીજા ઉદાહરણમાં /-ति/ પ્રત્યય (૩-૪-૬૯ અને ૩-૧-૬૮)થી કર્તૃકારક ઉક્ત છે. ચોથા ઉદાહરણમાં /-अनीय/ પ્રત્યય (૩-૩-૧૧૩)થી કરણકારક ઉક્ત છે. પાંચમા ઉદાહરણમાં /-अन/ પ્રત્યય (૩-૩-૧૧૩)થી અપાદાનકારક ઉક્ત છે અને છઠ્ઠા ઉદાહરણમાં /-अन/ પ્રત્યય (૩-૩-૧૧૭)થી અધિકરણકારક ઉક્ત છે. માટે તે દરેક કારકને પ્રથમા વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.)

अनभिहिते । ૨-૩-૧ સૂત્રથી ઉપર્યુક્ત જે વ્યવસ્થા પ્રાપ્ત થાય છે તેનો 'વાક્યપદીય'ના ટીકાકાર ફુલ્લરાજના શબ્દોમાં ઉપસંહાર કરીએ તો - કારકો અભિહિત પણ હોય છે અને અનભિહિત પણ હોય છે. સાતેય વિભક્તિઓમાંથી જે પ્રથમા વિભક્તિ હોય છે તે અભિહિત કારકને માટે વપરાય છે એ અને તે શુદ્ધ પ્રાતિપદિકાર્થ (=શબ્દના કોશગત અર્થને) માત્રને કહેનારી હોય છે. જ્યારે દ્વિતીયા, ચતુર્થી, તૃતીયા, પંચમી અને સપ્તમી વિભક્તિઓ કોઈપણ અનભિહિત કારકને માટે વપરાય છે.[૩૫]

[અનભિહિત કારકોને **દ્વિતીયાદિ વિભક્તિ પ્રત્યયોથી** અભિવ્યક્ત કરવામાં આવે છે. પરંતુ એ બધાં જ કારકોને જો પ્રથમા વિભક્તિના પ્રત્યયો લગાડવા હોય તો પહેલાં તે તે કારકોના અર્થો **બીજા કોઈક तिङ्, कृत्, तद्धित આદિ પ્રત્યયોથી અથવા સમાસથી અભિહિત કરવા પડે છે.** દા.ત. કર્તૃકર્માદિ કારકોને નીચે મુજબ અભિહિત કરી શકાય છે.

---

૩૫. **कारकमभिहितमनभिहितं च भवति । तत्र प्रथमाभिहितकारकविभक्तिः प्रातिपदिकार्थमात्र एव विधीयते । द्वितीयादयश्च सर्वा अनभिहितकारकविभक्तयः.....।** (पृ-२६६)

**૧. કર્તૃકારક** (क) પાણિનિએ लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩-૪-૬૯ સૂત્રથી જાહેર કર્યું છે કે લકાર (=લકારના સ્થાનમાં થતા ૧૮ तिङ् પ્રત્યયો)થી 'કર્તૃ' રૂપ (કે 'કર્મન્' રૂપ) અર્થ અભિહિત કરી શકાય છે. ધાતુને ૩-૧-૬૮ થી ૮૨ સુધીમાં વર્ણિત कर्तरि शप् (૩-૧-૬૮) વગેરે વિકરણ પ્રત્યયો અને ૩-૪-૭૮માં વર્ણિત तिप्-तस्-झि...त-आताम्-झ વગેરે (પરસ્મૈપદી અને આત્મનેપદી) પ્રત્યયો લગાડવાથી કર્તૃકારક રૂપ અર્થ અભિહિત થઇ શકે છે. (ख) कर्तरि कृत् । ૩-૪-૬૭ સૂત્રોક્ત કૃત્ પ્રત્યય પણ કર્તૃકારકનું અભિધાન કરે છે. જેમકે, ण्वुलतृचौ । ૩-૧-૧૩૩ સૂત્રથી વર્ણવેલા अक અને तृ પ્રત્યયોથી લાગીને पाचक । हारक । અને पक्तृ । हर्तृ । જેવા શબ્દો ('રાંધનાર / હરનાર') કર્તૃકારકનો બોધ કરાવે છે. (ग) कर्तृकरणे कृता बहुलम् । ૨-૧-૩૨ સૂત્રથી अहिहतो (देवदत्तः) સાપથી હણાયેલો (દેવદત્ત). (અહીં હનનક્રિયા કરનાર સાપ છે, એટલે કે સાપ 'કર્તા' છે.) જેવો બહુવ્રીહિ સમાસ સિદ્ધ થાય છે. આ સમાસથી પણ કર્તૃકારક રૂપી અર્થ અભિહિત થાય છે. **૨. કર્મકારક**- (क) ઉપર (૧ (क)માં નોંધ્યું છે તેમ,) પાણિનિએ लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩-૪-૬૯ સૂત્રથી જાહેર કર્યું છે કે લકારથી (=લકારના સ્થાનમાં આદેશ રૂપે થતા तिङ् પ્રત્યયોથી) ('કર્તૃ' રૂપ કે) 'કર્મન્' રૂપ અર્થ અભિહિત કરી શકાય છે. અલબત્ત, भावकर्मणोः (आत्मनेपदम्) । ૧-૩-૧૩ સૂત્રથી એટલું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે કર્મકારક રૂપ અર્થ અભિહિત કરવો હોય તો (લાદેશ રૂપે માત્ર) तङ् પ્રત્યયોનો જ ઉપયોગ કરવો =ધાતુને માત્ર આત્મનેપદી ૯ तङ् પ્રત્યયોની વચ્ચે (भावकर्मणोः) सार्वधातुके यक् । ૩-૧-૬૭ સૂત્રોક્ત य પ્રત્યય પણ મૂકવો. આમ /-यते/ (पठ्यते) પ્રત્યયથી પણ કર્મકારકનું અભિધાન થઈ શકે છે. (ख) तयोरेव कृत्य-क्त-खलर्थाः । ૩-૪-૭૦ સૂત્રોક્ત 'क्त' એવા કૃત્ (=કૃદન્ત) પ્રત્યયથી પણ કર્મકારકનું અભિધાન થઈ શકે છે. જેમકે, देवदत्तः हृतः । 'ખેંચી લાવવામાં આવેલો દેવદત્ત' (ग) प्राप्तम् उदकम् यं सः प्राप्तोदकः (ग्रामः) । અહીં બહુવ્રીહિ સમાસથી 'ઉદક' રૂપી કર્મકારક ઉક્ત=અભિહિત થાય છે. अनेकमन्यपदार्थे । ૨-૨-૨૪ સૂત્રથી આ સમાસનું વિધાન કરવામાં આવ્યું છે. **૩. કરણકારક :** (क) कृत्यल्युटो बहुलम् । ૩-૩-૧૧૩ સૂત્રોક્ત ल्युट्= अन પ્રત્યયથી કરણકારક અભિહિત બની શકે છે. જેમકે, चूर्णेन स्नातीति 'स्नानीयम्' चूर्णम् । એ જ પ્રમાણે, दाम्नीशस...नहः करणे (ष्ट्रन्) । ૩-૨-૧૮૧ સૂત્રોક્ત ष्ट्रन् પ્રત્યયથી પણ કરણકારક રૂપી અર્થ કહી શકાય-અભિવ્યક્ત થઈ શકે છે. (ख) આ ઉપરાંત, कर्तृकरणे कृता बहुलम् । ૨-૧-૩૨ સૂત્રવિહિત સમાસ દ્વારા પણ કરણકારક રૂપી અર્થ અભિવ્યક્ત કરી શકાય છે. જેમકે, नखैः निर्भिन्नः इति नखनिर्भिन्नः (देवदत्तः) । 'નખથી ભેદાયેલો (દેવદત્ત).' **૪. સમ્પ્રદાન કારક :** (क) ઉપર્યુક્ત ૩-૩-૧૧૩ સૂત્રવિહિત ल्युट्=अन પ્રત્યયથી સમ્પ્રદાનકારક રૂપી અર્થ પણ અભિહિત થઈ શકે છે. દા.ત. दानीयः विप्रः ।। (ख) એ જ પ્રમાણે, दाशगोघ्नौ सम्प्रदाने । ૩-૪-૭૩ સૂત્રવિહિત વિધિઓથી પણ સમ્પ્રદાન રૂપી અર્થ ઉક્ત બની શકે છે તથા (ग) अनेकमन्यपदार्थे । ૨-૨-૨૪ સૂત્રવિહિત બહુવ્રીહિ સમાસથી પણ સમ્પ્રદાનકારક રૂપી અર્થ ઉક્ત બની શકે છે. જેમકે, उपहृतपशुः (रुद्रः) । 'જેમને (=જે રુદ્રને) પશુનો બાલિ આપવામાં આવ્યો છે તે (=રુદ્ર). **૫. અપાદાન-કારક :** (क) ઉપર્યુક્ત ૩-૩-૧૧૩ સૂત્રવિહિત ल्युट्=अन પ્રત્યયથી અપાદાનકારક રૂપી અર્થ પણ અભિહિત થઈ શકે છે, જેમકે, प्रपतनः पर्वतः ।। (ख) એ જ પ્રમાણે, भीमादयोऽपादाने । ૩-૪-૭૫ સૂત્રથી પણ અપાદાનકારક (ક્યાં ક્યાં) અભિહિત રહે છે એની નોંધ લેવાઈ છે. (ग) તથા ૨-૨-૨૪ સૂત્રવિહિત બહુવ્રીહિસમાસ દ્વારા પણ અપાદાનકારક ઉક્ત રહે છે. જેમકે, उद्धृतोदना (स्थाली) । 'જે (તપેલી)માંથી ઓદન કાઢી લેવામાં આવ્યા છે (તેવી તપેલી). **૬. અધિકરણ કારક**- (क) करणाधिकरणयोश्च (ल्युट्) । ૩-૩-૧૧૭ સૂત્રવિહિત ल्युट्=अन પ્રત્યય (=કૃત્=કૃદન્ત પ્રત્યય)થી અધિકરણકારક રૂપી અર્થની અભિવ્યક્તિ થાય છે, જેમકે, गोदोहनी (स्थाली) । 'જે (તપેલી)માં ગાયનું દૂધ દોહવામાં આવે છે (તેવી તપેલી) (ख) क्तोऽधिकरणे च ध्रौव्यगतिप्रत्यवसानार्थेभ्यः । ૩-૪-૭૬ સૂત્રોક્ત 'क्त' પ્રત્યય પણ 'અધિકરણ' અર્થનો વાચક બની શકે છે. (ग) એ જ પ્રમાણે, ૨-૨-૨૪ સૂત્રોક્ત બહુવ્રીહિ સમાસ દ્વારા પણ અધિકરણકારક અભિહિત બની શકે છે. ઉદા.ત. वीरपुरुषकः (ग्रामः) । 'જે (ગામ)માં વીર પુરુષો નિવાસ કરે છે (તેવું ગામ)']

★

પાણિનિએ 'ઈપ્સિતતમ' અર્થ-પદાર્થની કર્મકારક સંજ્ઞા જાહેર કરી છે (कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯). તદુપરાંત, અમુક અમુક સન્દર્ભો આધારભૂત અને સાધકતમ અર્થો-પદાર્થોની પણ 'કર્મકારક' સંજ્ઞા જાહેર કરી છે. પછી આવાં

કર્મકારકોને **अनभिहिते ।** ૨-૩-૧ના અધિકાર નીચે આવેલા **कर्मणि द्वितीया ।** ૨-૩-૨ સૂત્રની સાથે જોડવામાં આવેલ છે. આમ જ્યાં કર્મકારક સંજ્ઞા દ્વારા (through) દ્વિતીયા વિભક્તિનું વિધાન થયું છે ત્યાં (જ) કર્મણિ પ્રયોગ અને કર્તરિ પ્રયોગની શક્યતા રહેલી છે. જ્યાં કર્મસંજ્ઞાના નિમિત્ત વિના, સીધું જ દ્વિતીયા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે ત્યાં (એ દ્વિતીયાન્ત પ્રયોગનો) કર્મણિપ્રયોગ થવો શક્ય જ નથી એવું સૂચવાય છે. ઉદાહરણોથી આ મુદ્દો વધુ સમજાશે.

(क) ૧. 'રામ વેદ વાંચે છે.' અહીં **कर्तुरीप्सिततमं कर्म ।** ૧-૪-૪૯ **સૂત્રથી** કર્તાને વાંચનક્રિયામાં જે ઈપ્સિતતમ પદાર્થ છે' તે 'વેદ'ની "કર્મ" સંજ્ઞા થાય છે. આ કર્મકારકને અભિવ્યક્ત કરવા માટે પાણિનિએ કહ્યું છે કે **(अनभिहिते) कर्मणि, द्वितीया ।** ૨-૩-૨, અને **अभिहिते कर्मणि प्रथमा ।।** આથી रामः वेदं पठति । रामेण वेदः पठ्यते । જેવા અનુક્રમે કર્તરિ અને કર્મણિ પ્રયોગ અસ્તિત્વમાં આવે છે. ૨. 'હરિ વૈકુંઠમાં સૂતા છે.' અહીં શયનક્રિયાનું આધારસ્થાન 'વૈકુંઠ' છે. अधि (ઉપસર્ગપૂર્વક) + √शीङ् ધાતુનો જો વાક્યમાં ઉપયોગ કરવાનો હોય તો તે સન્દર્ભમાં આ આધારસ્થાન **-वैकुण्ठ-ની अधिशीङ्स्थासां कर्म ।** ૧-૪-૪૬ સૂત્રથી 'કર્મકારક' સંજ્ઞા થાય છે. પરિણામે આ આધારરૂપ કર્મકારકની દ્વિધા ઉપસ્થિતિ શક્ય બને છે. **हरिः वैकुण्ठम् अधिशेते ।** (કર્તરિ પ્રયોગ), અને **हरिणा वैकुण्ठः अधिशीयते ।** (કર્મણિ પ્રયોગ). ૩. 'રામ (જુગારના) પાસા રામે છે.' અહીં (જુગાર) રમવાની ક્રિયામાં પાસા પ્રકૃષ્ટોપકારક=સાધકતમ પદાર્થ છે. આ સાધકતમ પદાર્થની **दिवः कर्म च ।** ૧-૪-૪૩ **સૂત્રથી** વિકલ્પે (કરણસંજ્ઞા અને) કર્મસંજ્ઞા પણ થાય છે. આ કર્મની અભિવ્યક્તિ બે રીતે થશે. **रामः अक्षान् दीव्यति । रामेण अक्षाः दीव्यन्ते ।**

**(ख)** પાણિનિએ **कालाध्वनोः अत्यन्तसंयोगे [द्वितीया] ।** ૨-૩-૫ **સૂત્રથી** 'અત્યન્ત સંયોગ હોય ત્યારે કાલવાચક અને માર્ગવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું છે.' અહીં પાણિનિએ કાલવાચક અને માર્ગવાચક શબ્દોની કર્મકારક સંજ્ઞા જાહેર કરી નથી. એટલે કે કર્મસંજ્ઞાને નિમિત્ત બનાવ્યા વિના, તે બે શબ્દોને સીધું જ દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. આથી **मासम् अधीते ।** કે **क्रोशं कुटिला नदी ।** જેવાં વાક્યોનો કર્મણિ પ્રયોગ થઈ શકતો નથી, એટલે કે **मासम्** એવા દ્વિતીયાન્ત પ્રયોગને પ્રથમાન્ત પ્રયોગમાં ફેરવી શકાતો નથી.

★

અપાણિનીય વ્યાકરણોમાં દા.ત. ચાન્દ્રવ્યાકરણમાં વક્તાના મનમાં રહેલા ઈપ્સિતતમ, સાધકતમ ઈત્યાદિ અર્થોનું પૃથક્કરણ-વ્યાખ્યાન કરવાનો પ્રયન્ત થયો નથી. ત્યાં 'કારકપાદ'ની સંપૂર્ણ ગેરહાજરી છે. એટલે કે **साधकतमम् करणम् । ध्रुवम् अपाये अपादानम् ।** જેવાં સૂત્રો રચ્યાં વિના, કેવળ **करणे (तृतीया) ।** (ચાન્દ્ર વ્યા.૨-૧-૬૩) **सम्प्रदाने चतुर्थी ।** (ચાન્દ્ર વ્યા. ૨-૧-૭૩) જેવાં-વિભક્તિઓનું વિધાન કરનારાં-સૂત્રોની જ રચના કરવામાં આવી છે. આમ ચાન્દ્ર વ્યાકરણમાં કેવળ વિભક્તિપાદ (૨-૧-૪૩ થી ૯૮) જ જોવા મળે છે. ત્યાં **अनभिहिते । पा. सू.** ૨-૩-૧ જેવા અત્યંત મહત્ત્વપૂર્ણ સૂત્રની પણ ગેરહાજરી છે. પરિણામે-૧. સંસ્કૃત ભાષાના વાક્યમાં પ્રથમા વિભક્તિ દ્વારા નક્કી થતા ઉદ્દેશ્ય (Subject) વાચક પદની વ્યવસ્થા પ્રાપ્ત થતી નથી; તથા ૨. સંસ્કૃત ભાષાની વિશિષ્ટતા સમા કર્મણિ પ્રયોગની પણ સ્પષ્ટ વ્યવસ્થા પ્રાપ્ત થતી નથી.

## ૫

વિભક્તિ વિધાન કરનારાં સૂત્રોને "अनभिहिते" (૨-૩-૧) સૂત્રના અધિકાર નીચે શા માટે મૂકવામાં આવ્યાં છે ? -"अनभिहिते ।" સૂત્રથી શી વ્યવસ્થા પ્રાપ્ત થાય છે ? એનું સ્પષ્ટીકરણ ઉપરની ચર્ચા (૪)માં કરવામાં આવ્યું છે. પરંતુ જુદી જુદી દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રોનું જે ક્રમે ગ્રથન કરવામાં આવ્યું છે, તે ક્રમ તપાસવો રસપ્રદ બની રહેશે. અગાઉ જણાવ્યું છે તેમ **अनभिहिते ।** ૨-૩-૧ સૂત્રનો અધિકાર **नक्षत्रे च लुपि ।** ૨-૩-૪૫ સુધીનાં જ સૂત્રોમાં જાય છે. આ અધિકારની અંતર્ગત પ્રથમા અને ષષ્ઠી વિભક્તિ સિવાયની, એટલે કે દ્વિતીયા, ચતુર્થી, તૃતીયા, પંચમી અને સપ્તમી વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે. જેમકે,

**अनभिहिते ।** ૨-૩-૧

૧. कर्मणि द्वितीया । ૨-૩-૨

૨. चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૩

૩. कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮

૪. अपादाने पञ्चमी । ૨-૩-૨૮

૫. सप्तमी अधिकरणे च । ૨-૩-૩૬

- नक्षत्रे च लुपि । २-३-४५

१. प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । २-३-४६

२. षष्ठी शेषे । २-३-५० (થી ૭૩).

- અહીં બે ત્રણ મુદ્દા નોંધપાત્ર બને છે :

(૧) આ વિભક્તિવિધાનની ગુંથણીમાં દ્વિતીયા વિભક્તિ અને તૃતીયા વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રોની વચ્ચે **ચતુર્થી વિભક્તિનું** વિધાન કરનારું સૂત્ર (૨-૩-૧૩) કેવી રીતે પ્રવેશી ગયું હશે ? તે અજ્ઞાત છે. પાણિનિએ આવો **ક્રમભંગ કેમ** કર્યો હશે તે સમજી શકાતું નથી એવું ડૉ. એસ. ડી. જોશી કહે છે. (દાન આપવાની ક્રિયામાં મુખ્ય કર્મ **(direct object)** ની સાથે જ સમ્પ્રદાન કારક સંકળાયેલું હોય છે. આમ સમ્પ્રદાન એક રીતે "પરોક્ષ કર્મ" (indirect **object) છે એમ** સૂચવવા માટે કદાચ આવો ક્રમભંગ કર્યો હશે.)

**(૨) પંચમી** અને સપ્તમી વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રોની વચ્ચે ષષ્ઠી વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રો નથી. **કેમકે ષષ્ઠી વિભક્તિ** કોઈ કારકાર્થને અભિવ્યક્ત કરતી નથી. તે અકારક વિભક્તિ છે. માટે તેને **"अनभिहिते"** । ના **અધિકાર નીચે** મૂકી શકાય એમ નથી.

(૩) અહીં અનભિહિત કારકને દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન કરનારાં (૨-૩-૨, ૨-૩-૧૩, ૨-૩-૧૮, ૨-૩-૨૮, ૨-૩-૩૬) સૂત્રોની વચ્ચે જે સૂત્રો આવેલાં છે તેમાં ઉપપદ વિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રો છે. દા.ત. **(अनभिहिते । २-३-१) कर्मणि द्वितीया ।** २-३-२ અનભિહિત કર્મકારકને દ્વિતીયા વિભક્તિનું વિધાન કરનારું સૂત્ર છે. પરંતુ **अन्तराऽन्तरेण युक्ते** । २-३-४, **कालाध्वनोः अत्यन्तसंयोगे** । २-३-५ જેવાં સૂત્રો ઉપપદ વિભક્તિ-દ્વિતીયાનું વિધાન કરનારાં સૂત્રો છે.

અહીં એ નોંધપાત્ર છે કે ઉપપદવિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રોમાં **"अनभिहिते"**નો અધિકાર અપ્રસ્તુત બની જાય છે. તેથી એમ માનવું રહ્યું કે (અનભિહિત કારકને લાગનારી જે તે વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રમાં જ **"अनभिहिते"**નો અધિકાર જાય છે, અને તે સિવાયનાં) ઉપપદ વિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રોમાં **"अनभिहिते"**નો અધિકાર સ્થગિત થઈ જાય છે.[૩૬]

★

૨-૩-૪૫માં **"अनभिहिते"** । નો અધિકાર પૂરો થઈ ગયા પછી; ૨-૩-૪૬મા સૂત્રમાં પાણિનિએ પ્રથમા વિભક્તિનું વિધાન કરનારું સૂત્ર (**प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा** । २-३-४६) મૂક્યું છે. આમ પ્રથમા વિભક્તિનું વિધાન કરનારા સૂત્રને પાણિનિએ **अनभिहिते** । ના અધિકારની બહાર રાખ્યું છે. આ દ્વારા તેઓ એવું સૂચવવા માગે છે કે, પ્રથમા વિભક્તિ **કોઈ પણ અભિહિત** કારકને લાગનારી વિભક્તિ છે.

ત્યાર પછી, ૨-૩-૫૦ સૂત્રથી શરૂ કરીને ૨-૩-૭૩ સુધી-એટલે કે ત્રીજા પાદના અંત સુધી આવેલાં તમામ સૂત્રોમાં ષષ્ઠી વિભક્તિ કયા અર્થમાં; ક્યાં પ્રવૃત્ત થાય અને ક્યાં ન પ્રવૃત્ત થાય એનું વિધાન આવ્યું છે. જેમકે,

१. **षष्ठी शेषे** । २-३-५० 'સંબંધ' અર્થમાં ષષ્ઠીનું વિધાન

२. **ज्ञोऽविदर्थस्य करणे** । २-३-५१ થી **व्यवहृपणोः समर्थयोः** । २-३-५७ અને **कृत्वोऽर्थप्रयोगे कालेऽधिकरणे** । २-३-६४ } (અવિવક્ષિત કારક) ષષ્ઠીનું અથવા "પ્રતિપદવિધાના" ષષ્ઠીનું વિધાન કરનારાં સૂત્ર

३. **कर्तृकर्मणोः कृति** । २-३-६५, **उभयप्राप्तौ कर्मणि** । २-३-६६ } કર્તા કે કર્મ અર્થમાં ષષ્ઠીનું વિધાન.

---

૩૬. The condition *anabhihite,* which implies that the *Kāraka* function is not to be denoted twice, is applicable in connection with only those *Kārakavibhaktis* which denote functions *Kartṛ, karman,* etc. An *upapadavibhkti* is not prescribed through any title *karman,* Kartṛ, etc. indicating function. Therefore the condition *anabhihite* becomes automatically cancelled if a rule introduces an *upapadavibhakti.* The condition *anabhihite* becomes effective again when a rule introduces a *Kārakavibhakti.* Here the general principle of compatibility and in compatibility decides the continuation and discontinuation of the *adhikāra anabhihite.* –See : S. D. Joshi & Saroja Bhate; The Fundamentals of Anuvṛtti, Univ. of Poona, 1984, p. 174.

૪. ૨-૩-૬૭ થી ૨-૩-૭૩ } પ્રકીર્ણ, ષષ્ઠી નિષેધના સન્દર્ભો અને ઉપપદ વિભક્તિઓનું વિધાન

('પ્રસ્તાવના'ને અન્તે આપેલાં 'કારકપાદ' અને 'વિભક્તિપાદ'નાં સૂત્રોની યાદી ધ્યાનથી જોવી.)

૬

કારકપાદ (૧-૪-૨૩ થી ૫૫) અને વિભક્તિપાદ (૨-૩-૧ થી ૭૩)માં 'સંસ્કૃત ભાષાના કોઈ પણ વાક્યનું ધ્વન્યાત્મક સ્વરૂપ કેવી રીતે તૈયાર થાય છે ?' એ દર્શાવવામાં આવ્યું છે. પાણિનિએ પહેલાં, 'કારકપાદ'ની અંદર વક્તાના મનમાં રહેલા (વિવક્ષિત) અર્થોનું પૃથક્કરણ કર્યું છે. આ અર્થોને પારિભાષિક નામો-કારકસંજ્ઞાઓ-પાડીને, તેનું કેવી રીતે અને કેટલી રીતે ધ્વનિમાં રૂપાંતર થાય છે એનું 'વિભક્તિપાદ'માં નિરૂપણ કર્યું છે. અલબત્ત, આ નિરૂપણ થોડુંક સંકુલ છે. જેમકે, કોઈ એક અર્થની એક જ કારકસંજ્ઞા થાય એવો નિયમ નથી તથા કોઈ એક કારકસંજ્ઞાની કોઈ એક જ વિભક્તિપ્રત્યય (રૂપિમ-Morphim)થી વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં અભિવ્યક્તિ થાય એવો પણ નિયમ નથી. (બીજા શબ્દોમાં કહીએ તો—

(क) ૧. એક જ અર્થની અનેક કારકસંજ્ઞાઓ પણ પડી શકે છે. અથવા,

૨. અનેક અર્થોની એક કારકસંજ્ઞા પણ પડી શકે છે. એ જ પ્રમાણે,

(ख) ૧. કોઈ પણ કારકસંજ્ઞાની જુદી જુદી બે વિભક્તિઓથી અભિવ્યક્તિ પણ થઈ શકે છે. તથા,

૨. જુદી જુદી કારકસંજ્ઞાઓની કોઈ એક જ વિભક્તિ પ્રત્યયથી અભિવ્યક્તિ થાય એવું પણ જોવા મળે છે.

આ દૃષ્ટિએ પાણિનિએ 'કારકપાદ' અને 'વિભક્તિપાદ'માં કરેલું સંસ્કૃતવાક્યરચનાનું વર્ણન થોડુંક સંકુલ બનવા પામ્યું છે.

હવે ઉદાહરણોથી આનું સ્પષ્ટીકરણ કરીશું :

(क) ૧. જગત્‌ની કેટલીક ક્રિયાઓ સિદ્ધ કરવા માટે કેટલાક પદાર્થો 'સાધકતમ'=પ્રકૃષ્ટોપકારક હોય છે. આ એક અર્થ (semantic category)ની વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં રૂપાન્તર કરતાં પહેલાં અનેક કારકસંજ્ઞાઓ પડી શકે છે. દા.ત. (૧) સાધકતમ પદાર્થને કરણકારક કહેવામાં આવે છે. अक्षैः दीव्यति । 'પાસા વડે જુગાર રમે છે.' જુગાર રમવાની ક્રિયામાં પાસા સાધકતમ=પ્રકૃષ્ટોપકારક પદાર્થ છે. (૨) સાધકતમ પદાર્થને ક્યારેક કર્મકારક પણ કહેવામાં આવે છે. अक्षान् दीव्यति । 'પાસા રમે છે.' અહીં (જુગાર) રમવાની ક્રિયામાં પાસા સાધકતમ પદાર્થ છે. (૩) નિયતકાલ માટે પગારથી કોઈ વ્યક્તિને ખરીદવો હોય તો તે ક્રિયામાં જે પ્રકૃષ્ટોપકારક=સાધકતમ પદાર્થ હોય તેને સમ્પ્રદાન કારક પણ કહેવામાં આવે છે. शताय/शतेन परिक्रीतः । 'સો રૂપિયા માટે / સો રૂપિયાથી ખરીદેલો (માણસ).'

સાધકતમ

| ↓ | ↓ | ↓ |
|---|---|---|
| કરણકારક | કર્મકારક | સમ્પ્રદાનકારક |
| ↓ | ↓ | ↓ |
| (૧-૪-૪૨) | (૧-૪-૪૩) | (૧-૪-૪૪) |
| ↓ | ↓ | ↓ |
| તૃતીયા (૨-૩-૧૮) | દ્વિતીયા (૨-૩-૨) | ચતુર્થી (૨-૩-૧૩) |
| ↓ | ↓ | ↓ |
| /-टा/ -भ्याम् //-भिस्/ | /-अम्/ /-औट्/ /-शस्/ | /-ङे/ /भ्याम्/ /-भ्यस्/ |
| (૪-૧-૨) | (૪-૧-૨) | (૪-૧-૨) |
| भिस्>ऐस् | शस्>आन् | ङे>आय |
| (૭-૧-૯) | (૬-૧-૧૦૩) | (૭-૧-૧૩) (૭-૩-૧૦૨) |
| ↓ | ↓ | ↓ |
| अक्षैः दीव्यति । | अक्षान् दीव्यति । | शताय परिक्रीतः । |

અહીં સાધકતમ અર્થની મુખ્યત્વે કરણસંજ્ઞા થાય છે અને મહદંશે તૃતીયા વિભક્તિથી તેની અભિવ્યક્તિ થાય છે. પરંતુ કેટલાક વિશિષ્ટ સન્દર્ભોમાં તે કર્મકારક સંજ્ઞક અથવા સમ્પ્રદાનસંજ્ઞક પણ બને છે. આનું એક બીજું ઉદાહરણ પણ જુઓ—

જગત્‌ની ક્રિયાઓ સિદ્ધ કરવા માટે કોઈક આધાર પદાર્થની જરૂર પડતી હોય છે. આ એક આધાર રૂપ 'અર્થ' (semantic category)ની વાક્યના ધ્વન્યાત્મક સ્વરૂપમાં રૂપાન્તર કરતાં પહેલાં એકથી વધારે કારકસંજ્ઞાઓ પડી શકે છે. દા.ત. (૧) આધાર રૂપ પદાર્થને 'અધિકરણકારક' કહેવામાં આવે છે. रामः ग्रामे वसति । 'રામ ગામમાં રહે છે.' **નિવાસક્રિયામાં** 'ગ્રામ' આધારભૂત અર્થ છે. (૨) આધાર રૂપ પદાર્થને અમુક સન્દર્ભમાં કર્મકારક પણ કહેવામાં આવે છે. **रामः ग्रामम् उपवसति** । 'રામ ગામમાં રહે છે.' અહીં રામની નિવાસક્રિયાનું આધારસ્થાન ગામ જ છે. તથાપિ √ **वस् ધાતુની પૂર્વે** उप ઉપસર્ગ આવેલો હોઈ, તે આધારભૂત પદાર્થ 'કર્મકારક' સંજ્ઞા ધારણ કરે છે.

આધાર
↓

| અધિકરણ | કર્મન્ |
|---|---|
| ↓ | ↓ |
| (૧-૪-૪૫) | (૧-૪-૪૬, ૪૮) |
| ↓ | ↓ |
| સપ્તમી (૨-૩-૩૬) | દ્વિતીયા (૨-૩-૨) |
| ↓ | ↓ |
| /-ङि/ /-ओस्/ /-सुप् / (૪-૧-૨) | /-अम्/ /औट्/ /-शस् / (૪-૧-૨) |
| ङि > इ, अ + इ = ए (६-१-८७) | अ + अम् (૬-૧-૧૦૭) |
| ग्रामे वसति । | ग्रामम् उपवसति ॥ |

આમ એક જ અર્થ-semantic category-ની અનેક કારકસંજ્ઞાઓ પડી શકે છે એવું 'કારકપાદ'માં પાણિનિએ વર્ણવ્યું છે.

(क) ૨. અનેક અર્થોની એક જ કારકસંજ્ઞા પડી શકે, વધારે નહીં એવું પણ જોવા મળે છે. જેમકે, અમુક ક્રિયામાં જે ઈપ્સિતતમ પદાર્થો હોય, જે સાધકતમ=પ્રકૃષ્ટોપકારક પદાર્થ હોય તે અને કોઈક ક્રિયાનો જે આધારભૂત પદાર્થ હોય તે ત્રણેયને 'કર્મકારક' એવી એક જ સંજ્ઞા આપવામાં આવે છે. દા.ત. ખાવાની ક્રિયામાં ફળ ઈપ્સિતતમ પદાર્થ છે અને જુગાર રમવાની ક્રિયામાં પાસા પ્રકૃષ્ટોપકારક=સાધકતમ અર્થ-પદાર્થ-છે. તે બન્નેને 'કર્મકારક' કહેવામાં આવશે. તદુપરાંત, નિવાસ ક્રિયામાં જે આધાર હશે તેને પણ 'કર્મકારક' કહેવામાં આવશે. (અલબત્ત, અમુક સન્દર્ભમાં). પરિણામે फलं खादति । अक्षान् दीव्यति । ग्रामम् उपवसति । જેવાં વાક્યો બનશે.

| ઈપ્સિતતમ | સાધકતમ | આધાર |
|---|---|---|
| (૧-૪-૪૯) | (૧-૪-૪૩) | (૧-૪-૪૮) |

કર્મન્

| ફલમ् खादति । | अक्षान् दीव्यति । | ग्रामम् उपवसति । |
|---|---|---|

અહીં ત્રણ જુદા જુદા અર્થો-semantic categories-ની એક જ કારકસંજ્ઞા પડે છે એવું જોવા મળે છે.

["એકસંજ્ઞાધિકાર"માં કારકસંજ્ઞાઓ આવેલી છે. તેમાંથી કોઈ એક સંજ્ઞા જ એકી સમયે પ્રવૃત્ત થાય છે. એક જ ઉદાહરણમાં એકથી વધારે કારકસંજ્ઞા પ્રવૃત્ત થઈ શકતી નથી. (આ જે એક સંજ્ઞા પ્રવૃત્ત થાય તે પરસૂત્રોક્ત હોવી જોઈએ અથવા અનવકાશ હોવી જોઈએ.) પરંતુ ક્યારેક સૂત્રકારે જો કોઈ સૂત્રમાં चकार કે अन्यतरस्याम् જેવા કોઈ શબ્દો વાપર્યા હોય તો એક જ ઉદાહરણમાં એકથી વધારે સંજ્ઞાનો પણ સમાવેશ થઈ શકે છે. દા.ત. दिवः कर्म च । ૧-૪-૪૩ અને परिक्रयणे सम्प्रदानेऽन्यतरस्याम् । ૧-૪-૪૪. ૧.આ સૂત્રથી સાધકતમ પદાર્થની કરણસંજ્ઞા ઉપરાંત

કર્મસંજ્ઞા પણ થઈ શકે છે. अक्षैः/अक्षान् दीव्यति । અને ૨. આ સૂત્રથી સાધકતમ પદાર્થની કરણસંજ્ઞા અને સમ્પ્રદાનસંજ્ઞા પણ થઈ શકે છે. शतेन/शताय परिक्रीतः ।।)

(ख) ૧. વિભક્તિપાદમાં કોઈ પણ કારકસંજ્ઞાની બે જુદી જુદી વિભક્તિઓના પ્રત્યયોથી અભિવ્યક્તિ થઈ શકે છે એવું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે. દા.ત.

(ઈપ્સિતતમ - સાધકતમ - આધાર)
(ત્રણ અર્થો)
(એક કારક સંજ્ઞા)
કર્મકારક

अभिहित (દ્વિધા ઉપસ્થિતિ) अनभिहित

↓ ↓

પ્રથમા વિભક્તિ (૨-૩-૪૬) | દ્વિતીયા વિભક્તિ (૨-૩-૨)

૧. रामेण **वेदः** पठ्यते । (ઈપ્સિતતમ)
૨. **अक्षाः** दीव्यन्ते । (સાધકતમ)
૩. **ग्रामः** उपवस्यते । (આધાર)

(કર્મણિ પ્રયોગમાં કર્મકારક અભિહિત હોય છે અને માટે તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

૧. रामः **वेदं** पठति ।
૨. अक्षान् दीव्यति ।
૩. ग्रामम् उपवसति ।

(કર્તરિ પ્રયોગમાં કર્મકારક અનુક્ત=અનભિહિત હોય છે. માટે તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

અહીં 'કર્મકારક' એવી એક કારકસંજ્ઞા જે જે અર્થ-પદાર્થ-ની પડી હોય તે દરેકની જુદી જુદી બે વિભક્તિઓ દ્વારા ઉપસ્થિતિ શકય છે એનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આનું બીજું એક ઉદાહરણ જોઈશું :

સમ્પ્રદાન કારક

અભિહિત | અનભિહિત
↓ | ↓
પ્રથમા (૨-૩-૪૬) | ચતુર્થી (૨-૩-૧૩)
↓ | ↓
दानीयः विप्रः । | विप्राय ददाति ।

અહીં अनीय (૩-૩-૧૧૩) એવા કૃત્ પ્રત્યયથી જો સમ્પ્રદાન કારક અભિહિત હોય તો તેને પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે અને જો તે બીજા કોઈ પણ પ્રત્યયથી અભિહિત ન હોય=અનુક્ત હોય તો તેને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.

(ख) ૨. હવે, જુદી જુદી કારકસંજ્ઞાઓની કોઈ એક જ વિભક્તિના પ્રત્યયથી અભિવ્યક્તિ થાય છે એનું ઉદાહરણ જોઈશું :

કર્તૃકારક | કરણકારક

↓

તૃતીયા (૨-૩-૧૮)

દા.ત. ૧. **रामेण** हतः वाली । (કર્તૃકારક)

૨. **असिना** छिनत्ति । (કરણકારક)

★

## (૭) વિવક્ષા

પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં ક્યાંય 'વિવક્ષા' શબ્દ વાપર્યો નથી. ચાન્દ્રવ્યાકરણમાં ચન્દ્રગોમિને **विवक्षातः कारकाणि भवन्ति । (चा० २-१-४९ वृत्तिः)** "(વક્તાની) વિવક્ષાને અધીન કારકપ્રયોગ થાય છે." એવું વિધાન કર્યું છે. પાછળથી આ વિધાન પાણિનીય વૈયાકરણોમાં પણ પ્રચલિત બન્યું છે. ભર્તૃહરિએ (ચન્દ્રગોમિન્‌ના શિષ્ય વસુરાત હતા અને વસુરાતના શિષ્ય ભર્તૃહરિ હતા. તેમણે) પાણિનીય વ્યાકરણમાં 'વિવક્ષા'ના વિચારને પહેલવહેલો રજૂ કર્યો છે. એવું જણાય છે કે ભર્તૃહરિએ **वक्तुम् इच्छा इति विवक्षा ।** વિવક્ષા એટલે બોલવાની ઇચ્છા' એવો પ્રાથમિક અર્થ લીધો છે. પરંતુ અહીં 'વિવક્ષા' શબ્દથી કંઈક ગંભીર અર્થ અભિપ્રેત છે.

પાણિનિએ 'વિવક્ષા' શબ્દનો પ્રયોગ કર્યા વિના, 'વિવક્ષા' વાક્યરચના ઉપર કેવી રીતે અને ક્યાં અસર પાડે છે (Semantic levelનું Syntactic levelમાં રૂપાંતર કરતી વખતે વક્તાની અમુક રીતે બોલવાની ઇચ્છા-વિવક્ષા-વાક્યરચનામાં શો પ્રભાવ પાડે છે ?) એ સૂક્ષ્મ રીતે સૂચવ્યું છે. આમ 'કારકપ્રકરણ'માં 'વિવક્ષા' શબ્દનો પ્રયોગ થયો નથી, છતાંય 'વિવક્ષા'ની ચર્ચા કરવી આવશ્યક બને છે.

★

આપણે જોયેલી, વિચારેલી કે અનુભવેલી અનેક ક્રિયાઓને જ્યારે શબ્દમાં રજૂ કરીએ છીએ ત્યારે આપણા સૌની રજૂઆત જુદી જુદી હોય છે. દા.ત. શાકુન્તલ (અંક : ૧)માં અનસૂયા દુષ્યન્તને પૂછે છે : **कतमः आर्येण राजर्षिवंशोऽलंक्रियते ? कतमो वा विरहपर्युत्सुकजनः कृतो देशः ? किंनिमित्तं वा सुकुमारतरोऽपि तपोवनगमनपरिश्रमस्य आत्मा पदमुपनीतः ? ।** આને બદલે એમ પણ પૂછી શકાય કે-**कस्मिन् वंशे भवतः जन्म अभूत् ।** कुतः समायातः अत्रभवान् । किमर्थं समायातः ? । 'કયા વંશમાં આપનો જન્મ થયો છે ? આપ ક્યાંથી આવો છો ? આપ શા માટે આવ્યા છો ?' બીજું, કોઈ એક જ વ્યક્તિની એક જ ઘટના કે ક્રિયા બાબતની રજૂઆત પણ જુદા જુદા સમયે જુદી હોય છે ! આનું કારણ વક્તાની 'વિવક્ષા' છે.

એક જ વક્તવ્ય-એકમ અનેક રીતે અભિવ્યક્ત કરી શકાય એમ હોય ત્યારે વક્તા અમુક ચોક્કસ ઈરાદાથી (intention) કે કોઈ ચોક્કસ પ્રકારની પ્રતીતિ (Cognition)થી[૩૭] કોઈ એક અભિવ્યક્તિને પસંદ કરે છે. વક્તાના આ ઈરાદાને અને પ્રતીતિને **વિવક્ષા** નામ આપવામાં આવ્યું છે. પરંતુ અહીં એ યાદ રાખવું કે પ્રસ્તુત સન્દર્ભમાં 'વિવક્ષા' એ શૈલીગત વિભાવ નથી; પણ એક પ્રકારનો વ્યાકરણિક વિભાવ છે.

(૧) વિવક્ષા એટલે वक्तुम् इच्छा । 'બોલવાની ઇચ્છા' (speaker's desire). વિવક્ષાને સમજાવતાં હેલારાજ લખે છે કે જુદી જુદી ક્રિયાઓ અનેક સામગ્રીથી-અનેક પદાર્થોથી-કરવામાં આવતી હોય છે. ક્રિયાનિષ્પત્તિ કરવામાં આ બધા પદાર્થો 'કારક' રૂપે ભાગ લે છે. આથી एते (पदार्थाः) पचन्ति । એમ સામાન્ય રીતે કહી શકાય. પરંતુ જ્યારે 'કયો પદાર્થ કઈ રીતે રાંધવાની ક્રિયામાં ભાગ લે છે ? એ કહેવાની ઇચ્છા-વિવક્ષા-હોય ત્યારે, પ્રધાન (રાંધવાની) ક્રિયાના નિષ્પાદનમાં જુદા જુદા પદાર્થો જુદા જુદા પ્રકારનો વ્યાપાર કરે છે એ દર્શાવવા દરેક પદાર્થ કર્તા, કર્મ, કરણ, અપાદાનાદિ જુદી જુદી સંજ્ઞાઓ પ્રાપ્ત કરે છે. જેમકે, रामः काष्ठैः तण्डुलान् पचति ।[૩૮]

★

---

૩૭. **निरूपितेऽर्थे शब्दप्रयोगाद्, यथानिरूपणं शब्दोपपत्तिः (हेलाराजः-पृ-२३३)** 'માણસના મનમાં જે રીતે કોઈ પદાર્થનું નિરૂપણ-cognition-થાય એ રીતે તે શબ્દો દ્વારા રજૂઆત કરે છે. (અને જ્યાં સુધી, બાહ્ય જગત્‌માં કોઈ વસ્તુ હોવા છતાંય તેનું **'નિરૂપણ' થતું નથી ત્યાં સુધી** તેના વિષે કોઇ પ્રકારનો શબ્દવ્યવહાર પણ થતો નથી.)

૩૮. **सामग्रीसाध्यत्वात् क्रियाणां** सर्वे कारकत्वं क्रियानिष्पत्तिविषयभेदेन प्रतिपद्यन्ते 'पचन्ति एते' इति । यदा तु 'कः कथं पचति' **इति विवक्षा तदा प्रधाननिष्पादने** विचित्र व्यापाराणि कारकाणि यथास्वं व्यापारातिशयवशेन करणादिसंज्ञाः प्रतिलभन्ते ।। तथा **हि- साधनान्तरविनियोगव्यापार कर्ता** २. निर्वृत्तिविकारप्राप्त्या हितसंस्कारं कर्तुः क्रियया ईप्सिततमं **कर्म** ३. ज्वलनाद्यनुभवत् **कारकान्तरव्यापारैः अव्यवहितव्यापारं करणम्** । ४. प्रेरणानुमननानिराकरणव्यापारं कर्मणा संबध्यमानं **सम्प्रदानम्** ५. अपायमवधिभावोपगमनेन साधयद् **अपादानम्** ६. कर्तृकर्मव्यवहितक्रियाधारकम् **अधिकरणम्** ७. स्वतन्त्रं प्रेषयद् **हेतुरिति** ।।... **अकारकस्य च विशेषसंज्ञाभावः**, 'वृक्षस्य पर्णं पतति' इति ।। (वाक्यपदीयम्-हेलाराजवृत्तिः पृ० २४६)

ભર્તૃહરિ 'વાક્યપદીય' (કાણ્ડ-૩)ના સાધનસમુદ્દેશમાં પ્રારંભે જ જણાવે છે કે-

**शक्तिमात्रासमूहस्य विश्वस्यानेकधर्मणः ।**

**सर्वदा सर्वथा भावात् क्वचित् किञ्चिद् विवक्ष्यते ॥ २ ॥**

અહીં **विश्व** શબ્દથી ઘટ વગેરે પદાર્થો સમજવાના છે. જગત્‌ના આ ઘટ વગેરે પદાર્થો ઉદક-**આહરણાદિ** કાર્યોને સિદ્ધ કરનારી શક્તિના સમૂહ રૂપ છે. અનેક શક્તિઓના સમૂહ રૂપ ઘટાદિ પદાર્થ સ્વરૂપતઃ **યથાવત્ રહેવા** છતાંય, તેમાં પડેલી -અન્તર્નિહિત-શક્તિઓમાંથી ક્યારેક કોઇક શક્તિ ઉદ્ભૂત થઈ હોય એમ વિવક્ષિત બને છે. જેમકે, **घटं पश्य । घटेन उदकम् आनय । घटे उदकं निधेहि ।** વગેરે. અહીં ઘટ પદાર્થ અનેક શક્તિઓથી ભરેલું બંડલ છે. હવે દર્શનક્રિયાનો સન્દર્ભ હોય ત્યારે 'ઘંટ' પદાર્થની 'દશ્ય' બનવાની="દર્શનક્રિયાનું 'કર્મ' બનવાની શક્તિ" ઉદ્ભૂત થાય છે. પાણી લાવવાની ક્રિયાના સન્દર્ભમાં તે પદાર્થની 'સાધન' રૂપ શક્તિ-કરણ=instrument બનવાની શક્તિ-ઉદ્ભૂત થાય છે. એ જ પ્રમાણે, પાણી ભરવાની-પાણીનો સંગ્રહ કરવાની-ક્રિયાના સન્દર્ભમાં ઘટ પદાર્થની આધારશક્તિ બહાર આવે છે. આમ જુદી જુદી ક્રિયાના સન્દર્ભમાં એક જ પદાર્થની જુદી જુદી શક્તિઓ કામે લાગે છે એ દર્શાવવા માટે વક્તા જુદા જુદા વિભક્તિ પ્રત્યયોનો ઉપયોગ કરે છે. જેમકે, ઘટ પદાર્થની 'દશ્ય' બનવાની શક્તિ (=કર્મકારક શક્તિ)ને બીજી વિભક્તિના (घटम्/-अम्/) પ્રત્યયથી અભિવ્યક્ત કરવામાં આવે છે. 'સાધન' બનવાની શક્તિને ત્રીજી વિભક્તિના (घटेन/-इन/) પ્રત્યયથી અભિવ્યક્ત કરવામાં આવે છે તથા 'આધાર' બનવાની શક્તિને સપ્તમી વિભક્તિના (घटे/-इ>ए/) પ્રત્યયથી અભિવ્યક્ત કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો વક્તાને જ્યારે, દર્શનક્રિયાના સન્દર્ભમાં ઘટ પદાર્થ 'દશ્ય' બનવાની શક્તિ ધરાવે છે એમ કહેવાની ઇચ્છા-વિવક્ષા-હોય છે ત્યારે તે (વક્તા) 'ઘટ' પદાર્થને (=તદ્વાચક શબ્દને) બીજી વિભક્તિમાં મૂકે છે. ઉદક-આહરણ ક્રિયાના સન્દર્ભમાં ઘટ પદાર્થ 'સાધન' બનવાની શક્તિ ધરાવે છે એમ કહેવાની 'વિવક્ષા' હોય ત્યારે તે 'ઘટ' પદાર્થને ત્રીજી વિભક્તિમાં મૂકે છે વગેરે.

આમ, ભર્તૃહરિએ ઉપર્યુક્ત શ્લોક દ્વારા 'વિવક્ષા'નો વિચાર રજૂ કર્યો છે. અહીં ધ્યાનપાત્ર છે કે ભર્તૃહરિએ 'વિવક્ષા' શબ્દ તેના પ્રાથમિક અર્થમાં વાપર્યો છે. 'કોઈ એક પદાર્થ, જુદી જુદી ક્રિયાના સન્દર્ભમાં અમુક અમુક રીતે ભાગ લે છે' એમ કહેવાની ઇચ્છા-ને **વિવક્ષા** નામ આપવામાં આવ્યું છે.

દર્શનક્રિયાના સન્દર્ભમાં ઘટ પદાર્થ 'દશ્ય' બનવાની-દર્શનક્રિયાનું 'કર્મ' બનવાની-શક્તિ ધરાવે છે. એવું (દ્વિતીયા વિભક્તિથી) દર્શાવવામાં, વક્તાનો કોઈ ચોક્કસ ઇરાદો પ્રતિબિંબિત થતો નથી. એટલે કે **घटं पश्य ।** એવું બોલવું તે Unintended Communication ગણાશે. બીજા શબ્દોમાં કહીએ તો- **એકનો એક જ પદાર્થ જો જુદી જુદી ક્રિયાના સન્દર્ભમાં** ક્યારેક 'કર્મ' બનતો હોય, ક્યારેક 'કરણ' બનતો હોય કે ક્યારેક 'અધિકરણ' બનતો હોય તો તે પરિસ્થિતિ/સન્દર્ભને આભારી છે. આમ **घटं पश्य । घटेन उदकम् आनय ।** વગેરે વાક્યો Circumstantial Communicationનું પરિણામ ગણાશે.

(૨) પાણિનિએ 'વિવક્ષા' શબ્દનો પ્રયોગ કર્યા વિના, વિવક્ષા-વક્તાનો ઇરાદો-વાક્યરચનામાં ક્યારે અને ક્યાં પ્રભાવ પાડે છે એની નોંધ લીધી છે. વક્તા જ્યારે **કોઈ એક (જ) ક્રિયાના સન્દર્ભમાં કોઇ એક જ પદાર્થ,** શક્ય અનેક રીતોમાંથી અમુક અમુક રીતે (જ) ભાગ ભજવે છે એમ દર્શાવવાની ઇચ્છા રાખે ત્યારે તેને (સાચા અર્થમાં) 'વિવક્ષા' કહેવામાં આવે છે. આને Intended Communication કહે છે. આવી વિવક્ષા ક્યાં ક્યાં જોવા મળે છે તે નીચે વર્ણવ્યું છે :

(क) राम+પુંલિંગ+એકવચન+કર્તા, पुस्तक+નપુંસક+એકવચન+**કર્મ,** √दृश+વર્તમાનકાળ →राम+પું. +એકવચન + કર્તા, पुस्तक+નપું.+એકવચન+કર્મ, √दृश+लट् ॥ આ **તબક્કે વક્તાએ નક્કી** કરવાનું હોય છે કે તેણે 'કર્તા' અને 'કર્મ' એ બેમાંથી કોની ઉપર focus પાડવું છે ? એટલે કે **તેણે પોતાના વક્તવ્યમાં** ઉદ્દેશ્ય-Subject-કોને બનાવવો છે ? જો તે કર્તાને ઉદ્દેશ્ય બનાવવા માંગતો હોય તેણે लट्‌ના **સ્થાનમાં, 'કર્તા' અર્થમાં પરસ્મૈપદના** तिबादि નવ પ્રત્યયો 'આદેશ' રૂપે લાવવાના રહેશે. અથવા, જો તે કર્મને **ઉદ્દેશ્ય બનાવવા માંગતો હોય તો તેણે** लट्‌ના સ્થાનમાં, 'કર્મ' અર્થમાં આત્મનેપદના तङादि (त-आताम्-झ વગેરે) નવ **પ્રત્યયો 'આદેશ' રૂપે લાવવાના રહેશે. (જુઓ : लः कर्मणि च भावे च अकर्मकेभ्यः ।** ૩-૪-૬૯ "સકર્મક ધાતુને લકાર 'કર્તા' કે **'કર્મ' અર્થમાં લાગે છે, તથા** અકર્મક ધાતુને લકાર 'કર્તા' કે 'ભાવ' અર્થમાં લાગે છે.")

આમ ધાતુને **तिङ्** પ્રત્યયો લગાવતી વખતે સૌથી પહેલાં વક્તાએ પોતાની વિવક્ષાનું સ્વરૂપ સ્પષ્ટ કરી નાંખવું પડે છે. આ તબક્કે, વક્તાની વિવક્ષા વાક્ય ઉપર પ્રભાવ પાડે છે. એક વાર વક્તાએ પોતાની વિવક્ષા મુજબ નિર્ણય લઈ લીધો કે તે 'કર્તાને (કે કર્મને) પોતાના વક્તવ્યનો ઉદ્દેશ્ય બનાવવા માગે છે, ત્યાર પછી પાણિનીય વ્યાકરણનાં સૂત્રો વાક્યને પોતાની પકડમાં લઈ લે છે. (પછીથી વાક્યમાં કશો ફેરફાર શક્ય નથી.)

**राम**+પું.+એ.વ.+કર્તા, **पुस्तक**+નપું.+એ.વ.+કર્મ, √**दृश** > **पश्य**+ (કર્તા+ત્રીજો પુરુષ+એ.વ.+વર્તમાનકાળ **અર્થમાં**→) **तिप्** ।। અહીં 'કર્તા' રૂપી અર્થ **तिप्** પ્રત્યયથી ઉક્ત=અભિહિત=અભિવ્યક્ત થઈ જાય છે. માટે **राम**+પું.+એ.વ.+કર્તામાંથી 'કર્તા' અર્થને પડતો મૂકવામાં આવશે; (કેમકે **उक्तार्थानाम् अप्रयोगः** । 'જે અર્થનું અભિધાન થઈ ગયું હોય તેને માટે બીજા કોઈ શબ્દનો પ્રયોગ થતો નથી' એવો સિદ્ધાન્ત છે) હવે રામને કેવળ પુંલિંગ અને એકવચન (તથા પ્રાતિપદિકાર્થ)નો વાચક **सु** પ્રત્યય લાગશે; **पुस्तक** +(નપુંસક અને એકવચન, તથા 'કર્મ'નો વાચક **अम्** પ્રત્યય લાગશે. જેથી **रामः पुस्तकं पश्यति** । જેવું વાક્ય નિષ્પન્ન થશે. આમ કર્તરિ પ્રયોગ કે કર્મણિ પ્રયોગ કરવાની બાબતમાં 'વિવક્ષા' મહત્ત્વનો ભાગ ભજવે છે. કર્તરિ/કર્મણિ પ્રયોગને આધારે, કર્તા અને કર્મ એ બેમાંથી વક્તાના વક્તવ્યનો ઉદ્દેશ્ય-subject/topic-કોણ છે ? તે સૂચવાતું હોય છે.

(**ख**) વક્તા જ્યારે કોઈ પણ વાક્ય બોલતો હોય છે ત્યારે કોઈ એક ક્રિયા, કયા કયા પદાર્થોએ ભેગા મળીને કરી એની રજૂઆત કરતો હોય છે. પરંતુ કોઈ એક ક્રિયાને અને તેનાં સાધનો=કારકો વિશે બોલતી વખતે વક્તાની વિવક્ષા થોડેક અંશે 'વાક્ય' ઉપર અસર કરે છે. જેમકે, વક્તા જે પદાર્થ (કારક)ને પોતાની વાતનો ઉદ્દેશ્ય (subject) બનાવવા માંગતો હશે તેને પ્રથમા વિભક્તિમાં મૂકશે. બીજા શબ્દોમાં કહીએ તો-કોઈ પણ કારકને વાક્યમાં બે રીતે રજૂ કરી શકાય : ૧. અનભિહિત કારક રૂપે અથવા ૨. અભિહિત કારક રૂપે. વક્તાને જો કર્તૃકારક, કર્મકારક, કરણકારક, સમ્પ્રદાનકારક, અપાદાનકારક અને અધિકરણકારકને 'અનભિહિતકારક' રૂપે રજૂ કરવાં હશે તો-એટલે કે તે તે કારકોને પોતાની વાતનો ઉદ્દેશ્ય (subject) નહીં બનાવવાં હોય તો-તેમને પ્રથમા સિવાયની, દ્વિતીયાદિ વિભક્તિઓમાં રજૂ કરવાં હશે તો-એટલે કે આ કારકોને જો વાતનો ઉદ્દેશ્ય (subject) બનાવવાં હશે તો તેમને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવશે, અલબત્ત, આ કારકોને પ્રથમા વિભક્તિમાં રજૂ કરતાં પહેલાં, જે તે કારકનો અર્થ (કૃત્, તદ્ધિતાદિ કોઈ અન્ય પ્રત્યયથી) અભિહિત=અભિવ્યક્ત થઈ ગયો છે કે નહીં તે જોવું પડે છે. દા. ત.—

**અભિહિત કારકને પ્રથમા વિભક્તિ**

(૧) रामः (કર્તૃકારક) **पश्यति** ।

(૨) **देवदत्तेन तण्डुलाः** (કર્મકારક) **पच्यन्ते** ।

(૩) **स्नानीयं चूर्णम्** । (કરણકારક)

(૪) **दानीयो** विप्रः (સમ્પ્રદાનકારક)

(૫) **प्रपतनः** पर्वतः । (અપાદાનકારક)

(૬) **गोदोहनी स्थाली** । (અધિકરણકારક)

અહીં ति, यन्ते, अनीय, अन વગેરે પ્રત્યયોથી જે **તે કારકનો અર્થ 'अभिहित' થઈ** ગયો છે. ત્યાર પછી તે **તે કારક વક્તાની વાતનો ઉદ્દેશ્ય**-subject-છે એવું દર્શાવવા **માટે તેમને પ્રથમા વિભક્તિ** લગાડવામાં આવી છે.

**અનભિહિત કારકને**, પ્રથમા વિભક્તિ સિવાયની **બીજી કોઈ પણ વિભક્તિ**

(૧) **रामेण** (કર્તૃકારક-તૃતીયા વિ.) **दृश्यते** ।

(૨) **देवदत्तः तण्डुलान्** पचति । (કર્મ-દ્વિતીયા વિ.)

(૩) **चूर्णेन** स्नाति । (કરણ-તૃતીયા વિ.)

(૪) **विप्राय** ददाति । (સમ્પ્રદાન-ચતુર્થી)

(૫) **पर्वतात्** पतति । (અપાદાન-પંચમી)

(૬) **स्थाल्यां** दोग्धि । (અધિકરણ-સપ્તમી)

અહીં કર્તૃ, કર્માદિ કારકોનો અર્થ ति, यन्ते, જેવા કોઈ પ્રત્યયોથી 'અભિહિત' નથી. માટે તે અર્થોને અભિવ્યક્ત કરવા માટે દ્વિતીયા વગેરે વિભક્તિઓ વપરાઈ છે.

★

**પાણિનિએ આ મુદ્દો अनभिहिते** । ૨-૩-૧ એવા અધિકાર સૂત્રથી સૂચવ્યો છે. **अनभिहिते** । ૨-૩-૧ના અધિકારમાં **દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી,** પંચમી અને સપ્તમી વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે. પરંતુ આ અધિકારની બહાર, **प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा** । ૨-૩-૪૬ સૂત્રથી પ્રથમા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. આ પ્રથમા

વિભક્તિ કોઈ પણ (અનભિહિત) કારકાર્થને રજૂ (અભિવ્યક્ત) કરવા માટે વપરાતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો—કૃત્, તદ્ધિતાદિ કોઈ પણ પ્રત્યયથી અમુક કારકાર્થ કહેવાઈ ગયા પછી, તે કારક વક્તાની વાતનો ઉદ્દેશ્ય-subject-છે એવું દર્શાવવા માટે તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. આમ પાણિનીય વ્યાકરણમાં પ્રથમા વિભક્તિ કર્તૃવાચક (Agentative) નથી, પણ ઉદ્દેશ્યવાચિકા (Subjectative) છે. કેમકે પ્રાતિપદિકાર્થમાં (૨-૩-૪૬થી) પ્રથમા વિભક્તિનું વિધાન છે; **कर्तरि प्रथमा ।** 'કર્તૃ અર્થમાં પ્રથમા વિભક્તિ લાગે છે' એવું સૂત્ર નથી.

★

અહીં એ નોંધપાત્ર છે કે જેમ વક્તાની વિવક્ષાનુસાર કોઈ પણ કારકને (પહેલાં 'અભિહિત' કારક બનાવીને) પ્રથમા વિભક્તિ દ્વારા વાત (વક્તવ્ય)નો ઉદ્દેશ્ય-subject-બનાવી શકાય છે, તેમ વક્તાની વિવક્ષાને અધીન રહીને કોઈ પણ કારકને કર્તૃકારક-ક્રિયા કરવામાં સ્વતન્ત્ર પદાર્થ-રૂપે રજૂ કરી શકાય છે. (આની ચર્ચા નીચે કરવામાં આવી છે.)

(ग) પાણિનિએ 'કર્તા'ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : **स्वतन्त्रः कर्ता ।** ૧-૪-૫૪ અર્થાત્ **"क्रियायां स्वातन्त्र्येण विवक्षितोऽर्थः कर्तृसंज्ञः स्यात् ।।** સામાન્ય રીતે ક્રિયાને જન્માવનાર પદાર્થને (=ક્રિયાજનકને) 'કર્તા' કહેવામાં આવે છે. અહીં "ક્રિયાજનકને 'કર્તા' કહેવાય" એમ સાંભળીને કોઈએ એવી ભ્રાન્તિ કરવાની નથી કે સજીવ પદાર્થ જ ક્રિયાજનક હોઈ શકે. જો એવું માનીશું તો रथः गच्छति । જેવાં વાક્યો બની શકશે નહીં. જગત્માં પ્રવર્તતાં કાર્ય-કારણાદિ ભાવોની દષ્ટિએ નિર્જીવ रथ પદાર્થ ક્રિયાજનક ન હોઈ શકે. એટલે તાર્કિક દૃષ્ટિએ रथने 'કર્તા' કહી શકાશે નહીં અને પરિણામે તેને પ્રથમા વિભક્તિમાં મૂકી શકાશે નહીં. પરંતુ વક્તાનો ઇરાદો-'વિવક્ષા' એ મહત્ત્વનો ચુકાદો છે. વક્તાને જો એમ લાગતું હોય કે ગમનક્રિયા કરવામાં રથ સ્વયં પર્યાપ્ત છે તો વક્તા रथने 'કર્તા' જાહેર કરી શકે છે. એટલે કે "રથની ગમનક્રિયા અન્ય કોઈ પદાર્થ (=કારક) ઉપર આધારિત નથી, રથ સ્વતન્ત્રપણે ગતિ કરી રહ્યો છે." એમ કહેવાની ઈચ્છા હોય તો રથને 'કર્તા' જાહેર કરી શકાય છે. વક્તાની વિવક્ષાને અધીન રહીને વ્યાકરણશાસ્ત્રે પણ નિર્જીવ પદાર્થને 'કર્તા' તરીકે સ્વીકારી रथः गच्छति । જેવાં વાક્યોની સિદ્ધિ બતાવી છે. આવાં વાક્યો લોકમાં વપરાય છે જ.[૩૯]

रामः अग्निना स्थाल्यां तण्डुलान् पचति । 'રામ અગ્નિથી તપેલીમાં ચોખા રાંધે છે.' અહીં અગ્નિ, તપેલી અને ચોખા જેવા પદાર્થોની મદદથી રામ રાંધવાની ક્રિયા કરે છે. પરંતુ અહીં એ નોંધપાત્ર છે કે અગ્નિ, તપેલી અને ચોખા - એ ત્રણ પદાર્થોને રાંધવાની ક્રિયામાં વિનિયોજનાર રામ છે. બીજા શબ્દોમાં કહીએ તો-રાંધવાની ક્રિયામાં અગ્નિમા 'સાધન(=કરણ)' છે, તપેલી 'આધારભૂત' પદાર્થ છે અને ચોખા 'ઈપ્સિતતમ'-વિકાર્ય-પદાર્થ છે; પણ તે પોતાની મેળે આ રાંધવાની ક્રિયામાં જોડાતાં નથી. તેમને રાંધવાની ક્રિયામાં સંયોજનાર કોઈક રામ જેવા પદાર્થ -co-ordinator agent-ની જરૂર છે. જ્યારે સામે પક્ષે રામ રાંધવાની ક્રિયામાં સ્વયં જોડાઈ શકે છે. રામને રાંધવાની ક્રિયામાં જોડાવા માટે અન્ય કોઈ પદાર્થની જરૂર નથી. રામનો વ્યાપાર સ્વતન્ત્ર=સ્વ-અધીન છે. (स्व=आत्मा, तन्त्रम्=प्रधानम् अस्य). (कर्ता तु अनन्य प्रयोज्यः स्वतन्त्र इत्युच्यते ।-हेलाराजः पृ. ३१२. એટલે કે રામનો વ્યાપાર અન્ય પદાર્થોને અધીન નથી.) તથા અગ્નિ, ચોખા અને તપેલી જેવા પદાર્થોનો વ્યાપાર પરાધીન=રામને અધીન છે. આમ ક્રિયા જન્માવવામાં રામનું સ્વાતન્ત્ર છે. (આવું સ્વાતન્ત્ર્ય દર્શાવવા માટે વક્તા પ્રથમા કે તૃતીયા વિભક્તિનો ઉપયોગ કરે છે.

લોકની અંદર જોવા મળે છે કે રાજા પોતાના મન્ત્રીઓની સાથે ક્યાંક જતો હોય ત્યારે રાજાનું પ્રાધાન્ય=સ્વાતન્ત્ર્ય હોય છે. પરંતુ ક્યારેક રાજાની ગેરહાજરીમાં મંત્રીઓનું પણ પ્રાધાન્ય=સ્વાંતન્ત્ર્ય હોઈ શકે છે. એવી રીતે, ઉપરના વાક્યમાં 'રામ' જેવા પદાર્થની ગેરહાજરી કલ્પીએ તો અગ્નિ, તપેલી અને ચોખા જેવા પદાર્થો પણ પ્રાધાન્ય પ્રાપ્ત

---

૩૯. **(कर्तृधर्म विवक्षायां शब्दात् कर्ता प्रतीयते ।। (वा०प० ३-७-१०३)** अत्र हेलाराजः... शब्देन यस्यैते धर्माः प्रत्याय्यन्ते स कर्ता बोद्धव्यः, न तु वस्तुविषतया धर्माणामेषां सम्भवोऽन्वेषणीयः येनाचेतनविषये 'अग्निर्दहति' 'एधाः पचन्ति' 'स्थाली पचति' इत्यादौ 'कूलं पतति, 'नदी वहति' इत्यादौ च कर्तृत्वं न स्यात् । एते हि धर्मा यदा कर्तृलक्षणाय विवक्ष्यन्ते शब्देन च यथाविवक्षां प्रत्याय्यन्ते तदा **शब्दात् कर्ता** सुप्रतिष्ठितलक्षणः **प्रतीयते** इति करणमिव कर्तापि वैवक्षिकः प्रतिपादितः एवं च कृत्वा चेतनेषूपचरितमपि न भवति कर्तृत्वम्, सर्वत्र अस्खलद्वृत्तित्वात्प्रयोगस्य मुख्यतासंभवात् । व्याकरणे हि शब्दार्थोऽर्थः, न वस्त्वर्थः ।।...(हेलाराजः-पृ. ३१३)

કરી શકે છે. જેમકે, अग्निः तण्डुलान् पचति । स्थाली तण्डुलान् पचति અથવા तण्डुलाः पच्यन्ते स्वयमेव ।। કોઈ વક્તાને જો એવું લાગે કે ચોખા-રાંધવાની ક્રિયામાં અગ્નિ જ મુખ્ય છે, પ્રધાન છે, સ્વતન્ત્ર છે તો તેને 'કર્તા' જાહેર કરી શકે છે. એ જ પ્રમાણે કોઈ વક્તાને રાંધવાની ક્રિયામાં આધારભૂત પદાર્થ તપેલીનું પ્રાધાન્ય દર્શાવવાની ઇચ્છા-વિવક્ષા-હોય તો તે તપેલીને પણ 'કર્તા' જાહેર કરી શકે. અથવા વક્તાને જો એમ લાગે કે ચોખા એટલી ઉત્તમ જાતિના છે કે તે જાતે જ રંધાઈ જાય છે-ઢીલા પડી જાય છે-તો તે ચોખાને પણ 'કર્તા' જાહેર કરી શકે છે. (અને તેને પ્રથમા વિ.માં મૂકી શકે છે).[૪૦] અર્થાતઃ એ ફલિત થયું કે વક્તાની વિવક્ષાનુસાર કોઈ પણ કારક 'કર્તૃકારક' રૂપે રજૂ થઈ શકે છે. દા.ત. ઉપર જોયું તેમ વાસ્તવિક દષ્ટિએ જે કરણકારક છે તે अग्निः પણ શબ્દવ્યવહારમાં 'કર્તા' બની શકે છે. (साधनव्यवहारश्च बुद्ध्यवस्थानिबन्धनः । वा.प. ३-७-३ A) વાસ્તવિક દષ્ટિએ જે અધિકરણકારક છે તે स्थाली પણ શબ્દવ્યવહારમાં 'કર્તા' બની શકે છે. વગેરે.) બીજા શબ્દોમાં કહીએ તો -(ચેતનવિશિષ્ટ) કર્તૃવ્યાપારની અપેક્ષાએ અન્ય કારકોની ઉપસ્થિતિ દર્શાવવી કે (ચેતનવિશિષ્ટ) કર્તૃવ્યાપારથી નિરપેક્ષ અન્ય કારકોની ઉપસ્થિતિ દર્શાવવી ? એ વક્તાની વિવક્ષા ઉપર આધારિત છે.

અહીં એ નોંધપાત્ર છે કે, "વક્તાની વિવક્ષાનુસાર કોઈ પણ કારક 'કર્તૃકારક' રૂપે રજૂ થઈ શકે છે" એમ કહીએ છીએ ત્યારે એક સંકોચ પણ કરવો આવશ્યક છે. જેમકે, સમ્પ્રદાન અને અપાદાનકારકોને કદાપિ 'કર્તૃકારક' બનાવી શકાતાં નથી. राजा ब्राह्मणाय ददाति । અને रामः अश्वात् पतति । માં ब्राह्मण અને अश्व જેવા, અનુક્રમે સમ્પ્રદાન અને અપાદાન કારકોને કર્તૃકારક જાહેર કરી શકાતાં નથી (=તેમને પ્રથમા વિભક્તિમાં રજૂ કરી શકાતાં નથી.) આનું કારણ જણાવતાં ટીકાકાર હેલારાજ લખે છે કે દાનક્રિયા અને પતનક્રિયા બબ્બે પદાર્થોની અપેક્ષા રાખે છે.[૪૧] દાનક્રિયામાં દાન આપનાર અને દાન લેનાર (તથા દાનમાં આપવાની વસ્તુ)ની અનિવાર્ય જરૂર પડે છે. તથા પતનક્રિયામાં અવધિભૂત પદાર્થ અને પડનાર વ્યક્તિની અનિવાર્ય જરૂર પડે છે. વળી, આ બબ્બે પદાર્થોમાંથી 'અમુક પદાર્થ દાન લેનાર છે' કે 'અમુક પદાર્થ અવધિભૂત છે' એનો નિર્ણય પણ પરસ્પરાશ્રિત છે. राजा ब्राह्मणाय ददाति । એ વાક્યમાં ब्राह्मण 'લેનાર' છે. આને બદલે જો ब्राह्मणः ददाति । કરી દઈશું તો ब्राह्मण લેનાર મટીને; 'આપનાર' થઈ જાય છે તથા ત્યાં બીજા કોઈ 'લેનાર' પદાર્થની અપેક્ષા ઊભી થશે. એ જ પ્રમાણે, रामः अश्वात् पतति । એ વાક્યમાં अश्वः पतति । કરીશું તો अश्व 'અવધિભૂત' પદાર્થ મટીને 'પડનાર' વ્યક્તિ થઈ જશે તથા ત્યાં બીજા કોઈ અવધિભૂત પદાર્થની અપેક્ષા ઊભી થાય છે (જેમકે, अश्व ક્યાંથી પડે છે ?). આથી હેલારાજના મતે સમ્પ્રદાન અને અપાદાનકારકોની 'કર્તૃકારક' રૂપે વિવક્ષા થઈ શકતી નથી.[૪૨] આ સમગ્ર ચર્ચાનો સાર એ થયો કે વક્તાની વિવક્ષાનુસાર, સમ્પ્રદાન અને અપાદાન કારકોને છોડીને, બાકીનાં કોઈ પણ કારકને 'કર્તૃકારક' રૂપે રજૂ કરી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ ક્રિયામાં ભાગ લેતાં અનેક પદાર્થોમાંથી (સમ્પ્રદાન અને અપાદાન પદાર્થોને છોડીને) કોને 'કર્તા' બનાવવો તે વક્તાની વિવક્ષાને અધીન છે. (આથી स्वतन्त्रः कर्ता । ૧-૪-૫૪ સૂત્રનો અર્થ લખતાં ભટ્ટોજિ દીક્ષિતે કહ્યું કે क्रियायां स्वातन्त्र्येण **विवक्षितोऽर्थः** कर्तृसंज्ञः स्यात् ।।)

---

૪૦. एवं तर्हि स्थालीस्थे यत्ने कथ्यमाने स्थाली स्वतन्त्रा, कर्तृस्थे यत्ने कथ्यमाने परतन्त्रा ।। ननु च भोः कर्तृस्थेऽपि वै यत्ने कथ्यमाने स्थाली संभवनक्रियां धारणाक्रियां च करोति । तत्रासौ स्वतन्त्रा । क्वेदानीं परतन्त्रा ? ।। एवं तर्हि प्रधानेन समवाये स्थाली परतन्त्रा, व्यवाये स्वतन्त्रा । तद्यथा अमात्यादीनां राज्ञा सह समवाये पारतन्त्र्यं, व्यवाये स्वातन्त्र्यम् ।। ( १-४-२३ सूत्रभाष्यम् )

૪૧. अनपेक्षिते च कर्तृव्यापारे 'स्थाली पचति', 'एधाः पचन्ति', 'असिश्छिनत्ति' इति प्रधानक्रियायामेवैषां कर्तृत्वम् । सम्प्रदानापादानयोः स्वव्यापारे स्वातन्त्र्य**विवक्षा** नास्ति । द्वितीयस्यादातुरपगन्तुश्च अपेक्षणात् ।। (पृ. २४६)

૪૨. આ દષ્ટિએ આ બે કારકો થોડાં નિર્બળ કહી શકાય. અને એથી જ પાણિનિએ કારકપાદ (૧-૪-૨૩ થી ૫૫)માં આ બે કારકોની વ્યાખ્યા પહેલાં આપી દીધી છેઃ ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ અને कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् । ૧-૪-૩૨. (विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્ર મુજબ પરવર્તી સૂત્રો દ્વારા કરવામાં આવેલી કર્મ, કર્તૃકારક સંજ્ઞા-વ્યાખ્યા-ઓ બલવતી પૂરવાર થાય છે.) આના અનુસન્ધાનમાં પં. રામાજ્ઞા પાંડેય જેવા વૈયાકરણ કહે છે કે આ સમ્પ્રદાન અને અપાદાન પદાર્થો 'કારક' જ નથી. કેમકે, આ બે સંજ્ઞાઓમાં √कृ ધાતુ પણ અનુસ્યૂત નથી. જુઓ : अपि च यथा कर्तृकर्मकरणाधिकरणेषु कृधातुरनुस्यूतोऽस्ति, न हि तथा सम्प्रदानापादानशब्दयोः । एतेनापि न तयोः कारकत्वं युक्तियुक्तम्... (व्याकरणदर्शन भूमिका-पृ. २०९)

(ઘ) જે જે ક્રિયાઓની સિદ્ધિમાં કોઈક સાધન-instrument-'કરણકારક'ની જરૂરિયાત પડતી હોય છે તેની રજૂઆતમાં પણ વક્તાની વિવક્ષા અંશતઃ ભાગ ભજવે છે. જેમકે, ૧ रामः **दात्रेण** तृणं छिनत्ति । 'રામ દાતરડાથી તૃણને કાપે છે.' અહીં તૃણચ્છેદન ક્રિયાની સિદ્ધિમાં દાતરડા (दात्र) એ 'સાધન' રૂપે ભાગ ભજવ્યો છે એમ વક્તાને કહેવાની ઇચ્છા હતી. આથી તેણે दात्र શબ્દને કરણકારકને અભિવ્યક્ત કરનારી તૃતીયા વિભક્તિનો પ્રત્યય લગાવ્યો છે. પરંતુ વક્તાને જો એમ લાગે કે દાતરડું નહીં, પણ રામે પોતાની શક્તિથી-બાહુબલથી-તૃણચ્છેદન કર્યું છે તો તે रामः **बलेन** तृणं छिनत्ति । એમ પણ બોલી શકે. આમ વક્તાની વિવક્ષાનુસાર પદાર્થોને સાધનત્વ-કરણત્વ-પ્રાપ્ત થાય છે.

બાહ્યજગત્‌ની અંદર કોઈ એક પદાર્થ 'કરણ' બનતો હોય, પણ વક્તાની વિવક્ષા મુજબ બીજો કોઈ પદાર્થ પણ 'કરણ' બની શકે છે.[૪૩] ૨. એ જ પ્રમાણે, કોઈ એક ક્રિયામાં અમુક પદાર્થ વાસ્તવિક દૃષ્ટિએ આધાર-અધિકરણ-હોય; પણ વક્તા જો તેને 'કરણકારક' રૂપે રજૂ કરવા માંગતો હોય તો તે તેમ કરી શકે છે. દા.ત. रामः स्थाल्यां पचति । કે तण्डुलाः काष्ठैः स्थाल्यां पच्यन्ते । જેવાં વાક્યોમાં રાંધવાની ક્રિયાનો આધાર स्थाली (તપેલી) છે (અને તેને સપ્તમી વિભક્તિ દ્વારા રજૂ કરવામાં આવેલ છે. તથા સૂકાં લાકડાં સાધન=કરણ છે. તેથી તેને તૃતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવ્યાં છે.) પરંતુ કોઈ વક્તાને જો એમ લાગે કે તપેલીનું તળીયું ખૂબ પાતળું છે અને એથી જલ્દી રાંધવાની ક્રિયા-પાકક્રિયા-સંપન્ન થાય છે, માટે તપેલી જ સાધન=કરણ છે; તો તે વક્તા તપેલીને જ 'કરણકારક' રૂપે વાક્યમાં રજૂ કરી શકે છે : स्थाल्या पच्यन्ते/पचति ।[૪૪] આમ અધિકરણકારકની પણ ક્યારેક કરણકારક રૂપે વિવક્ષા કરવામાં આવે છે.

★

ઉપર (ग) અને (ઘ)માં વર્ણવેલાં ઉદાહરણોનાં સન્દર્ભમાં (જ), विवक्षातः कारकाणि भवन्ति । જેવું વાક્ય પાણિનીય વૈયાકરણ પરંપરામાં પ્રચલિત બન્યું છે.

(ङ) ષષ્ઠી વિભક્તિ બે પદાર્થો વચ્ચેના સંબંધની વાચિકા વિભક્તિ ગણાય છે. આ ષષ્ઠી વિભક્તિનું **षष्ठी शेषे** । ૨-૩-૫૦ સૂત્રથી વિધાન કરવામાં આવ્યું છે. આના અનુસંધાનમાં ભાષ્યકાર પતંજલિ કહે છે કે બે પદાર્થો વચ્ચેના સંબંધની વાચિકા એવી આ ષષ્ઠી વિભક્તિ પણ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારીએ તો ક્રિયાકારકભાવ સંબંધની વાચિકા છે (!) જેમકે, राज्ञः पुरुषः । માં આપણે જાણીએ છીએ કે રાજા 'આપનાર' (ઉપકારક) છે અને પુરુષ 'લેનાર' (ઉપકાર્ય) છે. તેથી राज्ञः पुरुषः । એમ નહીં કહેતાં, કોઈ વક્તા राजा पुरुषाय ददाति । એમ કહીને બીજી રીતે રાજા અને પુરુષ વચ્ચેનો ઉપકાર્યોપકારકભાવ-સંબંધ વ્યક્ત કરી શકે છે. એ જ પ્રમાણે, वृक्षे शाखा अस्ति । જેવા વાક્યમાં, વૃક્ષ અને શાખા વચ્ચે વ્યક્ત થતો આધાર-આધેયભાવ સંબંધ वृक्षस्य शाखा । એમ બોલીને પણ વ્યક્ત કરી શકાય છે. (એટલે કે ભાષ્યકાર પતંજલિના મતે શેષનો અર્થ 'ક્રિયાકારકભાવ સંબંધ' કહેવાની "અવિવક્ષા" થાય છે.)

---

૪૩. क्रियायाः परिनिष्पत्तिर्यद्व्यापारादनन्तरम् ।

विवक्ष्यते यदा तत्र करणत्वं तदा स्मृतम् ।। (वा.प. ३-७-९०) अत्र हेलाराजः-...साधनव्यवहारस्य च बुद्ध्यवस्थासमाश्रयत्वाद् 'विवक्ष्यते' इत्याह । विवक्षोपारूढ एव हि अर्थो व्याकरणेऽङ्गम्, न बाह्यवस्तुसत्ता इत्यर्थः । तथा च-'बलेन लुनाति', 'आलोकेन पश्यति' इत्यादौ अनादृत्य दात्रादिकं बलादि साधकतमत्वेन **विवक्षितं** करणम् ।। (पृ. ३०६)

૪૪. तत्र साधनान्तराणां वास्तवेऽपि आधारादिभावे बुद्ध्या अन्यथात्वम्, यथा 'स्थाल्या पच्यते' इत्यादौ । करणस्य तु रूपमेव विवक्षाधीनम् इति -

**साधनव्यवहारश्च बुद्ध्यवस्थानिबन्धनः** । (वा. प. ३-७-३)

इत्युक्तेऽपि 'विवक्ष्यते' (३-७-९०) इति पुनरुक्तम् ।। ९० ।।

**वस्तुतस्तदनिर्देश्यं न हि वस्तु व्यवस्थितम् ।**

**'स्थाल्या पच्यते' इत्येषा विवक्षा दृश्यते यतः** ।। ३-७-९१

अत्र हेलाराजः-इदमेव नियतजातीयं वस्तु करणमित्येवं निरूपयितुं न शक्यते । यस्मान्न वस्तु व्यवस्थितं करणतया नियतमस्ति । प्रज्ञाताधिकरणभावा अपि हि स्थाली तनुतरकपालत्वात् शीघ्रतरपाककार्यसाधनतयाऽनुभवत्येव वैवक्षिकं करणभावम् । तथा हि प्रयोगः करणतृतीयान्तः 'स्थाल्या पच्यते' इति लोके प्रसिद्धः । आर्द्रेन्धनापेक्षया हि सुसन्निवेशा स्थाली क्रियासिद्धौ प्रत्यासीदति ।। (पृ. ३९७)

| ૧. ક્રિયાકારકભાવ સંબંધ કહેવા માટે | ૨. બે પદાર્થો વચ્ચેનો સંબંધ માત્ર કહેવા માટે |
|---|---|
| राजा पुरुषाय ददाति । | राज्ञः पुरुषः । |
| वृक्षे शाखा अस्ति । | वृक्षस्य शाखा । |

આમ બે પદાર્થો વચ્ચેનો ઉપકાર્યોપકારકભાવ સંબંધ કે આધારાધેયભાવ સંબંધ ઉપર્યુક્ત દ્વિવિધ અભિવ્યક્તિઓ-માંથી કઈ રીતે કહેવો તે વક્તાની વિવક્ષા ઉપર અવલંબે છે.

અહીં એ નોંધપાત્ર છે કે - વક્તા જ્યારે ઉપર્યુક્ત દ્વિવિધ અભિવ્યક્તિઓમાંથી બીજી - 'બે પદાર્થો વચ્ચેનો સંબંધમાત્ર-અભિવ્યક્તિ સ્વીકારવા માંગતો હોય ત્યારે તેની પાસે ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ કરવા ઉપરાંત ત્રીજો પણ એક વિકલ્પ છે. જેમકે, બે પદાર્થોનો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરવો :

राज्ञः पुरुष→राजपुरुषः ।

वृक्षस्य शाखा→वृक्षशाखा ।

★

ભાષ્યકારે षष्ठी शेषे । ૨-૩-૫૦ સૂત્રમાંના शेष પદનો અર્થ 'અવિવક્ષા' કર્યો છે; આ शेष પદની અનુવૃત્તિ તેના અનુગામિ સૂત્રોમાં પણ થાય છે. જેમકે,

० षष्ठी शेषे । ૨-૩-૫૦
૧. ज्ञोऽविदर्थस्य करणे । ૨-૩-૫૧
૨. अधीगर्थदयेशां कर्मणि । ૨-૩-૫૨
૩. कृञः प्रतियत्ने । ૨-૩-૫૩
૪. रुजार्थानां भाववचनानाम् अज्वरेः । ૨-૪-૫૪
૫. आशिषि नाथः । ૨-૩-૫૫
૬. जासिनिप्रहणनाटक्राथपिषां हिंसायाम् । ૨-૩-૫૬
૭. व्यवहृपणोः समर्थयोः । ૨-૩-૫૭
૮. दिवस्तदर्थस्य । ૨-૩-૫૮
૯. विभाषोपसर्गे । ૨-૩-૫૯
૧૦. द्वितीया ब्राह्मणे । ૨-૩-૬૦
૧૧. प्रेष्यब्रुवोर्हविषो देवतासम्प्रदाने । ૨-૩-૬૧
૧૨. चतुर्थ्यर्थे बहुलं छन्दसि । ૨-૩-૬૨
૧૩. यजेश्च करणे । ૨-૩-૬૩

} આ છ (૨-૩-૫૮થી ૬૩) સૂત્રોમાં 'शेषे' પદની અનુવૃત્તિ આવતી નથી.

૧૪. कृत्वोऽर्थप्रयोगे कालेऽधिकरणे । ૨-૩-૬૪ } આમાં शेषे પદની અનુવૃત્તિ આવે છે.

આ આઠ સૂત્રોમાં शेषे પદની અનુવૃત્તિ આવતી હોવાથી; આ સૂત્રો ઉપરની કાશિકાવૃત્તિ અને સિદ્ધાન્તકૌમુદી વૃત્તિમાં પણ... "शेषत्वेन विवक्षिते"... જેવા અર્થો લખવામાં આવ્યા છે. એટલે કે અમુક અમુક સન્દર્ભોમાં કર્તા, કર્મ, કરણાદિ કારકોની 'શેષ રૂપે વિવક્ષા કરવાથી' તેમને ષષ્ઠી વિભક્તિ લાગે છે. દા.ત. मातरं स्मरति→मातुः स्मरति । વાક્યમાં સ્મરણાર્થક ધાતુનો પ્રયોગ કરવાનો હોય ત્યારે (अधिगर्थदयेशां कर्मणि । ૨-૩-૫૨ સૂત્રથી) કર્મકારક વાચક मातृ શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડી શકાય છે. અહીં કર્મકારકની 'शेष' રૂપે વિવક્ષા ન કરવી હોય તો— એટલે કે માતા અને સ્મરણક્રિયા વચ્ચેનો ક્રિયાકારકભાવ કહેવાની ઇચ્છા હોય તો - मातरं स्मरति । જેવું વાક્ય પણ બની શકે છે. ૨. चौरं रुजति रोगः→चौरस्य रोगः रुजति । વાક્યમાં રુજાર્થક ધાતુ(ઓ)નો પ્રયોગ કરવાનો હોય ત્યારે (रुजार्थानां भाववचनानामज्वरेः । ૨-૩-૫૪ સૂત્રથી) કર્મકારક વાચક चौर શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડી શકાય છે. અહીં કર્મકારકની शेष રૂપે વિવક્ષા ન કરવી હોય તો —એટલે કે ચોર અને પીડા/વેદના રૂપી ક્રિયા વચ્ચેનો ક્રિયાકારકભાવ કહેવાની ઇચ્છા હોય તો—चौरं रुजति रोगः । જેવું વાક્ય પણ બની શકે છે. ૩. એજ પ્રમાણે, एधो दकम् उपस्कुरुते । કે एधो दकस्य उपस्कुरुते । જેવી દ્વિવિધ અભિવ્યક્તિઓ પણ પ્રાપ્ત થાય છે. (कृञः प्रतियत्ने । ૨-૩-૫૩ સૂત્ર).

અહીં એ નોંધપાત્ર છે કે ઉપર્યુક્ત સન્દર્ભોમાં કર્મકારકાદિને ષષ્ઠી વિભક્તિ લગાડીને તેમને શેષ રૂપે રજૂ કરવાં

(=સંબંધમાત્રનું દ્યોતન કરવું) કે તેમને દ્વિતીયાદિ વિભક્તિ લગાડીને **ક્રિયાકારકભાવ રૂપ સંબંધને દ્યોતિત કરવો** એ **વક્તાની** ઇચ્છા ઉપર અવલંબે છે. પરંતુ વક્તા જ્યારે ષષ્ઠી વિભક્તિ દ્વારા ઉપર્યુક્ત સન્દર્ભોમાં સંબંધમાત્રનું દ્યોતન કરે ત્યારે તેને માટે તે તે સન્દર્ભોમાં સામાસિક અભિવ્યક્તિનો અવકાશ ઊભો રહેતો નથી. અહીં પાણિનિની 'અષ્ટાધ્યાયી'ની રચનાયુક્તિ (structural device) વક્તાને માટે 'સંબંધ'ની **સ્વરૂપગત દ્વિવિધ અભિવ્યક્તિની** પસંદગી સંકુચિત કરી નાંખે છે. એટલે કે,

| १ | २ (अ) | २ (ब) |
|---|---|---|
| मातरं स्मरति । | मातुः स्मरति । | |
| चौरं रोगः । | चौरस्य रुजति । | અહીં સમાસ |
| एधोदकम् उपस्कुरुते । | एधोदकस्य उपस्कुरुते । | થતો નથી. |

વક્તા આ બે (૧ અને ૨-अ)માંથી અભિવ્યક્તિને જ પસંદ કરી શકે છે. मातुः स्मरति । જેવી ષષ્ઠ્યન્ત અભિવ્યક્તિના વિકલ્પ રૂપે સામાસિક અભિવ્યક્તિ પસંદ કરી શક્તો નથી.[૪૫]

★

ભટ્ટોજિ દીક્ષિતે अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રનો અર્થ કરતી વખતે अपादानादिविशेषैः अविवक्षितं कारकं कर्मसंज्ञं स्यात् । એવી વૃત્તિ એટલે કે સૂત્રાર્થ લખ્યો છે. આ સૂત્રાર્થ (अकथितम्=अविवक्षितम्) મુજબ અપાદાન વગેરે કોઈ પણ કારકની અવિવક્ષા કરીને તેને 'કર્મ' રૂપે જાહેર કરી શકાય છે. એટલે કે, ભટ્ટોજિ દીક્ષિતના મતે પાણિનિએ આ સૂત્ર દ્વારા એક મોટા વિસ્તારમાં વિવક્ષાના પ્રભાવની નોંધ લીધી છે. પરંતુ આધુનિક સંશોધનોએ એ પૂરવાર કર્યું છે કે આ ૧-૪-૫૧ સૂત્ર પાણિનિએ લખ્યું જ નથી ! (મૂળમાં આ સૂત્ર ઉપરની 'વિશેષ' ચર્ચા પાના નં ૯૩ થી ૯૮ ઉપર જુઓ). આથી આ સન્દર્ભમાં 'વિવક્ષા'ની ચર્ચા અપ્રસ્તુત બને છે.

(૩) અષ્ટાધ્યાયી : ૧-૪-૨૩ થી ૧-૪-૫૫ સૂત્રોમાં અપાદાન, સમ્પ્રદાન, કરણ, અધિકરણ વગેરે કારકસંજ્ઞાઓ રજૂ કરવામાં આવી છે. પરંતુ આપણે જાણીએ છીએ કે આ કારકપાદ 'એકસંજ્ઞાધિકાર'માં (=आकडारादेका संज्ञा । ૧-૪-૧ સૂત્રની નીચે) આવેલ છે. આ 'એકસંજ્ઞાધિકાર'થી વક્તાની વિવક્ષા ઉપર સંયમન આવ્યું છે. એટલે કે આ 'એકસંજ્ઞાધિકાર'ને કારણે; એક જ પદાર્થની એકી સાથે એકથી વધારે કારકસંજ્ઞા થઈ શક્તી નથી; સિવાય કે પાણિનિએ કોઈ સૂત્રમાં च કે अन्यतरस्याम् શબ્દનું ગ્રહણ કર્યું હોય. આમ એકસંજ્ઞાધિકારથી કેવળ શિષ્ટ પ્રયોગોનું અનુશાસન કરવામાં આવ્યું છે.[૪૬]

★

---

૪૫. वस्तुतस्तु 'ज्ञोऽविदर्थस्य' इत्यादिचतुर्दशसूत्रीमध्ये 'दिवस्तदर्थस्य' इत्यादिषट्सूत्रीं विहाय अवशिष्टायाम् अष्टसूत्र्यां 'शेष' इति वर्तते, तथा च 'न माषाणाम् अश्नीयात्' इत्यादाविव 'षष्ठी शेषे' इत्येव सिद्धे नियमार्थं प्रकरणम्, "इह षष्ठ्येव न तु तल्लुक्" इति । तथा च 'लुकः प्रयोजकीभूतः समास एव न' इति फलितोऽर्थः (ततश्च 'प्रतिपदविधाना षष्ठी न समस्यते' इति वचनं न कर्तव्यम् ।) – ७०४ सिद्धान्तकौमुद्यां तत्त्वबोधिनी ॥

૪૬. આ સન્દર્ભમાં પ્રૉફે. એસ. ડી. જોશી (પૂના) અને રુડબર્ગેને પાણિનીય વ્યાકરણ અને ચાન્દ્રવ્યાકરણનો તૌલનિક અભ્યાસ રજૂ કર્યો છે. આ દ્વારા તેમણે એવું બતાવ્યું છે કે પાણિનિએ 'વિવક્ષા' શબ્દ વાપર્યા વિના કેવી રીતે ઇષ્ટ સિદ્ધ કર્યું છે તથા ચન્દ્રગોમિને विवक्षातः कारकाणि भवन्ति । જેવું વિધાન કરીને, પોતાના ચાન્દ્રવ્યાકરણની મહત્તા કેવી રીતે ઘટાડી છે અને કેવાં અનિષ્ટોની આપત્તિ ઊભી કરી છે. (જુઓ : કારકાહ્નિક-Introduction : xvi)

ડૉ. માધવ દેશપાંડેએ આ વિષયની પુનઃ વિચારણા કરી છે. તેમણે પ્રૉફે. જોશી અને રુડબર્ગેનના મતનો અસ્વીકાર કરીને ચાન્દ્ર વ્યાકરણની નિર્દોષતા પ્રસ્થાપિત કરી છે. (જિજ્ઞાસુએ "Candragomin's Syntactic Rules, Some Misconception" Indian Linguistics (40.3) Sept.-1979, pp. 133-145 લેખ જોવો.)

# (૮) ચતુર્વિધ વિભક્તિવિધાન

પાણિનિના વિભક્તિવિધાનને સામાન્ય રીતે બે પ્રકારોમાં જ વહેંચવામાં આવતું રહ્યું છે : ૧. કારકવિભક્તિ અને ૨. ઉપપદવિભક્તિ. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ પુનઃ વિચાર કરીએ તો પાણિનિએ 'અષ્ટાધ્યાયી'ના વિભક્તિપાદ (૨-૩-૧ થી ૭૩)-માં ૧. જુદાં જુદાં નામોને (=વિશેષ્ય અને વિશેષણવાચક શબ્દોને), અને ૨. અમુક ઉપસર્ગપ્રકારના તથા અવ્યય પ્રકારના શબ્દોના યોગમાં આવેલા (=અર્થની દૃષ્ટિએ પરસ્પરમાં જોડાયેલાં) નામોને વિભક્તિપ્રત્યયોનું વિધાન કર્યું છે. આ વિભક્તિવિધાનને ચાર ભાગમાં વહેંચી શકાય છે :

૧. **(क)** જુદાં જુદાં **કારકોને** કરવામાં આવેલું વિભક્તિવિધાન (અર્થાત્ જુદી જુદી કારક સંજ્ઞાઓને નિમિત્તે જે વિભક્તિવિધાન થયું છે.);

**(ख)** **અકારકોને** (=જે કારકભૂત પદાર્થો ન હોય, તેવા અર્થોને) વિભક્તિવિધાન;

૨. **(ग)** 'ઉપપદ' રૂપ અમુક અમુક **અવ્યયોના યોગે** વિભક્તિવિધાન, અને

**(घ)** **'કર્મપ્રવચનીય' સંજ્ઞક પદો** (Preposition–postposition)**ના યોગમાં** વિભક્તિવિધાન.

આ ચતુર્વિધ વિભક્તિવિધાનને નીચે પ્રમાણે સોદાહરણ સમજી શકાય :

**(क) કારકાર્થને વિભક્તિવિધાન :** ક્રિયાની સિદ્ધિમાં જે જે પદાર્થ કે વ્યક્તિ વત્તે-ઓછે અંશે ઉપકારક-સાધક-બને છે તેને, **करोति तत् कारकम् ।** એ **વ્યુત્પત્તિ અનુસાર 'કારક' (=ક્રિયા કરનાર) - Participants - કહેવામાં આવે છે.** આવા કારકભૂત પદાર્થના વાચક નામ-શબ્દ-ને, **अनभिहिते** । ૨-૩-૧ એ શરત હેઠળ, **બે રીતે** વિભક્તિપ્રત્યય લાગી શકે છે. જેમકે,

(૧) જો, જે તે કારક ક્રિયાપદના પ્રત્યયથી (કે બીજા કોઈ પ્રત્યયથી) **અભિહિત હોય** તો તે કારકને "પ્રાતિપદિકાર્થ વાચક" પ્રથમા વિભક્તિ (૨-૩-૪૬) લાગે છે.)

**અથવા**

(૨) જો, જે તે કારક ક્રિયાપદના પ્રત્યયથી (કે બીજી કોઈ રીતે) **અભિહિત ન હોય** તો (**अनभिहिते**) **कर्मणि द्वितीया** । (૨-૩-૨ થી ૪૫) વગેરે સૂત્રો દ્વારા દ્વિતીયાથી માંડીને સપ્તમી સુધીના વિભક્તિપ્રત્યયો લાગે છે. દા.ત.

(૧)

(कारके अभिहिते सति )*

રામ વડે <u>વેદ</u> <u>વંચાય છે.</u>

| रामेण | वेदः | पठ्यते । |
|---|---|---|
| (કર્તા-૩) | (કર્મ-૧) | (કર્મણિ પ્રયોગ) |

અહીં કર્મણિ પ્રયોગના વાચક એવા વિકરણ પ્રત્યય 'य' (पठ्यते)થી કર્મકારક રૂપી અર્થ ઉક્ત=અભિહિત છે. તેથી [अनभिहिते] कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્ર નહીં લાગતાં, **प्रातिपदिकार्थ०** । ૨-૩-૪૬થી કર્મકારક વાચક **वेद** શબ્દને કેવળ "પ્રાતિપદિકાર્થ" વાચક પ્રથમા વિભક્તિ લાગીને **वेदः** એવો પ્રયોગ થાય છે.

(૨)

(कारके अनभिहिते सति )*

<u>રામ</u> વેદને વાં<u>ચે છે.</u>

| रामः | वेदम् | पठति । |
|---|---|---|
| (કર્તા-૧) | (કર્મ-૨) | (કર્તરિ પ્રયોગ) |

અહીં કર્તરિ પ્રયોગના વાચક એવા વિકરણ પ્રત્યય 'अ' (पठ् + अ + ति)થી કર્તૃકારક રૂપી અર્થ ઉક્ત=અભિહિત છે. (તેથી **अनभिहिते कर्तृकरणयोस्तृतीया** । ૨-૩-૧૮ થી કર્તાને - રામને - તૃતીયા વિભક્તિ નહીં લાગે, પણ **प्रातिपदिकार्थ०** । ૨-૩-૪૬થી પ્રથમા વિભક્તિ જ લાગશે : **रामः** ।) જ્યારે કર્મકારક રૂપી અર્થ ઉક્ત=અભિહિત નથી, અનભિહિત છે. તેથી (**अनभिहिते**) **कर्मणि द्वितीया** । ૨-૩-૨થી **वेद** એવા કર્મકારકવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિનો પ્રત્યય લાગીને **वेदम्** એવો દ્વિતીયાન્ત પ્રયોગ થશે.

આમ પાણિનિએ સૌથી પહેલાં જે તે ક્રિયાની સિદ્ધિમાં વત્તે-ઓછે અંશે ભાગ ભજવતાં પદાર્થો-વ્યક્તિઓને જુદી જુદી કારકસંજ્ઞાઓ (૧-૪-૨૩ થી ૫૪ સુધીનાં સૂત્રો દ્વારા) આપી દીધી છે; અને તે પછી ૨-૩-૧ થી ૭૩ સુધીના સૂત્રોમાંથી **कर्मणि द्वितीया । कर्तृकरणयोस्तृतीया । चतुर्थी सम्प्रदाने । अपादाने पञ्चमी ।** કે **सप्तम्यधिकरणे च ।** જેવાં સૂત્રોથી, તે પૂર્વોક્ત કારકસંજ્ઞાઓના નિમિત્તે, (=તે તે કારકસંજ્ઞાઓને **માધ્યમ** બનાવીને) દ્વિતીયાથી માંડીને સપ્તમી સુધીની વિભક્તિઓ લગાડવાનું વિધાન કરવામાં આવ્યું છે. એમાં अनभिहिते । ૨-૩-૧ સૂત્ર દ્વારા એટલી વિશેષતા ઉમેરી છે કે, જે કારકાર્થ ક્રિયાપદાદિના પ્રત્યયથી ઉક્ત=અભિવ્યક્ત થઈ ગયેલ હોય, તે કારકવાચક શબ્દની પાછળ કેવળ પ્રથમા વિભક્તિ જ લગાડવી, અને તે પ્રથમા વિભક્તિને કેવળ "શુદ્ધ પ્રાતિપદિકાર્થ" ની વાચિકા જ માનવી.

★

આમ કારકોને, ઉપર્યુક્ત બે રીતે વિભક્તિવિધાન કર્યા પછી એ જાણવું પણ આવશ્યક છે કે- આ (વિશેષ્યભૂત) કારકોનાં વિશેષણોને કેવી રીતે વિભક્તિવિધાન કરવામાં આવ્યું છે. કારણ કે પાણિનિની સમગ્ર 'અષ્ટાધ્યાયી'નું (અષ્ટાધ્યાયીમાંના કારકપાદ અને વિભક્તિપાદનું) અવલોકન કરતાં એવું જોવા મળે છે કે પાણિનિએ કેવળ કારકો (=વિશેષ્યભૂત નામો)ને માટે જ વિભક્તિવિધાન કર્યું છે. દા.ત. રામ કુહાડીથી વૃક્ષને કાપે છે. रामः (કર્તા) **कुठारेण** (કરણ), **वृक्षम्** (કર્મ), **छिनत्ति ।** પણ "**યુવાન** રામ, **તીક્ષ્ણ** કુહાડીથી **શુષ્ક** વૃક્ષને કાપે છે." જેવાં વિશેષણ સહિતના વાક્યમાં, વિવિધ કારકોનાં જે વિશેષણો. (દા.ત. યુવાન, તીક્ષ્ણ, શુષ્ક) છે, તેમને કઈ વિભક્તિ લગાડવી ? એને માટે કોઈ **સૂત્રની રચના કરી નથી ! અહીં લાઘવપ્રિય વૈયાકરણશ્રેષ્ઠ** પાણિનિના મતે વિશેષણવાચક શબ્દોને માટે વિભક્તિવિધાન કરનારાં કોઈ જ **સૂત્રને રચવાની જરીકેય જરૂર નથી.** કારણ કે કારકોનાં જે **વિશેષણો** રૂપ શબ્દો હોય છે તે, કોઈ કારકેતર પદાર્થના (વ્યક્તિના) વાચક હોતાં નથી. દા.ત. "યુવાન રામ" એમ કહીએ ત્યારે 'યુવાન' અને 'રામ' એ બે જુદા જુદા વ્યક્તિઓ નથી. બલ્કે 'રામ'માં જ યુવકત્વ નામનો ગુણધર્મ (=શરીરધર્મ) અભેદસંબંધે રહેલો છે. (જેથી તે 'યુવાન' શબ્દને અમે "અભેદમૂલક વિશેષણ" કહીએ છીએ.*) **એટલે કે વિશેષણ પોતે પણ એ જ કારક છે, કે જેનું તે વિશેષણ છે.** આથી વિશેષ્યભૂત કારકનાં જે વિશેષણ હોય તેને માટે જુદું વિભક્તિવિધાન કરવાનું રહેતું નથી. આમ, વિશેષ્યભૂત કારકનાં જે લિંગ, વચન અને વિભક્તિ હોય, તે અભેદમૂલક વિશેષણને પણ લાગુ પડે એ સ્વાભાવિક જ છે. એને માટે પાણિનિએ જુદું કોઈ વિભક્તિવિધાયક સૂત્ર બનાવવાનું રહેતું નથી : (યુવાન) रामः (તીક્ષ્ણ) **कुठारेण**, શુષ્ક (**वृक्षं**), **छिनत्ति ।** → હવે યુવાન વિશેષણને કર્તાકારક ગણીશું, 'તીક્ષ્ણ' વિશેષણને કરણકારક ગણીશું અને 'શુષ્ક' વિશેષણને કર્મકારક ગણીશું તો, रामःની જેમ તેના વિશેષણને પણ સમાન લિંગ, વચન અને વિભક્તિ લાગુ પડશે તો युवानः रामः । એમ થશે. એ જ પ્રમાણે तीक्ष्णेन कुठारेण, અને शुष्कं वृक्षम् (छिनत्ति) । એવી વિભક્તિઓ અન્ય વિશેષણોને પણ લાગુ પડી જશે. આમ વિશેષણવાચક શબ્દો પણ તેમનાં વિશેષ્ય મુજબનાં **કારકો** જ ગણાય છે. આથી તેમને માટે જુદું વિભક્તિવિધાન કરવાનું રહેતું નથી.

**(ख) અકારકવાચક વિભક્તિઓનું વિધાન :** પાણિનિએ अनभिहिते । ૨-૩-૧ એવા અધિકાર સૂત્રની હેઠળ ૨-૩-૨થી શરૂ કરીને ૨-૩-૪૫ સૂધીનાં સૂત્રો મૂક્યાં છે. (જુઓ : પ્રસ્તાવનાને અન્તે આપેલો સૂત્રપાઠ.) આ અધિકારની બહાર ૨-૩-૪૬ થી ૭૩ સૂધીનાં સૂત્રોમાં તેમણે (૧) પ્રથમા વિભક્તિ, (૨) સંબોધન વિભક્તિ અને (૩) ષષ્ઠી વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રો મૂક્યાં છે. (૪) આ ઉપરાંત, અમુક અર્થો (=પદાર્થોને (કારકસંજ્ઞા આપ્યા વિના જ) સીધું જ અમુક વિભક્તિઓનું વિધાન કર્યું છે. આ ચારેય વિભક્તિઓને "**અકારક-વિભક્તિ**" કહેવાય છે.

**(૧) પ્રથમા અકારક વિભક્તિ :** ભાષામાં જે ક્રિયાપદો વપરાય છે તે, (જો ધાતુ સકર્મક હોય તો) કર્તરિ પ્રયોગવાળાં કે કર્મણિ પ્રયોગવાળા (જ) હોય છે; [અથવા જો ધાતુ અકર્મક હોય તો, ક્રિયાપદ કર્તરિ પ્રયોગવાળું કે ભાવે પ્રયોગવાળું જ વપરાય છે.] આવા કર્તરિ પ્રયોગવાળા ક્રિયાપદથી 'કર્તાકારક' એવો અર્થ અભિવ્યક્ત થઈ જતો હોઈ, એનો એ જ અર્થ કહેવા માટે કર્તાકારક વાચક શબ્દને પ્રથમા વિભક્તિ લગાવવામાં આવતી નથી. પાણિનિએ પણ *कर्तरि

---

* જુઓ : ભટ્ટ વસન્તકુમાર કૃત **સંસ્કૃત વાક્યસંરચના** (દ્વિતીય પરિવર્ધિત આવૃત્તિ), (પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૬, પૃ. ૬૩-૧૩૮.


**प्रथमा ।** ="કર્તા અર્થમાં પ્રથમા વિભક્તિ લાગે છે." —એવું સૂત્ર બનાવ્યું જ નથી ! કારણ કે એમ કરવામાં પુનરુક્તિ દોષ આવે એમ છે. જેમ કે, કર્તરિપ્રયોગના ક્રિયાપદમાંના अ એવા વિકરણપ્રત્યયથી જ કર્તૃકારક રૂપી અર્થ અભિહિત -ઉક્ત- થઈ જતો હોઈ, તેને અભિવ્યક્ત કરવા માટે, હવે **कर्तरि प्रथमा ।** એવું સૂત્ર બનાવી જ ના શકાય. અહીં **उक्तार्थानाम् अप्रयोगः ।** એવો વૈયાકરણોનો સિદ્ધાન્ત સ્મરણીય છે. આ સિદ્ધાન્ત કહે છે કે "જે અર્થ એકવાર એક પ્રત્યયથી કહેવાઈ ગયો હોય, તેને અભિવ્યક્ત કરવા માટે, ફરીથી બીજો કોઈ પ્રત્યય લાગતો નથી; લગાવવાનો રહેતો નથી." આ સ્થિતિમાં, હવે એ વિચારવાનું પ્રાપ્ત થાય છે કે -(જો ક્રિયાપદમાંના કોઈ પ્રત્યયથી કર્તૃકારક રૂપી અર્થ કહેવાઈ જતો હોય) તો પછી શું એ કર્તૃવાચક શબ્દને કોઈ પણ વિભક્તિપ્રત્યય લગાડ્યા વિના બાકી રહેવા દઈશું ? -તો એવું તો થઈ શકે એમ નથી. કેમકે **अपदं न प्रयुञ्जीत ।** "જે વિભક્ત્યન્ત 'પદ' ન હોય, તેવા કોઈ શબ્દનો પ્રયોગ કરવો જ નહીં. અર્થાત્ ભાષામાં (પ્રયોગ અવસ્થામાં કોઈ પણ શબ્દને નિર્વિભક્તિ તો રાખી શકતો જ નથી. કારણ કે જ્યાં સુધી કોઈ પણ શબ્દને (=પ્રકૃતિ=પ્રાતિપદિકને) કોઈ વિભક્તિ પ્રત્યય લગાડાતો નથી, ત્યાં સુધી તે શબ્દ પોતાનો કોશગત અર્થ (dictionary-meaning) =યૌગિક કે રૂઢ અર્થ આપી શકતો નથી. આમ કર્તૃકારકવાચક શબ્દને વિભક્તિપ્રત્યય લગાડ્યા વિનાનો તો રાખી શકાશે જ નહીં. આ બધો શાસ્ત્રાર્થનો ઘટાટોપ ધ્યાનમાં રાખીને જ પાણિનિએ પ્રથમા વિભક્તિનું વિધાન કરનારા સૂત્રમાં લખ્યું કે - **प्रातिपदिकार्थ-लिङ्गपरिमाणवचनमात्रे प्रथमा ।** ૨-૩-૪૬ "પ્રથમા વિભક્તિ કોઈ કારકવિશેષને અભિવ્યક્ત કરવા વપરાતી નથી. પણ તે (પ્રથમા) વિભક્તિ જે શબ્દને લગાડવી હોય, તે શબ્દના પોતાના કોશગત અર્થને=પ્રાતિપદિકાર્થને તે પ્રકટ કરે છે; વળી એ શબ્દના લિંગ અને સંખ્યા રૂપી અર્થોને પણ તે પ્રકટ કરે છે." —આ સમગ્ર ચર્ચાને ધ્યાનમાં રાખીને પ્રથમા વિભક્તિને "અકારકવિભક્તિ" કહેવી ઉચિત છે.

બીજા શબ્દોમાં કહેવું હોય તો પ્રથમા વિભક્તિ '**ઉદ્દેશ્ય (subject) વાચિકા**' વિભક્તિ છે. એટલે કર્તરિપ્રયોગવાળા વાક્યમાં કર્તૃકારકવાચક શબ્દને લાગેલી પ્રથમા વિભક્તિ એમ જાહેર કરે છે કે એ વાક્યમાં **કર્તા** ઉદ્દેશ્યભૂત છે. તથા કર્મણિપ્રયોગવાળા વાક્યમાં કર્મકારકવાચક શબ્દને લાગનારી પ્રથમા વિભક્તિ એમ જાહેર કરશે કે એ વાક્યમાં **કર્મ** ઉદ્દેશ્યભૂત છે.

**(૨) ષષ્ઠી વિભક્તિ પણ 'અકારક વિભક્તિ'** કહેવાય છે. दशरथस्य रामः रथेन वनं गच्छति । જેવાં વાક્યોમાં વપરાયેલી ષષ્ઠી વિભક્તિ 'દશરથ' અને 'રામ' વચ્ચે પિતા-પુત્રનો **સંબંધ** દર્શાવનારી છે. અહીં ક્રિયાજનક તરીકે 'રામ'નો ક્રિયામાં જેવી રીતે 'ગમનક્રિયા કરનાર' તરીકે અન્વય-જોડાણ-છે, તેવી કોઈ રીતે 'દશરથ' પદાર્થનો ગમનક્રિયામાં અન્વય નથી. આમ ષષ્ઠી વિભક્તિને "કારકવિભક્તિ" કહેવાતી નથી, પણ તે તો **સંબંધ**ની વાચિકા વિભક્તિ છે એમ કહેવાય છે. (આમ બીજા શબ્દોમાં તે 'અકારકવિભક્તિ છે' એમ પણ બોલી શકાય.)


હવે એ વિચારીશું કે ષષ્ઠી વિભક્તિથી દર્શાવાતો પદાર્થ કે વ્યક્તિનો ક્રિયામાં -ક્રિયા કરનાર તરીકે- કોઈ રીતે અન્વય હોતો નથી. (હવે) ષષ્ઠી વિભક્તિ દ્વારા દર્શાવાતો પદાર્થ કે વ્યક્તિ જો ક્રિયા સાથે સમ્બદ્ધ ન થતો હોય તો, વાક્યાવસ્થામાં તે ષષ્ઠ્યન્ત પદ દ્વારા શેની અભિવ્યક્તિ થાય છે ? (ઉત્તર :-) ક્રિયા કરનારાં કારકોનો એક તરફથી ક્રિયાપદ સાથે જેમ સંબંધ - જોડાણ - હોય છે, તેમ તે કારકોનો જગત્‌ના અન્ય પદાર્થો સાથે પણ (જન્યજનકભાવ, સ્વસ્વામિભાવાદિ) **'સંબંધ'** હોય છે. આ 'સંબંધ' રૂપી અર્થને વ્યક્ત કરવા માટે, કારકના સંબંધી પદાર્થવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત.

(૧) सीता तण्डुलान् पचति ।



(કર્તા અને કર્મકારકોનો ક્રિયાપદ સાથેનો સંબંધ)

(૨) जनकस्य सीता रामस्य तण्डुलान् पचति ।



અહીં 'સીતા' અને 'ચોખા' -એ બે કારકો (=ક્રિયામાં ભાગ લેનાર પદાર્થો)નો 'ક્રિયા કરનાર' તરીકે પચનક્રિયામાં અન્વય તો છે. પરંતુ સાથે સાથે એ બે કારકોનો જગત્‌ના અન્ય પદાર્થો (જનક કે રામ)ની સાથે પણ **સંબંધ** છે. દા.ત. સીતાનો જનકની સાથે જન્યજનકભાવ સંબંધ પણ છે તથા તંદુલ (ચોખા)નો રામની જોડે સ્વ-સ્વામિભાવ સંબંધ પણ છે. આમ વાક્યમાંના કારકોનો ક્રિયાપદ ઉપરાંત, ક્રિયાપદથી અતિરિક્ત એવા જગત્‌ના અન્ય પદાર્થો સાથે પણ જે (સ્વસ્વામિભાવાદિ) **સંબંધો** હોય છે તેને અભિવ્યક્ત કરવા માટે વપરાતી ષષ્ઠી વિભક્તિને પણ "અકારકવિભક્તિ" કહેવાશે. (અમે અમારા 'સંસ્કૃત વાક્યસંરચના' ગ્રન્થમાં આવાં ષષ્ઠી વિભક્તિવાળાં પદોને કારકોનાં "ભેદમૂલક વિશેષણ" રજૂ કરનારાં પદો તરીકે ઓળખાવ્યાં છે.)

આ ષષ્ઠી વિભક્તિનું વિધાન કરનારું સૂત્ર પણ (**अनभिहिते** । ૨-૩-૧નો અધિકાર જ્યાં પૂરો થઈ (=૨-૩-૪૫) જાય છે, તેની નીચે ૨-૩-૫૦માં સૂત્રમાં **षष्ठी शेषे** । (૨-૩-૫૦) "શેષ=સંબંધ અર્થમાં ષષ્ઠી વિભક્તિ લાગે છે" એવું વિધાન કર્યું છે.

**(૩) સંબોધન વિભક્તિ અકારકવિભક્તિ :** अनभिहिते । (૨-૩-૧ થી ૪૫) સૂત્રના અધિકારની બહાર, પાણિનિએ જેમ પ્રથમા વિભક્તિ-વિધાયક (૨-૩-૪૬) સૂત્રને મૂક્યું છે તેમ સંબોધનવિભક્તિ વિધાયક **संबोधने च** । ૨-૩-૪૭ સૂત્રને પણ મૂક્યું છે. દા.ત. **भो कृष्ण !** अत्र तव गौः चरति । હે કૃષ્ણ ! અહીં તમારી ગાય ચરે છે.' આ વાક્યમાં **भो कृष्ण** । એ 'સંબોધન વિભક્તિ'માં આવેલું પદ છે. વૈયાકરણોએ આવા સંબોધન વિભક્તિવાળાં પદોને મુખ્ય વાક્યના અવયવ-અંગ-ગણ્યા જ નથી. કારણ કે गौः એ કર્તાકારકનો જેવી રીતે ચરવાની ક્રિયામાં અન્વય (=ક્રિયા કરનાર તરીકે જોડાણ) છે, તેવી રીતે 'કૃષ્ણ' પદાર્થ-વ્યક્તિ-નો ચરવાની ક્રિયામાં કોઈ રીતે અન્વય નથી. આથી આવી 'સંબોધન વિભક્તિ'ને પણ 'અકારકવિભક્તિ' કહેવાય છે. (અને પાણિનિએ તેમનું વિધાન **अनभिहिते** । ૨-૩-૧ થી ૪૫ સૂત્રના અધિકારની બહાર કર્યું છે.)

**(૪) અમુક અર્થોને (કારકસંજ્ઞા આપ્યા વિના જ) સીધું જ વિભક્તિવિધાન -એ પણ 'અકારકવિભક્તિ' :** પાણિનિએ **अनभिहिते** । (૨-૩-૧ થી ૪૫) સૂત્રના અધિકારની અંતર્ગત મોટે ભાગે તો અમુક અમુક કારકસંજ્ઞાઓના નિમિત્તે વિભક્તિ વિધાન કર્યું છે. જેમકે, **कारके** (૧-૪-૨૩ થી ૫૪)ના અધિકાર હેઠળ જેમને 'કર્મકારકસંજ્ઞા'વાળા કહ્યા છે, તેમને **कर्मणि द्वितीया** । ૨-૩-૨થી 'દ્વિતીયા વિભક્તિ' લગાડવી એમ કહ્યું છે. એ જ રીતે, કારકાધિકારમાં જેમને 'કરણકારક' કહ્યા છે, તેમને **अनभिहिते**ના અધિકાર હેઠળ **कर्तृकरणयोस्तृतीया** । ૨-૩-૧૮થી તૃતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. પરંતુ આ **अनभिहिते** । ૨-૩-૧ના અધિકાર હેઠળ જ, એવાં પણ સૂત્રો મૂક્યાં છે, જેમનાથી અમુક અમુક અર્થોને જ (કે જેમની કોઈ 'કારક'સંજ્ઞા પાડવામાં જ ન આવી હોય તેવા અર્થોને જ) સીધું વિભક્તિ કરવામાં આવ્યું છે. દા.ત. **कालाध्वनोरत्यन्तसंयोगे** । ૨-૩-૫. આ સૂત્ર દ્વારા કહેવાયું છે કે- "(ગુણ, ક્રિયા અને દ્રવ્યની સાથે) અત્યંત સંયોગ (=સાતત્ય) હોય તો **કાલવાચક અને માર્ગવાચક શબ્દોને** દ્વિતીયા વિભક્તિ લગાડવી." અહીં 'કાલવાચક' શબ્દ કે 'માર્ગવાચક' શબ્દોને કોઈ જ કારક રૂપે ઓળખાવાયાં નથી; પણ તેમને સીધી જ (=કારકસંજ્ઞાને નિમિત્ત બનાવ્યા વિના) જે દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવશે તેમને **'અકારકવિભક્તિ'** કહેવાશે. એ જ પ્રમાણે, **अपवर्गे तृतीया** । ૨-૩-૬ સૂત્રથી કહ્યું છે કે "(ક્રિયાનું) ફળ (=અપવર્ગ) આવ્યું છે. એવો અર્થ પ્રકટ કરવા માટે 'કાળવાચક' શબ્દને, તથા માર્ગવાચક શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવી." અહીં પણ 'કાળ' અને માર્ગવાચક શબ્દો કોઈ જ 'કારક' રૂપ પદાર્થો નથી. **रामेण द्वादशवर्षैः व्याकरणम् अधीतम्** । 'રામ બાર વર્ષે વ્યાકરણ ભણ્યો.' આવી જ રીતે **हेतौ** । ૨-૩-૨૩થી 'હેતુ' અર્થમાં પણ તૃતીયા વિભક્તિનું જે વિધાન કર્યું છે; દા.ત. दण्डेन घटः । તે હેતુભૂત પદાર્થ (दण्ड) પણ 'કારક' નથી. આ હેતુ અર્થમાં પ્રવૃત્ત થતી તૃતીયા વિભક્તિને પણ "અકારકવિભક્તિ" કહેવાશે.

**(ग) 'ઉપપદ' રૂપ અમુક અમુક અવ્યયોના યોગે વિભક્તિ-વિધાન :** ભાષામાં એવા કેટલાક અવ્યયો છે કે જેમની સાથે (અર્થની દષ્ટિએ) જોડાયેલા શબ્દોને અમુક નિશ્ચિત વિભક્તિમાં જ વાપરવા પડે છે. જેમકે, 'सह' (સાથે) એવા અવ્યયની સાથે જોડાયેલા શબ્દને તૃતીયા વિભક્તિ જ આપવામાં આવે છે : **रामेण सह** सीता वनं गच्छति । આમ ભાષામાં અમુક અવ્યયો **રૂઢિ**થી જ અમુક વિભક્તિઓના પ્રયોગને નિયન્ત્રિત કરે છે. આવા અવ્યયોને 'ઉપપદ' (નજીકમાં ઉચ્ચારવામાં આવેલાં પદ) કહે છે, તથા તેમના 'યોગ'માં આવેલા (=તેમની સાથે અર્થની દષ્ટિએ સંબદ્ધ હોય) એવા શબ્દને જે

વિભક્તિ લગાડવામાં આવે તેને "ઉપપદવિભક્તિ" કહે છે. પાણિનિએ આને માટે अन्तराऽन्तरेण युक्ते । ૨-૩-૪, नमःस्वस्तिस्वाहा स्वधाऽलंवषड्योगाच्च । ૨-૩-૧૬, सहयुक्तेऽप्रधाने । ૨-૩-૧૯, अन्यारादितरर्तेदिक्शब्दाञ्चूत्तरपदाजाहियुक्ते । ૨-૩-૨૯, पृथग् विनानानाभिस्तृतीयाऽन्यतरस्याम् । ૨-૩-૩૨ વગેરે સૂત્રો આપ્યાં છે. [આ સૂત્રો પણ अनभिहिते । ૨-૩-૧ એવા અધિકારસૂત્રની હેઠળ જ મૂકવામાં આવ્યાં છે. પરંતુ આ અધિકારસૂત્રને તેમાં જોડવાની જરૂર નથી.]

**(घ) 'કર્મપ્રવચનીય' સંજ્ઞાવાળાં પદોના યોગમાં વિભક્તિવિધાન** : સામાન્ય રીતે प्रति, अनु, परि, अति, सु, उप, अप, आङ्, अपि, अधि, अभि –આ શબ્દો 'ઉપસર્ગ' રૂપે ક્રિયાપદની પૂર્વમાં જોડવામાં આવે છે. પરંતુ વેદસાહિત્યમાં અને રામાયણ-મહાભારત જેવા ઇતિહાસગ્રન્થો-આર્ષ મહાકાવ્યોમાં આ प्रति, परि, अनु વગેરે શબ્દો (ક્રિયાપદની પૂર્વે જોડ્યા વિના=) સ્વતંત્ર રીતે વાક્યમાં પ્રયોજાય છે, અને ત્યાં તે વિશિષ્ટ અર્થોની અભિવ્યક્તિ કરતા હોય છે. આ પ્રકારે વાક્યમાં સ્વતંત્ર રીતે પ્રયોજાયેલા प्रति, परि, अनु વગેરે શબ્દોને પાણિનિએ 'કર્મપ્રવચનીય' એવી સંજ્ઞા આપી છે; તથા તેમના યોગમાં વપરાતી અમુક નિશ્ચિત વિભક્તિઓની નોંધ પણ લીધી છે. જેમકે, अनुर्लक्षणे । ૧-૪-૮૩ "લક્ષણ" એવા અર્થને દ્યોતિત કરનાર 'अनु'ની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે." તથા कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ સૂત્રથી કહ્યું કે- જે 'अनु'નું નામ (=સંજ્ઞા) 'કર્મપ્રવચનીય' એવું આપવામાં આવ્યું છે, તે अनुની સાથે અર્થની દૃષ્ટિએ સંબદ્ધ એવા શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવી. દા.ત. जपम् अनु प्रावर्षत् देवः ।। "જપને અનુલક્ષીને ઇન્દ્રદેવ વર્ષ્યા."

આમ પાણિનિએ કુલ ચાર પ્રકારે વિભક્તિવિધાન કર્યું છે.

★

# (૯) કર્મપ્રવચનીય

ભારતીય વૈયાકરણોએ ભાષામાં વપરાતાં પદોનું પરિગણન કરાવતી વખતે चत्वारि पदजातानि –१. नाम, २. आख्यात, ३. उपसर्ग, ४. निपाताश्च । (યાસ્ક) "પદો ચાર પ્રકારનાં હોય છે." [અથવા પાણિનિ મુજબ જોઈએ તો सुप्तिङन्तं पदम् । १-४-१४ 'પદો બે (જ) પ્રકારનાં હોય છે : ૧. સુબન્ત = નામપદ (noun-phrase) અને ૨. તિઙન્ત = ક્રિયાપદ (verb-phrase)." એમ કહેવાયું છે.] જ્યારે અંગ્રેજી ભાષાના વ્યાકરણોમાં Parts of speechની ચર્ચા કરતી વખતે Noun, pronoun, adjective, verb, preposition વગેરેની ગણતરી કરાવવામાં આવે છે. અહીં, અંગ્રેજી વ્યાકરણમાં 'preposition'ના ખ્યાલને ચુસ્ત રીતે મળતો આવતો કોઈ શબ્દ સંસ્કૃત વ્યાકરણમાં નથી. તથાપિ સંસ્કૃત ભાષામાં જેમને 'ઉપસર્ગો' અને 'નિપાતો' કહેવાય છે, તેમને ક્યારેક અંગ્રેજી ભાષાનો 'preposition' શબ્દ વાપરીને ઓળખાવાય છે. આથી, આ વિષે થોડી ચર્ચા કરવી આવશ્યક જણાય છે :

અંગ્રેજી ભાષામાં જેમને Preposition (=નામની પૂર્વે વપરાતા શબ્દો) કહેવાયા છે, તે નીચેનું કોષ્ટક જોવાથી સ્પષ્ટ થશે.

| Preposition | | Noun |
|---|---|---|
| through | the | window |
| over | the | wall |
| to | — | him |
| into | the | garden |
| in | your | pocket |

બીજી તરફ, પાણિનિ મુજબ સંસ્કૃત ભાષાના જે 'નિપાતો' છે તેમને નીચે મુજબ પૃથક્કૃત કરી શકાય :

નિપાત

- प्रादयः
  - ઉપસર્ગ
  - કર્મવચનીય
- चादयः
  - ઉપપદ રૂપ અવ્યયો
  - અવ્યયો

| ઉપસર્ગ (Preposition) | કર્મવચનીય (postposition) | ઉપપદ રૂપ અવ્યયો | અવ્યયો |
|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | - ↓ |
| प्र, परा, अप, सम् , अनु, अव, निस् , निर् વગેરે ૨૨. | अति, अधि, अनु, अप, अभि, आ, उप, परि, प्रति । सु, अपि | सह, ऋते विना, प्रभृति ↓ | च, खलु तत्र, अद्य |
| — | આમના યોગે નિશ્ચિત વિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રો ૨-૩-૮, ૯ ૧૦, ૧૧. | આમના યોગે પણ નિશ્ચિત વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રો ૨-૩-૧૬, ૧૯, ૨૯, ૩૨, ૪૩ વગેરે. | — |

અહીં प्रादि ગણમાં જેમનો સમાવેશ કર્યો છે તે प्र, परा, अप, सम् , अनु, अव, अभि, प्रति વગેરે જ્યારે કોઈ **ક્રિયાપદ**ની પૂર્વમાં જોડવામાં આવે છે ત્યારે તેને उपसर्ग કહે છે ( : उपसर्गाः क्रियायोगे । ૧-૪-૫૯). આમ ક્રિયાપદની પૂર્વમાં તેમને જોડવામાં આવતા હોઈ તેમને 'Preposition' કહેવા સમુચિત છે. પરંતુ આમાંના જ કેટલાક (ઉપર દર્શાવ્યા મુજબના अति, अधि વગેરે ૧૧) શબ્દો જ્યારે ક્રિયાપદની સાથે જોડ્યા વિના, અર્થાત્ સ્વતન્ત્ર પણે વાક્યમાં પ્રયોજાય છે ત્યારે તેમને कर्मप्रवचनीय કહે છે; આવા 'કર્મપ્રવચનીય' પ્રકારના प्रादि શબ્દોને preposition (પૂર્વગ) કહેવાને બદલે postposition (અનુગ) કહેવા જોઈએ.* કારણ કે આ કર્મપ્રવચનીયો સામાન્યતઃ નામપદની પાછળ સ્વતન્ત્રપણે વપરાય છે. દા.ત. जपम् अनु प्रावर्षत् । वृक्षं प्रति विद्योतते विद्युत् । વગેરે. વળી, અહીં એ પણ ઉમેરવું જોઈએ કે सुः पूजायाम् । ૧-૪-૯૪ (દા.ત. सुसिक्तम् । सु-स्तुतम् ।) તથા अपिः पदार्थसम्भावनाऽन्ववसर्गगर्हासमुच्चयेषु । ૧-૪-૯૬ (દા.ત. अपि स्तुयाद् विष्णुम् । अपि स्तुहि । अपि सिञ्च ।) સૂત્રોક્ત अपि અને सु જેવા બે કર્મપ્રવચનીયોને તો કોઈપણ રીતે preposition (કે postposition) કહી જ શકાય એમ નથી.

સંસ્કૃત સાહિત્યમાં આવા કર્મપ્રવચનીયોના પ્રયોગ બાબતે J. S. Speijerના નિરીક્ષણોનો અત્રે ઉલ્લેખ કરવો આવશ્યક છે : આર્ષ-વેદ-સાહિત્યમાં તથા પાણિનિના પોતાના સમયમાં આવા કર્મપ્રવચનીયોનો વપરાશ અધિક હતો. પરંતુ

---

* Sanskrit prepositions should rather be styled "Postposition" as they are generally put behind the noun, they are construed with... See : J. S. Speijer, SANSKRIT SYNTAX, pp-113-114.

* The archaic dialect used more preposition and used them oftener, than the classic language does. The more we go back in time, the greater the number and the variety of idioms. So for instance, in the days of Pāṇini some preposition -अधि, अभि, उप, परि, —seem to have been in common use, but classic literature they are, if at all, rarely metwith, —see : J. S. Sperijer, SANSKRIT SYNTAX, pp.11.

પાછળથી, ઉત્તરવર્તી પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાંથી આ કર્મપ્રવચનીયોનો વપરાશ ઘણો ઘટી ગયેલો જણાય છે.

કેટલાક કર્મપ્રવચનીયોના સાહિત્યમાં થયેલા પ્રયોગો જોઈએ તો **-(क) अति કર્મપ્રવચનીય**ની સાથે દ્વિતીયા વિભક્તિવાળું પદ વપરાય છે. જેમકે, ૧. अति वै प्रजात्मानम् , अति पशवः । ઐતરેય બ્રાહ્મણ (૪-૬-૧૩). 'પોતાની સંતતિ અને પશુઓ આગળ નીકળી ગયેલા - અતિક્રમણ કરીને રહેલા - હોય છે.' ૨. इदं नः प्रथितं कुलम् । अति अन्यान् पृथिवीपालान् पृथिव्याम् अधिराज्यभाक् । મહાભારત (૧-૧૧૦-૧)માં ભીષ્મની ઉક્તિ. [સમાસમાં વપરાય- अतिनिद्रम् - ત્યારે તે 'ક્રિયાવિશેષણ' રૂપે કાર્ય કરે છે.]

**(ख) अधि કર્મપ્રવચનીય** : વૈદિક સાહિત્યમાં અને આર્ષ મહાકાવ્યોમાં તે વધુ વપરાય છે. તે શાસક રાજા અને શાસિત રાજ્ય વચ્ચેનો સંબંધ દર્શાવવા વપરાય છે. જેમકે, ૧. अधि पञ्चालेषु ब्रह्मदत्तः । 'બ્રહ્મદત્ત પંચાલ ઉપર રાજ્ય કરે છે.' અથવા अधि ब्रह्मदत्ते पञ्चालाः । 'પંચાલ બ્રહ્મદત્તના કબજા હેઠળ છે.' ૨. अद्यैव प्रहारवर्मणि अधि विदेहा जाताः । (દશકુમાર ચરિત). 'આજે જ વિદેહના લોકો પ્રહારવર્માના શાસન હેઠળ મૂકાયા.' [બે વાર अधिનો પ્રયોગ થાય ત્યારે દ્વિતીયા વિભક્તિ વપરાય છે. સમાસમાં अधि જોડાય ત્યારે તે ક્રિયાવિશેષણ તરીકે વર્તે છે : अधिस्त्रि (સ્ત્રીઓને વિષે), अधिदैवतम् (દેવતાઓને લગતું-ને વિષે). વૈદિક પ્રયોગોમાં अधि સાથે પંચમી, સપ્તમી કે દ્વિતીયા વપરાય છે.] ૨. જ્યારે સપ્તમી વિભક્તિવાળા પદ સાથે अधि વપરાય ત્યારે - ની ઉપર - on - એવો અર્થ પ્રકટે છે : भद्रैषां लक्ष्मीर्निहिताऽधि वाचि । 'કલ્યાણકારિણી લક્ષ્મી એમની = વૈયાકરણોની વાણીમાં નિવાસ કરે છે.' कृष्णाजिनम् अधि दीक्षन्ते । શતપથ બ્રાહ્મણ ૧-૧-૪-૩ 'તેઓ કૃષ્ણ મૃગચર્મની ઉપર દીક્ષિત થાય છે.'

**(ग) उप કર્મપ્રવચનીય : उपोऽधिके च ।** ૧-૪-૮૭ સૂત્રથી સૂચવેલો उप કર્મપ્રવચનીય શબ્દ 'થી અધિક', -ની આગળ નીકળી ગયેલ' એવો અર્થ પ્રકટાવે છે. દા.ત. ૧. उप निष्के कार्षापणम् । 'કાર્ષાપણ કરતાં નિષ્ક ચઢી જાય છે' (પૈસા કરતાં રૂપિયો ચઢી જાય છે.) ૨. '-થી ઉતરતું' અર્થ દર્શાવતાં उप કર્મપ્રવચનીય જોડે દ્વિતીયા વપરાય છે. દા.ત. उप शाकटायनं वैयाकरणाः । 'બધા વૈયાકરણો શાકટાયન કરતાં ઊતરતી કક્ષાના છે.' આ કર્મપ્રવચનીય વેદમાં અધિક વપરાયો છે. પાછળથી તેનો પ્રયોગ વિરલ બન્યો છે.

**(घ) अभि અને परि કર્મપ્રવચનીય** : બન્ને લગભગ સમાનાર્થક છે. '-ની આસપાસ', '-ના પ્રત્યે' અર્થમાં તેમનો પ્રયોગ જોવા મળે છે. ૧. अभि अग्निम् शलभाः पतन्ति । 'તીડ અગ્નિની આસપાસ પડે છે.' (કાશિકા). ૨. अभि सायम् । 'સાંજના સમયે' (છાન્દોગ્યોપનિષદ્ ૪-૬-૧). ૩. वीतमन्युर्गौतमो माम् अभि । (કઠોપનિષદ્ ૧-૧૦) 'ગૌતમ મારા પ્રત્યે ગુસ્સો અનુભવતા નથી.' ૪. वृक्षं परि/प्रति/अनुअभि विद्योतते विद्युत् । 'વૃક્ષની તરફ વિજળી ચમકે છે.'

★

પાણિનિ દ્વારા આ 'કર્મપ્રવચનીય' તરીકે ઓળખાવાયેલા શબ્દો ધ્વનિશ્રેણી/સ્વરૂપની દષ્ટિએ 'ઉપસર્ગ' જેવા છે; પણ વાક્યાવસ્થામાં પ્રયોગ સમયે (सह, विना, च, खलु વગેરે અવ્યયોની જેમ) સ્વતન્ત્ર પણે પ્રયોજાય છે; તથા તેમની સાથે સંકળાયેલું નામપદ એક નિશ્ચિત વિભક્તિ લે છે -એ દષ્ટિએ વિચારતાં તે 'અવ્યય'-કે નિપાત-ની નજીક છે. આમ કર્મપ્રવચનીય રૂપે ઉલ્લેખેલા શબ્દો ઉપસર્ગ અને અવ્યય-એ બન્નેનાં લક્ષણ એક સાથે ધરાવતાં હોઈને તેને "પાંચમા પ્રકાર'નું પદ કહી શકાય એવો ભર્તૃહરિનો મત ખરેખર આદરણીય છે. આથી ૧. નામ, ૨. આખ્યાત, ૩. ઉપસર્ગ, ૪. નિપાતની અંદર પાંચમા પ્રકારના શબ્દ તરીકે ૫. કર્મપ્રવચનીયને સ્વતન્ત્ર સ્થાન આપવું જોઈએ.

★

## प्रथमोऽध्यायः

(चतुर्थः पादः ।)

१ आकडारादेका संज्ञा ।
२ विप्रतिषेधे परं कार्यम् ।
२३ कारके । (અધિકાર સૂત્ર)
२४ ध्रुवमपायेऽपादानाम् ।
२५ भीत्रार्थानां भयहेतुः ।
२६ पराजेरसोढः
२७ वारणार्थानामीप्सितः ।
२८ अन्तर्धौ येनादर्शनमिच्छति ।
२९ आख्यातोपयोगे ।
३० जनिकर्तुः प्रकृतिः ।
३१ भुवः प्रभवः ।
३२ कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् ।
३३ रुच्यर्थानां प्रीयमाणः ।
३४ श्लाघह्नुङ्स्थाशपां ज्ञीप्स्यमानः ।
३५ धारेरुत्तमर्णः ।
३६ स्पृहेरीप्सितः ।
३७ क्रुधद्रुहेर्ष्यासूयार्थानां यं प्रति कोपः ।
३८ क्रुधद्रुहोरुपसृष्टयोः कर्म ।
३९ राधीक्ष्योर्यस्य विप्रश्नः ।
४० प्रत्याङ्भ्यांश्रुवः पूर्वस्य कर्ता ।
४१ अनुप्रतिगृणश्च ।
४२ साधकतमं करणम् ।
४३ दिवः कर्म च ।
४४ परिक्रयणे सम्प्रदानमन्यतरस्याम् ।
४५ आधारोऽधिकरणम् ।
४६ अधिशीङ्स्थासां कर्म ।
४७ अभिनिविशश्च ।
४८ उपान्वध्याङ्वसः ।
४९ कर्तुरीप्सिततमं कर्म ।
५० तथायुक्तं चानीप्सितम् ।
५१ अकथितं च ।
५२ गतिबुद्धिप्रत्यवसानार्थशब्दकर्माकर्मकाणामणि कर्ता स णौ ।
५३ हृक्रोरन्यतरस्याम् ।
५४ स्वतन्त्रः कर्ता ।
५५ तत्प्रयोजको हेतुश्च । (कारकम् ।।)

## द्वितीयोऽध्यायः

(तृतीयः पादः ।)

१ अनभिहिते । (અધિકાર સૂત્ર)
२ कर्मणि द्वितीया ।
३ तृतीया च होश्छन्दसि ।
४ अन्तरान्तरेण युक्ते ।
५ कालाध्वनोरत्यन्तसंयोगे ।
६ अपवर्गे तृतीया ।
७ सप्तमीपंचम्यौ कारकमध्ये ।
८ कर्मप्रवचनीययुक्ते द्वितीया ।
९ यस्मादधिकं यस्य चेश्वरवचनं तत्र सप्तमी ।
१० पंचम्यपाङ्परिभिः ।
११ प्रतिनिधिप्रतिदाने च यस्मात् ।
१२ गत्यर्थकर्मणि द्वितीयाचतुर्थ्यौ चेष्टायामनध्वनि ।
१३ चतुर्थी सम्प्रदाने ।
१४ क्रियार्थोपपदस्य च कर्मणि स्थानिनः ।
१५ तुमर्थाच्च भाववचनात् ।
१६ नमःस्वस्तिस्वाहास्वधालंवषड्योगाच्च ।
१७ मन्यकर्मण्यनादरे विभाषाऽप्राणिषु ।
१८ कर्तृकरणयोस्तृतीया ।
१९ सहयुक्तेऽप्रधाने ।
२० येनाङ्गविकारः ।
२१ इत्थंभूतलक्षणे ।
२२ संज्ञोऽन्यतरस्यां कर्मणि ।
२३ हेतौ ।
२४ अकर्तर्यणे पञ्चमी ।
२५ विभाषा गुणेऽस्त्रियाम् ।
२६ षष्ठी हेतुप्रयोगे ।
२७ सर्वनाम्नस्तृतीया च ।
२८ अपादाने पंचमी ।
२९ अन्यारादितरर्तेदिक्शब्दाञ्चूत्तरपदाजाहियुक्ते ।
३० षष्ठ्यतसर्थप्रत्ययेन ।

३१ एनपा द्वितीया ।
३२ पृथग्विनानानाभिस्तृतीयाऽन्यतरस्याम् ।
३३ करणे च स्तोकाल्पकृच्छ्रकतिपयस्यासत्त्ववचनस्य ।
३४ दूरान्तिकार्थैः षष्ठ्यन्यतरस्याम् ।
३५ दूरान्तिकार्थेभ्यो द्वितीया च ।
३६ सप्तम्यधिकरणे च ।
३७ यस्य च भावेन भावलक्षणम् ।
३८ षष्ठी चानादरे ।
३९ स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूतैश्च ।
४० आयुक्तकुशलाभ्यां चासेवायाम् ।
४१ यतश्च निर्धारणम् ।
४२ पञ्चमी विभक्ते ।
४३ साधुनिपुणाभ्यामर्चायां सप्तम्यप्रतेः ।
४४ प्रसितोत्सुकाभ्यां तृतीया च ।
४५ नक्षत्रे च लुपि । (અધિકાર પૂરો થયો)
४६ प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा ।
४७ संबोधने च ।
४८ सामन्त्रितम् ।
४९ एकवचनं सम्बुद्धिः ।
५० षष्ठी शेषे ।
५१ ज्ञोऽविदर्थस्य करणे ।
५२ अधीगर्थदयेशां कर्मणि ।
५३ कृञः प्रतियत्ने ।
५४ रुजार्थानां भाववचनानामज्वरेः ।
५५ आशिषि नाथः ।
५६ जासिनिप्रहणनाटक्राथपिषां हिंसायाम् ।
५७ व्यवहृपणोः समर्थयोः ।
५८ दिवस्तदर्थस्य ।
५९ विभाषोपसर्गे ।
६० द्वितीया ब्राह्मणे ।
६१ प्रेष्यब्रुवोर्हविषो देवतासम्प्रदाने ।
६२ चतुर्थ्यर्थे बहुलं छन्दसि ।
६३ यजेश्च करणे ।
६४ कृत्वोर्थप्रयोगे कालेऽधिकरणे ।
६५ कर्तृकर्मणोः कृति ।
६६ उभयप्राप्तौ कर्मणि ।
६७ क्तस्य च वर्तमाने ।
६८ अधिकरणवाचिनश्च ।
६९ न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् ।
७० अकेनोर्भविष्यदाधमर्ण्ययोः ।
७१ कृत्यानां कर्तरि वा ।
७२ तुल्यार्थैरतुलोपमायां तृतीयाऽन्यतरस्याम् ।
७३ चतुर्थी चाशिष्यायुष्यमद्रभद्रकुशलसुखार्थहितैः ।

---

**कर्मप्रवचनीयाः । १-४-८२**
अनुर्लक्षणे । ८३
तृतीयार्थे । ८४
हीने । ८५
उपोऽधिके च । ८६
अपपरी वर्जने । ८७
आङ् मर्यादावचने । ८८
लक्षणेत्थंभूताख्यानभागवीप्सासु प्रतिपर्यनवः । ८९
अभिरभागे । ९०
प्रतिः प्रतिनिधिप्रतिदानयोः । ९१
अधिपरी अनर्थकौ । ९२
सुः पूजायाम् । ९३
अतिरतिक्रमणे च । ९४
अपिः पदार्थसंभावनान्ववसर्गगर्हासमुच्चयेषु । ९५
अधिरीश्वरे । ९६
विभाषा कृञि । ९७

## तृतीयोऽध्यायः

**(चतुर्थः पादः ।)**

६७ कर्तरि कृत् ।
६८ भव्यगेयप्रवचनीयोपस्थानीयजन्याप्लाव्यापात्या वा ।
६९ लः कर्मणि च भावे चाकर्मकेभ्यः ।
७० तयोरेव कृत्यक्तखलर्थाः ।
७१ आदिकर्मणि क्तः कर्तरि च ।
७२ गत्यर्थाकर्मकश्लिषशीङ्स्थासवसजनरुहजीर्यतिभ्यश्च ।
७३ दाशगोघ्नो सम्प्रदाने ।
७४ भीमादयोऽपादाने ।
७५ ताभ्यामन्यत्रोणादयः ।
७६ क्तोऽधिकरणे च ध्रौव्यगतिप्रत्यवसानार्थेभ्यः ।

★

॥ श्रीः ॥

# वैयाकरणसिद्धान्तकौमुद्यां

# कारकप्रकरणम्

(प्रथमा विभक्तिः)

532 (१) **प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । पा. सू. २-३-४६**

---

(वृत्तिः) **नियतोपस्थितिकः प्रातिपदिकार्थः ॥ 'मात्र'शब्दस्य प्रत्येकं योगः ॥** (सूत्रार्थः-) **"प्रातिपदिकार्थमात्रे, लिङ्गमात्राधिक्ये, परिमाणमात्रे, संख्यामात्रे च प्रथमा स्यात्" ॥** (उदाहरणानि) **१. उच्चैः नीचैः, कृष्णः श्रीः ज्ञानम् । अलिङ्गा नियतलिङ्गा च 'प्रातिपदिकार्थमात्रे' इति अस्य उदाहरणम् ॥ २. अनियतलिङ्गाः तु 'लिङ्गमात्राधिक्य'स्य-तटः तटी तटम् ॥ ३. 'परिमाणमात्रे-द्रोणः व्रीहिः ॥=द्रोणरूपं यत्परिमाणं तत्परिच्छिन्नः 'व्रीहिः' इत्यर्थः । प्रत्ययार्थ परिमाणे प्रकृत्यर्थः अभेदेन संसर्गेण विशेषणम् । प्रत्ययार्थः तु परिच्छेद्यपरिच्छेदकभावेन व्रीहौ विशेषणमिति विवेकः ॥ ४. वचनं=संख्या-एकः द्वौ बहवः । इह उक्तार्थत्वाद् विभक्तेः अप्राप्तौ वचनम् ॥**

---

**ભૂમિકા :** ભટ્ટોજિ દીક્ષિતે "વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદીના"ના સૌથી પ્રથમ 'સંજ્ઞાપ્રકરણ'માં પાણિનિના વ્યાકરણશાસ્ત્રમાં ઉપયોગી થાય એવી કેટલીક કૃત્રિમ સંજ્ઞાઓનો તથા "અષ્ટાધ્યાયી"ની ગ્રન્થવ્યવસ્થાનો અંશતઃ પરિચય કરાવ્યો છે. બીજા 'પરિભાષાપ્રકરણ'માં પાણિનિનાં સૂત્રોનો કેવી રીતે અર્થ કરવો એ વિશેનાં માર્ગદર્શક સૂત્રો (સૂત્રો માટેનાં સૂત્ર- Metarules) રજૂ કરવામાં આવ્યાં છે. ત્યાર પછી સન્ધિ વિષયક ચાર પ્રકરણો ગોઠવ્યાં છે અને પછી 'ષડ્લિંગ પ્રકરણ' મૂક્યું છે. આ પ્રકરણ છ વિભાગમાં વહેંચાયેલું છે. જેમકે, (अ) અજન્ત (સ્વરાન્ત) પુંલિંગ राम વગેરે નામોનાં રૂપો, અજન્ત સ્ત્રીલિંગ माला વગેરે નામોનાં રૂપો, અજન્ત નપુંસકલિંગ (वन) વગેરે નામોનાં રૂપો કેવી રીતે બનાવવાં તે અંગેના સૂત્રોનો સમૂહ આવેલો છે. (ब) હલન્ત (વ્યંજનાન્ત) પુંલિંગ, હલન્ત સ્ત્રીલિંગ અને હલન્ત નપુંસકલિંગ નામોનાં રૂપો કેવી રીતે બનાવાય તે માટેનાં સૂત્રોનો સમૂહ. ત્યાર પછી 'અવ્યયપ્રકરણ' અને 'સ્ત્રીપ્રત્યય પ્રકરણ' રજૂ કરવામાં આવ્યાં છે. આમ, પૂર્વાર્ધમાં મહંદશે નામપદો (NP)નું રૂપાખ્યાન (Morphology) જોવા મળે છે.

પરંતુ राम, कवि, माला, नदी કે वन ઇત્યાદિના સાતેય વિભક્તિઓમાં રૂપો બનાવતાં શીખ્યા છતાંય તે તે **વિભક્તિના અર્થો** જાણવા અનિવાર્ય છે. જેમકે, પ્રથમા વિભક્તિ કયા અર્થને અભિવ્યક્ત કરવા વપરાય છે ? અથવા તો ચતુર્થી, પંચમી વગેરે વિભક્તિઓ કયા કયા અર્થોને અભિવ્યક્ત કરવા પ્રયોજાય છે ? આનું જ્ઞાન કરાવવા માટે-અર્થાત્ વિભક્તિના અર્થોનું નિરૂપણ કરવા માટે હવે 'કારક પ્રકરણ' રજૂ કરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આ 'કારક પ્રકરણ'માં વાક્યરચના (Syntax)ના નિયમો રજૂ કરવામાં આવ્યા છે.

★

પ્રાચીન સમયથી એવું મનાતું આવ્યું છે કે પાણિનિનું વ્યાકરણ એ કેવળ રૂપાખ્યાન (Morphology)નું વ્યાકરણ છે. પરંતુ "અષ્ટાધ્યાયી"ના આ 'કારકપ્રકરણ'નો સૂક્ષ્મ અભ્યાસ કરવાથી તરત જ જણાઈ આવે છે કે પાણિનિનું વ્યાકરણ વાક્યવિન્યાસની ચર્ચા કરતું-Syntactic level-નું વ્યાકરણ છે. આ દષ્ટિએ "અષ્ટાધ્યાયી"નું આ 'કારક પ્રકરણ' ખૂબ જ મહત્ત્વનું છે.

**(અનુવાદ) પ્રાતિપદિક (નામ)ના ઉચ્ચારણની સાથે જ જે અર્થની નિયત રૂપે (સુનિશ્ચિતપણે) ઉપસ્થિતિ થાય છે. તેને 'પ્રાતિપદિકનો અર્થ' કહેવામાં આવે છે. આ સૂત્રમાં આવેલા- 'પ્રાતિપદિકાર્થ, લિંગ, પરિમાણ અને વચન' એ-દરેક શબ્દની સાથે "માત્ર" શબ્દ જોડાય છે. (જેમ કે પ્રાતિપદિકાર્થમાત્ર, લિંગમાત્ર, ઇત્યાદિ).**

(હવે સૂત્રાર્થ આમ થશે : ) **"પ્રાતિપદિકાર્થ માત્રમાં, લિંગમાત્રાધિક્યમાં, પરિમાણમાત્રમાં અને સંખ્યામાત્રમાં પ્રથમા વિભક્તિ વપરાય છે."** (અર્થાત્ માત્ર પ્રાતિપદિકાર્થ સૂચવવા માટે, અમુક શબ્દમાં માત્ર અમુક લિંગનું આધિક્ય દર્શાવવા માટે, કેવળ પરિમાણ=માપ રૂપ અર્થ વ્યક્ત કરવા માટે અને ક્યારેક કેવળ વચન=સંખ્યા રૂપ અર્થ કહેવા માટે પ્રથમા

વિભક્તિ પ્રયોજાય છે.) ઉદાહરણ તરીકે ૧. (क) उच्चैः । नीचैः ।। **અહીં પહેલા બે-અવ્યય-શબ્દો, કે જે લિંગવિહીન શબ્દો છે તેમાં 'પ્રાતિપદિકાર્થ' સૂચવતી પ્રથમા વિભક્તિ વપરાઈ છે.** (उच्चैस्+પ્રથમા વિભક્તિ એકવચનનો सु પ્રત્યય, ત્યાર પછી अव्ययादाप् सुपः । ૨-૪-૮૨ સૂત્રથી અવ્યયને લાગેલા વિભક્તિ પ્રત્યય सुનો લોપ થાય છે=उच्चैस् + ० = उच्चैः । અહીં લુપ્ત થયેલી પ્રથમા વિભક્તિ -પ્રથમા વિભક્તિનો सु પ્રત્યય-પ્રાતિપદિકાર્થ'ની વાચિકા બને છે.) ૧. (ख) कृष्णः । श्रीः । ज्ञानम् ।। **આ શબ્દો નિયત લિંગવાળા છે.** (એટલે કે कृष्ण શબ્દ હંમેશા પુંલિંગમાં જ હોય છે, श्री શબ્દ હંમેશા સ્ત્રીલિંગમાં જ હોય છે અને ज्ञान શબ્દ હંમેશા નપુંસકલિંગમાં જ હોય છે.) **આવા શબ્દોને જે પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે તે પણ 'પ્રાતિપદિકાર્થ'ની વાચિકા બને છે.** (આ બે પ્રકારના શબ્દોમાં પ્રથમા વિભક્તિનો અર્થ પ્રાતિપદિકાર્થ થાય છે.) **૨. ત્રણેય લિંગમાં પ્રચલિત હોય એવા=અનિયતલિંગવાળા શબ્દો પણ ભાષામાં હોય છે. દા.ત. तट શબ્દ. આવા શબ્દોને જ્યારે પ્રથમા વિભક્તિ લગાવવામાં આવે છે ત્યારે તે 'લિંગમાત્રાધિક્ય'નો બોધ કરાવે છે. જેમકે, तटम् શબ્દ હોય ત્યારે તે પ્રથમા વિભક્તિનો सु > अम् પ્રત્યય 'આ શબ્દ નપુંસકલિંગમાં છે' એવો અર્થ આપશે. तटः શબ્દ હશે ત્યારે ત્યાં પ્રથમા વિભક્તિનો सु >स् >: પ્રત્યય તે શબ્દ પુંલિંગમાં છે એવો બોધ કરાવશે અને तटी શબ્દ હશે ત્યારે પ્રથમા વિભક્તિનો લુપ્ત सु પ્રત્યય સ્ત્રીત્વનો બોધ કરાવશે. ૩. द्रोणः व्रीहिः । જેવા ઉદાહરણમાં द्रोण શબ્દને જે પ્રથમા વિભક્તિ (सु >स् >: પ્રત્યય) લાગી છે, તે પરિમાણ-અમુક માપ-એવો અર્થ આપે છે. द्रोणः व्रीहिः । એ વાક્યનો અર્થ આ પ્રમાણે થશે : "દ્રોણ** (પવાલી જેવું વાસણ) **રૂપ જે પરિમાણ=માપ, તેના વડે માપવા** (તોલવા)માં **આવેલા વ્રીહિ=ડાંગર." એટલે કે અહીં द्रोण શબ્દને લાગેલા પ્રથમા વિભક્તિના પ્રત્યયના** (द्रोण+सु > स् >:) **'પરિમાણ' રૂપ અર્થમાં, 'દ્રોણ' એવી પ્રકૃતિ** (નામ)નો **'વાસણ' રૂપ અર્થ અભેદસંસર્ગથી વિશેષણ બને છે.** [દ્રોણ-પવાલી-વાસણ રૂપ માપ.' અહીં દ્રોણ વિશેષણ છે અને માપ વિશેષ્ય છે.] **આવો** (=પ્રકૃત્યર્થ વિશિષ્ટ) **માપ=પરિમાણરૂપ પ્રત્યયનો અર્થ પરિચ્છેદ્ય-પરિચ્છેદકભાવથી 'વ્રીહિ'માં વિશેષણ બને છે.** [એટલે કે व्रीहि કેવા ? તો 'દ્રોણ વાસણ રૂપી' માપથી (વિશેષણ), મપાયેલા વ્રીહિ=ડાંગર (વિશેષ્ય)."] એમ જાણવું જોઈએ. ૪. સૂત્રમાં वचन શબ્દ 'સંખ્યા' અર્થમાં વપરાયો છે. ઉદા.ત. एकः (एक+सु >स् > : =एकः), द्वौ (द्वि+औ) અને बहवः (बहु+जस् > अस्) [આ एक, द्वि, बहु જેવા સંખ્યાવાચક શબ્દોમાં પ્રથમા વિભક્તિના જે પ્રત્યયો લાગ્યા છે, તે (પ્રત્યયો) પણ 'સંખ્યા' અર્થના વાચક (=અનુવાદક) છે.] **અહીં एक, द्वि વગેરે શબ્દો પોતે જ સંખ્યા અર્થના વાચક હોઈ, તે** (સંખ્યા રૂપ) **અર્થ કહેવા માટે પ્રથમા વિભક્તિના પ્રત્યયો પ્રવૃત્ત થઈ શકે એમ ન હતું. આથી, તે પ્રત્યયો લાગી શકે એટલા માટે સૂત્રકારે ઉપર્યુક્ત સૂત્રમાં वचन શબ્દને મૂક્યો છે.**

**(વિમર્શ)** આ સૂત્રનો અર્થ બે રીતે કરવામાં આવ્યો છે : **(૧)** કાશીની વૈયાકરણ પરંપરામાં 'प्रातिपदिकार्थलिङ्ग-परिमाणवचनमात्रे' એ દ્વન્દ્વસમાસ છે. આ દ્વન્દ્વસમાસનો વિગ્રહ કરતી વખતે સમાસને અંતે આવેલા मात्र શબ્દનો સમાસની અંદર આવેલાં તમામ પદોની સાથે અન્વય થાય છે. કેમ કે द्वन्द्वान्ते श्रूयमाणं पदं प्रत्येकम् अभिसम्बध्यते । 'દ્વન્દ્વના અંતે જોડવામાં આવેલ પદ પ્રત્યેકની સાથે જોડાય છે.' એવો ન્યાય છે. આથી સૂત્રાર્થ આમ થશે : प्रातिपदिकार्थमात्रे, लिङ्गमात्राधिक्ये, परिमाणमात्रे, वचनमात्रे च प्रथमा स्यात् ।।

(क) प्रातिपदिकार्थमात्रे प्रथमा स्यात् ।। પ્રાતિપદિકાર્થ સૂચવવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે.' અહીં 'પ્રાતિપદિક' એટલે કોઈ પણ નામ. એટલે કે નામનો અર્થ સૂચવવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે.[1] (આ જ મુદ્દાને શાસ્ત્રીય શબ્દોમાં નીચે મુજબ સમજાવવામાં આવે છે :)

પાણિનિએ 'પ્રાતિપદિક'ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છેઃ ૧. अर्थवद् अधातुः अप्रत्ययः प्रातिपदिकम् । ૧-૨-૪૫. ધાતુભિન્ન, પ્રત્યય ભિન્ન-અને પ્રત્યયાન્ત ભિન્ન-અર્થવાન્ શબ્દસ્વરૂપને 'પ્રાતિપદિક' કહેવામાં આવે છે. તથા ૨. कृत्तद्धितसमासाश्च । ૧-૨-૪૬. કૃત્ પ્રત્યયાન્ત (કૃદન્ત) શબ્દો દા.ત. कुम्भकार, તદ્ધિત પ્રત્યાન્ત શબ્દો દા.ત. कुन्ता > कौन्तेय અને સામાસિક શબ્દો દા.ત. राजपुरुषને પણ 'પ્રાતિપદિક' કહેવાય છે. આમાંથી પહેલા સૂત્ર મુજબ √पच् √भू વગેરે ધાતુઓથી ભિન્ન; स्य, औ, ति, अन्ति વગેરે પ્રત્યયોથી ભિન્ન-અને रामस्य, रामौ, पचति, पचन्ति જેવા પ્રત્યયાન્ત શબ્દોથી ભિન્ન-'અર્થાત્ ધાતુ સિવાયની પ્રત્યયહીન પ્રકૃતિઓ (stem) =નામના મૂળ રૂપને દા.ત. राम, वन, नदी ઇત્યાદિને 'પ્રાતિપદિક' કહેવામાં આવે છે. (આવા 'પ્રાતિપદિકોના અર્થને'ને કહેવા માટે પ્રથમા વિભક્તિ

---

. વિભક્તિપ્રત્યય લગાવ્યા વિનાનું નામ (કોઈ પણ શબ્દ) પોતાનો અર્થ આપી શકતું નથી. પ્રત્યયહીન નામનો પ્રયોગ અસાધુ ગણાય છે. આથી કોઈ પણ નામનો અર્થ પ્રકટ કરવા માટે તેને પ્રથમા વિભક્તિમાં તો મૂકવું જ પડે.

વપરાય છે.)

અહીં 'પ્રાતિપદિક' એટલે શું તે સમજ્યા પછી, 'પ્રાતિપદિકના અર્થો' એ જાણવાની ઇચ્છા થશે. પ્રાતિપદિકના અર્થો વિશે પાંચ મતો પ્રચલિત છે : ૧. શબ્દનું-પ્રાતિપદિકનું 'પ્રવૃત્તિનિમિત્ત'[૨] (અર્થાત્ જાતિ) એવો પ્રાતિપદિકનો એક અર્થ છે. ૨. શબ્દનું પ્રવત્તિનિમિત્ત અને વ્યક્તિ એમ પ્રાતિપદિકના કુલ બે અર્થો છે. ૩. શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત, વ્યક્તિ અને લિંગ-એમ પ્રાતિપદિકના કુલ ત્રણ અર્થો છે. ૪. શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત, વ્યક્તિ, લિંગ અને સંખ્યા-એમ પ્રાતિપદિકના કુલ ચાર અર્થો છે. અથવા ૫. પૂર્વોક્ત ચાર અર્થો, વત્તા પાંચમો કારક રૂપી અર્થ-એમ કુલ મળીને પાંચ અર્થો પ્રાતિપદિકના છે. એટલે કે કોઈ પણ શબ્દ (પ્રાતિપદિક) સાંભળીએ ત્યારે તેમાંથી પૂર્વોક્ત પાંચ અર્થોનો બોધ થઈ શકે છે.[૩] આ પાંચેય મતોમાંથી પહેલા બે મતો ગ્રાહ્ય જણાય છે.[૪] સૂત્રકારના મતે, "પ્રાતિપદિકાર્થ માત્ર સૂચવવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે" એમ કહ્યું છે ત્યારે ત્યાં પ્રાતિપદિકાર્થ='શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત અને વ્યક્તિ' એ બે અર્થો જ કહેવા માટે પ્રથમા વિભક્તિ વાપરવાની છે એમ સમજવાનું છે. કારણ કે સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં 'પ્રાતિ-પદિકાર્થ'થી જુદો જ (સ્વતન્ત્ર રીતે) લિંગ અને સંખ્યાનો પણ ઉલ્લેખ કર્યો છે. આથી સૂત્રકારના મનમાં પ્રાતિપદિકાર્થ એટલે શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત અને વ્યક્તિ એ બે જ અર્થો હશે; લિંગ અને સંખ્યા નહીં હોય. ભાષામાં એક પ્રકારના શબ્દો-અવ્યય શબ્દો-એવા છે કે જેમાંથી લિંગનો કે સંખ્યાનો બોધ થતો નથી. આવા-અવ્યય-શબ્દોને જ્યારે પ્રથમા વિભક્તિ લગાવવામાં આવે છે ત્યારે ત્યાં કેવળ પૂર્વોક્ત (પ્રવૃત્તિનિમિત્ત અને વ્યક્તિ) પ્રાતિપદિકાર્થનો જ બોધ થાય છે. ભાષામાં બીજા પ્રકારના શબ્દો એવા છે કે જેમનાં લિંગ નિયત હોય છે. જેમ કે, **राम** શબ્દનું લિંગ હંમેશા પુંલિંગ છે, અથવા તો **ज्ञान** શબ્દનું લિંગ હંમેશા નપુંસકલિંગ છે. આવા શબ્દોને જ્યારે પ્રથમા વિભક્તિ લાગે છે ત્યારે ત્યાં પણ પૂર્વોક્ત બે પ્રાતિપદિકાર્થોનો (જ) બોધ થાય છે. (કેમકે ત્યાં લિંગ અનાદિકાળથી નિયત હોઈને તેનો બોધ કરાવવા માટે અલગ પ્રયત્ન કરવાની-વિભક્તિ પ્રત્યય લગાવવાની-જરૂર નથી.) આમ પ્રાતિપદિકાર્થમાત્રનો બોધ કરાવતી પ્રથમા વિભક્તિનાં ઉદાહરણો બે પ્રકારના શબ્દો બને છે : (क) અલિંગવાળા શબ્દો અને (ख) નિયતલિંગવાળા શબ્દો. જેમ કે, (क) उच्चैः । नीचैः ।। (ख) कृष्णः । श्रीः । ज्ञानम् ।।

[પાણિનિએ અવ્યય પ્રકારના શબ્દોને પણ વિભક્તિ પ્રત્યય લાગે છે એવું વિધાન કર્યું છે. આ એક નોંધપાત્ર મુદ્દો છે. પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં-Parts of speechની દૃષ્ટિએ-વાક્યનું બે જ ભાગમાં વિભાજન કર્યું છેઃ એક 'સુબન્ત' (NP)=નામપદ અને બીજું 'તિઙન્ત' (VP)=ક્રિયાપદ.

S (sentence)

NP (સુબન્ત) (Noun phrase) — VP (તિઙન્ત) (Verb phrase)

- નામ
- સર્વનામ
- વિશેષણ, ક્રિયાવિશેષણ,
- નિપાત-અવ્યય
- કૃદન્ત નામો
- તદ્ધિતાન્ત નામો, અને
- સમાસ

} પ્રાતિપદિક+सुप् વગેરે વિભક્તિ પ્રત્યયો.

---

૨. प्रवृत्तेः (शब्दानाम् अर्थबोधनशक्तेः) निमित्तम् (प्रयोजकम्); तच्च शक्यतावच्छेदकं भवतीति ज्ञेयम् । (ન્યાયકોશ : પૃ. ૫૮૦) **गो** શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત **गोत्व** જાતિ છે. એટલે કે **गोत्व** જાતિ રૂપી અર્થ વ્યક્ત કરવો એ **गो** શબ્દને વાપરવા માટેનું નિમિત્ત છે. આમ પ્રાતિપદિકનો એક અર્થ તેનું પ્રવૃત્તિનિમિત્ત=જાતિ છે.

૩. (अ) एकं द्विकं त्रिकं चाथ चतुष्कं पञ्चकं तथा ।
नामार्थ इति सर्वेऽमी पक्षाः शास्त्रे निरूपिताः ।। (વૈયાકરણભૂષણસાર, નામાર્થનિર્ણય ૧-૨૫)


(ब) प्रातिपदिकात् स्वार्थ-द्रव्य-लिङ्ग-संख्या कारकाणां क्रमेण उत्पत्तिः । (અહીં સ્વાર્થ=ધર્મ, જાતિ, પ્રવૃત્તિનિમિત્ત અને દ્રવ્ય=ધર્મી, વ્યક્તિ.)

૪. पाणिन्याचार्यस्योभयं सम्मतम् । (સર્વદર્શનસંગ્રહ)

આમ પાણિનિએ અવ્યયોને પણ 'નામપદ'ની અંદર ગણી લીધા છે અને તેમને વિભક્તિ પ્રત્યયો લાગે છે એમ કહ્યું છે. આ પ્રત્યયો લાગ્યા પછી તરત જ તેમનો अव्ययादाप् सुपः । ૨-૪-૮૨ સૂત્રથી લોપ થાય છે. જેમકે, उच्चैस् + सु > લોપ=(उच्चैस् + ० =) उच्चैः ॥ આમ કરવાનું કારણ એ છે કે 'ભાષામાં કેવળ પ્રકૃતિ-શબ્દનું મૂળ રૂપ કે કેવળ પ્રત્યય વપરાતા નથી' એવો નિયમ છે. પ્રકૃતિને વિભક્તિ પ્રત્યય લાગે પછી જ, પાણિનિના મતે 'પદત્વ'ની પ્રાપ્તિ થાય છે (सुप्तिङन्तं पदम् । ૧-૪-૧૪). જેને પદત્વ પ્રાપ્ત ન થયું હોય-વિભક્તિ પ્રત્યય ન લાગ્યો હોય-તેવા શબ્દને (પ્રકૃતિને) સાધુ=પ્રયોગાર્હ ગણવામાં આવતો નથી. (अपदं न प्रयुञ्जीत). આથી અવ્યયોને પણ વિભક્તિ પ્રત્યય લગાવવાનો, અને પછી તેમનો લોપ કરવાનો વિધિ તો કરવો જ પડે છે.]

(ख) **लिङ्गमात्राधिक्ये[५] प्रथमा स्यात्** । જ્યારે કોઈ શબ્દમાંથી તેના લિંગ માત્રનું આધિક્ય સૂચવવું હોય ત્યારે પણ પ્રથમા વિભક્તિ વપરાય છે. ભાષામાં કેટલાક અનિયત લિંગવાળા શબ્દો હોય છે. દા.ત. तट શબ્દ. [આ શબ્દ ત્રણેય લિંગમાં વાપરી શકાય છે. માટે તેને 'અનિયત-લિંગ' શબ્દ કહ્યો છે.] આવા શબ્દને જ્યારે પ્રથમા વિભક્તિ લગાવવામાં આવે છે **ત્યારે** તે શબ્દ કયા લિંગમાં છે ? -એ સ્પષ્ટ થાય છે. જેમકે, तटः । હોય તો તે પુંલિંગનો વાચક બને છે, तटी હોય તો સ્ત્રીલિંગનો વાચક બને છે અને तटम् હોય તો તે નપુંસકલિંગનો વાચક બને છે. આમ, આવા શબ્દોને જે પ્રથમા વિભક્તિના પ્રત્યયો લાગ્યા છે તે અધિકપણે અમુક લિંગ રૂપી અર્થને કહેનારા છે. (બીજા શબ્દોમાં કહીએ તો, અનિયત લિંગવાળા શબ્દોને જો વિભક્તિ પ્રત્યય નહીં લગાડીએ તો તેમનું લિંગ કયું છે તે સ્પષ્ટ થશે નહીં.)

(ग) **परिमाणमात्रे प्रथमा स्यात्** । પરિમાણ=માપ અર્થમાં પણ પ્રથમા વિભક્તિ વપરાય છે. **द्रोणः व्रीहिः** । આ ઉદાહરણમાં द्रोण શબ્દની પાછળ જે પ્રથમા વિભક્તિ જોડાઈ છે તે 'પરિમાણ' અર્થ આપે છે. દ્રોણ એટલે પવાલી-એક વાસણ-અને પ્રથમા વિભક્તિ सु પ્રત્યયનો અર્થ પરિમાણ=માપ. આમ द्रोणः (द्रोण+सु > :) એટલે 'પવાલી જેટલું માપ.' આમાં 'પવાલી' એ અર્થ પ્રકૃતિ-મૂળ द्रोण શબ્દ-નો છે. આ પ્રકૃત્યર્થ, 'માપ' એવા પ્રત્યયના અર્થમાં વિશેષણ બને છે. (એટલે કે 'માપ' કેવું ? તો પવાલી જેવડું 'માપ'). અહીં द्रोण=પ્રકૃતિનો અર્થ વિશેષણ છે અને सु પ્રત્યયનો અર્થ વિશેષ્ય છે. હવે આ "પ્રકૃતિના અર્થથી વિશિષ્ટ (વિશેષિત)" એવો પ્રથમા વિભક્તિના सु પ્રત્યયનો અર્થ, વ્રીહિ શબ્દનું વિશેષણ બને છે. એટલે કે પવાલી જેવડા માપથી મપાયેલા વ્રીહિ (ડાંગર). ડાંગર કેવા ? તો (< (પવાલી જેવડા) માપથી > મપાયેલા ડાંગર). અહીં આ દ્રોણ એવી પ્રકૃતિનો 'પવાલી' અર્થ અભેદ સંબંધથી પ્રત્યયાર્થ 'પરિમાણ'માં વિશેષણ બને છે અને બીજે તબક્કે, પ્રકૃત્યર્થથી વિશિષ્ટ એવો આ પ્રત્યયાર્થ પરિચ્છેદ્ય પરિચ્છેદક ભાવ સંબંધથી વ્રીહિમાં વિશેષણ બને છે. ('પવાલી જેવડા માપથી' મપાયેલા 'ડાંગર'.) અહીં દ્રોણ પરિચ્છેદક માપનાર-છે અને વ્રીહિ પરિચ્છેદ્ય-મપાનાર છે.




૫. यद्यपि 'लिङ्गमात्रे' 'परिणाममात्रे' इत्येव अक्षरार्थः, तथापि प्रातिपदिकार्थं विना लिङ्गादिप्रतीतेः असंभवाद् इति तदाधिक्यं इत्युक्तम् ॥ (तत्त्वबोधिनी)

અહીં द्रोण શબ્દને લાગેલી પ્રથમા વિભક્તિ 'પરિમાણ=માપ' અર્થને વ્યક્ત કરે છે એમ સાબિત થાય છે. व्रीहिને લાગેલી પ્રથમા વિભક્તિ કેવળ 'પ્રાતિપદિકાર્થ'ને સૂચવે છે.[૬]

★

કેટલાક ટીકાકારોએ 'પરિમાણ'નો અર્થ 'ઉપચાર' (=ગૌણાર્થ) પણ કર્યો છે. शुक्लः पटः । જેવાં ઉદાહરણોમાં, शुक्ल શબ્દ શુક્લત્વ ગુણનો વાચક છે અને લક્ષણાથી ગુણીનો (=પટનો) વાચક છે. આમ शुक्ल શબ્દને ગૌણાર્થમાં પ્રથમા વિભક્તિ લાગી છે, આને સમજાવવા માટે 'પરિમાણ'નો અર્થ 'ઉપચાર' પણ કરવામાં આવ્યો છે.[૭]

(ઘ) वचनमात्रे प्रथमा स्यात् । 'વચન=સંખ્યા રૂપી અર્થ સૂચવવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે.' દા.ત. एकः । द्वौ । વગેરે. અહીં एक, द्वि જેવા શબ્દોની પાછળ પ્રથમા વિભક્તિના જે (सु > : અને औ) પ્રત્યયો લાગ્યા છે તેનાથી 'એક', 'બે' એવી સંખ્યાઓનો બોધ થાય છે. અહીં एक, द्वि વગેરે શબ્દો સંખ્યાવાચક જ છે, એથી સંખ્યા રૂપી અર્થ કહેવા માટે કોઈ નવો અંશ-પ્રત્યયાંશ-ઉમેરવાની જરૂર રહેતી નથી. તથાપિ જો પ્રત્યય નહીં લગાવવામાં આવે તો તે શબ્દનું 'પદત્વ' જ સિદ્ધ નહીં થાય; અને પરિણામે સાધુત્વ જ સિદ્ધ નહીં થાય. ભાષ્યકારે કહ્યું છે કે न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । (૨-૩-૧ સૂત્રભાષ્ય) 'એકલી પ્રકૃતિનો પ્રયોગ ન કરવો, તેમ જ એકલા પ્રત્યયનો પણ પ્રયોગ ન કરવો.

અહીં પ્રશ્ન થશે કે, એકવાર પ્રકૃતિ (एक, द्वि વગેરે શબ્દો)થી જ સંખ્યા રૂપી અર્થ કહેવાઈ ગયા પછી, તે જ અર્થ કહેવા માટે પ્રથમા વિભક્તિનો કેવી રીતે પ્રયોગ થઈ શકે ? કેમ કે उक्तार्थानाम् अप्रयोगः । (૧-૨-૬૪ ભાષ્ય) 'જે અર્થ કહેવાઈ ગયો હોય તેને બીજા કોઈ (પ્રકૃતિ કે પ્રત્યય) અંશથી ફરી કહેવામાં આવતો નથી' એવો ન્યાય છે. આ શંકાનો જવાબ એ છે કે એક વાર પ્રકૃતિથી જે સંખ્યા રૂપી અર્થ કહેવાય છે, તે જ અર્થનો (પ્રથમા વિભક્તિના) પ્રત્યયથી 'અનુવાદ' (=પુનઃ કથન) કરવામાં આવે છે.

આમ, કાશીની વૈયાકરણ પરંપરામાં ભટ્ટોજિ દીક્ષિતના મતે પ્રસ્તુત સૂત્ર (૨-૩-૪૬)નો ઉપર્યુક્ત અર્થ થાય છે.

(૨) J. S. Speijer નામના વિદ્વાને પ્રસ્તુત સૂત્રનો અર્થ બીજી રીતે કરી બતાવ્યો છે:[૮] 'प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे' ષષ્ઠી તત્પુરુષ સમાસ છે. એનો અર્થ આમ થશે : प्रातिपदिकस्य ये लिङ्गपरिमाणे, [=ये लिङ्गसंख्ये અથવા ये लिङ्गवचने] तयोः वचनमात्रे प्रथमा (स्यात्) ।। 'પ્રાતિપદિકમાં રહેલ લિંગ અને પરિમાણ (=સંખ્યા) રૂપ અર્થો અભિવ્યક્ત કરવા માટે (=वचनमात्रे) પ્રથમા વિભક્તિ વપરાય છે.' અહીં परिमाणનો અર્થ 'સંખ્યા' કરવામાં આવ્યો છે તથા (वचन) એટલે 'અભિવ્યક્ત કરનાર' (conveying) એમ સમજવાનું છે. ડૉ. એસ. ડી. જોશી આ અર્થઘટન સાથે સમ્મત છે.

કાશીની વૈયાકરણ પરંપરાએ પણ સૂત્રમાં આવેલા परिमाण, वचन અને मात्र શબ્દોને ચિન્ત્ય ગણ્યા છે. (જિજ્ઞાસુએ આ સૂત્ર ઉપરની 'તત્ત્વબોધિની' ટીકા જોવી.) આ સન્દર્ભમાં, ઉપર્યુક્ત અર્થઘટન નોંધપાત્ર બને છે.

**(વિશેષ)** પાણિનિએ "અષ્ટાધ્યાયી"માં 'વાક્ય'ની કોઈ વ્યાખ્યા આપી નથી. છતાંય પદસંસ્કાર-પક્ષને માન્યતા તો આપી જ નથી. અર્થાત્ પાણિનિના વ્યાકરણમાં એકાકિ પદોની સિદ્ધિ શક્ય નથી. પાણિનિએ વાક્યસંસ્કાર-પક્ષનો જ પુરસ્કાર કરીને "અષ્ટાધ્યાયી" વ્યાકરણની રચના કરી છે. એટલે કે 'વાક્ય'ની વ્યાખ્યા આપ્યા વિના, પદો પરસ્પર

---

૬. 'દ્રોણ'ની વ્યાખ્યા આ પ્રમાણે છે :

चतुर्भिः कुडवैः प्रस्थः प्रस्थाश्चत्वार आढकः ।

आढकस्तैश्चतुर्भिस्तु 'द्रोण' इत्यभिधीयते।। આ કારિકામાં પ્રાચીન તોલમાપોની વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે. પૂર્વોક્ત વિમર્શમાં સરળતા માટે દ્રોણનો અર્થ 'પવાલી જેવું વાસણ' કર્યો છે.

૭. (क) परिमाणग्रहणञ्च यत्र निमित्तादर्थान्तरे सोऽयमित्यभेदसम्बन्धात् शब्दः प्रवर्तते, तदुपलक्षणार्थं वेदितव्यम् ।। (न्यासः)

(ख) गौर्वाहीकः इतिवद् द्रोणशब्दस्य तत्परिमिते उपचाराद् द्रोणो व्रीहिरित्यपि सिद्धमिति मनोरमायाम्...।। (तत्वबोधिनी)

આમ વૈયાકરણોએ લક્ષણા-શક્તિ સ્વીકારી નથી. બધા લક્ષ્યાર્થો પ્રથમા વિભક્તિના પ્રત્યયથી જ વ્યક્ત થઈ જાય છે.

૮. Sanskrit Syntax (reprint Motilal Banarsidass, Delhi, 1980 pp. 26-27)

સંકળાયેલા હોય એ રીતે તેમની વ્યુત્પત્તિ દર્શાવવામાં આવી છે. આ સન્દર્ભમાં પ્રસ્તુત સૂત્ર-**प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा** । ૨-૩-૪૬-અત્યંત નોંધપાત્ર છે. કારણ કે આ સૂત્ર જણાવે છે કે પ્રથમા વિભક્તિમાં वृक्षः જેવા એકાકિ પદની સિદ્ધિ શક્ય છે. શુદ્ધ પ્રાતિપદિકાર્થ (=લિંગ અને સંખ્યા રૂપી અર્થો)ને વ્યકત કરવા પ્રથમા વિભક્તિ વપરાય છે. આવું પ્રથમા વિભક્ત્યન્ત પદ બીજા કોઈ પદની અપેક્ષા રાખતું નથી. આથી પાણિનિના વ્યાકરણમાં ત્રિવિધ સ્થિતિ જોવા મળે છે :

(૧) અન્ય પદોથી નિરપેક્ષ રહીને, સ્વતંત્ર એવા પ્રથમા વિભક્ત્યન્ત નામપદની સિદ્ધિ શક્ય છે.

(૨) પ્રથમા વિભક્તિ સિવાયનાં અન્ય નામપદોની સ્વતન્ત્ર સિદ્ધિ-એકાકિ પદોની સિદ્ધિ-શક્ય નથી. (પ્રથમા વિભક્તિ સિવાયનાં પદો પરસ્પર સંકળાયેલા હોય એ રીતે જ સિદ્ધ શકાય છે.[૯])

(૩) તિઙન્ત પદો (=ક્રિયાપદ)ની પણ સ્વતન્ત્ર સિદ્ધિ શક્ય નથી.[૯] કોઈ પણ ક્રિયાપદનું રૂપ સિદ્ધ કરવું હોય તો युष्मदादि નામ કે સર્વનામની સાથે તેનું જોડાણ અર્થાત્ સહોપસ્થિતિ કે અધ્યાહૃતસ્થિતિ અનિવાર્ય છે.

પરંતુ 'વાક્ય'ની વ્યાખ્યા સૌથી પહેલવહેલી રજૂ કરનાર વાર્તિકકાર કાત્યાયને **प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा** । ૨-૩-૪૬ સૂત્રની રચના બદલીને, **"अभिहिते प्रथमा"** એમ સૂચવી છે. અર્થાત્ વાર્તિકકારના મતે પ્રથમા વિભક્તિ 'અભિહિતકારક'ને રજૂ કરનારી વિભક્તિ છે. પાણિનિએ **अनभिहिते** । ૨-૩-૧ એવો 'અધિકાર' કરીને દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિઓનું વિધાન કર્યું છે. આ દ્વિતીયાદિ વિભક્તિઓ અનભિહિત કર્માદિકારકોનો અર્થ સૂચવે છે. પરંતુ જ્યારે કર્માદિ કારકો અન્ય પ્રત્યયોથી અભિહિત હોય ત્યારે તેમને દ્વિતીયાદિ વિભક્તિ લાગી શકશે નહીં. આવી સ્થિતિમાં (અર્થાત્ અભિહિત કારકને વ્યકત કરવા માટે) પ્રથમા વિભક્તિ પ્રયોજાશે. દા.ત. ૧. **रामः पचति** । અહીં કર્તૃકારક રૂપી અર્થ ક્રિયાપદના ति પ્રત્યયથી અભિહિત છે. માટે **'कर्तरि प्रथमा'** જેવું કોઈ સૂત્ર બનાવવાની જરૂર નથી. અહીં (ति પ્રત્યયથી) અભિહિત કર્તૃકારકને પ્રથમા વિભક્તિ લાગી જશે. ૨. **कटः क्रियते** । અહીં કર્મણિ પ્રયોગના ક્રિયાપદમાંથી **'यते'** પ્રત્યય 'કર્મકારક' અર્થને વ્યક્ત કરે છે. માટે કર્મકારક **कट** ને દ્વિતીયા વિભક્તિ લાગશે નહીં. ત્યાં અભિહિત કર્મકારકને માટે પ્રથમા વિભક્તિ વપરાશે. ૩. એ જ પ્રમાણે, **विप्राय ददाति** । માં સમ્પ્રદાનકારક અનભિહિત હોવાથી, તેને ચતુર્થી વિભક્તિ લાગી છે. પણ **दानीयो विप्रः** । માં સમ્પ્રદાન કારક રૂપી અર્થ **ईय** પ્રત્યયથી અભિહિત છે. માટે તે અભિહિતકારકને વ્યકત કરવા **विप्र**ને પ્રથમા વિભક્તિ લાગશે. આમ વાર્તિકકારના મતે પ્રથમા વિભક્તિ કોઈ પણ 'અભિહિતકારક'ને વ્યકત કરવા માટે વપરાય છે.

વૈયાકરણોએ લક્ષણાનો સ્વીકાર કર્યો નથી. -એ વાત સુવિદિત છે. પરંતુ તે કેવી રીતે ? તથા એના મૂળ 'અષ્ટાધ્યાયી'માં કયાં કયાં પડેલાં છે ? એનું વ્યાખ્યાન કરવું જરૂરી છે : **सर्वे सर्वपदादेशाः दाक्षीपुत्रस्य पाणिनेः** । (મહાભાષ્ય ૧-૧-૧૯ એ ઉક્તિને આધારે નાગેશ ભટ્ટે 'પરમલઘુમંજૂષા'માં **सति तात्पर्ये सर्वे सर्वार्थवाचकाः** । અર્થાત્ "(વક્તૃ-) તાત્પર્યની સિદ્ધિપર્યન્ત (સિદ્ધિ ન થાય ત્યાં સુધી) બધા શબ્દો બધા જ અર્થના વાચક બની શકે છે." વૈયાકરણોના મતે શબ્દોના વાચ્યાર્થ બે પ્રકારના હોય છે : ૧. પ્રસિદ્ધ અને ૨.અપ્રસિદ્ધ **गङ्गायां घोषः** । જેવા વાક્યમાંના 'ગંગા' પદનો પ્રસિદ્ધ અર્થ 'જલપ્રવાહ' છે; તથા 'ગંગાનો તટ' એ અપ્રસિદ્ધ અર્થ છે. હવે गंगायां घोषः । એવા વાકયને સાંભળ્યા પછી, 'ગંગા જલપ્રવાહ ઉપર નેસડો' એવો પ્રસિદ્ધ અર્થ મળ્યા પછી, વકતાનું તાત્પર્ય "ગંગાની ખૂબ નજીક, "ગંગાના તટ ઉપર નેસડો છે" એવું કહેવા વિશે છે એમ સહૃદય શ્રોતા સમજે છે; (જે 'गंगायां' નો અપ્રસિદ્ધ અર્થ છે.) આમ गंगायाम् પદમાંથી જ (=વાચ્યાર્થ રૂપે જ) બન્ને ('જલ પ્રવાહ' અને 'તટ' -એવા) અર્થ મળી રહે છે. આથી શબ્દની લક્ષણા શક્તિ કે લક્ષ્યાર્થ માનવાની જરૂર રહેતી નથી. (આલંકારિકોના 'લક્ષ્યાર્થને (=ગૌણાર્થને) જ, વૈયાકરણોએ શબ્દોનો અપ્રસિદ્ધ વાચ્યાર્થ ગણાવ્યો છે ! વૈયાકરણોના મતે શબ્દની અભિધાશક્તિથી જ જો પ્રસિદ્ધાપ્રસિદ્ધ એવા બે વાચ્યાર્થો મળી રહેતા હોય તો, શબ્દની જુદી, -દ્વિતીય- લક્ષણાશક્તિને માનવામાં ગૌરવ છે. (=માનવાની જરૂર નથી.) ભર્તૃહરિએ પણ લખ્યું છે કે-

एकमाहुरनेकार्थम् शब्दमन्ये परीक्षकाः ।
निमित्तभेदादेकस्य सार्वार्थ्यम् तस्य भिद्यते ।।
यथा सास्नादिमान् पिण्डो गोशब्देनाभिधीयते ।

૯. આ મુદ્દાની વિસ્તૃત સમજૂતી માટે જુઓ આજ લેખકનું "પાણિનીય વ્યાકરણ વિમર્શ" પુસ્તક (પૃ. ૩૧ થી ૩૮).

(सम्बुद्धिः)

## 533 (૨) सम्बोधने च । पा. सू. २-३-४७

**(वृत्तिः) इह प्रथमा स्यात् । हे राम ॥**

तथा स एव शब्दो वाहीकेऽपि व्यवस्थितः ।
सर्वशक्तेस्तु तस्यैव शब्दस्यानेकधर्मणः ।
प्रसिद्धिभेदाद् गौणत्वं मुख्यत्वं चोपचर्यते ॥

(वाक्यपदीयम् २-२५२ थी २५५).

★

મહાભાષ્યકાર પતંજલિને પણ લક્ષણા માન્ય નથી. તેમના મતે આખા સમુદાયને કહેનારો શબ્દ, તે સમુદાયના એક અવયવને કહેવા માટે પણ વપરાય છે : समुदायेषु हि शब्दाः प्रवृत्ता अवयवेष्वपि वर्तन्ते । पूर्वे पाञ्चालाः, उत्तरे पाञ्चालाः, तैलं भुक्तम् घृतं भुक्तम्, शुक्लो, नीलः, कपिलः, कृष्णः इति । (મહાભાષ્ય ૪-૩-૧૫૫). આમ એક ચોક્કસ માપ-**પરિમાણ**-વાળા ઘી કે તેલની થોડીક માત્રાનું જ ભક્ષણ કર્યું હોય તો પણ घृतं भुक्तम्, કે तैलं भुक्तम् । જેવા શબ્દપ્રયોગો થઈ શકે છે/કહી શકાય છે.

अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । ૧-૨-૪૫ સૂત્રભાષ્યમાં તો તેમણે ग्रामो दग्धः । पुष्पितं वनम् । જેવાં ઉદાહરણો આપીને 'दग्धः' વગેરે શબ્દોમાં अर्श आदिभ्योऽच् । ૫-૨-૧૨૭ સૂત્રવિહિત अच् પ્રત્યયની કલ્પના કરી છે. (જેથી લક્ષણાનો નિષેધ વ્યક્ત થાય છે.) दग्धः શબ્દમાં अच् પ્રત્યય માનવાથી दग्धो अस्यास्तीति दग्धः । ('બળી ગયો છે **એક ભાગ** જેનો') તેવો અર્થ નીકળે છે. આને 'ग्रामो दग्धः' । નો અભિધેયાર્થ=વાચ્યાર્થ જ કહેવાશે; (એને લક્ષ્યાર્થ=ગૌણાર્થ ગણવાની જરૂર રહેતી જ નથી.) [ग्रामो दग्धः । 'ગામ બળી ગયું' -માં આલંકારિકોએ લક્ષણા માની છે. વાસ્તવમાં આખું ગામ ન બળી ગયું હોય, પણ તેનો મોટો ભાગ બળી ગયો છે - એમ સૂચિત કરવાના આશય-તાત્પર્યથી લોકો ग्रामो दग्धः । એમ બોલે છે. -પરંતુ વૈયાકરણોએ ઉપર દર્શાવ્યું છે તેમ 'दग्धः' માં अच् પ્રત્યયની કલ્પના કરીને, બહુવ્રીહિ સમાસ પરક વ્યુત્પત્તિ કરીને, લક્ષણાનો અસ્વીકાર કર્યો છે.] -આમ પાણિનિએ પ્રસ્તુત ૧-૨-૪૫ સૂત્રમાં परिमाण શબ્દ બધા જ ઉપચરિત (=ગૌણ) અર્થોને માટે વાપર્યો છે. આથી द्रोणो व्रीहिः । 'પવાલી (એવા) ચોખા' એવા વાચ્યાર્થમાંથી → 'પવાલી જેવડા માપથી માપેલા ચોખા' એવા લક્ષ્યાર્થને પામવા માટે લક્ષણાવૃત્તિની જરૂર રહેતી નથી. પાણિનિના મતે 'પરિમાણથી પરિચ્છિન્ન' એવા (આલંકારિકો કે નૈયાયિકો જેને લક્ષણાર્થ કહે, તે) અર્થ પ્રથમા વિભક્તિનો પ્રત્યય જ વ્યક્ત કરે છે; અને તે આમ પ્રથમાનો પ્રત્યય 'द्रोण શબ્દના પવાલી' એવા પ્રસિદ્ધ વાચ્યાર્થને વ્યક્ત કરીને, પછી 'પવાલીથી પરિચ્છિન્ન' એવા અપ્રસિદ્ધ વાચ્યાર્થને પણ વ્યક્ત કરે છે. (આવી જ રીતે सिंहो माणवकः । गौर्वाहीकः । વગેરેમાં પણ લક્ષણા માનવાની જરૂર રહેતી નથી.)

૫-૨-૯૫ સૂત્ર ઉપર ભાષ્યકારનું એક ઈષ્ટિવચન છે : गुणवचनेभ्यो मतुपो लुगिष्टः । "શુક્લ, નીલ, રક્ત વગેરે ગુણવાચક શબ્દની પરમાં આવેલા मतुप् ('-થી યુક્ત','વાળો' અર્થ દર્શાવનાર) પ્રત્યયનો લોપ થાય એમ ઈષ્ટ છે." આથી नीलो घटः । 'કાળો ઘડો' વાક્યમાં, લક્ષણા માન્યા વિના, नीलवान् घटः । 'કાળારંગવાળો/થી યુક્ત ઘડો' એવો અર્થ કેવી રીતે મળી રહે છે તે જોઈએ : નૈયાયિકોના મતે તો કાળારંગનો (=ગુણનો) વાચક नील શબ્દ નીલગુણાશ્રય ('કાળા રંગવાળા' ઘડાના) અર્થમાં લાક્ષણિક છે. એટલે કે नीलो घटः । (કાળો અને ઘડો) એવા વાક્યમાંથી 'કાળા રંગવાળો ઘડો' એવો અર્થ લક્ષણાથી મળે છે. પરંતુ વૈયાકરણોના મતે ઉપર્યુક્ત ભાષ્યેષ્ટિવચનથી એમ માનવાનું છે કે ગુણવાચક नील શબ્દની પરમાં मतुप् પ્રત્યય લાગ્યો હતો (= नीलवान् घटः । એમ બન્યું હતું,) પરંતુ ત્યાર પછી તેનો લોપ થયો છે : नीलः घटः । થયું છે. હવે यः शिष्यते स लुप्यमानार्थाभिधायि . એ નિયમાનુસાર, પ્રત્યયનો લોપ થયા પછી, જે ગુણવાચક પ્રકૃતિ (नील) બાકી રહી, તે પણ લુપ્ત થયેલા પ્રત્યયનો અર્થ (-'વાળો') આપવા સમર્થ છે. આમ લક્ષણા માન્યા વિના मतुप्नो લોપ થયો છે - એમ સમજીને પણ नीलो घटः । વાક્યમાંથી नीलवान् घटः । "नील=કાળા રંગવાળો ઘડો" એવો અર્થ મળી રહે છે.

**॥ इति प्रथमा विभक्तिः ॥**

**(અનુ૦) સંબોધન કરવા માટે પણ પ્રથમા વિભક્તિ વપરાય છે. ઉદા.ત. हे राम । 'ઓ રામ !'533**

## 534 (३) कारके । पा. सू. १-४-२३

**(वृत्तिः) इति अधिकृत्य ।**

**(વિમર્શ)** अनभिमुखस्य अभिमुखीकरणं सम्बोधनम् । જે વ્યક્તિનું ધ્યાન આપણા તરફ ન હોય, તેને આપણા તરફ અભિમુખ કરવો એને 'સંબોધન' કર્યું કહેવાય. આવું સંબોધન કરવા માટે પ્રથમા વિભક્તિ વપરાય છે.

પાણિનિએ પ્રથમા વિભક્તિના ત્રણ પ્રત્યયો-सु (:), औ, जस् (अस)-માંથી માત્ર એકવચનના सु(:) પ્રત્યયની "સંબુદ્ધિ" (સંબોધન) સંજ્ઞા કરી છે (**एकवचनं सम्बुद्धिः** । २-३-४९). સંબોધન કરવા માટે, પહેલા हे राम+सु એમ પ્રત્યય જોડવામાં આવે છે; ત્યાર પછી एङ्ह्रस्वात्सम्बुद्धेः । ૬-૧-૬૯ સૂત્રથી હ્રસ્વ અકારાન્ત શબ્દોની પાછળ આવેલા તે (सु) પ્રત્યયનો લોપ થાય છે. (हे राम + ० = हे राम !) આમ સંબોધનમાં हे राम ! એવું રૂપ બને છે. (અહીં સંબોધન અર્થમાં પ્રથમા વિભક્તિનો પ્રત્યય લાગે છે અને પછી લુપ્ત થઈ જાય છે.)

ભર્તૃહરિએ 'સંબોધન'ની ચર્ચા આ રીતે કરી છે :

**सिद्धस्याभिमुखीभावमात्र संबोधनं विदुः ।**

**प्राप्ताभिमुख्यो ह्यर्थात्मा क्रियासु विनियुज्यते ।।** (वा. प. ३. ७. १६३)

"સિદ્ધ પદાર્થને (કોઈ ક્રિયામાં જોડવા માટે) અભિમુખ કરવો તેને 'સંબોધન' કહે છે. અભિમુખ થયા પછી વ્યક્તિ ક્રિયામાં જોડાય છે." આમ 'અનભિમુખને અભિમુખ કરવો' એને જ સંબોધન કહેવાય છે. પરંતુ અહીં એ નોંધપાત્ર છે કે જે અનભિમુખ પદાર્થને અભિમુખ કરવા માટે પ્રથમા વિભક્તિ લાગી હોય, તે શબ્દમાંથી પ્રાતિપદિકાર્થ ઉપરાંત 'સંબોધન' રૂપી અર્થ મળે છે. અલબત્ત, આવી પ્રથમા વિભક્તિ 'અભિમુખીભાવ માત્ર'નું જ બોધન કરે છે. એટલે કે કર્માદિકારકોનો ક્રિયામાં પ્રત્યક્ષ અન્વય હોય છે, તેવી રીતે સંબોધનવાચક પદનો ક્રિયામાં સીધો અન્વય હોતો નથી. પહેલા અનભિમુખ વ્યક્તિને અભિમુખ કરવામાં આવે છે અને ત્યાર પછી આવી અભિમુખ થયેલી વ્યક્તિ ક્રિયાસિદ્ધિમાં જોડાય છે. આમ સંબોધન પદ પરમ્પરયા (પરોક્ષ રીતે) ક્રિયાને ઉપકૃત કરે છે; માટે તે સાક્ષાત્ કારક નથી. ભર્તૃહરિ ઉમેરે છે કે - **"सम्बोधनं न वाक्यार्थः"** इति वृद्धेभ्यः आगमः । (વા. પ. ૩. ૭. ૧૬૪ અ)

સંબોધન રૂપી અર્થ વાક્યાર્થની બહાર રહે છે; તે વાક્યાર્થ નથી. કેમ કે સંબોધનવાચક પદ, અન્ય પદોની અપેક્ષા રાખ્યા વિના જ પોતાનો અર્થ આપી શકે છે. (સંબોધનવાચક પદ વાક્યનું અંગ ગણાતું નથી.)

**।। इति सम्बोधनम् ।।**

**(અનુ૦) (પહેલાં) "कारके" એવો અધિકાર કરીને** (ત્યાર પછી બીજાં સૂત્રો રજૂ કરવામાં આવે છે.)534

**(વિમર્શ)** પાણિનિએ "અષ્ટાધ્યાયી"ના પહેલા અધ્યાયના ચતુર્થ પાદમાં જુદાં જુદાં કારકોની વ્યાખ્યા રજૂ કરી છે. જેમ કે,

(आकाडारादेका संज्ञा । १-४-१
विप्रतिषेधे परं कार्यम् । १-४-२)
**कारके** । १-४-२३
ध्रुवमपायेऽ**पादानम्** । १-४-२४
कर्मणा यमभिप्रैति स **सम्प्रदानम्** । १-४-३२
साधकतमं **करणम्** । १-४-४२
आधारोऽ**धिकरणम्** । १-४-४५
कर्तुरीप्सिततमं **कर्म** । १-४-४९
स्वतन्त्रः **कर्ता** । १-४-५४
(तत्प्रयोजको **हेतुश्च** । १-४-५५) ।।

અહીં कारके । એવું ૧-૪-૨૩મું સૂત્ર 'અધિકાર' પ્રકારનું સૂત્ર છે. [પાણિનિની "અષ્ટાધ્યાયી"માં છ પ્રકારનાં સૂત્રો છે : સંજ્ઞા, પરિભાષા, વિધિ, નિયમ, અતિદેશ અને અધિકાર. આમાંથી 'અધિકાર' પ્રકારના સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે : स्वदेशफलशून्यत्वे सति उत्तरत्र विधिशास्त्रैकवाक्यतया अर्थबोधजनकत्वम् अधिकारत्वम् ।। 'અધિકાર સૂત્રો જે સ્થળે ઉચ્ચારવામાં આવ્યા હોય ત્યાં તેમનું કશુંય ફળ હોતું નથી. પરંતુ તે સૂત્રો પોતાનાં અનુગામિ સૂત્રોમાં -ઉત્તર ઉત્તર સૂત્રોમાં-જે બીજાં વિધિ શાસ્ત્રો=સૂત્રો આવેલાં હોય તેમની સાથે જોડાઈને, એકવાક્યતાપૂર્વક અનુગામિ સૂત્રોનો અર્થ જન્માવે છે.'] આથી कारके । ૧-૪-૨૩ સૂત્ર પોતાનાં અનુગામિ ૧-૪-૨૪

થી ૧-૪-૫૫ સુધીનાં તમામ સૂત્રોમાં જઈને તેમની સાથે એકવાક્યતા સાધશે. દા.ત. कारके । ૧-૪-૨૩ મું સૂત્ર ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ સૂત્રની સાથે જોડાશે. એટલે કે ૧-૪-૨૪માં 'कारके' પદને ઉમેરીને પછી તે (૧-૪-૨૪)નો અર્થ થશે. જેમ કે, **કારકના વિષયમાં** અમુકની 'અપાદાન' સંજ્ઞા થાય છે. **કારકના વિષયમાં** અમુકની 'કરણ' સંજ્ઞા થાય છે વગેરે. (આમ, ૧-૪-૨૩મું સૂત્ર 'કારક' એવી સામાન્ય સંજ્ઞા કરનારું સૂત્ર છે. આ કારક સામાન્ય સંજ્ઞાને આગળ કરીને જ 'કર્તૃ-કર્મ-કરણાદિ' કારક વિશેષ સંજ્ઞાઓ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો 'આ કર્તા છે'; 'આ કર્મ છે'; 'આ કરણ છે' ઇત્યાદિ વ્યવહાર (વ્યપદેશ)માં જે નિમિત્ત બને છે, તેને "કારક" કહેવાય છે : करोति कर्तृकर्मादिव्यपदेशान् इति कारकम् ।) આ રીતે, कारके । ૧-૪-૨૩ એવા 'અધિકાર-સૂત્ર'થી પાણિનિની "અષ્ટાધ્યાયી"માં કારકપ્રકરણ' શરૂ થાય છે.

★

आकडाराद् एका संज्ञा । ૧-૪-૧ આ સૂત્રથી 'એકસંજ્ઞાધિકાર'નો પ્રારંભ થાય છે. આ 'એકસંજ્ઞાધિકાર'માં જ (अ०-१, पाद-४માં જ) कारके એવું (૧-૪-૨૩) સૂત્ર આવેલું છે. તેથી પ્રશ્ન થાય છે કે આ સૂત્ર कारके એવી સંજ્ઞા કરનારું સૂત્ર છે કે શું ? પરંતુ આ સૂત્ર માત્ર સંજ્ઞા કરનારું સૂત્ર નથી. કેમ કે ૧-૪-૨૩ સૂત્રસ્થ कारके પદ સપ્તમી વિભક્તિમાં આવેલું છે. પાણિનિ જ્યારે કોઈ પારિભાષિક સંજ્ઞાનું વિધાન કરતા હોય છે ત્યારે સામાન્ય રીતે તેને પ્રથમા વિભક્તિમાં રજૂ કરતા હોય છે. (દા.ત. अलोऽन्त्यात्पूर्व 'उपधा' । ૧-૧-૬૫, अचोऽन्त्यादि 'टि' । ૧-૧-૬૪, सर्वादीनि 'सर्वनामानि' । ૧-૧-૨૭, यस्मात्प्रत्ययविधिस्तदादिप्रत्यये'ऽङ्गम्' । ૧-૪-૧૩ વગેરે.) પરંતુ અહીં 'કારક' એવી સંજ્ઞાને સપ્તમી વિભક્ત્યન્તમાં (कारके) રજૂ કરી છે. આથી સૂચિત થાય છે કે આ પદ પ્રકારની શરત (પણ) રજૂ કરે છે : "જો અમુક પદાર્થ 'કારક=ક્રિયા કરનાર' હોય તો જ (તેની 'અપાદાન' વગેરે વિશેષ સંજ્ઞાઓ થાય છે.)" દા.ત. कारके । ૧-૪-૨૩ અને ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ એ બે સૂત્રો ભેગાં મળીને આ પ્રમાણે અર્થ આપશે : "વિશ્લેષની ક્રિયામાં જે અવધિભૂત (Starting point) પદાર્થ હોય (=જ્યાંથી છૂટું પડવાનું હોય) તેની 'અપાદાન' સંજ્ઞા થાય છે. જો તે પદાર્થ 'કારક'=ક્રિયા નિર્વર્તક=ક્રિયા કરનાર હોય તો." ઉદા.ત. वृक्षात् पर्णं पतति । 'વૃક્ષ ઉપરથી પાંદડું પડે છે.' અહીં વક્તા 'વૃક્ષ'ને (પંચમી વિભક્તિમાં) અપાદાન રૂપે રજૂ કરે છે. કારણ કે એ દ્વારા તે સૂચવવા માંગે છે કે પતનક્રિયા થવામાં 'વૃક્ષ' અવધિભૂત પદાર્થ રૂપે મદદ કરે છે. પરંતુ જ્યારે वृक्षस्य पर्णं पतति । 'વૃક્ષનું પાંદડું પડે છે' એમ કહેવામાં આવે છે ત્યારે ત્યાં 'વૃક્ષ'ને પતનક્રિયા થવામાં સહાયભૂત કારક રૂપે રજૂ કરવામાં આવતું નથી. એટલે કે 'પાંદડું ક્યાંથી છૂટું પડે છે ?' એના જવાબ રૂપે 'અવધિભૂત પદાર્થ' તરીકે રજૂ કરવામાં આવતું નથી. અહીં તો વક્તા વૃક્ષ અને પાંદડા વચ્ચે અવયવાવયવીભાવ સંબંધ રહેલો છે એટલું જ સૂચવવા માંગે છે. આમ 'વૃક્ષ'ને કારક=ક્રિયા કરનાર (પતનક્રિયામાં સહાયભૂત પદાર્થ) કહી શકાશે નહીં. આથી, વૃક્ષ જો 'કારક' જ નહીં હોય તો, તેની 'અપાદાન' એવી વિશેષસંજ્ઞા પણ થશે નહીં.)

આમ કોઈ પણ પદાર્થની 'કર્તા, કર્મ, કરણાદિ' [illegible] વિશેષ સંજ્ઞા કરતાં પહેલાં એ જોવું જરૂરી છે કે જે તે પદાર્થ 'કારક' છે કે નહીં ? પદાર્થનું કારકત્વ (ક્રિયા કરનારપણું) હોય તો જ; તેની કર્તા, કર્મ, કરણાદિ વિશેષ સંજ્ઞાઓ થાય છે. શાસ્ત્રીય શબ્દોમાં આ ચર્ચાનો ઉપસંહાર કરીએ તો, પાણિનિએ कारके (૧-૪-૨૩) એવું પદ સપ્તમી વિભક્તિમાં રજૂ કર્યું છે એથી જણાય છે કે આ સૂત્રને 'વિશેષણ સ્વરૂપનો અધિકાર' ગણવો જોઈએ; 'સંજ્ઞા રૂપ અધિકાર' નહીં. (અર્થાત્ આ સૂત્ર માત્ર પારિભાષિક સંજ્ઞા રજૂ કરનારું નથી, પણ એક પ્રકારની શરત મૂકનારું સૂત્ર છે.)

★

અહીં 'કારક' શબ્દનો અર્થ સમજવો આવશ્યક છે. करोति इति कारकम् । 'જે ક્રિયા કરે તે કારક.' આ શબ્દાર્થ મુજબ 'ક્રિયા કરનાર'ને 'કારક' કહેવાશે. 'કારક' શબ્દની વિશેષ વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે : क्रियान्वितत्वं कारकत्वम् । "ક્રિયામાં જે કોઈ પદાર્થનો અન્વય હોય તેને 'કારક' કહેવાય છે." દા.ત. दशरथस्य रामः अग्निना तण्डुलान् पचति । 'દશરથનો (પુત્ર) રામ અગ્નિથી ચોખા રાંધે છે.' અહીં રાંધવાની ક્રિયામાં રામનો ક્રિયાજનક રૂપે-રસોઈયા તરીકે-અન્વય છે, અગ્નિનો સાધનભાવે (ક્રિયામાં) અન્વય છે અને ચોખાનો રાંધવાની વસ્તુ તરીકે (રાંધવાની ક્રિયામાં) અન્વય છે. આથી આ ત્રણેયને-રામ, અગ્નિ અને ચોખાને-'કારક' કહેવાશે. પરંતુ 'દશરથ'નો કોઈ પણ રૂપે રાંધવાની ક્રિયામાં સાક્ષાત્ અન્વય નથી. તેનો તો કેવળ 'રામ' જોડે જ સંબંધ-અન્વય છે. આથી તેને 'કારક' કહેવાશે નહીં.

(अथ द्वितीया विभक्तिः)

535 (४) **कर्तुरीप्सिततमं कर्म । पा. सू. १-४-४९**

**(वृत्तिः) कर्तुः क्रियया आप्तुम् इष्टतमं कारकं 'कर्म'संज्ञं स्यात् ।। १. 'कर्तुः' किम् ? 'माषेषु अश्वं बध्नाति ।' कर्मणः ईप्सिताः माषा, न कर्तुः ।। २. 'तमप्' ग्रहणं किम् ?-'पयसा ओदनं भुङ्क्ते' ।। ३. 'कर्म' इति अनुवृत्तौ, पुनः 'कर्म' ग्रहणम् 'आधार'-निवृत्त्यर्थम् । अन्यथा 'गेहं प्रविशति' इत्यत्र एव स्यात् ।।**

હવે, વાક્યમાં વપરાતા જુદાં જુદાં કારકોનો ક્રમશઃ પરિચય કરાવવામાં આવે છે (અને કયા કારકને અભિવ્યક્ત કરવા માટે કઈ વિભક્તિ વપરાય છે એનું વિધાન કરવામાં આવે છે :

**(અનુ૦) સૂત્રાર્થ : "કર્તાને ક્રિયા વડે મેળવવા માટે જે અત્યંત ઇષ્ટ=ઈપ્સિતતમ પદાર્થ હોય તે** (કારક)**ની 'કર્મ' સંજ્ઞા થાય છે."**[૯]

(હવે સૂત્રમાં વપરાયેલાં અમુક પદોનું પ્રયોજન વિચારવામાં આવે છે. જેમ કે,) **(૧) આ સૂત્રમાં कर्तुः (કર્તાને) એવું પદ શા માટે જોડવામાં આવ્યું છે ? ઉત્તર : (देवदत्तः) माषेषु अश्वं बध्नाति । 'દેવદત્ત અડદના ઢગલાની અંદર ઘોડો બાંધે છે.' આ વાક્યમાં કર્મ** (અશ્વ)**ને અડદ** (ખાવા) **ઈપ્સિત છે, પણ કર્તા (દેવદત્ત)ને નહીં;** (આથી માષની 'કર્મ' સંજ્ઞા થતી નથી અને પરિણામે माषान् એવું રૂપ વપરાયું નથી.) **(૨) આ સૂત્રમાં પ્રકૃષ્ટાર્થક तमप् પ્રત્યય (ईप्सिततमम्) કેમ વપરાયો છે ? ઉત્તર : पयसा ओदनं भुङ्क्ते । 'દૂધથી ભાત ખાય છે.'** અહીં ખાવાની ક્રિયા કરવા માટે ઈપ્સિતતમ ભાત છે, દૂધ નહીં. આથી જે ઈપ્સિતતમ છે તે (ओदन-ભાત)ની જ 'કર્મ' સંજ્ઞા થઈ છે, દૂધ-पयस्-ની નહીં.) (પાણિનિની "અષ્ટાધ્યાયી"માં अधिशीङ्स्थासां कर्म । ૧-૪-૪૬ એવું સૂત્ર આવેલું છે.) **આ ૧-૪-૪૬ સૂત્રમાંથી જ 'कर्म' એવું પદ અનુવૃત્ત થઈને પ્રસ્તુત સૂત્ર (૧-૪-૪૯)માં આવી શકતું હતું, છતાંય પાણિનિએ આ** (૧-૪-૪૯) **સૂત્રમાં कर्म એવું પદ ફરીથી ઉમેર્યું છે. કારણ કે આમ કરવાથી, પૂર્વસૂત્ર** (૧-૪-૪૬)**માંથી જે कर्म પદની અનુવૃત્તિ આવતી હતી તે आधार સહિતના कर्म પદની અનુવૃત્તિ આવતી હતી— તેની નિવૃત્તિ થઈ જાય છે. જો આમ ન કર્યું હોત તો** (અર્થાત્ 'આધાર' સહિતના 'कर्म' પદની અનુવૃત્તિને રોક્યા વગર ૧-૪-૪૯માં આવવા દીધી હોત તો) गेहं प्रविशति । **'ઘરમાં પ્રવેશે છે.'** જેવાં ઉદાહરણોમાં જ (આધાર સ્વરૂપના જ પદાર્થોની) **'કર્મ' સંજ્ઞા થઈ શકી હોત,** (બીજા કોઈ પદાર્થની 'કર્મ' સંજ્ઞા ન થાત). 535

**(વિમર્શ)** આ સૂત્રથી 'કર્મકારક' કોને કહેવાય તેની વ્યાખ્યા આપવામાં આવી છે. પરંપરાની દૃષ્ટિએ આ સંજ્ઞાસૂત્ર છે. એટલે કે કયા પદાર્થની 'કર્મ' સંજ્ઞા પાડવામાં આવે છે એનું વિધાન કરનારું આ સૂત્ર છે.

સંભાષણ દરમ્યાન વક્તા જે વાક્યો બોલે છે તેનાથી જુદી જુદી ક્રિયાઓનો બોધ થાય છે.[૧૦] જેમ કે, रामः फलं खादति । रामः दण्डेन गर्दभं ताडयति । रामः ब्राह्मणाय धनं ददाति । रामः अश्वात् पतति । रामः घटे जलं प्रपूरयति ।। આ વાક્યોમાંથી ખાવાની, મારવાની, આપવાની, પડવાની અને ભરવાની ક્રિયાઓનો બોધ થાય છે. પરંતુ અહીં પ્રશ્ન થશે કે 'ખાવાની' ક્રિયાનો બોધ તો કેવળ खादति પદમાંથી જ થઈ જશે, તો પછી એ વાક્યોમાં બીજાં પદોનું શું કાર્ય (function) છે ? આનો જવાબ એ છે કે અમુક ક્રિયા (દા.ત. ખાવાની ક્રિયા) કયા કયા પદાર્થોની (કયા કયા પ્રકારની) મદદથી અસ્તિત્વમાં આવી છે એ દર્શાવવા માટે વાક્યમાં બીજાં પદોનો (-ક્રિયાપદો સિવાયનાં એટલે કે નામપદોનો) પ્રયોગ થયો છે. દા.ત. खादति । કહેવાથી 'ખાવાની ક્રિયા થાય છે' એમ બોધ થાય છે. પરંતુ (૧) એ ક્રિયા કરનાર કોણ છે અને (૨) એ ક્રિયા થવામાં બીજો કયો પદાર્થ અનિવાર્ય રૂપે હાજર છે ? અથવા તો કોની ઉપર ક્રિયા થાય છે ? એનો બોધ रामः અને फलं જેવા પદોથી થાય છે. અહીં ખાવાની ક્રિયા અસ્તિત્વમાં આવે એટલા માટે ઓછામાં

---

૯. પ્રસ્તુત સૂત્રમાં તો "કર્તાને જે ઈપ્સિતતમ હોય તેને 'કર્મ' કહેવાય" એટલું જ કહ્યું છે. પરંતુ ('કર્તા' કહેવાથી કોનો કર્તા ? એવો પ્રશ્ન થાય છે. તો 'ક્રિયાનો કર્તા' એવો અર્થ સમજાય છે. આમ) 'કર્તૃ' પદથી ક્રિયાનો આક્ષેપ થઈ જાય છે. આથી ભટ્ટોજિ દીક્ષિતે વૃત્તિમાં क्रियया એટલું નવું પદ ઉમેરીને સૂત્રાર્થ કર્યો છે.

૧૦. વૈયાકરણોએ 'વ્યાપારાર્થ મુખ્ય વિશેષ્યક શાબ્દબોધ' માન્યો છે. આ પક્ષ સ્વીકારીને ઉપર્યુક્ત વિધાન કર્યું છે. 'પ્રથમાન્તાર્થ મુખ્ય વિશેષ્યક શાબ્દબોધ માનનારા નૈયાયિકોનો પક્ષ અહીં અપ્રસ્તુત છે.

ઓછા પૂર્વોક્ત બે પદાર્થોની જરૂર છે. આથી આ બંને પદાર્થોને 'કારક' (-ક્રિયા કરનાર) એવું એક સામાન્ય નામ આપવું પડશે. (ભાષાવિજ્ઞાનમાં આ કારકોને Participants or roles કહેવામાં આવે છે.) પછી, એ વિચારવું પડશે કે આ બે પદાર્થો ખાવાની ક્રિયામાં શું એકસરખી, એક જ પ્રકારની મદદ કરે છે કે જુદા જુદા પ્રકારની ? આપણે જાણીએ છીએ કે અહીં એક (रामः) ક્રિયા કરનાર છે અને બીજો પદાર્થ (फलम्) એવો છે કે 'જેની ઉપર' ક્રિયા કરવામાં આવે છે. આમ ખાવાની ક્રિયા અસ્તિત્વમાં લાવવા માટે એ બન્ને પદાર્થો જુદી જુદી રીતે મદદ કરે છે. આથી તે બન્નેના ('કારક એવા સામાન્ય નામ ઉપરાંત) હવે કોઈક વિશેષ નામ પણ પાડવાં પડશે. આમાં જે 'ક્રિયા કરનાર' છે, (राम) તેની "કર્તૃકારક" સંજ્ઞા પાડવામાં આવે છે, અને 'જેની ઉપર ક્રિયા થાય છે' તે (फल)ની "કર્મકારક" સંજ્ઞા પાડવામાં આવે છે.

પાણિનિએ **कारके ।** ૧-૪-૨૩ અધિકાર સૂત્રથી 'કારક' એવી સામાન્ય સંજ્ઞાનું વિધાન કર્યું છે. હવે પ્રસ્તુત સૂત્ર **कर्तुरीप्सिततमं कर्म ।** ૧-૪-૪૯થી એક વિશેષ સંજ્ઞા-'કર્મ'સંજ્ઞા-નું વિધાન કરવામાં આવે છે.

★

સકર્મક ક્રિયા કરવા માટે, કર્તાને જે પદાર્થની અનિવાર્ય જરૂર પડે એ પદાર્થને અહીં 'ઈપ્સિતતમ' કહેવામાં આવ્યો છે. દા.ત. (૧) **रामः खादति ।** 'રામ ખાય છે.' અહીં ખાવાની ક્રિયા થવા માટે બે પદાર્થની જરૂર છેઃ (क) ખાનાર અને (ख) ખાદ્ય પદાર્થ. આથી **रामः खादति ।** કહ્યા પછી, **किम् खादति ?** 'શું ખાય છે ?'ની આકાંક્ષા તો રહે છે જ. બીજા શબ્દોમાં કહીએ તો, રામ (કર્તા) એકલો ખાવાની ક્રિયા કરી શકતો જ નથી; કોઈ 'ફળ' જેવો ખાદ્ય પદાર્થ હોવો જ જોઈએ, અન્યથા એ ક્રિયા અસ્તિત્વમાં આવી શકશે જ નહીં. આથી **रामः फलं खादति ।** 'રામ ફળ ખાય છે' એમ કહેવું પડે છે. આમ કર્તાને ખાવાની ક્રિયા કરવા માટે **फल** ઈપ્સિતતમ છે; આ ઈપ્સિતતમ પદાર્થની "કર્મ" સંજ્ઞા થાય છે. (આ ઈપ્સિતતમ પદાર્થને 'કર્મ' કહેવાય છે.) **रामः धनं ब्राह्मणाय ददाति ।** 'રામ બ્રાહ્મણને ધન આપે છે.' આ ઉદાહરણમાં આપવાની ક્રિયા-દાન ક્રિયા-કરવા માટે (क) દાન કરનાર (रामः), (ख) દાનમાં આપવાની વસ્તુ (धनम्) અને (ग) દાન લેનાર (ब्राह्मणाय)-આ ત્રણ પદાર્થોની જરૂર છે. પરંતુ એ ત્રણેયમાંથી પહેલો તો 'કર્તા' જરૂરી છે; તેના પછી અનિવાર્ય જરૂર દાનમાં આપવાની વસ્તુની છે; કેમ કે કોઈક વસ્તુ હોય પછી જ તેને આપવાનો-તેના લેનારનો-પ્રશ્ન ઉપસ્થિત થાય છે. (દાન ક્રિયાના ઉદ્દેશ્ય=દાન લેનારની ૧-૪-૩૨ થી 'सम्प्रदान' સંજ્ઞા થશે.) અહીં धन આપવાની વસ્તુ અનિવાર્ય છે; તેને ઈપ્સિતતમ કહે છે. આ ઈપ્સિતતમ પદાર્થ धनની 'કર્મ' સંજ્ઞા થાય છે.

કાશીની વૈયાકરણ પરંપરામાં 'ઈપ્સિતતમ' પદને બીજી રીતે પણ સમજાવવામાં આવે છેઃ કોઈ પણ ધાતુમાંથી બે અર્થો મળે છેઃ (क) વ્યાપાર (ક્રિયા) અને (ख) ફળ. દા.ત. √पच् 'રાંધવું' ધાતુમાંથી ચોક્કસ ક્રિયાનો; અને અનાજ પોચું થવા (विक्लित्ति) રૂપી ફળનો બોધ થાય છે. આ બે અર્થો સ્વતન્ત્ર રીતે જગત્‌માં રહી શકતા નથી, તેમને રહેવા માટે કોઈક આશ્રયની જરૂર છે. જેમ કે, વ્યાપારનો આશ્રય બનવા દેવદત્ત જેવો કોઈક રસોઈઓ જોઈશે અને પોચા થવા રૂપી ફળનો આશ્રય બનવા ચોખા જેવો કોઈક પદાર્થ જોઇશે. આમાંથી વ્યાપારાશ્રયને 'કર્તા' કહેવાય છે અને ફલાશ્રયને 'કર્મ' કહેવાય છે.

★

કર્મકારક કોને કહેવાય એની ચર્ચા કર્યા પછી હવે ભટ્ટોજિ દીક્ષિતની વૃત્તિને વિશદ કરીશું. એક ઉદાહરણ લઈએ-**देवदत्तः अश्वं बध्नाति ।** 'દેવદત્ત ઘોડાને બાંધે છે.' અહીં કર્તા-દેવદત્ત-ને બંધનક્રિયા કરવા માટે બંધાનાર કોઈ પદાર્થની અત્યંત જરૂર રહેશે જ. બીજા શબ્દોમાં કહીએ તો, દેવદત્તને બાંધવા માટે અશ્વ ઈપ્સિતતમ છે. આથી ઈપ્સિતતમ પદાર્થ-અશ્વ-ની 'કર્મ' સંજ્ઞા થાય છે.

(૧) **देवदत्तः माषेषु अश्वं बध्नाति ।** 'દેવદત્ત અડદના ઢગલામાં ઘોડાને બાંધે છે.' અહીં કોઈને શંકા થાય કે ઘોડાને અડદ ખાવા ઈપ્સિત-ઈપ્સિતતમ-છે એમ માનીએ તો माषની 'કર્મ' સંજ્ઞા થાય કે નહીં ? તો આનો જવાબ 'ના' છે. કેમ કે સૂત્રમાં કહ્યું છે કે कर्तुः=કર્તાને=બાંધવાની ક્રિયાના કર્તાને જે પદાર્થ ઈપ્સિતતમ હોય તેની જ 'કર્મ'

---

૧૧. बन्धनकर्मीभूतस्य अश्वस्य एव अत्र माषा ईप्सिताः, न तु बन्धनकर्तुः । (बालमनोरमा)

સંજ્ઞા થાય છે. અહીં અડદ (माष) ઈપ્સિતતમ છે; પણ કર્તા-દેવદત્ત-ને નહીં, કર્મ-અશ્વ-ને ઈપ્સિતતમ છે.[11] આથી કર્તા-દેવદત્તને (બાંધવાની ક્રિયા કરવા માટે) જે ઈપ્સિતતમ છે તે અશ્વની જ 'કર્મ' સંજ્ઞા થાય છે. કર્મને-અશ્વને જે ઈપ્સિતતમ છે તે माषની 'કર્મ' સંજ્ઞા થતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો, बध्नाति એવું ક્રિયાપદ છે ત્યારે કર્તાને બંધનક્રિયામાં અનિવાર્ય રીતે જેની જરૂર છે તે તો 'અશ્વ' જ છે, 'माष' નહીં. (माष-અડદ-નો ઢગલો હશે કે નહીં હોય તો પણ, જો અશ્વ હશે તો બંધનક્રિયા અસ્તિત્વમાં આવી જ જશે.) આથી કેવળ 'અશ્વ'ની જ 'કર્મ' સંજ્ઞા થાય છે, माषની નહીં. આ ચર્ચા દ્વારા, સૂત્રમાં कर्तुः પદ કેમ લખ્યું છે ? એવા પ્રશ્નનો જવાબ મળી જાય છે.

(૨) સૂત્રમાં तमप् પ્રત્યયનું ગ્રહણ કેમ કર્યું છે ? અર્થાત્ સૂત્રમાં तमप् ગ્રહણ કરવાનું શું પ્રયોજન છે ? આનો જવાબ આપવા ભટ્ટોજિ દીક્ષિતે ઉદાહરણ રૂપે એક વાક્ય જ રજૂ કર્યું છે : पयसा ओदनं भुङ्क्ते । 'દૂધથી ભાત ખાય છે.' કોઈ વ્યક્તિ દૂધથી મિશ્રિત કરેલા ભાત ખાય છે. અહીં દૂધ ઈપ્સિત છે (દૂધની લાલચ છે), પણ भुङ्क्ते-ખાવાની-ક્રિયા કરવા માટે જે અનિવાર્ય-ઈપ્સિતતમ-છે તે તો ભાત છે. (ભાત નહીં હોય તો 'ખાવાની' ક્રિયા અસ્તિત્વમાં નહીં આવે. કેવળ દૂધની હાજરીમાં 'પીવાની' ક્રિયા જ થશે !) માટે કર્તાને અમુક ચોક્કસ ક્રિયા કરવા માટે જે પદાર્થની અનિવાર્ય જરૂર પડે તેની જ 'કર્મ' સંજ્ઞા થાય છે. આ વ્યાખ્યાને વશવર્તીને पयसा ओदनं भुङ्क्ते । જેવાં ઉદાહરણોમાં पयस्ની 'કર્મ' સંજ્ઞા થતી જ નથી, કેવળ ओदनની જ થાય છે. સૂત્રમાં જો ईप्सित શબ્દને પ્રકૃષ્ટાર્થક तमप् પ્રત્યય ન લગાવ્યો હોત તો-એટલે કે ईप्सिततमम् એમ ન કહ્યું હોત તો-पयस्ની પણ 'કર્મ' સંજ્ઞા થઈ જાત, (જે ઈષ્ટ ન હતું).

તત્ત્વબોધિનીકાર આને બીજી રીતે સમજાવતાં લખે છે કે ભોજનક્રિયામાં દૂધ પ્રકૃષ્ટ ઉપકારક હોવા છતાંય 'ઓદન' જ ઈપ્સિતતમ છે, જ્યારે દૂધ-पयस्-તો (ઓદનનું) સંસ્કારક છે, માટે 'કરણ' કહેવાશે.

પ્રસ્તુત સૂત્રમાં तमप् ગ્રહણ કેમ કર્યું છે ? એ પ્રશ્નની વિચારણા ભાષ્યમાં આ પ્રમાણે કરવામાં આવી છે : સૂત્રમાં तमप् પ્રત્યય ન ઉમેર્યો હોત અને कर्तुरीप्सितं कर्म । 'કર્તાને જે પદાર્થ ઈપ્સિત હોય તેની કર્મ સંજ્ઞા થાય છે' એવું જ સૂત્ર કર્યું હોત તો શું આપત્તિ આવી પડે છે ? એ તપાસવાથી આ तमप् ગ્રહણનું પ્રયોજન સ્પષ્ટ થઈ જાય છે. वारणार्थानामीप्सितः । ૧-૪-૨૭ એવું એક સૂત્ર આ 'કારક પ્રકરણ'માં આવે છે. ("વાક્યમાં વારણાર્થક-'રોકવું' અર્થ-વાળા-ધાતુનો પ્રયોગ થયો હોય તો ઈપ્સિત પદાર્થની 'અપાદાન' સંજ્ઞા થાય છે." એવો આ સૂત્રનો અર્થ છે. દા.ત. अग्नेः माणवकं वारयति । 'બાળકને અગ્નિ પાસેથી-અગ્નિ તરફ જતું-રોકી લેવામાં આવે છે.') આ ૧-૪-૨૭ સૂત્રમાં પણ तमप् પ્રત્યય વગર ईप्सितः શબ્દ લખ્યો છે. તેથી જો कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રને પણ तमप् પ્રત્યય વગરનું લખ્યું હશે તો (એટલે કે कर्तुरीप्सितं कर्म । એટલું જ લખ્યું હશે તો) બન્ને સૂત્રોનો વિષય એક જ થઈ જશે. અર્થાત્ કર્તાને જે પદાર્થ ઈપ્સિત હશે તેની 'કર્મ' સંજ્ઞા પણ થશે અને 'અપાદાન' સંજ્ઞા પણ થશે (પરિણામે अग्निं माणवकं वारयति એવો અનિષ્ટ પ્રયોગ પણ થશે). આથી બન્ને સૂત્રોનો પ્રવૃત્તિવિષય અલગ અલગ પાડવા માટે સૂત્રકારે 'કર્મ' સંજ્ઞા કરનારા (૧-૪-૪૯) સૂત્રમાં तमप् પ્રત્યયનું ગ્રહણ (ઉમેરો) કર્યું છે. આમ કરવાથી (૧) ઈપ્સિતતમ પદાર્થની 'કર્મ' સંજ્ઞા થાય છે અને (૨) કેવળ ઈપ્સિત પદાર્થની 'અપાદાન' સંજ્ઞા થાય છે. આ રીતે કોઈ અનિષ્ટની આપત્તિ આવતી નથી.

(૩) ભટ્ટોજિ દીક્ષિતે આ ૧-૪-૪૯ સૂત્રમાં 'કર્મ' શબ્દ કેમ લખ્યો છે એની પણ ચર્ચા કરી છે. આ પ્રશ્નનો જવાબ મેળવીએ તે પહેલાં, આ પ્રશ્નનું હાર્દ સમજવું જરૂરી છે.

પાણિનિએ "અષ્ટાધ્યાયી"માં 'અનુવૃત્તિ'ની એક યુક્તિ ઊભી કરી છે. જેમ કે,

| | |
|---|---|
| उपदेशेऽजनुनासिक इत् । ૧-૩-૨ | षः प्रत्ययस्य । ૧-૩-૬ |
| हलन्त्यम् । ૧-૩-૩ | चुटू । ૧-૩-૭ |
| न विभक्तौ तुस्माः । ૧-૩-૪ | लशक्वतद्धिते । ૧-૩-૮ |
| आदिर्ञिटुडवः । ૧-૩-૫ | (तस्य लोपः । ૧-૩-૯) |

અહીં ૧-૩-૨ સૂત્રસ્થ इत् પદ નીચેનાં તમામ સૂત્રોમાં અનુવૃત્ત થઇને આવે છે, આથી ૧-૩-૩ થી ૧-૩-૮ સુધીનાં સૂત્રોમાં ફરી ફરીને इत् એવું પદ લખવાની જરૂર રહી નથી. નીચેનાં દરેક સૂત્રોનો અર્થ કરતી વખતે इत् એવું

પદ ઉમેરીને પછી જ તે તે સૂત્રોનો અર્થ કરવાનો હોય છે. અનુવૃત્તિની આ યુક્તિથી સૂત્રોનું સ્વરૂપ નાનું બની શકે છે. એટલે કે સૂત્રરચનામાં લાઘવ સિદ્ધ કરી શકાય છે. પાણિનિએ સમગ્ર "અષ્ટાધ્યાયી"માં આ યુક્તિ સ્વીકારી છે. હવે, આ 'કારકપ્રકરણ'માં જોઈએ તો-

**आधारोऽधिकरणम्** । ૧-૪-૪૫

**अधिशीङ्स्थासां कर्म** । ૧-૪-૪૬

**अभिनिविशश्च** । ૧-૪-૪૭

**उपान्वध्याङ्वसः** । ૧-૪-૪૮

**कर्तुरीप्सिततमं कर्म** । ૧-૪-૪૯

આ પ્રમાણે સૂત્રો લખાયાં છે. આ જોઈને પ્રશ્ન થાય કે ૧-૪-૪૬ સૂત્રમાંથી જ **कर्म** પદની અનુવૃત્તિ ૧-૪-૪૯ સૂત્રમાં આવી જાત. એટલે કે ૧-૪-૪૯માં ફરીથી **कर्म** પદ લખવાની જરૂર હતી જ નહીં. પાણિનિની અનુવૃત્તિની યુક્તિનો ઉપયોગ કરીને જ આપણે ૧-૪-૪૬ સૂત્રમાંથી **कर्म** પદની અનુવૃત્તિ આવે છે એમ માનીને ૧-૪-૪૯ સૂત્રમાં **कर्म** પદ ઉમેરી લેત. આવી સ્થિતિમાં, પાણિનિએ પોતાની જ અનુવૃત્તિની યુક્તિની ઉપેક્ષા કરીને (અને પરિણામે લાઘવભંગ કરીને) ૧-૪-૪૯ સૂત્રમાં ફરીથી શા માટે **कर्म** પદ લખ્યું હશે ? આ પ્રશ્નનો જવાબ ભટ્ટોજિ દીક્ષિત નીચે મુજબ આપે છે.

अधिशीङ्स्थासां कर्म । ૧-૪-૪૬ સૂત્રમાંથી कर्म પદની અનુવૃત્તિ **कर्तुरीप्सिततमं कर्म** । ૧-૪-૪૯માં આવી શકે એમ છે એ વાત સાચી. પરંતુ **अधिशीङ्स्थासां कर्म** । ૧-૪-૪૬માં, તેની પૂર્વેના **आधारोऽधिकरणम्** । ૧-૪-૪૫ સૂત્રમાંથી आधार પદની પણ અનુવૃત્તિ આવે છે. આથી 'अधिशीङ्स्थासां (आधारः) कर्म' એવું સૂત્ર બને છે. હવે આ ૧-૪-૪૬ સૂત્રમાંથી **कर्म** પદની અનુવૃત્તિ પણ શરૂ થાય છે. પરિણામે **अभिनिविशश्च** । ૧-૪-૪૭ અને **उपान्वध्याङ्वसः** ૧-૪-૪૮ એ બે અનુગામિ સૂત્રોમાં, હવે आधारः અને कर्म એવાં બે પદોની અનુવૃત્તિ આવે છે. જેમ કે,

| | અનુવૃત્તિ સાથે- |
|---|---|
| **आधारोऽधिकरणम्** ૧-૪-૪૫ | आधारोऽधिकरणम् । ૧-૪-૪૫ |
| **अधिशीङ्स्थासां कर्म** । ૪૬ | **अधिशीङ्स्थासां** (आधारः) **कर्म** । ૪૬ |
| अभिनिविशश्च ૪૭ | अभिनिविशश्च (आधारः) (कर्म) । ૪૭ |
| **उपान्वध्याङ्वसः** । ૪૮ | उपान्वध्याङ्वसः (आधारः) (कर्म) । ૪૮ |
| कर्तुरीप्सिततमं कर्म । ૪૯ | |

હવે, ૧-૪-૪૮માંથી आधारः સહિતના कर्म પદની અનુવૃત્તિ જો कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રમાં પણ ચાલુ રાખીશું તો એક અનિષ્ટ આપત્તિ આવી પડે છે. જેમ કે, કર્તાને ક્રિયા કરવા માટે આધાર સ્વરૂપના ઈપ્સિતતમ પદાર્થની જ કેવળ 'કર્મ' સંજ્ઞા થશે. ઉદા.ત. गेहं प्रविशति । 'ઘરમાં પ્રવેશે છે.' અહીં પ્રવેશવાની ક્રિયા કરવા માટે આધાર સ્વરૂપ ઈપ્સિતતમ જે સ્થાન 'गृह'-ઘર-છે તેની 'કર્મ' સંજ્ઞા થઈ છે (અને તેને દ્વિતીયા લાગી છે.) પરંતુ पुष्पं आनयति । 'પુષ્પો લાવે છે' જેવા પ્રયોગમાં पुष्प પદાર્થ આનયન ક્રિયાનો આધાર નથી-આધારસ્થાન નથી-આથી તેની 'કર્મ' સંજ્ઞા થશે નહીં (અને તેને બીજી વિભક્તિ પણ લાગી શકશે નહીં). આથી ૧-૪-૪૮માંથી જે '**आधार** પદ સહિતના **कर्म** પદની' અનુવૃત્તિ આવતી હતી, તેને રોકવા માટે પાણિનિએ ૧-૪-૪૯ સૂત્રમાં ફરીથી **कर्म** પદ લખ્યું છે. આમ કરવાથી આધાર ન હોય તેવા, 'ઈપ્સિતતમ' પદાર્થોની પણ (દા.ત. पुष्प ઈત્યાદિની) 'કર્મ' સંજ્ઞા થઈ શકશે.

અનુવૃત્તિની યુક્તિમાં એવો નિયમ સ્વીકારવામાં આવ્યો છે કે પૂર્વસૂત્રમાંથી અમુક પદ અનુવૃત્ત થઈને ઉત્તર ઉત્તર સૂત્રમાં ચાલ્યું આવતું હોય ત્યારે, જો કોઈ નવું પદ મૂકવામાં આવે તો પૂર્વસૂત્રમાંથી ચાલી આવતી અનુવૃત્તિ રોકાઈ જાય છે. આથી અહીં ૧-૪-૪૫માંથી શરૂ થયેલી आधार પદની અનુવૃત્તિ અને ૧-૪-૪૬માંથી શરૂ થયેલી **कर्म** પદની અનુવૃત્તિ ૧-૪-૪૮ સુધી જઈ શકે છે; પણ ૧-૪-૪૯મા સૂત્રમાં જતી નથી. કારણ કે ત્યાં પાણિનિએ **कर्म** એવું પદ ફરીથી લખ્યું છે.

## 536 (૫) अनभिहिते । पा. सू. २-३-१

**(वृत्तिः) इति अधिकृत्य ।।**

**(અનુ૦) (વૃત્યર્થ) 'अनभिहिते એવું અધિકાર સૂત્ર રચીને** (જુદાં જુદાં કારકોને અભિવ્યક્ત કરનારી જુદી જુદી વિભક્તિઓનું વિધાન કરવામાં આવે છે.) 536

**(વિમર્શ)** अनभिहिते=अनुक्ते । આ સૂત્રનો અર્થ આ પ્રમાણે થશેઃ "અમુક કારક બીજી કોઈ રીતે અભિવ્યક્ત ન થયું હોય ત્યારે-(૨-૩-૨ થી શરૂ કરીને ૨-૩-૪૫ સુધી આવેલાં સૂત્રોમાં દર્શાવ્યા પ્રમાણેની દ્વિતીયા વગેરે વિભક્તિઓનું વિધાન કરવું)."

આ સૂત્ર ઉપર સૂક્ષ્મ અને વિસ્તૃત વિચારણા કરવી આવશ્યક છે. કારણ કે પાણિનિએ આ સૂત્ર દ્વારા એક મહત્ત્વની યુક્તિ ઊભી કરી છે : अनभिहिते । ૨-૩-૧ આ સૂત્રનો અધિકાર (=અનુવૃત્તિ) ૨-૩-૨ થી શરૂ કરીને ૨-૩-૪૫ સુધી જાય છે. આ સૂત્રો (૨-૩-૨ થી ૨-૩-૪૫)માં પાણિનિએ દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિઓ ક્યાં (=કયા અનુક્ત કારકાર્થને વ્યક્ત કરવા) વાપરવી તેનો ઉલ્લેખ કર્યો છે. પાણિનિએ પ્રથમા વિભક્તિનું વિધાન કરનારા (૨-૩-૪૬) સૂત્રને अनभिहिते । ૨-૩-૧ સૂત્રના અધિકારની બહાર રાખ્યું છે, તે ખૂબ સૂચક છે. આમ કરવાથી એક ચોક્કસ વ્યવસ્થા ઊભી થઈ છે. જેમ કે,

| | |
|---|---|
| अनभिहिते २-३-१ (=अनुक्ते) | પરંતુ अभिहिते (=उक्ते) |
| (अनुक्ते) कर्मणि द्वितीया । २-३-२ | उक्ते कर्मणि प्रथमा । |
| चतुर्थी, (अनुक्ते) सम्प्रदाने । २-३-१३ | उक्ते सम्प्रदाने प्रथमा । |
| (अनुक्तयोः) कर्तृ-करणयोः तृतीया । २-३-१८ | उक्तयोः कर्तृकरणयोः प्रथमा । |
| (अनुक्ते) अपादाने पञ्चमी । २-३-२८ | उक्ते अपादाने प्रथमा । |
| सप्तमी, (अनुक्ते) अधिकरणे च । २-३-३६ | उक्ते अधिकरणे प्रथमा । |

આ વ્યવસ્થાને ઉદાહરણથી સમજવી હોય તો-(૧) रामः गच्छति । 'રામ જાય છે.' (કર્તરિ પ્રયોગ) અહીં गच्छति ક્રિયાપદમાં બે અંશ છે : (क) પ્રકૃત્યંશ અને (ख) પ્રત્યયાંશ. પ્રકૃતિ (ધાતુ)નો અર્થ √गम>गच्छ 'જવું' (ગમનક્રિયા) છે અને પ્રત્યયાંશ ति ના અર્થ ૧. ત્રીજો પુરુષ, ૨. કર્તા, ૩. એકવચન અને ૪. વર્તમાનકાળ છે. આમ કર્તૃકારક રૂપી અર્થ ति પ્રત્યયથી ઉક્ત છે (કહેવાઈ ગયો છે) માટે (अभिहिते कर्तरि प्रथमा) राम શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે. અહીં राम શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે. અહીં राम શબ્દને જે પ્રથમા વિભક્તિ લાગી છે તે શુદ્ધ પ્રાતિપદિકાર્થમાત્રમાં લાગી છે એમ સમજવાનું છે; તે 'કર્તા' અર્થમાં નથી. કારણ કે આ શાસ્ત્રમાં એવો નિયમ છે કે उक्तार्थानाम् अप्रयोगः । 'એક અર્થ એક શબ્દથી કહેવાઈ ગયા પછી તેનો તે અર્થ કહેવા માટે બીજો કોઈ શબ્દ (=પ્રકૃતિ સ્વરૂપ શબ્દ કે પ્રત્યય સ્વરૂપ શબ્દ) વપરાતો નથી.' આ દૃષ્ટિએ, જો ति પ્રત્યયથી કર્તૃકારક રૂપી અર્થ કહેવાઈ જાય છે એમ માનીએ તો राम શબ્દને જે પ્રથમા વિભક્તિનો પ્રત્યય લાગવીશું તે ('કર્તૃ' અર્થમાં નહીં જ હોય, પણ) શુદ્ધ પ્રાતિપદિકાર્થમાં જ હશે.- આ મુદ્દાનું સમર્થન એ રીતે થાય છે કે પાણિનિએ "અષ્ટાધ્યાયી"માં 'कर्तरि प्रथमा' એવું સૂત્ર મૂક્યું જ નથી. એટલે પ્રથમા વિભક્તિનું વિધાન કરનાર સૂત્ર (૨-૩-૪૬)માં જે જે અર્થો ગણાવ્યા છે તેમાં 'કર્તૃકારક' અર્થ ગણાવ્યો નથી.

(૨) रामेण वेदः पठ्यते । 'રામ વડે વેદ વંચાય છે.' (કર્મણિ પ્રયોગ) અહીં पठ्यते એવા ક્રિયાપદમાં ત્રણ અંશ છે. √पठ ધાતુ, य પ્રત્યય અને ति પ્રત્યય. આ ત્રણેય અંશના અર્થો અનુક્રમે ૧-'વાંચવું' ક્રિયા, ૨. કર્મ અને ૩. ત્રીજો પુરુષ એકવચન, વર્તમાનકાળ પ્રાપ્ત થાય છે. અહીં આ કર્મકારક રૂપી અર્થ य પ્રત્યયથી ઉક્ત-અભિહિત-છે, માટે (अभिहते कर्मणि प्रथमा) 'वेद' શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે. (વેદ શબ્દને લાગેલી પ્રથમા વિભક્તિ કેવળ પ્રાતિપદિકાર્થને જ અભિવ્યક્ત કરે છે.)

જ્યારે કર્તૃકારક રૂપી અર્થ કોઈ પણ રીતે અભિહિત-ઉક્ત-નથી, માટે (अनुक्तयोः) कर्तृकरणयोः तृतीया । ૨-૩-૧૮

537 (६) **कर्मणि द्वितीया । पा. सू. २-३-२**

**(वृत्तिः) अनुक्ते कर्मणि द्वितीया स्यात् ।। (उदाहरणम् ) हरिं भजति ।। अभिहिते तु कर्मणि 'प्रातिपदिकार्थमात्रे०' (२/३/४६) इति प्रथमा एव । अभिधानं तु प्रायेण तिङ्-कृत्-तद्धित-समासैः । (तद्यथा) १. तिङ्-हरिः सेव्यते । २. कृत्-लक्ष्म्या सेवितः । ३. तद्धितः-शतेन क्रीतः शत्यः । ४. समासः-'प्राप्तः आनन्दः यं सः' =प्राप्तानन्दः ।। क्वचित् निपातेन अभिधानम् यथा-विषवृक्षः अपि संवर्ध्य स्वयं छेत्तुम् असाम्प्रतम् । (कुमारसम्भवम् २/५५-ब) । 'साम्प्रतम्' इत्यस्य हि युज्यते इत्यर्थः ।।**

---

સૂત્રથી રામ શબ્દને ત્રીજી વિભક્તિ લગાડવામાં આવે છે.

रामः वेदं पठति । (कर्तरि પ્રયોગ). અહીં ति પ્રત્યયથી કર્તા ઉક્ત છે, પણ કર્મ અનુક્ત છે માટે (अनुक्ते) **कर्मणि द्वितीया ।** વિભક્તિમાં મૂક્યો છે.

(૩) रामः चूर्णेन स्नाति । 'રામ ચૂર્ણથી સ્નાન કરે છે.' અહીં ति પ્રત્યયથી કર્તા ઉક્ત છે, પણ કરણ (સ્નાનક્રિયાનું સાધન) અનુક્ત છે. માટે (अनुक्ते) **करणे** तृतीया । ૨-૩-૧૮થી चूर्ण શબ્દને તૃતીયા વિભક્તિ લાગી છે.

પરંતુ स्नानीयं चूर्णम् । જેવા પ્રયોગોમાં अनीयर् (૩-૩-૧૧૩) પ્રત્યયથી કરણકારક રૂપી અર્થ ઉક્ત છે; માટે (अभिहिते करणे प्रथमा) चूर्ण શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.

(૪) रामः स्थाल्यां दोग्धि । 'રામ તપેલીમાં દૂધ દોહે છે.' અહીં ति પ્રત્યયથી કર્તા ઉક્ત છે, પણ અધિકરણ અનુક્ત છે. માટે (अनुक्ते) **अधिकरणे सप्तमी ।** ૨-૩-૩૬ **સૂત્રથી** स्थाली શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.

પરંતુ गोदोहनी स्थाली । જેવા પ્રયોગોમાં ल्युट्>अन (૩-૩-૧૧૭) પ્રત્યયથી અધિકરણકારક રૂપી અર્થ ઉક્ત છે, માટે (अभिहिते अधिकरणे प्रथमा) स्थाली શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

આમ अनभिहिते कर्मणि, कर्तरि-करणे, सम्प्रदाने, अपादाने, अधिकरणे च; द्वितीया, तृतीया, चतुर्थी, पञ्चमी, सप्तमी च प्रवर्तन्ते । પરંતુ अभिहिते कर्मणि, कर्तरि करणे, सम्प्रदाने, अपादाने, अधिकरणे च प्रथमा विभक्तिः प्रवर्तते ।।

બીજા શબ્દોમાં કહીએ તો-(૧) જે કારકો तिङ्, कृत्, કે तद्धित આદિ પ્રત્યયોથી અનભિહિત-અનુક્ત-હોય તે (પ્રથમા વિભક્તિ સિવાયની) દ્વિતીયાદિ વિભક્તિઓથી વ્યક્ત-ઉક્ત-થાય છે. તથા (૨) કર્તૃ, કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ આ કુલ છ કારકો જ્યારે तिङ्, कृत्,, तद्धित વગેરે પ્રત્યયોથી અભિહિત-ઉક્ત હોય ત્યારે તે દરેકને કેવળ પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. અહીં એ યાદ રાખવું કે જ્યાં પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે ત્યાં તે કર્તૃકર્માદિ કારકાર્થોને અભિવ્યક્ત કરતી નથી; પણ શુદ્ધ પ્રાતિપદિકાર્થ (=જાતિ અને વ્યક્તિ એવા બે જ અર્થો) અભિવ્યક્ત કરે છે.

**(અનુ૦) (સૂત્રાર્થ) "કર્મકારક રૂપી અર્થ** (બીજા કોઈ પ્રત્યયાદિથી) **ઉક્ત ન હોય ત્યારે** (તે કર્મકારકને અભિવ્યક્ત કરવા માટે) **બીજી વિભક્તિ વપરાય છે** (બીજી વિભક્તિના अम्-औट्-शस् પ્રત્યયો લાગે છે.)" **ઉદાહરણ તરીકે-देवदत्तः हरिम् भजति । 'દેવદત્ત હરિને ભજે છે.** (અહીં हरि એવા કર્મકારકને અભિવ્યક્ત કરવા માટે, हरि શબ્દને બીજી વિભક્તિનો अम् પ્રત્યય લગાડવામાં આવ્યો છે.)537

**પરંતુ જો 'કર્મકારક' અર્થ કોઈક રીતે ઉક્ત-અભિહિત-કહેવાઈ ગયો-હોય તો** प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । **૨-૩-૪૬ સૂત્રથી** (હરિ જેવા કર્મને) **પ્રથમા વિભક્તિના જ પ્રત્યયો લાગશે.**

**કર્મકારકની અભિવ્યક્તિ પ્રાયઃ** (મોટે ભાગે) **तिङ् પ્રત્યયો, कृत् પ્રત્યયો, तद्धित પ્રત્યયો કે સમાસથી થતી હોય છે. જેમ કે-**

૧. **(देवदत्तेन) हरिः सेव्यते ।** '(દેવદત્ત વડે) **હરિ ભજાય/સેવાય છે.'** (અહીં હરિ રૂપી કર્મકારકનું અભિમાન-અભિવ્યક્તિ-तिङ् પ્રત્યયથી, એટલે કે य સહિતના આત્મનેપદી ते પ્રત્યયથી થઈ જાય છે.)

૨. **लक्ष्म्या सेवितः** (हरिः) । **'લક્ષ્મી વડે સેવાયેલા** (હરિ).' (અહીં सेवितः પદમાં આવેલા **કર્મણિ** ભૂતકૃદન્તના **क्त** > त પ્રત્યયથી 'કર્મ' અર્થનું અભિધાન થઈ ગયું છે. આથી **हरि** શબ્દ પ્રથમા વિભક્તિમાં મૂકાય છે.)

૩. **शतेन क्रीतः इति 'शत्यः'** (अश्वः) । **સો રૂપિયાથી ખરીદેલો** (ઘોડો); **એને 'शत्यः' કહેવાય છે.** (અહીં તદ્ધિતના य પ્રત્યયથી ખરીદવાની ક્રિયાનું કર્મ-ઘોડો-ઉક્ત છે; માટે તે शत्य શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.)

૪. **' प्राप्तः आनन्दः यं ' सः** (देवदत्तः) **"प्राप्तानन्दः"** । **'જેને આનંદ પ્રાપ્ત થયો છે' તે** (દેવદત્ત) **"પ્રાપ્તાનંદ" કહેવાય છે.** (અહીં 'પ્રાપ્તાનંદ' એવો સમાસ કરવાથી પ્રાપ્તિ ક્રિયાના કર્મ-આનંદ-નું અભિધાન થઈ જાય છે; માટે તે प्राप्तानन्द શબ્દને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.)

**ક્યારેક નિપાત** (અવ્યય)**નો ઉપયોગ કરીને પણ કર્મકારકનું અભિધાન થઈ શકે છે. જેવી રીતે—**

૫. **विषवृक्षः अपि संवर्ध्य स्वयं छेत्तुम् असाम्प्रतम् । 'વિષવૃક્ષને ઉછેરીને,** (પછી) **પોતે જ એનું છેદન કરવું અયોગ્ય છે.'** (આ ઉક્તિમાં સંવર્ધન-ઉછેરવાની-ક્રિયાનું કર્મ 'વિષવૃક્ષ' છે; આથી તેને બીજી વિભક્તિમાં મૂકવું જોઈતું હતું પણ તે કર્મકારકનો અર્થ अपि એવા નિપાત-અવ્યય-થી કહેવાઈ ગયો છે. માટે કવિએ તે શબ્દને દ્વિતીયા વિભક્તિમાં નહીં મૂકતાં, પ્રથમા વિભક્તિમાં મૂક્યો છે.) અહીં साम्प्रतम्‌નો અર્થ युज्यते થાય છે. (असाम्प्रतम्=અયોગ્ય).

**(વિમર્શ)** ભટ્ટોજિ દીક્ષિતે સૂત્રનો અર્થ આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છેઃ **अनुक्ते कर्मणि द्वितीया स्यात्** । "કર્મકારક અનુક્ત હોય - બીજી કોઈ રીતે અભિવ્યક્ત ન થયું હોય-ત્યારે તેને કહેવા માટે દ્વિતીયા વિભક્તિનો ઉપયોગ થાય છે." દા.ત. **देवदत्तः हरिं भजति** । દેવદત્ત હરિને ભજે છે.' અહીં **भजति** ક્રિયાપદના ति પ્રત્યયથી કર્તૃકારક-દેવદત્ત-ઉક્ત છે, પણ કર્મકારક-હરિ-અનુક્ત છે. આને કહેવા માટે દ્વિતીયા વિભક્તિનો ઉપયોગ થાય છે : हरि+अम्=हरिम् ।

પણ देवदत्तेन हरिः भज्यते/सेव्यते । 'દેવદત્ત વડે હરિ ભજાય છે.' આ વાક્યમાં भज्यते ક્રિયાપદમાંના य પ્રત્યય અને આત્મનેપદના ते પ્રત્યયથી हरि રૂપ 'કર્મ' ઉક્ત છે. માટે અભિહિત કર્મને પ્રથમા વિભક્તિ લગાડવામાં આવી છે. અહીં **भज्यते** । ક્રિયાપદથી કર્તૃકારક રૂપ અર્થ ઉક્ત (અભિહિત) નથી. માટે अनुक्तयोः कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ સૂત્રથી અનુક્ત કર્તૃકારકને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.

अनभिहिते । ૨-૩-૧ એવું જે અધિકાર સૂત્ર ઉપર રજૂ કરવામાં આવ્યું છે તેનું પ્રયોજન-તેની ઉપયોગિતા-તે જ સૂત્ર ઉપરના 'વિમર્શ'માં સ્પષ્ટ કરેલ છે પરંતુ ભટ્ટોજિ દીક્ષિત પોતે પ્રસ્તુત સૂત્રની વૃત્તિમાં એ अनभिहिते સૂત્રના ફલિતાર્થ ઉપર થોડો પ્રકાશ પાડે છે :-**अभिहिते तु कर्मणि**, 'प्रातिपदिकार्थमात्रे॰ (૨-૩-૪૬) इति **प्रथमा एव** । **अभिधानं तु प्रायेण तिङ्कृत्तद्धितसमासैः** ।। અર્થાત્ કર્મ જ્યારે અનભિહિત-અનુક્ત-હોય ત્યારે તો દ્વિતીયા વિભક્તિ વપરાશે (**देवदत्तः हरिं भजति**); પરંતુ જો કર્મ કોઈક રીતે અભિહિત-ઉક્ત-હોય તો કઈ વિભક્તિ વપરાશે ? એવો પ્રશ્ન થાય છે. ભટ્ટોજિ કહે છે કે કર્મ ઉક્ત હોય ત્યારે प्रातिपदिकार्थ॰ । ૨-૩-૪૬ સૂત્રથી (પ્રાતિપદિકાર્થ માત્રમાં) પ્રથમા વિભક્તિ જ થશે (**देवदत्तेन हरिः भज्यते**)। હજી બીજો પ્રશ્ન થાય કે આ કર્મ કઈ કઈ રીતે અભિહિત-ઉક્ત થઈ શકે, કહેવાઈ શકે ? આના જવાબમાં ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે કર્મકારકનું અભિધાન ચાર-પાંચ રીતે થઈ શકે છે. જેમ કે,

૧. तिङ् પ્રત્યયો (=ધાતુને લાગતા ૯ પરસ્મૈપદી અને ૯ આત્મનેપદી પ્રત્યયો, તેમાંથી આત્મનેપદના પ્રત્યયો)ની મદદથી કર્મ ઉક્ત થઈ શકે. દા.ત. देवदत्तेन हरिः सेव्यते । 'દેવદત્ત વડે હરિ ભજાય છે.' (કર્મણિ પ્રયોગ). અહીં **सेव्यते** ક્રિયાપદમાં કર્મ અર્થમાં य પ્રત્યય લાગીને આત્મનેપદી ते પ્રત્યય જોડ્યો છે. **सेव्यते**=ભજાય છે. કોણ ? અર્થાત્ ભજવાની ક્રિયાનું 'કર્મ' શું છે ? તો हरि। આમ हरि રૂપ કર્મ यते પ્રત્યયથી અભિહિત-ઉક્ત છે. હવે પ્રસ્તુત સૂત્ર મુજબ જો 'કર્મ' અનુક્ત હોય તો તેને દ્વિતીયા વિભક્તિ લાગે છે; પણ અહીં કર્મણિ

પ્રયોગમાં તો 'કર્મ' ઉક્ત છે માટે તેને દ્વિતીયા વિભક્તિ લાગતી નથી, પણ પ્રથમા વિભક્તિ (૨-૩-૪૬ થી) લાગે છે.

૨. **कृत्** પ્રત્યયો-કૃદન્ત-થી પણ 'કર્મ'નું અભિધાન થઈ શકે છે. દા.ત. **लक्ष्म्या सेवितः (हरिः)** । 'લક્ષ્મી વડે સેવાયેલા (હરિ).' અહીં **सेवितः** એવા કૃદન્ત શબ્દમાં કર્મણિ ભૂતકૃદન્તનો **क्त > त** પ્રત્યય લાગ્યો છે. આ **त** પ્રત્યય **हरि** રૂપ 'કર્મ' અર્થનો વાચક છે (સેવાયેલા કોણ ? -હરિ). આમ 'કર્મ' ઉક્ત હોવાથી **हरि** શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગતી નથી, પણ પ્રથમા વિભક્તિ લાગે છે.

૩. તદ્ધિત પ્રત્યયોના ઉપયોગથી પણ 'કર્મકારક'નું અભિધાન થઈ શકે છે. દા.ત. **शतेन क्रीतः इति 'शत्यः' (अश्वः)** । "સો રૂપિયાથી ખરીદાયેલો (ઘોડો), તેને 'शत्यः' કહે છે." અહીં ખરીદવાની ક્રિયાનું કર્મ-ઘોડો-તદ્ધિતના **य** પ્રત્યયથી ઉક્ત છે; માટે દ્વિતીયા વિભક્તિ નહીં વપરાતાં પ્રથમા વિભક્તિ વપરાઈ છે.

૪. સમાસ-સામાસિક રચના-કરવાથી પણ કર્મનું અભિધાન થઈ શકે છે. દા.ત. **प्राप्तानन्दः । (प्राप्तः आनन्दः यं सः)** 'પ્રાપ્ત થયો છે આનંદ જેને' તે પુરુષ 'પ્રાપ્તાનંદ' કહેવાય છે. અહીં પ્રાપ્તિ ક્રિયાનું કર્મ-આનન્દ-સમાસ કરવાથી ઉક્ત-અભિહિત-થાય છે. માટે **आनन्द** શબ્દને દ્વિતીયા વિભક્તિ નહીં લાગતાં, પ્રથમા વિભક્તિ લાગી છે.

૫. ક્યારેક (હંમેશાં નહીં) નિપાત-અવ્યયની મદદથી પણ કર્મની અભિવ્યક્તિ થાય છે. દા.ત. **विषवृक्षः अपि संवर्ध्य०** । 'વિષવૃક્ષને ઉછેરીને.' અહીં વિષવૃક્ષ સંવર્ધન ક્રિયાનું કર્મ છે, આથી તેને દ્વિતીયા લાગવી જોઈતી હતી. પરંતુ અહીં **अपि** નિપાતથી વિષવૃક્ષ રૂપી કર્મ અભિવ્યક્ત થાય છે, માટે દ્વિતીયા વિભક્તિ વપરાઈ નથી, પણ પ્રથમા વિભક્તિ વપરાઈ છે. એ જ પ્રમાણે **क्रमाद् अमुम् नारदः इति अबोधि सः । (शिशु० १/३-ग** પ્રયોગમાં પણ **इति** એવા નિપાતથી નારદ રૂપી કર્મ ઉક્ત છે. માટે **नारदम्** એમ દ્વિતીયા વિભક્તિ વપરાઈ નથી; પરંતુ પ્રથમા વિભક્તિ વપરાઈ છે.

**(વિશેષ)** પાણિનિએ **कारके** । ૧-૪-૨૩ થી 'કારકપ્રકરણ'ની શરૂઆત કરી છે. આ પ્રકરણમાં જુદાં જુદાં કર્તૃ, કર્મ, કરણાદિ કારકોની વ્યાખ્યાઓ આપી છે અને ત્યાર પછી **अनभिहिते** । ૨-૩-૧ થી શરૂ થતા બીજા એક 'વિભક્તિ-પ્રકરણ'માં એ બતાવ્યું છે કે કયા કારકને અભિવ્યક્ત કરવા માટે કઈ વિભક્તિ વાપરવી. આમ, પહેલાં **कर्तुरीप्सिततमं कर्म** । ૧-૪-૪૯ સૂત્રથી 'કર્મ' કારક કોને કહેવાય તે નક્કી કરી આપીને પછી, **कर्मणि द्वितीया** । ૨-૩-૨ સૂત્રથી કહ્યું કે કર્મને કહેવા માટે બીજી વિભક્તિનો ઉપયોગ કરવો.

"અષ્ટાધ્યાયી"માં આ બન્ને પ્રકરણો-કારક પ્રકરણ (૧-૪-૨૩ થી ૫૫) અને વિભક્તિપ્રકરણ (૨-૩-૧ થી ૭૩)-જુદા જુદા અધ્યાયોમાં મૂક્યાં છે. પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે તેમનું તર્કપુરસ્સરનું મિશ્રણ કરીને સુયોગ્ય ગુંથણી કરી છે. જેમ કે, પહેલાં પ્રથમા વિભક્તિનું વિધાન કરનારા સૂત્રને મૂક્યું છે.-આ પ્રથમા વિભક્તિ કેવળ 'પ્રાતિપદિકાર્થ'ને કહેવા માટે વપરાય છે, કોઇ કારકવિશેષાર્થને કહેવા માટે વપરાતી નથી. આથી પ્રથમા વિભક્તિની પૂર્વે કોઇ કારકની વ્યાખ્યા રજૂ કરતા સૂત્રને મૂકવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.-ત્યારપછી 'કારકપ્રકરણ'માંથી કર્મકારકની વ્યાખ્યા રજૂ કરતા (૧-૪-૪૯) સૂત્રને મુક્યું છે અને એ 'કર્મકારક' સંજ્ઞાને, 'વિભક્તિ પ્રકરણ'માંથી દ્વિતીયા વિભક્તિનું વિધાન કરનારા સૂત્ર (૨-૩-૨)ની સાથે જોડી દીધી છે. એટલે કે પહેલાં **कर्तुरीप्सिततमं कर्म** । ૧-૪-૪૯ અને પછી તરત જ **कर्मणि द्वितीया** । ૨-૩-૨ને મુક્યું છે. આમ ભટ્ટોજિ દીક્ષિતની ગુંથણીમાં પહેલાં કોઇ એક કારકવિશેષનો પરિચય-એની વ્યાખ્યા-અને પછી એ કારકવિશેષને અભિવ્યક્ત કરવા માટે વપરાતી ચોક્કસ વિભક્તિનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આમાં ક્રમશઃ ૧. કર્મકારક, ૨. કર્તૃ અને કરણકારક, ૩. સમ્પ્રદાન કારક, ૪. અપાદાન ૫. અધિકરણકારકનો પરિચય અને એમને અનુક્રમે અભિવ્યક્ત કરનારી દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી અને પંચમી વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રો મૂક્યાં છે. ત્યાર પછી, કોઇ પણ કારકવિશેષને નહીં કહેનારી; સંબંધમાત્રને કહેનારી ષષ્ઠી વિભક્તિનું વિધાન છે. સૌથી છેલ્લે અધિકરણકારક અને એને અભિવ્યક્ત કરનારી સપ્તમી વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. આમ ભટ્ટોજિ દીક્ષિતે પ્રથમા, દ્વિતીયા વગેરે વિભક્તિઓને યથાક્રમ રાખીને રજૂઆત કરી છે. મૂળ, પાણિનિની "અષ્ટાધ્યાયી"માં ભિન્ન ક્રમ જોવા મળે છે. જેમકે,

538 (७) **तथायुक्तं च अनीप्सितम् । पा. सू. १-४-५०**

**(वृत्तिः) ईप्सिततमवद् अनीप्सितम् अपि कारकं कर्मसंज्ञं स्यात् । (उदाहरणे) १. ग्रामं गच्छन् तृणं स्पृशति । २. ओदनं भुञ्जानः विषं भुङ्क्ते ॥**

| કારક પ્રકરણ | વિભક્તિપ્રકરણ |
|---|---|
| **कारके** १/४/२३ (અધિકારસૂત્ર) | अनभिहिते । २/३/१ (અધિકારસૂત્ર) |
| ध्रुवमपायेऽपादानम् । १/४/२८ | कर्मणि द्वितीया । २/३/२ |
| कर्मणा यमभिप्रैति स सम्प्रदानम् १/४/३२ | चतुर्थी सम्प्रदाने २/३/१३ |
| साधकतमं करणम् । १/४/४२ | कर्तृकरणयोस्तृतीया । २/३/१८ |
| आधारोऽधिकरणम् । १/४/४५ | अपादाने पञ्चमी । २/३/२८ |
| कर्तुरीप्सिततमं कर्म । १/४/४९ | सप्तमी अधिकरणे च । २/३/३६ |
| स्वतन्त्रः कर्ता । १/४/५४ | प्रातिपदिकार्थ...वचनमात्रे प्रथमा । २/३/४६ |
| तत्प्रयोजको हेतुश्च १/४/५५ | षष्ठी शेषे । २/३/५० |
| | चतुर्थी चाशिष्या० २/३/७३ |

અહીં જોઈ શકાય છે કે પાણિનિએ કારકોને અને વિભક્તિઓને કોઈ ચોક્કસ ક્રમમાં ગોઠવી નથી.[१२] પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે, ઉપર વર્ણવ્યા મુજબ પ્રથમાદિ વિભક્તિઓનો સાંખ્યિક ક્રમ ઊભો કર્યો છે.

**(અનુ૦)** (સૂત્રાર્થ) **"ઈપ્સિતતમ પદાર્થની જેમ** (કર્તાને ક્રિયા વડે પ્રાપ્ત કરવા માટે ) **જે અનીપ્સિત કારક પદાર્થ હોય તેની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે."** (ઉદાહરણો) ૧. (देवदत्तः) ग्रामं गच्छन् तृणं स्पृशति । **દેવદત્ત ગામમાં જતાં ઘાસને અડકે છે.' ૨. (देवदत्तः) ओदनं भुञ्जानः विषं भुङ्क्ते ।** દેવદત્ત ભાત **ખાતાં ખાતાં-અજાણતાં-ઝેર ખાય છે.'**

**(વિમર્શ)** કર્તાને ક્રિયા કરવા માટે જે પદાર્થ ઈપ્સિતતમ હોય-જે પદાર્થની અનિવાર્ય જરૂર હોય-તેની 'કર્મ' સંજ્ઞા તો कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી કરવામાં આવી. હવે પાણિનિનું એક નવું સૂત્ર રજૂ કરવામાં આવે છે. આ સૂત્રથી કહેવામાં આવે છે કે ઇપ્સિતતમ પદાર્થની જેમ કર્તાને ક્રિયા કરવા માટે જે પદાર્થ-જે કારક-અનીપ્સિત હોય તેની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે. દા.ત. ૧. **ग्रामं गच्छन् तृणं स्पृशति ।** 'ગામમાં જતાં ઘાસને અડકે છે.' અહીં 'ગામમાં જવું' એ ઇપ્સિતતમ છે. (આથી ગમન ક્રિયાના કર્મ રૂપે ग्राम શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે); પણ 'ઘાસને અડકવું' એ ક્રિયા અનીપ્સિત છે. કર્તા-દેવદત્તને તૃણસ્પર્શ કરવો ઇષ્ટ/અનિવાર્ય નથી; તે ક્રિયા, ગામમાં જતી વખતે અનાયાસે જ થાય છે. આવા અનીપ્સિત પદાર્થ-કારક-ની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે (અને પછી, પૂર્વોક્ત कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્રથી तृण શબ્દને દ્વિતીયા વિભક્તિનો अम् પ્રત્યય લગાડવામાં આવે છે.) ૨. ओदनं भुञ्जानः विषं भुङ्क्ते । 'ભાત ખાતાં ખાતાં ઝેર ખાઈ લે છે.' કોઈ માણસ ભાત ખાવા બેઠો છે, એને બીજો કોઈ માણસ શત્રુતાથી પ્રેરાઈને ખબર ના પડે એમ ભાતમાં ઝેર મિશ્રિત કરીને પીરસી દે છે. આવે વખતે ભોજન ક્રિયાના કર્તાને ઈપ્સિતતમ

---

૧૨. **आकडाराद् एका संज्ञा ।** ૧/૪/૧ (એકસંજ્ઞાધિકાર) સૂત્રના શીર્ષક હેઠળ જુદી જુદી કારકસંજ્ઞાઓની રજૂઆત થઈ છે. આ કારકસંજ્ઞાઓમાં જે બલવતીસંજ્ઞાઓ છે તે ઉત્તર ઉત્તર (પરવર્તી) સૂત્રોમાં ગોઠવવામાં આવી છે. જેથી **विप्रतिषेधे परं कार्यम् ।** ૧/૪/૨ સૂત્રોક્ત પરત્વનો નિયમ કામ કરી શકે. આ વ્યવસ્થાથી, એકા સમયે એકથી વધારે સંજ્ઞા પ્રવૃત્ત થઈ શકતી નથી, સિવાય કે સૂત્રમાં च કે अन्यतरस्याम् જેવા શબ્દો વાપર્યા હોય. (જો આ બેમાંથી કોઈ શબ્દ વપરાયો હોય તો એકી સમયે બે સંજ્ઞા પ્રવૃત્ત થઈ શકે છે. દા.ત. दिवः कर्म च । (૧/૪/૪૩)

પરંતુ વિભક્તિ વિધાનમાં ક્રમભંગ કેમ કર્યો છે તે અદ્યાપિ ગવેષણીય છે.

તો ભાત છે, પણ અજાણતાં તે ઝેર પણ ખાઇ લે છે. અહીં અનીપ્સિત પદાર્થ-ઝેર-ની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે. તથા આ विष શબ્દને (कर्मणि द्वितीया ૨-૩-૨ સૂત્રવિહિત) દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

ભટ્ટોજિ દીક્ષિતે અનીપ્સિત કર્મકારકનાં જે બે ઉદાહરણો આપ્યાં છે તેને આધારે અનીપ્સિત કર્મનાં બે પ્રકાર પડે છે : (क) ઉદાસીન કર્મ અને (ख) દ્વેષ્ય કર્મ. આમાંથી પહેલું ઉદાહરણ 'ગામમાં જતી વખતે **ઘાસને** અડકે છે, તે ઉદાસીન કર્મનું છે અને બીજું ઉદાહરણ 'ભાત ખાતાં ઝેર ખાઇ લે છે' તે દ્વેષ્ય કર્મનું છે. આમ પ્રસ્તુત સૂત્રના अनीप्सितम् શબ્દમાં नञ् (નિષેધાર્થક अन् વપરાયો છે. આ नञ्થી થતો પ્રતિષેધ દ્વિવિધ હોઈ શકે. (૧) પર્યુદાસ પ્રતિષેધ અને (૨) પ્રસક્ત પ્રતિષેધ. આમાંથી પહેલાં પ્રકારનો પર્યુદાસ પ્રતિષેધ લઈશું તો એનો અર્થ merely indifferent થશે. દા.ત. ग्रामं गच्छन् वृक्षमूलानि उपसर्पति । (એટલે કે આ ઉદાસીન કર્મનું ઉદાહરણ બનશે.) જો બીજા પ્રકારનો પ્રતિષેધ લઈશું તો તેનો અર્થ positively dislike થશે. દા.ત. चौरान् पश्यति । (એટલે કે આ દ્વેષ્ય કર્મનું ઉદાહરણ બનશે.)

**(વિશેષ)** આમ સૂત્રનો અર્થ કરતી વખતે કાશીની વૈયાકરણ પરંપરાએ अनीप्सितम् શબ્દ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરંતુ આ સૂત્રના પૂર્વાંશ તરફ ધ્યાન આપવા જેવું છે : 'तथायुक्तं च'નો શો અર્થ ? આધુનિકોએ આનો અર્થ "મુખ્ય કર્મની સાથે જોડાયેલા" એવો કર્યો છે; અને આ સૂત્રના ઉદાહરણ તરીકે √दुह વગેરે સોળ દ્વિકર્મક ધાતુઓ જેમાં વપરાયા હોય તેવાં વાક્યોને આગળ ધર્યાં છે. દા.ત. गोपालः गाम् पयः दोग्धि । આની વિશેષ ચર્ચા નીચેના अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્ર ઉપર કરવામાં આવશે. એ પહેલાં ईप्सिततम વગેરે શબ્દોના અર્થ વિચારીશું : -

[कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ આ સૂત્રમાંના ईप्सिततम શબ્દનો અર્થ ચર્ચાસ્પદ છે. ईप्सिततम શબ્દ મુખ્યત્વે બે પ્રકારનો છે : (૧) રૂઢિશબ્દ અને (૨) ક્રિયાશબ્દ .અર્થાત્ આ શબ્દનો રૂઢાર્થ '(કર્તાને) અભિપ્રેત=ઈષ્ટ પદાર્થ' એવો થાય છે તથા યૌગિક (વ્યુત્પત્તિજન્ય) અર્થ आप्तुम् इष्टः । '(કર્તાને) (ક્રિયા વડે) મેળવવા માટે ઇષ્ટ હોય તેવો પદાર્થ' એવો થાય છે.

અહીં ईप्सिततम શબ્દને જો રૂઢિશબ્દ તરીકે સ્વીકારીશું, તો-એટલે કે "કર્તાને જે અભિપ્રેત (ઇષ્ટ) હોય તે (પદાર્થ)ને 'કર્મ' કહેવાય છે" એમ કહીશું તો - गुडं भक्षयति । જેવા ઉદાહરણમાં गुड (નિર્વર્ત્ય) પદાર્થની 'કર્મ' સંજ્ઞા થઈ શકશે નહીં. કેમકે કર્તાને જે અભિપ્રેત કે ઇષ્ટ છે તે તો 'ગુડભક્ષણ' છે; માત્ર 'ગુડપદાર્થ' નહીં. (એટલે કે ભક્ષણક્રિયા ઈપ્સિતતમ છે, ગુડપદાર્થ નહીં). માટે 'કર્તાને જે પદાર્થ ઇષ્ટ=અભિપ્રેત-હોય તેની કર્મસંજ્ઞા થાય છે' એમ નહીં કહી શકાય.

વાસ્તવમાં, અહીં गुडं भक्षयति । કહેવાથી 'ભક્ષણક્રિયા' અને 'ગુડ' બન્નેનો ઇષ્ટ પદાર્થ તરીકે બોધ થાય છે. કાત્યાયનના કહેવા મુજબ-જો કેવળ ભક્ષણક્રિયા જ માત્ર ઇષ્ટ હોય તો મગ કે ભાત ખાવાથી પણ તે ક્રિયા સંતોષી શકાય છે. એ જ પ્રમાણે, માત્ર 'ગુડ' પણ ઇષ્ટ નથી, (ભક્ષણક્રિયા પણ સાથે થવી જ જોઈએ.) નહીં તો કર્તા માત્ર ગુડને જોઈને કે સ્પર્શીને પણ સંતોષ અનુભવી શકશે (કૈયટ). આમ ईप्सिततम શબ્દનો "કર્તાને અભિપ્રેત પદાર્થ" એવો રૂઢાર્થ લેવાથી તો गुडं भक्षयति । માં गुड કર્મ બની શકતું નથી. (ગુડની કર્મસંજ્ઞા થઈ શકતી નથી). આથી ईप्सिततम શબ્દ વડે 'ક્રિયા(યૌગિક) શબ્દ' (=आप्तुम् इष्टः)નું જ ગ્રહણ કરવું પડે છે. જેથી गुडं भक्षयति । જેવાં ઉદાહરણોમાં ગુડની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે. (અહીં ગુડભક્ષણની ક્રિયા દ્વારા ગુડ મેળવવો ઇષ્ટ છે માટે 'ગુડ' आप्तुम् इष्टतमः પદાર્થ કહેવાશે અને તેની કર્મસંજ્ઞા નિર્બાધ થઈ શકશે. (૧-૪-૪૯ સૂત્રમાં ईप्सिततम्=आप्तुम् इष्टतमम् । "What is most desired to be reached." વધારે સ્પષ્ટ કહેવું હોય તો- What is most desired to be reached by the agent through his action, and, at the same time, being a Kāraka, it receives the designation Karman).

કાત્યાયન-ભાષ્યકારાદિ ટીકાકારોને ईप्सिततम् શબ્દનું આવું અર્થઘટન અભિપ્રેત છે. (ભટ્ટોજિ દીક્ષિતે પણ "कर्तुः क्रियया आप्तुम् इष्टतमम्" એવો અર્થ કર્યો છે.) પરંતુ જ્યારે તેઓ ઈપ્સિતતમ કર્મનાં (અને અનીપ્સિત કર્મનાં) ઉદાહરણો આપે છે, ત્યારે ईप्सिततम શબ્દને તેઓ જુદી રીતે ઘટાવતા હોય એમ લાગે છે.

तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્ર ઉપરના ભાષ્યમાં ભાષ્યકારે 'અનીપ્સિત' શબ્દને સમજાવ્યો નથી. પણ કયાં વાક્યો આ સૂત્રનાં ઉદાહરણ બની શકે એની ચર્ચા કરી છે. જેમકે, देवदत्तः विषं भक्षयति । 'દેવદત્ત ઝેર ખાય છે'. અહીં વિષભક્ષણ કોઈનેય ઈપ્સિત ન હોય એમ માનીએ તો 'વિષ'ને (અનીપ્સિત) કર્મ કહી શકાય. પરંતુ ભાષ્યકાર

539 (૮) **अकथितञ्च । पा. सू. १-४-५१**

**(वृत्तिः) अपादानादिविशेषैः अविवक्षितं कारकं कर्मसंज्ञं स्यात् ॥**

**(१) दुह-याच्-पच्-दण्ड-रुधि-प्रच्छि-चि-ब्रू-शासु-जि-मथ्-मुषाम् ।**

**कर्मयुक् स्याद् अकथितं, तथा स्यात् नी-हृ-कृष्-वहाम् ॥**

**दुहादीनां द्वादशानां नीप्रभृतीनां चतुर्णां कर्मणा यदि युज्यते, तद् एव ' अकथितं कर्म ' इति परिगणनं कर्तव्यम् इत्यर्थः ॥ १. गां दोग्धि पयः । (२) (अ) बलिं याचते वसुधाम् । (ब) अविनीतं विनयं याचते ॥ ३. तण्डुलान् ओदनं पचति । ४. गर्गान् शतं दण्डयति ५. व्रजम् अवरुणद्धि गाम् । ६. माणवकं पन्थानं पृच्छति । ७. वृक्षम्**

કહે છે કે જીવનથી કંટાળેલા કે કોઈ અસાધ્ય રોગથી પીડાતા વ્યક્તિને માટે વિષભક્ષણ ઈપ્સિતતમ (કર્મ) હોઈ પણ શકે. આમ 'વિષ' નિશ્ચિતપણે 'અનીપ્સિત' પદાર્થ જ છે એવું કહી શકાતું નથી. આ દૃષ્ટિએ અનીપ્સિત એટલે અનિષ્ટ એવો અર્થ થઈ શકતો નથી.

આથી ભાષ્યકાર આ સૂત્રનું બીજું ઉદાહરણ આપે છે : ग्रामान्तरम् अयम् (देवदत्तः) गच्छन् चौरान् पश्यति, अहिं लङ्घयति, कण्टकान् मृद्नाति ॥ બીજા ગામ જતો આ (દેવદત્ત) (રસ્તામાં) ચોરને જુવે છે, સર્પને ઓળંગે છે અને કાંટાઓને ભાંગે છે." આ ઉદાહરણમાં 'ગ્રામાન્તર' ઈપ્સિતતમ પદાર્થ છે. બીજા શબ્દોમાં કહીએ તો 'ગ્રામાન્તર' એ ગમન-ક્રિયાનું મુખ્ય લક્ષ્ય-main goal-છે; પણ ચોરને જોવા, સર્પને ઓળંગવો કે કાંટાઓને ભાંગવા-એ મુખ્ય લક્ષ્ય-main goal-નથી.' આથી આ અમુખ્ય (ગૌણ) પદાર્થ non-main goal item-ને "અનીપ્સિત" પદાર્થ કહેવાશે. આવા અનીપ્સિત પદાર્થની ૧-૪-૫૦ સૂત્રથી કર્મસંજ્ઞા થાય છે.

આ ઉદાહરણને આધારે એમ કહી શકાય કે પતંજલિએ ઈપ્સિતતમ (૧-૪-૪૯)નો અર્થ 'ક્રિયાનું મુખ્ય લક્ષ્ય' (=main goal) કર્યો છે અને અનીપ્સિત (૧-૪-૫૦)નો અર્થ 'ગૌણ લક્ષ્ય' (=non main goal item) કર્યો છે.

(અહીં એ નોંધપાત્ર છે કે પ્રોફે. એસ. ડી. જોશીના મતે ઇપ્સિતતમનો (૧) "કર્તાને અભિપ્રેત" એવો રૂઢ અર્થ કરવામાં આવે, કે (૨) main goal' અર્થ કરવામાં આવે તો તે અર્થો સ્વીકાર્ય નથી. આના કારણોની ચર્ચા નીચે ૧-૪-૫૧ સૂત્ર ઉપર, 'વિશેષ'માં કરવામાં આવશે.)

अनीप्सितનો "અમુખ્ય લક્ષ્ય/સાધ્ય પદાર્થ" (=non-main goal item) અર્થ કરતી વખતે ભાષ્યકારાદિ ટીકાકારોએ, (૧-૪-૫૦) સૂત્રમાં આવેલા तथायुक्तम् પદનો અર્થ લગભગ વિચાર્યો નથી. तथायुक्तम् પદના દ્વિવિધ અર્થઘટનો શક્ય છે. જેમકે, (૧) "main goal item-મુખ્ય સાધ્ય પદાર્થ જે ક્રિયાની સાથે જોડાયેલા હોય **તે જ ક્રિયાની** સાથે અમુખ્ય સાધ્ય-non main goal item-પણ જોડાયેલી હોય ત્યારે-" અથવા (૨) "મુખ્ય સાધ્ય પદાર્થ એક (દા.ત. क) ક્રિયા જોડે જોડાયેલ હોય અને અમુખ્ય સાધ્ય પદાર્થ બીજી કોઈક (દા.ત. ख) ક્રિયા જોડે હોય ત્યારે-" ભાષ્યકાર આમાંથી બીજા અર્થઘટનને સ્વીકારતા હોય એવું લાગે છે. દા.ત. देवदत्तः ग्रामान्तरं गच्छन् अहिम् लङ्घयति । અહીં 'ગ્રામાન્તર' એ મુખ્ય સાધ્ય પદાર્થ-main goal-છે. આ પદાર્થ ગમનક્રિયાની સાથે જોડાયેલ છે. પરંતુ જે અમુખ્ય સાધ્ય પદાર્થ-non main goal item-अहिम् છે તે પદાર્થ લંઘનક્રિયા સાથે જોડાયેલ છે. तथायुक्तम्ના આવા (બીજા) અર્થઘટનને સ્વીકારવામાં શી વિસંગતિ રહેલી છે ? તેની ચર્ચા પણ નીચે अकथितञ्च । ૧-૪-૫૧ ઉપરના 'વિશેષ'માં કરવામાં આવશે.

આધુનિકોએ तथायुक्तम्નો (એક ત્રીજો જ) અર્થ "મુખ્ય કર્મની સાથે જોડાયેલ" એવો કર્યો છે. તથા સૂત્રનાં ઉદાહરણ તરીકે √दुह વગેરે ૧૨ (-સોળ નહીં,) દ્વિકર્મક ધાતુઓ જેમાં વપરાયા હોય તેવાં વાક્યોને આગળ ધર્યાં છે. દા.ત. गोपालः गां पयः दोग्धि । આની વિશેષ ચર્ચા **હવે નીચે** કરવામાં આવશે.

★

**(અનુ૦)** (સૂત્રાર્થઃ) **અપાદાન વગેરે કારકવિશેષોને તે તે સ્વરૂપે (અર્થાત્ અપાદાનકારકને અપાદાનકારક રૂપે) જ કહેવાની ઇચ્છા ન હોય તો તે કારકોની 'કર્મ' કારક સંજ્ઞા થાય છે.**

**(૧)** (નીચેની કારિકામાં જે ધાતુઓની યાદી છે, તે દ્વિકર્મક ધાતુઓની યાદી છે :)

"**૧. √दुह** (દોહવું), **૨. √याच्** (માંગવું), **૩. √पच्** (રાંધવું), **૪. √दण्ड** (દંડ કરવો/શિક્ષા કરવી),

**अवचिनोति फलानि । ८. एवं ९. माणवकं धर्मं ब्रूते/शास्ति वा । १०. शतं जयति देवदत्तम् । ११. सुधां क्षीरनिधिं मथ्नाति । १२. देवदत्तं शतं मुष्णाति । १३-१६. ग्रामम् अजां नयति, हरति, कर्षति, वहति वा ॥**

**(२) अर्थनिबन्धना इयं संज्ञा । बलिं भिक्षते वसुधाम् । माणवकं धर्मं भाषते, अभिधत्ते, वक्ति इत्यादि ॥**

**(३) कारकं किम् ?-माणवकस्य पितरं पन्थानं पृच्छति ।**

**(४) (वार्तिकम्)* अकर्मकधातुभिर्योगे देशः कालः भावः गन्तव्यः अध्वा च 'कर्म' संज्ञक इति वाच्यम्* ॥ कुरून् स्वपिति । मासम् आस्ते । गोदोहम् आस्ते । क्रोशम् आस्ते ॥**

---

**५. √रुधि** (રોકવું, અવરોધવું), **६. √प्रच्छि** (પૂછવું), **७. √चि** (ભેગું કરવું), **८. √ब्रू** (બોલવું), **९. √शासु** (શીખવવું/શાસન કરવું) **१०. √जि** (જીતવું), **११. √मथ** (મંથન કરવું), **१२. √मुष्** (ચોરવું)-**આ બાર ધાતુઓના** (મુખ્ય) **'કર્મ'ની સાથે જોડાયેલાં બીજાં અકથિત** (=અવિવક્ષિત) **કારકોની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે;**[13] **એ જ પ્રમાણે, १३. √नी** (દોરી જવું/લઈ જવું) **१४. √हृ** (હરણ કરવું), **१५. √कृष** (ખેંચવું) **અને १६. √वह** (વહન કરવું)-**આ ચાર ધાતુઓનાં** (મુખ્ય કર્મની સાથે જોડાયેલાં બીજાં અકથિત=અવિવક્ષિત) **કારકોની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે."**

**આ કારિકાનો અર્થ એવો થાય છે કે (√दुह** (દોહવું) **વગેરે બાર ધાતુઓ, અને √नी** (લઈ જવું) **વગેરે બાકીના છેલ્લા ચાર ધાતુઓનાં** (મુખ્ય) **કર્મની સાથે** અન્ય અપાદાન વગેરે કારકો **જોડાયેલાં હોય તો તેમને 'અકથિત કર્મ' કહેવાય છે-એમ પરિગણન કરવું જોઈએ.** ઉદાહરણ તરીકે-

१. (गोपालः) **गां दोग्धि पयः** । '(ગોવાળિયો) ગાયમાંથી દૂધ દોહે છે.' **[અહીં गोपालः गोः पयः दोग्धि । એવું મૂળ વાક્ય છે. જેમાં गोः પદ, અપાદાનકારક હોવાથી પંચમી વિભક્તિમાં મૂકવામાં આવ્યું છે.** (અહીં ગાયમાંથી દૂધ છૂટું પડે છે. માટે 'ગાય' અપાદાનકારક કહેવાશે.) **પરંતુ આ અપાદાનકારક મુખ્ય કર્મ-દૂધ-ની સાથે જોડાયેલ છે. અને વક્તાને** તે-ગાય-અપાદાન **રૂપે કહેવી ઇચ્છનીય નથી** (અવિવક્ષિત છે.[14]), **એ પરિસ્થિતિમાં આ १-४-५१ સૂત્ર મુજબ** તેની-ગાયની-પણ **'કર્મ' સંજ્ઞા થઈ શકે છે. આમ અપાદાન કારક-ગાય-ની (પણ) 'કર્મ' સંજ્ઞા થવાથી, कर्मणि द्वितीया । २-३-२ સૂત્ર વડે તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે : देवदत्तः गां दोग्धि पयः** । (આ રીતે √दुह ધાતુ દ્વિકર્મક બને છે. જેમાંથી पयस्-દૂધ-એ મુખ્ય કર્મ છે અને गो-ગાય-ગૌણ કર્મ છે. તથા कर्तुरीप्सिततमं कर्म । १-४-४९ થી पयस्ની 'કર્મ' સંજ્ઞા થાય છે અને अकथितञ्च । १-४-५१ થી गो ની 'કર્મ' સંજ્ઞા થાય છે.)]

२.(अ) (वामनः) **बलिं याचते वसुधाम्** । '(વામન ભગવાન્) **બલિ** (રાજા) **પાસેથી પૃથિવી-જમીન-ની યાચના કરે છે.' [અહીં वामनः बलेः वसुधाम् याचते । એવું મૂળ વાક્ય છે. જેમાં बलेः પદ અપાદાનકારક હોવાથી પંચમી વિભક્તિમાં છે. આ અપાદાનકારક મુખ્યકર્મ -वसुधाम्-ની સાથે જોડાયેલ છે અને વક્તાને તે -बलि-અપાદાન કારક રૂપે કહેવું ઇચ્છનીય નથી. આથી પ્રસ્તુત સૂત્ર (अकथितञ्च । १-४-५१)થી તે बलि-ની પણ 'કર્મ' સંજ્ઞા થઈ જાય છે; અને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.]**

२.(ब) (देवदत्तः) **अविनीतं विनयं याचते** । '(દેવદત્ત) **અવિનીત માણસ પાસેથી વિનયની યાચના કરે છે.'** (અહીં પણ अविनीतात् એવી પંચમી વિભક્તિ દ્વારા રજૂ થયેલ અપાદાન કારકની અવિવક્ષા કરીને તેની 'કર્મ' કારક સંજ્ઞા પાડવામાં આવે છે. આ 'કર્મ' કારક સંજ્ઞા થવાથી તેને-अविनीत શબ્દને-પણ

---

१३. ભટ્ટોજિ દીક્ષિતને ઉપર્યુક્ત અર્થ અભિપ્રેત છે. એ મુજબ कर्मयुक् स्याद् अकथितम्' પછી અલ્પવિરામ છાપ્યો છે. પરંતુ આધુનિક અર્થઘટન મુજબ આ અલ્પવિરામ 'कर्मयुक् स्याद्' પછી વાંચવું હિતાવહ છે.

१४. विवक्षा = वक्तुम् इच्छा । કહેવાની - બોલવાની ઈચ્છાને વિવક્ષા કહે છે. દા.ત. વક્તા બોલતી વખતે અમુક પદાર્થને અપાદાન કારક રૂપે કહેવા ન માંગતો હોય તો, એને 'અપાદાન કારકની અવિવક્ષા છે' એમ કહેવાય.

દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવ્યો છે.)

૩. (रामः) **तण्डुलान् ओदनं पचति ।** '(રામ) **ચોખામાંથી ભાત રાંધે છે.'** (અહીં પણ મૂળમાં तण्डुलेभ्यः એવું પંચમી વિભક્તિમાં રજૂ થયેલ અપાદાનકારક છે, જેની અવિવક્ષા કરવાથી, પ્રસ્તુત સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થાય છે અને તે-तण्डुल-ને પણ ओदनम्ની સાથે સાથે દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવામાં આવે છે.)

૪. (राजा) **गर्गान् शतं दण्डयति ।** '(રાજા) **ગર્ગ બ્રાહ્મણોને સો રૂપિયાનો દંડ કરે છે.'** (અહીં गर्गेभ्यः એવું પંચમી વિભક્તિમાં રજૂ થયેલ અપાદાન કારક છે. તેને અપાદાન રૂપે ન કહેવું હોય-તે અપાદાન રૂપે અવિવક્ષિત હોય-તો પ્રસ્તુત સૂત્રથી તેની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે. આથી राजा गर्गान् शतं दण्डयति । એવો પ્રયોગ પણ થાય છે, જેમાં शतं એ મુખ્ય કર્મ છે અને गर्गान् એ ગૌણકર્મ છે.)

૫. (गोपालः) **व्रजम् अवरुणद्धि गाम् ।** '(ગોવાળીઓ) **ગાયને વ્રજ** (વાડા)**માં પૂરે છે-અવરોધે છે-'** (અહીં ગાયને પૂરવાની ક્રિયાનું અધિકરણ व्रज છે, એટલે કે ગોવાળીઓ ગાયને ક્યાં પૂરે છે ? તો-गोपालः **व्रजे** गाम् अवरुणद्धि । એવું મૂળ વાક્ય છે. હવે કોઈ વક્તાને આ - व्रजे એવું સપ્તમી વિભક્તિમાં રજૂ થયેલું-અધિકરણકારક અધિકરણ રૂપે રજૂ ન કરવું હોય તો તે-व्रज-ની 'કર્મ' સંજ્ઞા પ્રસ્તુત સૂત્રથી થઈ શકે છે. આમ व्रजेને બદલે व्रजम् એવો પ્રયોગ પણ થઈ શકે છે. અહીં व्रजम् એ ગૌણ કર્મ છે અને गाम् મુખ્ય કર્મ છે.)

૬. (देवदत्तः) **माणवकं पन्थानं पृच्छति ।** '(દેવદત્ત) **બાળકને રસ્તો પૂછે છે' અર્થાત્** देवदत्तः माणवकात् मार्गोपदेशं जिघृक्षते । **'દેવદત્ત બાળક પાસેથી માર્ગોપદેશ ગ્રહણ કરવાની ઇચ્છા રાખે છે'.** (અહીં મૂળમાં माणवकात् એવું પંચમી વિભક્તિમાં રજૂ થતું અપાદાન કારક છે, એની અવિવક્ષા કરવાથી माणवकની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે અને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. આમ माणवकम् એ ગૌણકર્મ છે, અને पन्थानं એ મુખ્યકર્મ છે.)

૭. (देवदत्तः) **वृक्षम् अवचिनोति फलानि ।** '(દેવદત્ત) **વૃક્ષ ઉપરથી ફળ તોડે છે/એકઠાં કરે છે.'** (અહીં ફળ વૃક્ષ ઉપરથી છૂટાં પડે છે, માટે वृक्ष એ અપાદાન કહેવાશે. આમ મૂળ વાક્ય देवदत्तः वृक्षात् फलानि अवचिनोति । માં वृक्षात् એ પંચમી વિભક્તિમાં રજૂ થયેલ અપાદાન કારક છે. હવે કોઈ વક્તાને તે અપાદાનકારક રૂપે ન કહેવું હોય તો તેની, પ્રસ્તુત સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે. જેથી वृक्षम् फलानि अवचिनोति । એવો પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે. અહીં वृक्षम् એ ગૌણકર્મ છે અને फलानि મુખ્યકર્મ છે.)

૮. (देवदत्तः) **माणवकं धर्मं ब्रूते ।** '(દેવદત્ત) **બાળકને ધર્મ વિષે કહે છે.'**

૯. (देवदत्तः) **माणवकं धर्मं शास्ति ।** '(દેવદત્ત) **બાળકને ધર્મ શીખવે છે.'**

(અહીં બન્ને ઉદાહરણોમાં माणवक સમ્પ્રદાન કારક છે. એટલે કે મૂળ વાક્યમાં देवदत्तः माणवकाय धर्मं ब्रूते/शास्ति वा । એવું છે. હવે કોઈ વક્તાને माणवकाय એમ સમ્પ્રદાનકારક રૂપે ન બોલવું હોય તો તે माणवकની 'કર્મ' સંજ્ઞા કરીને, તેને દ્વિતીયા વિભક્તિમાં-माणवकम्-મૂકી શકે. અહીં माणवकम् એ ગૌણકર્મ છે અને धर्मम् મુખ્ય કર્મ છે.)

૧૦. (यज्ञदत्तः) **शतं जयति देवदत्तम् ।** '(યજ્ઞદત્ત) **દેવદત્ત પાસેથી સો રૂપિયા જીતે છે.'** (અહીં યજ્ઞદત્ત દેવદત્ત પાસેથી સો રૂપિયા મેળવે છે, એટલે કે દેવદત્ત પાસેથી સો રૂપિયા છૂટા પડે છે માટે તે-દેવદત્ત-અપાદાનકારક કહેવાશે. અર્થાત્ यज्ञदत्तः देवदत्तात् शतं जयति । એવું મૂળ વાક્ય છે. પરંતુ કોઈ વક્તા દેવદત્તને અપાદાનકારક રૂપે-પંચમી વિભક્તિમાં-રજૂ કરવા ન માંગતો હોય તો પ્રસ્તુત સૂત્રથી

તે-देवदत्त-ની 'કર્મ' સંજ્ઞા કરીને તેને દ્વિતીયા વિભક્તિમાં પણ રજૂ કરી શકશે. અહીં देवदत्तम् એ ગૌણ કર્મ છે અને शतम् મુખ્ય કર્મ છે.)

૧૧. (देवः) **सुधां क्षीरनिधिं मथ्नाति ।** '(દેવતા) **અમૃત માટે સમુદ્રનું મંથન કરે છે.'** (અહીં सुधायै એવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિમાં ન રજૂ કરવું હોય તો, તેની 'કર્મ' સંજ્ઞા કરીને सुधाम् એવો દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રયોગ કરી શકાય. આ सुधाम् ગૌણ કર્મ છે અને क्षीरनिधिम् મુખ્ય કર્મ છે.)

૧૨. (चैत्रः) **देवदत्तं शतं मुष्णाति ।** '(ચૈત્ર) **દેવદત્ત પાસેથી સો રૂપિયા ચોરી લે છે.'** (અહીં देवदत्तात् એવા અપાદાનકારકની અવિવક્ષા કરવામાં આવે તો, પ્રસ્તુત સૂત્રથી તેની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે અને તેને देवदत्तम् એમ દ્વિતીયા વિભક્તિમાં મૂકી શકાય છે. અહીં देवदत्तम् ગૌણ કર્મ છે અને शतम् મુખ્ય કર્મ છે.)

૧૩. (कृष्णः) **ग्रामम् अजां नयति ।** '(કૃષ્ણ) **ગામમાં બકરીને દોરી જાય છે.'**

૧૪. (कृष्णः) **ग्रामम् अजां हरति ।** '(કૃષ્ણ) **ગામમાં બકરીને અપહરી જાય છે.'**

૧૫. (कृष्णः) **ग्रामम् अजां कर्षति ।** '(કૃષ્ણ) **ગામમાં બકરીને ખેંચી જાય છે.'**

૧૬. (कृष्णः) **ग्रामम् अजां वहति ।** '(કૃષ્ણ) **ગામમાં બકરીને લઈ જાય છે.'**

(ઉપર્યુક્ત ચારેય વાક્યોમાં ग्रामे-ગામમાં-એવા અધિકરણ કારકની અવિવક્ષા કરવામાં આવે તો, પ્રસ્તુત સૂત્રથી તેની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે અને (ग्रामे ને બદલે) ग्रामम् દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રયોગ થઈ શકે છે. ग्रामम् ગૌણ કર્મ છે અને अजाम् મુખ્ય કર્મ છે.)

(આમ ૧૨+૪=૧૬ ધાતુઓ કેવી રીતે દ્વિકર્મક બને છે એ બતાવવામાં આવ્યું)

**(૨) આ** (સૂત્ર દ્વારા જેનું વિધાન કરવામાં આવ્યું છે તે) **સંજ્ઞા 'अर्थनिबन्धना'** (અર્થમૂલક) **છે.** [અર્થાત્ ઉપર્યુક્ત કારિકામાં જે ૧૬ ધાતુઓ નોંધ્યા છે, તેના જેવા જ અર્થવાળા બીજા જે ધાતુઓ હોય તેમના (મુખ્ય કર્મકારકોના) યોગમાં પણ અપાદાન વગેરે કારકવિશેષોની અવિવક્ષા કરીને તેમને 'કર્મ' સંજ્ઞા આપી શકાય છે.] આથી

१. (वामनः) बलिं वसुधाम् भिक्षते । (याचते)

२. (देवदत्तः) माणवकं धर्मं भाषते ।

३. (देवदत्तः) माणवकं धर्मं अभिधत्ते ।

४. (देवदत्तः) माणवकं धर्मं वक्ति ।

(२–४:) (ब्रूते/शास्ति) वा ।

(આવાં વાક્યોમાં √याच्, √ब्रू અને √शासु ધાતુઓના સમાનાર્થક અન્ય ધાતુઓ વપરાયા છે. એથી પહેલા વાક્યમાં बलेः એવા અપાદાન કારકની, અને બાકીના ત્રણ વાક્યોમાં माणवकाय એવા સમ્પ્રદાન કારકની અવિવક્ષા કરવાથી बलिની અને माणवकની 'કર્મ' સંજ્ઞા થાય છે; અને **'કર્મ'** સંજ્ઞા થવાથી તેમને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે. बलिम् અને माणवकम् ગૌણકર્મ છે, તથા वसुधाम् અને धर्मम् મુખ્ય કર્મ છે.)

**(૩) વૃત્તિમાં જે સૂત્રાર્થ કરી બતાવવામાં આવ્યો છે તેમાં कारकम् એવું પદ શા માટે જોડવામાં આવ્યું છે ?** (એટલે કે જેની અવિવક્ષા કરવી હોય તે કારક='ક્રિયાન્વિત' જ હોય એવું શા માટે કહેવામાં આવે છે ?) આ પ્રશ્નનો **જવાબ એક ઉદાહરણથી આપવામાં આવે છે : माणवकस्य पितरं पन्थानं पृच्छति । 'માણવકના પિતાને માર્ગ પૂછવામાં આવે છે.'**

(અહીં माणवकस्य એવા ષષ્ઠ્યન્ત પદનો 'પૂછવા'ની ક્રિયામાં કોઈ પણ રીતે અન્વય નથી. જે પદનો ક્રિયામાં અન્વય ન હોય તેને 'કારક' કહેવાતું નથી. આથી, સૂત્રકારે જ્યારે કહ્યું કે "અપાદાન વગેરે 'કારક'ની અવિવક્ષા કરીને

તેમને 'કર્મ' સંજ્ઞા આપી શકાય" ત્યારે એ ધ્યાન રાખવાનું છે કે વાક્યમાં જે ષષ્ઠ્યન્ત પદો હોય છે તેમને 'કારક' કહેવાતાં નથી અને પરિણામે તેમની અવિવક્ષા કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. આથી माणवकस्यને બદલે माणवकम् કરવાનો પ્રશ્ન પણ ઊભો થતો નથી; माणवकम् એમ થઈ શકતું જ નથી.)

**(૪) વૃત્તિમાં હવે કાત્યાયનનું એક વાર્તિક રજૂ કરવામાં આવે છે : *"અકર્મક ધાતુઓના યોગમાં=વાક્યમાં અકર્મક ધાતુઓ વપરાયા હોય તો દેશવાચક, કાલવાચક, ભાવવાચક અને માર્ગવાચક શબ્દોની 'કર્મ' સંજ્ઞા થાય." –એવું** ('અષ્ટાધ્યાયી'માં) **કહેવું/ઉમેરવું જોઇએ.* દા.ત.**

(क) (देवदत्तः) **कुरून् स्वपिति ।** 'દેવદત્ત **કુરુદેશમાં ઊંઘી જાય છે.'**

(ख) (देवदत्तः) **मासम् आस्ते ।** 'દેવદત્ત **એક મહિનો બેસે છે.'**

(ग) (देवदत्तः) **गोदोहम् आस्ते ।** 'દેવદત્ત ગાય **દોહવાઈ જાય એટલા સમય સુધી બેસે છે.**

(घ) (देवदत्तः) **क्रोशम् आस्ते ।** 'દેવદત્ત **એક માઈલ (ક્રોશ) સુધી બેસે છે.'**

(આ ચારેય વાક્યોમાં 'ઊંઘવું', 'બેસવું' જેવી અકર્મક ક્રિયાઓનો ઉપયોગ થયો છે. અકર્મક ધાતુઓનો ઉપયોગ થયો હોય ત્યારે વાક્યમાં કોઈ કર્મવાચક પદ-દ્વિતીયા વિભક્ત્યન્ત પદ આવવું શક્ય નથી. પરંતુ વાર્તિકકાર કાત્યાયન ધ્યાન દોરે છે કે स्वपिति, आस्ते જેવા અકર્મક ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે कुरु જેવા દેશવાચક શબ્દો, मास જેવા કાલવાચક શબ્દો, गोदोह જેવા ભાવ(ક્રિયા)વાચક શબ્દો અને क्रोश જેવા માર્ગવાચક શબ્દોની[૧૫] પણ 'કર્મ' સંજ્ઞા થાય છે; તથા 'કર્મ' સંજ્ઞા થવાથી તેમને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.[૧૬]

(અકર્મક ધાતુના યોગમાં દેશ, કાલાદિ 'કર્મ' કહેવાય છે અને તેમને દ્વિતીયા વિભક્તિમાં પણ મૂકવામાં આવે છે. તથાપિ અહીં ધ્યાન રાખવું કે આ વાક્યોનો કર્મણિ પ્રયોગ થતો નથી.)

**(વિમર્શ)** ઉપર અનુવાદમાં, ભટ્ટોજિ દીક્ષિત આ સૂત્રને જે રીતે સમજાવે છે તેની રજૂઆત કરી છે. આ અનુવાદની અંદર જ મોટા કૌંસમાં, નાના ટાઈપમાં જરૂરી વિવરણ મૂકી દીધું છે.

★

અત્યાર સુધીમાં આપણે 'કર્મ' સંજ્ઞા કરનારાં ત્રણ સૂત્રો જોયાં છે :

(१) कर्तुरीप्सिततमम् कर्म । १/४/४९

(२) तथायुक्तं चानीप्सितम् । १/४/५० અને

(३) अकथितञ्च । १/४/५१

આમાંથી જે પહેલું સૂત્ર છે તેના દ્વારા કર્તાને ક્રિયા વડે મેળવવા માટે જે અત્યંત ઈપ્સિત હોય તેવા પદાર્થોની 'કર્મ' સંજ્ઞા કરી છે; બીજા સૂત્ર દ્વારા 'કર્તાને ક્રિયા વડે મેળવવા માટે જે અનીપ્સિત-અનિષ્ટ-પદાર્થો હોય' તેમની 'કર્મ' સંજ્ઞા કરી છે. આ બે સૂત્ર દ્વારા 'કર્મ' સંજ્ઞાનો ઘણો મોટો વિષયપ્રદેશ આવરી લેવામાં આવ્યો છે. પરંતુ ભાષામાં કેટલાક દ્વિકર્મક ધાતુઓ પણ છે. આવા દ્વિકર્મક ધાતુઓના પ્રયોગમાં ઈપ્સિતતમ પદાર્થની=મુખ્ય કર્મની 'કર્મ' સંજ્ઞા તો कर्तुरीप्सिततमं कर्म । १/४/४९ સૂત્રથી થઇ જવાની છે, પણ જે બીજું ગૌણ કર્મ રહે છે તેને માટે આ ત્રીજા સૂત્રની-अकथितञ्च । १/४/५० સૂત્રની જરૂર પડે છે. આમ કર્મસંજ્ઞા કરનારાં પૂર્વોક્ત ત્રણેય સૂત્રોનો વિષયપ્રદેશ અલગ

---

૧૫. વસ્તુતઃ 'કર્મ'સંજ્ઞા તો દેશ, કાલ, ભાવ અને માર્ગ રૂપ પદાર્થ-અર્થોની થાય છે. પરંતુ લોકમાં અર્થોને વિભક્તિ-કાર્ય થતું નથી, અર્થવાચક શબ્દને જ વિભક્તિ-કાર્ય થાય છે (વિભક્તિ પ્રત્યય લગાડવામાં આવે છે.) આથી વિદ્યાર્થીઓને સરળતા પડે એટલા માટે "દેશવાચક, કાલવાચક, માર્ગવાચક, ભાવવાચક **શબ્દોની** કર્મસંજ્ઞા થાય છે" એમ લખ્યું છે.

૧૬. ભર્તૃહરિએ ઉપર્યુક્ત વાર્તિકને આ રીતે શ્લોકબદ્ધ કર્યું છે :

कालभावाध्वदेशानामन्तर्भूत क्रियान्तरैः ।

**सर्वैरकर्मकैर्योगे कर्मत्वमुपजायते ।। (वा. प. ३-७-६७)**

અલગ છે. (પહેલા સૂત્રથી અત્યંત ઇષ્ટ-most desired-પદાર્થોની, બીજા સૂત્રથી અનિષ્ટ-other than desired=પદાર્થોની 'કર્મ'સંજ્ઞા થાય છે. તથા ત્રીજા સૂત્રથી દ્વિકર્મક ધાતુઓના ગૌણકર્મને આવરી લેવાય છે.)

હવે આપણે ૧-૪-૫૧ સૂત્રમાં સૂત્રકારે વાપરેલા **अकथितम्** શબ્દ વિશે વિચારીશું : (૧) **'काशिकावृत्ति'**માં, ભાષ્યને આધારે આ શબ્દનો અર્થ **असंकीर्तित**-નહીં કહેવાયેલ-not mentioned એવો કર્યો છે.[૧૭] અર્થાત્ [આપણે જાણીએ છીએ કે પાણિનિએ **'कारके'** ૧-૪-૨૩ એવું અધિકારસૂત્ર રચીને પહેલાં 'અપાદાન'કારકની વ્યાખ્યા (૧-૪-૨૪), પછી 'સમ્પ્રદાન' કારકની વ્યાખ્યા (૧-૪-૩૨), 'કરણ'કારકની વ્યાખ્યા (૧-૪-૪૨) અને 'અધિકરણ'કારકની વ્યાખ્યા (૧-૪-૪૫) આપી છે. ત્યાર બાદ, 'કર્મ'કારકની વ્યાખ્યા આપતાં પૂર્વોક્ત ત્રણ સૂત્રો (૧-૪-૪૯, ૫૦ અને ૫૧) રજૂ કર્યાં છે. આમાંથી **अकथितञ्च ।** સૂત્ર સૌથી પાછળ (૧-૪-૫૧) આવે છે. આનો અર્થ, ઉપરનાં (૧-૪-૨૪ થી ૧-૪-૫૦) **સૂત્રો**માં જેનો ઉલ્લેખ થયો નથી તેવા પદાર્થો "અકથિત" કહેવાય છે. આવા, અગાઉનાં સૂત્રોથી 'નહીં કહેવાયેલા" કારક-પદાર્થો-ની 'કર્મ'સંજ્ઞા પ્રસ્તુત (૧-૪-૫૧) સૂત્રથી થાય છે. ('અકથિત' શબ્દના અર્થ મુજબ ૧-૪-૫૧ની નીચે આપેલા ૫૨, ૫૩ અને ૫૪ સૂત્રો દ્વારા જેનો ઉલ્લેખ થયો નથી તેવા પદાર્થો પણ 'અકથિત' ગણવાના છે.)] અપાદાન વગેરે કારકવિશેષોમાં જેમનો સમાવેશ થતો નથી તેવા બાકી રહેલા પદાર્થો 'અકથિત' કહેવાય છે; અને આવા અકથિત પદાર્થોની આ (૧-૪-૫૧) સૂત્રથી 'કર્મ'સંજ્ઞા થાય છે. દા.ત. **देवदत्तः पौरवं गां याचते ।** 'દેવદત્ત નામનો કોઈ બ્રાહ્મણ પૌરવ-રાજા પાસે ગાય માંગે છે.' અહીં પૌરવ-રાજા પાસેથી ગાય છૂટી પડે છે માટે તે અપાદાનકારક કહેવાશે-એવો કોઈને ઉપલક દૃષ્ટિએ વિચાર આવે; પરંતુ કેવળ **માંગવાની** ક્રિયાથી જ અપાદાન સિદ્ધ થતું નથી. (કેમ કે માગવાની ક્ષણે આપવાની ક્રિયા-છૂટું પડવાની ક્રિયા-થતી હોતી નથી.) આથી 'પૌરવ' અપાદાનકારક કહેવાશે નહીં. તેની 'અપાદાન' સંજ્ઞા થશે નહીં. આ જ રીતે, 'પૌરવ' પદાર્થની સમ્પ્રદાન વગેરે બીજી કોઈ કારકવિશેષ સંજ્ઞા થવી પણ શક્ય નથી. આમ તે પદાર્થ=કારક 'અકથિત' રહે છે. √याचि 'માંગવું' ધાતુના પ્રયોગમાં આવા 'અકથિત' પૌરવ પદાર્થની 'કર્મ' સંજ્ઞા થાય છે એમ પ્રસ્તુત સૂત્ર ૧-૪-૫૧ કહે છે.

હવે, **अकथित**નો અર્થ **असंकीर्तित** કરવાથી પ્રસ્તુત સૂત્રનાં ત્રણ જ ઉદાહરણ મળી શકે છે એમ ભાષ્યમાં કહ્યું છે : (क) (पौरवात्>) पौरवं गां याचते । (ख) (माणवकात्)>माणवकं पन्थानं पृच्छति । (ग) (पौरवात्) गां>भिक्षते । (√याचि અને √भिक्ष ધાતુને સમાનાર્થક ગણીએ તો બે જ ઉદાહરણ થશે.)-કૈયટ આને **'ઉદાહરણત્રયવાદ'** કહે છે.

નાગેશ ભટ્ટે 'ઉદ્દ્યોત'માં આની આલોચના કરતાં જણાવ્યું છે કે **पौरवं गाम् याचते ।** જેવાં ઉદાહરણોમાં માંગવાની ક્રિયા વખતે અપાદાન-છૂટું પડવાનું-સિદ્ધ થતું નથી એ વાત સાચી. પણ ભવિષ્યમાં એ ગાય મળશે-રાજા પાસેથી ગાય છૂટી પડીને દેવદત્તને મળશે-એ વાતને ધ્યાનમાં રાખીને, પૌરવને 'અપાદાન' કહી શકાય. આમ **पौरव** 'અકથિત'કારક રહેતું જ નથી. આ દૃષ્ટિએ નાગેશે સિદ્ધ કર્યું છે કે આ સૂત્રનું કોઈ ઉદાહરણ મળતું જ નથી. મતલબ કે આ સૂત્ર વ્યર્થ છે. આને **'સૂત્રાસંગતિવાદ'** કહ્યો છે.

આમ પ્રસ્તુત સૂત્રનાં માત્ર ત્રણ ઉદાહરણ (અને નાગેશના મતે એક પણ ઉદાહરણ નહીં) મળતાં હોવાને કારણે પતંજલિએ **अकथितम्**નો **બીજો** અર્થ પણ રજૂ કર્યો છે : **अकथित** એટલે અપ્રધાન (non-prominent) પદાર્થ. દા.ત. **गाम् दोग्धि पयः ।** 'ગાય(માંથી) દૂધ દોહે છે.' અહીં દોહન ક્રિયાના કર્તાને માટે ઈપ્સિતતમ પદાર્થ-મુખ્ય સાધ્ય પદાર્થ-**पयस्** (દૂધ) છે.(દૂધ મેળવવું અત્યંત ઇષ્ટ છે, પણ દોહનક્રિયામાં) ગાય અપ્રધાન છે. આવા અપ્રધાન ગો પદાર્થની કર્મકારક સંજ્ઞા પ્રસ્તુત (૧-૪-૫૧) સૂત્રથી કરવામાં આવશે.

**अकथितम्** નું આ બીજું અર્થઘટન **गां पयः दोग्धि ।** જેવા પ્રયોગને યોગ્ય રીતે સમજાવી શકે છે. પરંતુ આ અર્થઘટન અન્યત્ર એક મૂશ્કેલી ઊભી કરે છે. જેમકે, **देवदत्तः गां दोग्धि पयः पाणिना कांसपात्र्याम् ।** (દેવદત્ત હાથ વડે કાંસાના પાત્રમાં ગાય(માંથી) દૂધ દોહે છે.) જેવા ઉદાહરણમાં (અપ્રધાન ગો પદાર્થની સાથે સાથે) **पाणि** અને **कांसपात्री**ની પણ 'કર્મકારક' સંજ્ઞા થવા આવશે. કેમકે દોહનક્રિયામાં કેવળ દૂધ જ (મુખ્ય સાધ્ય) પ્રધાન છે, હાથ અને કાંસાનું

---

૧૭. अकथितं च यत्कारकं तत्कर्मसंज्ञं भवति । केन अकथितम् ?-अपादानादिविशेषकथाभिः ।।...प्रधानं कर्म धर्मादिकम् , तेन यत्सम्बध्यते, तद् अकीर्तितम् आचरितम् कविना, तद् अकथितम् उक्तं सूत्रकारेण ।। (१-४-५१ इत्यत्र काशिकावृत्तिः)

પાત્ર અપ્રધાન છે; તેથી તેમને પણ 'અકથિત'(=અપ્રધાન) પદાર્થો કહેવાશે. પરિણામે તેમની પણ 'કર્મકારક' સંજ્ઞા કરવી પડશે. આવું અનિષ્ટ થતું રોકવા માટે अकथितનો અર્થ अनुक्त જ લેવો પડશે. (अप्रधान અર્થ લઈ શકાશે નહીં.) આમ अनुक्त અર્થ લેવાથી पाणि અને कांसपात्रीની 'કર્મ' સંજ્ઞા થવા આવશે નહીં. કેમકે ૧-૪-૪૨થી पाणिની 'કરણ' સંજ્ઞા 'ઉક્ત' છે અને ૧-૪-૪૫થી कांसपात्रीની 'અધિકરણ' સંજ્ઞા 'ઉક્ત' છે. આમ આ બે પદાર્થો अकथित=અનુક્ત નથી. તેથી તેમની કર્મસંજ્ઞા થવા આવશે નહીં.

અહીં ભાષ્યકારે अकथितम्‌ના જે બે અર્થઘટનો રજૂ કર્યાં છે તેમાંથી, કાશિકાકારે પહેલા અર્થઘટનને સ્વીકાર્યું છે અને गां दोग्घि पयः । એ વાક્યમાં ગોને 'અનુક્તકારક' રૂપે ગણ્યું છે. પરંતુ ગોને અનુક્ત કેવી રીતે કહી શકાય ? એ સમજાવ્યું નથી. (વાસ્તવમાં ગો અપાદાનકારક છે. કેમકે દૂધ ગાયમાંથી છુટું પડે છે. આ દૃષ્ટિએ ગોની અપાદાનસંજ્ઞા-૧-૪-૨૪ સૂત્રથી-'ઉક્ત' છે. આને અનુક્તકારક કેવી રીતે ગણી શકાય ? આમ કાશિકાકારે अकथितम्‌નો અનુક્ત અર્થ સ્વીકાર્યો છે, પણ અનુક્તકારકનું યોગ્ય ઉદાહરણ આપવામાં તે નિષ્ફળ જાય છે.

અહીં જોઈ શકાય છે કે વૈયાકરણ પરંપરાએ કર્મકારક સંજ્ઞા કરનારાં-૧-૪-૪૯, ૫૦ અને ૫૧ - ત્રણેય સૂત્રોનું અલગ અલગ કાર્યક્ષેત્ર નક્કી કરી આપ્યું છે. જેમકે, ૧-૪-૪૯ સૂત્રથી 'કર્તાને ક્રિયા વડે જે પદાર્થ મેળવવો ઇષ્ટ હોય તેની' "કર્મ" સંજ્ઞા થાય છે. ૧-૪-૫૦ સૂત્રથી દ્વેષ્ય અને ઉદાસીન પદાર્થોની 'કર્મ' સંજ્ઞા કરવામાં આવી છે તથા ૧-૪-૫૧ સૂત્રથી દ્વિકર્મક ધાતુઓનો સમાવેશ કર્યો છે. આવું અર્થઘટન કરવાનું કારણ પ્રત્યેક સૂત્રનું ચારિતાર્થ્ય બતાવવાનો આશય છે. બીજા શબ્દોમાં કહીએ તો-પરંપરાએ 'અષ્ટાધ્યાયી'માં પ્રાપ્ત થતાં સૂત્રોની સત્તા અથવા મૌલિકતા યથાવત્ જાળવવાનો પ્રયાસ કર્યો છે. (सिद्धस्य गतिस्समर्थनीया । એ દૃષ્ટિએ ત્રણેય સૂત્રનો અર્થ કરવામાં આવ્યો છે.)

(૨) **'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'**માં આ अकथित શબ્દનો અર્થ अविवक्षित કરવામાં આવ્યો છે. ભટ્ટોજિ દીક્ષિતે ઉપર નોંધેલી કારિકામાં જે √दुहादि ૧૬ ધાતુઓ ગણાવ્યા છે તેના પ્રયોગમાં ઇપ્સિતતમ પદાર્થની कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થાય છે. (આ ઈપ્સિતતમ પદાર્થ એ મુખ્ય કર્મ છે.) આ મુખ્ય કર્મની સાથે જોડાયેલાં બીજાં અપાદાન વગેરે કારકવિશેષોને તે સ્વરૂપે-અપાદાનને અપાદાન સ્વરૂપે કહેવાની ઇચ્છા ન હોય તો તેવાં અકથિત=અવિવક્ષિત કારકોની પ્રસ્તુત સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થાય છે; (અને તેમને પણ દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.) આમ 'અકથિત'નો અર્થ 'અવિવક્ષિત' કરવાથી પૂર્વોક્ત કારિકાના સોળેય ધાતુઓના પ્રયોગમાં આ સૂત્ર પ્રવૃત્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો તે દરેક ધાતુ આ સૂત્રનાં ઉદાહરણ બને છે. આને **'સર્વોદાહરણવાદ'** કહ્યો છે.

આ 'સર્વોદાહરણ'માં 'અકથિત'નો અર્થ 'અવિવક્ષિત' કર્યો છે, તેની પાછળ ભર્તૃહરિનો 'વિવક્ષા' (વક્તાની અમુક પ્રકારે બોલવાની ઇચ્છા -speaker's desire)નો સિદ્ધાન્ત પ્રેરકબળ રૂપે કામ કરી રહ્યો છે.[૧૮] ભર્તૃહરિના વિવક્ષાના આ સિદ્ધાન્તને આધારે કહેવાયું છે કે विवक्षातः कारकाणि भवन्ति । 'વક્તાની ઇચ્છાનુસાર કારકોને (અપાદાન વગેરે) સંજ્ઞાઓ આપવામાં આવે છે.' દા.ત. 'તપેલીમાં (ભાત) રાંધે છે' એ વાક્યને જુદી જુદી રીતે રજૂ કરી શકાય છે : स्थाल्यां पचति । स्थाल्या पचति । स्थाली पचति । અહીં સ્થાલી=તપેલી ક્રમશઃ અધિકરણકારક, કરણકારક અને કર્તૃકારક રૂપે વિવક્ષિત બનીને સપ્તમી, તૃતીયા અને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે. અર્થાત્ કોઈક વક્તાને રાંધવાની ક્રિયામાં તપેલી 'અધિકરણ' છે એમ કહેવાની ઈચ્છા હશે -તો 'તપેલીમાં રાંધે છે' એમ કહેવાની ઇચ્છા હશે તો-તેને સપ્તમી વિભક્તિમાં મૂકશે.

બીજા કોઈ વક્તાને તે રાંધવાની ક્રિયામાં પ્રકૃષ્ટ ઉપકારક=સાધન છે-'તપેલી વડે રાંધે છે'-એમ કહેવાની ઇચ્છા હશે તો તૃતીયા વિભક્તિમાં મૂકશે. અથવા કોઈ ત્રીજા વક્તાને તે તપેલી રાંધવાની ક્રિયામાં સ્વતન્ત્ર-કર્ત્રી તરીકે ભાગ ભજવે છે-'તપેલી રાંધે છે'-એમ કહેવાની ઇચ્છા હશે તો તે તેને પ્રથમા વિભક્તિમાં મૂકશે.

---

૧૮. शक्तिमात्रासमूहस्य विश्वस्यानेकधर्म्मणः ।
सर्वदा सर्वथा भावात् क्वचित् किञ्चिद् विवक्ष्यते ।।
साधनव्यवहारश्च बुद्धयवस्थानिबन्धनः ।
सन्नसन् वार्थरूपेषु भेदो बुद्धया प्रकल्प्यते ।
(वा. प. ३-७-२, ३)

આ જ રીતે, गोपालः गोः पयः दोग्धि । 'ગોવાળીઓ ગાયમાંથી દૂધ દોહે છે.' અહીં વક્તાને गोः (પંચમી વિભક્તિ) અપાદાન કારકને અપાદાન તરીકે કહેવાની ઇચ્છા ન હોય (એટલે કે 'ગાયમાંથી દોહે છે' એમ કહેવાને બદલે, 'ગાયને દોહે છે' એમ કહેવાની ઇચ્છા હોય) તો ૧-૪-૫૧ સૂત્રથી તે (અકથિત=અવિવક્ષિત અપાદાનકારક)ની 'કર્મ'કારક સંજ્ઞા કરીને દ્વિતીયા વિભક્તિમાં મૂકી શકે છે. જેમકે, गोपालः गां पयः दोग्धि ।

આમ, ભર્તૃહરિના ઉપર્યુક્ત 'વિવક્ષા'ના સિદ્ધાન્તને મનમાં રાખીને ભટ્ટોજિ દીક્ષિતે પ્રસ્તુત સૂત્ર (अकथितञ्च । ૧-૪-૫૧)નો अविवक्षित અર્થ કર્યો છે.

**(વિશેષ)** अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્ર ઉપરના ભાષ્યમાં ઉપર્યુક્ત (ઉદાહરણત્રયવાદ, સૂત્રાસંગતિવાદ અને સર્વોદાહરણવાદ) ત્રણ વાદો રજૂ થયા છે. તેને જોઈને કોઈને પ્રશ્ન થાય કે એક જ સૂત્રના આવા ત્રિવિધ અર્થઘટન કેમ ? અથવા, બીજી રીતે આ પ્રશ્નને જોઇએ તો-'કાશિકા' અને 'સિદ્ધાન્તકૌમુદી'માં अकथितम् શબ્દના કેમ જુદા જુદા અર્થો દર્શાવ્યા છે. ?

આધુનિક સમયમાં આ ત્રણ સૂત્રનાં અર્થઘટન પરત્વે પુનઃવિચારણા કરવામાં આવી છે. પ્રોફે. એસ. ડી. જોશી (પૂના) જેવા વૈયાકરણપુરંદરે પૂર્વોક્ત સૂત્રોનાં પારંપરિક અર્થઘટનને અસંગત સાબિત કરીને, अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્ર પ્રક્ષિપ્ત છે એવું સિદ્ધ કર્યું છે. પ્રોફે. જોશીનો મત આપણે વિગતે સમજીશું :

(૧)

ईप्सिततम શબ્દના બે અર્થ થઈ શકે છે : ૧. રૂઢાર્થ अभिप्रेतः=અભીષ્ટ (most desired) અથવા 'ક્રિયાનું મુખ્ય લક્ષ્ય' (main goal item). ૨. વ્યુત્પત્તિજન્ય અર્થ-आप्तुम् इष्टतमम् । '(કર્તાને) ક્રિયા વડે મેળવવું ઇષ્ટ (હોય તેવું વસ્તુ)' (What is most desired to be reached through the action).

ભાષ્યકાર, અને તેમને અનુસરનાર કાશિકાકાર અને ભટ્ટોજિ દીક્ષિત આ બે અર્થોમાંથી વ્યુત્પત્તિજન્ય અર્થ નોંધે છે ખરા, પરંતુ જ્યારે તેનાં ઉદાહરણો આપે છે ત્યારે તેઓએ ईप्सिततमનો રૂઢાર્થ સ્વીકાર્યો હોય એમ લાગે છે. ईप्सित અને अनीप्सित કર્મનાં જે ઉદાહરણો આપ્યાં છે તેને આધારે નક્કી થાય છે કે ईप्सिततमનો તેમણે અર્થ most desired-positively desired, (=રૂઢાર્થ) લીધો છે તથા अनीप्सितનો અર્થ 'અભીષ્ટેતર પદાર્થ' (=other than desired) કર્યો છે. આ 'અભીષ્ટેતર પદાર્થ' બે પ્રકારનો હોઈ શકે : (क) દ્વેષ્ય (positively disliked) અથવા (ख) ઉદાસીન (indifferent અર્થાત્ neither positively desired, nor positively disliked).

પરંતુ પ્રોફે. એસ. ડી. જોશી કહે છે કે ईप्सिततमનો વ્યુત્પત્તિજન્ય (=आप्तुम् इष्टतमम्) અર્થ લેવાથી બધા જ પ્રકારનાં કર્મનો સમાવેશ થઈ શકે છે. એટલે કે कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી (ग्रामं गच्छति । કે ग्रामं गच्छन् तृणं स्पृशति । એ વાક્યોના) ग्राम જેવા પદાર્થની તો 'કર્મ' સંજ્ઞા થઈ જ શકે છે, પણ तृण જેવા (ઉદાસીન) પદાર્થ અને ओदनं भुञ्जानो विषं भुङ्क्ते । વાક્યના) विष જેવા (દ્વેષ્ય) પદાર્થની પણ 'કર્મ' સંજ્ઞા (૧-૪-૪૯થી જ) થઈ શકે છે. અર્થાત્ ઉદાસીન કર્મ અને દ્વેષ્ય કર્મને માટે तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્રની જરૂર નથી. (આ સૂત્રનું પ્રયોજન કાંઇક જુદું જ છે.) ભર્તૃહરિએ કહ્યું છે કે-

यथैवैकमपादानं शास्त्रे भेदेन दर्शितम् ।

तथैकमेव कर्मापि भेदेन प्रतिपादितम् ।। (वा. प. ३-७-७८)

(अत्र हेलाराजः-एवं कर्मापीप्सितमेकमेव कर्तुः क्रिययाप्यमानत्वस्य सर्वत्र भावात् । मन्दबुद्ध्यनुग्रहाय तूत्तरसूत्रप्रपञ्च इति कारिकार्थः ।) આમ ईप्सिततमનો વ્યુત્પતિજન્ય અર્થ લઈએ તો, રૂઢ અર્થમાં જે ઈપ્સિતતમ પદાર્થ છે અને જે અનીપ્સિત પદાર્થો છે તેમની 'કર્મ' સંજ્ઞા તો ૧-૪-૪૯થી જ થઇ શકે એમ છે એવું હેલારાજે પણ કહ્યું છે. વૈયાકરણ પરંપરામાં કેવળ ભર્તૃહરિ અને હેલારાજ એવા બે વૈયાકરણો છે જેમણે આ મુદ્દો સ્પષ્ટ શબ્દોમાં કહ્યો છે.

પ્રોફે. જોશી કહે છે કે 'કારકપ્રકરણ'માં અન્યત્ર વપરાયેલા ईप्सित શબ્દનો અર્થ જોતાં પણ આ મુદ્દાનું સમર્થન થઈ શકે એમ છે. જેમકે, स्पृहेरीप्सितः । ૧-૪-૨૭ સૂત્ર ઉપર કૈયટે સ્પષ્ટ કહ્યું છે કે અહીં ईप्सितનો વ્યુત્પત્તિજન્ય

અર્થ -क्रियया आप्तुम् इष्टः-લેવાનો છે, રૂઢાર્થ નહીં. (ईप्सितशब्दः क्रियाशब्द आश्रीयते, न तु रूढिशब्दः । तत्र वारणक्रियया परकीया अपि माषा वारयितुमिष्टा भवन्ति ।।)

પતંજલિએ ईप्सित અને अनीप्सित શબ્દોનું જે અર્થઘટન આપ્યું છે તે પ્રોફે. જોશીને એક રીતે કૃત્રિમ પણ લાગે છે. જેમકે, વ્યાકરણાન્તરમાં પણ ચન્દ્રગોમિન્ જેવા વૈયાકરણો 'કર્તાને અભિપ્રેત/ઇષ્ટ' કે 'અનિષ્ટ' એવા ભેદોને આગળ ધરતા નથી. આ વૈયાકરણોએ કેવળ એક મુદ્દા ઉપર ભાર મૂક્યો છે. જેમકે, आप्य-to be reached by the action of the agent (ग्रामं गच्छति) અથવા कार्य-to be produced. (ओदनं पचति) । નિદર્શ રૂપે કેટલાંક સૂત્રો જોઈશું:-

(૧) क्रियाप्ये द्वितीया । (ચાન્દ્રઃ ૨-૧-૪૩)

(૨) यत् क्रियते तत् कर्म । (કાતન્ત્રઃ ૨-૪-૧૩)

(૩) कर्त्राप्यं कर्म । અને अकथितञ्च । (જૈનેન્દ્રઃ ૧-૨-૧૧૯, ૧૨૦)

(૪) कर्तुर्व्याप्यं कर्म । (સિદ્ધહેમશબ્દાનુશાસનઃ ૨-૨-૩)

પ્રોફે. જોશી કહે છે કે ईप्सिततमનો અર્થ 'મુખ્ય લક્ષ્ય/સાધ્ય (main goal item)' પણ કરી શકાય એમ નથી. કારણ કે ग्रामं गच्छन् तृणं स्पृशति । જેવા વાક્યમાં કદાચ ग्राम ઈપ્સિતતમ-મુખ્ય લક્ષ્ય-પદાર્થ છે એવો નિર્ણય થઇ શકે છે. પરંતુ ग्रामं गच्छन् जनान् पश्यति । માં ग्राम નિશ્ચિતપણે મુખ્ય લક્ષ્ય જ છે એમ કહેવું ભાગ્યે જ નિર્વિવાદ ઠરશે. કેમકે ग्रामं गच्छन् जनान् पश्यति । કહો કે जनान् पश्यन् ग्रामं गच्छति । કહો, બન્નેનો એક જ અર્થ પ્રતીત થાય છે. અહીં ग्राम અને जन એ બે પદાર્થોમાંથી કયો પદાર્થ મુખ્ય લક્ષ્ય/સાધ્ય છે ? એ નક્કી થઈ શકતું નથી.

આમ तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્રસ્થ अनीप्सित શબ્દનો અર્થ 'non-main goal item' થઈ શકશે નહીં તથા "ઇપ્સિતતમનો વ્યુત્પત્તિજન્ય અર્થ લેવાથી દ્વેષ્ય અને ઉદાસીન પદાર્થોની પણ 'કર્મ' સંજ્ઞા कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી જ થઈ શકશે" એમ કહીશું તો પછી આ ૧-૪-૫૦ સૂત્રનું શું પ્રયોજન (કયું કાર્યક્ષેત્ર) છે ? એવો પ્રશ્ન થશે.

(૨)

પ્રોફે. જોશી કહે છે કે तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્ર दुहादि (૧૬ નહીં, પણ)૧૨ દ્વિકર્મક ધાતુઓના સન્દર્ભમાં, ગૌણ પદાર્થની 'કર્મ' સંજ્ઞા કરવા માટે રજૂ કરવામાં આવ્યું છે. આ મત રજૂ કરવા માટેનાં કારણો નીચે મુજબ છે -

ભાષ્યકારાદિ ટીકાકારોએ अनीप्सित શબ્દનો 'અમુખ્ય લક્ષ્ય/સાધ્ય' કે 'દ્વેષ્ય અને ઉદાસીન પદાર્થ' એવો અર્થ કર્યો છે. પરંતુ આ (૧-૪-૫૦) સૂત્રમાં વપરાયેલા 'तथायुक्तंम्' શબ્દનો અર્થ વિચારવાનો પ્રયત્ન થયો નથી. પ્રાચીન વૈયાકરણોએ આ સૂત્રનાં જે ઉદાહરણો આપ્યાં છે તેના આધારે तथायुक्तम्નો અર્થ આ પ્રમાણે જણાય છે : "જેવી રીતે મુખ્ય લક્ષ્ય/સાધ્ય પદાર્થ કોઈ એક ક્રિયા જોડે જોડાયેલ હોય તેવી રીતે અમુખ્ય લક્ષ્ય/સાધ્ય પદાર્થ બીજી કોઈક ક્રિયા જોડે જોડાયેલ હોય." એટલે કે અહીં तथायुक्तम्નો અર્થ 'क्रियया युक्तम्' કરવામાં આવ્યો છે. દા.ત. ग्रामं गच्छन् तृणं स्पृशति । એ વાક્યમાં મુખ્ય લક્ષ્ય/સાધ્ય (ग्राम) પદાર્થ ગમનક્રિયા સાથે જોડાયેલ છે અને અમુખ્ય લક્ષ્ય/સાધ્ય (तृण) પદાર્થ સ્પર્શક્રિયા સાથે સંકળાયેલ છે. પરંતુ પ્રોફે. જોશી કહે છે કે तथायुक्तम्નો 'क्रियया युक्तम्' અર્થ હોય તો ૧-૪-૫૦ સૂત્રમાં तथायुक्तम् પદ લખવાની જરૂર નથી. કેમકે અહીં कारके । ૧-૪-૨૩ સૂત્રનો અધિકાર આવે છે, તેનાથી જ क्रियया युक्तम् અર્થ સિદ્ધ (પ્રાપ્ત) છે. બીજું; કોઈ એક જ ક્રિયાના સન્દર્ભમાં કોઈ એક જ પદાર્થ મુખ્ય લક્ષ્ય/સાધ્ય હોય અને બીજો એક પદાર્થ અમુખ્ય લક્ષ્ય/સાધ્ય હોય તે તર્કસંગત છે; પણ બે જુદી જુદી ક્રિયાના સન્દર્ભમાં એક પદાર્થ મુખ્ય લક્ષ્ય હોય અને બીજો પદાર્થ અમુખ્ય હોય એમ કેવી રીતે કહી શકાય ? તે બન્ને પદાર્થોને, બન્ને જુદી જુદી ક્રિયાના ઈપ્સિતતમ-મુખ્ય લક્ષ્ય/સાધ્ય પદાર્થો જ કેમ ન ગણાવા ? (એટલે કે ગમન ક્રિયાનું મુખ્ય લક્ષ્ય ग्राम છે અને સ્પર્શ ક્રિયાનું મુખ્ય લક્ષ્ય तृण છે એમ કેમ ન કહેવું ?) બે જુદી જુદી ક્રિયાના સન્દર્ભમાં એક ઈપ્સિતતમ પદાર્થની 'કર્મ'સંજ્ઞા કરવા ૧-૪-૪૯ સૂત્રને ઉપયોગમાં લેવું અને બીજા અનીપ્સિત પદાર્થની 'કર્મ'સંજ્ઞા કરવા ૧-૪-૫૦ સૂત્રને

ઉપયોગમાં લેવું; એના કરતાં તે બન્ને પદાર્થોની (જો જુદી જુદી ક્રિયાનો જ સન્દર્ભ હોય તો) ૧-૪-૪૯ સૂત્રથી જ 'કર્મ' સંજ્ઞા કેમ ન કરી લેવી ? આમ પરંપરાએ ('અનીપ્સિત' શબ્દનો અર્થ અને) तथायुक्तम् શબ્દનો અર્થ બરાબર વિચાર્યો નથી.

આથી પ્રોફે. જોશી ईप्सिततमનો positively reached (=direct object) અને अनीप्सित એટલે other than positively reached (=indirect object) એવો વ્યુત્પત્તિજન્ય અર્થ લેવાનું સૂચવે છે. તેઓ ઉમેરે છે કે 'तथायुक्तम्' (૧-૪-૫૦) પદનો અર્થ આ પ્રમાણે થશેઃ '(કોઈ એક જ ક્રિયાના સન્દર્ભમાં) જે વસ્તુ પોતે મુખ્ય કર્મ નથી, પણ મુખ્ય કર્મની સાથે સંકળાયેલી છે તેને પણ 'કર્મ' કહે છે." ઉદાહરણ તરીકે, देवदत्तः गां दोग्धि पयः । અહીં કર્તા (દેવદત્ત)ને દોહન ક્રિયામાં (=દોહન ક્રિયા કરવા માટે જેની અનિવાર્ય જરૂર છે તે) ઈપ્સિતતમ (=most desired to be reached by the action) પદાર્થ ગો છે. (ગાય નહીં હોય તો દોહનક્રિયા અસ્તિત્વમાં જ નહીં આવે.) આથી દોહન ક્રિયાનું પ્રધાનકર્મ ગો કહેવાશે અને આ મુખ્ય/પ્રધાન કર્મની સાથે જોડાયેલ બીજો (દૂધ) પદાર્થ ગૌણ કહેવાશે (કેમકે જેની ઉપર દોહનક્રિયા થાય છે તે તો 'ગાય' છે, દૂધ નહીં =દૂધ દોહવામાં આવતું નથી, ગાય દોહવામાં આવે છે.) ગાય અને દૂધ વચ્ચે પ્રાપક-પ્રાપ્ય ભાવ સંબંધ રહેલો છે. આમ, દોહનક્રિયાના સન્દર્ભમાં દૂધને अनीप्सित પદાર્થ=other then positively desired to be reached by the action or indirect object કહેવાશે. આવા ગૌણ પદાર્થની ૧-૪-૫૦ સૂત્રથી કર્મસંજ્ઞા કરવામાં આવશે. (અહીં એ નોંધપાત્ર છે કે પ્રાચીન વૈયાકરણ પરંપરાએ ईप्सिततम એટલે "કર્તાને અત્યંત ઈષ્ટ" એવો રૂઢ અર્થ લઈને गां दोग्धि पयः । ઉદાહરણમાં पयस्ने મુખ્યકર્મ ગણ્યું છે અને गोને ગૌણ કર્મ કહ્યું છે. તેઓના મતે આવા ગૌણ કર્મનો સમાવેશ કરવા માટે अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્ર રજૂ થયું છે.) આમ तथायुक्तम् એટલે (એક જ-દોહનક્રિયાના સન્દર્ભમાં) મુખ્ય પદાર્થ=કર્મ-ગો-ની સાથે જોડાયેલ બીજા ગૌણ પદાર્થ =पयस्ने "અનીપ્સિત કર્મ" કહેવાય છે. (અર્થાત્ આ तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્ર दुहादि બાર દ્વિકર્મક ધાતુઓના સન્દર્ભમાં, ગૌણ પદાર્થો-indirect object-ની 'કર્મ' સંજ્ઞા કરનારું છે તથા अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રની કોઈ જ જરૂર નથી.)

'तथायुक्तम्'ના આ નૂતન અર્થઘટનનું સમર્થન પણ કરી શકાય એમ છે : (क) गां दोग्धि पयः । જેવા વાક્યનો કર્મણિ પ્રયોગ કરીશું ત્યારે મુખ્ય કર્મ (=નવા અર્થઘટન મુજબ) ગોને પ્રથમા વિભક્તિમાં ફેરવવામાં આવશે>गौः दुह्यते पयः (गोपालेन) ।। પ્રાચીન વૈયાકરણ પરંપરાએ पयस्ने મુખ્યકર્મ ગણ્યું હોઈ 'गौणे कर्मणि दुह्यादेः ।' એવું વાર્તિક મૂકીને, "(કર્મણિ પ્રયોગમાં) दुहादि ધાતુઓના ગૌણ કર્મ-ગો-ને પ્રથમા વિભક્તિમાં મૂકવું." એવું વિશેષ વિધાન કરવું પડે છે. પરંતુ નવા અર્થઘટન મુજબ જો ગોને મુખ્ય કર્મ માનીશું તો ઉપર્યુક્ત વાર્તિકવચન કરવાની જરૂર રહેશે નહીં. પાણિનિએ કર્મણિ પ્રયોગ માટે જે વ્યવસ્થા આપી છે તેનાથી જ કામ ચાલશે; ૧-૪-૫૧ સૂત્રભાષ્યોક્ત શ્લોકવાર્તિક રચવાની સ્વીકારવાની જરૂર રહેશે નહીં. (ख) આ નવા અર્થઘટનના અનુસન્ધાનમાં ભટ્ટોજિ દીક્ષિતે નોંધેલી કારિકામાંનો 'कर्मयुक् स्याद्' (अकथित) અંશ સ્વારસ્ય યુક્ત બને છે.

★

नी, हृ, कृष्, અને वह् (અને તદર્થક અન્ય) ધાતુઓના સન્દર્ભમાં પણ દ્વિકર્મક વાક્યરચનાઓ પ્રાપ્ત થાય છે. પરંતુ આ ધાતુઓના વિષયમાં तथायुक्तम् चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. ખરેખર બે સ્વતન્ત્ર વાક્યોને ભેગાં કરીને એક વાક્ય બનાવવામાં આવે છે. ત્યાં આ પ્રકારની દ્વિકર્મક રચનાઓ પ્રાપ્ત થાય છે. દા.ત. अजां नयति । 'બકરીને લઈ જાય છે.' અને ग्रामं नयति । 'ગામમાં લઈ જાય છે.' આ બે વાક્યોને ભેગાં કરીને એકવાક્ય બનાવીશું ત્યારે अजां ग्रामं नयति । એવું વાક્ય પ્રાપ્ત થશે. અર્થાત્ આવી રચનાઓ વાસ્તવિક દૃષ્ટિએ "દ્વિકર્મક ધાતુઓ"ની અંતર્ગત ગણાવી શકાશે નહીં.

(૩)

ઉપર્યુક્ત ચર્ચાને આધારે એ સિદ્ધ કરવામાં આવ્યું કે ईप्सित શબ્દનો વ્યુત્પત્તિજન્ય -आप्तुम् इष्ट-અર્થ લેવાથી બધા જ પ્રકારના (direct object અને indirect object) કર્મનો સમાવેશ कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્ર ઉપર કરી શકાય છે.

હવે (ઉપર્યુક્ત) નવા અર્થઘટન મુજબ દ્વિકર્મક ધાતુઓના સન્દર્ભમાં અપ્રધાન-ગૌણ-પદાર્થની 'કર્મ' સંજ્ઞા કરવા માટે (૧) तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ સૂત્રનો સ્વીકાર કરીશું કે (૨) (પરંપરાથી મનાતું આવ્યું છે તેમ) अकथितञ्च ।

540 **(९) गति-बुद्धि-प्रत्यवसानार्थ-शब्दकर्म-अकर्मकाणाम् अणि कर्ता स णौ । पा. सू. १-४-५२**

**(वृत्तिः) गत्यादि-अर्थानां शब्दकर्मकाणाम् अकर्मकाणां च अणौ यः कर्ता स णौ कर्म स्यात् ।। (उदाहरणानि)**

**शत्रून् अगमयत् स्वर्गं, वेदार्थं स्वान् अवेदयत् ।**
**आशयत् च अमृतं देवान्, वेदम् अध्यापयेद् विधिम् ।। १ ।।**
**आसयत् सलिले पृथिवीं, यः स मे श्रीहरिः गतिः ।।**

---

૧-૪-૫૧ સૂત્રનો સ્વીકાર કરીશું ? એવો પ્રશ્ન થાય છે. એટલે કે નવા અને જૂના અર્થઘટન મુજબ દ્વિકર્મક ધાતુઓના સન્દર્ભમાં અપ્રધાન-ગૌણ-પદાર્થની 'કર્મ' સંજ્ઞા કરવા માટે રજૂ થયેલાં-तथायुक्तं चानीप्सितम् । ૧-૪-૫૦ અને अकथितञ्च । ૧-૪-૫૧-આ બે સૂત્રોમાંથી કયું સૂત્ર પ્રક્ષિપ્ત (=પાછળથી ઉમેરાયેલું) હશે ? પ્રોફે. જોશી કહે છે કે अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્ર પાણિનિએ નહીં લખ્યું હોય, કોઈ અજ્ઞાત વૈયાકરણે પાછળના સમયમાં આ સૂત્ર 'અષ્ટાધ્યાયી'માં ઉમેર્યું હશે. अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રને (જ) પ્રક્ષિપ્ત માનવા માટેનાં કારણો નીચે મુજબ છે :

(૧) अकथित શબ્દના અનેક અર્થઘટનો થયાં છે અને તેમાંનું એક પણ અર્થઘટન સંતોષપ્રદ નથી. જો अकथितનો अनुक्त અર્થ લઈએ છીએ તો આ સૂત્રનું એક પણ ઉદાહરણ મળતું નથી. જો अप्रधान અર્થ લઈએ છીએ તો पाणि અને कांसपात्री જેવા અપ્રધાન પદાર્થોની પણ 'કર્મ' સંજ્ઞા થવા આવે છે. ભટ્ટોજિ દીક્ષિતે જે अविवक्षित અર્થ લીધો છે તે અતિવ્યાપ્તિ ગ્રસ્ત છે. (જેમકે, વકતા કોઈ પણ અપાદાનની અવિવક્ષા કરીને 'કર્મ' સંજ્ઞા કરી નાંખશે.)

(૨) જો ખરેખર अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્ર પાણિનિએ જ લખ્યું હોય તો આ સૂત્રનું સ્વરૂપ षष्ठी शेषे । ૨-૩-૫૦ જેવું જ બની રહે છે. જેથી કારકાધિકારમાં અપાદાનાદિ કારક સંજ્ઞાઓ પહેલાં આવી ગયા પછી, બાકી રહેલા પદાર્થોની 'કર્મ' સંજ્ઞા આ अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રથી જ થઈ જશે. એટલે કે ૧-૪-૪૯ અને ૧-૪-૫૦ સૂત્રોની જરૂર રહેશે નહીં. પરંતુ આવું તો કહી શકાય એમ નથી, કેમકે કાત્યાયનને ૧-૪-૪૯ સૂત્રની ખબર છે અને તેની ઉપર તેમણે વાર્તિકો પણ લખ્યાં છે.

અહીં એવું જણાય છે કે ઈપ્સિતતમ અને અનીપ્સિત શબ્દોના, પ્રાચીન સમયથી જ જે ખોટાં અર્થઘટનો થયાં તેમણે જ આ अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રનો ઉમેરો જરૂરી બનાવ્યો હશે. (એકવાર तथायुक्तम्० । ૧-૪-૫૦ સૂત્રને કોઈ દ્વેષ્ય અને ઉદાસીન પદાર્થોની 'કર્મ' સંજ્ઞા કરનારું સૂત્ર જાહેર કરે, પછી દ્વિકર્મક ધાતુઓ માટે અન્ય કોઈક સૂત્રની આવશ્યકતા ઊભી થાય જ.)

(૩) પરંતુ अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રનો સ્વીકાર કરવાથી, દ્વિકર્મક ધાતુઓનો જેમાં ઉપયોગ થયો હોય તેવાં વાક્યોનો કર્મણિ પ્રયોગ કરતી વખતે (પૂર્વોક્ત) મુશ્કેલી ઊભી થાય છે, જેને દૂર કરવા માટે અન્ય વાર્તિકો રજૂ કરવાં પડે છે. ("तथायुक्तम्० । ૧-૪-૫૦ સૂત્ર દ્વિકર્મક ધાતુઓ માટે રજૂ થયું છે." એમ) નવા અર્થઘટન મુજબ સ્વીકારવાથી, ત્યાં કર્મણિ પ્રયોગ માટે નવાં વાર્તિકો બનાવવાં –સ્વીકારવાં-પડતાં નથી.

મહાભાષ્યની ચર્ચા ઉપરથી એવું જણાય છે કે વાર્તિકકાર-કાત્યાયન-ને ૧-૪-૪૯ અને ૧-૪-૫૧ એ બન્ને સૂત્રોની ખબર છે. આથી પ્રોફે. જોશી અનુમાન કરે છે કે વાર્તિકકારના સમય પહેલાં જ 'અષ્ટાધ્યાયી'માં अकथितञ्च । ૧-૪-૫૧મું સૂત્ર ઉમેરાયું હશે. તથા, ઈપ્સિતતમ અને અનીપ્સિતના ઉપર્યુક્ત ખોટાં અર્થઘટનો કાત્યાયનની પૂર્વેથી જ શરૂ થયાં હશે; કે જેથી આ ૧-૪-૫૧ સૂત્ર નવું ઉમેરવું જરૂરી બન્યું હશે.

**(અનુ૦) (૧) (क) 'ગતિ કરવી' અર્થવાળા, (ख) 'બુદ્ધિ'=જ્ઞાન પ્રાપ્ત કરવું-અર્થવાળા અને (ग) 'પ્રત્યવસાન' =ભક્ષણ કરવું-અર્થવાળા ધાતુઓ; (૨) 'શબ્દ-અવાજ-છે કર્મકારક જેનું' એવા ધાતુઓ તથા (૩) અકર્મક ધાતુઓના अणिजन्त**[૨૦] (=પ્રેરક વાક્યરચનાના ન હોય તેવા) **કર્તાની** (અર્થાત્ સાદા કર્તરિ વાક્યરચનાના કર્તાની) **णिजन्त=પ્રેરક**

---

૨૦. પાણિનિએ हेतुमति च । ૩-૧-૨૬ સૂત્ર દ્વારા 'પ્રેરક' અર્થમાં णिच् પ્રત્યયનું વિધાન કર્યું છે. દા.ત. रामः गच्छति । આનું પ્રેરક કરવું હોય તો √गाम् ધાતુને +णिच् પ્રત્યય લગાડવામાં આવે છે. પછી આ णिच् પ્રત્યયને સ્થાને अय् આદેશ થાય છે. : √गम्+णिच्>अय्+अ+ति= गमयति ।। બીજા શબ્દોમાં કહીએ તો, ૧૦મા ગણમાં જેવી રીતે अय વિકરણ પ્રત્યય ઉમેરાય છે, તેમ પ્રેરક ક્રિયાપદ બનાવવા માટે પણ णिच्>अय् પ્રત્યય વપરાય છે. (અહીં એ નોંધપાત્ર છે કે गच्छतिનું પ્રેરક गमयति થાય છે; અને આ પ્રેરકનું પણ પ્રેરક રૂપ કરવું હોય તો પણ એ જ गमयति થાય છે તથા भक्षयति જેવા ૧૦મા ગણના ક્રિયાપદનું પ્રેરક રૂપ કરવું હોય તો પણ તે भक्षयति જ બને છે. પણ शब्दायते જેવા

१. 'गति' इत्यादि किम् ? पाचयति ओदनं देवदत्तेन ।

२. अण्यन्तानां किम् ? गमयति देवदत्तः यज्ञदत्तं, तम् अपरः प्रयुङ्क्ते='गमयति देवदत्तेन यज्ञदत्तं विष्णुमित्रः ।'

३. (वार्तिकम्) (क) *नीवह्योः न ।*
नाययति वाहयति वा भारं भृत्येन ।
(ख) *नियन्तृकर्तृकस्य वहेः अनिषेधः ।*
वाहयति रथं वाहान् सूतः ।
(ग) *अदि-खाद्योः न ।*
आदयति खादयति वा अन्नं बटुना ।
(घ) *भक्षेः अहिंसार्थस्य न ।*
भक्षयति बलीवर्दान् सस्यम् ।
(ङ) *'जल्पति प्रभृतीनाम् उपसङ्ख्यानम् ।*
जल्पयति भाषयति पुत्रं देवदत्तः ।
(च) *दृशेः च ।* दर्शयति हरिं भक्तान् ॥
सूत्रे ज्ञानसामान्यार्थानाम् एव ग्रहणम् , न तु तद्विशेषार्थानाम् इति अनेन ज्ञाप्यते । तेन 'स्मरति', 'जिघ्रति' इत्यादीनां न । (यथा) स्मारयति घ्रापयति वा देवदत्तेन ।
(छ) *शब्दायतेः न * । शब्दाययति देवदत्तेन ॥
धात्वर्थसङ्गृहीतमकर्मत्वेन अकर्मकत्वात् प्राप्तिः ।

४. येषां देशकालादिभिन्नं कर्म न सम्भवति, ते अत्र 'अकर्मका' (धातवः), न तु अविवक्षितकर्माणः अपि । तेन 'मासम् आसयीत देवदत्तम्' इत्यादौ कर्मत्वं भवति एव । 'देवदत्तेन पाचयति' इत्यादौ तु न ॥

---

**વાક્યરચનામાં 'કર્મ' સંજ્ઞા થાય છે.**

(અર્થાત્, ઉપર્યુક્ત અર્થવાળા ધાતુઓના પ્રયોગમાં સાદી કર્તરિ વાક્યરચનાનો જે કર્તા હોય, તેની પ્રેરક વાક્યરચનામાં 'કર્મ' સંજ્ઞા થાય છે. અહીં પ્રેરક વાક્યરચનાના કર્તાને 'પ્રયોજક' કર્તા કહેવાય છે અને સાદા કર્તરિ વાક્યરચનાના કર્તાને 'પ્રયોજ્ય' કહે છે. પ્રસ્તુત સૂત્રથી સાદા કર્તરિ વાક્યરચનાના પ્રયોજ્યકર્તાની પ્રેરક વાક્યરચનામાં 'કર્મ' સંજ્ઞા કરવાનું કહેવામાં આવ્યું છે.) **ઉદાહરણ તરીકે-**

(૧) (क) **ગત્યર્થક ધાતુ-**

| (સાદું કર્તરિ વાક્ય) | (પ્રેરક વાક્ય) |
|---|---|
| **शत्रवः** स्वर्गम् अगच्छन् । | **शत्रून्** स्वर्गम् अगमयत् श्रीहरिः । |
| **'શત્રુઓ સ્વર્ગમાં ગયા.'** | **'શ્રીહરિએ શત્રુઓને સ્વર્ગમાં મોકલ્યા.'** |

(ख) **જ્ઞાનાર્થક ધાતુ-**

| | |
|---|---|
| **स्वे** वेदार्थम् अविदुः । | श्रीहरिः **स्वान्** वेदार्थम् अवेदयत् । |
| **'પોતાના લોકો (દેવો)એ વેદાર્થને જાણ્યો.'** | **'શ્રીહરિએ પોતાના લોકોને વેદાર્થ જણાવ્યો.'** |

---

નામધાતુનું પ્રેરક કરીએ ત્યારે शब्दाययति થાય છે.) આથી પાણિનિ જ્યારે કોઇ સૂત્રમાં णिच्=णि (કે તેનું સપ્તમ્યન્ત રૂપ णौ) વાપરે ત્યારે णि એટલે णिजन्त એમ સમજવું. અહીં णिजन्तनो 'णिच् પ્રત્યયાન્ત (ક્રિયાપદ)માં' એવો અર્થ સમજવાનો છે તથા अणि કહે તો अणिजन्त='णिच् પ્રત્યયાન્ત ન હોય તેવા ક્રિયાપદમાં'=જેમાં પ્રેરકનો णिच् પ્રત્યય ન લાગ્યો હોય તેવા ક્રિયાપદમાં એવો અર્થ સમજવાનો છે. આનો ફલિતાર્થ એ થશે કે णौ=णिजन्त અર્થાત્ 'પ્રેરક વાક્યરચનામાં' અને अणि="अणिजन्त=પ્રેરક વાક્યરચના સિવાયની; અર્થાત્ સાદી કર્તરિ વાક્યરચનામાં."

(ग) **ભક્ષણાર્થક ધાતુ-**

**देवाः** अमृतम् आश्नन् । — श्रीहरिः **देवान्** अमृतम् आशयत् ।

**'દેવોએ અમૃત ખાધું.'** — **'શ્રીહરિએ દેવોને અમૃત ખવડાવ્યું.'**

(૨) **શબ્દકર્મ-**

**विधिः** वेदम् अध्यैत । — श्रीहरिः **विधिम्** वेदम् अध्यापयेद् ।

**'વિધિ-બ્રહ્મા-વેદને ભણ્યા.'** — **'શ્રીહરિએ બ્રહ્માને વેદ ભણાવ્યો.'**

(૩) **અકર્મક ધાતુ-**

**पृथ्वी** सलिले आस्ते । — 'श्रीहरिः **पृथ्वीं** सलिले आसयत् ।

**'પૃથ્વી જળમાં બેઠી.'** — **'શ્રીહરિએ પૃથ્વીને જળમાં બેસાડી'**

**(આવા શ્રીહરિ** (પ્રયોજક કર્તા) **મારું શરણ બનો.)**

**૧. પ્રશ્ન : ૧**

**સૂત્રમાં 'ગતિ કરવી વગેરે અર્થવાળા'** (ધાતુઓના સાદા કર્તરિ વાક્યરચનાના अणिजन्त-પ્રયોજ્ય કર્તાની, णिजन्तમાં=પ્રેરક વાક્યરચનામાં 'કર્મ' સંજ્ઞા થાય છે.) **એવું શા માટે કહ્યું છે ?**

**ઉત્તર : ૧**

(यज्ञदत्तः) **पाचयति ओदनं देवदत्तेन** । '(યજ્ઞદત્ત) **દેવદત્ત દ્વારા ભાત રંધાવે છે.'** [આ ઉદાહરણમાં √पच् 'રાંધવું' ધાતુનો પ્રયોગ થયો છે. સૂત્રકારે સૂત્રમાં गति વગેરે=૧ (क) ગતિ કરવી (ख) જ્ઞાન પ્રાપ્ત કરવું અને (ग) ભક્ષણ કરવું એવા અર્થવાળા (પહેલા જે ત્રણ) ધાતુઓ લખ્યા છે; તેમાં આ √पच् 'રાંધવું' ધાતુનો સમાવેશ થતો નથી. આથી આ ઉદાહરણમાં પ્રસ્તુત સૂત્ર પ્રવૃત્ત થતું નથી. એટલે કે देवदत्तः ओदनं पचति । એવા સાદા કર્તરિ વાક્યના (પ્રયોજ્ય) કર્તા 'દેવદત્ત'ની પ્રેરક વાક્યરચના કરતી વખતે 'કર્મ' સંજ્ઞા થતી નથી અને પરિણામે તેને દ્વિતીયા વિભક્તિમાં નહીં મૂકતાં, તૃતીયા વિભક્તિમાં[21] મૂકવામાં આવે છે : यज्ञदत्तः (<પ્રેરક=પ્રયોજક કર્તા), **देवदत्तेन** (< પ્રયોજ્ય કર્તા) ओदनं पाचयति ।)

**૨. પ્રશ્ન : ૨**

**સૂત્રમાં अणि** (=अण्यन्तानाम् ।) **અર્થાત્ 'પ્રેરક વાક્યરચનાનો ન હોય તેવો'** (='સાદી કર્તરિ વાક્યરચનાનો કર્તા') એમ શા માટે કહ્યું છે ?

**ઉત્તર : ૨**

**"દેવદત્ત યજ્ઞદત્તને મોકલે છે, તેને** (=દેવદત્તને) **બીજો કોઈ પુરુષ** (દા.ત. વિષ્ણુમિત્ર) **પ્રેરે છે." -આ અર્થ કહેવા માટે જે વાક્ય વપરાય તે પ્રમાણે છે : विष्णुमित्रः देवदत्तेन यज्ञदत्तं गमयति । 'વિષ્ણુમિત્ર દેવદત્ત દ્વારા યજ્ઞદત્તને મોકલે છે.'** [અહીં પ્રેરક વાક્યનું ફરી પ્રેરકવાક્ય બનાવવામાં આવ્યું છે. એટલે કે 'યજ્ઞદત્ત જાય છે' એ સાદું કર્તરિ વાક્ય છે. તેનું એકવાર પ્રેરક કરીએ તો 'દેવદત્ત યજ્ઞદત્તને મોકલે છે' એમ થાય. હવે બીજીવાર, આ પ્રેરકનું પણ ફરી પ્રેરક કરીએ તો 'વિષ્ણુમિત્ર દેવદત્ત દ્વારા યજ્ઞદત્તને મોકલે છે' એમ થશે.

સૂત્રકારે अणि कर्ता અર્થાત્ 'પ્રેરક વાક્યરચનાનો ન હોય તેવા' (=સાદા કર્તરિ વાક્યરચનાના) કર્તાની જ 'કર્મ' સંજ્ઞા કરવાનું કહ્યું હોવાથી ઉપરના ઉદાહરણમાં, કે જેમાં પ્રેરકનું પણ પ્રેરક કરવામાં આવ્યું છે ત્યાં આ સૂત્ર લાગશે નહીં. એટલે કે देवदत्तः यज्ञदत्तं गमयति । જેવા પ્રેરક વાક્યનું ફરીથી પ્રેરક કરવા જતાં, विष्णुमित्रः જેવો નવો પ્રયોજક કર્તા ઉમેરાતાં-મૂળ પ્રેરક વાક્યના કર્તા देवदत्तની 'કર્મ' સંજ્ઞા થતી નથી (અને પરિણામે તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવતો નથી.)]

---

૨૧. **कर्तृकरणयोस्तृतीया** । ૨-૩-૧૮ સૂત્રથી અનુક્ત કર્તાને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

(હવે ३. માં (क થી छ સુધીમાં) સાત વાર્તિકો રજૂ કરવામાં આવે છે :)

**३. વાર્તિકોઃ- (क)** ***√नी 'લઈ જવું' અને √वह 'વહેવું', 'લઈ જવું' -એ ગત્યર્થક ધાતુઓનો પ્રેરક વાક્યરચનામાં પ્રયોગ થયો હોય તો** (સાદા કર્તરિવાક્યના પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થતી નથી; અને પરિણામે દ્વિતીયા વિભક્તિમાં પણ મૂકવામાં આવતો નથી.)

દા.ત. भृत्यः भारं नयति→(देवदत्तः) भृत्येन भारं नाययति ।

भृत्यः भारं वहति→(देवदत्तः) भृत्येन भारं वाहयति ।

('સેવક ભાર લઈ જાય છે'→દેવદત્ત સેવક પાસે ભાર વહાવે છે.' અહીં પ્રયોજ્ય કર્તા-भृत्य-ની 'કર્મ' સંજ્ઞા થઈ નથી.)

**(ख)** *(√ण्यन्त=પ્રેરક ક્રિયાપદનો) **કર્તા જો 'नियन्ता' હોય** (અર્થાત્ પશુ પ્રયોજ્ય કર્તા હોય અને તેને પ્રેરનાર પ્રયોજક કર્તા માનવ હોય) **તો √वह 'લઈ જવું' એવા ધાતુને ઉપર્યુક્ત વાર્તિક (क) માં કહેલ નિષેધ લાગતો નથી.**[22] (મતલબ કે પ્રસ્તુત સન્દર્ભમાં √वह ધાતુના પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે.

દા.ત. वाहाः (अश्वाः) रथं वहन्ति । →सूतः वाहान् (अश्वान्) रथं वाहयति ।

('અશ્વો રથને લઈ જાય છે'→'સારથિ અશ્વો દ્વારા રથ વહાવે છે/લઈ જાય છે.' અહીં પ્રયોજ્ય કર્તા પશુ-અશ્વ-वाहाः-ની 'કર્મ' સંજ્ઞા થઈ છે અને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.)

**(ग)** ***√अद 'ખાવું' અને √खादि 'ખાવું' એ ભક્ષણાર્થક ધાતુઓના** (સાદા કર્તરિ વાક્યના) **પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થતી નથી.**

દા.ત. बटुः अन्नं अत्ति । →(देवदत्तः) बटुना अन्नं आदयति ।

बटुः अन्नं खादति । →(देवदत्तः) बटुना अन्नं खादयति ।

('બાળક અન્ન ખાય છે'→'દેવદત્ત બાળકને અન્ન ખવડાવે છે.' અહીં પ્રયોજ્ય કર્તા-બાળક-बटु-ની 'કર્મ' સંજ્ઞા થતી નથી, દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવતો નથી.)

**(घ)** ***અહિંસાપૂર્વક ભક્ષણાર્થક √भक्ष 'ખાવું' ધાતુના** (સાદા કર્તરિ વાક્યના) **પ્રયોજ્ય કર્તાની, પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થતી નથી.** (આનો ફલિતાર્થ એ થશે કે) **હિંસાપૂર્વક ભક્ષણ કરવું અર્થવાળા √भक्ष ધાતુના પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થાય છે.**

દા.ત. बलीवर्दाः सस्यं भक्षयति । क्षेत्रपालः बलीवर्दान् सस्यं भक्षयति । ('બળદો ઘાસ ખાય છે' →'ખેડુત બળદોને ઘાસ ખવડાવે છે.' ભટ્ટોજિ દીક્ષિતે सस्य=ઘાસના ભક્ષણમાં હિંસા થાય છે એમ માન્યું છે.[23] આથી, આ ઉદાહરણમાં હિંસાર્થક √भक्ष ધાતુનો પ્રયોગ થયો છે એમ કહેવાય. પરિણામે સાદા કર્તરિ વાક્યના પ્રયોજ્ય કર્તા=बलीवर्दની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થઈ શકે છે; અને बलीवर्दान् એમ દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.

---

૨૨. ઉપર વાર્તિક (क)ના ઉદાહરણમાં પ્રયોજ્ય કર્તા भृत्य અને પ્રયોજક કર્તા स्वामी-देवदत्त-બન્ને માનવ છે. જ્યારે અહીં વાર્તિક (ख)માં પ્રયોજ્ય કર્તા अश्व પશુ છે, અને પ્રયોજક કર્તા सूत માનવ છે.

૨૩. क्षेत्रे प्ररूढम् अलून् सस्यमिह विवक्षितम् । तस्य तदानीम् अन्तःप्रज्ञजीवत्वात् तद्भक्षणं हिंसा एव इति भावः ।। (बालमनोरमा)

અથવા

भक्षिः अत्र हिंसार्थः । 'सर्वे सचेतना भावाः' इत्यस्मिन् दर्शने हिंसितं शस्यमिति शस्यस्य भक्षणेन देवदत्तः हिंसितो भवति । यस्य हि च्छस्यं तस्य हिंसा गम्यते ।। (न्यासः)

(ङ) ***जल्पति 'બબડાટ કરે છે' વગેરે અર્થવાળા ધાતુઓનું પણ ઉપસંખ્યાન=ગણતરી કરવી જોઈએ.** (શેમાં ?-"√जल्प 'બબડવું' વગેરે અર્થવાળા ધાતુઓનો પ્રેરક ક્રિયાપદમાં પ્રયોગ થયો હોય ત્યારે, સાદા કર્તરિ વાક્યનો જે પ્રયોજ્ય કર્તા હોય તેની 'કર્મ' સંજ્ઞા થાય છે" એમ મૂળ સૂત્રમાં ઉમેરવું જોઈએ. જેથી जल्पयति/भाषयति पुत्रं देवदत्तः । જેવા પ્રયોગો પણ સિદ્ધ થાય.)

દા.ત. पुत्रः जल्पति । →देवदत्तः पुत्रं जल्पयति । पुत्रः भाषत । → देवदत्तः पुत्रं भाषयति ।

('પુત્ર બબડે છે/બોલે છે'→'દેવદત્ત પુત્રને બબડાટ કરાવે છે/બોલાવે છે.' અહીં પ્રયોજ્ય કર્તા पुत्रःની 'કર્મ' સંજ્ઞા થવાથી પ્રેરકમાં पुत्रम् થયું છે.)

(च) ***√दृश (पश्य) 'જોવું' ધાતુનું પણ પરિગણન કરવું જોઈએ.** (એટલે કે √दृश > पश्यति ધાતુનો જેમાં પ્રયોગ થયો હોય એવા કર્તરિ વાક્યના પ્રયોજ્ય કર્તાની, પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થાય છે' એમ સૂત્રમાં ઉમેરવું જોઈએ.)

દા.ત. भक्ताः हरिं पश्यन्ति । → ऋषिः भक्तान् हरिं दर्शयति । ('ભક્ત હરિને જુએ છે' → 'ઋષિ ભક્તોને હરિ બતાવે છે.' અહીં √दृश ધાતુના પ્રયોગમાં સાદા કર્તરિ વાક્યના પ્રયોજ્ય કર્તા भक्ताःની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થવાથી भक्तान् એમ થયું છે.)

(જ્ઞાપકવચનઃ) **"સૂત્રમાં** (આવેલા बुद्धि શબ્દથી) **જ્ઞાનસામાન્યાર્થક ધાતુઓનું જ ગ્રહણ કરવાનું છે; જ્ઞાનવિશેષાર્થક ધાતુઓનું ગ્રહણ કરવાનું નથી." એવું આ दृशेश्च । વાર્તિકથી જ્ઞાપિત- સૂચિત-થાય છે.**

(કેમકે સૂત્રમાં આવેલા बुद्धि શબ્દથી જો બધા જ પ્રકારના-જ્ઞાનસામાન્યાર્થક અને જ્ઞાનવિશેષાર્થક-ધાતુઓનું ગ્રહણ થઈ જતું હોત તો 'જોવું' અર્થવાળા √दृश ધાતુને માટે કોઈ વિશેષ વાર્તિક કરવાની જરૂર જ ન હતી.[24] પરંતુ વાર્તિકકારના મતે પ્રસ્તુત સૂત્રમાં આવેલા बुद्धि શબ્દથી કેવળ જ્ઞાનસામાન્યાર્થક ધાતુનું જ ગ્રહણ થતું હોઈ दृशेश्च । એવું વાર્તિક ઉમેરવું જરૂરી માન્યું છે.)

**આથી स्मरति, जिघ्रति જેવા જ્ઞાનવિશેષનો બોધ કરાવનારાં ક્રિયાપદોનો ઉપયોગ થયો હોય ત્યાં પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થતી નથી. ઉદા.ત.**

१. **देवदत्तः जननीं स्मरति→यज्ञदत्तः देवदत्तेन जननीं स्मारयति । 'યજ્ઞદત્ત દેવદત્તને માતા યાદ કરાવે છે.'**

२. **देवदत्तः पुष्पं जिघ्रति → यज्ञदत्तः देवदत्तेन पुष्पं घ्रापयति । 'યજ્ઞદત્ત દેવદત્તને પુષ્પ સુંઘવા પ્રેરે છે.'** (અહીં પ્રયોજ્ય કર્તા 'દેવદત્ત'ની, પ્રેરકમાં 'કર્મ'સંજ્ઞા થતી નથી. આથી તેને તૃતીયા વિભક્તિમાં મૂક્યો છે. આ ઉદાહરણમાં √स्मृ 'યાદ કરવું' અને √घ्रा 'સુંઘવું' ધાતુઓ જ્ઞાન વિશેષાર્થક છે; તેથી તેમાં, ઉપર્યુક્ત જ્ઞાપકવચન અનુસાર પ્રસ્તુત સૂત્ર પ્રવૃત્ત થતું નથી.)

(छ) **√शब्दाय 'શબ્દ=અવાજ કરવો' ધાતુના પ્રયોગમાં પ્રેરક વાક્યરચના કરતી વખતે પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થતી નથી. દા.ત. देवदत्तः शब्दायते→यज्ञदत्तः देवदत्तेन शब्दाययति । 'દેવદત્ત અવાજ કરે છે.' → 'યજ્ઞદત્ત દેવદત્ત પાસે અવાજ કરાવડાવે છે.'**

**शब्दं करोतीति शब्दायते । એ રીતે અહીં √शब्दायને નામધાતુ બનાવવામાં આવ્યો છે.[25] આ નામધાતુમાં જ 'અવાજ (=શબ્દ)' રૂપી કર્મ સમાવિષ્ટ-કુક્ષિપ્રવિષ્ટ-છે; આથી તે અકર્મક ધાતુ ગણાય છે.[26] પરંતુ તે √शब्दाय નામધાતુને અકર્મક ધાતુ જાહેર કરવાથી, પ્રસ્તુત સૂત્રમાં આવેલા अकर्मक શબ્દથી**

---

૨૪. √दृश (જોવું-દર્શન કરવું) આ જ્ઞાનવિશેષાર્થક ધાતુ છે. કેમકે 'જોવું' તે ઇન્દ્રિયવિશેષ (ચક્ષુ)થી થતું જ્ઞાન છે.

૨૫. शब्दं करोति इत्यर्थे 'शब्दवैर. ।' ૩-૧-૧૦ इत्यादिना क्यङि, अकृतसार्वधातुकयोः' ૭-૪-૨૫ इति दीर्घे, 'सनाद्यन्ता' ૩-૧-૩૨ इति धातुत्वे, शितपा निर्देशोऽयम् (शब्दाय इति) ।। (बालमनोरमा) शब्दाय ને हेतुमति च (णिच् ) ૩-૧-૨૬ થી પ્રેરકમાં णिच् થતાં शब्दाययति । બને છે.

૨૬. કારણ કે सुपः आत्मनः० । ૩-૧-૮ સૂત્ર ઉપર ભાષ્યકારે કહ્યું છે કે धात्वर्थ बहिर्भूतकर्मकत्वमेव सकर्मकत्वम् । "ધાતુના અર્થની બહાર કર્મવાચક પદ પડેલું હોય તો જ તે ધાતુને 'સકર્મક' કહી શકાય." અહીં √शब्दाय નામધાતુના અર્થમાં જ કર્મત્વ ભળી ગયેલું છે. તે ધાતુના અર્થની બહાર રહેલું જ નથી. આથી તે ધાતુ અકર્મક ગણાશે.

'शब्दकर्मकमुत्पादानं' शब्दाय इति क्यङन्तस्य धातोरर्थः, एवं च शब्दात्मकं कर्म धात्वर्थेऽन्तर्भूतम् , अतः 'शब्दाय' इति क्यङन्तधातुः अकर्मकः ।। (बालमनोरमा)

**તેનું** (શબ્દાયનું અકર્મક ધાતુ તરીકે) **ગ્રહણ થવા આવશે.** (એટલે કે √શબ્દાયને જો અકર્મક ધાતુ ગણીએ તો તેનો જ્યારે પ્રેરકમાં પ્રયોગ કરીએ ત્યારે પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થવા આવે.) (તેને રોકવા માટે-તેનો નિષેધ કરવા માટે-આ વાર્તિક રજૂ કરવામાં આવ્યું છે.)

૪. (સૂત્રમાં આવેલા **अकर्मक** શબ્દથી કયા, કેવા પ્રકારના અકર્મક ધાતુઓની ગણતરી કરવાની છે ? તેને વિશે હવે માર્ગદર્શન આપવામાં આવે છે:-)

**(૧) જેમનું દેશ-કાલાદિથી ભિન્ન-જુદું-'કર્મ' હોવું સંભવિત નથી તેવા ધાતુઓને જ અહીં અકર્મક ધાતુઓ ગણવાના છે. (૨) અવિવક્ષિત કર્મવાળા ધાતુઓને પણ અહીં અકર્મક ધાતુ ગણવાના નથી, આથી (૧) देवदत्तः मासम् आस्ते→ यज्ञदतः देवदत्तं मासम् आसयति । અહીં અકર્મક √आस् ધાતુનો પ્રયોગ થયો છે. તેના સાદા કર્તરિ વાક્યના પ્રયોજ્ય કર્તા -દેવદત્ત-ની પ્રેરકમાં આ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થઈ શકશે જ.** (અહીં કાલવાચક માસ શબ્દથી રજૂ થયેલ 'કર્મ' ને, ઉપર્યુક્ત સ્પષ્ટીકરણને આધારે ગણતરીમાં લેવાનું જ નથી. આમ તે √आस् ધાતુ અકર્મક જ ગણાશે અને પ્રસ્તુત સૂત્ર આ ઉદાહરણમાં પ્રવૃત્ત થઈ શકશે જ.) **(૨) देवदत्तः पचति→यज्ञदत्तः देवदत्तेन पाचयति । અહીં पचति નું કોઈક કર્મ હોવા છતાંય ઉચ્ચારવામાં આવ્યું નથી, તે અવિવક્ષિત છે. આથી તેના પ્રયોજ્યકર્તા-દેવદત્ત-ની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થઈ નથી.** (અહીં √पच् 'રાંધવું' ધાતુ સકર્મક છે. પરંતુ વક્તા જો 'શું રાંધે છે ? એનો નિર્દેશ કરવા ન માંગતો હોય તો, એટલે કે રાંધવાની ક્રિયાનું કર્મ શું છે ?' (કયા પદાર્થ ઉપર રાંધવાની ક્રિયા થાય છે ?) એ ન બોલવા માંગતો હોય તો તે 'દેવદત્ત રાંધે છે' એટલું જ બોલશે. અહીં કર્મવાચક પદનું ઉચ્ચારણ નથી કર્યું (=અવિવક્ષા કરી છે.) આથી કાંઈ તેને અકર્મક ધાતુ કહેવાશે નહીં. આ અવિવક્ષિત સકર્મક ધાતુના પ્રયોજ્ય કર્તા-દેવદત્ત-ની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થશે જ નહીં.)

**(વિમર્શ)** સાદા કર્તરિ વાક્યમાંથી જ્યારે પ્રેરક વાક્યરચના કરવી હોય ત્યારે એક મહત્ત્વનો ફેરફાર કરવાનો હોય છે. જેમકે, रामः शालां गच्छति । (સાદું કર્તરિ વાક્ય). અહીં રામ શાળામાં જવાની ક્રિયા કરનાર=કર્તા છે. હવે એમ માનીએ કે આ રામને તેના પિતા દશરથ શાળામાં જવાની પ્રેરણા આપે છે. આને શબ્દોમાં રજૂ કરવું હોય તો પ્રેરક વાક્યરચના કરવી પડશે. પ્રેરક વાક્યરચના કરતી વખતે, સાદા કર્તરિ વાક્યનો જે કર્તા -राम - હોય તેને આ સૂત્રથી 'કર્મ' જાહેર કરવામાં આવે છે, અને તે राम કર્મ બનવાથી દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. તથા જે પ્રેરણા આપનાર=પ્રેરક કર્તા હોય છે-દશરથ-તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે : दशरथः रामं शालां गमयति । આ મુદ્દાને શાસ્ત્રીય શબ્દોમાં રજૂ કરવો હોય તો "પ્રયોજ્ય કર્તાને પ્રેરક વાક્યરચનામાં 'કર્મ' જાહેર કરવામાં આવે છે." એવું કહેવું પડે. અહીં (क) સાદા કર્તરિ વાક્યરચનાના કર્તાને 'પ્રયોજ્ય કર્તા' (=કોઈની પ્રેરણા મુજબ કાર્ય કરનાર) કહેવાય છે. (ख) પ્રેરક વાક્યરચનામાં પ્રેરણા આપનાર=પ્રેરક વ્યક્તિને 'પ્રયોજક કર્તા' કહેવાય છે.

| સાદું કર્તરિ વાક્ય | | કર્તા | કર્મ | ક્રિયાપદ |
|---|---|---|---|---|
| | ---- | रामः<br>↑<br>પ્રયોજ્ય કર્તા | शालां | गच्छति । |
| પ્રેરક વાક્ય | પ્રેરણા આપનાર | ↓<br>કર્મ | કર્મ | ક્રિયાપદ |
| | दशरथः<br>પ્રયોજક કર્તા | ↓<br>रामं<br>પ્રયોજ્ય કર્તા | शालां | गमयति । |

વાક્યના બે મુખ્ય વિભાગ પડે છે : (૧) નામપદ-સુબન્ત-અને (૨) ક્રિયાપદ-તિઙન્ત-આમાંથી, પ્રેરક વાક્યરચના કરતી વખતે નામપદોમાં શા શા ફેરફાર થાય છે તેની નોંધ પ્રસ્તુત સૂત્ર ૧-૪-૫૨ થી લેવામાં આવી છે. પ્રસ્તુત સૂત્ર (૧-૪-૫૨) કહે છે કે પ્રયોજ્ય કર્તા-रामः-ને પ્રેરક વાક્યરચનામાં 'કર્મ' જાહેર કરવું જોઈએ (અને પછી તેને દ્વિતીયા વિભક્તિમાં-रामम्-મૂકવું જોઈએ). આ મુદ્દો ઉપરના કોષ્ટકથી સ્પષ્ટ થશે. (પ્રેરક વાક્યરચના કરતી વખતે, વાક્યના બીજા તિઙન્ત=ક્રિયાપદવાળા અંશમાં જે ફેરફાર થાય છે-गच्छति માંથી गमयति-તેની નોંધ અહીં ('કારકપ્રકરકરણ')માં નથી. એ માટે ण्यन्तप्रक्रिया નું પ્રકરણ જોવું પડશે.[૨૭])

આમ પ્રેરકવાક્યરચના કરતી વખતે, નામપદમાં-પ્રયોજ્ય કર્તૃપદમાં-ઉપર્યુક્ત ફેરફાર થાય છે. સૂત્રકારે કહેલો આ ફેરફાર સાર્વત્રિક નથી. એથી **કયા કયા ધાતુઓના** સન્દર્ભમાં એ ફેરફાર કરવાનો છે ? તેની હવે ચર્ચા કરીશું.

આ ફેરફાર ત્રણ જગ્યાએ થાય છે : (૧) અમુક ચોક્કસ અર્થવાળા ત્રણ પ્રકારના ધાતુઓ-જેવા કે, (क) ગતિ કરવી અર્થવાળા, (ख) (સામાન્ય) જ્ઞાન થવું અર્થવાળા અને (ग) ભક્ષણ કરવું અર્થવાળા-નો પ્રયોગ થયો હોય ત્યારે; (૨) 'શબ્દ-અવાજ-છે કર્મકારક જેનું' એવા ધાતુઓનો વાક્યમાં જ્યારે પ્રયોગ થયો હોય ત્યારે તથા (૩) અકર્મક ધાતુઓનો પ્રયોગ થયો હોય ત્યારે अणि कर्ता=પ્રેરકના ન હોય તેવા, અર્થાત્ સાદા કર્તરિ વાક્યના પ્રયોજ્ય કર્તાની णौ=પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થયા છે.)-આ જ સૂત્રાર્થ છે.

હવે આ સૂત્ર ક્યાં પ્રવત્ત થાય અને ક્યાં પ્રવૃત્ત ન થાય તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે : -

**(क) (૧)** સૂત્રમાં જે ત્રણ અર્થવાળા-गति, बुद्धि અને प्रत्यवसान=भक्षण-ધાતુઓ ગણાવ્યા છે, એ સિવાયનો બીજા કોઈ અર્થવાળો ધાતુ વપરાયો હોય તો ત્યાં પ્રેરકમાં પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થતી નથી. (મતલબ કે ત્યાં આ સૂત્ર પ્રવૃત્ત થતું નથી.) દા.ત. देवदत्तः ओदनं पचति ।→यज्ञदत्तः देवदत्तेन ओदनं पाचयति । અહીં √पच् 'રાંધવું' અર્થ-વાળો ધાતુ વપરાયો હોઈ; પ્રયોજ્ય કર્તા-દેવદત્ત-ની પ્રેરકમાં કર્મ સંજ્ઞા થઈ શકતી નથી. આથી તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવાને બદલે તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

**(૨)** (ઉપર્યુક્ત ત્રણ સન્દર્ભોમાં) સાદા કર્તરિ વાક્યને પ્રેરકમાં ફેરવવું હોય ત્યારે જ આ સૂત્ર પ્રવૃત્ત થાય છે. અર્થાત્ પ્રેરક વાક્યનું ફરી પ્રેરક બનાવવું હોય તો આ સૂત્ર પ્રવૃત્ત થતું નથી. દા.ત. 'યજ્ઞદત્ત જાય છે.' તેને દેવદત્ત પ્રેરણા આપે છે એટલે કે 'દેવદત્ત યજ્ઞદત્તને મોકલે છે.' હવે આ દેવદત્તને ત્રીજો કોઈ વિષ્ણુમિત્ર નામનો માણસ પ્રેરણા આપે છે તો 'વિષ્ણુમિત્ર દેવદત્ત દ્વારા યજ્ઞદત્તને મોકલે છે' એવું વાક્ય બને. અહીં 'દેવદત્ત યજ્ઞદત્તને મોકલે છે' > देवदत्तः यज्ञदत्तं गमयति । એવા પ્રેરકવાક્યનું ફરી પ્રેરક કરવું હોય તો ત્યાં પ્રેરક કર્તા દેવદત્તને આ સૂત્રથી 'કર્મ' બનાવી શકાય નહીં. તેથી विष्णुमित्रः देवदत्तेन यज्ञदत्तं गमयति । એમ 'દેવદત્ત' શબ્દને તૃતીયા વિભક્તિમાં જ મૂકવો પડે છે. આ મુદ્દો સૂત્રમાં अणि कर्ता (=अणौ यः कर्ता)='પ્રેરક વાક્યરચનાનો ન હોય તેવો કર્તા' શબ્દોથી રજૂ થયો છે.

**(ख) (૧)** 'ગતિ કરવી' અર્થવાળા ધાતુઓના વિષયમાં આ સૂત્ર ક્યાં પ્રવૃત્ત થશે અને ક્યાં પ્રવૃત્ત નહીં થાય ?

<table>
<tr><td colspan="2">√गम् गच्छति<br>√व्रज (व्रजति) વગેરે</td><td>शत्रवः स्वर्गम् अगच्छन् । →<br>श्रीहरिः शत्रून् स्वर्गम् अगमयत् ।</td><td>સૂત્રની<br>પ્રવૃત્તિ</td></tr>
<tr><td colspan="2">√नी (नयति)</td><td>भृत्यः भारं नयति →<br>स्वामी भृत्येन भारं नाययति ।</td><td rowspan="2">સૂત્રની<br>અપ્રવૃત્તિ</td></tr>
<tr><td colspan="2">√वह (वहति)<br>↓ ↓</td><td>(अ) भृत्यः भारं वहति । →<br>स्वामी भृत्येन भारं वाहयति ।</td></tr>
<tr><td>अ<br>પ્રયોજ્ય કર્તા<br>માનવ હોય<br>તો</td><td>ब<br>પ્રયોજ્ય કર્તા<br>પશુ હોય<br>તો</td><td>(ब) -अश्वः रथं वहति । →<br>सूतः अश्वं रथं वाहयति ।<br>-वाहाः रथं वहन्ति । →<br>सूतः वाहान् रथं वाहयति ।</td><td>સૂત્રની<br>પ્રવૃત્તિ</td></tr>
</table>

૨૭. જુઓ : પાદટીપ ૨૦.

સૂત્રકારે 'ગતિ અર્થવાળા ધાતુઓ' એટલું જ કહ્યું છે. પરંતુ વાર્તિકકારે 'ઉપર્યુક્ત (क) અને (ख) થી જે થોડીક નકશી કરી, તેને પણ ધ્યાનમાં લઈએ તો ઉપર મુજબની વ્યવસ્થા પ્રાપ્ત થાય છે.

(૨) સૂત્રોક્ત बुद्धि શબ્દથી જ્ઞાનાર્થક ધાતુઓ સમજવાના છે. પરંતુ જ્ઞાનાર્થક ધાતુઓ બે પ્રકારના જોવા મળે છે : (क) જ્ઞાનસામાન્યનો બોધ કરાવનારા અને (ख) જ્ઞાનવિશેષનો બોધ કરાવનારા ધાતુઓ. આમાંથી ક્યાં પ્રસ્તુત સૂત્ર પ્રવૃત્ત થાય છે અને ક્યાં નહીં ? એ જોઈશું :

| (૧) | જ્ઞાન સામાન્યાર્થક ધાતુ | | |
|---|---|---|---|
| સૂત્રકારના કહેવા મુજબ | √ज्ञा अवबोधने<br>'જાણવું'<br>√विद् ज्ञाने<br>'જાણવું' | ब्राह्मणः पुस्तकं जानाति । → विष्णुः ब्राह्मणं पुस्तकं ज्ञापयति ।<br>सः वेदार्थं वेत्ति । → ऋषिः तं वेदार्थं वेदयति । | સૂત્રની પ્રવૃત્તિ |
| (૨) | જ્ઞાન વિશેષાર્થક ધાતુ | भक्ताः हरिं पश्यन्ति/प्रेक्षन्ते । → ऋषिः भक्तान् हरिं दर्शयति/प्रेक्षयति । | સૂત્રની પ્રવૃત્તિ |
| વાર્તિક च ના કહેવા મુજબ | √दृश (पश्य) 'જોવું'<br>√प्र+√ईक्ष 'જોવું' | | |
| વાર્તિક च ફલિતાર્થ | √स्मृ (स्मरति)<br>યાદ કરવું<br>√घ्रा (जिघ्रति)<br>સુંઘવું | रामः जननीं स्मरति । → सीता रामेण जननीं स्मारयति ।<br>देवदत्तः चन्दनं जिघ्रति । →यज्ञदत्तः देवदत्तेन चन्दनं घ्रापयति । | સૂત્રની અપ્રવૃત્તિ |

(૩) પ્રત્યવસાન=ભક્ષણ કરવું અર્થવાળા ધાતુઓના વિષયમાં આ સૂત્ર ક્યાં પ્રવૃત્ત થશે અને ક્યાં નહીં થાય ?-

| | | |
|---|---|---|
| √अश<br>(अश्नोति) | देवाः अमृतम् आश्नन् । → श्रीहरिः देवान् अमृतम् आशयत् । | સૂત્રની પ્રવૃત્તિ |
| √अद्<br>(अत्ति)<br>√खाद<br>(खादति) | बटुः अन्नम् अत्ति । → देवदत्तः बटुना अन्नम् आदयति ।<br>बटुः अन्नं खादति । → देवदत्तः बटुना अन्नं खादयति । | અપ્રવૃત્તિ |
| √भक्ष<br>(भक्षयति)<br>↓ ↓<br>अ ब<br>અહિંસાર્થક હિંસાર્થક | अ. नारदः वायुं भक्षयति । → विष्णुः नारदेन वायुं भक्षयति ।<br>गोपालः दधि भक्षयति । → श्रीकृष्णः गोपालेन दधि भक्षयति | અપ્રવૃત્તિ |
| | ब. बलीवर्दाः सस्यं भक्षयति । → क्षेत्रपालः बलीवार्दान् सस्यं भक्षयति ।<br>घटोत्कचः मानवं भक्षयति । → हिडिम्बा घटोत्कचं मानवं भक्षयति । | પ્રવૃત્તિ |

સૂત્રકારે તો ભક્ષણાર્થક કોઈ પણ ધાતુના પ્રયોગમાં, પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા કરવી એમ કહ્યું છે (જેને માટે √अश ધાતુનું પ્રથમ ઉદાહરણ આપ્યું છે.) પરંતુ વાર્તિકકારે પોતાના સમયમાં પ્રચલિત કેટલાક વિશિષ્ટ પ્રયોગો જોઈને દા.ત. √अद् , √खाद કે અહિંસાર્થક √भक्ष ધાતુના સન્દર્ભમાં પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થતી નથી એવી નોંધ લીધી છે.

**(૪)** આ સૂત્રમાં આવેલો 'शब्दकर्म' શબ્દ વિવાદાસ્પદ છે. કારણ કે અહીં **कर्म**નો અર્થ 'ક્રિયા' પણ થાય છે અને પારિભાષિક શબ્દ તરીકે 'કર્મકારક' એવો અર્થ પણ થાય છે. આને આધારે પતંજલિએ આ શબ્દના બે અર્થઘટન રજૂ કર્યાં છે : (૧) **शब्दो येषां क्रिया ।** (૨) **शब्दो येषां कर्म ।** અર્થાત્ પહેલા અર્થઘટન મુજબ 'અવાજ કરવો' એવા અર્થવાળા ધાતુઓને 'શબ્દકર્મ' કહેવાશે. તથા 'અવાજ (શબ્દ) છે કર્મકારક જેનું' એવા ધાતુઓને પણ 'શબ્દકર્મ' કહેવાશે. ઉદાહરણ તરીકે જોઇએ તો (૧) **हवयति** (બોલે છે) **क्रन्दति** (રડે છે) આ ધાતુઓમાંથી 'અવાજ કરવાની ક્રિયા' થાય છે એવો બોધ થાય છે. પરંતુ (૨) **शृणोति** (સાંભળે છે), **पठति** (વાંચે છે). અહીં આકાંક્ષા થાય છે કે શું સાંભળે છે ? શું વાંચે છે ? તો **श्लोकं शृणोति । श्लोकं पठति ।** આમ શ્લોક-કર્મક શ્રવણક્રિયા કે શ્લોકકર્મક પઠનક્રિયાનો બોધ કરાવનારા આ ધાતુઓ છે. એટલે કે 'શ્લોક' (=અમુક પ્રકારના શબ્દો) છે કર્મકારક જેનું એવી શ્રવણક્રિયા કે પઠનક્રિયાના વાચક આ ધાતુઓ છે. આને પણ 'શબ્દકર્મ' (=શબ્દ છે કર્મકારક જેનું) એવા ધાતુઓ કહેવાય છે. આમ સૂત્રકારે જે **शब्दकर्म** શબ્દ વાપર્યો છે તે બે પ્રકારે સમજી શકાય છે. પતંજલિએ આ બે અર્થમાંથી કયો અર્થ સૂત્રકાર પાણિનિને અભિપ્રેત છે ? એનો નિર્ણય કરી આપ્યો નથી.

પરંતુ કૈયટે 'ભાષ્યપ્રદીપ'માં આનો નિર્ણય કરી આપ્યો છે. તેમના કહેવા મુજબ, ઉપર્યુક્ત બીજો પક્ષ-"અવાજ (શબ્દ) છે 'કર્મ'કારક જેનું" એવા ધાતુઓ-અહીં સ્વીકારવાનો છે. કારણ કે સૂત્રકારને જો પહેલો પક્ષ-'અવાજ કરવો' એવા અર્થવાળા ધાતુઓ-અભિપ્રેત હોત તો **शब्दकर्म** એવું લખવાને બદલે '**शब्द**' એટલું જ લખવાની જરૂર હતી. જેમકે, **'गतिबुद्धिशब्दप्रत्यवसानार्थाकर्मकाणाम्' अणि कर्ता स णौ ।** (અથવા 'गतिबुद्धिप्रत्यवसान **शब्दार्था**कर्मकाणाम्' **अणि कर्ता स णौ** ।) આવું જ સૂત્ર, સૂત્રકાર પાણિનિએ બનાવ્યું હોત. તો "ગત્યર્થક ધાતુઓ, જ્ઞાનાર્થક ધાતુઓ, અવાજ કરવો અર્થવાળા ધાતુઓ, ભક્ષણાર્થક ધાતુઓ અને અકર્મક ધાતુઓના **अणि** કર્તાને **णौ**=પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થાય છે" એવો સૂત્રાર્થ મળી રહેત. આમ જો 'શબ્દકર્મ' શબ્દનો "અવાજ કરવો એવી ક્રિયા સૂચવતા ધાતુઓ" એવો અર્થ થાય છે એમ કહીશું તો સૂત્રમાં ('शब्दकर्म' શબ્દમાંનો) **कर्म** શબ્દ અનર્થક બની જશે. પરંતુ સૂત્રકાર પાણિનિ કશુંય અનર્થક તો લખે જ નહીં. આથી 'શબ્દકર્મ' એટલે 'શબ્દ છે કર્મકારક જેનું એવા ધાતુઓ' એવો અર્થ જ લઈશું (=ઉપર્યુક્ત બીજો પક્ષ જ સ્વીકારીશું.)[૨૮] આ પક્ષ સ્વીકારવાથી 'શબ્દકર્મ'માંનો 'કર્મ' શબ્દ અનર્થક બનતો નથી. કૈયટની આ યુક્તિને આધારે જ ભટ્ટોજિ દીક્ષિતે પણ 'કૌમુદી'માં **शब्दकर्म** શબ્દથી **शब्दो येषां कर्म** એવો અર્થ (બીજો પક્ષ) સ્વીકાર્યો જણાય છે.

★

'શબ્દકર્મ' શબ્દનું કયું અર્થઘટન સૂત્રકારને અભિપ્રેત હશે તેની ચર્ચા કર્યા પછી, આપણે કેટલાક ધાતુઓને લઈને જોઈશું કે (૧) તે તે ધાતુનો શો અર્થ છે અને (૨) તેમાં પ્રસ્તુત સૂત્ર (૧-૪-૫૨) પ્રવૃત્ત થાય છે કે નહીં ?

(૧)

| शब्दकर्म | |
|---|---|
| (१) शब्दो येषां क्रिया | (२) शब्दो येषां कर्म |
| हवयति | शृणोति[२९] |
| क्रन्दति | विजानाति |
| | उपलभते |
| | अधीते, पठति |

૨૮. तत्र साधनकर्मग्रहणमित्येष पक्ष आश्रीयते । क्रियाग्रहणे कर्मग्रहणानर्थक्यप्रङ्गात् । 'गतिबुद्धि**शब्द**प्रत्यवसानार्थाकर्मकाणाम्' इत्येव सिद्धत्वात् ।। (प्रदीपः)

૨૯. शृणोत्यादयो हि न ज्ञानमात्रवचनाः । बुद्धयर्थौ तु 'जानात्युपलभते' इत्येतौ यद्यपि उपलब्धिमात्रवचनौ, तथापि प्रयोजकव्यापार विवक्षायां, प्रकरणादिवशाद् यदा **शब्द विषयाम्** एव उपलब्धिं प्रत्यायतः, तदा साधनकर्मग्रहणे सिद्धयति.......।। (प्रदीपः)

(૨)

| | | |
|---|---|---|
| ૧ | शब्दो येषां क्रिया (અવાજ કરવો-એવા અર્થવાળા ધાતુઓ) | देवदत्तः ह्वयति । → यज्ञदत्तः देवदत्तेन ह्वाययति । देवदत्तः क्रन्दति । → यज्ञदत्तः देवदत्तेन क्रन्दयति ।<br>પહેલા અર્થઘટન મુજબ, આવા અર્થવાળા ધાતુઓમાં ૧-૪-૫૨ સૂત્ર પ્રવૃત્ત થતું નથી. આથી પ્રેરકમાં પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થતી નથી. (देवदत्तेन) |
| ૨ | शब्दो येषां कर्म ('શબ્દ-અવાજ-છે કર્મકારક જેનું' એવા ધાતુઓ) | देवदत्तः स्तोत्रं शृणोति । → यज्ञदत्तः देवदत्तं स्तोत्रं श्रावयति । विधिः वेदं अधीते → श्रीहरिः विधिं वेदं अध्यापयति । अरुणा श्लोकं पठति । →गुरुः अरुणा श्लोकं पाठयति । सीता शास्त्रं विजानाति । → रामः सीतां शास्त्रं विज्ञापयति । सीता शास्त्रं उपलभते । → रामः सीतां शास्त्रं उपलभयति ।<br>અહીં બીજા અર્થઘટન મુજબ, આ ધાતુઓમાં ૧-૪-૫૨ સૂત્ર પ્રવૃત્ત થાય છે. જેથી પ્રેરકમાં પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થાય છે. (देवदत्तम्, विधिम् , अरुणाम् વગેરે.) |

હવે વાર્તિકકારે જે બે ધાતુઓને માટે વિશેષ વિધાન કર્યાં છે; તેના અર્થ અને સૂત્રની પ્રવૃત્તિ-અપ્રવૃત્તિ અંગે વિચારણા કરીશું :

(क) शब्दायते (અવાજ કરે છે)

૧

शब्दो येषां क्रिया

અર્થની દષ્ટિએ આ ધાતુઓ 'અવાજ કરવો' અર્થવાળા છે. તેથી शब्दकर्म શબ્દના પહેલા અર્થઘટન મુજબ, પ્રસ્તુત સૂત્ર પ્રવૃત્ત થઈ શકવાનું નથી.

૨

પરંતુ આ ધાતુ અકર્મક છે (धात्वर्थबहिर्भूत-कर्मकत्वमेव सकर्मकत्वम् -ભાષ્યોક્ત નિયમાનુસાર). આથી સૂત્રમાં લખેલા अकर्मक પદથી આ ધાતુનું ગ્રહણ થશે અને તે રીતે ૧-૪-૫૨ સૂત્ર પ્રવૃત્ત થવા આવશે. પરંતુ વાર્તિકકારે આનો નિષેધ કર્યો: शदायतेर्न ।

(शब्दाय ધાતુનો પ્રેરકમાં પ્રયોગ થાય ત્યારે પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થતી નથી.) ઉદા.ત. देवदत्तः शब्दायते । → यज्ञदत्तः देवदत्तेन शब्दाययति ।

(ख) *जल्पतिप्रभृतीनाम् उपसंख्यानम् । 'जल्पति વગેરે ક્રિયાપદો/ધાતુઓનો પ્રેરકમાં પ્રયોગ થયો હોય ત્યારે પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થાય છે.'

આ ૧-૪-૫૨ સૂત્રમાં આવેલા शब्दकर्म શબ્દનું, ઉપર્યુક્ત બીજું અર્થઘટન -'શબ્દ (અવાજ) છે કર્મકારક જેનું' એવું-સ્વીકારીશું તો जल्पति । विलपति । आभाषते । વગેરે ક્રિયાપદો/ધાતુઓના, પ્રેરકમાં પ્રયોગ કરતી વખતે પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થઈ શકશે નહીં. કેમકે આ ધાતુઓ શબ્દકર્મક=શબ્દક્રિયક-'અવાજ કરવો' એવી ક્રિયાના વાચક છે. આ સ્થિતિમાં ઉપર્યુક્ત વિશેષવિધાન-વાર્તિક રજૂ કરવું પડે છે. આનાથી નીમ્નોક્ત ઉદાહરણને સાધુત્વ પ્રાપ્ત થશે : (૧) देवदत्तः धर्मं भाषते । → यज्ञदत्तः देवदत्तं धर्मं भाषयति (૨) देवदत्तः पुत्रं जल्पति । → यज्ञदत्तः देवदत्तं पुत्रं जल्पयति । વગેરે[૩૦].

૩૦. पुत्रादिकर्मत्वे जल्पतिप्रभृतीनाम् उपसङ्ख्यानम् कर्तव्यम् एव । श्लोकादि-शब्द-विशेषकर्मकत्वे तु शब्दकर्मत्वात् सिद्धिः ।। (प्रदीपः)

जल्पति વગેરે[30]

| ૧ | ૨ |
|---|---|
| शब्दो येषां क्रिया | शब्दो येषां कर्म (श्लोकादि-शब्दविशेषकर्मकत्वे तु शब्दकर्मत्वात् सिद्धिः । ) |

અર્થની દૃષ્ટિએ આ ધાતુઓ 'અવાજ કરવો' એવી ક્રિયા સૂચવનારા છે. આથી ૧-૪-૫૨ સૂત્રની અપ્રાપ્તિ રહે છે (કેમકે આપણે शब्दो येषां कर्म એવું બીજું અર્થઘટન સ્વીકાર્યું છે.)

પરંતુ આ ધાતુઓનો પ્રેરકમાં પ્રયોગ થયો હોય ત્યારે તેના પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થવી ઇષ્ટ છે. આથી વાર્તિકકારે વાર્તિક લખ્યું કે जल्पति प्रभृतीनाम् उपसङ्ख्यानम् कर्तव्यम् ।। ઉદા. તરીકે – देवदत्तः पुत्रं जल्पति । → यज्ञदत्तः देवदत्तं पुत्रं जल्पयति । (અહીં पुत्रम् જેવું કર્મ 'શબ્દ અવાજ-રૂપી કર્મકારક' નથી. આથી સૂત્રની અપ્રાપ્તિ રહે છે. પણ વાર્તિકની મદદથી પ્રયોજ્ય કર્તા-દેવદત્ત-ની 'કર્મ' સંજ્ઞા થાય છે.)

પરંતુ આ ધાતુઓના પ્રયોગમાં જો શબ્દ રૂપી-શ્લોક મન્ત્ર, સ્તોત્રાદિ કર્મકારકો જોવા મળતાં હોય તો તેમને 'શબ્દકર્મક' શબ્દ છે કર્મકારક જેનું' એવા ધાતુઓ ગણી શકાશે.

અને પૂર્વોક્ત બીજા અર્થઘટન મુજબ ૧-૪-૫૨ની પ્રવૃત્તિ થઈ જશે. (આ સન્દર્ભમાં વાર્તિક રચવાની જરૂર નથી, સૂત્રથી જ કામ ચાલશે.) ઉદા. તરીકે – देवदत्तः श्लोकं जल्पति । → यज्ञदत्तः देवदत्तं श्लोकं जल्पयति ।

(૫) 'અકર્મક' ધાતુઓને પણ આ સૂત્રનો પ્રવૃત્તિ વિષય જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ તેમાંય કેટલીક સ્પષ્ટતાની જરૂર છે :

| અકર્મક ધાતુઓ | જેમાં આ સૂત્ર પ્રવૃત્ત થાય છે : |
|---|---|
| √शीङ् शयने<br>√आस्-उपवेशने | सीता शेते । → रामः सीतां शाययति ।<br>पृथिवी सलिले आस्ते । → श्रीहरिः पृथिवीं सलिले आसयति । |
| **અકર્મક ધાતુ** | **જેમાં આ સૂત્રની પ્રવૃત્તિનો નિષેધ કરવામાં આવ્યો છે :** |
| शब्दाय<br>(નામધાતુ)<br>[ભાષ્ય મુજબ આ ધાતુ અકર્મક ગણાય છે[31]] | देवदत्तः शब्दायते । → यज्ञदत्तः देवदत्तेन शब्दाययति । |

★

30. જુઓ : પૃષ્ઠ - ૧૦૯ ઉપરની પાદટીપ.

31. જુઓ : પાદટીપ-૨૬

32. 539 (૮) સૂત્રની વૃત્તિમાં એક વાર્તિક છે : अकर्मकधातुभिर्योगे देशः कालो भावो गन्तव्योऽध्वा च कर्मसंज्ञक इति वाच्यम् । તેનાથી સૂચિત થાય છે કે અકર્મક ધાતુઓને પણ ચાર પ્રકારનાં 'કર્મ' હોવાં શક્ય છે, પરંતુ આ 'કર્મ' એ વાસ્તવિક કર્મ નથી. તે દ્વિતીયા વિભક્તિમાં રજૂ થતાં હોય છે, એટલા માત્રથી જ તેમને 'કર્મ' કહ્યાં છે. આથી આવાં કૃત્રિમ 'કર્મ'ની હાજરીમાં તે ધાતુઓ સકર્મક બનતાં નથી, અકર્મક જ રહે છે.

541 **(१०) हृक्रोः अन्यतरस्याम् ।। पा. सू. १-४-५३**

**(वृत्तिः) हृक्रोः अणौ यः कर्ता, स णौ वा कर्मसंज्ञः स्यात् ।। (उदाहरणे) हारयति कारयति वा भृत्यं भृत्येन वा कटम् । (वार्तिकम्) *अभिवादिदृशोः आत्मनेपदे वा इति वाच्यम्* । अभिवादयते दर्शयते देवं भक्तं भक्तेन वा ।।**

| કૃત્રિમ કર્મવાળા ધાતુ | જેમાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે : |
|---|---|
| દેશ, કાલ, ભાવ અને અધ્વન્ રૂપ કૃત્રિમ 'કર્મ' સાથેના અકર્મક ધાતુઓ :[32] √आस् , √शीङ् વગેરે. | (कालः) देवदत्तः मासं आस्ते । → यज्ञदत्तः देवदत्तं मासम् आसयति ।<br>(देशः) देवदत्तः कुरून् स्वपिति । → यज्ञदत्तः देवदत्तं कुरून् स्वापयति ।<br>(भावः) रामः गोदोहम् आस्ते । → सीता रामं गोदोहम् आसयति ।<br>(अध्वा) रामः क्रोशं आस्ते । → सीता रामं क्रोशं आसयति । |
| અવિવક્ષિત કર્મવાળો સકર્મક ધાતુ | (આવો ધાતુ અકર્મક રૂપે ભાસે છે) પણ તેમાં આ સૂત્ર પ્રવૃત્ત થતું નથી. : |
| √पच् 'રાંધવું' | देवदत्तः पचति । → यज्ञदत्तः देवदत्तेन पाचयति । (અહીં વક્તા જો 'શું રાંધે છે ?' એના વિશે મૌન સેવે તો કર્તરિવાક્યમાં કોઈ કર્મવાચક પદ ન પણ મળે. પરંતુ આથી કાંઈ पचति અકર્મક ક્રિયાપદ બની જતું નથી, તે સકર્મક જ રહે છે. અને પરિણામે અહીં સૂત્ર પ્રવૃત્ત થતું નથી. |

**(વિશેષ)** આધુનિક ભાષાવિજ્ઞાનની દષ્ટિએ વિચારીએ તો આ સૂત્રને TG rule કહેવું પડે. Transformational Generative Grammarમાં 'એક પ્રકારના વાક્યમાંથી બીજા પ્રકારનું વાક્ય કેવી રીતે રૂપાંતરિત કરવું' તે દર્શાવવામાં આવે છે. અહીં પણ સાદા કર્તરિ વાક્યમાંથી પ્રેરક વાક્ય બનાવતી વખતે, મૂળ વાક્યમાં શા શા ફેરફાર કરવા જરૂરી બને તેની વિચારણા કરી છે. આમ પાણિનિએ તો આ સૂત્ર (૧-૪-૫૨) 'કર્મ' સંજ્ઞા કરનારાં બીજાં સૂત્રો (૧-૪-૪૯,૫૦,૫૧)ની સાથે જ ગોઠવ્યું છે; પણ ઉપરની દષ્ટિએ જોતાં, વાસ્તવમાં તે પ્રેરકવાક્યરચના બનાવવાનો નિયમ રજૂ કરનારું સૂત્ર છે. અલબત્ત, આ સૂત્ર પ્રેરક વાક્યરચનાનું ક્રિયાપદ કેવી રીતે બનાવવું ? તેની અર્થાત્ રૂપસિદ્ધિ (Morphology)ની ચર્ચા કરતું નથી, પણ માત્ર વાક્યવિન્યાસ (Syntax)ની દષ્ટિએ નામપદમાં (પ્રયોજ્ય કર્તૃપદમાં) શા ફેરફાર થાય છે ? એની જ ચર્ચા કરે છે. 540.

**(અનુ૦)** **√हृ (हरति) અને √कृ (करोति) ધાતુઓના अण्यन्त અવસ્થાના** (અર્થાત્ પ્રેરકના નહીં, પણ સાદા કર્તરિ વાક્યના) **કર્તાની ण्यन्त અવસ્થામાં** (અર્થાત્ પ્રેરક વાક્યરચનામાં) **'કર્મ' સંજ્ઞા अन्यतरस्याम्=વિકલ્પે થાય છે ઉદા.તરીકે-**

(૧) **भृत्यः कटं हरति । 'સેવક સાદડી લઇ જાય છે.' એનું પ્રેરક કરીએ તો-देवदत्तः भृत्यं कटं हारयति । અથવા देवदत्तः भृत्येन कटं हारयति । 'દેવદત્ત સેવક દ્વારા સાદડી મોકલાવે છે.'**

(૨) **भृत्यः कटं करोति । 'સેવક સાદડી બનાવે છે.' એનું પ્રેરક કરીએ તો-देवदत्तः भृत्यं कटं कारयति । અથવા देवदत्तः भृत्येन कटं कारयति । 'દેવદત્ત સેવક દ્વારા સાદડી બનાવડાવે છે.'** (અહીં પ્રેરકના हारयति । कारयति ક્રિયાપદોના પ્રયોગમાં પ્રયોજ્ય કર્તા भृत्यની વિકલ્પે 'કર્મ' સંજ્ઞા થાય છે. આથી એકવાર-પક્ષમાં-भृत्यम् રૂપ બને છે અને બીજી વાર-વિપક્ષમાં-भृत्येन રૂપ બને છે. લોકમાં બન્ને પ્રકારની સ્થિતિ જોવા મળે છે. તેથી બન્ને પ્રયોગો સાધુ-પ્રયોગાર્હ-છે.)

**વાર્તિક : "अभि ઉપસર્ગપૂર્વક √वादि ધાતુ અને √दृशिर् प्रेक्षणे ધાતુઓના આત્મનેપદનાં રૂપો વપરાયાં હોય ત્યારે પણ પ્રયોજ્ય કર્તાની વિકલ્પે 'કર્મ' સંજ્ઞા થાય છે." એમ કહેવું જોઇએ.** (સૂત્રમાં એટલો નવો ઉમેરો કરવો જોઇએ.) **ઉદા. તરીકે-**

(૧) **भक्तः देवम् अभिवदति । 'ભક્ત દેવને વંદન કરે છે.' એનું પ્રેરક કરીએ તો-देवदत्तः भक्तं देवम्**

---

૩૨. જુઓ : પૃષ્ઠ-૧૧૦ ઉપર આ પાદટીપ.

**अभिवादयते । अथवा देवदत्तः भक्तेन देवम् अभिवादयते ।) 'દેવદત્ત ભક્તની પાસે દેવને વંદન કરાવે છે.'**

(૨) **भक्तः देवं पश्यति । 'ભક્ત દેવને જુવે છે.' એનું પ્રેરક કરીએ તો-देवदत्तः भक्तं देवं दर्शयते । अथवा देवदत्तः भक्तेन देवं दर्शयते । 'દેવદત્ત ભક્તને દેવ દેખાડે છે.'**

(અહીં, બીજા બે ધાતુઓનો ઉમેરો કરવામાં આવે છે. √हृ અને √कृ ધાતુઓની જેમ આ બે ધાતુઓના પણ પ્રેરકમાં આત્મનેપદી રૂપો કરીએ ત્યારે પ્રયોજ્ય કર્તાની વિકલ્પે 'કર્મ' સંજ્ઞા થાય છે. આ વાર્તિકમાં 'અનુક્તચિંતા' રજૂ થઈ છે,)

**(વિમર્શ)** આ સૂત્ર પણ, √हृ અને √कृ એ બે ધાતુઓનો પ્રેરક વાક્યરચનામાં જ્યારે પ્રયોગ થયો હોય ત્યારે-નામપદોની અંદર-કયો ફેરફાર થાય છે ? એ મુદ્દાની ચર્ચા કરે છે. આ બે ધાતુઓના સન્દર્ભમાં પ્રેરક વાક્યરચના કરવી હોય ત્યારે પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા વિકલ્પે થાય છે. એટલે કે

(૧) भृत्यः कटं हरति । → देवदत्तः भृत्यं कटं हारयति (પક્ષ)

देवदत्तः भृत्येन कटं हारयति (વિપક્ષ)

અહીં √हृ 'લઈ જવું' ધાતુ ગત્યર્થક છે, આથી પૂર્વસૂત્ર (गतिबुद्धि० । ૧-૪-૫૨)થી પ્રયોજ્ય કર્તાની પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા થઈ શકવાની જ હતી. પરંતુ, પાણિનિએ પોતાના સમયમાં જોયું હશે કે આ ધાતુનો જ્યારે પ્રેરકમાં પ્રયોગ થાય છે ત્યારે પ્રયોજ્ય કર્તાની કોઈક લોકો 'કર્મ' સંજ્ઞા કરીને દ્વિતીયા વિભક્તિમાં પણ વાપરે છે અને બીજા કેટલાક લોકો તે (પ્રયોજ્ય કર્તા)ની 'કર્મ' સંજ્ઞા કરતા નથી (એટલે કે તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકતા નથી), પણ તેને તૃતીયા વિભક્તિમાં મૂકે છે. આમ બે પક્ષ જોવા મળે છે. એટલે કે ગત્યર્થક ધાતુ તરીકે √हृ ધાતુને, પૂર્વસૂત્ર (૧-૪-૫૨) જ લાગી શકતું હતું ; છતાંય પાણિનિએ લોકમાં પ્રચલિત બન્ને પક્ષોની નોંધ લેવાના આશયથી આ ધાતુ માટે નવું સૂત્ર બનાવ્યું અને જાહેર કર્યું કે √हृ ધાતુનો પ્રેરકમાં પ્રયોગ થયો હોય ત્યારે પ્રયોજ્ય કર્તાની વિકલ્પે 'કર્મ' સંજ્ઞા કરવી જોઈએ.

(૨) भृत्यः कटं करोति । → देवदत्तः भृत्यं कटं कारयति । (પક્ષ)

देवदत्तः भृत्येन कटं कारयति (વિપક્ષ)

અહીં √कृ 'કરવું' ધાતુ ગત્યર્થક નથી, જ્ઞાનાર્થક નથી, ભક્ષણાર્થક નથી, શબ્દકર્મક નથી અને અકર્મક પણ નથી. આથી પૂર્વસૂત્ર गतिबुद्धि० (૧-૪-૫૨) આ ધાતુનો પ્રેરકમાં પ્રયોગ કરતી વખતે, પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા કરી શકતું નથી. પરંતુ પાણિનિના સમયમાં આ ધાતુનો પ્રેરકમાં પ્રયોગ કરતી વખતે કેટલાક લોકો પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા કરતા પણ હશે (અને બીજા કેટલાક લોકો 'કર્મ' સંજ્ઞા નહીં પણ કરતા હોય). આવા ઉભયવિધ વ્યવહારને નોંધવા-સૂત્રબદ્ધ કરવા-માટે આ નવા (૧-૪-૫૩) સૂત્રમાં √कृ ધાતુનો પણ ઉમેરો કર્યો છે. તથા જાહેર કર્યું છે કે આ ધાતુનો પ્રેરકમાં પ્રયોગ કરતી વખતે પ્રયોજ્ય કર્તાની **વિકલ્પે** 'કર્મ' સંજ્ઞા કરવી.

આમ એક ધાતુ (√हृ>हरति)માં गतिबुद्धि० । ૧-૪-૫૨ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા પ્રાપ્ત હતી અને બીજા ધાતુ (√कृ>करोति)માં તે गतिबुद्धि० ૧-૪-૫૨ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા અપ્રાપ્ત હતી. આ સન્દર્ભમાં પાણિનિએ પ્રસ્તુત સૂત્ર (૧-૪-૫૩)ની રચના કરીને પ્રાપ્ત સ્થળમાં વિકલ્પ જાહેર કર્યો અને અપ્રાપ્ત સ્થળમાં પણ વિકલ્પ જાહેર કર્યો છે. આને શાસ્ત્રીય શબ્દોમાં 'પ્રાપ્તાપ્રાપ્તવિભાષા' કહે છે. (વિભાષા=વિકલ્પ. अन्यतरस्याम् । वा । विभाषा=વિકલ્પ.)

★

બીજા એક સન્દર્ભમાં આ વિચારણા કરીએ તો अभि+अव એ બે ઉપસર્ગોના યોગમાં √हृ ધાતુ 'ભક્ષણાર્થક' બની જાય છે તથા वि ઉપસર્ગના યોગમાં √कृ ધાતુ 'વિકારાર્થ'માં અકર્મક બની જાય છે. તેથી પ્રેરકમાં गतिबुद्धि० । ૧-૪-૫૨ સૂત્ર વડે જ પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થવા આવે છે. જેમકે,

(૧) सैन्धवाः तृणम् अभ्यवहरन्ति । 'ઘોડાઓ ઘાસ ખાય છે' (હિંસાપૂર્વક ભક્ષણ). આનું પ્રેરક કરીએ તો देवदत्तः सैन्धवान् तृणम् अभ्यवहारयति । 'દેવદત્ત ઘોડાઓને ઘાસ ખવડાવે છે.'

(૨) सैन्धवाः विकुर्वन्ति । 'ઘોડાઓ વિકૃત થાય છે.' આનું પ્રેરક કરીએ તો देवदत्तः सैन्धवान् विकारयति ।

આમ અમુક ઉપસર્ગોના યોગમાં √हृ અને √कृ ધાતુઓને, (તેઓ અનુક્રમે ભક્ષણાર્થક અને અકર્મક બનવાથી) પૂર્વસૂત્ર गतिबुद्धि० । ૧-૪-૫૨થી જ પ્રેરકમાં પ્રયોજ્ય કર્તાની 'કર્મ' સંજ્ઞા થઈ શકતી હતી. પરંતુ પાણિનિએ તેને માટે આ નવું (૧-૪-૫૩) સૂત્ર રચીને વિકલ્પે 'કર્મ' સંજ્ઞા જાહેર કરી છે. પરિણામે देवदत्तः सैन्धवैः तृणम् अभ्यवहारयति । અને देवदत्तः सैन्धवैः विकारयति । એવાં બીજા બે વૈકલ્પિક પ્રયોગો પણ છે. આમ આ સૂત્ર 'પ્રાપ્ત-વિભાષા'નું ઉદાહરણ બને છે.

પરંતુ જો આ ધાતુ(ઓ)ને કોઈ પણ ઉપસર્ગ ન લગાડીએ તો √कृ ધાતુ સકર્મક રહેવાથી પૂર્વસૂત્ર गतिबुद्धि० । ૧-૪-૫૨ની પ્રાપ્તિ થતી જ નથી. એટલે કે भृत्यः कटं करोति । નું પ્રેરક કરવું હોય તો પ્રયોજ્ય કર્તા-भृत्य-ની गतिबुद्धि० । ૧-૪-૫૨ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા અપ્રાપ્ત છે. તેને પ્રેરકમાં 'કર્મ' સંજ્ઞા વિકલ્પે પ્રાપ્ત કરાવવા માટે પાણિનિએ આ નવું ૧-૪-૫૩ સૂત્ર રચ્યું છે. આને 'અપ્રાપ્તવિભાષા'નું ઉદાહરણ કહે છે.

આમ ઉપસર્ગસહિતના √हृ અને √कृ ધાતુઓના પ્રયોગમાં गतिबुद्धि० । ૧-૪-૫૨ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા પ્રાપ્ત હતી, તેવી સ્થિતિમાં આ પ્રસ્તુત ૧-૪-૫૩ સૂત્રથી તેમને વૈકલ્પિક 'કર્મ' સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું. આને 'પ્રાપ્તવિભાષા' કહે છે. (કોઈ વિધિ=કાર્ય નિત્ય પ્રાપ્ત હોય એવી સ્થિતિમાં જો વિકલ્પનું વિધાન કરવામાં આવે તો તેને 'પ્રાપ્તવિભાષા' કહે છે.) બીજી તરફ ઉપસર્ગ વિનાનો √कृ ધાતુ હોય તો તે સકર્મક રહે છે. આથી ત્યાં गतिबुद्धि० । ૧-૪-૫૨ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા પ્રાપ્ત થતી નથી; અપ્રાપ્ત હોય છે. આવી સ્થિતિમાં પ્રસ્તુત ૧-૪-૫૩ સૂત્રથી વિકલ્પે 'કર્મ' સંજ્ઞાનું વિધાન કરવામાં આવે છે. આને 'અપ્રાપ્ત વિભાષા' કહે છે. (કોઈ વિધિ અપ્રાપ્ત હોય ત્યારે નવા સૂત્રથી જો તેનું વિકલ્પે વિધાન (પ્રાપ્તિ) કરવામાં આવે તો તેને 'અપ્રાપ્તવિભાષા' કહે છે.) આમ આ हृक्रोः अन्यतरस्याम् । ૧-૪-૫૩ સૂત્રમાં બન્ને પ્રકારની 'વિભાષા'=વિકલ્પ જોવા મળે છે; આથી તે 'પ્રાપ્તાપ્રાપ્ત-વિભાષા'નું ઉદાહરણ બની રહે છે.

★

સૂત્રકારે જેવી રીતે √हृ અને √कृ ધાતુના સન્દર્ભમાં વિકલ્પે 'કર્મ' સંજ્ઞાનું -પ્રાપ્તાપ્રાપ્તવિભાષાનું-વિધાન કર્યું છે, તેવી રીતે વાર્તિકકારે પણ अभिवादिदृशोः आत्मनेपदे वा इति वाच्यम् । એવા વાર્તિકથી બીજા બે ધાતુઓ (આત્મનેપદમાં રહેલા अभि+√वद અને √दृशના સન્દર્ભમાં પણ વિકલ્પે 'કર્મ' સંજ્ઞાનું -પ્રાપ્તાપ્રાપ્તવિભાષાનું-વિધાન કર્યું છે. દા.ત.

(૧) देवदत्तः गुरुम् अभिवदति । એનું પ્રેરક કરીએ તો -
यज्ञदत्तः देवदत्तं गुरुम् अभिवादयते । અથવા
यज्ञदत्तः देवदत्तेन गुरुम् अभिवादयते ।

(૨) भृत्याः नगरं पश्यन्ति । એનું પ્રેરક કરીએ તો -
स्वामी भृत्यान् नगरं दर्शयते । અથવા
स्वामी भृत्यैः नगरं दर्शयते ।

અહીં આત્મનેપદમાં રહેલા अभिवादयते અને दर्शयते એવા પ્રેરક ક્રિયાપદોના યોગમાં, (अण्यन्त અવસ્થાના) પ્રયોજ્ય કર્તા-देवदत्तः અને भृत्य-ની વિકલ્પે 'કર્મ' સંજ્ઞા થઈ છે. (આથી એકવાર તે દ્વિતીયા વિભક્તિમાં રજૂ થયેલ છે અને બીજીવાર તૃતીયા વિભક્તિમાં રજૂ થયેલ છે.) બન્ને પ્રકારના પ્રયોગ સાધુ છે.

આ સન્દર્ભમાં થોડીક વિશેષ વિચારણા કરીએ તો

(૧) अभि+√वद्

| अभिवादयति । (પરસ્મૈપદી) | अभिवादयते (આત્મનેપદી) |
| --- | --- |
| ↓ | ↓ |
| ૧-૪-૫૨, ૫૩ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા અપ્રાપ્ત | ૧-૪-૫૨, ૫૩ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા અપ્રાપ્ત, પણ આત્મનેપદમાં વાર્તિકકારે વિધાન કર્યું. -આ થઈ અપ્રાપ્તવિભાષા- |

(૨) √दृशिर् प्रेक्षणे

બુદ્ધ્યર્થક ધાતુ હોવાથી ૧-૪-૫૨ સૂત્રથી

'કર્મ' સંજ્ઞા નિત્યપ્રાપ્ત છે. પણ

| दर्शयति | दर्शयते |
| --- | --- |
| (પરસ્મૈપદી) | (આત્મનેપદી) |
| ↓ | ↓ |
| બુદ્ધ્યર્થક ધાતુ હોવાથી ૧-૪-૫૨ થી 'કર્મ' સંજ્ઞાની નિત્યપ્રાપ્તિ રહે છે. | બુદ્ધ્યર્થક ધાતુ હોવાથી ૧-૪-૫૨ થી 'કર્મ' સંજ્ઞાની નિત્યપ્રાપ્તિ હતી, પરંતુ વાર્તિકકારે આત્મનેપદમાં વૈકલ્પિક પ્રવૃતિ જાહેર કરી- આ થઈ પ્રાપ્તવિભાષા- |

(**अभिवादयते** રૂપની સિદ્ધિ **णेरणौ** । ૧-૩-૬૭થી થાય છે, અને **दर्शयते** રૂપની સિદ્ધિ **णिचश्च** । ૧-૩-૭૪થી થાય છે.)

**(વિશેષ)** પરંપરાથી એવું મનાય છે કે પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં જ્યાં જ્યાં **वा**, **विभाषा**, કે **अन्यतरस्याम्** શબ્દો વપરાયા છે, ત્યાં ત્યાં તેમનો 'વિકલ્પે' એવો અર્થ થાય છે. અર્થાત્ પાણિનિ કોઈ વિધિનું વિકલ્પે વિધાન કરવા માંગતા હોય તો આ ત્રણમાંથી **ગમે તે એક** શબ્દનો ઉપયોગ કરે છે. મતલબ કે ત્રણે સમાનાર્થક શબ્દો છે. પરંતુ અહીં પ્રશ્ન થાય કે પાણિનિ તો લાઘવપ્રિય વૈયાકરણ છે. તેમણે જ્યારે **वा** જેવા નાનામાં નાના શબ્દથી વિકલ્પ રૂપી અર્થ કહી શકાય એમ હતો ત્યારે (એ લાઘવનો ત્યાગ કરીને) **विभाषा** કે **अन्यतरस्याम्** જેવા મોટા શબ્દો કેમ વાપર્યા છે ? (આમ અહીં શબ્દકૃત-ગૌરવનો દોષ આવી પડે છે.) આના સમાધાન રૂપે કહેવામાં આવે છે કે (૧) **पर्यायशब्दानां लाघवगौरवचर्चा नाद्रियते**। (નાગેશકૃત પરિભાષેન્દુશેખર : ૧૧૫) '(**वा**, **विभाषा** કે **अन्यतरस्याम्** જેવા) પર્યાયવાચક શબ્દોના ગૌરવ-લાઘવની ચર્ચાનો આદર કરવામાં આવતો નથી.' તથા (૨) કાશીની વૈયાકરણ પરંપરામાં સંજ્ઞાવાચક શબ્દો=પારિભાષિક શબ્દો નાના હોય કે મોટા હોય, પણ તેમની કેવળ ૦॥ માત્રા માનવામાં આવી છે. આ દષ્ટિએ પણ અહીં શબ્દકૃતગૌરવનો દોષ માનવામાં આવતો નથી. આમ વૈયાકરણ પરંપરામાં કાત્યાયનથી માંડીને નાગેશ ભટ્ટ સુધી સૌ વૈયાકરણો એવું માનતા આવ્યા છે કે આ ત્રણે શબ્દો સમાનાર્થક છે.

પરંતુ આધુનિક જગત્માં પૉલ કિપાર્સ્કી નામના અમેરીકન વિદ્વાને એક વિચારણીય મત ઉચ્ચાર્યો છે. તેમનું માનવું છે કે પાણિનિ જો અજોડ લાઘવપ્રિય વૈયાકરણ હોય તો આ ત્રણેય શબ્દો સમાનાર્થક ન હોઈ શકે. તેમના મતે, ભાષામાં કોઈ એક શબ્દનાં જો બે રૂપો પ્રચલિત હોય તો તે બે વૈકલ્પિક રૂપો સમાન અંશે ગ્રાહ્ય હોતાં નથી. બેમાંથી એક રૂપ અમુક અંશે ગ્રાહ્ય હોય છે અને બીજું રૂપ બીજા અમુક અંશે ગ્રાહ્ય હોય છે. અથવા તો વિકલ્પે પ્રચલિત બે રૂપોમાંથી કોઈ એક વધુ વરણીય હોય કે પ્રચારમાં હોય એવું બની શકે. મતલબ કે બે વૈકલ્પિક રૂપોનાં ગ્રાહ્યત્વ વિશે તારતમ્ય ભાવ હોવાનો. આને પ્રદર્શિત કરવા માટે પાણિનિએ વિકલ્પના વાચક જુદા જુદા શબ્દો વાપર્યા છે. પૉલ કિપાર્સ્કીના મતે[33]

**वा**-or rather, usually, preferably (વધુ પસંદ કરવા યોગ્ય રૂપ)

**विभाषा**-or rather not, rarely, preferably not (પસંદ કરવા યોગ્ય નહીં રૂપ)

**अन्यतरस्याम्**-either way, sometimes, optionally, alternatively. (સામાન્યપણે બન્ને ગ્રાહ્ય)

આ દષ્ટિએ, ૧-૪-૫૩ સૂત્રમાં **अन्यतरस्याम्** શબ્દ વપરાયો છે તેથી **देवदत्तः भृत्यं कटं कारयति/हारयति** । અને **देवदत्तः भृत्येन कटं कारयति/हारयति** । એવા બન્ને પ્રકારના પ્રયોગો સમાન રૂપે ગ્રાહ્ય છે એવું કહી શકાય.

૩૩. Pāṇini as a Variationist. by Paul Kiparsky. CASS Univ. of Poona, 1980.

542 (११) **अधिशीङ्स्थासां कर्म । पा. सू. १-४-४६**

543 (१२) **अभिनिविशश्च । पा. सू. १-४-४७**

**(वृत्तिः)** **अधिपूर्वाणाम् एषाम् आधारः कर्म स्यात् ॥ (उदाहरणानि) अधिशेते, अधितिष्ठति, अध्यास्ते वा वैकुण्ठं हरिः ॥**

**(वृत्तिः)** **'अभि-नि इति एतत्सङ्घातपूर्वस्य विशतेः आधारः कर्म स्यात् ॥ (उदाहरणम् — अभिनिविशते सन्मार्गम् ॥**

**'परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम्' (१-४-४४) इति सूत्राद् इह मण्डूकप्लुत्या 'अन्यतरस्याम्' ग्रहणम् अनुवर्त्य व्यवस्थितविभाषाश्रयणात् क्वचित् न । पापे अभिनिवेशः ॥**

---

**(અનુ૦) अधि** ઉપસર્ગપૂર્વક **√शीङ्** , **√स्था** કે **आस्** **ધાતુનો પ્રયોગ થયો હોય તો તેમના આધારની** (ધાતુવાચ્ય ક્રિયાના આધારસ્થાનની) **'કર્મ' સંજ્ઞા થાય છે.**

(અર્થાત્ अधि+शीङ्, अधि+√स्था અને अधि+√आस् ધાતુઓ જે ક્રિયાના વાચક હોય, તે ક્રિયા જે સ્થાનમાં-જે આધાર ઉપર-થતી હોય તે સ્થાનવાચક શબ્દની 'કર્મ' સંજ્ઞા થાય છે.) **ઉદા. તરીકે-**

**(૧) हरिः वैकुण्ठम् अधिशेते । 'વિષ્ણુ વૈકુંઠમાં સૂઈ ગયા છે.'**

**(૨) हरिः वैकुण्ठम् अधितिष्ठति । 'વિષ્ણુ વૈકુંઠમાં ઊભા છે.'**

**(3) हरिः वैकुण्ठम् अध्यास्ते । 'વિષ્ણુ વૈકુંઠમાં બેઠા છે.**

**(વિમર્શ)** અહીં સૂવાની, ઊભા રહેવાની અને બેસવાની ક્રિયા જે સ્થાનમાં જે આધાર ઉપર-થઇ છે, તે સ્થાનવાચક શબ્દ-वैकुण्ठ-ની 'કર્મ' સંજ્ઞા થાય છે. (આથી તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

વાસ્તવમાં સૂવાની વગેરે ક્રિયાઓ જે સ્થાનમાં-જે આધાર ઉપર-થાય છે, તે वैकुण्ठ તો 'અધિકરણ' કહેવાય છે. અને વાક્યરચના કરતી વખતે 'અધિકરણ વાચક શબ્દોને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે' એવો સામાન્ય નિયમ છે. પરંતુ આ સૂત્ર (૧-૪-૪૬) કહે છે કે જો अधि ઉપસર્ગપૂર્વક √शीङ् , √स्था અને √आस् આ ત્રણ ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય તો તે સામાન્ય નિયમ કામે લાગતો નથી. આ ધાતુઓના પ્રયોગ વખતે તો આધારવાચક શબ્દની ('અધિકરણ' સંજ્ઞા થવાને બદલે) 'કર્મ' સંજ્ઞા થાય છે અને પરિણામે તેમને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. એટલે કે हरिः **वैकुण्ठे** अधिशेते । ને બદલે, हरिः **वैकुण्ठम्** अधिशेते । એમ બોલાય છે. અહીં वैकुण्ठ વાસ્તવિક દૃષ્ટિએ કર્મ (ઇપ્સિતતમ) નથી, પણ વ્યાકરણિક દૃષ્ટિએ કર્મ (grammatical object) છે. બીજા શબ્દોમાં કહીએ તો, વાસ્તવિક અધિકરણની દ્વિતીયા વિભક્તિથી રજૂઆત થાય છે.

**(વિશેષ)** અહીં પાણિનિએ અધિકરણની 'કર્મ' સંજ્ઞા કરીને, તે સંજ્ઞાના નિમિત્તે દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. પરંતુ દ્વિતીયા વિભક્તિનું આવું પરોક્ષ (=કર્મ સંજ્ઞાના નિમિત્તે) વિધાન કેમ કર્યું છે ? એવો કોઇને પ્રશ્ન થાય. આવું કરવાને બદલે તેમણે 'ઉપર્યુક્ત સન્દર્ભમાં અધિકરણને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે' એવું સીધું વિધાન કર્યું હોત તો ચાલી શકત. આ શંકાનું સમાધાન નીચે મુજબ છે : અહીં અધિકરણની 'કર્મ' સંજ્ઞા કરવાનું અને એ દ્વારા (through) દ્વિતીયા વિભક્તિનું વિધાન કરવા પાછળ એ પ્રયોજન છે કે ઉપર્યુક્ત સન્દર્ભોમાં કર્મણિ પ્રયોગ કરવો હોય તો તે 'કર્મ' સંજ્ઞાના નિમિત્તે જ થઇ શકશે. જો ઉપર્યુક્ત સન્દર્ભમાં અધિકરણને સીધું દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું હોત તો (वैकुण्ठः अधिशय्यते/अध्यास्यते/अधिस्थीयते हरिणा । એવો) કર્મણિ પ્રયોગ બની શકત નહીં.

**(અનુ૦) अभि અને नि એવા બે ઉપસર્ગોનો સંઘાત** (સમૂહ) **જો √विश** (પ્રવેશવું) **ધાતુની આગળ રહેલો હોય તો, આવા ધાતુના આધારવાચક શબ્દની પણ 'કર્મ' સંજ્ઞા થાય છે.** ઉદા.ત. **अभिनिविशते सन्मार्गम् । 'સન્માર્ગમાં આગ્રહ રાખે છે.' આથી सन्मार्गे अभिनिविशते । એવો સપ્તમ્યન્ત પ્રયોગ થવાને બદલે सन्मार्गम् अभिनिविशते । એવો દ્વિતીયાન્ત પ્રયોગ થાય છે.**

('અષ્ટાધ્યાયી'ની અંદર આવેલા) परिक्रयणे सम्प्रदानम् अन्यतरस्याम् । ૧-૪-૪૪મા સૂત્રમાંથી अन्यतरस्याम् શબ્દ 'મંડૂકપ્લુતિ' નામની અનુવૃત્તિથી અહીં अभिनिविशश्च । ૧-૪-૪૭મા સૂત્રમાં લાવવામાં આવે છે. ત્યાર પછી 'વ્યવસ્થિત-વિભાષા'નું આશ્રયણ કરવાથી, કોઈક ઉદાહરણમાં આ સૂત્ર (૧-૪-૪૭) પ્રવૃત્ત થતું નથી. દા.ત. पापे अभिनिवेशः ॥

**(વિમર્શ)** આ સૂત્ર પણ અમુક પ્રકારના ધાતુનો ઉપયોગ કરતી વખતે આધારસ્થાન-અધિકરણવાચક-ની 'કર્મ' સંજ્ઞા કરે છે. જેમકે, अभि+नि એવા બે ઉપસર્ગો સહિત √विश ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે અર્થાત્ अभिनिविशते ('-ને વિશે આગ્રહ રાખે છે.') જેવું ક્રિયાપદ વપરાયું હોય ત્યારે, તે ક્રિયાના આધારસ્થાનની (=આધાસ્થાન વાચક શબ્દની) 'અધિકરણ' સંજ્ઞા થવાને બદલે 'કર્મ' સંજ્ઞા થાય છે. જેથી सन्मार्गे अभिनिविशते । ને બદલે सन्मार्गम् अभिनिविशते । એવો દ્વિતીયાન્ત પ્રયોગ થાય છે.

પરંતુ લોકમાં આવો નિયમ સર્વત્ર જળવાતો નથી. દા.ત. पापे अभिनिवेशः । આ દાખલામાં આધાર વિષય पापની અધિકરણ સંજ્ઞા જ થાય છે અને પરિણામે તે સપ્તમી વિભક્તિમાં જ વપરાય છે. અહીં પણ अभि+नि એ બે ઉપસર્ગો સહિતનો √विश ધાતુ જ ઉપયોગમાં લેવાયો છે છતાંય પ્રસ્તુત સૂત્રથી पापની કર્મ સંજ્ઞા થઈ નથી. આવું થવાનું કારણ સમજાવતાં ભટ્ટોજિ દીક્ષિત લખે છે કે 'અષ્ટાધ્યાયી'ની અંદર આવેલાં-

૧. परिक्रयणे सम्प्रदानम् **अन्यतरस्याम्** । ૧-૪-૪૪

૨. आधारोऽधिकरणम् । ૧-૪-૪૫

૩. अधिशीङ्स्थासां कर्म । ૧-૪-૪૬

૪. अभिनिविशश्च (अन्यतरस्याम्) ૧-૪-૪૭

આ સૂત્રોમાંથી જે ૧-૪-૪૪મું સૂત્ર છે, તેમાંથી अन्यतरस्याम् (=વિકલ્પે) એવો શબ્દ મંડૂકપ્લુતિથી (=દેડકાના કૂદકાની જેમ) સીધો ૧-૪-૪૭માં અનુવૃત્ત થઇને આવે છે ! (વચ્ચેનાં બે સૂત્રો ૧-૪-૪૫ અને ૧-૪-૪૬માં તે શબ્દ અનુવૃત્તિથી આવતો નથી.) આથી ૧-૪-૪૭મું સૂત્ર વૈકલ્પિક બની જાય છે. એટલે કે अभि+नि એવા બે ઉપસર્ગો સહિત √विश ધાતુનો ઉપયોગ કરતી વખતે આધારસ્થાનની **વિકલ્પે** 'કર્મ' સંજ્ઞા થાય છે. આવો સૂત્રાર્થ કરતાં सन्मार्गम् अभिनिविशते અને पापे अभिनिवेशः । જેવાં ઉભયવિધ (દ્વિતીયાન્ત અને સપ્તમ્યન્ત) પ્રયોગોને સાધુત્વ પ્રાપ્ત થાય છે.

અહીં ૧-૪-૪૪માંથી ૧-૪-૪૭માં अन्यतरस्याम्='વિકલ્પે' શબ્દની અનુવૃત્તિ આવે છે, આથી ૧-૪-૪૭ની પ્રવૃત્તિ વૈકલ્પિક બની રહે છે. પરંતુ આ વિકલ્પ (=વિભાષા), સાદો વિકલ્પ નથી; તે તો 'વ્યવસ્થિતવિભાષા' છે. જો આ સૂત્રથી સાદા વિકલ્પનું વિધાન થયું હોત તો

अभिनिविशश्च

| | |
|---|---|
| (१) सन्मार्गे अभिनिविशते । | सन्मार्गम् अभिनिविशते । |
| (२) पापे अभिनिवेशः । | पापम् अभिनिवेशः । |

એમ બન્ને ઉદાહરણમાં બન્ને પ્રકારના (દ્વિતીયાન્ત અને સપ્તમ્યન્ત) પ્રયોગો થઈ શકે છે એમ માનવું પડે. પરંતુ ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે આ વિકલ્પ=વિભાષા સામાન્યવિકલ્પ=વિભાષા નથી, તે તો 'વ્યવસ્થિતવિભાષા' છે. આનો અર્થ કે આ વિકલ્પ વ્યવસ્થિતિ (=નિશ્ચિત) વિષયવાળો છે. જેમકે,

अभिनिविशश्च ।

| | |
|---|---|
| सन्मार्गम् अभिनिविशते । | पापे अभिनिवेशः । |

544 (૧૩) उपान्वध्याङ्वसः । पा. सू. १-४-४८

(उप-अनु-अधि-आङ् वसः)

---

**(वृत्तिः) उपादिपूर्वस्य वसतेः आधारः कर्म स्यात् । (उदाहरणम्) उपवसति अनुवसति अधिवसति आवसति वा वैकुण्ठं हरिः ।। (वार्तिकम्) १. *अभुक्त्यर्थस्य न । वने उपवसति ।**

**२. *उभसर्वतसोः कार्या धिगुपर्यादिषु त्रिषु ।**

**द्वितीयाम्रेडितान्तेषु ततोऽन्यत्रापि दृश्यते ।।**

**उभयतः कृष्णं गोपाः । सर्वतः कृष्णम् । धिक् कृष्णाभक्तम् । उपरि उपरि लोकं हरिः । अधि अधि लोकम् । अधो अधो लोकम् ।।**

**३. *अभितः परितः समया-निकषा-हा-प्रतियोगे अपि ।**

**अभितः कृष्णम् । परितः कृष्णम् । ग्रामं समया । निकषा लङ्काम् । हा कृष्णाभक्तम् । =तस्य शोच्यते इत्यर्थः ।। बुभुक्षितं न प्रति भाति किञ्चित् ।।**

---

અહીં પહેલા ઉદાહરણમાં सन्मार्गे એવો સપ્તમ્યન્ત પ્રયોગ થતો નથી; (કોઈ એવો પ્રયોગ કરે તો તે સાચો ગણાતો નથી) તથા બીજા ઉદાહરણમાં पापम् એવો દ્વિતીયાન્ત પ્રયોગ થતો નથી, (કોઈ એવો પ્રયોગ કરે તો તે સાચો ગણાતો નથી). આમ क्वचित्प्रवृत्तिः, क्वचिद् अप्रवृत्तिः એવું 'વ્યસ્થિતિવિભાષા'નું સ્વરૂપ હોય છે.

**(વિશેષ)** પાણિનિએ अभिनिविशश्च । ૧-૪-૪૭ સૂત્ર રજૂ કર્યું હોવાથી सन्मार्गम् अभिनिविशते । જેવા (દ્વિતીયાન્ત) પ્રયોગોને જ સાધુત્વ પ્રાપ્ત થાય છે=સાચા ગણી શકાય છે. પરંતુ લોકમાં ક્યાંક સપ્તમ્યન્ત પ્રયોગો (જેવાકે, पापे अभिनिवेशः) પણ જોવા મળે છે. આથી આવા પ્રયોગોને ક્યાં તો અપાણિનીય (પાણિનિને અસંમત) કહી તે ખોટા છે એમ જાહેર કરવું પડે અથવા તો કોઈક યુક્તિ વાપરીને તેવા પ્રયોગોને પણ પાણિનિની સંમતિ છે એવું સાબિત કરવું પડે. આ દિશામાં ભટ્ટોજિ દીક્ષિતે એક યુક્તિ રજૂ કરી છે. જેવી કે, મંડૂકપ્લુતિ નામની અનુવૃત્તિથી ૧-૪-૪૪માંથી अन्यतरस्याम् પદની અનુવૃત્તિ ૧-૪-૪૭માં આવે છે એમ માનવું અને તે अन्यतरस्याम् વિકલ્પ=વિભાષાને 'વ્યવસ્થિતવિભાષા' માનવી. પરંતુ ભટ્ટોજિ દીક્ષિતના અનુગામી વૈયાકરણોએ આ યુક્તિ સ્વીકારી નથી કેમકે મંડૂકપ્લુતિ ક્યાં માનવી અને ક્યાં ન માનવી એ વિષે કોઈ નિયમ નથી, તથા ભાષ્યકારે 'વ્યવસ્થિતવિભાષા' કેવળ છ સ્થળે જ માની છે :

देवत्रातो[1] गलो[2] ग्राह[3] इति योगे च सद्विधिः[4] ।

मिथस्ते न विभाषन्ते गवाक्षः[5] संशितव्रतः[6] ।।

આમ ભટ્ટોજિ દીક્ષિતે पापे अभिनिवेशः । માં જે વ્યવસ્થિતવિભાષા માની છે, તે ભાષ્યકારને અભિપ્રેત નથી. 'બૃહચ્છબ્દેન્દુશેખર'માં નાગેશ ભટ્ટે पापे अभिनिवेशः । જેવા પ્રયોગોનું સાધુત્વ શોધવા માટે બીજી એક યુક્તિ રજૂ કરી છે.

'મહાભાષ્ય'માં એક વાક્ય આવે છે. एषु अर्थेषु अभिनिविष्टानाम् । (૨-૧-૧ સૂત્રભાષ્ય). અહી ભાષ્યકારે अभि+नि ઉપસર્ગો સહિત √विश ધાતુનો ઉપયોગ કર્યો છે છતાંય દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ કર્યો નથી, પણ एषु अर्थेषु એવો સપ્તમ્યન્ત પ્રયોગ કર્યો છે. આથી એવું સૂચિત થાય છે કે જ્યાં अभि+नि+√विश એટલા વર્ણો **અવિકૃત** સ્વરૂપમાં વપરાયા હોય ત્યાં જ અધારસ્થાનની 'કર્મ' સંજ્ઞા થઈને દ્વિતીયા વિભક્તિ વપરાય છે. દા.ત. अभिनिविशते એ ક્રિયાપદમાં अभिनिविश અવિકૃત સ્વરૂપમાં છે. આથી सन्मार्गम् માં દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે. પરંતુ अभिनिवेश કે अभिनिविष्ट જેવાં રૂપોમાં वि→वे અને श्→ष् એવો વિકાર થયેલો છે, તેથી ત્યાં આધાર સ્થાનની 'કર્મ' સંજ્ઞા થઈ નથી (અને દ્વિતીયા વિભક્તિ વપરાઈ નથી) પણ સપ્તમી વિભક્તિ વપરાઈ છે. 543

**(અનુ૦)** (વાક્યમાં) उप-अनु-अधि કે आङ्=આ ઉપસર્ગ સહિતનો वस् ધાતુ વપરાયો હોય તો ત્યાં પણ આધાર સ્થાનની 'કર્મ' સંજ્ઞા થાય છે.

દા.ત. **१. हरिः वैकुण्ठम् उपवसति । २. हरिः वैकुण्ठम् अनुवसति ।**

**३. हरिः वैकुण्ठम् अधिवसति । ४. हरिः वैकुण्ठम् आवसति ।**

('હરિ વૈકુંઠમાં નિવાસ કરે છે.' અહીં નિવાસ ક્રિયાનું આધારસ્થાન વૈકુંઠ છે, તેની 'અધિકરણ' સંજ્ઞા થઈને સપ્તમી વિભક્તિ **આવવી જોઈએ.** પરંતુ આ સૂત્ર કહે છે કે उप વગેરે ઉપસર્ગ સહિત **√वस** ધાતુ વપરાયો હોય તો આધારસ્થાનની 'કર્મ' સંજ્ઞા જ થાય છે અને દ્વિતીયા વિભક્તિ વપરાય છે.)

**(વાર્તિકો) ૧. 'ભક્ષણ ન કરવું' અર્થવાળો उप+√वस ધાતુ વપરાયો હોય ત્યાં આધારસ્થાનની 'કર્મ' સંજ્ઞા થતી નથી. દા.ત. वने उपवसति । 'વનમાં અનશન-ઉપવાસ કરે છે.' અને वनम् उपवसति । હોય તો તેનો અર્થ થશે : 'વનમાં નિવાસ કરે છે.' ૨. (શ્લોક વાર્તિકઃ) "उभयतः, सर્वतः, धिक्** એવા અવ્યયો અને **उपरि उपरि, अधि अधि, अधो अधो એવાં ત્રણ આમ્રેડિત**[૩૪] **રૂપોનો જ્યાં પ્રયોગ થયો હોય ત્યાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે. આ સિવાય અન્યત્ર પણ દ્વિતીયા વિભક્તિ વપરાય છે." દા.ત.**

**૧. उभयतः कृष्णम् गोपाः । 'કૃષ્ણની બન્ને બાજુએ ગોવાળીઆઓ છે.'**

**૨. सर्वतः कृष्णम् । 'કૃષ્ણની બધી બાજુએ** (ગોપ છે).'

**૩. धिक् कृष्णाभक्तम् । 'જે કૃષ્ણના ભક્તો નથી તેમને ધિક્કાર છે.'**

**૪. उपरि उपरि लोकं हरिः । 'હરિ ઉપરના લોકમાં છે.'**

**૫. अधि अधि लोकं हरिः । 'હરિ ઉપરના લોકમાં છે.'**

**૬. अधो अधो लोकं हरिः । 'હરિ નીચેના** (પાતાળ) **લોકમાં છે.'**

(અહીં उभयतः, જેવા અવ્યયો અને उपरि उपरि જેવાં આમ્રેડિત રૂપોના યોગમાં દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે.)

**૩. अभितः, परितः, समया, निकषा, हा અને प्रति એવા અવ્યયોનો યોગ હોય તો પણ દ્વિતીયા વિભક્તિ વપરાય છે." દા.ત.**

**૧. अभितः कृष्णम् । 'કૃષ્ણની ચારે બાજુએ'**

**૨. परितः कृष्णम् । 'કૃષ્ણની આસપાસ'**

**૩. ग्रामं समया । 'ગામની નજીક'**

**૪. निकषा लङ्काम् । 'લંકાનગરીની નજીક.'**

**૫. हा कृष्णाभक्तम् । 'હા ! કૃષ્ણના અભક્તો'** (તેઓ શોક કરવા યોગ્ય છે.)

**૬. बुभुक्षितं न प्रति भाति किञ्चित् । 'ભૂખ્યા માણસને કશુંય સૂઝતું નથી.**

(અહીં अभितः વગેરે અવ્યયોના અર્થની સાથે જોડાયેલા શબ્દોને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**(વિમર્શ)** પહેલા વાર્તિકની અંદર, उप ઉપસર્ગપૂર્વક √वस ધાતુના સન્દર્ભમાં અર્થભેદે રૂપભેદ થાય છે એની નોંધ લેવાઈ છે. જેમકે,

उपवसति

रामः वनम् उपवसति ।
हरिः वैकुण्ठम् उपवसति ।
(નિવાસ કરે છે.)

रामः वने उपवसति ।
रामः एकादश्यां उपवसति ।
(નિરાહાર રહે છે.)

૩૪. तस्य परमाम्रेडितम् । ૮-૧-૨ બેવડાયેલા રૂપમાંથી જે પાછળનું રૂપ હોય તેને 'આમ્રેડિત' કહે છે. જેમકે, उपरि उपरि । માંથી બીજું રૂપ 'આમ્રેડિત' કહેવાય છે.

અહીં उप+√वसના પ્રયોગમાં, જો 'નિવાસ કરવો' અર્થ અભિવ્યક્ત કરવો હોય તો આધાર સ્થાન-वन-वैकुण्ठ-ની 'કર્મ' સંજ્ઞા થઈને દ્વિતીયા વિભક્તિ લાગે છે. પરંતુ જો અનશન કરવાં-નિરાહાર રહેવું-અર્થ અભિવ્યક્ત કરવો હોય તો આધાર સ્થાન-વન કે અગિયારસનો દિવસ-ની 'કર્મ' સંજ્ઞા થતી નથી; તેની તો 'અધિકરણ' સંજ્ઞા થઈને સપ્તમી વિભક્તિ જ વપરાય છે.

ઉપર બીજા-ત્રીજા વાર્તિકમાં 'ઉપપદ વિભક્તિ'ઓનું વિધાન કરવામાં આવ્યું છે. આપણે જાણીએ છીએ કે વિભક્તિઓ બે પ્રકારની છે : કારક વિભક્તિ અને ઉપપદ વિભક્તિ. અમુક પદાર્થનો અમુક ક્રિયામાં અન્વય છે એવું દર્શાવવા જે (ષષ્ઠી સિવાયની) પ્રથમા-દ્વિતીયાદિ વિભક્તિઓ વપરાય છે તેને કારકવિભક્તિ કહે છે. (ષષ્ઠી વિભક્તિ 'સંબંધ'ની વાચિકા વિભક્તિ છે, તેને અકારકવિભક્તિ કહેવાશે.) પરંતુ જ્યારે કોઈ પદાર્થનો ક્રિયામાં અન્વય ન હોય પણ કોઈ અવ્યય (ના અર્થ)ની સાથે અન્વય હોય ત્યારે તેને વ્યક્ત કરવા માટે જે વિભક્તિ વપરાય તેને ઉપપદ વિભક્તિ કહે છે. ('ઉપપદ' એટલે નજીકનું પદ. અમુક અવ્યયો જ્યારે વાક્યમાં 'ઉપપદ' તરીકે વપરાય ત્યારે તે ચોક્કસ વિભક્તિ લેનારા હોય છે. દ્વિતીયા વિભક્તિ લેનારાં આવાં ઉપપદો-અવ્યયો-ની યાદી અહીં બીજા-ત્રીજા વાર્તિકમાં આપવામાં આવી છે.) દા.ત. अभितः कृष्णम् गोपाः सन्ति । 'કૃષ્ણની ચારે બાજુએ ગોવાળીઆઓ છે.' અહીં कृष्णનો 'છે' (હોવું) ક્રિયામાં અન્વય નથી, પણ अभितः 'ચારે બાજુએ' એવા અવ્યયની સાથે અન્વય છે. તેને વ્યક્ત કરવા માટે कृष्ण શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગી છે. બીજા શબ્દોમાં કહીએ તો-અહીં कृष्णम् શબ્દમાં લાગેલી દ્વિતીયા વિભક્તિ ક્રિયા-કારકભાવને કહેનારી નથી. એટલે કે દ્વિતીયા વિભક્તિનો अम् પ્રત્યય કર્મકારક રૂપી અર્થ કહેનાર નથી. પણ कृष्णનો अभितःની સાથે અન્વય છે એવું દર્શાવવા માટે દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થયો છે.

**(વિશેષ) आधारोऽधिकरणम् ।** ૧-૪-૪૫

(क) अधिशीङ्स्थासां **कर्म ।** ૧-૪-૪૬ (૧)

(ख) अभिनिविशश्च । ૧-૪-૪૭ (૨)

(ग) उपान्वध्याङ्वसः । ૧-૪-૪૮ (૩)

અહીં 'કર્મ' સંજ્ઞા કરનારાં ત્રણ સૂત્રોનું ઝુમખું આવેલું છે. તે ત્રણેયમાં ૧-૪-૪૫ સૂત્રમાંથી आधार શબ્દની અનુવૃત્તિ આવી છે. આથી એ ત્રણેય સૂત્રોની અંદર 'આધાર સ્થાનની' એટલા શબ્દો ઉમેરવાના છે. એ જ પ્રમાણે, ૧-૪-૪૬માંથી कर्म શબ્દની અનુવૃત્તિ ૪૭ અને ૪૮મા સૂત્રમાં આવે છે. હવે ત્રણેય સૂત્રોના અર્થ નીચે પ્રમાણે થશે :

(क) अधि+√शीङ् , अधि+√स्था અને अधि+√आस् ધાતુવાચ્ય ક્રિયાના આધાર સ્થાનની-

(ख) अभि+नि+√विश ધાતુવાચ્ય ક્રિયાના આધાર સ્થાનની-

(ग) उप+√वस् , अन+√वस्, अधि+√वस् અને आ+√वस् ધાતુવાચ્ય ક્રિયાના આધાર સ્થાનની-

'કર્મ' સંજ્ઞા થાય છે (અને કર્મસંજ્ઞા થવાથી દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ કરવામાં આવે છે.)

અહીં વાસ્તવિક દૃષ્ટિએ-તાર્કિક દૃષ્ટિએ-વિચારીએ તો આધારસ્થાનને 'અધિકરણ' જ કહેવું જોઇએ (અને પરિણામે આધારસ્થાનને, આધારસ્થાનવાચક શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવો જોઈએ.) પરંતુ પાણિનિએ જોયું હશે કે ઉપર્યુક્ત ધાતુઓના સન્દર્ભમાં તો આધારસ્થાન 'અધિકરણ' રૂપે લોકમાં રજૂ થતું નથી; પણ 'કર્મ' રૂપે રજૂ થાય છે. આથી તેમણે ઉપર્યુક્ત ત્રણ સૂત્રો રજૂ કર્યાં છે.

આને આધુનિક ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ સમજવું હોય તો (૧) ઉપર્યુક્ત ધાતુઓના પ્રયોગ વખતે deep structureમાં-ભાષકના મનમાં તાર્કિક દૃષ્ટિએ જે 'અધિકરણ' છે, તે Surface structure ઉપર-શબ્દ વ્યવહાર વખતે-દ્વિતીયા વિભક્તિમાં રજૂ થાય છે :

*

545 (१४) **अन्तराऽन्तरेण युक्ते । पा. सू. २-३-४**

546 (१५) **कर्मप्रवचनीयाः । पा. सू. १-४-८३**

**(वृत्तिः) आभ्यां योगे द्वितीया स्यात् ।। (उदाहरणे) १. अन्तरा त्वां मां हरिः । २. अन्तरेण हरिं न सुखम् ।।**

**(वृत्तिः) इति अधिकृत्य ।**

| | | | |
|---|---|---|---|
| Syntactic level | हरिः वैकुण्ठं | अधिशेते । (१-४-४६)<br>अभिनिविशते । (-४७)<br>उपवसति । (-४८) | Surface structure |
| Semantic level | ↑<br>हरिः वैकुण्ठे | अधिशेते ।<br>अभिनिविशते ।<br>उपवसति । | Deep structure |

★

રૂપવિજ્ઞાન (morphology)ની દષ્ટિએ વિચારીએ તો દ્વિતીયા વિભક્તિનાં રૂપઘટકો=પ્રત્યયો /-अम् / /-औट् / -शस् / મહદંશે 'કર્મ' અર્થના વાચક બને છે અને અમુક ધાતુઓના ઉપયોગ (૧-૪-૪૬ થી ૪૮) વખતે 'અધિકરણ' અર્થનો વાચક બને છે :

/-अम् /

કર્મ — અધિકરણ

रामः फलम् अत्ति । — रामः वैकुण्ठम् अधिशेते ।

**(અનુ૦) अन्तरा અને अन्तरेण એવા બે અવ્યયોના યોગમાં દ્વિતીયા વિભક્તિ વપરાય છે. ઉદા.ત. ૧. તારી અને મારી વચ્ચે** (=अन्तरा) **હરિ છે. ૨. હરિ વિના** (=अन्तरेण) **સુખ નથી.** 545

**(વિમર્શ)** ઉપપદવિભક્તિનું વિધાન કરનારું આ સૂત્ર છે : સૂત્રમાં આવેલા युक्ते શબ્દનો અર્થ योगे થાય છે. 'अन्तरा કે अन्तरेण એવા અવ્યયોનો યોગ હોય તો દ્વિતીયા વિભક્તિ થાય.' દા.ત. अन्तरा त्वां मां कृष्णस्य मूर्तिः । અહીં अन्तरा એવા અવ્યયનો યોગ=અર્થગત યોગ युष्मद्-अस्मद्ની સાથે જ છે, हरिની સાથે નથી. આથી युष्मदादिने જ દ્વિતીયા વિભક્તિ લાગી (त्वां-मां) શકે છે. એટલે કે अन्तरा અવ્યયનો 'વચ્ચે-મધ્યમાં' એવો અર્થ જે શબ્દની સાથે જોડાયેલો હોય તે શબ્દને જ દ્વિતીયા વિભક્તિ મળી શકે છે; બીજા કોઈ શબ્દને નહીં. (સાહચર્યના નિયમને આધારે) પ્રસ્તુત સૂત્રમાં આવેલ अन्तरा શબ્દ टाबन्त=આકારાન્ત સ્ત્રીલિંગ શબ્દ નથી, તથા अन्तरेण શબ્દ તૃતીયા એકવચનનું રૂપ નથી એમ નક્કી કરવામાં આવ્યું છે. પરંપરાથી બન્ને શબ્દોને અવ્યય તરીકે જ સ્વીકારાય છે.

**(અનુ૦) कर्मप्रवचनीयाः એવા પદનો અધિકાર કરીને**-(નીચેનાં ૧-૪-૮૪, ૮૫ વગેરે સૂત્રો રજૂ કરવામાં આવે છે.) 546

**(વિમર્શ)** कर्मप्रवचनीयाः । ૧-૪-૮૩ આ અધિકારસૂત્ર છે. હવે પછીનાં (૧-૪-૮૪ થી ૧-૪-૯૮ સુધીનાં) સૂત્રોમાં **कर्मप्रवचनीय** એવું વિધેય પદ અનુવૃત્ત થશે. દા.ત. अनुर्लक्षणे (कर्मप्रवचनीयः) । ૧-૪-૮૪. અર્થાત્ "લક્ષણ અર્થમાં अनु (ઉદ્દેશ્ય)ની 'કર્મપ્રવચનીય' (=વિધેય) સંજ્ઞા થાય છે." આમ પાણિનિએ ૧-૪-૮૩થી 'કર્મપ્રવચનીય'નો અધિકાર કરીને અમુક અમુક प्रादि નિપાતોની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા કરી છે. ત્યાર પછી બીજા અધ્યાયના ત્રીજા વિભક્તિપાદમાં, ૨-૩-૮ વગેરે સૂત્રોથી આ કર્મપ્રવચનીય સંજ્ઞાવાળા નિપાતોના યોગે અમુક ચોક્કસ વિભક્તિઓનું વિધાન કર્યું છે. જેમકે,

| (संज्ञासूत्रो) | (विधिसूत्रो) |
|---|---|
| कर्मप्रवचनीयाः । १-४-८३ | कर्मप्रवचनीयुक्ते द्वितीया । २-३-८ |
| अनुर्लक्षणे । १-४-८४ | — |
| : | पञ्चमी अपाङ्परिभिः । २-३-१० |
| अधिरीश्वरे । १-४-९७ | प्रतिनिधिप्रतिदाने च यस्मात् । २-३-११ વગેરે. |

★

'કર્મપ્રવચનીય' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે રજૂ કરવામાં આવે છે : (कर्म+प्र+√वच्+अनीयर्) कर्म=क्रिया । क्रियां प्रोक्तवन्तः इति कर्मप्रवचनीयाः ।। बाहुलकाद् भूतेऽर्थे कर्तरि 'अनीयर्' । ભૂતકાળમાં (થયેલી) કોઈક ક્રિયાને કહેનાર હોય, પણ વર્તમાનમાં ક્રિયાને કહેનાર ન હોય તેને 'કર્મપ્રવચનીય' કહે છે. દા.ત. जपम् अनु प्रावर्षत् । 'જપને અનુલક્ષીને-કારણે-વરસાદ પડ્યો.' આ ઉદાહરણમાં જપક્રિયા 'લક્ષણ' (હેતુ) છે અને વૃષ્ટિ 'લક્ષ્ય' છે. અહીં अनु કર્મપ્રવચનીય ભૂતકાલિક-જપક્રિયાને કહેનાર છે, પણ વર્તમાનકાળમાં થનારી બીજી કોઈ ક્રિયાનો બોધ કરવાતું નથી. (વૃષ્ટિક્રિયાનો બોધ તો प्रावर्षत् એવા ક્રિયાપદથી જ થઈ જાય છે.)

ભર્તૃહરિએ કર્મપ્રવચનીયનું લક્ષણ આપતાં જણાવ્યું છે કે -

क्रियायाः द्योतको नायं, सम्बन्धस्य न वाचकः ।

नापि क्रियापदाक्षेपी, सम्बन्धस्य तु भेदकः ।। (वा. प. २-२०४)

'કર્મપ્રવચનીય એવું પદ છે કે જે કોઈ ક્રિયાનું દ્યોતક નથી, કોઈ સંબંધનું વાચક નથી, કોઈ ક્રિયાપદનો આક્ષેપ કરનારું નથી; પણ સંબંધવિશેષનું ભેદક=વિશેષક છે.' એક ઉદાહરણ લઈશું : वृक्षं प्रति विद्योतते विद्युत् । 'વૃક્ષ ઉપર/તરફ વિજળી ચમકે છે.' અહીં प्रति કર્મપ્રવચનીય પદ કોઈ ક્રિયાનું દ્યોતક નથી, કેમકે વિદ્યોતન ક્રિયા(પદ) સ્પષ્ટ સંભળાય છે. વળી, ક્રિયાન્તરની પ્રતીતિ પણ અહીં થતી નથી. प्रति પદ લક્ષ્યલક્ષણભાવ રૂપ સંબંધનું વાચક પણ નથી. કેમકે તે સંબંધનું અભિધાન તો ષષ્ઠી વિભક્તિના અપવાદ સ્વરૂપ દ્વિતીયા વિભક્તિથી જ થઈ જાય છે. તથા प्रादेशं विपरिलिखति । (=प्रादेशं विमाय परिलिखति)માં જેવી રીતે वि શબ્દ 'વિમાન' ક્રિયાપદનો આક્ષેપ કરનાર છે તેવી રીતે અહીં प्रति પદ કોઈ ક્રિયાપદ-ક્રિયાન્તર-નો આક્ષેપ કરનાર નથી. પરંતુ वृक्ष અને विद्युत् વચ્ચે જે લક્ષ્યલક્ષણભાવ રૂપ સંબંધ છે, તેનો ભેદક=વિશેષક प्रति શબ્દ છે. અર્થાત્ વૃક્ષ 'લક્ષણ' (લક્ષક) છે અને વિદ્યુત્ 'લક્ષ્ય' છે એનો બોધ કરાવે છે.

કર્મપ્રવચનીયની વિશેષ સમજૂતી આગળ ઉપર મળશે.

**(વિશેષ)** Parts of speechની વિચારણામાં, સંસ્કૃત ભાષામાં ચાર પદો આવેલાં છે એવું મહંદશે સ્વીકારાયું છે. જેમકે, ૧. નામ ૨. આખ્યાત ૩. ઉપસર્ગ અને ૪. નિપાત (અવ્યય). પરંતુ કેટલાક લોકો કર્મપ્રવચનીય પ્રકારના શબ્દોને પાંચમું પદ પણ ગણે છે. ભર્તૃહરિ લખે છે :

द्विधा कैश्चित्पदं भिन्नं चतुर्धा पञ्चधाऽपि च ।

अपोद्धृत्यैव वाक्येभ्यः प्रकृतिप्रत्ययादिवत् ।। (वा. प. ३-१-१)

પાણિનિએ વાક્યમાં બે જ પદો માન્યાં છેઃ સુબન્ત અને તિઙન્ત. યાસ્કે ઉપર્યુક્ત નામાદિ ચાર પદો ગણાવ્યાં છે. પરંતુ ભર્તૃહરિના સમયમાં કેટલાક એવા પણ આચાર્યો હતા કે જેમણે કર્મપ્રવચનીયને પાંચમું પદ ગણવાની વાત કરી છે. ('નિરુક્ત'ના ટીકાકાર દુર્ગાચાર્યે 'ગતિ' (૧-૪-૬૦ થી ૭૯) સંજ્ઞક પદોને છઠ્ઠું પદ ગણનારી એક પરંપરાનો ઉલ્લેખ કર્યો છે.)[૩૫]

---

૩૫. केषांश्चिन्मतानुसारेण गतिकर्मप्रवचनीयभेदेन पञ्च षड् वा पदानि वाक्ये सन्ति ।। निरुक्तम् १-१-८ इत्यत्र दुर्गः ।

547 (१६) **अनुर्लक्षणे । पा. सू. १-४-८४**

548 (१७) **कर्मप्रवचनीययुक्ते द्वितीया । पा. सू. २-३-८**


**(वृत्तिः) लक्षणे द्योत्येऽनुः उक्तसंज्ञः स्यात् । गत्युपसर्गसंज्ञापवादः ॥**

**(वृत्तिः) एतेन योगे द्वितीया स्यात् ॥ (उदाहरणम्) जपम् अनु प्रावर्षत् । हेतुभूतजपोपलक्षितं वर्षणम् इत्यर्थः ॥**

**परा अपि 'हेतौ' (२-३-२३) इति तृतीया अनेन (२-३-८) बाध्यते; 'लक्षणेत्थंभूताख्यान०' (१-४-९०) इत्यादिना सिद्धे, पुनः संज्ञाविधानसामर्थ्यात् ॥**

**(અનુ૦) 'લક્ષણ' અર્થનું દ્યોતન કરનાર અનુની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. આ 'કર્મપ્રવચનીય' સંજ્ઞા** (સંજ્ઞાપ્રકરણમાં આવેલાં गतिश्च । ૧-૪-૬૦ અને उपसर्गाः क्रियायोगे । ૧-૪-૫૯ સૂત્રોથી કરવામાં આવેલી') **'ગતિ' સંજ્ઞા અને 'ઉપસર્ગ' સંજ્ઞાનો અપવાદ છે. અર્થાત્ કર્મપ્રવચનીય સંજ્ઞા ગતિસંજ્ઞા અને ઉપસર્ગસંજ્ઞાનો બાધ કરનારી છે.**

**(વિમર્શ)**




प्र વગેરે ૨૨ શબ્દોની ૧-૪-૫૮ સૂત્રથી 'નિપાત' સંજ્ઞા થાય છે. ક્રિયાના યોગમાં=ક્રિયાપદની આગળ તે વપરાયા હોય (**अभि**गच्छति) તો તેમની ગતિ અને ઉપસર્ગ એવી બે સંજ્ઞાઓ થાય છે. પરંતુ ક્રિયાપદના યોગ વિના, સ્વતન્ત્ર રીતે તેમનો કોઈ ચોક્કસ અર્થમાં પ્રયોગ થયો હોય ત્યારે તેમની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. આમ प्र વગેરે શબ્દોની ત્રણેય સંજ્ઞા થવા આવે છે. પરંતુ આ કર્મપ્રવચનીય સંજ્ઞા વિશેષસંજ્ઞા હોઈને ગતિ અને ઉપસર્ગ સંજ્ઞાનો અપવાદ બને છે; બાધક બને છે.

સૂત્રમાં વપરાયેલા 'લક્ષણ' શબ્દનો અર્થ (૧) લક્ષક અને (૨) કારણ-હેતુ થાય છે. આની વિશેષ સમજૂતી નીચેના સૂત્રમાં જોઈશું.

**(અનુ૦) જેની કર્મપ્રવચનીય સંજ્ઞા કરવામાં આવી છે તે શબ્દોના યોગમાં દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમકે, जपम् अनु प्रावर्षत् । 'જપને ધ્યાનમાં લઈને** (ઇન્દ્ર દેવ) **વર્ષ્યા.' અહીં હેતુભૂત જપને અનુલક્ષીને વર્ષા થઈ** (વૃષ્ટિ થવામાં જપ કારણભૂત-હેતુભૂત છે) **એવો આ ઉદાહરણનો અર્થ છે.**

**हेतौ । ૨-૩-૨૩ પરસૂત્ર હોવા છતાંય, તેનાથી પ્રાપ્ત થતું તૃતીયા વિભક્તિનું વિધાન; આનાથી** (कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮થી) **બાધિત થાય છે. કારણ કે लक्षणेत्थंभूताख्यान० । ૧-૪-૯૦ સૂત્રથી જ 'લક્ષણ' અર્થમાં અનુની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થઈ શકવાની હતી, છતાંય સૂત્રકાર પાણિનિએ ફરીથી अनुर्लक्षणे । ૧-૪-૮૪ એવું નવું સૂત્ર**

**રચીને એ જ કર્મપ્રવચનીય સંજ્ઞાનું વિધાન કર્યું છે.**

**(વિમર્શ)** अनुर्लक्षणे । ૧-૪-૮૪ સૂત્રની વૃત્તિમાં लक्षणे द्योत्ये એવું કહ્યું છે તેનો અર્થ "લક્ષ્યલક્ષણભાવનું દ્યોતન કરવાનું હોય ત્યારે" (અનુની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય) એવો થાય છે. દા.ત. देवः इन्द्रः जपम् अनु प्रावर्षत् । 'ઈન્દ્ર દેવ જપને કારણે/લઈને વર્ષ્યા.' વરસાદ પડવામાં जप હેતુ (કારણ/નિમિત્ત) છે. આ હેતુને જ 'લક્ષણ' કહે છે અને વૃષ્ટિને 'લક્ષ્ય' કહે છે.[૩૬] આ જપ રૂપ લક્ષણનું અને વૃષ્ટિ રૂપ લક્ષ્યનું દ્યોતન કરાવનાર अनु શબ્દની કર્મપ્રવચનીય સંજ્ઞા (अनुर्लक्षणे । ૧-૪-૮૪ થી) થાય છે. अनु એવા કર્મપ્રવચનીયની સાથે જોડાયેલા जप શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.[૩૭]

ભટ્ટોજિ દીક્ષિતે અહીં એક મહત્ત્વની ચર્ચા કરી છે. પ્રસ્તુત ઉદાહરણમાં, વરસાદ પડ્યો એમાં કારણભૂત-હેતુભૂત-જપ છે. (કોઈક ઋષિએ જપ કર્યા અને એના કારણે વરસાદ થયો) એવું દર્શાવવામાં આવ્યું છે. આથી પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં એક हेतौ । ૨-૩-૨૩ સૂત્ર આવેલું છે. એ સૂત્ર કહે છે કે હેતુ અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાય છે. આમ जपम् अनु प्रावर्षद् । ને બદલે जपेन अनु प्रावर्षद् । એવું થવું જોઈએ. વળી, પાણિનિએ જ એક નિયમ એવો બનાવ્યો છે કે એક જ ઉદાહરણમાં જ્યારે બે સૂત્રો પ્રવૃત્ત થવાં આવે ત્યારે એ બે સૂત્રોમાંથી જે પરસૂત્ર હોય તે એકલું જ પ્રવૃત્ત થાય છે. પ્રકૃત ઉદાહરણમાં जप શબ્દને कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ પ્રાપ્ત થઈ છે અને બીજી તરફથી हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી તૃતીયા વિભક્તિ પણ પ્રાપ્ત થઈ છે. આ સ્થિતિમાં જે પરસૂત્ર-પાછળનું સૂત્ર-છે (=हेतौ । ૨-૩-૨૩), તેની પ્રવૃત્તિ થવી જોઈએ. એટલે કે जपेन अनु प्रावर्षद् । એવું થવું જોઈએ. પરંતુ ભટ્ટોજિ દીક્ષિતે અહીં જણાવ્યું છે કે हेतौ । ૨-૩-૨૩ પરસૂત્ર હોવા છતાંય (=પૂર્વસૂત્ર ૨-૩-૮ કરતાં =પરસૂત્ર ૨-૩-૨૩ બલવત્તર હોવા છતાંય) બીજા એક કારણસર પૂર્વસૂત્ર ૨-૩-૮ની જ પ્રવૃત્તિ થાય છે. જેમકે, પાણિનિએ એક સૂત્ર બનાવ્યું છે : 552 लक्षणेत्थंभूताख्यानभागवीप्सासु प्रतिपर्यनवः । ૧-૪-૯૦. તેમાં लक्षण અર્થ દ્યોતિત કરનાર प्रति, परि અને अनु શબ્દોની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા કરી છે. આમ लक्षण અર્થ દ્યોતિત કરનાર अनुની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા ૧-૪-૯૦ સૂત્રથી થઈ શકવાની જ હતી. એને માટે अनुर्लक्षणे । ૧-૪-૮૪ એવું અલગ સૂત્ર રચવાની જરૂર ન હતી. છતાંય પાણિનિએ अनुને માટે એક સ્વતન્ત્ર નવા સૂત્રની (अनुर्लक्षणे । ૧-૪-૮૪ની) રચના કરી છે. આવો વિશેષ યત્ન કરવાની શી જરૂર હશે ? તો એનો જવાબ એ છે કે जपम् अनु प्रावर्षद् । જેવાં ઉદાહરણોમાં પરસૂત્ર હોવાને કારણે જે हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી તૃતીયા વિભક્તિ થવા આવે છે; તેનો બાધ થાય અને जप શબ્દને દ્વિતીયા વિભક્તિ જ થાય.

આ ચર્ચાનો સાર એ છે કે પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં સૂત્રોના બલાબલનો નિર્ણય કરતી વખતે, પહેલે તબક્કે સૂત્રોનો ક્રમાંક ધ્યાનમાં લેવો પડે છે. ક્રમાંકની દષ્ટિએ પૂર્વસૂત્ર કરતાં પરસૂત્ર બળવાન ગણાય છે. પરંતુ બીજે તબક્કે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે જો કોઈ સ્વતન્ત્ર નવો યત્ન કરીને વિશેષ વિધાન કર્યું હોય કે કોઈ કાર્યનું પુનઃ વિધાન કર્યું હોય તો તે પરસૂત્ર કરતાં વધુ બલવત્તર બની જાય છે.[૩૮] આમ कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ કરતાં हेतौ । ૨-૩-૨૩ પરસૂત્ર હોવાથી બળવાન છે. પણ अनु ને 'कर्मप्रवचनीय' સંજ્ઞાનું વિધાન लक्षणेथंभूताख्यान० । ૧-૪-૯૦થી કરવા ઉપરાંત अनुर्लक्षणे । ૧-૪-૮૪થી ફરીથી એ જ સંજ્ઞાનું વિધાન કર્યું છે. આથી 'કર્મપ્રવચનીય' સંજ્ઞાના નિમિત્તે પ્રાપ્ત થતી દ્વિતીયા વિભક્તિનું વિધાન કરનાર (कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૨-૮) સૂત્ર જ અંતે વધુ બલવત્તર સાબિત થાય છે.

---

૩૬. 'લક્ષણ' શબ્દના બે અર્થ છે : लक्ष्यते ज्ञायते अनेन इति लक्षणम् । तच्च हेतुभूतं विवक्षितम् । (૧) લક્ષણ એટલે હેતુ/કારણ. (૨) લક્ષણ એટલે લક્ષક. જેમકે, જપ વૃષ્ટિનું જ્ઞાન કરાવનાર છે, તેથી તે 'લક્ષણ' કહેવાય છે. વૈયાકરણ પરંપરામાં ज्ञानजनकज्ञानविषयत्वं लक्षणत्वम् । 'વર્ષણ ક્રિયાનું જ્ઞાન જન્માવનાર જ્ઞાન, તેનો જે વિષય=જપ, તેને લક્ષણ કહે છે.' આમ લક્ષણ એટલે લક્ષક એવું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. તથા ज्ञानजन्यज्ञानविषयत्वं लक्ष्यत्वम् । જપ જ્ઞાનથી જે જ્ઞાન જન્મે, તેના (-તે જ્ઞાનનો) જે વિષય-વૃષ્ટિ, તેને 'લક્ષ્ય' કહે છે.

૩૭. हेतुभूतजपो हि अत्र लक्षणम् । हेतुत्वं च पूर्वकालवृत्तित्वघटितम् । एवं च वर्षहेतुभूतवरुणजपोत्तरकाले पर्जन्यः प्रावर्षद् इति उत्तरं पर्यवस्यति । तत्र लक्षणत्वं हेतुत्वं च इति द्वयं द्वितीयार्थः । तदुभयम् अमुना द्योत्यते लक्षणत्वं च ज्ञानजनकज्ञानविषयत्वम् । जपज्ञानेन तदुत्तरकालविशिष्टा वृष्टिः ज्ञाप्यते । ततश्च जपात्मकहेतुज्ञानजन्यज्ञानविषयो वर्षण इति बोधः ।। (बालमनोरमा)

૩૮. સૂત્રોનું બલાબલત્વ નક્કી કરવા માટે એક પરિભાષા છે. पूर्वपरनित्यान्तरङ्गापवादानाम् उत्तरोत्तरं बलीयः । (परिभाषेन्दुशेखरः ३८) 'પૂર્વસૂત્ર કરતાં પરસૂત્ર બળવાન છે. પરસૂત્રની અપેક્ષાએ નિત્યસૂત્ર, અને નિત્યસૂત્ર કરતાં અંતરંગસૂત્ર બળવાન છે અને અંતરંગ સૂત્ર કરતાં અપવાદ (વિશેષ) સૂત્ર બળવાન છે.'

549 (१८) **तृतीयार्थे । पा. सू. १-४-८५**

550 (१९) **हीने । पा. सू. १-४-८६**

551 (२०) **उपोऽधिके च । पा. सू. १-४-८७**

552 (२१) **लक्षणेत्थंभूताख्यानभागवीप्सासु प्रतिपर्यनवः । पा. सू. १-४-९०**

---

**(वृत्तिः)** अस्मिन् द्योत्ये 'अनुः' उक्तसंज्ञः स्यात् । (उदाहरणम्) 'नदीम् अनु अवसिता सेना ।' =नद्या सह सम्बद्धा इत्यर्थः । √षिञ् बन्धने क्तः ।

**(वृत्तिः)** हीने द्योत्ये 'अनुः' प्रागवत् । (उदाहरणम्) अनु हरिं सुराः । =हरेः हीना इत्यर्थः ।

**(वृत्तिः)** अधिके हीने च द्योत्ये 'उप' इति अव्ययं प्राक्संज्ञं स्यात् । १. अधिके सप्तमी वक्ष्यते । २. हीने-'उप हरिं सुराः ।।

**(वृत्तिः)** एषु अर्थेषु विषयभूतेषु 'प्रति' आदयः (= प्रति-परि-अनु) उक्तसंज्ञाः स्युः ।।

१. लक्षणे-वृक्षं' प्रति/परि/अनु वा विद्योतते विद्युत् ।

२. इत्थंभूताख्याने-भक्तः विष्णुं प्रति/परि/अनु वा ।

३. भागे-लक्ष्मीः हरिं प्रति/परि/अनु वा । =हरेः भाग इत्यर्थः ।।

४. वीप्सायाम्-वृक्षं वृक्षं प्रति/परि/अनु वा सिञ्चति । अत्र उपसर्गत्वाभावात् न षत्वम् ।। एषु किम् ? परिषिञ्चति ।।

---

**(અનુ૦)** તૃતીયા વિભક્તિનો અર્થ દ્યોતિત કરનાર અનુની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. ઉદા.ત. નદીમ્ અનુ અવસિતા સેના । 'સેના નદીની સાથે જોડાયેલ છે.' અર્થાત્ નદીના સળંગ કિનારા ઉપર સૈન્યે પડાવ નાંખ્યો છે. 'નદીની સાથે સેના સંબદ્ધ છે' એવો ઉદાહરણનો અર્થ છે. બંધનાર્થક અવ+√ષિઞ્ ધાતુને કર્મણિ ભૂતકૃદન્તનો क्त પ્રત્યય લાગવાથી (ઉદાહરણમાં આવેલો) અવસિતા શબ્દ બન્યો છે. 549

**(વિમર્શ)** કર્મપ્રવચનીય સંજ્ઞા કરનારું આ સૂત્ર છે. જુદા જુદા અર્થમાં અનુની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા કરવામાં આવી છે. જેમકે, (૧) 'લક્ષણ' અર્થમાં અને (૨) તૃતીયા વિભક્તિના (સાહિત્યાદિ) અર્થમાં અનુની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. આવા શબ્દોના યોગે कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ વિધિસૂત્રથી દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે :

**(અનુ.)** હીન (નીચું) એવા અર્થનું દ્યોતન કરનાર અનુની પહેલાંની જેમ કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે. ઉદા.ત. अनु हरिं सुराः । 'વિષ્ણુ કરતાં દેવતાઓ નીચા છે.' હરિ=વિષ્ણુથી દેવો હીન છે એવો આ ઉદાહરણનો અર્થ છે.

**(અનુ.)** 'અધિક' અને 'હીન' અર્થનું દ્યોતન કરનાર ઉપ એવા અવ્યયની પણ પૂર્વોક્ત=કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે. દા.ત. ૧. 'અધિક' અર્થનું દ્યોતન કરનાર ઉપની કર્મપ્રવચનીય સંજ્ઞા આ સૂત્રથી થાય છે. ત્યાર પછી 'આ કર્મપ્રવચનીયસંજ્ઞક અવ્યયના યોગે સપ્તમી વિભક્તિ વપરાય છે.' એવું કહેનારું વિધિસૂત્ર આગળ ઉપર (645 यस्मादधिकं यस्य चेश्वरवचनम् । ૨-૩-૯) કહેવામાં આવશે. ૨. 'હીન' અર્થનું દ્યોતન કરનાર ઉપ અવ્યયની કર્મપ્રવચનીય સંજ્ઞા થઈને જ્યાં દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે તેનું ઉદાહરણ-उप हरिं सुराः । 'દેવો વિષ્ણુ કરતાં હીન છે.'

**(અનુ.)** "૧. લક્ષણ ૨. ઇત્થંભૂતાખ્યાન ૩. ભાગ અને ૪. વીપ્સા અર્થોનું દ્યોતન કરનારા પ્રતિ, પરિ અને અનુ શબ્દોની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે." ઉદા.ત.

૧. લક્ષણ અર્થમાં-'વૃક્ષ તરફ/ઉપર/પાસે વિજળી ચમકે છે.'

क. वृक्षं प्रति विद्योतते विद्युत् ।

ख. वृक्षं परि विद्योतते विद्युत् ।

ग. वृक्षम् अनु विद्योतते विद्युत् ।

553 (૨૨) **अभिरभागे । पा. सू. १-४-९१**

**(वृत्तिः) भागवर्जे लक्षणादौ 'अभिः' उक्तसंज्ञः स्यात् (उदाहरणानि) १. हरिम् अभि वर्तते । २. भक्तः हरिम् अभि । ३. देवम् देवम् अभिसिञ्चति ।। 'अभागे' किम् ?-यद् अत्र मम अभिष्यात् तद् दीयताम् ।।**

૨. ઇત્થંભૂતાખ્યાનમાં-'આ વિષ્ણુનો ભક્ત છે.'

**क. भक्तो विष्णुं प्रति । ख. भक्तो विष्णुं परि । ग. भक्तो विष्णुम् अनु ।**

૩. ભાગ અર્થમાં 'લક્ષ્મી વિષ્ણુનો ભાગ છે. (લક્ષ્મી વિષ્ણુની માલિકીની છે.)

**क. लक्ष्मीः हरिं प्रति । ख. लक्ष्मीः हरिं परि । ग. लक्ष्मीः हरिम् अनु ।**

૪. વીપ્સા અર્થમાં-'પ્રત્યેક વૃક્ષને જળ સિંચે છે.'

**क. वृक्षं वृक्षं प्रति सिञ्चति । ख. वृक्षं वृक्षं परि सिञ्चति । ग. वृक्षं वृक्षम् अनु सिञ्चति ।**

**અહીં ૪ ख માં परि શબ્દ ઉપસર્ગ તરીકે કામગીરી બજાવતો નથી** (પણ કર્મપ્રવચનીય છે તેથી તેને ક્રિયાપદની સાથે જોડ્યો નથી, અને અલગ લખ્યો છે.) **એટલે ધાતુના स् કારમાં षत्व થતું નથી. પરંતુ આ ચાર અર્થો સિવાયના સન્દર્ભમાં, परि ઉપસર્ગના યોગે सिञ्चति ક્રિયાપદ હોય તો षत्व થઈ શકશે. એટલે કે परिषिञ्चति । એવો પ્રયોગ થશે.**

**(વિમર્શ)** આપણે સૌથી પહેલા 'લક્ષણ' વગેરેના અર્થ વિચારીશું.

૧. લક્ષણ-लक्ष्यते ज्ञायते अनेन इति लक्षणम् । આ વ્યુત્પત્તિ અનુસાર લક્ષણ એટલે જ્ઞાપક. अनुर्लक्षणे ૧-૪-૮૪માં લક્ષણનો અર્થ જ્ઞાપક જ છે, પણ ત્યાં 'હેતુભૂતજ્ઞાપક' એવો અર્થ વિવક્ષિત છે. જ્યારે આ लक्षणेत्थंभूताख्यान० । ૧-૪-૯૦માં તેનો અર્થ જ્ઞાપક, લિંગ કે ચિહ્ન એવો કરવાનો છે; ઉદાહરણ ઉપરથી જ આ મુદ્દો સ્પષ્ટ થઈ શકે એમ છે. जपम् अनु प्रावर्षद् । અને वृक्षं प्रति/परि/अनु वा विद्योतते विद्युत् । પહેલા ઉદાહરણમાં જપ લક્ષણ=જ્ઞાપક=લક્ષક છે અને બીજા ઉદાહરણમાં વિજળી ક્યાં ચમકે છે ? એનું જ્ઞાપક=ચિહ્ન 'વૃક્ષ' છે.

૨. ઇત્થંભૂતાખ્યાન-અમુક વ્યક્તિ આ પ્રકારની છે એમ કહેનાર. अयं प्रकार इत्थम्, तं प्राप्त इत्थंभूतः, तस्याख्यानमुपपादकमित्थंभूताख्यानम् ।।

૩. ભાગ=સ્વીકાર્ય અંશ 'અમુકનો સ્વામિન્' એવો અર્થ અહીં વિવક્ષિત છે.

૪. વીપ્સા એટલે व्याप्तुं कार्त्स्न्येन सम्बन्धुम् इच्छा=वीप्सा । કોઈ પણ વસ્તુને/વ્યક્તિને સંપૂર્ણ રીતે વ્યાપી વળવાની ઇચ્છા-તેને 'વીપ્સા' કહે છે.

'વૃક્ષ' તરફ વિજળી ચમકે છે' એ પહેલા ઉદાહરણમાં प्रति/परि/अनु એ ત્રણેય શબ્દો લક્ષણ=ચિહ્ન રૂપે વિજળીના જ્ઞાપક બને છે. વિજળી ક્યાં ચમકે છે ? તો વૃક્ષ તરફ એવો જવાબ મળે છે. અહીં વીજળી લક્ષ્ય છે. અને વૃક્ષ લક્ષણ=લક્ષક=જ્ઞાપક છે. આમ વિજળી અને વૃક્ષ વચ્ચેના લક્ષ્યલક્ષણભાવરૂપ સંબધનું प्रति/परि/अनुથી દ્યોતન થાય છે. આથી પ્રસ્તુત સૂત્રથી તે ત્રણની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. ત્યાર પછી कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮થી દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થાય છે.

'આ વિષ્ણુનો ભક્ત છે' અહીં प्रति વગેરે શબ્દો વિષયવિષયિભાવનું દ્યોતન કરે છે. વિષ્ણુ ભક્તિનો વિષય છે અને ભક્ત-ભક્તિમાન્-વિષયી છે. અહીં ભક્ત ભક્તિમાન છે.-અમુક સ્વરૂપનો બન્યો છે. એટલે ભક્તને 'ઇત્થંભૂત' કહેવાશે.

સમુદ્રમંથન-પ્રસંગના સન્દર્ભમાં કહેવાય છે કે લક્ષ્મી વિષ્ણુનો ભાગ છે. આ ઉદાહરણનો અર્થ 'લક્ષ્મીના સ્વામી વિષ્ણુ છે.' એવો થાય છે. विष्णुम् એવી દ્વિતીયા વિભક્તિનો અર્થ 'સ્વામિત્વ' થાય છે અને આ અર્થનું દ્યોતન કરનાર શબ્દો 'प्रति' વગેરે છે.

वृक्षं वृक्षं प्रति/परि/अनु सिञ्चति । 'માળી બાગમાં આવેલા દરેકે દરેક વૃક્ષને પાણી પાય છે.' આ વાક્યમાં 'પ્રત્યેક' અર્થ प्रति વગેરે શબ્દોથી દ્યોતિત થાય છે.[૩૯] 552

**(અનુ૦) "ભાગ સિવાયના,** (ઉપર વર્ણવેલા) **લક્ષણ વગેરે અર્થોનું દ્યોતન अभि શબ્દથી થાય ત્યારે તેની પૂર્વોક્ત કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે." ઉદા.ત.**

૩૯. 'વીપ્સા' અર્થ કહેવા માટે नित्यवीप्सयोः । ૮-૧-૪ સૂત્રથી વૃક્ષ શબ્દનું દ્વિર્વચન=દ્વિત્વ કરવામાં આવ્યું છે. વાસ્તવમાં અહીં દ્વિત્વથી જ 'વીપ્સા' અર્થ કહેવાઈ જાય છે, અને प्रति વગેરે શબ્દો તો ક્રિયાની સાથે જોડાય છે એમ સમજવાનું છે.

554 (२३) **अधिपरी अनर्थकौ । पा. सू. १-४-९३.**

555 (२४) **सुः पूजायाम् । पा. सू. १-४-९४**

(वृत्तिः) **उक्तसंज्ञौ स्तः (उदाहरणे) १. कुतः अधि आगच्छति । २. कुतः परि आगच्छति । गतिसंज्ञाबाधाद् 'गतिर्गतौ' । ८-१-७० इति निघातो न ॥**

(वृत्तिः) **सुसिक्तम् । सुस्तुतम् ॥ अनुपसर्गत्वात् न षः ॥ 'पूजायाम्' इति किम् ? 'सुषिक्तं, किं तव अत्र' । क्षेपः अयम् ॥**

---

१. **हरिम् अभि वर्तते । 'હરિ હોય ત્યાં (વિજય) હોય છે.'** (અહીં હરિ લક્ષણ છે અને વિજય લક્ષ્ય છે.)

૨. **भक्तः हरिम् अभि । 'હરિનો આ ભક્ત છે.'** (અહીં ભક્ત ઈત્થંભૂતાખ્યાન છે. અગાઉના જેવું જ આ ઉદાહરણ છે. આ અર્થનું દ્યોતન કરનાર એક નવો શબ્દ अभि-કેવળ અંહીં નોંધવાનો છે.)

૩. **देवं देवम् अभि सिञ्चति । 'પ્રત્યેક દેવને જળ અર્પે છે.'** (વીપ્સા='પ્રત્યેક દેવને' અર્થનું अभि દ્યોતન કરે છે.)

**સૂત્રકારે अभागे='ભાગ સિવાયના** (એટલે કે ૧. લક્ષણ, ૨. ઈત્થંભૂતાખ્યાન અને ૩. વીપ્સા) **અર્થોમાં જ अभिની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે એમ સંકોચ કર્યો છે એનું શું પ્રયોજન ?** (જવાબ :) **यद् अत्र मम अभिष्यात् तद् दीयताम् । '(પૈતૃકધનમાંથી) જે મારા ભાગનું હોય તે આપવામાં આવે.' અહીં अभिથી ભાગ=અંશ અર્થ સૂચવાતો હોઈને તેની કર્મપ્રવચનીય સંજ્ઞા થશે નહીં;** (કેમકે સૂત્રકારે अभागे એવો નિષેધ કર્યો છે.) (અહીં अभिની કર્મપ્રવચનીય સંજ્ઞા નહીં થવાથી, अभि+स्यात्માં अभिની ઉપસર્ગ સંજ્ઞા થશે. ત્યાર પછી उपसर्गप्रादुर्भ्यामस्तिर्य च्परः । ૮-૩-૮૭ સૂત્રથી षत्व થાય છે : अभिष्यात् ।

**(અનુ૦) અનર્થક** (અર્થ વિનાના) **अधि અને परि શબ્દોની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. દા.ત. ૧. कुतः अधि आगच्छति । 'ક્યાંથી આવે છે ?' ૨. कुतः परि आगच्छति । 'ક્યાંથી આવે છે ?'**

(આ ઉદાહરણમાં कुतः 'ક્યાંથી' અને आगच्छति 'આવે છે' એવા અર્થો મળી રહે છે. આથી તેમની આગળ જોડવામાં આવેલા अधि અને परिના કોઈ જ અર્થો નથી. આવા અનર્થક अधि અને परिની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે.)

(અહીં अधि અને परिની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થવાથી ઉપસર્ગ કે ગતિ સંજ્ઞાનો બાધ થઈ જાય છે.) અહીં अधि અને परिની ગતિ સંજ્ઞાનો બાધ થાય છે[40] એ કારણે अध्यागच्छति । पर्यागच्छति । જેવાં ક્રિયાપદોમાં गतिर्गतौ । ૮-૧-૭૦ સૂત્રથી નિઘાત=સર્વાનુદાત્ત સ્વર થતો નથી.[41] 554

**(અનુ૦) સૂત્રાર્થ : પૂજા** (પ્રશંસા) **અર્થનું દ્યોતન કરનાર सुની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. દા.ત. सुसिक्तम् । 'અહો ! આપે તો સરસ છંટકાવ કર્યો !' सुस्तुतम् । અહો ! આપે તો સુન્દર સ્તુતિ કરી.'** (અહીં સિંચન અને સ્તુતિ કરનાર પ્રત્યે આદર-માનની લાગણી પ્રદર્શિત કરવાનો પ્રયત્ન છે.) **આ ઉદાહરણમાં सुની 'ઉપસર્ગ' સંજ્ઞા થતી નથી, આથી षत्व વિધિ થઇ નથી.** (એટલે કે सुषिक्तम् એવું રૂપ બન્યું નથી.)

---

૪૦. અહીં કોઈને પ્રશ્ન થાય કે ઉપરનાં ઉદાહરણોમાં अधि અને परि જો અનર્થક હોય તો કોઈ પણ પ્રકારના સંબંધનું દ્યોતન થશે નહીં, અને દ્યોત્ય સંબંધનો પ્રતિયોગિ કોઈ પદાર્થ પણ મળશે નહીં, પરિણામે કર્મપ્રવચનીય સંજ્ઞા પ્રયુક્ત દ્વિતીયા વિભક્તિની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ જ ઊભો નહીં થાય. તો આ બે શબ્દોની કર્મપ્રવચનીય સંજ્ઞા કરવાનું શું પ્રયોજન હશે ? આ પ્રશ્નનો જવાબ આપવા માટે આ ચર્ચા રજૂ કરવામાં આવી છે.

૪૧. गतिर्गतौ । ૮-૪-૭૦. 'ગતિ સંજ્ઞાવાળો શબ્દ પરમાં રહેતાં, ગતિ સંજ્ઞક શબ્દને અનુદાત્ત થાય છે. દા.ત. अभ्युद्धति (अभि+उद्+हरति) અહીં ગતિ સંજ્ઞાવાળા अभि શબ્દની પાછળ ગતિ સંજ્ઞાવાળો उद् શબ્દ આવેલો છે, તેથી अभिને અનુદાત્ત સ્વર આપવામાં આવે છે. પ્રકૃતમાં अधि+आ गच्छतिમાં अधिની 'ગતિ' સંજ્ઞા નથી, પણ કર્મપ્રવચનીય સંજ્ઞા છે. માટે તેને ૮-૪-૭૦થી અનુદાત્ત સ્વર મળશે નહીં.

556 (૨૫) अतिः अतिक्रमणे च । पा. सू. १-४-९५

557 (२६) अपिः पदार्थ – सम्भावना-ऽन्ववसर्ग-गर्हा-समुच्चयेषु । पा. सू. १-४-९६.

---

(वृत्तिः) अतिक्रमणे पूजायां च 'अतिः' कर्मप्रवचनीयसंज्ञः स्यात् । (उदा०) अति देवान् कृष्णः ।

(वृत्तिः) एषु द्योत्येषु अपिः उक्तसंज्ञः स्यात् ।। १. 'सर्पिषः अपि स्यात्' । अनुपसर्गत्वात् न षः । सम्भावनायाम् लिङ् । तस्याः एव विषयभूते भवने कर्तृदौर्लभ्यप्रयुक्तं दौर्लभ्यं द्योतयन् 'अपि' शब्दः 'स्याद्' इति अनेन संबध्यते ।। 'सर्पिषः' इति षष्ठी तु 'अपि' शब्दबलेन गम्यमानस्य बिन्दोः अवयवावयविभावसम्बन्धे । इयम् एव हि 'अपि' शबदस्य पदार्थद्योतकता नाम ।। द्वितीया तु न इह प्रवर्तते, सर्पिषः बिन्दुना योगः, न तु अपिना इति उक्तत्वात् ।।

२. 'अपि स्तुयाद् विष्णुम् ।' सम्भावनं शक्त्युत्कर्षम् आविष्कर्तुम् अत्युक्तिः ।।

३. 'अपि स्तुहि' । अन्ववसर्गः=कामचारानुज्ञा ।।

४. 'धिग् देवदत्तम् । अपि स्तुयाद् वृषलम् । गर्हा ।।

५. 'अपि सिञ्च, अपि स्तुहि ।' समुच्चये ।।

---

સૂત્રમાં 'પૂજા અર્થમાં' सुની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે એમ શા માટે કહ્યું છે ? (જવાબ-પૂજા સિવાયના; આક્ષેપ, નિંદા જેવા અર્થોનું દ્યોતન કરવા જો सु શબ્દનો પ્રયોગ થાય તો ત્યાં सुની કર્મપ્રવચનીય સંજ્ઞા થતી નથી.) દા.ત. सुषिक्तं, किं तव अत्र । અહીં (ઉદ્યાનમાં) સરસ છંટકાવ થયો, પણ એમાં તને (છાંટનારને) શો ફાયદો ? (તારા હાથમાં તો કાંઈ ના આવ્યું). અહીં (છંટકાવ કરનારની) નિંદા સમજાય છે. 555

(અનુ૦) 'અતિક્રમણ કરી જવું' અને 'પૂજા' અર્થનું દ્યોતન કરનાર अतिની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે. દા.ત. अति देवान् कृष्णः । 'કૃષ્ણ બધા દેવોને અતિક્રમી ગયા છે.' અને/અથવા 'કૃષ્ણ બધા દેવો કરતાં વધુ પૂજનીય છે.'

(અનુ૦) 'अपि શબ્દથી જ્યારે ૧. પદાર્થ ૨. સંભાવના ૩. અન્વવસર્ગ=યથેચ્છ ક્રિયા કરવાની અનુજ્ઞા; ૪. ગર્હા અને ૫. સમુચ્ચય જેવા અર્થોનું દ્યોતન થતું હોય ત્યારે તે (अपि શબ્દ)ની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે.' 557

ઉદા. ત.

૧. सर्पिषः अपि स्यात् । 'હશે કદાચ ઘીનું (બિન્દુ) પણ.' અહીં स्यात् એવા ક્રિયાપદની આગળ આવેલો अपि શબ્દ ઉપસર્ગ રૂપે રહેલ નથી. આથી षत्व (अपिष्यात) થતું નથી. વળી स्यात् એવા ક્રિયાપદમાં જે लिङ् લકારનો=વિધ્યર્થનો પ્રયોગ થયો છે તે 'સંભાવના' અર્થ આપવા માટે થયો છે. (=√अस भुवि ધાતુને, સંભાવના અર્થ આપનાર लिङ् લકારનો /-यात्/ પ્રત્યય લાગ્યો છે.)

(स्यात् એવા ક્રિયાપદથી સંભાવના રૂપી અર્થ મળે છે. પરંતુ અહીં પ્રશ્ન થશે કે શેની સંભાવના છે ? સંભાવનાનો વિષય કયો છે ? -આની વિચારણા કરતાં ભટ્ટોજિ દીક્ષિત કહે છે :) (स्यात् એવા વિધ્યર્થ ક્રિયાપદથી) સંભાવનાનો જ વિષય બનેલ કોઈક પદાર્થની સત્તાની આકાંક્ષા ઊભી થાય છે ત્યારે તે ભવન=સત્તા ક્રિયાનો કર્તા મળવો દુર્લભ છે. अपि શબ્દ આ દૌર્લભ્યનું દ્યોતન કરે છે; અને એ રીતે તે (अपि શબ્દ) स्यात्ની સાથે જોડાય છે.'

(सर्पिष्→सर्पिषः='ઘીનું' એવા રૂપમાં 'સંબંધ' અર્થમાં વપરાયેલી ષષ્ઠી વિભક્તિથી, ઘીનો સંબંધી-પદાર્થ કયો હશે તેવી જિજ્ઞાસા ઊભી થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો-सर्पिष् લગાડવામાં આવેલી ષષ્ઠી વિભક્તિ કયા પ્રકારના સંબંધની વાચિકા છે ?) सर्पिषः રૂપમાં વપરાયેલી ષષ્ઠી વિભક્તિ, अपि શબ્દની હાજરીથી ગમ્યમાન=સૂચિત થતા 'બિન્દુ'ની સાથે અવયવ-અવયવિભાવ સંબંધમાં પ્રવૃત્ત થઈ છે એમ સમજવાનું છે. આને જ अपि શબ્દની 'પદાર્થ' દ્યોતકતા કહે છે.

આ ઉદાહરણમાં (कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮થી) **દ્વિતીયા વિભક્તિ પ્રવૃત્ત થતી નથી, કારણ કે सर्पिष्-ઘી-નો 'બિન્દુની' સાથે યોગ છે; अपि શબ્દની સાથે નથી.**

**૨. अपि स्तुयाद् विष्णुम् । 'વિષ્ણુ(!)ની સ્તુતિ કરી હોય'** (અહીં વાણી અને મનથી પણ ન જાણી શકાય-અવાઙ્મનસગોચર-એવા વિષ્ણુની સ્તુતિ કરવા કોઈ વ્યક્તિ શક્તિમાન્ છે-એવો વાક્યાર્થ છે.) **આમ આ વાક્યમાં સંભાવન અર્થાત્ અમુક શક્તિનો ઉત્કર્ષ પ્રકટ કરવા માટે અતિશયોક્તિ કરવામાં આવી છે.** (આ વાક્યમાં अपि શબ્દ સંભાવન રૂપી અર્થનું દ્યોતન કરે છે; તેની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે.

**૩. अपि स्तुहि । 'જો ઈચ્છા હોય તો તું સ્તુતિ કર.' અહીં अपि શબ્દ અન્વવસર્ગ રૂપી અર્થનું દ્યોતન કરનાર છે;** (તેની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે.) **અન્વવસર્ગ એટલે કામાચારાનુજ્ઞા; અર્થાત્ યથેચ્છ ક્રિયા કરવાની અનુજ્ઞા.** (આથી સ્તુતિ કરવી હોય તો સ્તુતિ કર, ન કરવી હોય તો ન કરીશ એવો વાક્યાર્થ થાય છે.)

**૪. धिग् देवदत्तम् , अपि स्तुयाद् वृषलम् । 'દેવદત્તને ધિક્કાર છે,** (કેમકે) **તેણે શૂદ્રની પણ સ્તુતિ કરી.'** આ **ઉદાહરણમાં अपि શબ્દ** ગર્હા (નિંદા) **અર્થનું દ્યોતન કરનાર છે,** (તેની કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે.)

**૫. अपि सिञ्च, अपि स्तुहि । 'તું સિંચન પણ કર અને સ્તુતિ પણ કર.' અહીં બન્ને ક્રિયાઓનો સમુચ્ચય છે એવું अपि શબ્દથી દ્યોતન થાય છે,** (આથી તેની પણ કર્મપ્રવચનીય સંજ્ઞા થાય છે.)

**(વિમર્શ)** अपि શબ્દ પૂર્વોક્ત પાંચ અર્થોમાં કર્મપ્રવચનીય સંજ્ઞાવાળો બને છે. આમાંથી પહેલો અર્થ છે : પદાર્થ (=કોઈ પણ વસ્તુ). આ અર્થનું દ્યોતન કરતા अपि શબ્દનો જેમાં પ્રયોગ થયો હોય તેવું ઉદાહરણ છે : सर्पिषः अपि स्यात् । 'હશે કદાચ ઘીનું (બિન્દુ) પણ',[42] આ વાક્યમાં अपि શબ્દ ઘીના બિન્દુનું અથવા તેની દુર્લભતાનું-પદાર્થનું-દ્યોતન કરનાર છે. આથી તેની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. અહીં ઘીના બિન્દુ રૂપી પદાર્થનું દ્યોતન કેવી રીતે થાય છે ? તેની હવે ચર્ચા કરવામાં આવે છે :

सर्पिषः अपि स्यात् । અહીં √अस् भुवि 'હોવું' ધાતુમાંથી 'સંભાવના' અર્થવાળા लिङ् લકારનું स्यात् રૂપ તૈયાર કરવામાં આવે છે. (પાણિનિની પરિભાષામાં જે लिङ् લકારનાં રૂપો છે તેને આપણે વિધ્યર્થનાં રૂપો તરીકે ઓળખીએ છીએ.) એટલે કે -

स्यात्

| પ્રકૃતિ | પ્રત્યય |
|---|---|
| √अस् भुवि | लिङ् લકાર→यात् પ્રત્યય |
| (હોવું) | (સંભાવના અર્થનો વાચક) |

અહીં પ્રકૃતિ-પ્રત્યયનો અર્થ જોતાં આકાંક્ષા થાય છે કે શું હોવાની સંભાવના છે ? એટલે કે 'હોવાની ક્રિયા'નો કોઈક કર્તા હોવો જોઈએ; પણ આ सर्पिषः अपि स्यात् । -વાક્યમાં તો કોઈ કર્તૃપદ-પ્રથમાન્ત પદ-મળતું નથી. ભટ્ટોજિ દીક્ષિતના શબ્દોમાં કહીએ તો (तस्याः=संभावनायाः एव...) સંભાવનાનો જ વિષયભૂત બનેલ 'ભવન' (હોવું) ક્રિયાનો કર્તા, આ વાક્યમાં દુર્લભ છે. આ કર્તાનું દૌર્લભ્ય अपि શબ્દથી દ્યોતિત થાય છે. એટલે કે स्यात् ક્રિયાપદનો કોઈક કર્તા, દા.ત. बिन्दुः જેવા કોઈક પદાર્થનું अपि શબ્દ દ્યોતન કરે છે : सर्पिषः (बिन्दुः) अपि स्यात् । 'ઘીનું (બિન્દુ) કદાચ હશે.' (स्यात्=હશે. શું હશે ? તો 'બિન્દુ'=કર્તા.) આ રીતે अपि શબ્દ स्यात् ક્રિયાપદની સાથે જોડાય છે. અને स्यात् (અકર્મક) ક્રિયાના કર્તા (બિન્દુ રૂપ પદાર્થ)નું દ્યોતન કરે છે.

---

૪૨. કોઈક બ્રાહ્મણ ક્યાંક ભોજન કરીને આવ્યો છે, તેને કોઈ પૂછે છે કે ભોજનમાં ઘીની વાનગીઓ હતી કે કેમ ? તેના જવાબમાં તે બ્રાહ્મણ કહે છે : 'હશે કદાચ ઘીનું (એકાદ બિન્દુ).' અર્થાત્ ઘીની વાનગીની તો ક્યાં વાત કરવી, ઘીનો એકાદ છાંટો-બિન્દુ-હોત તો'ય ઘણું કહેવાત. મતલબ કે રસોઈમાં ઘી જરીકેય વાપર્યું નહોતું.

558 (૨૭) **कालाध्वनोः अत्यन्तसंयोगे । पा. सू. २-३-५**

**(वृत्तिः) इह द्वितीया स्यात् । (उदाहरणानि)**

| | |
|---|---|
| **१. मासं कल्याणी ।** | **१. क्रोशं कुटिला नदी ।** |
| **२. मासम् अधीते ।** | **२. क्रोशम् अधीते ।** |
| **३. मासं गुडधानाः ।** | **३. क्रोशं गिरिः ।** |

**अत्यन्तसंयोगे किम् ? -मासस्य द्विः अधीते ।**

**क्रोशस्य एकदेशे पर्वतः ॥**

सर्पिष् શબ્દને ષષ્ઠી વિભક્તિનો ङस् > अस् પ્રત્યય લાગીને सर्पिषः રૂપ બન્યું છે. ષષ્ઠી વિભક્તિ કોઈક સંબંધની વાચિકા હોય છે. આથી सर्पिषः (ઘીનું) એમ કહેવાથી આકાંક્ષા થાય છે કે 'ઘીનું શું ?' તો (ઉપર જોયું તેમ) अपि શબ્દથી બિન્દુ રૂપી જે પદાર્થ દ્યોતિત થાય છે તેનો બોધ થાય છે. આમ सर्पिषः શબ્દમાં લાગેલી ષષ્ઠી વિભક્તિ अपि શબ્દથી દ્યોતિત થતા बिन्दु પદાર્થની સાથે અવયવ-અવયવિભાવસંબંધે જોડાય છે. (અહીં सर्पिषः-ઘીનું-અવયવિ છે; અને बिन्दुः-ટીપું-એવા પ્રથમાન્ત પદમાં ભાસતો પદાર્થ અવયવ છે.) આને જ अपि શબ્દની પદાર્થ-દ્યોતકતા કહે છે.

ભટ્ટોજિ દીક્ષિત હવે એક સામાન્ય પ્રશ્નનો જવાબ આપે છેઃ सर्पिषः अपि स्यात् । ઉદાહરણમાં अपि શબ્દ (બિન્દુ રૂપી) 'પદાર્થ' અર્થનું દ્યોતન કરતો હોવાથી, પ્રસ્તુત સૂત્રથી તેની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. હવે अपिની કર્મપ્રવચનીય સંજ્ઞા થવાથી कर्मप्रवचनीययुक्ते द्वितीया । ૨-૩-૮ વિધિસૂત્રથી દ્વિતીયા વિભક્તિ પણ થવા આવશે. આ સન્દર્ભમાં ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે પ્રકૃત ઉદાહરણમાં દ્વિતીયા વિભક્તિ પ્રવૃત્ત થતી નથી. કેમકે सर्पिष् (ઘી)નો બિન્દુની જોડે યોગ છે; अपि શબ્દની સાથે યોગ નથી. (જો अपि શબ્દની સાથે सर्पिष् શબ્દનો યોગ હોત તો જ सर्पिष्ને દ્વિતીયા વિભક્તિ લગાડવાનો પ્રશ્ન ઊભો થાત.)

સંભાવના, અન્વવસર્ગ, ગર્હા અને સમુચ્ચય જેવા અર્થોનું દ્યોતન કરતા अपि શબ્દનાં ઉદાહરણ સ્વયંસ્પષ્ટ છે.

**(અનુ.)** "(ગુણ, ક્રિયા અને દ્રવ્યની સાથે) **અત્યંત સંયોગ-સાતત્ય-હોય તો કાલવાચક અને માર્ગવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે." કાલવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગી હોય તેવાં ઉદાહરણો-**

**૧. मासं कल्याणी । એક મહિના સુધી સતત કલ્યાણકારિણી છે.**

**૨. मासम् अधीते । એક મહિના સુધી સતત અધ્યયન કરે છે.**

**૩. मासं गुडधानाः । એક મહિના સુધી સતત ગોળધાણા** (ખાવા મળે છે).

**એ જ પ્રમાણે, માર્ગવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગી હોય તેવાં ઉદાહરણો -**

**૧. क्रोशं कुटिला नदी । એક માઈલ સુધી નદી વાંકીચૂકી** (વહે છે.)

**૨. क्रोशम् अधीते । એક માઇલ સુધી માર્ગ ઉપર અધ્યયન કરે છે.**

**૩. क्रोशं गिरिः । એક માઇલ સુધીના માર્ગ ઉપર પર્વતમાળા** (પથરાયેલી છે).

(આ ત્રણેય ઉદાહરણોમાં અનુક્રમે, ગુણ, ક્રિયા અને દ્રવ્યની સાથે કાલ (વાચક) અને માર્ગ (વાચક)નો અત્યંત સંયોગ છે).

**સૂત્રકારે अत्यन्तसंयोगे-અત્યંત સાતત્ય-સૂચવતા જ કાલવાચક અને માર્ગવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગે છે એમ કેમ કહ્યું છે ? ઉત્તર : ૧. मासस्य द्विः अधीते । 'મહિનાના બે દિવસ જ ભણે છે.'** (અહીં અધ્યયનનું સાતત્ય (સળંગ) એક મહિના સુધી જળવાયું નથી, મહિનાના કેવળ બે દિવસ જ ભણ્યો છે. આથી કાલવાચક માસ શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યો નથી.) ૨. **क्रोशस्य एकदेशे पर्वतः । 'એક માઇલના સળંગ માર્ગમાંથી કોઈ એક ભાગમાં જ પર્વત ઊભો છે.'** (અહીં પર્વત સળંગ એક માઇલના માર્ગ ઉપર પથરાયેલો નથી; આથી માર્ગવાચક क्रोश શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂક્યો નથી.)

**(વિમર્શ)** આ (૨-૩-૫) સૂત્ર અંગેનો વિમર્શ 563 (૩૨) अपवर्गे तृतीया ૨-૩-૬ સૂત્રના વિમર્શમાં જુઓ.

**(વિશેષ)** પાણિનિએ પહેલાં ક્રિયાનાં નિર્વર્તક-સાધન-કારક પદાર્થોની (Semantic roleની) વ્યાખ્યા આપી છે અને ત્યારપછી તેમને અપાદાનાદિ પારિભાષિક સંજ્ઞાઓ આપી છે. આ સંજ્ઞાઓનો ઉપયોગ કરીને જે તે કારક પદાર્થો (Semantic role)ને ધ્વનિશ્રેણીમાં (Surface structure ઉપર) વ્યક્ત કરનારી જુદી જુદી વિભક્તિઓનું વિધાન કર્યું છે. જેમકે,

| | | |
|---|---|---|
| कर्तुरीप्सिततम् → | कर्म → | कर्मणि द्वितीया |
| ध्रुवम् अपाये → | 'अपादानम्' → | अपादाने पञ्चमी |
| Deep structure | પારિભાષિક સંજ્ઞાઓ | Surface structure |

આમ પાણિનિએ ક્રિયાનાં નિર્વર્તક-કારક-પદાર્થોની વ્યાખ્યાઓને કર્તૃકર્માદિ પારિભાષિક સંજ્ઞાઓ સાથે જોડી છે. આ પારિભાષિક સંજ્ઞાઓ દ્વારા (through) દ્વિતીયાદિ વિભક્તિઓનું વિધાન કર્યું છે. પરંતુ ક્યારેક એવું પણ જોવા મળે છે કે કર્તૃકર્માદિ સંજ્ઞાઓ વાપર્યા વિના, અમુક અમુક શબ્દોને સીધું જ વિભક્તિનું વિધાન કર્યું છે. જેમકે, **कालाध्वनोः अत्यन्तसंयोगे द्वितीया ।** ૨-૩-૫. અહીં 'કાલવાચક અને માર્ગવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિ લગાડવી' એવું પ્રત્યક્ષ વિધાન કરવામાં આવ્યું છે. એટલે કે કાલવાચક અને માર્ગવાચક શબ્દોની 'કર્મ' સંજ્ઞા કરીને, પછી તે કર્મસંજ્ઞાના નિમિત્તે (**कर्मणि द्वितीया ।** ૨-૩-૨ સૂત્રથી) દ્વિતીયા વિભક્તિનું વિધાન નથી કર્યું. આનું શું કારણ હશે ?

ઉપર્યુક્ત પ્રશ્નનો જવાબ એ છે કે જો કર્મસંજ્ઞાને નિમિત્તે દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું હોત તો તેનો કર્મણિ પ્રયોગ પણ થઈ શકત. પરંતુ જ્યાં કર્મણિ પ્રયોગ ઇષ્ટ નથી હોતો ત્યાં પાણિનિ દ્વિતીયા વિભક્તિના વિધાનમાં 'કર્મ' સંજ્ઞાને માધ્યમ/નિમિત્ત બનાવતા નથી. એટલે કે **देवदत्तः मासम् अधीते ।** જેવા વાક્યમાં આવેલ દ્વિતીયા વિભક્ત્યન્ત **मासम्** શબ્દને, કર્મણિ પ્રયોગમાં પ્રથમા વિભક્તિમાં મૂકી શકાશે નહીં.

★

(પૂર્વોક્ત વાક્યસ્થ) અધ્યયન ક્રિયામાં માર્ગ અને કાલ તાત્ત્વિક દષ્ટિએ અધિકરણ કારક તો છે જ. પરંતુ પાણિનિના સમયમાં આ શબ્દો 'અત્યન્ત સંયોગ'ની સ્થિતિમાં દ્વિતીયા વિભક્તિમાં રજૂ થતા હશે (અને 'અપવર્ગ'ની સ્થિતિમાં તૃતીયા વિભક્તિમાં રજૂ થતા હશે.) આથી તેમને દ્વિતીયા વિભક્તિનું વિધાન કરવું તો જરૂરી હતું. પરંતુ જો આ શબ્દોને 'કર્મ' સંજ્ઞાને નિમિત્તે દ્વિતીયા વિભક્તિનું વિધાન કરવામાં આવે તો એવા દ્વિતીયાન્ત પદને, કર્મણિ પ્રયોગમાં કોઈ પ્રથમા વિભક્તિમાં ફેરવે. આ ઇષ્ટ નહીં હોવાથી પાણિનિએ તે શબ્દોને સીધું જ દ્વિતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. આમ તાત્ત્વિક દષ્ટિએ કાલ અને માર્ગ અધિકરણ કારક હોવા છતાંય, પાણિનીય વ્યાકરણમાં તેમને રજૂ કરવા માટે વપરાતી દ્વિતીયા વિભક્તિ 'કર્મકારક' સંજ્ઞાના નિમિત્તે જન્મેલી નથી; માટે તે 'ઉપપદ વિભક્તિ' કહેવાય છે. આ સન્દર્ભમાં "કારકાધિકાર (૧-૪-૨૩ થી ૫૫)માં પઠિત સંજ્ઞાનિમિત્તક વિભક્તિઓને 'કારકવિભક્તિ' કહેવાય અને તદ્‌ભિન્ન વિભક્તિઓને "ઉપપદ વિભક્તિ કહેવાય" એવો ફલિતાર્થ પ્રાપ્ત થશે.

અહીં કર્મકારક અને દ્વિતીયા વિભક્તિનો વિષય પૂરો થાય છે.

**(इति द्वितीया)**

## 559 (૨૮) स्वतन्त्रः कर्ता । पा.सू. १-४-५४

**(वृत्तिः) क्रियायां स्वातन्त्र्येण विवक्षितः अर्थः कर्ता स्यात् ॥**

**(અનુ.) ક્રિયા કરવાની બાબતમાં અમુક અર્થ-પદાર્થ-સ્વતન્ત્ર છે એવું કહેવાની ઇચ્છા હોય તો તેની 'કર્તૃ'કારક સંજ્ઞા થાય છે.**

**(વિમર્શ)** કોઈ પણ ક્રિયા કરવા માટે જે કારક સ્વતન્ત્ર હોય તેને 'કર્તા' કહે છે. કર્મ, કરણ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ કારકોનો વ્યાપાર કર્તાના વ્યાપારને અધીન હોય છે, પણ કર્તાનો વ્યાપાર બીજા કોઈ પણ કારકને અધીન હોતો નથી. એક ઉદાહરણથી આ મુદ્દો વિશદ કરીશું : देवदत्तः तण्डुलान् काष्ठैः स्थाल्यां पचति । 'દેવદત્ત ચોખાને લાકડાંથી તપેલીમાં રાંધે છે.' અહીં દેવદત્ત રાંધવાની ક્રિયાનો આશ્રય છે. બીજા શબ્દોમાં કહીએ તો-રાંધવાની ક્રિયાનો જનક છે. રસોડામાં ચોખા હોય, તપેલી હોય અને લાકડાં પણ હોય, પરંતુ જો રસોઈઓ-દેવદત્ત-આ બધી વસ્તુઓને ભેગી કરીને કાર્ય શરૂ નહીં કરે તો એકલા ચોખા કે એકલી તપેલી વગેરે નિષ્ક્રિય જ પડ્યાં રહેવાનાં છે ! આ ચોખા, તપેલી કે લાકડાં દેવદત્તથી નિરપેક્ષ રહીને-સ્વતન્ત્ર રીતે કશુંય કાર્ય કરી શકવાના નથી. બીજા શબ્દોમાં કહીએ તો ચોખા, તપેલી અને લાકડાંનો વ્યાપાર દેવદત્તના વ્યાપારને અધીન છે. જ્યારે સામે પક્ષે, દેવદત્તનો વ્યાપાર કોઈ પણ કારકને અધીન નથી. આમ દેવદત્ત રાંધવાની ક્રિયામાં 'સ્વતન્ત્ર' છે.

स्वतन्त्रः શબ્દનો અર્થ વિચારીએ તો સ્વતન્ત્ર=સ્વાધીન=પ્રધાન. स्वशब्द आत्मवाची । स्व=आत्मा, तन्त्रम्-प्रधानम् यस्य स स्वतन्त्र उच्यते ।।........प्रधानवाचिनः स्वतंन्त्रशब्दस्य इह ग्रहणम् । अनेककारकसाध्यायाम् अपि क्रियायां यथा कस्यचित् स्वातन्त्र्यं तथा 'कारके' (१-४-२३) सूत्रे प्रतिपादितम् । (कैयटः)। આમ સ્વતન્ત્ર શબ્દ 'પ્રાધાન્ય'નો વાચક છે. ક્રિયાસિદ્ધિની અંદર અનેક કારકો કામે લાગે છે/પ્રવૃત્ત થાય છે; એમાંથી જે કારકનું પ્રાધાન્ય હોય તેને 'કર્તૃ'કારક (કર્તા) કહેવામાં આવે છે. તથા એ 'પ્રાધાન્ય' પૂર્વોક્ત પ્રકારનું હોય છે. એટલે કે અન્ય કારકોનો વ્યાપાર કર્તૃકારકને અધીન હોય છે. કર્તૃકારકનો વ્યાપાર અન્ય કારકને અધીન હોતો નથી. ભાષ્યકાર પતંજલિ કહે છે કે कथं पुनर् ज्ञायते कर्ता प्रधान-मिति ? यत्सर्वेषु साधनेषु सन्निहितेषु कर्ता प्रवर्तयिता भवति । (कारके । १-४-२३ इत्यत्र भाष्यम्) 'કર્તા પ્રધાન હોય છે એવું શી રીતે ખબર પડે છે ?' ઉત્તરઃ બધાં સાધનો (કારકો) એકઠાં મળ્યાં હોય ત્યારે તેમને પ્રવૃત્ત કરનાર-તેમને પ્રવર્તાવનાર-ને "કર્તા" કહે છે.

કર્તાના સ્વાતન્ત્ર્યને વધુ વિશદ કરતાં ભર્તૃહરિએ કહ્યું છે કે કરણ વગેરે કારકોને પ્રવૃત્ત કરવાં કે નિવૃત્ત કરવાં તે કર્તાને અધીન હોય છે; પણ કર્તા પોતે કોઈ પણ ક્રિયામાં પ્રવૃત્ત થવા કે નિવૃત્ત થવા સ્વતન્ત્ર-સ્વાધીન-છે. તથા शेते । आस्ते । જેવી ક્રિયાઓમાં કેવળ કર્તા જોવા મળે છે, પણ કરણ વગેરે કારકો એકલાં ક્યાંય જોવા મળતાં નથી. કર્તાનું આવું પ્રાધાન્ય હોય છે.

'ક્રિયાસિદ્ધિમાં જે કારક સ્વતંત્ર હોય તેને 'કર્તા' કહેવામાં આવે છે' એમ કહેવાથી એક શંકા ઉપસ્થિત થાય છેઃ देवदत्तः काष्ठैः तण्डुलान् स्थाल्यां पचति । 'દેવદત્ત લાકડાંથી તપેલીમાં ચોખા રાંધે છે.' અહીં દેવદત્ત નામનો રસોઈઓ રાંધવાની ક્રિયા કરવામાં સ્વતન્ત્ર હોઈ તેની 'કર્તા' સંજ્ઞા થાય છે. પરંતુ ચોખાને ધારણ કરી રાખવામાં તપેલી પણ સ્વતન્ત્ર છે; તો તેની 'કર્તા' સંજ્ઞા થાય કે નહીં ? પતંજલિ આનો જવાબ આપતાં કહે છે કે બધાં કારકોના સમૂહની દૃષ્ટિએ તપેલી (स्थाली) પરતન્ત્ર છે; પણ વ્યક્તિગત રીતે-ચોખાને ધારણ કરી રાખવાની બાબતમાં-તપેલી સ્વતન્ત્ર છે. આથી स्थाली पचति । જેવો પ્રયોગ પણ થઈ શકે. આ જ પ્રમાણે, દહનક્રિયાની અંદર લાકડાં સ્વતન્ત્ર છે, તો તેની પણ 'કર્તા' સંજ્ઞા થઈને काष्ठानि पचन्ति । જેવો પ્રયોગ થઈ શકે. આનું સમર્થન કરવા એક દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે : अमात्यादीनां राज्ञा सह समवाये पारतन्त्र्यं, व्यवाये स्वातन्त्र्यम् । (૧-૪-૨૩ સૂત્રભાષ્ય) 'રાજાની સાથે રહેલા મન્ત્રીઓ પરતન્ત્ર હોય છે, પણ એકલા હોય ત્યારે સ્વતન્ત્ર હોય છે.' આમ દેવદત્તની હાજરીમાં લાકડાં, ચોખા અને તપેલી પરતન્ત્ર છે (=તેમને કર્તૃસંજ્ઞા આપી શકાતી નથી), પણ દેવદત્તની ગેરહાજરીમાં તે પ્રત્યેક સ્વતન્ત્ર રીતે વિવક્ષિત બની શકે છે (=તેમની કર્તૃસંજ્ઞા થઈ શકે છે.)

આ ચર્ચાને જ મનમાં રાખીને ભટ્ટોજિ દીક્ષિતે વૃત્તિમાં स्वातन्त्र्येण **विवक्षित** अर्थः એમ કહ્યું છે. ક્રિયા કરનારાં કારકોના સમૂહમાંથી જે પદાર્થ (=કારક)નું સ્વાતન્ત્ર્ય કહેવાની ઇચ્છા-વિવક્ષા-હોય તેની 'કર્તા' સંજ્ઞા થાય છે. આમ

560 (२९) **साधकतमं करणम् । पा. सू. १-४-४२**

**(वृत्तिः) क्रियासिद्धौ प्रकृष्टोपकारकं कारकं 'करण'संज्ञं स्यात् ।। 'तमप्'ग्रहणम् किम् ? गङ्गायां घोषः ।।**

देवदत्तः पचति । જેવા પ્રયોગની સાથે જ अग्निर्दहति । કે काष्ठानि पचन्ति । ओदनः पच्यते स्वयमेव । અને स्थाली पचति । જેવા પ્રયોગો પણ થાય છે.

આ સન્દર્ભમાં ભર્તૃહરિ કહે છે કે-निष्पत्तिमात्रे कर्तृत्वं सर्वत्रैवास्ति कारके (વા.પ. ३-७-८ अ). "ક્રિયાની નિષ્પત્તિ કરવાની બાબતમાં દરેક કારકમાં 'કર્તૃત્વ' રહેલું છે." આમ કર્તાના વ્યાપારની અપેક્ષા રાખ્યા વિના पचति ક્રિયાના સન્દર્ભમાં स्थाली पचति । કે एधाः पचन्ति । જેવા પ્રયોગ થઈ શકે. અહીં પ્રધાન ક્રિયા-રાંધવાની ક્રિયા-માં જ આ (તપેલી અને લાકડાં) પદાર્થોનું કર્તૃત્વ છે એમ દર્શાવવામાં આવે છે. એ જ પ્રમાણે, (કર્તાના વ્યાપારની અપેક્ષા રાખ્યા વિના असिश्छिनत्ति । જેવો પ્રયોગ પણ થઈ શકે છે. અહીં પ્રધાન-છેદન-ક્રિયામાં असि (તલવાર) પદાર્થનું સ્વાતન્ત્ર વિવક્ષિત હોઈને તેને કર્તૃસંજ્ઞા આપવામાં આવી છે.

પરંતુ આ સન્દર્ભમાં 'વાક્યપદીય' (કાંડ-૩)ના ટીકાકાર હેલારાજ એક મહત્ત્વનો મુદ્દો રજૂ કરે છેઃ-કર્મ, કરણ અને અધિકરણ-એ ત્રણ કારકોની જેમ સ્વવ્યાપારમાં સ્વાતન્ત્ર્ય વિવક્ષા થઈ શકે છે (એટલે કે કર્માદિ ત્રણ કારકોને કર્તૃત્વ આપી શકાય છે.) એમ સમ્પ્રદાન અને અપાદાનની સ્વવ્યાપારમાં સ્વાતન્ત્ર્ય વિવક્ષા થઈ શકતી નથી. કારણ કે એ બન્ને કારકોને (અનુક્રમે) 'લેનાર'ની અને 'છૂટા પડનાર' પદાર્થની અપેક્ષા રહે છે.[૪૩] અર્થાત્ જેમ (देवदत्तः स्थाल्यां पचति । ને બદલે स्थाली पचति । પ્રયોગ થઈ શકે છે. (=તપેલીને કર્તૃત્વ આપી શકાય છે) એમ (देवदत्तः ब्राह्मणाय ददाति । ને બદલે ब्राह्मणः ददाति । એવો પ્રયોગ થઈ શકતો નથી. એ જ પ્રમાણે, (देवदत्तः) अश्वात् पतति । ને બદલે अश्वः पतित । એવો પ્રયોગ થઈ શકતો નથી. એટલે કે સમ્પ્રદાન અને અપાદાન કારકોને પ્રથમા વિભક્તિથી રજૂ કરી શકાતાં નથી. (આમ સમ્પ્રદાન અને અપાદાનની સ્વવ્યાપારમાં સ્વાતન્ત્ર્ય વિવક્ષા નહીં થઈ શકતી હોવાથી પં. રામાજ્ઞા પાંડેય જેવા વૈયાકરણોએ સમ્પ્રદાન અને અપાદાનને 'કારક' જ ગણ્યાં નથી. એમના મતે કર્તા, કર્મ, કરણ અને અધિકરણ એ ચાર જ કારકો છે. જુઓ व्याकरणदर्शनभूमिका કાશી, ૧૯૪૪; પૃ. ૨૦૮, ૨૦૯.)[૪૪]

આ કર્તૃકારકના ત્રણ પ્રકાર જોવા મળે છે : શુદ્ધ, પ્રયોજક હેતુ અને કર્મકર્તૃતા. દા.ત. ૧. કર્તરિ વાક્યરચનામાં 'શુદ્ધ' કર્તા મળે છે. : अरुणा भाष्यं पठति । ૨. પ્રેરક વાક્યરચનામાં 'પ્રયોજક હેતુ (કર્તા) જોવા મળે છે : श्रीनन्दः कृष्णं गोकुलम् गमयति । તથા ૩. કર્મણિ પ્રયોગમાં કર્મની કર્તૃતા જોવા મળે છે : हरिणा ओदनः पच्यते ।

**(વિશેષ)** ઉપરની ચર્ચાના અનુસંધાનમાં જ, પતંજલિના અનુગામી વૈયાકરણોએ કર્તૃકારકની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : स्वातन्त्र्यम् कर्तृत्वं धात्वर्थ-व्यापाराश्रयत्वम् । "ધાતુવાચ્ય ક્રિયાનો જે આશ્રય હોય તેને 'કર્તા' કહે છે." સાધ્ય-ક્રિયા હંમેશા અમૂર્ત હોય છે અને તે (ક્રિયા) અનાધાર ક્યાંય રહી શકતી નથી. આવા ક્રિયાસમૂહનો જે (સાક્ષાત્) આશ્રય હોય તેને 'કર્તા' કહે છે. જેમકે, देवदत्तः ओदनं पचति । રાંધવાની ક્રિયા ક્યાં રહેલી ? રાંધવાની ક્રિયાનો (સાક્ષાત્) આશ્રય કોણ છે ? તો 'દેવદત્ત છે.' આ દેવદત્તને જ 'કર્તા' કહેવામાં આવે છે.) અસાક્ષાત્ અર્થાત્ કર્તા અને કર્મ દ્વારા-through-ક્રિયાને જે ધારણ કરે તે 'અધિકરણ કહેવાય છે.)

★

**(અનુ૦) ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારક પદાર્થ-કારક-ની 'કરણ' સંજ્ઞા થાય છે.** (દા.ત. रामः **बाणेन** रावणं हन्ति । રામ **બાણ વડે** રાવણને હણે છે.)

૪૩. अनपेक्षिते च कर्तरि व्यापारे 'स्थाली पचति', 'एधाः पचन्ति', असिश्छिनत्ति' इति प्रधानक्रियायाम् एव एषा कर्तृत्वम् । सम्प्रदानापादानयोः स्वव्यापारे स्वातन्त्र्यविवक्षा नास्ति । द्वितीयस्य आदातुः अपगन्तुः च अपेक्षणात् ।। (पृ. २४६).

૪૪. આ દષ્ટિએ; કર્તૃકર્માદિ ચાર કારકોની અપેક્ષાએ **આ બે** કારકો નબળાં હોવાથી, કારકાધિકાર (૧-૪-૨૩ થી ૫૫)માં સૌથી પહેલાં અપાદાન (૧-૪-૨૪) અને સમ્પ્રદાન (૧-૪-૩૨) સંજ્ઞાઓનો પાઠ કરવામાં આવ્યો છે. તથા કરણ (૧-૪-૪૨), અધિકરણ (૧-૪-૪૫), કર્મ (૧-૪-૪૯) અને કર્તા (૧-૪-૫૪) જેવી બલવતી સંજ્ઞાઓનો પરસૂત્રોમાં પાઠ કરવામાં આવ્યો છે.

**પ્રસ્તુત સૂત્રમાં** (પ્રકૃષ્ટાર્થક) **तमप् પ્રત્યય કેમ જોડવામાં આવે છે ?** (ઉત્તર:) **गङ्गायां घोषः । 'ગંગા ઉપર** (-ગંગા તટે) **નેસડો છે.'**

**(વિમર્શ)** કોઈ એક ક્રિયા કરવામાં કર્તૃકારક ઉપરાંત, બીજા અનેક પદાર્થ કારકો-વત્તેઓછે અંશે મદદ કરતા હોય છે. આ બધા પદાર્થોને ક્રિયાનાં નિર્વર્તક સાધન કહેવામાં આવે છે. દા.ત. ચોખા, સાણસી, સગડી, તપેલી, લાકડાં વગેરે સાધનોની મદદથી રાંધવાની ક્રિયા થાય છે. આ બધાં ક્રિયા કરનારાં હોઈ, (करोति तत् कारकम् એ વ્યુત્પત્તિ અનુસાર) તેમને સામાન્ય રીતે 'કારક' કહેવામાં આવે છે. અર્થાત્ આ દરેક પદાર્થ ક્રિયા કરનાર છે=ક્રિયાના નિર્વર્તક છે. બીજા શબ્દોમાં કહીએ તો ક્રિયા 'સાધ્ય' છે અને કારકો ક્રિયાનાં સાધન છે, સાધક છે. પાણિનિ આ ૧-૪-૪૨ સૂત્રમાં કહે છે કે સાધનોના સમૂહમાંથી જે સાધન અત્યન્ત ઉપકારક હોય-**સાધકતમ** હોય તેને 'કરણ' કારક કહેવામાં આવે છે.

ભટ્ટોજિ દીક્ષિતે साधकतम શબ્દનું વ્યાખ્યાન 'प्रकृष्ट-उपकारक=અત્યંત ઉપકારક' એવું કર્યું છે. હવે આપણે વિચારીશું કે સાધનોના સમૂહમાંથી 'કરણ' કારકનું 'પ્રકૃષ્ટત્વ' કયા પ્રકારનું હોય છે ? ઉત્તર: यद्व्यापाराद् अनन्तरम् फलसिद्धिः तत्प्रकृष्टत्वम् । 'જે કારક (સાધન)ના વ્યાપાર પછી તરત જ ફલસિદ્ધિ થાય છે, તેને પ્રકૃષ્ટ ઉપકારક=અત્યંત ઉપકારક સાધન કહે છે. આ અત્યંત ઉપકારક સાધનને જ સાધકતમ='કરણ' કારક કહે છે. દા.ત. रामः धनुषः निःसृतेन बाणेन रावणं हन्ति । 'રામ ધનુષ્યમાંથી નીકળેલા બાણથી રાવણને હણે છે.' અહીં હનનક્રિયામાં ધનુષ્ય પણ મદદ કરે છે અને બાણ પણ મદદ કરે છે. આથી તે બન્ને સાધનને 'કારક=ક્રિયાનાં નિર્વર્તક' તો કહેવાશે જ. પરંતુ એ બેમાંથી કેવળ 'બાણ' જ એવું સાધન છે કે જેના વ્યાપાર પછી તરત ફલસિદ્ધિ=રાવણનું હનન (રાવણના પ્રાણોનો વિયોગ) થાય છે. (અહીં ધનુષ્યના વ્યાપાર પછી તરત ફલસિદ્ધિ પ્રાપ્ત થતી નથી.) આથી બાણને જ સાધકતમ ગણીને, તેની 'કરણ'કારક સંજ્ઞા જાહેર કરવામાં આવે છે. ભર્તૃહરિ કહે છે :

क्रियायाः परिनिष्पत्तिर्यद् व्यापाराद् अनन्तरम् ।
विवक्ष्यते यदा तत्र करणत्वं तदा स्मृतम् ।। (वा.प. ३-७-९०)

આમ જે પદાર્થના (=કારકના) વ્યાપાર પછી તરત જ ફલસિદ્ધિ થાય છે, તેને અત્યંત ઉપકારક=પ્રકૃષ્ટ ઉપકારક='કરણ'કારક કહેવામાં આવે છે.

★

હવે એક મહત્ત્વના પ્રશ્નની વિચારણા કરીશું : "સૂત્રમાં જે साधकतमम् શબ્દ આવેલો છે, તેમાં तमप् પ્રત્યય કેમ જોડવામાં આવ્યો છે ?" આ પ્રશ્નનો જવાબ શોધતાં પહેલાં પ્રશ્નકર્તાનો આશય સમજવો ખૂબ જરૂરી છે.

પ્રશ્નકર્તાનો આશય (અથવા પ્રશ્નનું હાર્દ) : પ્રશ્નકર્તાની દષ્ટિએ પ્રસ્તુત સૂત્ર (૧-૪-૪૨)માં तमप् પ્રત્યય લગાડવાની જરૂર નથી. એટલે કે પાણિનિ साधकतमम् करणम् । કહેવાને બદલે साधकं करणम् । એવું જ સૂત્ર કરે તો પણ કશુંય અનિષ્ટ થવાનું નથી. કેમકે तमप् પ્રત્યયથી જે "પ્રકૃષ્ટ=**અત્યંત**" ઉપકારક એવો અર્થ પ્રાપ્ત થાય છે તે બીજી રીતે પણ (=तमप् પ્રત્યયની ગેરહાજરીમાં પણ) પ્રાપ્ત થઈ શકે એમ છે. જેમકે, આ 'કારકપ્રકરણ'માં कारके । ૧-૪-૨૩ એવા સૂત્રનો અધિકાર આવતો હોવાથી साधकं करणम् । સૂત્રમાં कारकम् એટલો અંશ ઉમેરીને જ; (साधकं कारकं करणम्) સૂત્રનો અર્થ કરવામાં આવશે. અહીં करोति तत् कारकम् । અને क्रियते अनेन इति करणम् । એવી વ્યુત્પત્તિથી "જેના વડે ક્રિયા થાય; જે ક્રિયા કરવામાં ઉપકારક હોય તેને 'કરણ' કહે છે." એટલો અર્થ મળે છે. એ અર્થની અંદર, હવે સૂત્રમાં વપરાયેલો ત્રીજો શબ્દ-साधकम्-'ક્રિયા સિદ્ધ કરનાર-ફલપ્રાપ્તિ કરાવનાર' અર્થાત્ 'અત્યંત (પ્રકૃષ્ટ) ઉપકારક' એવો વિશેષ અર્થ ઉમેરી આપશે. शब्दाधिक्याद् अर्थाधिक्यम् । એ નિયમ અનુસાર साधकम् એવા ત્રીજા શબ્દથી આ વિશેષ અર્થ પ્રાપ્ત થશે.[૪૫] આમ साधकं करणम् । એટલું જ (तमप् પ્રત્યય વગરનું) સૂત્ર કર્યું હશે તો પણ 'ક્રિયાસિદ્ધિમાં **પ્રકૃષ્ટ** ઉપકારક કારક'ની "કરણ" સંજ્ઞા થાય છે એવો ઇષ્ટ અર્થ મળી રહેશે. માટે પ્રશ્નકર્તાની દષ્ટિએ સૂત્રમાં तमप् પ્રત્યય લગાડવાની જરૂર નથી. (આમ લાઘવપ્રિય પાણિનિએ तमप् પ્રત્યયની જરૂર ન હોવા છતાંય તેને શા માટે વાપર્યો હશે ?) પાણિનિ હંમેશા સૂત્રની અંદર એક એક શબ્દ અને એક એક અક્ષર વિચારીને સપ્રયોજન મૂકતા હોય છે. આ દષ્ટિએ, પ્રસ્તુત સૂત્ર (૧-૪-૪૨)માં तमप् પ્રત્યયનું પણ કાંઈક પ્રયોજન હોવું જોઈએ.

---

૪૫. 'એક પછી એક શબ્દ બોલાય એટલે એક એક નવો અર્થ ઉમેરાય. આમ જેટલા વધુ શબ્દો તેટલા વધુ અર્થો ઊભા થાય'. कारक અને करणम् શબ્દોના પોતાના જ અર્થો થાય છે કે 'ક્રિયાસિદ્ધિમાં ઉપકારક સાધન.' એમાં વળી ત્રીજો શબ્દ साधकम् લખ્યો હશે તો 'ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટ-અત્યંત ઉપકારક સાધન' એવો અધિક અર્થ પ્રાપ્ત થશે.

ભાષ્યકાર પતંજલિ કહે છે કે આ બીનજરૂરી લાગતો **तमप्** પ્રત્યય એવું સૂચવે છે કે આ 'કારકપ્રકરણ'માં **शब्दाधिक्याद् अर्थाधिक्यम्** । એવો નિયમ[૪૬] સ્વીકારવાનો નથી અને **ગૌણમુખ્ય ભાવનું આશ્રયણ કરવાનું નથી.** (આને જ્ઞાપકવચન કહે છે.) કારણ કે જો આવું સૂચન (જ્ઞાપન) નહીં માનીએ તો નિમ્નોક્ત અનિષ્ટાપત્તિ આવશે : -

સૂત્રકાર પાણિનિએ (૭મી વિભક્તિ લેનાર) 'અધિકરણ' કારકની જે વ્યાખ્યા આપી છે. -(**आधारोऽधिकरणम्** ૧-૪-૪૫) તેમાં 'અધિકરણ' શબ્દ આવેલો છે. આ અધિકરણ શબ્દની **अधिक्रियते अस्मिन् इति अधिकरणम्** । એવી વ્યુત્પત્તિથી જ 'આધાર' રૂપી અર્થની પ્રાપ્તિ થાય છે. તથા સૂત્રમાં જે બીજો શબ્દ આવેલો છે. **आधार**-તેનો અર્થ પણ **आध्रियते अस्मिन् इति आधारः** । 'જેમાં ધારણ કરવામાં આવે છે, તેને આધાર કહે છે.' એવો થાય છે. આમ અહીં પણ **शब्दाधिक्यांद् अर्थाधिक्यम्** । નિયમ અનુસાર અધિકરણ શબ્દ 'પ્રકૃષ્ટ' અર્થનો-'આધારતમ અર્થનો-વાચક બનશે. અર્થાત્ જે આધારતમ સ્થાન હશે તેની જ 'અધિકરણ' સંજ્ઞા બનશે. દા.ત. **तिलेषु तैलम्** । તલમાં તેલ છે. અહીં તલ તેલનું આધારતમ સ્થાન કહેવાય છે. કેમ કે તલના 'સર્વ અવયવ'માં તેલ રહેલું હોય છે. (આ તલ મુખ્ય અધિકરણ કહેવાય છે. પરંતુ **गङ्गायां घोषः** । 'ગંગા ઉપર નેસડો.' અહીં નેસડો (ઘોષ) ગંગાની (ગંગાના જલપ્રવાહની) ઉપર આવેલો નથી; ગંગાના તટ ઉપર તે આવેલો છે. એટલે કે ગંગા 'આધારતમ સ્થાન' નથી; તે ગૌણ આધારસ્થાન છે. તો આવા સ્થળે (-જ્યાં આધારતમ સ્થાન વાચક શબ્દ નહીં હોય, પણ ગૌણ આધારસ્થાનવાચક શબ્દ હશે ત્યાં) 'અધિકરણ' સંજ્ઞા થશે નહીં અને પરિણામે **गङ्गा** શબ્દને સપ્તમી વિભક્તિ લાગીને **गङ्गायाम्** એવો પ્રયોગ પણ નહીં થાય. આ ઇષ્ટ નથી. આપણને ઇષ્ટ તો એ છે કે મુખ્ય આધાર (**तल**)માં અને ગૌણ આધાર **गङ्गा**માં પણ 'અધિકરણ' સંજ્ઞા થાય. આથી આપણે એમ માનવું પડશે કે **આ 'કારકપ્રકરણ'માં शब्दाधिक्याद् अर्थाधिक्यम् નિયમ લગાડવાનો નથી અને** ('અધિકરણ' જેવી સંજ્ઞા કરવા માટે) **ગૌણમુખ્યભાવનું આશ્રયણ કરવાનું નથી.**[૪૭]

આવું (જ્ઞાપન) માનવાથી, **आधारोऽधिकरणम्** । ૧-૪-૪૫ સૂત્રનો "આધારતમ પદાર્થની 'અધિકરણ' સંજ્ઞા થાય છે." એવો અર્થ થશે નહીં; માત્ર "આધાર સ્થાનની 'અધિકરણ' સંજ્ઞા થાય છે" એવો જ અર્થ થશે. આવો સૂત્રાર્થ (**क**) મુખ્ય આધારસ્થાનની અને (**ख**) ગૌણ આધારસ્થાનની 'અધિકરણ' સંજ્ઞા થવા દેશે. એટલે કે **तिलेषु तैलम्** । અને **गङ्गायां घोषः** । જેવાં બન્ને પ્રકારનાં ઉદાહરણો સાધુ=પ્રયોગાર્હ ગણાશે.

એ જ પ્રમાણે, જો આ 'કારકપ્રકરણ'માં **शब्दाधिक्याद् अर्थाधिक्यम्** । એ નિયમ નહીં લાગતો હોય તો, **साधकं करणम्** । એટલું જ (-**तमप्** પ્રત્યય વગરનું) સૂત્ર બનાવ્યું હશે તો તેનાથી "ક્રિયાસિદ્ધિમાં ઉપકારક પદાર્થની 'કરણ' સંજ્ઞા થાય છે." એવો જ સૂત્રાર્થ થશે. આવા સૂત્રાર્થથી તો કોઈપણ કારકની 'કરણ' સંજ્ઞા થઈ જશે (પૂર્વોક્ત ઉદાહરણમાં ધનુષ્ય.અને બાણ બંનેની 'કરણ'સંજ્ઞા થઈ જશે); જે ઇષ્ટ નથી. એટલે 'પ્રકૃષ્ટ' અર્થની પ્રાપ્તિ કરાવવા માટે કોઈક વિશેષ યત્નની જરૂર છે. આમ સૂત્રકારે પ્રકૃષ્ટ ઉપકારક કારકની જ 'કરણ' સંજ્ઞા થાય; (ગમે તે ઉપકારક પદાર્થની-ગમે તે કારકની-'કરણ' સંજ્ઞા ન થાય) એટલા માટે પ્રકૃષ્ટ અર્થ કહેનાર **तमप्** પ્રત્યય જોડ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો આ 'કારકપ્રકરણ'માં જો '**શબ્દાધિક્યથી અર્થાધિક્યની પ્રાપ્તિ થતી નથી.**' એમ માનીશું તો, એ સ્વીકારવું જ પડશે કે કરણ સંજ્ઞા કરનારા ૧-૪-૪૨ **સૂત્રમાં**, જ્યાં **'પ્રકૃષ્ટ-અત્યંત'** અર્થ દર્શાવવો ઇષ્ટ છે, ત્યાં **तमप्** પ્રત્યય ઉમેરવો જ પડશે.

**(વિશેષ)** "ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટ ઉપકારક કારકને **'કરણ'** કહેવામાં આવે છે." અહીં 'જે કારકના વ્યાપાર પછી ક્રિયાનિષ્પત્તિની પ્રાપ્તિ થાય તેને પ્રકૃષ્ટ ઉપકારક કારક=કરણ કારક ગણવું" એવું સ્પષ્ટીકરણ પણ કરવામાં આવ્યું છે.

અહીં એક ભ્રાન્તિ થવાની શકયતા છે. જેમકે, જે કારકના વ્યાપાર પછી ક્રિયાનિષ્પત્તિ-ફલપ્રાપ્તિ થાય, તેને જો 'કરણ' કારક કહેવાતું હશે તો કોઈ પણ ક્રિયામાં આવું કરણકારક તો એક જ હોવાનું. મતલબ કે કોઈ પણ વાકયમાં તૃતીયા વિભક્ત્યન્ત પદ એક જ જોવા મળશે. પરંતુ આ ભ્રાન્તિ સાચી નથી. કેમકે લોકમાં **देवदत्तः अश्वेन पथा दीपिकया**

---

૪૬. **अस्मिन् कारकाधिकारे शब्दसामर्थ्यजन्यार्थप्रकर्षो नाश्रीयते** । 'આ કારકપ્રકરણમાં શબ્દસામર્થ્યને આધારે અર્થગત પ્રકર્ષનું આશ્રયણ થતું નથી.

૪૭. લોકમાં, આપણે જાણીએ છીએ કે આધારતમ સ્થાનમાં-મુખ્ય અધિકરણ-(**तल**)માં અને સામાન્ય અથવા ગૌણ આધાર સ્થાન (**गङ्गा**)માં પણ ('અધિકરણ' સંજ્ઞા થઈને) સપ્તમી વિભક્તિ વપરાય છે. એટલે કે **तिलेषु तैलम्** । અને **गङ्गायां घोषः** । એવા બન્ને પ્રકારનાં આધાર સ્થાનમાં 'અધિકરણ' સંજ્ઞા લાગે છે અને **સપ્તમી** વિભક્તિ વપરાય છે. આ ઇષ્ટસ્થિતિની સિદ્ધિ અર્થે ઉપર્યુક્ત સૂચન (જ્ઞાપન) માનવું પડશે.

561 (૩૦) **कर्तृकरणयोः तृतीया । पा. सू. २-३-१८**

**(कृतिः) अनभिहिते कर्तरि करणे च तृतीया स्यात् ।। (उदाहरणम्) रामेण बाणेन हतः वाली ।। (वार्तिकम्) *प्रकृत्यादिभ्यः उपसङ्ख्यानम्* । (उदाहरणानि) १. प्रकृत्या चारुः । २. प्रायेण याज्ञिकः । ३. गोत्रेण गार्ग्यः । ४. समेन एति । ५. विषमेण एति । ६. द्विद्रोणेन धान्यं क्रीणाति । ७. सुखेन याति । ८. दुःखेन याति । इत्यादि ।।**

याति । જેવા પ્રયોગો પણ મળે છે. અહીં अश्वेन, पथा અને दीपिकया એવાં ત્રણ પદો તૃતીયા વિભક્તિમાં આવેલાં છે. 'વાક્યપદીય' (ત્રીજા કાંડ)ના ટીકાકાર હેલારાજ કહે છે કે એક ગામથી બીજે ગામ જવા માટે, બીજાં કારકો કરતાં અશ્વ પ્રકૃષ્ટોપકારક છે; માર્ગ પણ ચોર લુંટારાના ઉપદ્રવ વિનાનો, સાધુમાર્ગ છે તથા દીપિકા પણ પ્રકાશથી અંધકારને દૂર કરી રહેલી હોવાથી બીજાં સાધનો કરતાં અતિશય ઉપકારક છે. માટે દેવદત્તની ગમનક્રિયામાં આ ત્રણેય પ્રકૃષ્ટોપકારક કરણકારક કહેવાશે.

સૂત્રકારે કારક સામાન્યવાચી 'સાધક' શબ્દને तमप् પ્રત્યય લગાવ્યો છે. આથી કારકાન્તર (બીજાં કારકો)ની અપેક્ષાએ જ અહીં પ્રકૃષ્ટત્વ ધ્યાનમાં લેવાનું છે. સ્વકક્ષામાં એટલે કે અનેક કરણકારકોમાંથી કયું પ્રકૃષ્ટોપકારક છે ? એ વિચારવાનું નથી.[૪૮]

★

'ક્રિયાસિદ્ધિમાં પ્રકૃષ્ટોપકારક પદાર્થની 'કરણ' સંજ્ઞા થાય છે.' આ સન્દર્ભમાં ભર્તૃહરિ કહે છે કે ક્રિયા કરનારાં અનેક પદાર્થો (કારકો)માંથી અમુક કારક પ્રકૃષ્ટોપકારક છે એ દર્શાવવું 'વિવક્ષા'ને અધીન છે.

क्रियायाः परिनिष्पत्तिर्यद् व्यापाराद् अनन्तरम् ।

**विवक्ष्यते** यदा तत्र करणत्वं तदा स्मृतम् ।। (वा. प. ३-७-९०)

આથી स्थाल्यां पचति । 'તપેલીમાં (ચોખા) રાંધે છે.' એમ કહેવાને બદલે, કોઈ વક્તાને રાંધવાની ક્રિયામાં તપેલી પ્રકૃષ્ટોપકારક સાધન છે એવું દર્શાવવાની ઇચ્છા (વિવક્ષા) હોય તો તે स्थाल्या पचति । જેવો પ્રયોગ પણ કરી શકે. આમ બાહ્ય જગત્‌માં કોઈ પદાર્થ ભલે અમુક ક્રિયાનું અધિકરણ હોય; પણ શબ્દ વ્યવહારની અંદર વક્તાની વિવક્ષા મુજબ તે કરણકારક પણ બની શકે. ભર્તૃહરિના શબ્દોમાં કહીએ તો साधनव्यवहारश्च बुद्ध्यवस्थानिबन्धनः (वा. प. ३, ७, ३ अ) જોવા મળે છે.

આમ કરણકારકની ચર્ચામાં ત્રણ મુદ્દા નોંધપાત્ર છે. (૧) ક્રિયાસિદ્ધિમાં જે 'પ્રકૃષ્ટોપકારક' પદાર્થ હોય તેની જ 'કરણ' સંજ્ઞા થાય છે. અહીં 'પ્રકૃષ્ટોપકારક એટલે જે સાધન (કારક)ના વ્યાપાર પછી તરત ફલપ્રાપ્તિ થાય, દા.ત रामः धनुषः बाणेन रावणं हन्ति । હનન ક્રિયામાં ધનુષ્ય પણ ઉપકારક હોવા છતાંય તેના વ્યાપાર પછી ફલપ્રાપ્તિ=રાવણના પ્રાણોનો વિયોગ થતો નથી, તેથી તેને 'કરણ' કહેવાશે જ નહીં. માત્ર 'બાણ'ને જ પ્રકૃષ્ટોપકારક=કરણ કહેવાશે.

(૨) (કર્તા, કર્મ, સમ્પ્રદાન, અપાદાન અને અધિકરણ જેવા) કારકાન્તરની અપેક્ષાએ જ પ્રકૃષ્ટત્વનો વિચાર કરવાનો છે, અનેક 'કરણ' કારકોમાંથી કયું પ્રકૃષ્ટોપકારક તે વિચારવાનું નથી. આથી એક વાક્યમાં-એક ક્રિયામાં-એકથી વધારે કરણકારકો પણ હોઈ શકે. દા.ત. देवदत्तः अश्वेन पथा दीपिकया याति ।

(૩) વાસ્તવિક દષ્ટિએ કોઈ અધિકરણ કારક હોવા છતાંય ક્યારેક વિવક્ષાને અધીન રહીને તેને (પ્રકૃષ્ટોપકારક માનીને) કરણ કારક રૂપે રજૂ કરી શકાય છે. દા.ત. स्थाल्यां पचति । → स्थाल्या पचति । 560

**(અનુ.) વાક્યમાં કર્તા અને કરણ અનુક્ત હોય ત્યારે તેમને તૃતીયા વિભક્તિના પ્રત્યયો લાગે છે. ઉદા.ત. रामेण बाणेन हतः वाली । 'રામે બાણથી વાલીને માર્યો.'** (અહીં हतः એવા કર્મણિ ભૂતકૃદન્તથી કર્મ-वालिन्-ઉક્ત છે, પણ કર્તા અને કરણ કોઈ પણ રીતે ઉક્ત નથી. માટે તે કર્તૃકારક રૂપી અર્થ અને કરણકારક રૂપી અર્થ અભિવ્યક્ત કરવા માટે કર્તા रामને અને કરણ बाणને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.)

૪૮ स्वकक्ष्यासु प्रकर्षश्च करणानां न विद्यते (वा. प. ३-७-९ अ) अत्र हेलाराजः- "स्वस्यां कक्ष्यायां करणभावावस्थायां सजातीयापेक्षः प्रकर्षोऽत्र 'तमप्' प्रत्ययवाच्ये नाश्रीयते, अपि तु साधनसामान्यस्य अनुगतस्य कारकान्तरापेक्षः एव प्रकर्षः 'तमप्' प्रत्ययवाच्यः करणत्वम् आवेदयते ।। साधकशब्दाद् हि कारकसामान्यवाचिनः तमबुत्पन्नस्ततः एव प्रकर्षं गमयति ।। (पृ. ३०८)

(વાર્તિક) ***प्रकृति વગેરે શબ્દોને પણ તૃતીયા વિભક્તિ લાગે છે' એમ કહેવું જોઈએ. *દા.ત.**

**૧. प्रकृत्या चारुः । પ્રકૃતિથી (જ) સુંદર છે.**

**૨. प्रायेण याज्ञिकः । તે મહદંશે યાજ્ઞિક છે.**

**૩. गोत्रेण गार्ग्यः । ગોત્રથી ગાર્ગ્ય (ગર્ગકુળનો) છે.**

**૪. समेन एति । સપાટ રસ્તે જાય છે.**

**૫. विषमेण एति । વિષમ (ખાડાટેકરાવાળા) રસ્તે જાય છે.**

**૬. द्विद्रोणेन धान्यं क्रीणाति । બે દ્રોણ (પવાલી)થી ધાન્ય ખરીદે છે.**

**૭. सुखेन याति । સુખપૂર્વક જાય છે.**

**૮. दुःखेन याति । કષ્ટપૂર્વક જાય છે. વગેરે.**

**(વિમર્શ)** આની અગાઉનાં સૂત્રોમાં અનુક્રમે કર્તૃકારક અને કરણકારક કોને કહેવાય એની વ્યાખ્યા આપવામાં આવી છે. આ બે સૂત્રોને 'સંજ્ઞા સૂત્રો' કહેવાય છે. હવે આ બન્ને સંજ્ઞાસૂત્રોને कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ એવા એક વિધિસૂત્રની સાથે જોડવામાં આવે છે. એટલે કે વાક્યમાં જ્યારે કર્તૃકારકનો કે કરણકારકનો અર્થ અભિવ્યક્ત કરવો હોય ત્યારે તૃતીયા વિભક્તિનો ઉપયોગ થાય છે. જેમકે, रामेण बाणेन हतो वाली । 'રામ વડે બાણથી વાલી હણાયો.' આ એક જ વાક્યમાં કર્તૃકારકને તૃતીયા વિભક્તિ લાગી હોય એનું ઉદાહરણ (रामेण) પણ છે અને કરણકારકને તૃતીયા વિભક્તિ લાગી હોય એનું ઉદાહરણ (बाणेन) પણ છે.

અહીં √हन् ધાતુને 'કર્મ' અર્થમાં કર્મણિ ભૂતકૃદન્તનો क्त > त પ્રત્યય લાગીને हतः રૂપ બન્યું છે. हतः=હણાયો. કોણ હણાયો ?-તો 'વાલી'. આમ કર્મણિ ભૂતકૃદન્તના क्त પ્રત્યયથી હનનક્રિયાનું કર્મકારક-वालिन्- ઉક્ત છે. (આથી वालिन् શબ્દને શુદ્ધ પ્રાતિપદિકાર્થમાં પ્રથમા વિભક્તિ લાગે છે.) પણ હનનક્રિયા કરનાર (કર્તા) કોણ છે ? તે અનુકત છે; અનભિહિત છે. એ જ પ્રમાણે, શેનાથી કયા સાધનથી હનનક્રિયા કરવામાં આવી છે ? તે પણ અનુક્ત છે, અનભિહિત છે. 'આ બંને (કર્તૃકારક અને કરણકારક)ને કહેવા માટે તૃતીયા વિભક્તિ વપરાય છે' એવું પ્રસ્તુત સૂત્ર (૨-૩-૧૮)થી કહેવામાં આવ્યું છે.[૪૯]

આ સૂત્રથી જે તૃતીયા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે, તેને 'કારકવિભક્તિ' કહેવામાં આવશે. કેમ કે તે (અનુકત) કર્તૃકારક અને કરણકારકનો અર્થ અભિવ્યક્ત કરવા પ્રયોજાય છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો, તે કારક સંજ્ઞાના નિમિત્તે પ્રવર્તતી વિભક્તિ છે.

વાર્તિકકારે વાપરેલો प्रकृत्यादि શબ્દ 'प्रकृत्यादि ગણ'નો વાચક છે. પ્રકૃત્યાદિ ગણ એટલે प्रकृति શબ્દ છે આદિમાં જેને એવો શબ્દસમૂહ'. આવા ગણ-શબ્દસમૂહ-માં प्रकृति, प्रायः, गोत्र, सम, विषम વગેરે શબ્દો આવેલા છે. આ 'ગણ' 'આકૃતિ ગણ' માનવામાં આવ્યો છે. એટલે કે આ ગણ અસીમિત છે. પરિણામે આ ગણમાં ઉલ્લેખાયેલા શબ્દો ઉપરાંત બીજા જે શબ્દો આ પ્રકારના હોય અને તૃતીયા વિભક્તિમાં વપરાતા હોય તેમણે પણ આ ગણમાં સમાવી શકાય છે. દા.ત. नाम्ना सुतीक्ष्णः । चरितेन दान्तः । વગેરે.

**(વિશેષ)** प्रकृत्यादिभ्यः उपसङ्ख्यानम् । એવા વાર્તિકથી 'प्रकृति, प्रायः गोत्र વગેરે શબ્દોને તૃતીયા વિભક્તિમાં મૂકવા જોઈએ' એમ કહેવામાં આવ્યું છે. પરંતુ સૂક્ષ્મ દષ્ટિએ વિચારતાં જણાય છે કે કેટલાંક શબ્દોને માટે આવું વાર્તિક રચવાની જરૂર નથી.

૧. प्रकृत्या चारुः । સ્વભાવથી જ સુન્દર છે, (અલંકારાદિની જરૂર નથી.) અહીં અલંકાર વગેરે કરણોનો નિષેધ કરીને, 'પ્રકૃતિ'નું કરણત્વ સ્વીકારીશું ત્યારે कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ સૂત્રથી જ प्रकृति શબ્દને તૃતીયા વિભક્તિ લાગી શકશે.

---

૪૯. કર્તરિ પ્રયોગમાં ति-तस्-अन्ति વગેરે ક્રિયાપદના પ્રત્યયોથી 'કર્તા' ઉક્ત હોય છે, માટે તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. કર્મણિ પ્રયોગમાં (पच्यतेમાંના) य પ્રત્યયથી અથવા કર્મણિ ભૂત કૃદન્તના त પ્રત્યયથી 'કર્મકારક' ઉક્ત હોય છે. માટે કર્મને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. પરંતુ આ કર્મણિ પ્રયોગમાં કર્તા અનુક્ત હોય છે, તેથી તેને તૃતીયા વિભક્તિમાં મૂકવો પડે છે. અનુક્ત કર્તાને વિભક્તિમાં મૂકવો જોઈએ એવું આ સૂત્રથી કહેવામાં આવ્યું છે.

562 (૩૧) **दिवः कर्म च । पा. सू. १-४-४३**

563 (૩૨) **अपवर्गे तृतीया । पा. सू. २-३-६**

**(वृत्तिः) दिवः साधकतमं कारकं 'कर्म'संज्ञं सपत्, चात् (=च कारात्) 'करण'संज्ञम् ।। (उदाहरणम्) अक्षैः दीव्यति । (अथवा) अक्षान् दीव्यति ।।**

**(वृत्तिः) अपवर्गः फलप्राप्तिः, तस्यां द्योत्यायां कालाध्वनोः अत्यन्तसंयोगे तृतीया स्यात् । (उदाहरणे) १. अह्ना अनुवाकः अधीतः । २. क्रोशेन अनुवाकः अधीतः ।। 'अपवर्गे ' किम् ? मासम् अधीतः, न आयातः ।।**

૨. प्रायेण याज्ञिकः । અહીં ઘણા બધા આચાર રૂપી હેતુથી 'અમુક વ્યક્તિ યાજ્ઞિક છે' એવું સૂચવાય છે માટે इत्थंभूतलक्षणे । ૨-૩-૨૧ સૂત્રથી જ प्राय શબ્દને તૃતીયા વિભક્તિ લાગી જશે.

૩. गोत्रेण गार्ग्यः । અહીં પણ इत्थंभूतलक्षणे । ૨-૩-૨૧ સૂત્રની પ્રવૃત્તિ શક્ય છે.

૪. समेन एति । विषमेण एति । અહીં (समं विषमं च गमनं करोति । અર્થમાં) सम અને विषमને ક્રિયાવિશેષણ લઈશું તો દ્વિતીયા વિભક્તિ થવા આવશે. તેનો નિષેધ કરીને, આ વાર્તિકના કહેવા મુજબ આ શબ્દોને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે. આ સન્દર્ભમાં વાર્તિકની જરૂર છે એમ કહેવાશે.

પરંતુ समेन विषमेण वा पथा एति । એવો પથાનો અધ્યાહાર લઈશું તો सम અને विषम 'કરણ' જ કહેવાશે. જેથી कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮થી જ તૃતીયા વિભક્તિ પ્રવૃત્ત થશે. આ સન્દર્ભમાં વાર્તિકની જરૂર નહીં રહે.

૫. द्विद्रोणेन धान्यं क्रीणाति । અહીં ક્રયણ ક્રિયાના 'કરણ' રૂપે द्विद्रोण રજૂ થયેલ છે. આથી ૨-૩-૧૮થી તૃતીયા વિભક્તિ થશે.

૬. सुखेन दुःखेन वा याति । અહીં सुखजनकं यानं करोति । એ અર્થમાં सुख અને दुःख ક્રિયાવિશેષણ બને છે. આથી દ્વિતીયા વિભક્તિ પ્રાપ્ત થશે,[૫૦] તેને રોકવા આ વાર્તિકની જરૂર પડશે. વગેરે. 561

**(અનુ૦) '√दिव्** (જુગટું રમવું) (૪થો ગણ) **ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે** (दिव् ધાતુવાચ્ય ક્રિયાના), **સાધકતમ=પ્રકૃષ્ટોપકારક કારકની 'કર્મ' સંજ્ઞા પણ થાય છે.' આ સૂત્રમાં પાણિનિએ** (સમુચ્ચયાર્થક) **ચકાર લખ્યો છે. તેથી** (√दिव् ધાતુવાચ્ય ક્રિયાના સાધકતમ પદાર્થ-કારક-ની) **'કરણ' સંજ્ઞા પણ થાય છે. દા.ત. (देवदत्तः) अक्षैः दीव्यति । 'દેવદત્ત પાસાથી** (જુગટું) **રમે છે'** (અહીં જુગટું રમવા માટે પાસા જરૂરી છે, પ્રકૃષ્ટોપકારક છે, સાધકતમ છે. આથી તેની 'કરણ' સંજ્ઞા થશે. આવા કરણકારકને कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ સૂત્રથી તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.)

**अथवा अक्षान् दीव्यति । 'દેવદત્ત પાસા રમે છે.'** (આ સૂત્રે કહ્યું છે કે √दिव् ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે સાધકતમ કારક-પ્રકૃષ્ટોપકારક પદાર્થ-ની 'કર્મ' સંજ્ઞા પણ થાય છે. આથી अक्ष શબ્દને 'કર્મકારક' પણ કહી શકાશે. આવા કર્મકારકને कर्मणि द्वितीया । ૨-૩-૨ થી દ્વિતીયા વિભક્તિમાં -अक्षान्- મૂકવામાં આવે છે.[૫૧]

**(વિર્મશ)** दीव्यति એટલે 'જુગટું રમે છે.' આ ક્રિયામાં પ્રકૃષ્ટોપકારક જે પદાર્થ-अक्ष-છે તેને કરણકારક કહેવાશે. આમ તાર્કિક દષ્ટિએ (અથવા અર્થવિજ્ઞાન Semantics-ની દષ્ટિએ) अक्ष (પાસા) 'કરણ' જ છે. પરંતુ અંદર, શબ્દવ્યવહારમાં (Syntactic level ઉપર) તેની બે રીતે રજૂઆત થાય છે : ક્યારેક તે કરણ રૂપે તૃતીયા વિભક્તિમાં રજૂ થાય છે. અથવા ક્યારેક કર્મ તરીકે દ્વિતીયા વિભક્તિમાં રજૂ થાય છે. અહીં કરણની કર્મ રૂપે જે રજૂઆત થાય છે તે લક્ષણામૂલક જણાય છે. (દા.ત. 'પત્તાં રમે છે'=પત્તાથી જુગાર રમે છે.) 562

**(અનુ૦) 'અપવર્ગ' એટલે 'ફલપ્રાપ્તિ'. આવી ફલપ્રાપ્તિ દર્શાવવી હોય ત્યારે અત્યંત સંયોગવાળા કાલવાચક અને માર્ગવાચક શબ્દોને તૃતીયા વિભક્તિ લાગે છે. ઉદા.ત. ૧ अह्ना अनुवाकः अधीतः । '(એક) દિવસમાં અનુવાક ભણી લીધો.' ૨. क्रोशेन अनुवाकः अधीतः । '(એક) માઈલ સુધીના માર્ગ ઉપર અનુવાક ભણી લીધો.'** (અનુવાક એટલે ઋક્યજુઃસમૂહ)

---

૫૦. क्रियाविशेषणानां कर्मत्वं नपुसंकलिङ्गता च । સીરદેવકૃત બૃહત્પરિભાષાવૃત્તિ-૫૪.

૫૧. પાસા માટે अक्ष શબ્દ વપરાય છે. કારણ કે લાકડાના પાસાના દરેક બાજુએ જુદી જુદી સંખ્યામાં આંખ (अक्षि)નું ચિત્ર દોરવામાં આવતું હશે. આથી, લક્ષણાથી પાસાને પણ अक्ष કહેવાતો હશે.

## 564 (૩૩) **सहयुक्ते अप्रधाने । पा. सू. २-३-१९**

**(वृत्तिः) सहार्थेन युक्ते अप्रधाने तृतीया स्यात् । (उदा०) पुत्रेण सह आगतः पिता ।। एवं साकं सार्धं समं योगे अपि ।। विना अपि तद्योगं तृतीया 'वृद्धो यूना तल्लक्षणश्चेदेव विशेषः । १/२/६५' इत्यादिनिर्देशात् ।।**

**આ સૂત્રમાં 'अपवर्गे' એવી શરત કેમ મૂકવામાં આવી છે ?** (અર્થાત્ 'ફલપ્રાપ્તિ થઈ હોય ત્યારે (જ) તૃતીયા વિભક્તિ વપરાય છે એમ શા માટે કહ્યું છે ?) **આનો જવાબ એક ઉદાહરણથી આપવામાં આવ્યો છે : मासम् अधीतः । 'એક મહિના સુધી સતત વેદનો અમુક ભાગ=અનુવાક ભણ્યો ? પરંતુ** (न आयातः) **કશુંય આવડ્યું નહીં !** (અર્થાત્ એક મહિનો સતત ભણવા છતાંય ફલપ્રાપ્તિ થઈ નથી; માટે કાલવાચક मास શબ્દને તૃતીયા વિભક્તિ લાગી શકતી નથી. તેને कालाध्वनोरत्यन्तसंयोगे । ૨-૩-૫ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ જ લાગે છે.)

**(વિમર્શ)** સ્થળ અને કાળ કોઈપણ ક્રિયાનાં શાશ્વત અધિકરણો છે. એટલે કે કોઈપણ ક્રિયા સ્થળ અને કાળની મર્યાદામાં રહીને જ અસ્તિત્વમાં આવતી હોય છે. આવા સ્થળ-કાળને વાક્યમાં કઈ રીતે, કઇ વિભક્તિ દ્વારા અભિવ્યક્ત કરવા તે દર્શાવવા માટે પાણિનિએ બે સૂત્રો રજૂ કર્યાં છે. :

૧. कालाध्वनोः अत्यन्तसंयोगे (द्वितीया) । २-३-५

૨. (कालाध्वनोः) अपवर्गे तृतीया । २-३-६

આ સૂત્રોમાં અર્થનિયમનપૂર્વક વિભક્તિપ્રદર્શન કર્યું છે. એટલે કે કાલવાચક અને માર્ગવાચક શબ્દોને એક અર્થમાં દ્વિતીયા વિભક્તિ લાગે છે, બીજા અર્થમાં તૃતીયા વિભક્તિ લાગે છે. જેમકે,

**કાલવાચક અને માર્ગવાચક શબ્દો**

| 'અત્યન્ત સંયોગ' રૂપી અર્થ દર્શાવનારા હોય તો દ્વિતીયા વિભક્તિ વાપરવી (૨-૩-૫) | 'અત્યન્ત સંયોગ' ઉપરાંત 'ફલપ્રાપ્તિ' દર્શાવનારા હોય તો તૃતીયા વિભક્તિ વાપરવી (૨-૩-૬) |
|---|---|
| ૧. मासम् अधीते । | मासेन अधीते । |
| ૨. क्रोशम् अधीते । | क्रोशेन अधीते । |

કોઈ વ્યક્તિ સતત બાર વર્ષ સુધી વ્યાકરણ ભણે અને તેને વ્યાકરણ બરાબર આવડે તો द्वादशवर्षैः व्याकरणम् अधीतम् । એમ કહેવાય, એટલે કે અધ્યયન ક્રિયાનું ફળ પ્રાપ્ત થયું છે-વ્યાકરણ આવડ્યું છે-એવું દર્શાવવા કાલવાચક वर्ष શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. બીજી કોઈ વ્યક્તિ સતત બાર વર્ષ વ્યાકરણ ભણે છે, પણ તેને વ્યાકરણ આવડતું નથી તો द्वादशवर्षाणि व्याकरणम् अधीतम् । એમ કહેવાય. અહીં અધ્યયન-ક્રિયા સતત બાર વર્ષ સુધી થઇ છે, પણ ફલપ્રાપ્તિ થઇ નથી. આથી કાલવાચક वर्ष શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકી શકાશે નહીં; તેને તો દ્વિતીયા વિભક્તિમાં મૂકવો પડશે (द्वादशवर्षाणि).

આમ અર્થભેદે વિભક્તિભેદ થતો જોવા મળે છે. એકના એક કાલવાચક કે માર્ગવાચક શબ્દને જુદો જુદો અર્થ દર્શાવવા માટે જુદી જુદી વિભક્તિ લગાડવામાં આવે છે. 563

**(અનુ૦) सह શબ્દના અર્થની સાથે જોડાયેલ અપ્રધાન-**(કર્તૃ-કારક)**ને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. : ઉદા.ત. पुत्रेण सह आगतः पिता । 'પુત્રની સાથે પિતા આવ્યા.'**

**એ જ પ્રમાણે साकम् , सार्धम् , समम् શબ્દોના યોગે પણ** (તૃતીયા વિભક્તિ વપરાય છે.)

**વળી, આ सह વગેરે શબ્દોનો યોગ ન હોય** (કેવળ તે શબ્દોના અર્થ પ્રતીત થતા હોય) **તો પણ તૃતીયા વિભક્તિ**

565 (૩૪) **येन अङ्गविकारः । पा. सू. २-३-२०**

**(वृत्तिः) येन अङ्गेन विकृतेन अङ्गिनः विकारः लक्ष्यते, ततः तृतीया स्यात् । (उदा.) अक्ष्णा काणः ।। =अक्षिसम्बन्धिकाणत्व-विशिष्टः ।। अङ्गविकारः किम् ? अक्षि काणम् अस्य ।।**

**વપરાય છે. પાણિનિના वृद्धो यूना तल्लक्षणश्चेदेव विशेषः । ૧-૨-૬૫ સૂત્ર ઉપરથી આ મુદ્દો સૂચિત થાય છે.** (આ સૂત્રમાં પણ સહ શબ્દ વાપર્યો નથી, છતાંય યુવન્ શબ્દને તૃતીયા વિભક્તિ-યૂના- લગાડવામાં આવી છે. તેથી પૂર્વોક્ત સૂચન મળે છે.)

**(વિમર્શ)** આ સૂત્ર 'ઉપપદ વિભક્તિ'નું વિધાન કરનારું છે. વાક્યમાં **સહ** શબ્દ ઉપપદ (નજીકના પદ) તરીકે વપરાયો હોય તો તે (**સહ**) શબ્દના અર્થની સાથે જોડાયેલા શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા.ત. **पुत्रेण सह आगतः पिता ।** 'પુત્રની સાથે પિતા આવ્યા.' **સહ** શબ્દનો અર્થ 'સાહચર્ય' છે. કોનું સાહચર્ય ? તો 'પુત્રનું સાહચર્ય'. આમ **पुत्र** શબ્દ **सह** શબ્દના અર્થની સાથે જોડાયેલો છે. આથી તેને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. અહીં આગમન-ક્રિયા (આવવાની ક્રિયા) કરનાર પ્રધાન કર્તા 'પિતા' છે. જોકે પુત્ર પણ આવવાની ક્રિયા કરે છે, પરંતુ તેનો **સહ**ની સાથે અન્વય છે; તેથી તે અપ્રધાન કર્તા કહેવાય છે. આવા અપ્રધાન કર્તૃકારકને (**સહ**ની સાથે યોગ હોય ત્યારે) તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે (पुत्रेण).

ભટ્ટોજિ દીક્ષિત એક સ્પષ્ટતા કરે છે કે **सह** શબ્દ પોતે અને **सह** શબ્દના અર્થ જેવા અર્થવાળા **साकम्, सार्धम्, समम्** ઈત્યાદિ શબ્દોના યોગે પણ તૃતીયા વિભક્તિ વપરાય છે. દા.ત. **रामेण सार्धम् सीता वनं गच्छति ।**

ભટ્ટોજિ દીક્ષિતે બીજી એક સ્પષ્ટતા પણ ઉમેરી છે : આ **सह** વગેરે શબ્દોનો યોગ ન હોય (વાક્યમાં તેમનો સ્પષ્ટ પ્રયોગ ન થયો હોય) તો પણ (જો તેમનો અર્થ પ્રતીત થતો હોય તો) તૃતીયા વિભક્તિ વપરાય છે.

(કારણ કે) પાણિનિનું એક સૂત્ર છે : **वृद्धो यूना तल्लक्षणश्चेदेव विशेषः ।** ૧-૨-૬૫. **यूना सह उक्तो वृद्धः=गोत्रं शिष्यते ।** 'યુવપ્રત્યયાન્ત નામની સાથે ઉચ્ચારવામાં આવેલા ગોત્ર નામનો એકશેષ થાય છે.[૫૨] એવો અર્થ પ્રતીત થાય છે. અહીં સૂત્રકારે સૂત્રની અંદર **सह** (यूना सह) એવો **स्पष्ट** ઉલ્લેખ કર્યો નથી. સૂત્રાર્થ કરતી વખતે તેની (**सहार्थनी**) પ્રતીતિ થાય છે. આથી યુવન્ શબ્દને પાણિનિએ તૃતીયા વિભક્તિમાં (**यूना**) મૂક્યો છે. આમ પાણિનિના આ સૂત્ર ઉપરથી જ જ્ઞાપિત (સૂચિત) થાય છે કે **सह** વગેરે શબ્દોની ગેરહાજરીમાં તૃતીયા વિભક્તિ વપરાય છે. 564

**(અનુ.) જે અંગના વિકારથી અંગિનૂનો વિકાર લક્ષિત થાય તે** (અંગવાચક શબ્દ)**ને પણ તૃતીયા વિભક્તિ લાગે છે. ઉદા.ત.** (रमेशः) **अक्ष्णा काणः । 'રમેશ આંખથી કાણો છે.' આ ઉદાહરણનો અર્થ 'આંખ સંબંધિ કાણત્વથી વિશિષ્ટ** (રમેશ)**' એવો અર્થ થાય છે.**

(પ્રશ્ન) **સૂત્રમાં 'अंगविकारः=અંગિનૂનો વિકાર** (લક્ષિત થાય ત્યારે)**' એમ કહેવાથી શું ફલિત થાય ?** (ઉત્તર) **अक्षि काणम् अस्य (रमेशस्य) । 'આ (રમેશ)ની આંખ કાણી છે** (આંખમાં કાણાપણું છે.)**'** (અહીં અંગિન્= રમેશના એક અંગનું વિકૃતપણું=કાણાપણું લક્ષિત થાય છે. અંગિન્નો વિકાર=રમેશનું કાણત્વ કહેવાતું નથી. માટે અંગવાચક શબ્દ अक्षिને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવતી નથી. અર્થાત્ આ સન્દર્ભમાં પ્રસ્તુત સૂત્ર લાગતું નથી.

**(વિમર્શ)** જે અંગના વિકારથી અંગિન્ (શરીરના વિકારથી શરીરી=શરીરમાં રહેનાર આત્મા) વિકૃત છે એમ કહેવાતું હોય ત્યાં અંગવાચક શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. એટલે કે જ્યારે કોઈ અંગની વિકૃતિનો, અંગી ઉપર આરોપ કરે ત્યારે તે અંગવાચક શબ્દને તૃતીયા વિભક્તિ લાગે છે. દા.ત. अक्ष्णा काणः । पादेन खञ्जः । વગેરે.

---

૫૨. गर्गस्य गोत्रापत्यं गार्ग्यः । 'ગાર્ગ્ય' ગોત્રનામ છે. तस्य गार्ग्यस्य अपत्यं युवा इति गार्ग्यायणः । 'ગાર્ગ્યાયણ' યુવાપત્યનું નામ છે. હવે गार्ग्यश्च गार्ग्यायणश्च इति । એનો એકશેષ દ્વન્દ્વ કરતાં ('યુવપ્રત્યયાન્ત-ગાર્ગ્યાયણ-ની સાથે ઉચ્ચારવામાં આવેલ ગોત્ર નામ-गार्ग्य-નો એકશેષ થાય છે' એમ સૂત્ર મુજબ) गार्ग्यौ । રૂપ બને છે.

## 566 (૩૫) इत्थंभूतलक्षणे च । पा. सू. २-३-२१

## 567 (૩૬) संज्ञो अन्यतरस्यां कर्मणि । पा. सू. २-३-२२

---

**(वृत्तिः) कञ्चित्प्रकारं प्राप्तस्य लक्षणे तृतीया स्यात् । (उदा०) जटाभिः तापसः । =जटाज्ञाप्यतापसत्वविशिष्टः इत्यर्थः ।।**

**(वृत्तिः) सम्पूर्वस्य जानातेः कर्मणि तृतीया वा स्यात् । (उदा.) पित्रा पितरं वा सञ्जानीते ।।**

---

એક ઉદાહરણની ચર્ચા કરીશું. अक्ष्णा काणः रमेशः । (આંખથી) રમેશ 'કાણો' છે. અહીં ખરેખર તાત્ત્વિક દૃષ્ટિએ રમેશ (અંગી=આત્મા) કાણો નથી; પણ રમેશની આંખ કાણી છે.-અંગિન્‌નું એક અંગ (આંખ) કાણું છે-છતાંય રજૂઆત એવી રીતે થઈ છે કે रमेशः काणः । રમેશ (અંગી=આત્મા) કાણો છે. અહીં અંગની વિકૃતિ-અંગનું કાણાપણું-અંગિન્ ઉપર આરોપિત થયું છે. માટે અંગવાચક अक्षि શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે : अक्ष्णा ।

જ્યારે अक्षि काणम् अस्य (रमेशस्य) । એમ કહીએ છીએ ત્યારે અંગનો વિકાર-આંખનું કાણાપણું=અંગી ઉપર આરોપવામાં આવતું નથી. અહીં તો સ્પષ્ટ કહેવામાં આવે છે કે આ રમેશની આંખ કાણી છે; રમેશ (આત્મા) કાણો નથી. આમ અહીં અંગના વિકારથી અંગીનો વિકાર કહેવાતો નથી. માટે અંગવાચક શબ્દ अक्षिને તૃતીયા વિભક્તિમાં મૂકવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. 565

★

**(અનુ.) ઈત્થંભૂત='એક વ્યક્તિ અમુક સ્વરૂપની છે/અમુક પ્રકારની છે' એવું કહેનાર શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા. जटाभिः तापसः । 'જટાઓથી તાપસ છે** (એવું જણાય છે.)**' જટાઓથી સૂચવાતા તાપસત્વથી વિશિષ્ટ** (આ વ્યક્તિ છે) **એવો આ ઉદાહરણનો અર્થ છે.**

**(વિમર્શ)** કોઈ વ્યક્તિના માથે મોટી જટાઓ હોય તો તેનાથી જણાય છે કે આ વ્યક્તિ તપસ્વી છે. અહીં જટાઓ લક્ષણ છે. કેમકે આ વ્યક્તિ ઈત્થંભૂત=આ પ્રકારની તપસ્વી છે એવું સૂચાવનાર જટાઓ છે. આ લક્ષણવાચક જટા શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો તાપસત્વ 'જ્ઞાપ્ય' છે અને જટાઓ 'જ્ઞાપક' છે.

**(અનુ.) સમ ઉપસર્ગપૂર્વક √ज्ञा अवबोधने** (जानाति) **ધાતુના કર્મકારકને વિકલ્પે તૃતીયા વિભકિત થાય છે. ઉદા.ત. पित्रा सञ्जानीते ।** (પક્ષમાં). **અથવા पितरं सञ्जानीते ।** (વિપક્ષમાં) **'પિતાને સારી રીતે જાણે છે.'**

**(વિમર્શ)** 'અષ્ટાધ્યાયી'માં વપરાયેલા वा, विभाषा અને अन्यतरस्याम् એ ત્રણેય શબ્દો વિકલ્પાર્થક છે એવું પરંપરાથી મનાય છે. સૂત્રમાં જ્યારે આ ત્રણમાંથી ગમે તે એક શબ્દ વાપર્યો હોય ત્યારે તે સૂત્રની પ્રવૃત્તિ વૈકલ્પિક બની જાય છે. અર્થાત્ ક્યાંક એ સૂત્ર પ્રવૃત્ત ન પણ થાય. એ રીતે, પ્રસ્તુત સૂત્ર જ્યાં પ્રવૃત્ત થશે ત્યાં सम्+√ज्ञा ધાતુના ('સારી રીતે જાણે છે' એ ક્રિયાના) કર્મકારકને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે. જેમકે, पित्रा सञ्जानीते । તથા જ્યાં આ સૂત્ર પ્રવૃત્ત નહીં થાય ત્યાં કર્મકારકને कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવશે. જેમકે, पितरं सञ्जानीते । અહીં सञ्जानीते=સારી રીતે જાણે છે. કોને/શું સારી રીતે જાણે છે ? (અથવા તો જાણવાની ક્રિયાનું 'કર્મ' શું છે ?) તો 'પિતાને' (સારી રીતે જાણે છે.) આમ 'પિતા' કર્મકારક કહેવાશે. આ કર્મકારકને તૃતીયા કે દ્વિતીયા વિભક્તિ લાગશે.

★

568 (૩૭) **हेतौ । पा. सू. २-३-२३**

**(वृत्तिः) हेत्वर्थे तृतीया स्यात् ।। द्रव्यादिसाधारणं निर्व्यापारसाधारणं च हेतुत्वम् । करणत्वं तु क्रियामात्रविषयं व्यापारनियतं च ।। (उदा०) दण्डेन घटः । (पुण्येन गौरवर्णः) * । पुण्येन दृष्टः हरिः ।**

**१. फलम् अपि इह हेतुः । 'अध्ययनेन वसति' ।**

**२. गम्यमाना अपि क्रिया कारकविभक्तौ प्रयोजिका । (क) 'अलं श्रमेण ।' श्रमेण साध्यं नास्ति इत्यर्थः इह साधनक्रियाम् प्रति श्रमः करणम् । (ख) 'शतेन शतेन वत्सान् पाययति ।' शतेन परिच्छेद्य इत्यर्थः ।**

**३. (वार्तिकम्)* अशिष्टव्यवहारे 'दाणः' प्रयोगे 'चतुर्थी-अर्थे तृतीया* । 'दास्या संयच्छते कामुकः । धर्म्ये तु 'भार्य्यायै संयच्छति ।।**

---

(અનુ.) **સૂત્રાર્થ : " 'હેતુ' અર્થમાં તૃતીયા વિભક્તિ થાય છે."** (અહીં એક સ્પષ્ટીકરણ કરવાનું કે 'હેતુ' અને કરણ પરસ્પરથી ભિન્ન છે :-) **દ્રવ્ય**[૫૩]**, ગુણ અને ક્રિયાસામાન્યને જન્માવનાર; વ્યાપારરહિતનો જે પદાર્થ હોય તેને "હેતુ" કહેવાય છે.** (આ હેતુને સામાન્ય અર્થમાં નિમિત્તકારણ કહી શકાય.) **પરંતુ માત્ર ક્રિયાને જન્માવનાર અને વ્યાપારયુક્ત જે પદાર્થ હોય તેને 'કરણ' કહેવાય છે.**

**હેતુનાં ઉદાહરણો આ પ્રમાણે છે :-**

**(क) दण्डेन घटः । 'દંડથી ઘડો** (બને છે).' (ઘટ>દ્રવ્ય)

[**(ख) पुण्येन गौरवर्णः । 'પુણ્યથી ગૌરવર્ણ પ્રાપ્ત થયો છે'.**] (ગૌરવર્ણ>ગુણ)

**(ग) पुण्येन दृष्टः हरिः । 'પુણ્યથી હરિ જોયો.'** (દષ્ટ>ક્રિયા)

(અહીં દ્રવ્ય, ગુણ અને ક્રિયા જન્ય છે; તથા હેતુ જનક છે.)

**૧. ફલને પણ અહી 'હેતુ'** ગણવામાં આવે છે : **अध्ययनेन वसति । 'અધ્યયન કરવાને માટે રહ્યો છે.'**

૨. (અધ્યાહાર કે અનુમાનથી) **ગમ્યમાના** (=સૂચિત થતી) **ક્રિયા પણ** કારકવિભક્તિમાં **પ્રયોજિકા બને છે. દા.ત. (क) अलं श्रमेण । 'શ્રમથી અટકી જાય.'** (આ કાર્ય) **શ્રમથી સિદ્ધ કરી શકાય એવું નથી-એવો આ વાકચનો અર્થ છે. અહીંઆ જે ક્રિયા સાધ્ય છે તેના પ્રત્યે 'શ્રમ' કરણકારક છે. (ख) शतेन शतेन वत्सान् पाययति । 'સો સો-થી વાછરડાંઓને પાણી પાય છે.' અહીં 'સો સો-ના જૂથમાં વહેંચીને** (પાણી પાય છે)' **એવો વાકચાર્થ છે.**

**૩. વાર્તિક : "શિષ્ટોને માન્ય ન હોય તેવો વ્યવહાર પ્રદર્શિત કરનાર √दाण् दाने ધાતુનો પ્રયોગ** હોય ત્યારે **ચતુર્થી વિભક્તિના** (સમ્પ્રદાન) **અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાય છે." દા.ત. दास्या संयच्छते कामुकः ।** 'કામુક દાસીને (ધનાદિ) **આપે છે.'** (અહીં કામુકવ્યક્તિનો દાસી સાથેનો વ્યવહાર અધર્મ્ય છે; તેથી દાસી શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવાને બદલે તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.) **જ્યાં ધર્મ્ય વ્યવહાર હોય છે ત્યાં તો (पतिः) भार्य्यायै संयच्छति । એવો પ્રયોગ જ થાય છે.** (પતિ પોતાની પત્નીને ધનાદિ આપે તો તે ધર્મ્ય છે, એમાં કશુંય અયોગ્ય નથી. આથી भार्य्या શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી; તેને ચતુર્થી વિભક્તિમાં જ મૂકવામાં આવશે.)

**(વિમર્શ)** 'હેતુ' અર્થમાં તૃતીયા વિભક્તિ થાય છે. અર્થાત્ હેતુવાચક શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. અહીં પ્રશ્ન થાય કે સૂત્રમાં આવેલ 'હેતુ' શબ્દનો અર્થ શો છે ? હેતુ બે પ્રકારના જોવા મળે છે : (૧) तत्प्रयोजको हेतुश्च । ૧-૪-૫૫ "પ્રયોજ્ય કર્તાના પ્રેરક કર્તા (પ્રયોજક કર્તા)ને 'હેતુ' કહેવામાં આવે છે." (૨) લૌકિક હેતુ=નિમિત્તકારણને પણ 'હેતુ' કહેવામાં આવે છે. પ્રસ્તુત સૂત્ર (૨-૩-૨૩)માં પહેલા પ્રકારના પારિભાષિક 'હેતુ'નું ગ્રહણ કરવાનું નથી; પણ બીજા પ્રકારના 'લૌકિક હેતુ'નું ગ્રહણ કરવાનું છે. પરંતુ અહીં બીજી શંકા એ થાય છે કે લૌકિક હેતુ પણ એક પ્રકારનું 'કરણ' જ છે. આથી कर्तृकरणयोः तृतीया । ૨-૩-૧૮ થી જ હેતુવાચક શબ્દોને પણ તૃતીયા વિભક્તિ લાગી

---

* ભટ્ટોજિ દીક્ષિતે આ ઉદાહરણ આપ્યું નથી. પરંતુ ગુણ જન્માવવામાં જે 'હેતુ' હોય એવું ઉદાહરણ આપવું જરૂરી હોવાથી આ ઉદાહરણ અમે ઉમેર્યું છે.-સંપાદક

૫૩. द्रव्यादिसाधारणम् એટલે દ્રવ્ય, ગુણ અને ક્રિયાસામાન્યને જન્માવનાર.' (आदिना गुणक्रिययोः संग्रहः)

શકશે. અર્થાત્ हेतौ । ૨-૩-૨૩ એવું અલગ નવું સૂત્ર કરવાની જરૂર નથી. આ શંકાને દૂર કરવા ભટ્ટોજિ દીક્ષિતે 'હેતુ' અને 'કરણ'નો તફાવત દર્શાવતાં કહ્યું છે કે-द्रव्यादिसाधारणं निर्व्यापारसाधारणं च हेतुत्वम् । करणत्वं तु क्रियामात्रविषयं व्यापारनियतं च ।। અર્થાત્ દ્રવ્ય, ગુણ અને ક્રિયાસામાન્યને જન્માવનાર; વ્યાપાર રહિતનો જે પદાર્થ હોય તેને 'હેતુ' કહેવાય છે. એટલે કે દ્રવ્ય, ગુણ અને કર્મનું જે નિમિત્તકારણ હોય તેને 'હેતુ' કહે છે.[૫૪] પરંતુ માત્ર ક્રિયાને જન્માવનાર અને વ્યાપારયુકત જે પદાર્થ હોય તેને 'કરણ' કહેવાય છે.

'હેતુ'નાં ઉદાહરણો જોઈશું :

(क) दण्डेन घटः । 'દંડથી ઘડો બને છે.' અહીં દંડ 'ઘડા' રૂપી દ્રવ્યને જન્માવે છે. વળી, દંડ પોતે પ્રત્યક્ષ વ્યાપારવાન્ પણ નથી. દંડથી ફેરવવામાં આવતો ચાકડો પ્રત્યક્ષ વ્યાપારવાન્ ગણી શકાય. ન્યાયશાસ્ત્રની પરિભાષામાં દંડ 'નિમિત્તકારણ' છે. આ લૌકિક નિમિત્તકારણને અહીં 'હેતુ' કહેવામાં આવ્યો છે. આવા હેતુવાચક दण्ड શબ્દને તૃતીયા વિભક્તિ મૂકવામાં આવે છે.[૫૫]

(ख) पुण्येन गौरवर्णः । 'પુણ્યથી ગૌરવર્ણ પ્રાપ્ત થયો છે.' અહીં પુણ્ય 'ગૌરવર્ણ' રૂપી ગુણને જન્માવે છે. તથા પુણ્ય પોતે વ્યાપારવાન્ નથી. આમ ગુણને જન્માવનાર, વ્યાપારરહિતના પુણ્યને હેતુ કહેવાશે. ગૌરવર્ણ પ્રાપ્ત થવામાં 'પુણ્ય' નિમિત્તકારણ છે. આવા હેતુવાચક પુણ્ય શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. આનાં અન્ય ઉદા. : शिल्पाभ्यासेन नैपुण्यम् । धनेन कुलम् । विद्यया यशः । पुण्येन ब्रह्मवर्चसम् । વગેરે.

(ग) पुण्येन दृष्टः हरिः । 'પુણ્યથી હરિ જોયા.' અહીં પુણ્ય 'દર્શન' રૂપી ક્રિયાને જન્માવે છે તથા એ પુણ્ય પોતે વ્યાપારરહિત છે. આમ ક્રિયાને જન્માવનાર વ્યાપારરહિતના પુણ્યને 'હેતુ' કહેવાશે. હરિદર્શન થવામાં 'પુણ્ય' નિમિત્તકારણ છે. આવા હેતુવાચક શબ્દને તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે.[૫૫] અન્ય ઉદાહરણ : अग्निना पाकः । कन्यया शोकः ।।

'કારણ'નું ઉદાહરણ જોઈશું :

रामः रावणं बाणेन हान्ति । 'રામ રાવણને બાણથી હણે છે.' અહીં હનન ક્રિયાને જન્માવનાર અને વ્યાપારયુકત પદાર્થ 'બાણ' છે; આથી તેને 'કરણ' કહેવાશે.

૧. फलम् अपि इह हेतुः । 'अध्ययनेन वसति ।' અધ્યયન કરવા માટે રહ્યો છે. અહીં નિવાસ ક્રિયાનું ફળ 'અધ્યયન' છે. આવા ફલને પણ હેતુ કહી શકાય એમ ભટ્ટોજિ દીક્ષિત કહે છે. આથી આવા ફલવાચક=હેતુવાચક શબ્દને પણ તૃતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે. (अध्ययनहेतुको निवासः)

दण्डेन घटः । ઇત્યાદિ ઉદાહરણમાં 'હેતુ'નો અર્થ નિમિત્તકારણ લીધો છે. પરંતુ अध्ययनेन वसति । એ ઉદાહરણ તપાસીએ તો નિવાસ ક્રિયામાં અધ્યયન 'હેતુ'-નિમિત્તકારણ-નથી; પણ અધ્યયન તો નિવાસ ક્રિયાનું ફળ છે. આ દષ્ટિએ 'અધ્યયન' શબ્દને તૃતીયા વિભક્તિ ન લાગી શકે. આથી ભટ્ટોજિ દીક્ષિત 'હેતુ'નો એક નવો અર્થ કરવાનું પણ કહે છે : હેતુ=નિમિત્ત=પ્રયોજન=ફલ. એ દષ્ટિએ अध्ययनेन वसति । જેવાં ઉદાહરણમાં પણ તૃતીયા વિભક્તિ લાગી શકે

---

૫૪. અહીં હેતુનો ફલિતાર્થ નિમિત્તકારણ કર્યો છે, પરંતુ તેને સર્વત્ર ચુસ્ત રીતે વળગી રહેવાનું નથી. હેલારાજે જણાવ્યું છે કે स्वरूपभेदेन क्रियानिर्वर्तकं कारकम् , सामान्येन जनको हेतुः, ज्ञापके लक्षणमिति । (પૃ. ૨૫૫) આ સંદર્ભમાં જ बीजेनाङ्कुरः । એવું ઉદાહરણ સમજાવી શકાય છે. વાસ્તવમાં અહીં 'બીજ' (ન્યાયશાસ્ત્રની પરિભાષામાં) નિમિત્તકારણ નથી, છતાંય હેત્વર્થ તૃતીયા વિભક્તિ વપરાઈ છે. માટે "સામાન્યપણે દ્રવ્યાદિના જનક પદાર્થને 'હેતુ' જાણવો જોઈએ." આમ પાણિનિએ કોઈ શાસ્ત્રીય 'હેતુ' શબ્દ વાપર્યો નથી. લૌકિક અર્થમાં જ 'હેતુ' શબ્દ વાપર્યો છે.

૫૫. નાગેશ ભટ્ટ આ ઉદાહરણને સમજાવતાં લખે છે કે અહીં દંડ વ્યાપારવાન્ છે; પણ તે ક્રિયાજનક નથી એટલે તે 'કરણ' કહેવાશે નહીં. બીજા ઉદાહણમાં પુણ્ય હરિદર્શન રૂપી ક્રિયાનું જનક છે; પણ પોતે નિર્વ્યાપાર છે એટલે 'કરણ' કહેવાશે નહીં. આમ (दण्ड) સવ્યાપાર, પણ સાક્ષાત્ ક્રિયાજનક ન હોય=વ્યવધાનપૂર્વક ફલોત્પાદક હોય તો તે 'હેતુ' કહેવાય છે અને ક્યારેક ક્રિયાજનક; પણ નિર્વ્યાપાર (પુણ્ય)ને પણ 'હેતુ' કહેવાય છે. (બૃહચ્છબ્દેન્દુશેખર પૃ-૮૮૦)

છે. આમ હેતુ=૧. નિમિત્તકારણ ૨. ફલ.

૨. **गम्यमाना अपि क्रिया कारकविभक्तौ प्रयोजिका ।** "(વાક્યમાં સ્પષ્ટપણે કોઈ ક્રિયાનું વિધાન કરવામાં ન આવ્યું હોય; પણ તે) ક્રિયા અધ્યાહાર હોય કે અનુમાન દ્વારા સૂચવાતી હોય તો પણ તે (ક્રિયા) કારકવિભક્તિને પ્રવૃત્ત કરે છે." દા.ત. (क) अलं श्रमेण (साध्यं नास्ति) । 'અટકી જાવ શ્રમથી (કેમકે તે કાર્ય શ્રમથી સાધ્ય નથી).' કોઈ વ્યક્તિ રણમાં ખેતી કરવા પરિશ્રમ કરે તો તે કૃષિક્રિયા શ્રમથી સાધ્ય નથી. અહીં સાધ્યક્રિયા-ની પ્રત્યે 'શ્રમ' કરણકારક છે. આમ સાધ્યક્રિયા 'ગમ્યમાન ક્રિયા' છે; તેને ધ્યાનમાં લઈને કરણકારક વાચક 'શ્રમ' શબ્દ તૃતીયા વિભક્તિમાં આવ્યો છે. (ख) **शतेन शतेन (परिच्छेद्य) वत्सान् पाययति ।** 'સો સો-ના જૂથમાં (વહેંચી દઈને) વાછરડાંઓને પાણી પાય છે.' અહીં परिच्छेद्य='વહેંચીને' એવી ક્રિયા ગમ્યમાન છે. પરિચ્છેદનની ક્રિયામાં સો-ની સંખ્યા='સો-નું જૂથ' કરણકારક બની રહે છે. આથી તેને તૃતીયા વિભક્તિમાં આપેલ છે.

૩. ***'अशिष्टव्यवहारे 'दाणः' प्रयोगे 'चतुर्थी' अर्थे तृतीया* ।** '√दाण् दाने ધાતુનો પ્રયોગ હોય અને શિષ્ટોને અમાન્ય વ્યવહાર હોય (અર્થાત્ ધર્મશાસ્ત્રસમ્મત વ્યવહાર ન હોય) તો ચતુર્થી વિભક્તિના અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાય છે.' એટલે કે સામાન્ય રીતે તો 'જેને દાન આપવાનું હોય તેને સમ્પ્રદાનકારક કહેવાય છે' અને 'આવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે.' પરંતુ દાન કે ભેટ આપવાની ક્રિયા જો શિષ્ટોને માન્ય ન હોય તો, ત્યાં જેને દાન કે ભેટ આપવાની હોય તેને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવતી નથી; તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે. જેમકે,

√दा>यच्छ् (આપવું)

(૧) શિષ્ટોને અમાન્ય વ્યવહાર હોય ત્યાં
कामुकः दास्या संयच्छते ।

(૨) શિષ્ટોને માન્ય વ્યવહાર હોય ત્યાં-
पतिः भार्यायै संयच्छति ।

કામુક વ્યક્તિ કોઈ દાસીને (ખરાબ આશયથી) ધનાદિ આપે તો તે શિષ્ટોને માન્ય નથી. આથી જેને ધનાદિ દાન આપવાનું છે તે दासी સમ્પ્રદાનકારક કહેવાશે, છતાંય તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં નહીં આવે; પણ તૃતીયા વિભક્તિમાં -दास्या- મૂકવામાં આવશે. (અને सम्+√दा ધાતુને આત્મનેપદના પ્રત્યય લગાડવામાં આવશે : **संयच्छते** ।)

પરંતુ પતિ પોતાની પત્નીને ધનાદિ આપે તો તે શિષ્ટોને માન્ય છે. આથી જેને ધનાદિ આપવાનું છે તે भार्या સમ્પ્રદાનકારક કહેવાશે. આવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિમાં भार्यायै-મૂકવામાં આવશે (અને सम्+√दा ધાતુને પરસ્મૈપદના પ્રત્યય લગાડવામાં આવશે : **संयच्छति** ।)

**(વિશેષ)** ઉપલક દૃષ્ટિએ વિચારીએ તો હેતુ પણ ક્રિયાનિર્વર્તક છે, સાધક છે માટે તેને પણ કરણકારક કહી શકાય. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે બેની વચ્ચે ભેદ રહેલો છે. હેતુ અને કરણની વચ્ચે શો તફાવત રહેલો છે ? એની ભર્તૃહરિએ વિચારણા કરી છે :

(૧) अनाश्रिते तु व्यापारे निमित्तं हेतुरिष्यते ॥

द्रव्यादिविषयो हेतुः, कारकं नियतक्रियम् ॥ (वा. प. ३-७-२४ अ અને २५ अ)

"વ્યાપારાશ્રિત ન હોય તેવા નિમિત્તને 'હેતુ' કહે છે" તથા "જે હેતુ હોય છે તે દ્રવ્યાદિને જન્માવનાર હોય છે; પણ જે (કરણ)કારક હોય છે તે તો અનિવાર્ય રૂપે સવ્યાપાર હોય છે (અથવા તો ક્રિયાન્વિત જ હોય છે)." એટલે કે કરણકારક હંમેશા વ્યાપારાશ્રિત જ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો કરણ અને ફલપ્રાપ્તિ (ક્રિયાસિદ્ધિ)ની વચ્ચે 'વ્યાપાર' અનિવાર્ય રૂપે રહેલો હોય છે. **कुठारेण वृक्षं छिनत्ति ।** 'કુઠારથી ઝાડ કાપે છે.' અહીં કરણ-કુઠાર-અને છેદન-ક્રિયાસિદ્ધિ-ની વચ્ચે ઉદ્યમન-નિપાતન જેવો વ્યાપાર અનિવાર્ય રૂપે રહેલો છે. (જમીન ઉપર પડી રહેલી કુહાડી ઝાડ કાપી શકતી નથી. તેને ઊંચકીને, ઘા કરીને મારવાથી જ છેદનક્રિયા થાય છે.) આમ કરણ અને ફલપ્રાપ્તિની વચ્ચે વ્યાપાર અનિવાર્યપણે રહેલો હોય છે. જ્યારે 'હેતુ' અનિવાર્ય રીતે સવ્યાપાર હોતો નથી. તે દ્રવ્ય, ગુણ અને

## 569 (३८) कर्मणा यम् अभिप्रैति स सम्प्रदानम् । पा. सू. १-४-३२

**(वृत्तिः) दानस्य कर्मणा यम् अभिप्रैति, स सम्प्रदानसंज्ञः स्यात् ।।**

ક્રિયામાં માત્ર નિમિત્ત હોય છે. દા.ત. पुण्येन गौरवर्णः । અહીં ગૌરવર્ણની પ્રાપ્તિમાં પુણ્ય સવ્યાપાર નથી એ સ્પષ્ટ છે.

(૨) क्रियायै करणं, तस्य दृष्टः प्रतिनिधिस्तथा ।

हेत्वर्था तु क्रिया, तस्मात् न स प्रतिनिधीयते ।। (वा. प. ३-७-२६)

"'કરણ' ક્રિયાની સિદ્ધિ કરવા માટે હોય છે; આથી તે (કરણકારક)નો પ્રતિનિધિ-અવેજી-હોઈ શકે છે. પરંતુ ક્રિયા તો હેતુને અર્થે હોય છે; માટે તે (હેતુ)નો પ્રતિનિધિ હોઈ શકતો નથી." દા.ત. रामः रथेन ग्रामं गच्छति । 'રામ રથ વડે ગામ જાય છે.' ગામમાં જવાની ક્રિયા કરવા માટે 'રથ' પ્રકૃષ્ટોપકારક છે; પણ ગામમાં જવાની ક્રિયા બીજા સાધન વડે પણ શક્ય છે. દા.ત. अश्व, गज વગેરેથી પણ ગામમાં જઈ શકાય. સાધ્યક્રિયા જ હંમેશા પ્રધાન હોય છે. આથી ક્રિયાની અપેક્ષાએ કરણ તો ગૌણ જ છે. પરિણામે 'કરણકારક'નો પ્રતિનિધિ=અવેજી હોઈ શકે છે : रामः रथेन/अश्वेन/गजेन वा ग्रामं गच्छति । જ્યારે હેતુનો કોઈ પ્રતિનિધિ-અવેજી-જોવા મળતો નથી. દા.ત. अध्ययनेन वसति । 'અધ્યયન માટે નિવાસ કરે છે.' અહીં નિવાસક્રિયાનું અત્યંત ઉપકારક સાધન અધ્યયન નથી. કેમકે નિવાસ ક્રિયા પોતે જ 'અધ્યયન' થી પ્રેરાયેલી છે. અધ્યયન ન કરવાનું હોય તો ત્યાં (આશ્રમમાં) નિવાસ થઈ શકે જ નહીં. માટે નિવાસક્રિયાના હેતુનો (અધ્યયનનો) કોઈ પ્રતિનિધિ-અવેજી-આવવો શક્ય જ નથી.

(૩) શબ્દવ્યવહાર વિવક્ષાધીન છે. આથી વક્તા કરણકારકને કર્તૃકારક રૂપે પણ રજૂ કરી શકે છે. જેમકે,

कुठारेण छिनत्ति । → कुठारः छिनत्ति ।

बाणेन हन्ति । → बाणः हन्ति । વગેરે.

પણ 'હેતુ'માં વિવક્ષાધીન કોઈ પરિવર્તન શક્ય નથી. જેમકે, अध्ययनेन वसति । ને બદલે अध्ययनं वसति । બોલી શકાશે જ નહીં. એ જ પ્રમાણે, विषेण म्रियते । ને બદલે विषम् म्रियते । બોલી શકાશે જ નહીં.

(૪) કરણકારકનો પ્રેરકપ્રયોગ થતો નથી. જેમકે, कुठारेण छिनत्ति । નો, કોઈ વક્તા कुठारः छेदयति । એવો પ્રેરક પ્રયોગ કરે તો તે અસાધુ ગણાય છે. પરંતુ 'હેતુ'નું પ્રેરક થાય છે. જેમકે, अध्ययनेन वसति । → अध्ययनं वासयति । આવો પ્રયોગ સાધુ પ્રયોગાર્હ ગણાય છે. હેલારાજ આ ચર્ચાનો ઉપસંહાર કરતાં કહે છે तदेवं कारकविषये क्रियाप्रधानं, कारकं गुणभूतम् । हेतुविषये तु विपर्यय इति ।। (वा. प. ३-७-२६, पृ-२५७) 568

**(અનુ.) દાન-ક્રિયાના કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને 'સમ્પ્રદાન' કારક કહેવામાં આવે છે.** (દાનક્રિયાના કર્મને જેની સાથે જોડવામાં આવે છે અર્થાત્ જેને ઉદ્દેશીને દાનક્રિયા થાય છે તેને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે. સાદા શબ્દોમાં કહીએ તો-જે વ્યક્તિને કાંઈક આપવાનું હોય તેને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે.)

**(વિમર્શ)** પાણિનિના આ સૂત્રનો અર્થ કરીએ તો-"કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે છે (કર્મને જેની સાથે જોડવામાં આવે છે) તેને 'સમ્પ્રદાન' કહે છે." આ સૂત્રાર્થ મુજબ, रमेशः अजां नगरम् नयति । 'રમેશ બકરીને નગરમાં લઈ જાય છે.' એ ઉદાહરણમાં કર્મ-अजा-ને નગર (અધિકરણ)ની સાથે જોડવામાં આવે છે; તે-નગર-ની 'સમ્પ્રદાન' સંજ્ઞા થવા આવશે. પરંતુ આવું થાય તે અનિષ્ટ છે. પરિણામે 'કાશિકાવૃત્તિ' સૂચવે છે કે પાણિનિએ આ સૂત્રમાં રજૂ કરેલી 'સમ્પ્રદાન' સંજ્ઞા અન્વર્થ (યથાર્થ) માનવી. અર્થાત્ 'સમ્પ્રદાન' શબ્દનો પોતાનો અર્થ જ એ છે કે सम्यक् प्रकारेण दीयते यस्मै, तत् सम्प्रदानम् । (सम्+प्र+√दा). "જેને સારી રીતે **આપવામાં** આવે છે તે 'સમ્પ્રદાન' કહેવાય." એટલે કે √दा (આપવું) ધાતુના સન્દર્ભમાં =દાનક્રિયાના કર્મને જેની સાથે જોડવામાં આવે છે તેને સમ્પ્રદાન કહે છે એવો સૂત્રાર્થ સમજવો જોઈએ. દા.ત. राजा विप्राय गां ददाति । 'રાજા બ્રાહ્મણને ગાય આપે છે.' અહીં દાનક્રિયાનું કર્મ गो (ગાય) છે, તેને विप्र (બ્રાહ્મણ)ની સાથે જોડવામાં આવે છે. આથી विप्रને 'સમ્પ્રદાન' કહેવાશે. આ સૂત્રનો ફલિતાર્થ એ થયો કે જે વ્યક્તિને કાંઈક આપવાનું હોય તેને 'સમ્પ્રદાન' કહેવાય છે. આવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.

સમ્પ્રદાન શબ્દમાં, सम्यक् प्रकारेण दीयते अस्मै इति એવી વ્યુત્પત્તિ અનુસાર √दा (ददाति/यच्छति) ધાતુ રહેલો છે એમ સમજાય છે. દાન આપવાની ક્રિયામાં ત્રણ કારકો (Participent)ની અનિવાર્ય જરૂર પડે છે :

૧. દાન આપનાર (દાનક્રિયા કરનાર)-કર્તા

૨. દાન (દાનમાં આપવાની વસ્તુ)-કર્મ

3. દાન લેનાર (ricipent)-સમ્પ્રદાન

આ ત્રણમાંથી એક પણ કારકની ગેરહાજરી હોય તો 'દાન આપવાની ક્રિયા' અસ્તિત્વમાં આવતી નથી. આ ઉપરાંત, દાન લેનાર (સમ્પ્રદાન) વ્યક્તિ 'દાનનો અસ્વીકાર ન કરે' એવી શરત પણ જળવાવી જોઈએ. અર્થાત્ જેને દાન આપવાનું હોય તે વ્યક્તિ જો દાન લેવાની ના કહી દે, તો પણ દાનક્રિયા અસ્તિત્વમાં આવતી નથી. વળી દાન આપવું એટલે શું ? એટલે કે દાનક્રિયાનું સ્વરૂપ શું છે ? એનો વિચાર કરીએ તો જણાય છે કે-दानं च अपुनर्ग्रहणाय स्वस्वत्वनिवृत्तिपूर्वकं परस्वत्वोत्पादनम् । "પાછું નહીં લેવાની શરતે/તૈયારી સાથે (દાનમાં આપવાની વસ્તુ ઉપરથી) દાન આપનાર વ્યક્તિના સ્વામિત્વની (માલિકીપણાની) નિવૃત્તિ; અને દાન લેનારનું સ્વામિત્વ ઉત્પન્ન થવું એને 'દાન કર્યું' કહેવાય." દા.ત. ૧. राजा विप्राय गां ददाति । 'રાજા બ્રાહ્મણને ગાય આપે છે.' ૨. रमेशः रजकस्य वस्त्राणि ददाति 'રમેશ ધોબીને કપડાં આપે છે.' અહીં પહેલા ઉદાહરણમાં દાનમાં આપવાની વસ્તુ-ગો-ઉપરથી રાજાનું માલિકીપણું દૂર થઈને, બ્રાહ્મણનું માલિકીપણું ઊભું થાય છે. માટે ત્યાં 'દાન ક્રિયા થાય છે' એમ કહેવાશે. પરંતુ બીજા ઉદાહરણમાં, ધોબીને કપડાં ધોવા આપવામાં આવે છે. આ કપડાં ધોવાયા પછી પાછાં લેવાનાં છે. એટલે કે કપડાં ઉપરથી રમેશનો માલિકી હક નિવૃત્ત થતો નથી અને ધોબીનો માલિકી હક ઊભો થતો નથી. માટે ત્યાં 'દાન ક્રિયા થાય છે' એમ કહેવાશે નહીં. આથી બીજા ઉદાહરણમાં કપડાં લેનાર ધોબી -रजक-ની 'સમ્પ્રદાન' સંજ્ઞા થતી નથી. (તે ધોબી સમ્પ્રદાનકારક કહેવાતો નથી); અને પરિણામે તેને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો પણ લાગશે નહીં. (અલબત્ત, આ સન્દર્ભમાં ભાષ્યકારનો મત જૂદો છે. એની ચર્ચા નીચે કરવામાં આવી છે.)

**(વિશેષ)** પાણિનિએ તો સૂત્રમાં કહ્યું કે કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે છે તેને સમ્પ્રદાન કહેવાય પરંતુ કાશિકાવૃત્તિકારે કહ્યું કે આ 'સમ્પ્રદાન' શબ્દ વ્યુત્પત્તિની દૃષ્ટિએ સૂચક હોઈને √दा (ददाति) ધાતુના-દાનક્રિયાના-સન્દર્ભમાં જ આ સૂત્રનો અર્થ વિચારવો જોઈએ. આમ સૂત્રાર્થ કરતી વખતે कर्मणा यम् अभिप्रैति 'કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે છે' એટલું જ નહીં કહેવું જોઈએ, પણ दानस्य कर्मणा यम् अभिप्रैति **'દાનક્રિયાના** કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને સમ્પ્રદાન કહે છે' એમ दानस्य પદ ઉમેરવું જોઈએ.

પરંતુ કેવળ √दा ધાતુના સન્દર્ભમાં જ આ સૂત્રનો અર્થ વિચારવાથી એક મુશ્કેલી ઊભી થાય છે. √दा ધાતુ સકર્મક હોઈને, દાનાર્થક ददाति । यच्छति । જેવા સકર્મક ધાતુઓમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય બનશે. પણ જ્યાં અકર્મક ધાતુઓ હશે ત્યાં આ સૂત્ર પ્રવૃત્ત થઈ શકશે નહીં. દા.ત. युद्धाय संनह्यते ! 'યુદ્ધ માટે તૈયાર થાય છે.' पत्ये शेते । 'પતિને માટે શયન કરે છે.' વગેરે. આ ઉદાહરણમાં सं+√नह् અને √शीङ् शयने ધાતુઓ અકર્મક છે, તેથી युद्ध અને पति જેવા શબ્દોને સમ્પ્રદાનકારક કહેવાશે નહીં (અને પરિણામે તેમને ચતુર્થી વિભક્તિમાં પણ મૂકી શકાશે નહીં.)

પરંતુ આવા પ્રયોગો લોકમાં થતા જોવા મળે છે. આ પ્રયોગોને પણ પ્રસ્તુત (૧-૪-૪૨) સૂત્રથી આવરી લઈ શકાય એટલા માટે ભાષ્યકારે વિશેષ યત્ન કર્યો છે. ભાષ્યકારે કહ્યું છે કે સૂત્રમાં આવેલા **कर्मणा** (यमभिप्रैति सम्प्रदानम् ) શબ્દને બે રીતે સમજી શકાશે : कर्मणा અને/અથવા क्रियया । આથી બે પ્રકારનો સૂત્રાર્થ પ્રાપ્ત થશે : (क) (દાન ક્રિયાના) કર્મ દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને 'સમ્પ્રદાન કહેવામાં આવે છે. (ख) (અકર્મક) ક્રિયા વડે જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને પણ 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે. આમાંથી પહેલા (क) સૂત્રાર્થથી राजा विप्राय गां ददाति । જેવા પ્રયોગો બનશે અને બીજા (ख) સૂત્રાર્થથી पत्ये शेते । युद्धाय संनह्यते । જેવા પ્રયોગો પણ બનશે.

આ બે પ્રકારના સૂત્રાર્થમાંથી, પહેલા પ્રકારના સૂત્રાર્થથી જેને સમ્પ્રદાન કહેવામાં આવે છે; તેના ત્રણ પ્રકાર પડે છે : (૧) सूर्याय अर्घ्यम् ददाति । 'સૂર્યને અર્ઘ્ય આપે છે.' અહીં સૂર્ય અર્ઘ્ય માટે પ્રાર્થના નથી કરતો, અર્ઘ્યને માન્ય પણ કરતો નથી કે નિરાકરણ-અસ્વીકાર-પણ કરતો નથી. આ એક પ્રકારનું-અનિરાકરણ કરનાર-સમ્પ્રદાનકારક કહેવાશે. (૨) राजा विप्राय गां ददाति । પહેલાં બ્રાહ્મણ રાજાને પ્રેરણા આપે છે કે રાજાએ બ્રાહ્મણને ગાય આપવી

570 (૩૯) **चतुर्थी सम्प्रदाने । पा. सू. २-३-१३**

**(वृत्तिः) (उदाहरणम्) विप्राय गां ददाति ॥ अभिहिते इत्येव-'दानीयः विप्रः' ॥ (वार्तिकम्) १. * क्रियया यम् अभिप्रैति स अपि सम्प्रदानम् * ॥ पत्ये शेते । २. * कर्मणः करणसंज्ञा, सम्प्रदानस्य च कर्मसंज्ञा ※ ॥ 'पशुना रुद्रं यजते' ।=पशुं रुद्राय ददाति इत्यर्थः ॥**

જોઈએ. ત્યાર પછી રાજા બ્રાહ્મણને ગાય આપે છે. આ વાક્યમાં જે -विप्राय- સમ્પ્રદાનકારક છે તે બીજા પ્રકારનું પ્રેરક સમ્પ્રદાનકારક કહેવાશે. તથા (૩) उपाध्यायाय गां ददाति । (ઉપાધ્યાયની પ્રેરણા વિના) કોઈ શિષ્ય દક્ષિણામાં ઉપાધ્યાયને ગાય આપે છે અને ઉપાધ્યાય તેને માન્ય રાખે છે; તેનો સ્વીકાર કરે છે. તો આને ત્રીજા પ્રકારનું અનુમન્તૃ સમ્પ્રદાનકારક કહેવાશે.

હવે બે ઉદાહરણવિશેષની ચર્ચા કરીશું : खण्डिकोपाध्यायः शिष्याय चपेटां ददाति ।' 'ખંડિકોપાધ્યાય (બાળકોનો અધ્યાપક અથવા ગુસ્સે થયેલો અધ્યાપક) શિષ્યને તમાચો (લાફો) મારે છે.' અહીં સ્થૂળ શબ્દની દૃષ્ટિએ ददाति ક્રિયાપદ દ્વારા 'દાન આપવાની' ક્રિયાનો ઉલ્લેખ છે. પરંતુ, અગાઉ આપણે દાનનું સ્વરૂપ જે વિચાર્યું છે તેના મુજબ અહીં स्वस्वत्वनिवृत्तिपूर्वकं परस्वत्वोत्पादनम् જોવા મળતું નથી. તમાચા ઉપર ઉપાધ્યાયનો કોઈ માલિકીહક નથી, અને શિષ્યને તમાચો મારવાથી, શિષ્યનો તમાચા ઉપર કોઈ પ્રકારનો માલિકી હક ઊભો થતો નથી. આમ તાર્કિક દૃષ્ટિએ અહીં દાન આપવાની ક્રિયા થતી નથી. માટે શિષ્ય સમ્પ્રદાનકારક કહેવાશે નહીં. પરિણામે ઉપર્યુક્ત વાક્યમાં शिष्याय એવું ચતુર્થી વિભક્તિનું રૂપ ન વપરાવું જોઈએ. પરંતુ ભાષ્યકારે જ આવો પ્રયોગ કર્યો છે (૧-૧-૧ ઉપરનું ભાષ્ય). આથી ભાષ્યકારના મતે આને ગૌણ પ્રકારનું સમ્પ્રદાન કહી શકાય. એ જ પ્રમાણે, रजकाय वस्त्राणि ददाति । કોઈ બોલે તો તે પ્રયોગને પણ સાચો ગણાવો.[૫૬] ભાષ્યકારે 'સમ્પ્રદાન' શબ્દની અન્વર્થતાને (યથાર્થતા જળવાય એને, એટલે કે सम्यक् प्रकारेण दीयते यस्मै तत्सम्प्रदानम् એવી વ્યુત્પત્તિને) બહુ માન આપ્યું નથી; કેવળ કાશિકાવૃત્તિના લેખકે જ સમ્પ્રદાન શબ્દની અન્વર્થતાને ભાર આપીને ગૌણ સમ્પ્રદાનમાં रजकायને બદલે रजकस्य वस्त्राणि ददाति । એવો પ્રયોગ કરવો એમ કહ્યું છે.

**(અનુ૦)** (આ વિધિસૂત્ર છે : **'સમ્પ્રદાન' અર્થ અભિવ્યક્ત કરવા માટે ચતુર્થી વિભક્તિ વપરાય છે)**

**ઉદા.ત. विप्राय गां ददाति । 'બ્રાહ્મણને ગાય આપે છે'** (અહીં વિપ્રને ઉદ્દેશીને દાન આપવામાં આવે છે. આથી તેને 'સમ્પ્રદાનકારક' કહેવાશે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં દાનક્રિયાના કર્મ-ગાય-ને વિપ્રની સાથે જોડવામાં આવે છે, આથી તે विप्रને 'સમ્પ્રદાનકારક' કહેવામાં આવે છે. આ સમ્પ્રદાનકારકને અભિવ્યક્ત કરવા માટે અર્થાત્ દાન લેનાર વ્યક્તિ विप्र છે એમ કહેવા માટે विप्र શબ્દને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો-विप्राय-લગાડવામાં આવે છે.)

**અહીં એ સ્મરણીય છે કે સમ્પ્રદાનકારક બીજી કોઈ રીતે અભિહિત ન હોય ત્યારે જ, ચતુર્થી વિભક્તિના પ્રત્યયોથી તેને અભિવ્યક્ત કરવામાં આવે છે.** જેમકે, विप्राय गां ददाति । **પરંતુ જ્યારે બીજા કોઈ પ્રત્યયાદિથી સમ્પ્રદાન કારક રૂપી અર્થ કહેવાઈ જતો હોય-અભિહિત હોય-તો ત્યાં ચતુર્થી વિભક્તિના પ્રત્યયો વપરાતા નથી;** (જે કારક અભિહિત હોય તેને તો પ્રથમા વિભક્તિના પ્રત્યયો જ લગાડવામાં આવે છે.) **દા.ત. दानीयः विप्रः 'દાન આપવા યોગ્ય આ બ્રાહ્મણ.'** અહીં દાનક્રિયાનો ઉદ્દેશ્ય=જેને દાન આપવાનું છે તે-विप्र-સમ્પ્રદાનકારક, अनीयर् (૩-૩-૧૧૩) પ્રત્યયથી અભિહિત-ઉક્ત છે (दानीय); આથી તે विप्र શબ્દને ચતુર્થી વિભક્તિ નહીં લગાડતાં, પ્રથમા વિભક્તિ લગાડવામાં આવી છે.

**वार्तिक : ૧.** (અકર્મક) **ક્રિયા દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને પણ સમ્પ્રદાનકારક કહેવાશે.** (અર્થાત્ જેને ઉદ્દેશીને કોઈ ક્રિયા કરવામાં આવે તેને પણ સમ્પ્રદાન કહેવાય છે.) **દા.ત. पत्ये शेते (भार्या) । 'પત્ની પોતાના પતિને માટે શયન કરે છે !**

**૨. ※ કર્મની 'કરણ' સંજ્ઞા કરવી અને સમ્પ્રદાનની 'કર્મ' સંજ્ઞા કરવી.** દા.ત. पशुना रुद्रं यजते । **'પશુથી (પશુના બલિદાનથી) રુદ્રનું યજન કરે છે.'** અર્થાત્ पशुं रुद्राय ददाति । **રુદ્રને પશુ (પશુનો બલિ) આપે છે !**

૫૬. પહેલા ઉદાહરણમાં स्वस्वत्वनिवृत्तिपूर्वकम् શરત ચરિતાર્થ થતી નથી અને બીજા ઉદાહરણમાં परस्वत्वोत्पादनम् શરત ચરિતાર્થ થતી નથી. છતાંય ભાષ્યાનુમોદનથી આ પ્રયોગોને સ્વીકારવા રહ્યા.

## 571 (૪૦) रुच्यर्थानां प्रीयमाणः । पा. सू. १-४-३३

**(वृत्तिः) रुच्यर्थानां धातूनां प्रयोगे प्रीयमाणः अर्थः सम्प्रदानं स्यात् ।। (उदा०) हरये रोचते भक्तिः । अन्यकर्तृकः अभिलाषः रुचिः । हरिनिष्ठप्रीतेः भक्तिः कर्त्री ।। 'प्रीयमाणः' किम् ? देवदत्ताय रोचते मोदकः पथि ।।**

**(વિમર્શ)** વાર્તિક-૧માં જણાવ્યું છે કે 'દાનક્રિયાના કર્મને જેની સાથે જોડવામાં આવે' તેને જ માત્ર સમ્પ્રદાનકારક કહેવું તે તો અપર્યાપ્ત છે. માટે જેને ઉદ્દેશીને કોઈ પણ અકર્મક ક્રિયા કરવામાં આવે તેને પણ 'સમ્પ્રદાનકારક' કહેવું જોઈએ. આવો ઉમેરો કરવાથી √शीङ् शयने જેવા અકર્મક ધાતુથી વાચ્ય જે ક્રિયા, તેના ઉદ્દેશ્યની પણ સમ્પ્રદાનસંજ્ઞા થશે (અને પરિણામે તેને ચતુર્થી વિભક્તિમાં રજૂ કરવામાં આવશે. पति>पत्ये ।।

★

'ક્રિયા દ્વારા જેને ઉદ્દેશ્ય બનાવવામાં આવે તેને પણ સમ્પ્રદાન કહેવાય' એવું (વાર્તિક) કહેવાથી એક શંકા થાય છે : ओदनं पचति । જેવા વાક્યમાં સકર્મક ધાતુનો પ્રયોગ થયો છે. અહીં સકર્મક ક્રિયાનું જે ઉદ્દેશ્ય છે -ओदन- તેની પણ સમ્પ્રદાન સંજ્ઞા થઈ જશે. પરંતુ આવી શંકા અપ્રસ્તુત છે. કેમકે કર્મસંજ્ઞાથી આ સ્થળે સમ્પ્રદાનસંજ્ઞાનો બાધ છે. (આનો ફલિતાર્થ એ થયો કે અકર્મક ક્રિયાઓના ઉદ્દેશ્યની જ 'સમ્પ્રદાન' સંજ્ઞા થાય છે.)[૫૭]

ભાષ્યકાર પતંજલિના મતે ૧-૪-૩૨ સૂત્રમાં આવેલા 'कर्मणा' શબ્દને कर्मणा અને क्रियया એમ બે રીતે સમજવો જોઈએ. આવું દ્વિવિધ અર્થઘટન કરવાથી વાર્તિક-૧ સ્વીકારવાની જરૂર રહેશે નહીં.

વાર્તિક-૨માં બાહ્ય જગત્‌ની હકીકત અને શબ્દ-વ્યવહાર વચ્ચેનો તફાવત નોંધાયો છે :

| | | | | |
|---|---|---|---|---|
| देवदत्तः | रुद्राय | पशुं | ददाति । | |
| 'દેવદત્ત | રુદ્રને | પશુનો બલિ | આપે છે' | ← વાસ્તવિકતા |
| (કર્તા) | (સમ્પ્રદાન) | (કર્મ) | (ક્રિયા) | |
| | ↓ | ↓ | | |
| देवदत्तः | रुद्रं | पशुना | यजते । | ← શબ્દ વ્યવહારમાં |
| (કર્તા) | (કર્મ) | (કરણ) | (ક્રિયા) | |

આ વાર્તિક છાન્દસ (વેદવિષયક) છે એમ કૈયટનું કહેવું છે. વળી, આ ઉદાહરણમાં √यज ધાતુ દાનાર્થક છે એમ માનવાનું છે. (જો પૂજાર્થક √यज ધાતુ લઈશું તો पशुना रुद्रं यजते । એવાં પ્રયોગ થશે.)

**(અનુ૦) रुचि અર્થવાળા ધાતુઓનો પ્રયોગ થયો હોય તો 'ખુશ થનાર' પદાર્થ-વ્યક્તિ-ની** (પણ) **સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. ઉદા.ત. हरये रोचते भक्तिः । 'શ્રી હરિને ભક્તિ ગમે છે.'** (અહીં ભક્તિથી ખુશ થનાર હરિની સમ્પ્રદાન સંજ્ઞા થઈ છે. ત્યાર પછી चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૩ વિધિસૂત્રથી હરિને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવી છે : हरये.)

**√रुच ધાતુનું અર્થગત સ્વરૂપ વિચારીએ તો अभि+√लष् અને √रुच ધાતુઓના કર્તા જુદા જુદા જોવા મળે છે. એટલે કે अभिलषति । ક્રિયાપદના કર્તાની અપેક્ષાએ √रुच ધાતુનો કર્તા જુદો હોય છે.** (દા.ત. हरिः भक्तिम् अभिलषति । हरये रोचते भक्तिः । એવાં બે વાક્યો લઈએ તો अभिलषति ક્રિયાનું જે કર્મ-भक्ति- છે, તે (બીજા વાક્યમાં) रुचि ક્રિયાની કર્ત્રી છે. આમ अभि+√लष् અને √रुच ધાતુ પરસ્પરથી ભિન્ન છે. **હરિમાં ઉત્પન્ન થતી પ્રીતિની જનની-કર્ત્રી-ભક્તિ છે.**

---

૫૭. नन्वेवमपि ओदनं पचतीत्यादावपि सम्प्रदानत्वप्रसङ्गः । न च कर्मसंज्ञाविधिवैयर्थ्यम् शङ्क्यम् , अत एव तत्र कर्मत्वसम्प्रदानत्वयोर्विकल्पोपपत्तेरिति चेत् ; न-पत्ये शेते इत्यकर्मकस्थले सावकाशायाः सम्प्रदानसंज्ञायाः सकर्मकस्थले कर्मसंज्ञया बाधात् । तथा च अकर्मकक्रियोद्देश्यमपि सम्प्रदानमिति फलति इति भावः ।। (बालमनोरमा)

572 **(૪१) श्लाघह्नुङ्स्थाशपां ज्ञीप्स्यमानः । पा. सू. १-४-३४**

---

**(वृत्तिः) एषां प्रयोगे बोधयितुम् इष्टः सम्प्रदानं स्यात् । (उदाहरणानि) गोपी स्मरात् कृष्णाय श्लाघते/ह्नुते/तिष्ठते/शपते वा ।। 'ज्ञीप्स्यमानः' किम् ? देवदत्तस्य श्लाघते पथि ।।**

---

**સૂત્રકારે સૂત્રમાં 'प्रीयमाणः' એમ કેમ કહ્યું છે ?** (ઉત્તર) **देवदत्ताय रोचते मोदकः पथि । 'દેવદત્તને રસ્તા ઉપર મોદક ભાવે છે.'** (અહીં સૂત્રમાં प्रीयमाणः એવું પદ મૂક્યું હોઈને, કેવળ ખૂશ થનાર પદાર્થ-વ્યક્તિ-ની જ સમ્પ્રદાન સંજ્ઞા થાય; એ સિવાયના પદાર્થ--पथिन्-ની સમ્પ્રદાન સંજ્ઞા થતી નથી.)

**(વિમર્શ)** √रुच दीप्तौ अभिप्रीतौ च । આમ √रुच ધાતુના બે અર્થો છે : ૧. દીપ્તિમન્ત થવું અને ૨. ખૂશ થવું. આમાંથી જ્યારે अभिप्रीति (ખૂશ થવું) અર્થવાળો √रुच ધાતુ વપરાયો હોય ત્યારે ખૂશ થનાર વ્યક્તિને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે. દા.ત. आदित्यो दिक्षु रोचते । 'સૂર્ય બધી દિશાઓમાં પ્રકાશે છે.' ૨. भक्तिः हरये रोचते । 'ભક્તિ હરિને ગમે છે.' અર્થાત્ ભક્તિથી હરિ ખૂશ થાય છે. (ખૂશ થનારની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે.) આ બે વાક્યોમાં બે જુદા જુદા અર્થવાળો √रुच ધાતુ વપરાયો છે. પહેલા અર્થમાં, 'પ્રકાશવું' અર્થમાં આદિત્યની સમ્પ્રદાન સંજ્ઞા થતી નથી. બીજા 'ખૂશ થવું' અર્થમાં હરિની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. આવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

★

પ્રીયમાણ=ખુશ થનાર વ્યક્તિની જ્યારે આ ૧-૪-૩૩ સૂત્રથી સમ્પ્રદાન સંજ્ઞા કરીએ છીએ, ત્યારે તેને કૃત્રિમસંજ્ઞા (જ) ગણવી જોઈએ. કેમકે અહીં सम्यक् प्रदीयते यस्मै એવી વ્યુત્પત્તિ 'ખૂશ થનાર' વ્યક્તિને લાગુ પડી શકશે નહીં. અર્થાત્ અહીં દાનક્રિયાનો કોઈ સન્દર્ભમાં જ નથી; કોઈને કશુંય આપવાની વાત અહીં આવતી જ નથી. આમ (कर्मणा यमभिप्रैति सः०) ૧-૪-૩૨ સૂત્રમાં જ 'સમ્પ્રદાન' શબ્દ યથાર્થ રીતે રજૂ થયેલો છે. પણ ૧-૪-૩૩ થી ૧-૪-૪૧ સુધીનાં સૂત્રોમાં જે 'સમ્પ્રદાન' શબ્દ અનુવૃત્તિથી આવે છે, તે અન્વર્થ નથી. આ સૂત્રો દ્વારા જે જે પદાર્થની 'સમ્પ્રદાન' સંજ્ઞા કરવામાં આવે છે તેમને કૃત્રિમ 'સમ્પ્રદાન' જાણવા. 571

**(અનુ૦) √श्लाघृ कत्थने, √ह्नुङ् अपनयने, √ष्ठा(स्था)>तिष्ठ गतिनिवृत्तौ, √शप् उपालम्भे-આ ચાર ધાતુઓનો ઉપયોગ કરીને 'જેને જણાવવું ઇષ્ટ**[૫૮] **હોય તે પદાર્થ-વ્યક્તિની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે. ઉદા.ત.**

**૧. गोपी स्मरात् कृष्णाय श्लाघते । 'ગોપી પ્રેમવશાત્ કૃષ્ણની પ્રશંસા કરે છે.'**

**૨. गोपी स्मरात् कृष्णाय ह्नुते । 'ગોપી પ્રેમવશાત્ કૃષ્ણને** (સપત્નીઓ પાસેથી) **દૂર ખસેડી લે છે.'**

**૩. गोपी स्मरात् कृष्णाय तिष्ठते ।**[૫૯] **'ગોપી પ્રેમવશાત્ કૃષ્ણ આગળ પોતાનો આશય પ્રકટ કરે છે.'**

**૪. गोपी स्मरात् कृष्णाय शपते । 'ગોપી પ્રેમવશાત્ કૃષ્ણને ઉપાલંભ આપે છે.'** (ઉપાલંભ દ્વારા સ્વાશય જણાવે છે.)

**અહીં પ્રશ્ન થાય છે કે સૂત્રમાં ज्ञीप्स्यमान** (ની 'સમ્પ્રદાન' સંજ્ઞા થાય છે) **એમ શા માટે કહ્યું છે ? (ઉત્તર) देवदत्तस्य श्लाघते पथि ।** (કોઈક અન્ય-પુરુષની પાસે) **'માર્ગ ઉપર દેવદત્તનાં વખાણ કરે છે.'** (અહીં દેવદત્તના ગુણો માર્ગને જણાવવાના નથી. આથી તેની – पथिन्‌ની સમ્પ્રદાન સંજ્ઞા થઇ શકતી નથી.) 572

★

---

૫૮. ज्ञीप्स्यमानः 'બોધન કરવાને ઇષ્ટ વ્યક્તિ.' દા.ત. ગોપી કૃષ્ણને જણાવવા માંગતી હોય કે તે કૃષ્ણને ચાહે છે. તો ત્યાં 'જેને જણાવવાનું છે તે વ્યક્તિ કૃષ્ણ છે' માટે કૃષ્ણને 'ज्ञीप्स्यमान' કહેવાશે. અહીં જ્ઞાપન કરવું અર્થવાળા √ज्ञप ધાતુને ઇચ્છાદર્શક सन् પ્રત્યય લગાવીને, કર્મ અર્થમાં शानच् પ્રત્યય લગાડવાથી ज्ञीप्स्यमान રૂપ બને છે.

૫૯. અહીં प्रकाशनस्थेयाख्ययोश्च । ૧-૩-૨૩ સૂ. ી 'સ્વાભિપ્રાયનું પ્રકાશન કરવું' અર્થમાં तिष्ठते એવો આત્મનેપદી પ્રયોગ થયો છે.

573 (૪૨) **धारेः उत्तमर्णः । १-४-३५**

574 (૪૩) **स्पृहेः ईप्सितः । पा.सू. १-४-३६**

---

**(वृत्तिः) धारयतेः प्रयोगे उत्तमर्णः उक्तसंज्ञः स्यात् । (उदा०) भक्ताय धारयति मोक्षं हरिः ।। 'उत्तमर्णः' किम् ? देवदत्ताय शतं धारयति ग्रामे ।**

**(वृत्तिः) स्पृहयतेः प्रयोगे इष्टः सम्प्रदानं स्यात् । (उदा०) पुष्पेभ्यः स्पृहयति ।। १. 'ईप्सितः' किम् ? पुष्पेभ्यः वने स्पृहयति । २. ईप्सितमात्रे इयं संज्ञा । प्रकर्षविवक्षायां तु परत्वात् 'कर्म' संज्ञा (भवति) – पुष्पाणि स्पृहयति ।।**

---

**(અનુ૦) धारयति ।**[૬૦]**નો પ્રયોગ થયો હોય ત્યારે ઉત્તમર્ણ**[૬૧]**=લેણદારની 'સમ્પ્રદાન' સંજ્ઞા થાય છે. ઉદા.ત. हरिः भक्ताय मोक्षं धारयति । 'શ્રીહરિ ભક્તને માટે મોક્ષને ધારણ કરે છે.' અર્થાત્ શ્રીહરિએ ભક્તને મોક્ષનું દેવું ચૂકવવાનું છે.** (અહીં ભક્ત પહેલાં ફળ-ફુલ-તુલસીદલ વગેરે પૂજાસામગ્રી હરિને અર્પે છે. હરિ તે પૂજાસામગ્રી રૂપી ઋણ ગ્રહણ કરે છે. આ રીતે હરિ અધમર્ણ=દેવાદાર બને છે. ત્યાર પછી હરિ ભક્તને મોક્ષ આપીને દેવામાંથી મુક્ત થાય છે. (!) આમ ભક્ત ઉત્તમર્ણ=લેણદાર છે. પાણિનિ આ સૂત્રમાં કહે છે કે ઉત્તમર્ણ વ્યક્તિને સમ્પ્રદાન કહેવાય છે અને આવા સમ્પ્રદાન કારકને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે : भक्ताय.)

**સૂત્રકારે ઉત્તમર્ણ=લેણદારની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે' એમ કહ્યું છે. એનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **देवदत्ताय शतं धारयति (यज्ञदत्तः) ग्रामे । 'યજ્ઞદત્ત** (અધમર્ણ=દેવાદારે) **દેવદત્તને** (ઉત્તમર્ણ=લેણદારને) **સો રૂપિયા ગામમાં ચૂકવવાના છે.'** (જેને સો રૂપિયા ચૂકવવાના છે-જે લેણદાર છે-તે દેવદત્ત છે, તેની જ સમ્પ્રદાન સંજ્ઞા થશે. અહીં 'ગ્રામ' લેણદાર નથી. માટે તેની સમ્પ્રદાન સંજ્ઞા થશે નહીં.)

**(અનુ૦) √स्पृह ईप्सायाम् ।** (૧૦મો ગણ) **ધાતુનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે જે પદાર્થની સ્પૃહા કરવામાં આવે તે પદાર્થની સમ્પ્રદાન સંજ્ઞા થાય છે,** (તે પદાર્થને સમ્પ્રદાનકારક કહેવાય છે.) **ઉદા.ત. पुष्पेभ्यः स्पृहयति । 'પુષ્પોની સ્પૃહા રાખે છે.** (અહીં પુષ્પ વિષે સ્પૃહા કરવામાં આવે છે. આથી તેને સમ્પ્રદાનકારક કહેવાશે. આવા સમ્પ્રદાનને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે : पुष्पेभ्यः ।)

**૧. આ સૂત્રમાં 'ईप्सित' સ્પૃહા કરવાને ઇષ્ટ=સ્પૃહણીય** (પદાર્થ) **એમ કહેવાથી શું સિદ્ધ થાય છે ?** (ઉત્તર) **पुष्पेभ्यः वने स्पृहयति । 'પુષ્પોની વનમાં સ્પૃહા રાખે છે.'** (અહીં 'વન'ની સ્પૃહા કરવામાં આવી નથી, માટે તેને સમ્પ્રદાન કહેવાશે નહીં. વન તો સ્પૃહા કરવા માટેનું સ્થાન-અધિકરણ-છે. આથી તેને સપ્તમી વિભક્તિમાં રજૂ કરવામાં આવશે, ચતુર્થીમાં નહીં.)

**૨. કેવળ ઈપ્સિત પદાર્થ હોય તેની જ આ** (સમ્પ્રદાન) **સંજ્ઞા થશે. જ્યારે પ્રકર્ષની વિવક્ષા હશે-એટલે કે ઈપ્સિતતમ પદાર્થની વિવક્ષા હશે-ત્યારે તો "પરત્વ"ને કારણે कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થાય છે. જેમકે, पुष्पाणि स्पृहयति । 'પુષ્પોની સ્પૃહા રાખે છે.'** (અહીં સ્પૃહા કરવા માટે પુષ્પો 'ઈપ્સિતતમ' હોય તો તેની કર્મકારક સંજ્ઞા જ થાય છે; અને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**(વિમર્શ)** 'સીતા પુષ્પોની સ્પૃહા રાખે છે' એમ સંસ્કૃતમાં કહેવા માટે વક્તાએ સૌથી પહેલાં એ વિચારવું પડે છે કે સીતા પુષ્પો મેળવવાની (માત્ર) ઇચ્છા રાખે છે કે ઉત્કટ ઇચ્છા રાખે છે ? જો પુષ્પો મેવવાની ઇચ્છા સામાન્ય પ્રકારની હશે-પુષ્પો માત્ર ઈપ્સિત હશે-તો પ્રસ્તુત (स्पृहेरीप्सितः । ૧-૪-૩૬) સૂત્રથી પુષ્પોને સમ્પ્રદાનકારક કહેવાશે અને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવશે. જેમકે, पुष्पेभ्यः स्पृहयति । પરંતુ સીતાને પુષ્પો મેળવવાની ઇચ્છા જો

---

૬૦. √धृङ् अवस्थाने ધાતુનું પ્રેરકમાં धारयति । રૂપ બને છે.

૬૧. अन्यस्वामिकं द्रव्यं नियतकाले पुनरर्पणबुद्धया गृहीतम् 'ऋणम्' इति उच्यते । तत्र ऋणस्य ग्रहीता अधमर्णः, ऋणस्य अर्पयिता धनस्वामी उत्तमर्णः ।। (बालमनोरमा) "પારકાનું ધન નિયતકાળે પાછું આપવાની બુદ્ધિથી જ્યારે લેવામાં આવે ત્યારે તેને 'ઋણ' -દેવું-કહે છે. અહીં ઋણ લેનાર 'અધમર્ણ (અધમ+ઋણ) દેવાદાર કહેવાય છે. તથા ઋણ આપનાર ધનનો સ્વામી 'ઉત્તમર્ણ' (ઉત્તમ+ઋણ) લેણદાર કહેવાય છે."

ઉત્કટ હશે તો-પુષ્પો ઈપ્સિતતમ હશે-તો ક્રમાંકની દષ્ટિએ ૧-૪-૩૬ની પાછળ આવેલા कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી પુષ્પની 'કર્મ' સંજ્ઞા થશે અને તેને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવશે : पुष्पाणि स्पृहयति ।

ભટ્ટોજિ દીક્ષિતે આ જ મુદ્દો प्रकर्षविवक्षायां **परत्वात्** कर्मसंज्ञा भवति । (ઉત્કટ સ્પૃહા દર્શાવવાની ઇચ્છા હોય તો स्पृहेरीप्सितः । ૧-૪-૩૬ કરતાં कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્ર ક્રમાંકની દષ્ટિએ પાછળ આવેલું છે તેથી 'કર્મ' સંજ્ઞા થાય છે) એ રીતે રજૂ કર્યો છે.

★

'અષ્ટાધ્યાયી'માં પાણિનિએ એક પરિભાષા સૂત્ર મૂક્યું છે : विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨. 'તુલ્યબલ-વાળાં બે સૂત્રોની વચ્ચે વિરોધ ઊભો થાય ત્યારે જે સૂત્ર (ક્રમાંકની દષ્ટિએ) પાછળ આવેલું હોય-જે પરસૂત્ર હોય-તેની પ્રવૃત્તિ કરવી.' આ પરિભાષાસૂત્રને આધારે ભટ્ટોજિ દીક્ષિત કહે છે કે स्पृहेरीप्सितः । ૧-૪-૩૬ સૂત્ર કરતાં कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્ર પાછળ આવેલું છે. આથી ૧-૪-૪૯ થી ૧-૪-૩૬નો બાધ થાય છે. આમ √स्पृह ધાતુના સન્દર્ભમાં બે પ્રકારના પ્રયોગો પ્રાપ્ત થાય : (૧) કેવળ ઈપ્સિત પદાર્થની સમ્પ્રદાન સંજ્ઞા થઈને पुष्पेभ्यः स्पृहयति । જેવો પ્રયોગ પ્રાપ્ત થઈ શકે અને (૨) ઈપ્સિતતમ પદાર્થની કર્મ સંજ્ઞા થઈને पुष्पाणि स्पृहयति । જેવો પ્રયોગ પણ બની શકે.

**(વિશેષ)** 'ઈપ્સિતમાત્રમાં સમ્પ્રદાન સંજ્ઞા (૧-૪-૩૬) થાય છે. પરંતુ જો પ્રકર્ષની વિવક્ષા હોય તો **પરત્વ**ને કારણે કર્મ (૧-૪-૪૯) સંજ્ઞા થાય છે.' ભટ્ટોજિ દીક્ષિતના આ વિધાનને આધારે पुष्पेभ्यः स्पृहयति । જેવાં વાક્યોની સાથે જ पुष्पाणि स्पृहयति । જેવાં વાક્યો પણ બની શકે, એક ડગલું આગળ વધીને કહીએ તો सीतया पुष्पाणि स्पृह्यन्ते । એવો કર્મણિ પ્રયોગ પણ થઈ શકે.

ભટ્ટોજિ દીક્ષિતની વૃત્તિના સન્દર્ભમાં તત્ત્વબોધિનીકાર ઉમેરે છે કે પરત્વને કારણે ૧-૪-૪૯ સૂત્રથી કર્મ સંજ્ઞા થવાથી परस्परेण स्पृहणीयशोभम् । स्पृहणीयगुणैर्महात्मभिः । જેવાં ઉદાહરણમાં 'કર્મ' અર્થમાં अनीयर् પ્રત્યય લાગીને स्पृहणीय શબ્દ બન્યો છે. પદમંજરીકાર હરદત્ત પણ જણાવે છે કે कुमार्य इव कान्तं स्पृहयन्ति । જેવા પ્રયોગોમાં षष्ठी शेषे । ૨-૩-૫૦થી કર્મની, એટલે કે कान्तની શેષત્વ વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિ પણ આપી શકાય છે. જેમકે, कुमार्य इव कान्तस्य स्पृहयन्ति । આમ ભટ્ટોજિ દીક્ષિત, તત્ત્વબોધિનીકાર અને પદમંજરીકાર એક બાબતમાં એકમતિ ધરાવે છે કે √स्पृह ધાતુના યોગમાં પ્રકર્ષની વિવક્ષા હોય તો पुष्प જેવા પદાર્થની 'કર્મ' સંજ્ઞા પણ થઈ શકે. પરંતુ આ મત સિદ્ધાન્તવિરુદ્ધ છે અને પરિણામે ત્યાજ્ય છે.

ભટ્ટોજિ દીક્ષિતે પોતાના મતના સમર્થન માટે જે परत्वात् એવો હેતુ આપ્યો છે તે અયુક્ત છે. 'પરત્વ'ની દલીલ અહીં લાગુ પાડી શકાય એમ નથી. કેમકે ૧-૪-૩૬ અને ૧-૪-૪૯ એ બે સૂત્રો સાવકાશ હોય તો જ विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨ સૂત્ર પ્રવૃત્ત થઈને, પરત્વને ધ્યાનમાં લઈને નિર્ણય આપી શકે. પરંતુ અહીં બન્ને સૂત્રો સાવકાશ નથી; માટે પૂર્વત્વ કે પરત્વનો વિચાર પ્રસ્તુત બનતો જ નથી.

૧-૪-૪૯ સૂત્ર સાવકાશ છે, જ્યારે ૧-૪-૩૬ સૂત્ર નિરવકાશ છે. આથી સાવકાશ ૧-૪-૪૯, પરસૂત્ર હોવા છતાંય; ૧-૪-૩૬ પૂર્વસૂત્ર નિરવકાશ હોઈને, ૧-૪-૪૯નું બાધક બને છે. આથી કેવળ पुष्पेभ्यः स्पृहयति । એવો એક જ પ્રયોગ થશે. આમ पुष्पની કર્મ સંજ્ઞા થશે જ નહીં (અને પરિણામે पुष्पाणि स्पृहयति । જેવો દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રયોગ થશે નહીં, અને તેનો કર્મણિ પ્રયોગ પણ થશે નહીં). **ભટ્ટોજિ દીક્ષિતે જે લખ્યું છે તે સિદ્ધાન્તવિરુદ્ધ છે.**

તત્ત્વબોધિનીકારે એક તરફથી ભટ્ટોજિ દીક્ષિતના મતનું સમર્થન કરવા स्पृहणीयशोभम् જેવા પ્રયોગમાં, કર્મ અર્થમાં अनीयर् પ્રત્યય લાગ્યો છે' એવું લખ્યું છે. પરંતુ બીજી તરફ, ભર્તૃહરિ અને હેલારાજના (વા. પ. ૩-૭-૧૩૦, પૃ. ૩૩૩ અને ૩૩૪) ગ્રન્થોને આધારે એ પણ નોંધ્યુ છે કે √स्पृह ધાતુના યોગમાં આ ૧-૪-૩૬ સૂત્રવિહિત સમ્પ્રદાન સંજ્ઞાથી કર્મસંજ્ઞાનો (અને શેષ ષષ્ઠીનો પણ) બાધ થાય છે. આ દષ્ટિએ परस्परेण स्पृहणीयशोभम् । જેવાં ઉદાહરણોમાં दानीयो विप्रः । ની જેમ બાહુલકથી 'સમ્પ્રદાન' અર્થમાં अनीयर् પ્રત્યય લાગ્યો છે એમ કહેવું રહ્યું. એ જ પ્રમાણે, कुमार्य इव कान्तस्य स्पृहयन्ति । નો અર્થ कुमार्य इव कान्ताय स्पृहयति । કરવો રહ્યો.

575 (૪૪) **क्रुधद्रुहेर्ष्यासूयार्थानां यं प्रति कोपः। पा. सू. १-४-३७**

576 (૪૫) **क्रुधद्रुहोः उपसृष्टयोः कर्म। पा. सू. १-४-३८**

**(वृत्तिः) क्रुधाद्यर्थानां प्रयोगे 'यं प्रति कोपः' स उक्तसंज्ञः स्यात्। (उदा०) हरये क्रुध्यति/द्रुह्यति/ईर्ष्यति/असूयति ।। 'यं प्रति कोपः' किम्? भार्याम् ईर्ष्यति। =मा एनाम् अन्यः अद्राक्षीद् इति ।। क्रोधः= अमर्षः। द्रोहः=अपकारः। ईर्ष्या= अक्षमा। असूया=गुणेषु दोषाविष्करणम् ।। द्रुहादयः अपि कोपप्रभवा एव गृह्यन्ते। अतः विशेषणं सामान्येन 'यं प्रति कोपः' इति।**

**(वृत्तिः) सोपसर्गयोः अनयोः योगे 'यं प्रति कोपः' तत्कारकं कर्मसंज्ञम् स्यात्। (उदा०) १. क्रुरम् अभिक्रुध्यति। २. क्रुरम् अभिद्रुह्यति।**

ભટ્ટોજિ દીક્ષિતનો ઉપર્યુક્ત મત પાણિનીય તન્ત્રની વ્યવસ્થા મુજબ સિદ્ધાન્ત વિરુદ્ધનો છે જ, પરંતુ સ્પૃહને સકર્મકધાતુ ગણવાનો વિચાર કાલાનુક્રમની દષ્ટિએ ઘણો પરવર્તી છે. :- બાણભટ્ટે (ઇ.સ. ૭૦૦) 'કાદમ્બરી'માં મહાશ્વેતા-વિલાપના સન્દર્ભે એક વાક્ય લખ્યું છે : प्रसृतविमलमणिकिरणाश्रुतया प्रुदितैरिवोपेता तज्जीविताय इव **आत्ममरणाय स्पृहयन्ती**, मृतस्यापि सर्वात्मना हृदयं प्रवेष्टुमिवेच्छन्ती (महाश्वेता)..... मुहुर्मुहुरेतमन्वनयम् ।। (कादम्बरी, Ed. Peter Peterson, Bombay, 1885, p. 168) અહીં મહાશ્વેતાને માટે (ભટ્ટોજિના કહેવા મુજબ) आत्ममरण ઇપ્સિતતમ અર્થ હોવા છતાંય, બાણભટ્ટે પ્રસ્તુત સૂત્રને વશવર્તીને સ્પૃહ ધાતુના યોગમાં ચતુર્થી વિભક્તિ જ વાપરી છે તે સવિશેષ નોંધપાત્ર છે.

**(અનુ૦) √क्रुध क्रोधे, √द्रुह द्रोहि, √ईर्ष्य ईर्ष्यायाम् અને √असूञ् उपतापे અર્થવાળા ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે 'જેના પ્રત્યે કોપ વ્યક્ત કરવાનો હોય' તે વ્યક્તિને 'સમ્પ્રદાન' કહેવામાં આવે છે. દા.ત.**

**૧. हरये क्रुध्यति। શ્રીહરિ ઉપર ગુસ્સો કરે છે.**

**૨. हरये द्रुह्यति। શ્રી હરિનો દ્રોહ કરે છે.**

**૩. हरये ईर्ष्यति। શ્રીહરિની ઈર્ષ્યા કરે છે.**

**૪. हरये असूयति। શ્રીહરિની અસૂયા કરે છે.**

(પ્રશ્નઃ) **સૂત્રમાં यं प्रति कोपः-'જેના પ્રત્યે કોપ વ્યક્ત કરવાનો હોય** (તેને સમ્પ્રદાનકારક કહેવાય છે)'-**એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **भार्याम् ईर्ष्यति। 'ભાર્યાની ઈર્ષ્યા કરે છે.'** આ વાક્યનો અર્થ 'આને બીજો કોઈ (પુરુષ) જોઈ ન જાય' એવો છે. (અહીં કોઈ વ્યક્તિ પોતાની પત્નીને બીજો કોઈ પુરુષ જુએ એને સહન કરી શકતો નથી' -એટલું જ કહેવાનો આશય છે. અર્થાત્ ખરેખર પતિ પત્નીની ઈર્ષ્યા કરતો નથી. આથી भार्या શબ્દની સમ્પ્રદાન સંજ્ઞા કરીને તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવતો નથી.)

(क) **ક્રોધ એટલે અમર્ષ** (ગુસ્સો). (ख) **દ્રોહ એટલે અપકાર.** (ग) **ઈર્ષ્યા એટલે અક્ષમા** (અસહિષ્ણુતા). (घ) **અસૂયા એટલે ગુણોમાં દોષો જોવા. અહીં દ્રોહ વગેરે પણ કોપ** (ગુસ્સા)**માંથી જ જન્મે છે. માટે 'यं प्रति कोपः' એવું વિશેષણ સામાન્ય સ્વરૂપે વાપર્યું છે.** (એટલે કે यं प्रति द्रोहः, यं प्रति ईर्ष्या, यं प्रति असूया એમ જુદાં જુદાં વિશેષણો વાપર્યાં નથી.)

**(વિમર્શ) √क्रुध** વગેરે ચાર ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે ૧. જેની ઉપર ગુસ્સો કરવાનો હોય, ૨. જે વ્યક્તિનો દ્રોહ કરવાનો હોય, ૩. જેની ઈર્ષ્યા કરવાની હોય અને ૪. જેની અસૂયા કરવાની હોય તે વ્યક્તિને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે. આવા સમ્પ્રદાનને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા.ત. ૧. रामः रावणाय क्रुध्यति। 'રામ રાવણ ઉપર ગુસ્સો કરે છે.' ૨. कौरवाः पाण्डवेभ्यः द्रुह्यन्ति। 'કૌરવોએ પાંડવોનો દ્રોહ કર્યો ; પાંડવોની ઉપર અપકાર કર્યો.' ૩. कैकेयी कौसल्यायै ईर्ष्यति। 'કૈકેયી કૌસલ્યાની ઈર્ષ્યા કરે છે.' ૪. रावणः विभीषणाय असूयति। 'રાવણ વિભીષણની અસૂયા કરે છે'; વિભીષણના ગુણોમાં દોષ જુવે છે. 575

**(અનુ૦) √क्रुध क्रोधे અને √द्रुह द्रोहे એ બે ધાતુઓનો જો ઉપસર્ગની સાથે પ્રયોગ થયો હોય તો 'જેના પ્રત્યે કોપ વ્યક્ત કરવાનો હોય' તે કારકની-તે વ્યક્તિની-'કર્મ' સંજ્ઞા થાય છે.**

ઉદા.ત. **૧. क्रुरम् अभिक्रुध्यति। 'ક્રૂર વ્યક્તિની ઉપર ક્રોધ કરે છે.'**

**૨. क्रुरम् अभिद्रुह्यति। 'ક્રૂર વ્યક્તિની ઉપર દ્રોહ કરે છે.**

577 (૪૬) **राधीक्ष्योः यस्य विप्रश्नः । पा. सू. १-४-३९**

578 (૪૭) **प्रत्याङ्भ्यां श्रुवः पूर्वस्य कर्ता । पा. सू. १-४-४०**

579 (૪૮) **अनुप्रतिगृणश्च पा. सू. १-४-४१**

---

**(वृत्तिः) एतयोः कारकं सम्प्रदानं स्यात् ।। यदीयः विविधः प्रश्नः क्रियते (इति 'यस्य विप्रश्नः') । (उदा०) कृष्णाय राध्यति/ईक्षते वा ।=पृष्टो गर्गः शुभाशुभं पर्यालोचयति इत्यर्थः ।।**

**(वृत्तिः) आभ्यां परस्य शृणोतेः योगे पूर्वस्य प्रवर्तनारूपस्य व्यापारस्य कर्ता सम्प्रदानं स्यात् । (उदा०) विप्राय गां प्रतिशृणोति/आशृणोति वा ।=विप्रेण 'मह्यं देहि' इति प्रवर्तितः, तं प्रतिजानीते इत्यर्थः ।।**

**(वृत्तिः) आभ्यां गृणातेः कारकं पूर्वव्यापारस्य कर्तृभूतम् उक्तसंज्ञं स्यात् (उदा०) होत्रे अनुगृणाति / प्रतिगृणाति वा ।=होता प्रथमं शंसति, तम् अध्वर्युः प्रोत्साहयति इत्यर्थः ।।**

---

(અહીં क्रुध्यति અને द्रुह्यति એવાં ક્રિયાપદોની આગળ अभि ઉપસર્ગ જોડ્યો છે. આથી 'જેના પ્રત્યે ક્રોધ વ્યક્ત કરવાનો છે' તે 'ક્રૂર' વ્યક્તિની, પૂર્વસૂત્રથી સમ્પ્રદાન સંજ્ઞા પ્રાપ્ત થતી હતી; પણ પ્રસ્તુત સૂત્ર તેનો બાધ કરીને, 'કર્મ' સંજ્ઞા કરે છે. આવા કર્મકારકને દ્વિતીયા વિભક્તિ क्रुरम् લગાડવામાં આવે છે.

**(વિમર્શ)** √क्रुध અને √द्रुह ધાતુઓ અકર્મક છે. પરિણામે क्रुरની 'કર્મ' સંજ્ઞા થઈ શકે એમ ન હતું. क्रुरની પૂર્વસૂત્રથી માત્ર 'સમ્પ્રદાન' સંજ્ઞા જ થવા આવશે. પરંતુ સૂત્રકારના સમયમાં આ ધાતુઓ જયારે સોપસર્ગ વપરાતા હશે ત્યારે क्रूर જેવા પદાર્થો દ્વિતીયા વિભક્તિમાં વપરાતા હશે અને તેનો કર્મણિ પ્રયોગ પણ क्रूरः अभिक्रुध्यते हरिणा થતો હશે. આથી પાણિનિએ આ સન્દર્ભમાં क्रुर જેવા પદાર્થોની 'કર્મ' સંજ્ઞા જાહેર કરી છે.

અહીં એ નોંધપાત્ર છે કે આવાં વાક્યોમાં જે કર્મકારક પ્રાપ્ત થાય છે તે વાચનિક કર્મ-કૃત્રિમ કર્મ-છે. (વચન=સૂત્ર. વાચનિક કર્મ=સૂત્રને કારણે 'કર્મ' કહેવાય છે, તાર્કિક દૃષ્ટિએ તે કર્મ નથી.) 576

**(અનુ૦) √राध संसिद्धौ અને √ईक्ष दर्शने[૬૨] એ બે ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે 'જે વ્યક્તિના વિષે વિવિધ પ્રશ્ન કરવામાં આવે' તે વ્યક્તિને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે.** ઉદા.ત. **कृष्णाय राध्यति । कृष्णाय ईक्षते । (બન્નેનો અર્થ : ) 'કૃષ્ણને વિષે ભવિષ્યકથન કરે છે.' એટલે કે કૃષ્ણનું ભવિષ્યમાં શુભ થશે કે અશુભ ? એવો પ્રશ્ન નંદ દ્વારા પૂછવામાં આવે છે. તેના જવાબમાં જ્યોતિશ્શાસ્ત્રવિદ્** ગર્ગ **ઋષિ કૃષ્ણના શુભઅશુભનું પર્યાલોચન-કથન-કરે છે.** 577

**(અનુ૦) प्रति અને आङ् એ બે** ઉપસર્ગપૂર્વકનો **√श्रु श्रवणे** ધાતુ વાક્યમાં વપરાયો હોય તો **પૂર્વે પ્રેરણા** આપનાર **જે વ્યક્તિ હોય-પહેલો પ્રેરણા કરનાર જે કર્તા હોય-તેને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે.** ઉદા.ત.

**૧. विप्राय गां प्रतिशृणोति । 'વિપ્રને ગાય આપીશ' એવી પ્રતિજ્ઞા લે છે.**

**૨. विप्राय गां आशृणोति । 'વિપ્રને ગાય આપીશ' એમ કહે છે.**

**અહીં બ્રાહ્મણે પહેલાં રાજાને પ્રેરણા આપી છે કે 'મને ગાય આપો'. ત્યાર પછી રાજા પ્રતિજ્ઞા કરે છે કે તે બ્રાહ્મણને ગાય આપશે.** (આમ પૂર્વે પ્રેરણા કરનાર જે કર્તા છે તે विप्र છે, તેને સમ્પ્રદાનકારક કહેવાશે અને તેને ચતુર્થી વિભક્તિ-विप्राय-લગાડવામાં આવશે.) 578

**(અનુ૦) अनु અથવા प्रति** ઉપસર્ગ **√गृ शब्दे ધાતુને લાગ્યો** હોય ત્યારે **'બોલવાની ક્રિયા જેણે પ્રથમ કરી હોય તેને સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે.** ઉદા.ત. ૧. अध्वर्युः होत्रे अनुगृणाति । 'અધ્વર્યુ હોતાનું અનુકથન કરે છે.' **=હોતાનું અનુકરણ કરતાં કરતાં બોલે છે. ૨. अध्वर्युः होत्रे प्रतिगृणाति । 'અધ્વર્યુ હોતાનું પ્રતિકથન કરે છે.'**

---

૬૨. આ બે ધાતુઓ કોઈ પ્રશ્નના અનુસન્ધાનમાં જે જવાબ આપવામાં આવે તેને કહેવા માટે વપરાય છે. આમ राध्यति અને ईक्षते એટલે (અમુક પ્રશ્નનો) પ્રત્યુત્તર આપે છે. राधीक्ष्योः प्रश्नविषयपर्यालोचनमर्थः इति बृहच्छब्देन्दुशेखरः । પૃ૦ ૮૮૯.

580 (४९) परिक्रयणे 'सम्प्रदानम्' अन्यतरस्याम् । पा. सू. १-४-४४

(वृत्तिः) नियतकालं भृत्या स्वीकरणं=परिक्रयणं, तस्मिन् साधकतमं कारकं सम्प्रदानसंज्ञं वा स्यात् । (उदा०) शतेन/शताय वा परिक्रीतः ।। (वार्तिकानि)

१. ✳ तादर्थ्ये चतुर्थी वाच्या ✳ ।। मुक्तये हरिं भजति ।

२. ✳ क्लृपि संपद्यमाने च ✳ ।। भक्तिः ज्ञानाय कल्पते/संपद्यते/जायते इत्यादि ।

३. ✳ उत्पातेन ज्ञापिते च ✳ ।। वाताय कपिला विद्युत् ।

४. ✳ हितयोगे च ✳ ।। ब्राह्मणाय हितम् ।

**યજ્ઞક્રિયા દરમ્યાન સૌથી પહેલાં હોતા મન્ત્ર બોલે છે, ત્યાર પછી અધ્વર્યુ હોતાએ બોલેલા મન્ત્રની પુનરુક્તિ કરે છે, અને એ રીતે હોતાને પ્રોત્સાહન આપે છે.** (અહીં પહેલા મન્ત્ર બોલનાર હોતા છે. આથી તેને સમ્પ્રદાન સંજ્ઞા થશે. આવા સમ્પ્રદાનકારકને ચતુર્થી વિભક્તિ-होतृ>होत्रे-લગાડવામાં આવે છે.) 579

**(અનુ૦) નિયતકાલ માટે પગારથી કોઈ વ્યક્તિને** (નોકરીમાં) **રોકવામાં આવે તો એને 'પરિક્રયણ' કર્યું કહેવાય.** (વ્યક્તિને પગારથી અમુક સમય માટે ખરીદ્યો એમ કહેવાય.) **આવું પરિક્રયણ કરવામાં જે પદાર્થ=જે કારક સાધકતમ હોય** (દા.ત. રૂપિયા) **તેને વિકલ્પે** (કરણકારક અથવા) **સમ્પ્રદાનકારક કહેવામાં આવે છે. ઉદા.ત. 'સો રૂપિયાથી ખરીદેલો' એમ કહેવા માટે –**

**૧. शतेन परिक्रीतः । પક્ષ** (કરણકારક)

**૨. शताय परिक्रीतः । વિપક્ષ** (સમ્પ્રદાનકારક)

**વાર્તિક-૧.✳ "તાદર્થ્ય** ('અમુકને માટે' એ અર્થ) **કહેવા માટે ચતુર્થી વિભક્તિ** વપરાય **છે" એમ (સૂત્રકારે) કહેવું જોઈએ. દા.ત. मुक्तये हरिं भजति । 'મોક્ષ મેળવવા માટે શ્રીહરિને ભજે છે.'**

**વાર્તિક-૨.✳ "√क्लृप् ધાતુના યોગે** (અને એ ધાતુના અર્થવાળા બીજા ધાતુઓના યોગે પણ) **'ઉત્પદ્યમાન પદાર્થ' વાચક શબ્દને ચતુર્થી વિભક્તિ લાગે છે." દા.ત. भक्तिः ज्ञानाय कल्पते । 'ભક્તિ જ્ઞાન** (મેળવવા) **માટે છે.' भक्तिः ज्ञानाय संपद्यते । 'ભક્તિ જ્ઞાન માટે છે.'** (ભક્તિનું પરિણામ જ્ઞાન આવે છે.) **भक्तिः ज्ञानाय जायते । 'ભક્તિ જ્ઞાન માટે છે.'** (ભક્તિ કરવાથી છેવટે જ્ઞાન મળે છે.)

**વાર્તિક-૩.✳ "ઉત્પાતથી જ્ઞાપિત થતા પદાર્થને પણ ચતુર્થી વિભક્તિ લાગે છે." દા.ત. वाताय कपिला विद्युत् । 'વાવાઝોડા માટે કપિલા વિદ્યુત્ છે.'** (કપિલા વર્ણની વિદ્યુત્ થઈ, તે ઉત્પાતથી જ્ઞાપિત થાય છે કે હવે વાવાઝોડું ફૂંકાશે.)

**વાર્તિક-૪.✳ "हित શબ્દના યોગમાં પણ ચતુર્થી વિભક્તિ વપરાય છે." દા.ત. ब्राह्मणाय हितम् । 'બ્રાહ્મણના હિત માટે.'**

**(વિમર્શ)** પરિક્રયણ એટલે ભૃતિ (=પગાર)થી ચોક્કસ સમય માટે કોઈ વ્યક્તિને નોકરીમાં/સેવામાં રાખવો. આવું પરિક્રયણ કરવામાં જે પ્રકૃષ્ટોપકારક=સાધકતમ પદાર્થ હોય તેને 'કરણકારક' કહેવાશે. પરંતુ સૂત્રકાર કહે છે કે પરિક્રયણ ક્રિયામાં જે સાધકતમ પદાર્થ હોય તેને વિકલ્પે 'સમ્પ્રદાનકારક' પણ કહેવું જોઈએઃ જેમકે; 'સો રૂપિયાથી એક મહિના માટે રમેશને ખરીદ્યો છે; રમેશને સો રૂપિયાથી એક મહિના માટે નોકરીએ રાખ્યો છે.' એમ જ્યારે કહીએ છીએ ત્યારે રમેશનું પરિક્રયણ કરવામાં (રમેશને નોકરીએ રાખવામાં) સો રૂપીયા પ્રકૃષ્ટોપકારક='સાધકતમ' પદાર્થ છે. આવા સાધકતમ પદાર્થને કરણકારક પણ કહેવાશે અને સમ્પ્રદાન કારક પણ કહેવાશે : रमेशः शतेन मासं परिक्रीतः । અથવા रमेशः शताय मासं परिक्रीतः ।।

આ સૂત્ર ઉપરની વૃત્તિમાં ભટ્ટોજિ દીક્ષિતે ચાર વાર્તિકો રજૂ કર્યાં છે : ૧. तादर्थ्ये चतुर्थी वाच्या । तादर्थ्य='અમુકને માટે' એ અર્થ કહેવા માટે ચતુર્થી વિભક્તિ વપરાય છે. અહીં 'તાદર્થ્ય'નો અર્થ વિચારણીય છે. तस्मै इदं तदर्थम् । (अर्थेन नित्यसमासः) तदर्थस्य भावः 'तादर्थ्यम्' ।। उपकार्योपकारकसम्बन्धोऽत्र विवक्षितः । तत्र उपकार्याद् एव चतुर्थी, भाष्ये

'यूपाय दारु', 'कुण्डलाय हिरण्यम्' इति उदाहृतत्वात् ।। (બાલમનોરમા) તદર્થ એટલે 'અમુકને માટે આ વસ્તુ છે.' આવા તદર્થનો ભાવ તે 'તાદર્થ્ય.' અર્થાત્ એક વસ્તુ ઉપકાર્ય છે અને બીજી વસ્તુ ઉપકારક છે એવું દર્શાવનારો જે સંબંધ છે તેને 'તાદર્થ્ય' કહે છે. અહીં જે ઉપકાર્ય વસ્તુ હોય છે તેને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. (क) **यूपाय दारु ।** 'યૂપ બનાવવા માટેનું લાકડું.' (યજ્ઞમાં પશુને-બલિને-બાંધવા માટેનો જે થાંભલો તેને 'યૂપ' કહે છે.) અહીં લાકડું (दारु) ઉપકારક છે અને થાંભલો (यूप) ઉપકાર્ય છે.અર્થાત્ લાકડામાંથી થાંભલો બનાવવાનો છે. ઉપકાર્ય પદાર્થ (यूप)ને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવશે. (ख) कुण्डलाय हिरण्यम् । 'કુંડલ બનાવવા માટેનું આ સોનું છે.' અહીં કુંડલ ઉપકાર્ય છે અને હિરણ્ય-સોનું-ઉપકાર છે. આથી ઉપકાર્ય પદાર્થ कुण्डलने ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે.

ટીકાકારો કહે છે કે 'ઉપકાર્યત્વ' અનેક પ્રકારનું જોવા મળે છે. જેમકે, જન્યત્વ, પ્રાપ્યત્વ વગેરે. દા.ત. **मुक्तये हरिं भजति ।** અહીં હરિભજન જનક (ઉપકારક) છે અને મુક્તિ-મોક્ષ-જન્ય (ઉપકાર્ય) છે. એ જ પ્રમાણે, **ब्राह्मणाय दधि ।** 'બ્રાહ્મણને આપવા માટેનું દહીં.' અહીં દહીં ઉપકારક છે અને બ્રાહ્મણ ઉપકાર્ય (પ્રાપ્ય) છે. એટલે કે બ્રાહ્મણ દહીં મેળવનાર વ્યક્તિ છે. આમ તાદર્થ્ય=ઉપકાર્યોપકારક ભાવ દર્શાવવા માટે ચતુર્થી વિભક્તિ વપરાય છે.[63]

**૨.** "√क्लृप ધાતુના યોગે (અને એ ધાતુના અર્થવાળા બીજા ધાતુઓના યોગે) પણ ઉત્પદ્યમાન પદાર્થ વાચક શબ્દને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે." અર્થાત્ √क्लृप ધાતુનો વાક્યમાં પ્રયોગ હોય ત્યારે પ્રકૃતિવિકૃતિભાવ દર્શાવવા માટે વિકૃતિ વાચક શબ્દને (ઉત્પન્ન થનાર પદાર્થ વાચક શબ્દને) ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. **भक्तिः ज्ञानाय कल्पते ।** "ભક્તિ (પ્રકૃતિ) જ્ઞાન (વિકૃતિ) જન્માવે છે." અહીં વિકૃતિ વાચક શબ્દ (અથવા તો ઉત્પન્ન થનાર) ज्ञान છે. આને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે. √क्लृप् ધાતુના અર્થ જેવા અર્થવાળા બીજા (√जनी प्रादुर्भावे, सम+√पद વગેરે) ધાતુઓના યોગે પણ 'ઉત્પન્ન થનાર' પદાર્થને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે.

**૩. उत्पातेन ज्ञापिते च ।** "પ્રાણીઓના શુભાશુભને સૂચવનાર જે ભૂતવિકાર હોય તેને 'ઉત્પાત' કહે છે. આવા ઉત્પાતથી જે જ્ઞાપિત=સૂચિત-થાય તેને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે." દા.ત.

**वाताय कपिला विद्युत्,** आतपायातिलोहिनी ।
पीता वर्षाय विज्ञेया, दुर्भिक्षाय सिता भवेत् ।।

'વાવાઝોડા માટે કપિલા વિદ્યુત્ છે, ખૂબ ગરમીને માટે અતિશય લાલ રંગની વિદ્યુત્ છે, વૃષ્ટિને માટે પીળા રંગની વિદ્યુત્ છે અને શ્વેતરંગની વિદ્યુત્ દુકાળ માટે છે.' આમ કપિલા વર્ણની વિજળી દેખાય તો તે એક પ્રકારનો ઉત્પાત છે. આ ઉત્પાતથી જ્ઞાપિત થાય છે કે હવે વાવાઝોડું ફુંકાશે. માટે જે જ્ઞાપિત થાય છે- વાવાઝોડું-તદ્વાચક વાત શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. वाताय ।

**૪. हितयोगे च ।** हित શબ્દના યોગે પણ ચતુર્થી વિભક્તિ વપરાય છે. દા.ત. **ब्राह्मणाय हितम् ।।** પાણિનિના **तस्मै हितम् ।।** ૫-૧-૫ સૂત્ર ઉપરથી આ વાર્તિક ફલિત થાય છે.

**(વિશેષ) तादर्थ्ये चतुर्थी वाच्या ।** વાર્તિકના સન્દર્ભમાં ભાષ્યકારે એક નોંધપાત્ર ચર્ચા કરી છે : **सम्प्रदाने चतुर्थी ।** ૨-૩-૧૩ એવું સૂત્ર કરવાને બદલે **"तादर्थ्ये चतुर्थी ।"** એવું સૂત્ર કરવું જોઈએ (પૂર્વપક્ષ). કારણ કે **चतुर्थी सम्प्रदाने ।** ૨-૩-૧૩ સૂત્રથી **यूपाय दारु ।** જેવાં તાદર્થ્યનાં ઉદાહરણો આવરી શકાતાં નથી. પણ જો **"तादर्थ्ये चतुर्थी"** એવું સૂત્ર કરવામાં આવશે તો (**यूपाय दारु ।** જેવાં તાદર્થ્યનાં ઉદાહરણો ઉપરાંત) સમ્પ્રદાનનાં ઉદાહરણો પણ આવરી લઈ શકાશે. જેમકે, **उपाध्यायाय गौर्दीयते ।** ત્યાં 'ઉપાધ્યાયને માટે ગાય' એવો તાદર્થ્યનો ભાવ રહેલો જ છે. આથી **तादर्थ्ये चतुर्थी** જેવાં સૂત્રથી 'ઉપાધ્યાય' શબ્દને ચતુર્થી વિભક્તિ લાગી શકશે.

પરંતુ ભાષ્યકાર (ઉત્તરપક્ષ) કહે છે કે **"तादर्थ्ये चतुर्थी"** જેવું નવા સ્વરૂપનું સૂત્ર કરવામાં આવશે તો **उपाध्यायाय गौर्दीयते ।** જેવાં ઉદાહરણમાં કોઈ તકલીફ ઊભી થતી નથી; પણ **छात्राय रुचितम् । छात्राय स्वदितम् ।** જેવાં ઉદાહરણોમાં કે જ્યાં તાદર્થ્યનો ભાવ દર્શાવી શકાતો નથી. ( આ ઉદાહરણોમાં **रुच्यर्थानां प्रीयमाणः ।** ૧-૪-૩૩ થી **छात्र**ને 'સમ્પ્રદાન'

---

૬૩. વાસ્તવમાં આ વાર્તિક વચન નથી; જ્ઞાપકવચન છે. પાણિનિએ સમાસ પ્રકરણમાં **चतुर्थी तदर्थार्थबलिहितसुखरक्षितैः ।** ૨-૧-૩૬ સૂત્ર રજૂ કર્યું છે. આ સૂત્રમાં તેમણે જણાવ્યું છે કે ચતુર્થી વિભક્તિના પ્રત્યયો 'તદર્થ'ના વાચક છે. **चतुर्थी चास्मादेव ज्ञापकात् 'तादर्थ्ये' भवति ।** (काशिकावृत्तिः)

581 (૫૦) **क्रियार्थोपपदस्य च कर्मणि स्थानिनः । पा. सू. २-३-१४**

**(वृत्तिः) क्रियार्था क्रिया उपपदं यस्य, तस्य स्थानिनः अप्रयुज्यमानस्य तुमुनः कर्मणि चतुर्थी स्यात् ।। (उदा०) १. फलेभ्यः याति=फलानि आहर्तुम् याति इत्यर्थः । २. नमस्कुर्मः नृसिंहाय=नृसिंहम् अनुकूलयितुम् इत्यर्थः । ३. एवं 'स्वयंभुवे नमस्कृत्य' इत्यादौ अपि ।।**

જાહેર કરવામાં આવે છે.) ત્યાં तादर्थ्ये चतुर्थी સૂત્રથી ચતુર્થી વિભક્તિનું વિધાન થઈ શકશે નહીં. અહીં સમ્પ્રદાન અર્થે ચતુર્થી વિભક્તિનું વિધાન કરવા चतुर्थी सम्प्रदाने । ૨-૩-૧૩ જેવું સૂત્ર જ જોઈશે. આમ પાણિનિએ જે સૂત્ર બનાવ્યું છે તે જ ઉચિત છે.

(પૂર્વપક્ષઃ તો પછી तादर्थ्ये चतुर्थी वाच्या । એવું વાર્તિક તો બનાવવું જ પડશે. (કેમકે सम्प्रदाने चतुर्थी ।) ૨-૩-૧૩ સૂત્રથી यूपाय दारु માં ચતુર્થી થઈ શકતી નથી.) ભાષ્યકાર (ઉત્તરપક્ષ) કહે છે કે આવું વાર્તિક કરવાની પણ જરૂર નથી. કેમકે 'તાદર્થ્યમાં ચતુર્થી લાગે છે' એવું પાણિનિએ અન્યત્ર-સમાસ પ્રકરણ-માં સૂચવ્યું જ છે. ચતુર્થી तदर्थार्थबलिहित-सुखरक्षितैः । ૨-૧-૩૬ સૂત્ર દ્વારા 'તાદર્થ્યે ચતુર્થી'નું જ્ઞાપન થાય છે.

**(અનુ૦) એક ક્રિયાને માટે બીજી ક્રિયા કરવામાં આવે તો તે** (બીજી ક્રિયા)ને **"ક્રિયાર્થા ક્રિયા" કહે છે. આવી ક્રિયાર્થા ક્રિયા જેના ઉપપદમાં હોય તેવા અપ્રયુજ્યમાન તુમુન્** (=तुमुन्नन्त) **સ્થાનિના કર્મકારકને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. ૧. फलेभ्यः याति । 'ફળ માટે જાય છે.' આ વાક્યમાંથી 'ફળો લેવા માટે જાય છે'** (फलानि आहर्तुम् याति) **એવો અર્થબોધ થાય છે.**

(અહીં फलानि आहर्तुम् याति । 'ફળો લાવવા માટે જાય છે' એ મૂળ વાક્ય છે. તેમાં याति 'જાય છે' ક્રિયા "ક્રિયાર્થા ક્રિયા" કહેવાય છે. કેમકે જવાની ક્રિયા 'ફલ-આહરણ' ક્રિયા માટે થાય છે. આવી याति="ક્રિયાર્થા ક્રિયા" ઉપપદ-નજીક-માં રહેતાં, તુમુન્નન્ત હેત્વર્થ કૃદન્ત=आहर्तुम्નું જે કર્મ फलानि છે; તેને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે. તથા આ તુમુન્નન્ત=હેત્વર્થ કૃદન્ત=आहर्तुम् 'અપ્રયુજ્યમાન સ્થાનિ બની રહે છે. અર્થાત્ વાક્યમાં તે પદનો પ્રયોગ થતો નથી. આમ फलेभ्यः याति । એવો પ્રયોગ પ્રાપ્ત થાય છે.)

**ઉદા. ૨ नमस्कुर्मः नृसिंहाय । 'નૃસિંહને** (માટે) **અમે નમસ્કાર કરીએ છીએ.' અર્થાત્ નૃસિંહને અનુકૂળ બનાવવા માટે અમે નમસ્કાર કરીએ છીએ.**

**ઉદા. ૩. स्वयंभुवे नमकृत्य । 'સ્વયંભુને નમસ્કાર કરીને' વગેરે પ્રયોગોમાં પણ** (અપ્રુજ્યમાન તુમુન્=તુમુન્નન્ત=હેત્વર્થ કૃદન્તના કર્મકારકને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**(વિમર્શ)** देवदत्तः फलानि आहर्तुम् याति । 'દેવદત્ત ફળ લેવા માટે જાય છે.' આ વાક્યને देवदत्तः फलेभ्यः याति । 'દેવદત્ત ફળ માટે જાય છે'માં ફેરવવું હોય તો શું શું કરવું પડે ? તે દર્શાવનારું આ સૂત્ર છે :

| | | | | |
|---|---|---|---|---|
| વાક્ય ૧ | देवदत्तः | फलानि | आहर्तुम् | याति |
| | કર્તા | કર્મ | તુમુન્નન્ત-હેત્વર્થ કૃદન્ત | ક્રિયાર્થા ક્રિયા |
| | ↓ | ↓ | ↓ | ↓ |
| | કર્તા | ચતુર્થી વિભક્તિમાં | અપ્રયોગ | ક્રિયાર્થા ક્રિયા |
| વાક્ય ૨ | देवदत्तः | फलेभ्यः | × | याति । |

582 (૫૧) **तुमर्थात् च भाववचनात् । पा. सू. २-३-१५**

**(वृत्तिः) 'भाववचनाः च' (पा. सू. ३-३-११) इति सूत्रेण यः विहितः तदन्तात् चतुर्थी स्यात् ।। (उदा०) यागाय याति । =यष्टुं याति इत्यर्थः ।।**

વાક્ય-૧માં आहर्तुम् (तुमुनन्त=तुमुन् प्रत्ययान्त) હેત્વર્થ કૃદન્તનું રૂપ છે. હેત્વર્થ કૃદન્ત=હેતુ (કારણ) દર્શાવનારું રૂપ હોય છે. આથી જ્યારે પ્રશ્ન થાય કે દેવદત્ત શા માટે જાય છે (किमर्थम् याति) ત્યારે આ आहर्तुम् એવું હેત્વર્થ કૃદન્ત જણાવે છે કે 'લેવા માટે (જાય છે).' (આના અનુસન્ધાનમાં બીજો પ્રશ્ન થાય છે કે શું લેવા માટે જાય છે ? અર્થાત્ લાવવાની ક્રિયાનું કર્મ શું છે ? તો फलानि 'ફળો લેવા માટે' એવો જવાબ મળે છે.) આમ आहर्तुम् એવું હેત્વર્થ કૃદન્ત याति-જવાની ક્રિયા-શા માટે થઇ રહી છે તેનો હેતુ-તેનું કારણ જણાવે છે. હવે જ્યારે વાક્ય-૨માં આ હેત્વર્થ કૃદન્તનો અપ્રયોગ (ગેરહાજરી) રહેશે ત્યારે તેનો હેતુ-કારણ-એવો અર્થ કોણ દર્શાવશે ? તો એ અર્થ દર્શાવવા માટે ચતુર્થી વિભક્તિના પ્રત્યયનો ઉપયોગ થાય છે.

★

હવે કેટલાક પારિભાષિક શબ્દોની સમજૂતી જોઇશું : 'तुमुन्' આ હેત્વર્થ કૃદન્તનો પ્રત્યય છે. પાણિનિએ **तुमुण्ण्वुलौ क्रियायां क्रियार्थायाम्** । ૩-૩-૧૦ સૂત્રથી તેનું વિધાન કર્યું છે. **प्रत्ययग्रहणे तदन्तग्रहणम्** । એવા પરિભાષાવચનથી तुमुन् એટલે तुमुनन्त='तुमुन् પ્રત્યય છે અંતમાં જેની' એવું રૂપ-એમ સમજવાનું છે. બીજા શબ્દોમાં કહીએ તો तुमुन् પ્રત્યય એકલો ક્યાંય વપરાતો નથી, કોઈ ધાતુને લગાડીને જ તેનો પ્રયોગ થાય છે. આથી तुमुन् એટલે तुमुनन्त જ સમજવાનું છે. (આ તુમુન્નન્તનું નામ જ 'હેત્વર્થ કૃદન્ત' છે.) દા.ત. √आ+हृ+तुमुन्=आहर्तुम् ।।

આ तुमुनन्तનું એક વિશેષણ સૂત્રકારે વાપર્યું છે : **स्थानिनः** । 'સ્થાનિ એવા તુમુન્નન્તના (કર્મને ચતુર્થી વિભક્તિ લગાડવામાં આવે છે)' સ્થાનિ એટલે 'જેનો ભવિષ્યમાં પ્રયોગ ન થવાનો હોય' (भुत्वा यन्न भवति) આ જ અર્થ કહેવા માટે ભટ્ટોજિ દીક્ષિતે अप्रयुज्यमानस्य (જેનો પ્રયોગ થવાનો નથી) એવો નવો શબ્દ વાપર્યો છે. फलानि आहर्तुम् याति । → फलेभ्यः याति । અહીં आहर्तुम् એવા તુમુન્નન્ત સ્થાનિનો અપ્રયોગ થયો છે.

आहर्तुम् અને याति બન્ને શબ્દોથી અમુક ક્રિયા કહેવાય છે. આમાં મુખ્ય ઉદ્દેશ્ય 'ફળો લાવવા' એ છે, આ મુખ્ય ક્રિયા કરવા માટે પહેલાં ક્યાંક જવાની ક્રિયા કરવી પડે છે. આમ (ભવિષ્યમાં) ફલાહરણ ક્રિયા કરવા માટે જે ગમન ક્રિયા (याति) (અત્યારે) થાય છે તેને "ક્રિયાર્થા ક્રિયા" કહેવાશે. આવી ક્રિયાર્થા ક્રિયા 'ઉપપદ' નજીકમાં (ઉચ્ચારવામાં આવેલું પદ) તરીકે વપરાઈ હોય ત્યારે તુમુન્નન્ત=હેત્વર્થ કૃદન્તના કર્મને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. **फलानि** आहर्तुम् याति → **फलेभ्यः** याति ।

**(અનુ૦) भाववचनाः च । ૩-૩-૧૧ સૂત્રથી કહ્યું છે કે ભાવવાચક=સિદ્ધ ક્રિયાવાચક શબ્દો પણ ક્રિયાર્થા ક્રિયા ઉપપદમાં રહે ત્યારે [ભવિષ્યત્ કાળ (અર્થ)માં] પ્રવૃત્ત થાય છે. "આવા ભાવવાચક શબ્દોને પણ ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે" એમ પ્રસ્તુત સૂત્ર કહે છે. ઉદા.ત. यागाय याति । 'યજ્ઞ માટે જાય છે.' આ ઉદાહરણનો અર્થ થાય છે : યજન કરવા માટે જાય છે.**

**(વિમર્શ)** પાણિનિએ भावे । ૩-૩-૧૮ સૂત્રથી ભાવ='(સિદ્ધ) ક્રિયા' અર્થમાં ધાતુને घञ् પ્રત્યયનું વિધાન કર્યું છે. √पच्+घञ्>अ=पाकः । √यज्+घञ्>अ=यागः । આ શબ્દોને 'ભાવવચન' (ભાવ-સિદ્ધ ક્રિયા-વાચક) કહેવામાં આવે છે.

આને ધ્યાનમાં રાખીને, પાણિનિએ भाववचनाश्च । ૩-૩-૧૧ સૂત્રથી કહ્યું છે કે ભાવવાચક=સિદ્ધક્રિયાવાચક શબ્દો પણ ક્રિયાર્થા ક્રિયા ઉપપદમાં રહે ત્યારે (ભવિષ્યત્ કાળમાં) પ્રવૃત્ત થાય છે.

પરંતુ અહીં પ્રશ્ન થશે કે ક્રિયાર્થા ક્રિયા ઉપપદમાં રહે ત્યારે ભાવવાચક શબ્દો પ્રવૃત્ત થાય છે' એ ખરું; પણ તેમને કઈ વિભક્તિમાં મૂકવામાં આવે છે ? તો એનો જવાબ વિભક્તિપ્રકરણના પ્રસ્તુત સૂત્ર तुमर्थाच्च भाववचनात् ।

(वृत्तिः) एभिः योगे चतुर्थी स्यात् ।। १. हरये नमः । " उपपदविभक्तेः कारकविभक्तिः बलीयसी " । नमस्करोति देवान् ।। २. प्रजाभ्यः स्वस्ति । ३. अग्नये स्वाहा । ४. पितृभ्यः स्वधा ।। *'अलम्' इति पर्याप्त्यर्थ-ग्रहणम् * । तेन ५. दैत्येभ्यः हरिः अलम् । प्रभुः=समर्थः=शक्तः इत्यादि ।। प्रभ्वादियोगे षष्ठी अपि साधुः । "तस्मै प्रभवति" ५-१-१०० " स एषां ग्रामणी " । ५-२-७८ इति निर्देशात् । तेन 'प्रभुः बुभूषुः भुवनत्रयस्य' इति सिद्धम् । ६. वषट् इन्द्राय ।। चकारः पुनर्विधानार्थः, तेन आशीर्विवक्षायां पराम् अपि "चतुर्थी चाशिषि०" । २-३-७३ इति षष्ठीं बाधित्वा चतुर्थी एव भवति ।-स्वस्ति गोभ्यः भूयात् ।।

---

२-३-१५थी આપવામાં આવ્યો છે. "तुमर्थ વાળા (અર્થાત્ तुमुन्नन्त=હેત્વર્થ કૃદન્તનો જેવો અર્થ હોય તેવા અર્થવાળા=ક્રિયાર્થા ક્રિયા ઉપપદમાં હોય ત્યારે) ભાવવચન (=ભાવવાચક) શબ્દોને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે." દા.ત. यागाय याति । અહીં ક્રિયાર્થા ક્રિયા 'याति' ઉપપદમાં છે, ત્યારે ભાવવચન याग શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે. એ જ પ્રમાણે, पाकाय व्रजति । 'રાંધવા માટે જાય છે.'

**(અનુ૦)** (ઉપપદ વિભક્તિઃ-) **नमः, स्वस्ति, स्वाहा, स्वधा, પર્યાપ્તિ** (=સમર્થ) **અર્થવાળો अलम् અને वषट्-આ છ શબ્દોના યોગે ચતુર્થી વિભક્તિ વપરાય છે. ઉદા.ત.**

**१. हरये नमः । 'શ્રી હરિને નમસ્કાર હો.'** (नमः અવ્યયના યોગે हरि શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**આ વ્યાકરણશાસ્ત્રમાં "ઉપપદવિભક્તિ કરતાં કારકવિભક્તિ બળવતી હોય છે" એવો ન્યાય** (પરિભાષા) **પ્રવર્તે છે. પરિણામે नमस्करोति देवान् । 'દેવોને નમસ્કાર કરે છે' એ ઉદાહરણમાં ચતુર્થી નહીં, પણ દ્વિતીયા વિભક્તિ લાગી છે.**

**२. प्रजाभ्यः स्वस्ति । 'પ્રજાનું કલ્યાણ હો.'** (અહીં स्वस्ति અવ્યયના યોગે प्रजा શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.)

**૩. अग्नये स्वाहा । 'અગ્નિને સ્વાહા.'** (=અગ્નિને આહુતિ આપવામાં આવે છે. અહીં स्वाहा અવ્યયના યોગે अग्नि શબ્દને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.)

**४. पितृभ्यः स्वधा । 'પિતૃઓને સ્વધા'.** (પિતૃઓને શ્રાદ્ધપિંડાદિ આપવામાં આવે છે.)

★

**સૂત્રમાં લખેલો अलम् શબ્દ પર્યાપ્તિ** (=સમર્થ, પૂરતો) **અર્થમાં લેવાનો છે. આથી-**

**५. हरिः दैत्येभ्यः अलम् । 'શ્રી હરિ દૈત્યોને** (મારવા) **માટે પર્યાપ્ત** (સમર્થ) છે.' **અહીં अलम्નો અર્થ 'પ્રભુ', 'સમર્થ' કે 'શક્તિમાન્' થાય છે.**

**પ્રભુ વગેરે શબ્દોના યોગે ષષ્ઠી વિભક્તિ વપરાય તો તે પણ સાધુ** (વ્યાકરણસમ્મત) **ગણવી જોઈએ. કેમ કે સ્વયં સૂત્રકાર પાણિનિએ જ तस्मै प्रभवति । જેવાં સૂત્રોમાં प्र+√भू 'સમર્થ થવું' અર્થવાળા ક્રિયાપદના યોગે ચતુર્થી વિભક્તિ વાપરી છે અને स एषां ग्रामणी । જેવાં સૂત્રોમાં प्रभु= 'સમર્થ' અર્થવાળા ग्रामणी** (=ग्रामं नयतीति । એક ગામથી બીજે ગામ પહોંચાડનાર પુરુષ) **શબ્દના યોગે -एषाम्-ષષ્ઠી વિભક્તિ પણ વાપરી છે. આ સ્પષ્ટતાને કારણે "प्रभुः बुभूषुः भुवनत्रयस्य ।" 'ત્રણેય ભુવનના સ્વામી બનવાની ઇચ્છા છે.' જેવા પ્રયોગોમાં જે ષષ્ઠી વિભક્તિ વપરાઈ છે તે ખોટી નથી એમ સિદ્ધ થાય છે.**

**६. वषट् इन्द्राय । 'ઇન્દ્રને માટે વષટ્.'** (યજ્ઞાદિ ક્રિયામાં દેવોને આહુતિ આપતી વખતે वषट् श्रौषट् આદિ શબ્દોનો પ્રયોગ થાય છે. આ वषट् શબ્દના યોગે ચતુર્થી વિભક્તિ વપરાય છે.)

**પ્રસ્તુત સૂત્રમાં છેલ્લે ચકાર જોડવામાં આવ્યો છે, તે** (કોઈક સૂત્રથી ચતુર્થી સિવાયની બીજી કોઈ વિભક્તિનું અત્રે વિધાન થતું હોય તો તેને રોકીને) **ફરીથી ચતુર્થી વિભક્તિનું વિધાન કરવા માટે છે. દા.ત. આશીર્વાદની વિવક્ષા**

**હોય ત્યાં चतुर्थी चाशिषि । ૨-૩-૭૩ એવા પરસૂત્રથી ષષ્ઠી વિભક્તિનું વિધાન થાય છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર** (૨-૩-૧૬)માં **ચકાર જોડ્યો છે તેનાથી તે** (પરસૂત્રોક્ત) **ષષ્ઠી વિભક્તિનો બાધ થઈ જાય છે અને ચતુર્થી વિભક્તિ જ પ્રવૃત્ત થાય છે. જેમ કે, स्वस्ति गोभ्यः भूयात् । 'ગાયોનું કલ્યાણ થાવ.'** (અહીં स्वस्ति અવ્યય વપરાયો છે, તેના યોગે ચતુર્થી વિભક્તિ થવી જોઈએ. પણ આ જ વાક્યમાં भूयात् એવો આશીર્લિઙ્ લકારનો પણ પ્રયોગ થયો છે. આમ ગાયોને આશીર્વાદ આપવામાં આવ્યો છે. આથી चतुर्थी चाशिषि० । ૨-૩-૭૩ સૂત્ર પોતાની આગળ આવેલા नमः स्वस्ति-स्वाहा० । ૨-૩-૧૬ (પૂર્વ) સૂત્રનો બાધ કરીને ષષ્ઠી વિભક્તિનું વિધાન કરે છે. (એટલે કે स्वस्ति गवाम् भूयात् । એવો પ્રયોગ થવા આવે છે.) **પરંતુ ૨-૩-૧૬માં છેલ્લે ચકાર જોડ્યો છે તે બીનજરૂરી નથી. તેનું ચોક્કસ પ્રયોજન છે. આ ચકારના ઉલ્લેખથી એવું જ્ઞાપિત થાય છે કે नमः, स्वस्ति વગેરે શબ્દોના સન્દર્ભમાં ચતુર્થી સિવાયની બીજી કોઈ વિભક્તિ થવા આવે તો તેનો બાધ થઈને, ફરીથી ચતુર્થી વિભક્તિ જ પ્રવૃત્ત થાય છે; બીજી કોઈ વિભક્તિ નહીં. આમ स्वस्ति गोभ्यः भूयात् ।** (જ બને છે.)

**(વિમર્શ)** આ સૂત્ર 'ઉપપદ વિભક્તિ'નું વિધાન કરે છે : नमः, स्वस्ति, स्वाहा, स्वधा, अलम् અને वषट् આ શબ્દોના યોગે ચતુર્થી વિભક્તિ વપરાય છે. એક શંકા રજૂ કરવામાં આવે છે : देवान् नमस्करोति । એવું વાક્ય છે. તેના नमस्करोति ક્રિયાપદમાં नमस् (नमः) શબ્દ જોડ્યો છે. नमस् શબ્દના યોગે (ઉપપદ વિભક્તિનું વિધાન કરનારા) પ્રસ્તુત સૂત્ર नमः स्वस्तिस्वाहा० । ૨-૩-૧૬ થી ચતુર્થી વિભક્તિ જ થવી જોઈએ. એટલે કે देवान्ને બદલે देवेभ्यः એવો ચતુર્થી વિભક્ત્યન્ત પ્રયોગ થવો જોઈએ. બીજી તરફથી देव શબ્દ, કર્મકારક સંબંધે-√कृञ् (करोति) ધાતુમાં અન્વિત છે. પરિણામે (કારકવિભક્તિનું વિધાન કરનારા) कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ લાગીને देवान् એવો દ્વિતીયાન્ત પ્રયોગ થવો જોઇએ. અહીં શંકા થશે કે દ્વિતીયા વિભક્તિ કરવી કે ચતુર્થી વિભક્તિ કરવી ? આવી શંકાના પ્રસંગે પાણિનિએ જ કહ્યું છે કે विप्रतिषेधे परं कार्यम् । ૧-૪-૨-"તુલ્યબલવાળા બે સૂત્રોની વચ્ચે જ્યારે વિરોધ ઊભો થાય ત્યારે ક્રમાંકની દષ્ટિએ જે પરસૂત્ર હોય તેને બળવાન ગણીને પ્રવૃત્ત કરવું." આ સૂત્ર મુજબ વિચારતાં જણાય છે કે હવે દ્વિતીયા વિભક્તિનું વિધાન કરનારાં સૂત્ર कर्मणि द्वितीया ।નો **'૨-૩-૨'** ક્રમાંક છે અને ચતુર્થી વિભક્તિનું વિધાન કરનાર સૂત્રનો (नमस्वस्तिस्वाहा० । **૨-૩-૧૬** ક્રમાંક છે; આ બેમાંથી જે પરસૂત્ર (૨-૩-૧૬) છે તે બળવાન ગણાશે. જેથી नमस्करोति देवेभ्यः । એવો ચતુર્થી વિભક્ત્યન્ત પ્રયોગ જ થવો જોઈએ; देवान् એવો દ્વિતીયા વિભક્ત્યન્ત પ્રયોગ ન થવો જોઈએ. છતાંય લોકમાં તો દ્વિતીયાન્ત પ્રયોગ વપરાય છે. આમ देवान् नमस्करोति ।માં દ્વિતીયા વિભક્તિ સાચી કે ખોટી ? એવી શંકા ઊભી થાય છે.

આ સન્દર્ભમાં વ્યવસ્થા કરવા માટે એક પરિભાષા[૬૪] રજૂ કરવામાં આવે છે : उपपदविभक्तेः कारक-विभक्तिः बलीयसी । 'ઉપપદ વિભક્તિની અપેક્ષાએ કારક વિભક્તિ બળવતી હોય છે.' આ પરિભાષાને આધારે શાસ્ત્રકારો કહે છે કે ચતુર્થી વિભક્તિનું વિધાન કરનારું नमःस्वस्तिस्वाहा० । ૨-૩-૧૬ સૂત્ર ભલે પરસૂત્ર રહ્યું; પરંતુ તે 'ઉપપદ વિભક્તિનું વિધાન કરનારું છે, જ્યારે દ્વિતીયા વિભક્તિનું વિધાન કરનારું कर्मणि द्वितीया । ૨-૩-૨ સૂત્ર પૂર્વસૂત્ર હોવા છતાંય 'કારકવિભક્તિનું વિધાન કરનારું છે. આથી તે ૨-૩-૨ સૂત્ર બળવાન ગણાશે. આમ देवेभ्यः नमस्करोति । એવો પ્રયોગ થશે જ નહીં, देवान् नमस्करोति । પ્રયોગ જ થશે.

**(વિશેષ)** उपपदविभक्तेः कारकविभक्तिः बलीयसी । એ પરિભાષામાં વપરાયેલા 'ઉપપદ વિભક્તિ' અને 'કારકવિભક્તિ' શબ્દો વિચારણીય છે : ૧. उपपदविभक्तित्वं पदयोगनिमित्तकविभक्तत्वम् । 'અમુક પદના યોગે જે વિભક્તિ વપરાય તેને ઉપપદવિભક્તિ કહે છે.' ૨. क्रियान्वयित्वं कारकत्वम् । "જે પદાર્થનો ક્રિયામાં અન્વય હોય તેને 'કારક' કહેવાય છે." 'કારક'ની આવી વ્યાખ્યા આપવામાં આવે છે. પરંતુ તે સ્વીકાર્ય બની શકતી નથી. કારણ કે यस्य च भावेन भावलक्षणम् । ૨-૩-૩૭ સૂત્રવિહિત સતિસપ્તમી વિભક્તિનો પણ ક્રિયામાં અન્વય છે, અને છતાંય ભાષ્યકારે તેને કારક વિભક્તિ કહી નથી. ભાષ્યકારે તો (तत्र च दीयते । ૫-૧-૯૬ સૂત્ર ઉપરના ભાષ્યમાં) यस्य च भावेन भाव- लक्षणम् । ૨-૩-૩૭ સૂત્રવિહિત સતિ સપ્તમી વિભક્તિને 'ઉપપદવિભક્તિ' ગણી છે. આમ 'કારકવિભક્તિ' કોને કહેવી તે ચર્ચાસ્પદ છે.

---

૬૪. अनियमे नियमकारिणी परिभाषा । એવી વ્યાખ્યા મુજબ અનિયમની સ્થિતિમાં નિયમ કરી આપે-વ્યવસ્થા પૂરી પાડે-તેને 'પરિભાષા' કહે છે.

નાગેશ ભટ્ટ 'પરિભાષેન્દુશેખર-(૯૪)'માં જણાવે છે કે कारकविभक्तित्वं च क्रियाजनकार्थकविभक्तित्वम् । "જે પદાર્થ ક્રિયાને જન્માવનાર હોય, તેને લાગેલી કોઈ પણ વિભક્તિને 'કારકવિભક્તિ' કહેવાશે." (આ વ્યાખ્યા પ્રથમા વિભક્તિને પણ લાગુ પડે છે.) આમ ૧. કર્તૃકારકને કહેનારી પ્રથમા કે તૃતીયા વિભક્તિ, ૨. કર્મકારકને કહેનારી પ્રથમા કે દ્વિતીયા વિભક્તિ, ૩. કરણ કારકને કહેનારી પ્રથમા કે તૃતીયા વિભક્તિ, ૪. સમ્પ્રદાનકારકને કહેનારી પ્રથમા કે ચતુર્થી વિભક્તિ, ૫. અપાદાનકારકને કહેનારી પ્રથમા કે પંચમી વિભક્તિ, ૬. અધિકરણકારકને કહેનારી પ્રથમા કે સપ્તમી વિભક્તિ (એમ કુલ છ વિભક્તિઓ) 'કારકવિભક્તિ' ગણાશે.[૬૫] (ષષ્ઠી વિભક્તિ 'સંબંધ' અર્થની વાચિકા છે. તેને 'કારકવિભક્તિ' કહેવામાં આવતી નથી.)

આ સિવાય, અમુક અવ્યયોના યોગે જે વિભક્તિઓ પ્રવૃત્ત થાય તેને 'ઉપપદવિભક્તિ' કહે છે. દા.ત. अन्तराऽन्तरेण युक्ते (द्वितीया) । ૨-૩-૪, सहयुक्तेऽप्रधाने (तृतीया) ૨-૩-૧૯, नमः स्वस्तिस्वाहा० । ૨-૩-૧૬ વગેરે સૂત્રો ઉપપદવિભક્તિનું વિધાન કરનારાં છે.

અહીં 'ઉપપદ વિભક્તિ કરતાં કારકવિભક્તિ બળવતી છે' એમ ભાષ્યકારે કહ્યું છે, તેની પાછળ કોઈ તાર્કિક કારણ રહેલું છે એમ સ્વીકારવામાં આવ્યું નથી.[૬૬] માત્ર ભાષ્યકાર પતંજલિએ એવી વ્યવસ્થા જાહેર કરી છે એમ વિચારીને ('શબ્દ પ્રમાણ'થી) તે આજ્ઞાનું પાલન કરવાનું છે.

★

પિતૃઓને પિંડપ્રદાન કરતી વખતે स्वधा અવ્યયનો પ્રયોગ થાય છે. તથા દેવતાઓને અગ્નિમાં આહુતિ પ્રદાન કરતી વખતે स्वाहा અને वषट् એવા બે અવ્યયોનો પ્રયોગ થાય છે.

યજ્ઞક્રિયા દરમ્યાન હોતા અમુક મન્ત્રનું ઉચ્ચારણ કરીને, अग्नये स्वाहा કે अग्नये वषट् એમ બોલે છે. આ स्वाहा કે वषट्ના ઉચ્ચારણ વખતે તે તર્જનીને અંગુષ્ઠથી છૂટી કરી સીધી રાખી અધ્વર્યુને આહુતિ આપવાનો નિર્દેશ કરે છે. स्वाहा કે वषट्નું ઉચ્ચારણ સાંભળતાની સાથે અધ્વર્યુ યજ્ઞવેદીમાં (અગ્ન્યાયતનમાં) આહુતિ દ્રવ્ય હોમે છે. આમ 'અગ્નિમાં આહુતિ દ્રવ્ય આપતી વખતે હોતા દ્વારા ઉચ્ચારાયેલો ઉદ્ગાર' તે स्वाहा કે वषट् । એવો અર્થ સમજાય છે. (લક્ષણાથી-ઔપચારિક રીતે-'આહુતિ દ્રવ્ય'ને પણ स्वाहा કે वषट् કહેવામાં આવે છે.)

અહીં स्वाहा કે वषट्ના પ્રયોગમાં થોડો ફેર છે. દર્શ, પૂર્ણમાસ, અગ્નિષ્ટોમ, વાજપેયાદિ શ્રૌતયાગમાં યાગક્રિયાના બે પ્રકાર કાત્યાયને વર્ણવ્યા છે : तिष्ठद्होमा वषट्कारप्रदाना याज्यापुरोऽनुवाक्यवन्तो यजतयः । उपविष्टहोमा स्वाहाकारप्रदाना जुहोतयः ।। (કાત્યાયન શ્રૌતસૂત્રઃ ૧-૨-૬,૭). અર્થાત્ હોતા જ્યારે ઊભો રહીને वषट् કારનું ઉચ્ચારણ કરી. અધ્વર્યુને આહુતિ દ્રવ્યનો ત્યાગ કરવાનું સૂચવે છે ત્યારે તેને यजति અથવા यजतयः । કહે છે. પરંતુ જો, હોતા બેઠો બેઠો स्वाहा કારનો પ્રયોગ કરીને, અધ્વર્યુને આહુતિ દ્રવ્યનો ત્યાગ કરવાનું સૂચવે તો તેને जुहोति કે जुहोतयः । કહે છે.

પરંતુ પાછળના સમયમાં લખાયેલા કર્મકાંડના ગ્રન્થોમાં સ્માર્તયજ્ઞોનો પ્રચાર વધ્યો જણાય છે. આ ગ્રન્થોમાં स्वाहा કારનો પ્રયોગ સ્માર્તયજ્ઞોને વિષે સીમિત કરવામાં આવ્યો છે. તથા वषट् કારનો પ્રયોગ કેવળ શ્રૌતયાગમાં કરવો એવું સૂચવવામાં આવ્યું છે :

---

૬૫.

| | | | | |
|---|---|---|---|---|
| કર્તા | रामः पचति । <br> रामेण पचति । | સમ્પ્રદાન | विप्राय ददाति । <br> दानीयो विप्रः । | (૩-૩-૧૧૩) |
| કર્મ | ओदनं पचति । <br> ओदनः पच्यते । | અપાદાન | पर्वतात् पतति । <br> प्रपतनः पर्वतः । | (૩-૧-૧૧૩) |
| કરણ | अक्षैः दीव्यति । <br> देवनोऽक्षः । | અધિકરણ | स्थाल्यां दोग्धि । <br> गोदोहनी स्थाली । | (૩-૩-૧૧૭) |

૬૬. ઉપર્યુક્ત પરિભાષા રજૂ કરવા પાછળ અમુક અમુક કારણો રહેલાં છે એવું પુરુષોત્તમદેવ, સીરદેવાદિ પૂર્વાચાર્યોએ કહ્યું છે. પરંતુ 'પરિભાષેન્દુશેખર'માં નાગેશ ભટ્ટે તે બધાં જ કારણોનું ખંડન કર્યું છે. નાગેશ ભટ્ટે કહ્યું છે કે પરિભાષા "વાચનિકી" છે. અર્થાત્ ભાષ્યકારે આવું **કહ્યું** છે એટલા માત્રથી જ તેને પ્રમાણિત માનવાની છે.

## 584 (५३) मन्यकर्मणि अनादरे विभाषा । पा. सू. २-३-१७

**(वृत्तिः) प्राणिवर्जे मन्यतेः कर्मणि चतुर्थी वा स्यात् , तिरस्कारे ।**

**(उदा०) 'न त्वां तृणं मन्ये तृणाय वा ।' श्यना निर्देशात् तानादिकयोगे न । 'न त्वां तृणं मन्वे' ।।**

**(वार्तिकम्) *'अप्राणिषु इति अपनीय, " नौ-काक-अन्न-शुक-शृगालवर्जेषु " इति वाच्यम् * । तेन १. "न त्वां नावं मन्ये" इत्यत्र 'अप्राणित्वे' अपि चतुर्थी न । २. "न त्वां शुने मन्ये" इत्यत्र 'प्राणित्वे' अपि भवति एव ।।**

होमाऽग्नौ द्विविधः प्रोक्तः, श्रौतस्मार्तश्च होतृभिः ।

श्रौतो 'यजति' संज्ञोऽसौ, स्मार्तो 'जुहोति' संज्ञकः ।।

तिष्ठता हूयते यत्र याज्यया चानुवाक्यया । वषट्कारप्रदानेन स श्रौतः परिकीर्तितः, । यत्र होत्रोपविष्टेन स्वाहाकारेण हूयते स स्मार्त इति विज्ञेयः पूर्णाहुत्यादिकर्मसु ।। (परशुरामकृता महारुद्रयागपद्धतिः). અર્થાત્ શ્રૌતયાગમાં હોતા ઊભો રહીને वषट् કારનું ઉચ્ચારણ કરે છે; આને यजति । કહે છે. જ્યારે સ્માર્તયાગમાં હોતા બેઠો બેઠો स्वाहा કારનું ઉચ્ચારણ કરે છે; આને जुहोति । કહે છે.

(આ ઉપરાંત, ઋગ્વેદ અને યજુર્વેદમાં તથા શ્રૌતયાગમાં સ્વાહા અને વષટ્ના અર્થમાં वषट् શબ્દનો પણ પ્રયોગ થાય છે. વળી. વષટ્ના અર્થમાં श्रौषट् અને वौषट् શબ્દો 'અમરકોશ' આપે છે. કાત્યાયન શ્રૌતસૂત્રમાં વષટ્ના જ અર્થમાં श्रौषट् શબ્દનો પ્રયોગ વિશિષ્ટ પ્રકારના આહુતિ પ્રદાન માટે પ્રચલિત છે. જે પ્રૈષાનુપ્રૈષ વૈશિષ્ટ્ય ધરાવે છે.)[६७]

अलम् અવ્યયનો બે જુદા જુદા અર્થોમાં દ્વિવિધ પ્રયોગ જોવા મળે છે : (૧) अलम्='પર્યાપ્ત', 'સમર્થ' અર્થમાં પ્રયોગ થયો હોય ત્યારે આ શબ્દના યોગે ચતુર્થી વિભક્તિ ઉપપદ વિભક્તિ વપરાય છે. દા.ત. रामः रावणाय अलम् । 'રામ રાવણને (હણવા) માટે પર્યાપ્ત છે.' આ ચતુર્થી વિભક્તિ ઉપપદ વિભક્તિ ગણાશે. (૨) अलम्='અટકવું' અર્થમાં પ્રયોગ થયો હોય ત્યારે આ શબ્દના યોગે તૃતીયા વિભક્તિ વપરાય છે. દા.ત. अलम् अतिविस्तरेण । 'વધુ વિસ્તાર કરવાનો રહેવા દો.' अलं श्रमेण । 'શ્રમ કરવાથી અટકો' ઇત્યાદિ. આ તૃતીયા વિભક્તિ કારકવિભક્તિ ગણાય છે. કેમ કે गम्यमाना अपि क्रिया कारकविभक्तौ प्रयोजिका । એ સિદ્ધાન્તાનુસાર अलम् श्रमेण વાક્યમાંથી "श्रमेण साध्यं नास्ति એવી અધ્યાહૃત અથવા ગમ્યમાન સાધનક્રિયાની પ્રત્યે 'શ્રમ' કરણકારક છે" એવો બોધ થાય છે.

અહીં એ નોંધપાત્ર છે કે 'અટકો' અર્થવાળા अलम् શબ્દની સાથે સંબંધક ભૂત કૃદન્ત त्वाનો પ્રયોગ થાય છે. જેમ કે, अलं विचार्य ।। अलम् अस्मान् अन्यथा सम्भाव्य । (શાકુન્તલ : અંક-૧).

જ્યારે 'સમર્થ' અર્થવાળા अलम् ની સાથે હેત્વર્થ કૃદન્ત -तुम् નો (જ) પ્રયોગ થાય છે : रामः अश्वम् आरोढुम् अलम् । 'રામ ઘોડે ચઢવા સમર્થ છે.'

**(અનુ૦) √मन् ज्ञाने એવા दिवादि** (૪થા) **ગણનો ધાતુ જે ક્રિયાનો વાચક હોય, તે ક્રિયાના પ્રાણી સિવાયના કર્મકારકને વિકલ્પે ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે; જો તિરસ્કાર સૂચવવો હોય તો.'** ઉદા.ત. न त्वां **तृणं मन्ये तृणाय वा । હું તને ઘાસ બરાબર પણ માનતો નથી.'** (અહીં તિરસ્કાર વ્યક્ત કરવાનો આશય છે. તેથી પ્રાણીવાચક નહીં એવા तृण શબ્દને, કે જે मन्ये 'હું માનું છું' ક્રિયાપદનું કર્મ છે તેને ચતુર્થી વિભક્તિમાં વિકલ્પે મૂકવામાં આવે છે. પરિણામે तृणम् કે तृणाय એવા દ્વિવિધ પ્રયોગો પ્રાપ્ત થાય છે.)

**સૂત્રકારે 'मन्यकर्मणि' એવા પદમાં** (√मन् ज्ञाने ધાતુને श्यन्>य વિકરણ પ્રત્યય જોડીને) **"मन्ये" એવો निर्देश કર્યો છે, જેથી** (उ વિકરણ પ્રત્યયવાળા) **तनादि** (૮મા) **ગણના √मनु अवबोधने એવા ધાતુનો જ્યાં પ્રયોગ થયો હોય ત્યાં આ સૂત્ર લગાડવાનું નથી. દા.ત. न त्वां तृणं मन्वे । હું તને ઘાસ બરાબર પણ માનતો નથી.'** (અહીં मन्वे રૂપ તનાદિ ગણના ધાતુનું છે, દિવાદિ ગણના ધાતુનું નથી. તેથી વિકલ્પે-तृणाय-ચતુર્થી વિભક્તિ વપરાતી નથી.)

(વાર્તિક) ★ **"૨-૩-૧૭ સૂત્રમાંથી 'अप्राणिषु' એ પદ કાઢી નાંખીને, 'नौ-काक-अन्न-शुक-शृगालवर्जेषु' એવું**

---

૬૭. स्वाहा અને वषट् અંગેની ઉપર્યુક્ત વિગતો મને ડૉ. કે. વી. મહેતા (અમદાવાદ) પાસેથી પ્રાપ્ત થઈ છે. આ માટે હું તેમનો આભાર માનું છું.

**પદ મૂકવું જોઈએ."** જેથી (સૂત્રાર્થ આ પ્રમાણે મળે:- "√मन् ज्ञाने>दिवादि ગણનો ધાતુ જે ક્રિયાનો વાચક હોય, તે ક્રિયાના नौ, काक, अन्न, शुक અને शृगाल એટલા પાંચ પદાર્થો સિવાયના કર્મકારકને વિકલ્પે ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે." આવા ફેરફારથી-નવા સૂત્રાર્થથી જુદા પ્રકારની વ્યવસ્થા પ્રાપ્ત થશે. જેમકે,)

**૧. न त्वां नावं मन्ये । 'હું તને નાવડી પણ માનતો નથી.' અહીં नौ-નૌકા પ્રાણી નથી, તો પણ ચતુર્થી વપરાઈ નથી.** (મૂળ જૂના સૂત્રાર્થ મુજબ તો પ્રાણીભિન્ન કોઈ પણ કર્મકારકને વિકલ્પે ચતુર્થી વિભક્તિ પણ થવાની હતી. પરંતુ વાર્તિકકારે કહ્યું કે नौ વગેરે શબ્દને છોડીને, બાકીના શબ્દો કર્મકારક રૂપે આવ્યા હોય તો ત્યાં જ ચતુર્થી કરવી. અર્થાત્ नौ વગેરે શબ્દ કર્મકારક રૂપે આવ્યા હોય તો ત્યાં ચતુર્થી થતી નથી. **न त्वां नावं मन्ये ।** એવું જ બનશે.)
**૨. न त्वां शुने मन्ये । હું તને કૂતરો (પણ) માનતો નથી'.** (કૂતરા જેટલીય તારી કિંમત નથી.) **અહીં श्वन् કૂતરો-પ્રાણી હોવા છતાંય ચતુર્થી વિભક્તિ વપરાઈ છે.** (મૂળ જૂના સૂત્રાર્થ મુજબ પ્રાણીભિન્ન કોઈ પણ કર્મકારક હોય તેને વિકલ્પે ચતુર્થી વિભક્તિ લગાડવાની હતી. આથી श्वन् જેવો પ્રાણીવાચક શબ્દ કર્મકારક રૂપે વપરાયો હોય ત્યાં માત્ર દ્વિતીયા વિભક્તિ જ વપરાશે. પરંતુ વાર્તિકકારે કહ્યું કે नौ, काक, अन्न, शुक અને शृगाल સિવાયના કોઈ પણ કર્મકારકને ચતુર્થી વિભક્તિ વિકલ્પે લાગે છે. આ પાંચ શબ્દોમાં श्वन् (કૂતરો) નથી, તેથી તેને તો વિકલ્પે ચતુર્થી વિભક્તિ લાગી શકશે : न त्वां शुने मन्ये । )

**(વિમર્શ)** સૂત્રકાર મુજબ દિવાદિ ગણના √मन्य ધાતુનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે અને તિરસ્કાર વ્યક્ત કરવો હોય તો-

| | |
|---|---|
| न त्वां तृणं मन्ये<br>न त्वां तृणाय मन्ये | } પ્રાણીભિન્ન કોઈપણ શબ્દને (કર્મકારકને) દ્વિતીયા અથવા ચતુર્થી લાગે છે. |
| न त्वां शुने मन्ये | } પ્રાણીવાચક શબ્દને (કર્મકારકને) માત્ર દ્વિતીયા વિભક્તિ લાગે છે. |

વાર્તિકકારે આ વ્યવસ્થાને તદ્દન બદલી નાંખવાનું સૂચન કર્યું છે. તેમના મતે કેવળ પાંચ શબ્દો સિવાયના, બાકીના કોઈપણ શબ્દને (કર્મકારકને) વિકલ્પે દ્વિતીયા કે ચતુર્થી વિભક્તિ લાગે છે. જેમકે,

| | |
|---|---|
| (૧) न त्वां नावं मन्ये<br>(૨) न त्वां काकं मन्ये<br>(૩) न त्वाम् अन्नं मन्ये<br>(૪) न त्वां शुकं मन्ये<br>(૫) न त्वां शृगालं मन्ये | } આ પાંચ શબ્દોને (કર્મકારકને) કેવળ દ્વિતીયા વિભક્તિ લાગે છે. |
| न त्वां शुनं मन्ये<br>न त्वां शुने मन्ये | } ઉપર્યુક્ત પાંચ શબ્દો સિવાયનો કોઈ શબ્દ દા.ત. श्वन् શબ્દ કર્મકારક રૂપે આવ્યો હોય તો તેને દ્વિતીયા કે ચતુર્થી લાગે છે. |

લોકની અંદર કોઈ વ્યક્તિ પ્રત્યે તિરસ્કાર બતાવવા માટે 'હું તો તને મગતરું ય ગણતો નથી' અથવા 'તું મારી આગળ તણખલું ય નથી' એવા પ્રયોગો થતા હોય છે. આ જ પ્રકારનો न त्वां तृणं/तृणाय मन्ये । न त्वां शुनं/शुने मन्ये । સંસ્કૃત પ્રયોગ થયો છે. અહીં તાર્કિક દૃષ્ટિએ જે કર્મકારક હોય છે તેની (રૂઢિના બલે) વાક્યરચનામાં (Surface

585 (૫૪) **गत्यर्थकर्मणि द्वितीयाचतुर्थ्यौ चेष्टायाम् अनध्वनि । पा. सू. २-३-१२**

**(वृत्तिः) अध्वभिन्ने गत्यर्थानां कर्मणि एते स्तः, चेष्टायाम् ।। (उदा०) ग्रामं ग्रामाय वा गच्छति ।। (प्रश्नः) १. 'चेष्टायाम्' किम् ? - मनसा हरिं व्रजति ।। (प्रश्नः) २. 'अनध्वनि' इति किम् ? - पन्थानं गच्छति ।। गन्त्रा अधिष्ठिते अध्वनि एव अयं निषेधः । यदा तु उत्पथात् पन्था एव आक्रमितुम् इष्यते तदा चतुर्थी भवति एव । 'उत्पथेन पथे गच्छति' ।।'**

level ઉપર) દ્વિધા ઉપસ્થિતિ થતી જોવા મળે છે. એટલે કે પૂર્વોક્ત સન્દર્ભવાળું કર્મકારક દ્વિતીયા વિભક્તિ અથવા ચતુર્થી વિભક્તિ દ્વારા ક્યારેક અભિવ્યક્ત થાય છે.

**(અનુ૦) જેમાં સ્પષ્ટપણે ચેષ્ટા દેખાતી હોય તેવા 'ગતિ'** ('જવું') **અર્થવાળા ધાતુઓના[૬૮] માર્ગભિન્ન[૬૯] કર્મકારકોને દ્વિતીયા અથવા ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે. ઉદા.ત. ग्रामं/ग्रामाय वा ।.. गच्छति । 'ગામમાં જાય છે.'** (અહીં ગતિ અર્થવાળો √गम्लृ>गच्छ गतौ ધાતુનો પ્રયોગ થયો છે તથા એ ધાતુથી 'ગતિ' અર્થનો બોધ થાય છે. તેમાં પગ ચલાવવા રૂપી 'ચેષ્ટા'ની પ્રતીતિ પણ સ્પષ્ટપણે થાય છે. આથી તે √गम् ધાતુવાચ્ય ક્રિયાના કર્મકારક-ग्राम શબ્દ-ને દ્વિતીયા અથવા ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવેલ છે.)

**પ્રશ્ન-૧ સૂત્રમાં चेष्टायाम्** (સ્પષ્ટપણે) **'ચેષ્ટાની પ્રતીતિ થતી હોય તો** (જ કર્મકારકને દ્વિતીયા કે ચતુર્થી વિભક્તિ લાગે છે)' **એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **मनसा हरिं व्रजति । 'મનથી શ્રીહરિની પાસે જાય છે.'** (અહીં ગતિ અર્થવાળું **व्रजति** ક્રિયાપદ વપરાયું છે, પરંતુ પગ ચલાવવા જેવી કોઈ ચેષ્ટાની પ્રતીતિ થતી નથી. 'મનથી શ્રીહરિની પાસે જાય છે' એનો અર્થ તો થાય 'શ્રીહરિને યાદ છે.' આમ અહીં કોઈ ચેષ્ટાની પ્રતીતિ થતી નથી. પરિણામે આ સૂત્રથી દ્વિતીયા કે ચતુર્થી વિભક્તિ વિકલ્પે થશે નહીં; કેવળ દ્વિતીયા વિભક્તિ જ થશે.)

**પ્રશ્ન-૨. સૂત્રમાં अनध्वनि માર્ગવાચક શબ્દો સિવાયના, બીજા શબ્દો કર્મકારક રૂપે વાક્યમાં આવ્યા હોય તેમને** (દ્વિતીયા અથવા ચતુર્થી વિભક્તિ લાગે છે)' **એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **पन्थानं गच्छति । 'માર્ગ ઉપર જાય છે.'** (અહીં 'ગતિ' અર્થવાળો ધાતુ વપરાયો છે અને પગ ચલાવવા રૂપી ચેષ્ટાની પણ સ્પષ્ટ પ્રતીતિ થાય છે. તથાપિ તેના કર્મકારકને ચતુર્થી વિભક્તિમાં મૂકી શકાશે નહીં. કેમકે તે કર્મકારક વાચક શબ્દ 'માર્ગવાચક-पथिन्-છે. સૂત્રકારે अनध्वनि એવું પદ સૂત્રમાં મૂકીને આવા માર્ગવાચક શબ્દોને ચતુર્થી ન લગાડવી એવો નિષેધ કર્યો છે.)

(હવે ભટ્ટોજિ દીક્ષિત સ્પષ્ટતા ઉમેરે છે :) **गन्ता** (જનાર વ્યક્તિ) **જે માર્ગ ઉપર ઊભો હોય/જતો હોય, તેવો માર્ગ જ જો કર્મકારક રૂપે રજૂ થયો હોય તો ત્યાં જ આ સૂત્રમાં આવેલા अनध्वनि પરથી** (ચતુર્થી વિભક્તિનો) **નિષેધ થાય છે. પરંતુ જ્યારે ગન્તા નિંદિત્વ માર્ગ ઉપરથી** (અનિંદનીય સ્તુત્ય) **સારા માર્ગ ઉપર જવાની ઈચ્છા રાખતો હોય ત્યાં તો માર્ગ રૂપ કર્મકારકને ચતુર્થી વિભક્તિ લાગે જ છે. દા.ત. उत्पथेन पथे गच्छति । 'નિંદિત માર્ગ ઉપરથી** (સારા) **માર્ગે જાય છે.'** (અહીં જે કર્મકારક છે તે માર્ગવાચક -पथिन्- શબ્દથી રજૂ થયું છે. પરંતુ તે સારા માર્ગ ઉપર જવાનું હજી બાકી છે. એટલે કે તે સારા માર્ગ ઉપર ગન્તા અધિષ્ઠિત નથી. માટે ત્યાં अनध्वनि નિષેધ લાગશે નહીં, અને ચતુર્થી વિભક્તિ થઇ શકશે.)

**(વિમર્શ)** આ સૂત્ર કર્મકારકને દ્વિતીયા અને ચતુર્થી વિભક્તિનું વિધાન કરનારું છે. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ કરતાં પહેલાં બે શરતોને ધ્યાનમાં લેવી પડે એમ છે :

**(क)** (૧) વાક્યમાં જે ધાતુનો પ્રયોગ થયો હોય તે 'ગતિ કરવી' (જવું) અર્થવાળો હોવો જોઇએ.

---

૬૮. 'ધાતુઓના કર્મકારક' એટલે 'તે તે ધાતુવાચ્ય ક્રિયાના કર્મકારક' એમ સમજવાનું છે.

૬૯. 'માર્ગભિન્ન કારકોને' એટલે 'માર્ગવાચક શબ્દો સિવાયના, બીજા શબ્દો કર્મકારક રૂપે વાક્યમાં આવ્યા હોય તો તેમને' (દ્વિતીયા કે ચતુર્થી લાગે છે.)

(૨) આ ગત્યર્થક ધાતુથી જે ક્રિયાનો બોધ થાય તેમાં ચેષ્ટા (શરીરના હલનચલન)ની પ્રતીતિ પણ થવી જોઈએ.

(ख) (૩) આ ગત્યર્થક ધાતુવાચ્ય ક્રિયાનું 'કર્મ' માર્ગ ન હોવું જોઈએ. અર્થાત્ માર્ગવાચક શબ્દો સિવાયના બીજા કોઈ શબ્દથી તે 'કર્મ' રજૂ થવું જોઈએ.

(૪) ગત્યર્થક ધાતુવાચ્ય ક્રિયાનું કર્મ જો માર્ગ હોય તો ગન્તૃ (ગમનક્રિયા કરનાર-કર્તા) તે માર્ગ ઉપર અધિષ્ઠિત ન હોવો જોઈએ.

આ ચારેય મુદ્દાઓનો વિચાર કર્યા પછી જ ગત્યર્થક ધાતુના કર્મકારકને દ્વિતીયા અથવા ચતુર્થી વિભક્તિમાં રજૂ કરવું; કે માત્ર દ્વિતીયા વિભક્તિમાં રજૂ કરવું તેનો નિર્ણય કરવો જોઈએ.

(અહીં સમ્પ્રદાન કારક અને ચતુર્થી વિભક્તિનો વિષય પૂરો થયો.)

**(इति चतुर्थी)**

— x —

586 (૫૫) **ध्रुवम् अपाये अपादानम् । पा. सू. १-४-२४**

**(वृत्तिः) अपायः विश्लेषः, तस्मिन् साध्ये ध्रुवम्=अवधिभूतम् कारकम् 'अपादानम्' स्यात् ॥**

**(અનુ૦) અપાય એટલે વિશ્લેષ** (=વિયોગ, વિભાગ). **આવો વિશ્લેષ થતી વખતે જે 'ધ્રુવ' અર્થાત્ અવધિ સ્વરૂપ પદાર્થ** (કારક), **તેને 'અપાદાન' કહેવામાં આવે છે.** (જ્યાંથી છૂટું પડવાની ક્રિયા થતી હોય તે પદાર્થને 'અપાદાન' કહે છે.)

**(વિમર્શ)** બે સંયુક્ત પદાર્થોમાંથી કોઈ એક પદાર્થ છુટો પડે ત્યારે વિશ્લેષ (=વિયોગ કે વિભાગ) થયો એમ કહેવાય છે. આવો વિશ્લેષ થતી વખતે જે 'સ્થિર' પદાર્થ હોય; બીજા શબ્દોમાં કહીએ તો-અવધિ સ્વરૂપ જે પદાર્થ હોય (એટલે કે **જ્યાંથી** છૂટું પડવાની ક્રિયા થતી હોય) તે (starting point)ને 'અપાદાન કારક' કહેવાય છે. એક ઉદાહરણથી આને સમજીશું : वृक्षात् पर्णम् पतति । 'વૃક્ષ પરથી પાંદડું પડે છે.' અહીં વૃક્ષ અને પાંદડાનો પહેલાં સંયોગ હતો. તે બે સંયુક્ત પદાર્થોમાંથી એક પદાર્થ-પાંદડું-છૂટું પડે છે. એટલે કે અપાય=વિશ્લેષ થાય છે. આવો વિશ્લેષ થતી વખતે જે ધ્રુવ=સ્થિર પદાર્થ છે તે 'વૃક્ષ' છે. જ્યાંથી પાંદડું છૂટું પાડવાની ક્રિયા કરે છે તે 'વૃક્ષ' starting point છે. બીજા શબ્દોમાં કહીએ તો -અહીં વૃક્ષ અવધિ સ્વરૂપ છે. આ વૃક્ષને 'અપાદાનકારક' કહેવાશે. એટલે કે પાંદડું ક્યાંથી છૂટું પડે છે ? એવા પ્રશ્નનો જવાબ વિચારીએ તો જણાય છે કે પાંદડું વૃક્ષથી છૂટું પડે છે. માટે વૃક્ષ અવધિભૂત કહેવાશે. આવા અવધિભૂત કારકને 'અપાદાન' કહેવાય છે. (તથા અપાદાન કારકને પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવે છે. જેમકે, वृक्षात्० ।

★

અપાદાનકારકની વ્યાખ્યામાં સૂત્રકારે જે-**ध्रुवम्** અને अपाये-બે શબ્દો વાપર્યા છે તે સમજીશું : અપાય એટલે વિશ્લેષ. વિશ્લેષ થવો એટલે વિયોગ થવો. અથવા બે સંયુકત પદાર્થોનો વિભાગ થવો એમ સમજાય છે. પરંતુ **ध्रुवम्** શબ્દને **માટે વિશેષ ચર્ચાની જરૂર છે :** √ध्रु गतिस्थैर्ययोः અથવા **√ध्रुव स्थैर्ये** ધાતુ ઉપરથી **ध्रुव** શબ્દ બન્યો છે.[૭૦] આથી ધ્રુવ એટલે **સ્થિર** એવો અર્થ પ્રાપ્ત થાય છે. પરિણામે "વિશ્લેષ થતી વખતે જે 'સ્થિર' પદાર્થ હોય તેને 'અપાદાન' કહેવાય છે" એવો **સૂત્રાર્થ** થશે. वृक्षात् पर्णम् पतति । 'વૃક્ષ ઉપરથી પાંદડું પડે છે.' આ ઉદાહરણમાં વૃક્ષ અને પાંદડાંનો વિશ્લેષ કહેવાયો છે. એ બેમાંથી જે સ્થિર પદાર્થ-વૃક્ષ-છે તેને 'અપાદાન' કહેવાશે (અને નવા અપાદાનકારકને પંચમી વિભક્તિ લાગીને वृक्षात् રૂપ બની જશે). પરંતુ देवदत्तः धावतः अश्वात् पतति । 'દેવદત્ત દોડતા ઘોડા ઉપરથી પડે છે.' અહીં **દેવદત્ત** અને ઘોડાનો વિશ્લેષ થાય છે ત્યારે જ્યાંથી દેવદત્ત પડે છે તે પદાર્થ-અશ્વ-'સ્થિર' નથી (ઘોડો તો દોડે છે), **માટે અશ્વને** અપાદાનકારક કહેવાશે નહીં (અને પરિણામે તેને પંચમી વિભક્તિમાં-धावतः अश्वात्- મૂકી શકાશે નહીં). **પણ** લોકમાં આવા પ્રયોગો જોવા મળે છે, તે પ્રયોગો પણ આ સૂત્રના કાર્યક્ષેત્રમાં સમાવી લેવા હોય તો આપણે **ध्रुव**નો **અર્થ 'સ્થિર'** એમ લઈ શકીશું નહીં. આથી વૃત્તિકાર ભટ્ટોજિ દીક્ષિતે **ध्रुवम्**નો અર્થ **अवधिभूतम्** (starting point) કર્યો છે. હવે **જ્યાંથી** છૂટું પડવાની ક્રિયા થતી હશે તે પદાર્થ સ્થિર (અચલ) પણ હોઈ શકે અને અસ્થિર (ચલ) પણ હોઈ શકે. અવધિ એટલે જ્યાંથી છૂટું પડવાની ક્રિયા થતી હોય તે આરંભબિન્દુ (starting point). આવા આરંભબિન્દુને-અવધિભૂત પદાર્થને-જ અપાદાનકારક કહેવાશે. આમ પ્રાથમિક દૃષ્ટિએ અપાદાનનાં બે પ્રકાર પડે છે : (૧) અચલ અને (૨) ચલ. દા.ત. वृक्षात् पर्णम् पतति । એ અચલ અપાદાનનું ઉદાહરણ છે અને धावतोऽश्वात् पतति । એ ચલ અપાદાનનું ઉદાહરણ છે. (એક ત્રીજા પ્રકારનું 'બુદ્ધિકૃત અપાદાન' પણ છે. જેનો આગળ ઉપર પરિચય કરીશું.)

★

બીજા કેટલાક ટીકાકારોએ **ध्रुव**નો અર્થ 'ઉદાસીન' કર્યો છે. ઉદાસીન એટલે "વિભાગજનક ક્રિયાનો અનાશ્રય." **અર્થાત્** देवदत्तः धावतोऽश्वात् पतति । માં ઉલ્લેખાયેલી પતનક્રિયા દેવદત્તમાં રહેલી છે, અશ્વમાં નહીં. (અશ્વ તો ઉદાસીન

૭૦. 'ध्रु गतिस्थैर्ययोः' अस्मात् पचाद्यचि कुटादित्वान्ङित्वे उवङ् । 'ध्रुव स्थैर्ये' इति केचित् पठन्ति । तत्र 'इगुपध०' इति कः । ध्रुवं स्थिरम् ॥ (तत्त्वबोधिनी)

## 587 (૫૬) अपादाने पञ्चमी । पा. सू. २-३-२८

**(वृत्तिः)। (उदाहरणे) ग्रामाद् आयाति । धावतः अश्वात् पतति ।। कारकं किम् ? वृक्षस्य पर्णम् पतति ।। (वार्तिकम्) * जुगुप्सा-विराम-प्रमादार्थानाम् उपसङ्ख्यानम् * । पातात् जुगुप्सते/विरमति । धर्मात् प्रमाद्यति ।।**

છે.) બીજા શબ્દોમાં કહીએ તો-અશ્વ વિભાગજનક ક્રિયાનો-પતનક્રિયાનો આશ્રય નથી. વિભાગજનક ક્રિયા=પતનક્રિયા તો દેવદત્તમાં રહેલી છે. (અશ્વ કેવળ વિભાગનો આશ્રય છે.) આમ અશ્વને 'ઉદાસીન' કહેવાશે. જે પદાર્થ આવી 'વિભાગજનક ક્રિયાનો અનાશ્રય'=ઉદાસીન હોય તેને અપાદાનકારક કહેવામાં આવે છે.

**(વિશેષ)** ભર્તૃહરિએ પણ 'અપાદાન'ને ત્રિવિધ કહ્યું છે. પરંતુ ઉતર્યુક્ત ત્રણ પ્રકારોથી તે થોડું જુદું પડે છે. જેમકે,

निर्दिष्टविषयं किञ्चिद्, उपात्तविषयं तथा ।

अपेक्षितक्रियं चेति त्रिधाऽपादानमुच्यते ।। (वा. प. ३-७-१३६)

"૧. નિર્દિષ્ટ વિષયવાળું કોઈક અપાદાન હોય છે, ૨. બીજું ઉપાત્ત-વિષયવાળું અપાદાન હોય છે તથા ૩. અપેક્ષિત ક્રિયાવાળું અપાદાન પણ હોય છે. આમ અપાદાન ત્રણ પ્રકારનું ગણાવાય છે."

૧. આમાંથી પહેલાં પ્રકારના-નિર્દિષ્ટ વિષયવાળા-અપાદાનમાં અપાયનો વિષય સ્પષ્ટપણે ક્રિયાપદ દ્વારા જ નિર્દેશી દેવામાં આવ્યો હોય છે. જેમકે, वृक्षात् पर्णम् पतति । અહીં પતનક્રિયાનો સ્પષ્ટ નિર્દેશ છે. આથી અપાય=વિશ્લેષનો બોધ તરત જ થાય છે.

આવા નિર્દિષ્ટ વિષયવાળા અપાદાનના બીજા બે પેટાભેદ પડે છે : ચલ અપાદાન અને અચલ અપાદાન. દા.ત. धावतोऽश्वात् पतति । 'દોડતા ઘોડા ઉપરથી પડે છે.' એ ચલ અપાદાનનું ઉદાહરણ છે. તથા वृक्षात् पर्णम् पतति । 'વૃક્ષ ઉપરથી પાંદડું પડે છે.' (અહીં 'વૃક્ષ' અપાદાન સ્થિર છે તેથી) એ અચલ અપાદાનનું ઉદાહરણ બને છે.

૨. ઉપાત્તવિષયવાળા અપાદાનનું જે ઉદાહરણ હોય છે તેમાં અપાયનું સૂચન ક્રિયાપદમાં નિહિત હોય છે. એટલે કે ધાત્વર્થમાં જ અપાય કુક્ષિપ્રવિષ્ટ હોય છે. તેનો જુદો-સ્પષ્ટ ઉલ્લેખ હોતો નથી.[૭૧] દા.ત. बलाहकाद् विद्योतते विद्युत् । 'વાદળમાંથી વિજળી પ્રકાશે છે.' અહીં સ્પષ્ટપણે જે ક્રિયાનો નિર્દેશ થયો છે તે તો 'પ્રકાશવાની' ક્રિયા છે, પરંતુ આપણે જાણીએ છીએ તેમ પ્રકાશવાની પ્રક્રિયા એવા પ્રકારની છે કે 'વાદળમાંથી વિજળી બહાર નીકળીને પ્રકાશે છે' અથવા 'વાદળમાંથી પ્રકાશતી વિદ્યુત્ બહાર નીકળે છે' (बलाहकात् निःसृत्य ज्योतिः विद्योतते । यद्वा बलाहकात् विद्योतमानं ज्योतिः विद्योतते) એવો બોધ થાય છે. આમ विद्योतते ક્રિયાપદમાં નિઃસરણ ક્રિયાપૂર્વક પ્રકાશન ક્રિયાનો અર્થાત્ અપાયપૂર્વકની પ્રકાશન ક્રિયાનો બોધ થાય છે. આ બીજા પ્રકારનું અપાદાન છે.

૩. અપેક્ષિત ક્રિયાવાળા અપાદાનનું ઉદાહરણ છે. माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः । 'મથુરાના લોકો પાટલિપુત્રના લોકો કરતાં વધુ સમૃદ્ધ છે.' અહીં અપાય=વિશ્લેષ સૂચવતી કોઈ ક્રિયાનો નિર્દેશ નથી. (અપાયનો બોધ થવા માટે અહીં કોઈ ક્રિયાની અપેક્ષા રહે છે) છતાંય आढ्यतराः એ શબ્દમાં જે (અતિશય અર્થમાં) પ્રકર્ષ દ્યોતક तरप् પ્રત્યય જોડ્યો છે તેના આધારે વિભાગને હેતુ અનુમિત થાય છે. પાટલિપુત્રના લોકો કરતાં મથુરાના લોકો કઈ રીતે જુદા પડે છે એ સમજવા માટે કોઈ અપકર્ષણક્રિયા (=જુદા પાડનારી ક્રિયા)ની અહીં અપેક્ષા રહે છે. આને ત્રીજા પ્રકારનું અપેક્ષિત ક્રિયાવાળું અપાદાન કહે છે.[૭૨] ભાષ્યકાર પતંજલિના મતે આ 'બુદ્ધિકૃત અપાદાન'નું ઉદાહરણ છે.

**(અનુ૦)** (સૂત્રાર્થઃ "અપાદાનકારકને અભિવ્યક્ત કરવા માટે પંચમી વિભક્તિના પ્રત્યયો વપરાય છે.") **ઉદા. ત. ૧. ग्रामाद् आयाति । 'ગામમાંથી આવે છે' ૨. धावतः अश्वात् पतति । દોડતા ઘોડા ઉપરથી પડે છે.**

---

૭૧. उपात्तविषये तु धातुना एव अपायः स्वीकृतः । अनेकार्थत्वेन धातूनाम् । (હેલારાજ, વા. પ. ૩-૭-૧૩૬, પૃ. ૩૩૯)

૭૨. अपेक्षितक्रियं तु अपादानं यत्र सर्वथा एव क्रियाशब्दस्य अनुपलब्धेः अश्रुता क्रिया अनुमीयमाना संबन्धिषु द्रव्येषु संज्ञाविशेषहेतूनां शक्तिभेदानाम् आविर्भावे निमित्तत्वाय कल्पते । तद्यथा 'माथुरा पाटलिपुत्रकेभ्यः आढ्यतराः' इति । अत्र हि प्रकर्षप्रत्ययसामर्थ्यात् विभागहेतुः अनुमीयमाना अपकर्षणक्रिया अपायलक्षणा इति अपेक्षिता असौ अत्र क्रिया ।। (हेलाराजः, पृ. ३३९)

**અગાઉના 586 (૫૫)-સૂત્રની વૃત્તિમાં 'कारकम्' એટલું પદ જોડ્યું છે તેનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **वृक्षस्य पर्णम् पतति । 'વૃક્ષનું પાંદડું પડે છે.'** (અહીં 'વૃક્ષ અવધિભૂત અપાદાનકારક છે' એવું દર્શાવવાની ઇચ્છા નથી. વૃક્ષ અને પર્ણ વચ્ચે અવયવાવયવીભાવ સંબંધ છે એટલું જ કહેવું ઈષ્ટ છે. તેથી વૃક્ષને પંચમી વિભક્તિમાં નહીં મૂકતાં સંબંધ વાચિકા ષષ્ઠી વિભક્તિ જોડવામાં આવી છે.)

**વાર્તિક-★ 'જુગુપ્સા, વિરામ** (વિરતિ) **અને પ્રમાદ અર્થોવાળા ધાતુઓના પ્રયોગે અવધિભૂત કારકને પણ 'અપાદાન' કહેવા જોઈએ.' એટલું** (અપાદાનસંજ્ઞા કરનારા ૧-૪-૨૪ સૂત્રમાં) **ઉમેરવું જોઈએ. ★ જેમકે, ૧. पापात् जुगुप्सते . 'પાપથી જુગુપ્સા પામે છે.' ૨. पापात् विरमति । 'પાપથી વિરતિ અનુભવે છે/અટકે છે.' ૩. धर्मात् प्रमाद्यति । 'ધર્મ પ્રત્યે બેધ્યાન બને છે.'**

**(વિમર્શ) ध्रुवम् अपाये अपादानम् ।** ૧-૪-૨૪ એ 'અપાદાન' સંજ્ઞા કરનારું સૂત્ર છે. આ સંજ્ઞાસૂત્રને હવે अपादाने पञ्चमी । ૨-૩-૨૮ એ વિધિસૂત્રની સાથે જોડવામાં આવે છે. અર્થાત્ જે અવધિભૂત અપાદાનકારક હોય તેને શબ્દવ્યવહારમાં અભિવ્યક્ત કરવા માટે પંચમી વિભક્તિના પ્રત્યયો જોડવામાં આવે છે. 'દેવદત્ત ગામમાંથી આવે છે.' અહીં દેવદત્ત ગામથી છૂટો પડે છે. એટલે ગામ અવધિભૂત અપાદાન છે. તેને સંસ્કૃતમાં રજૂ કરવું હોય તો ग्राम શબ્દને પંચમી વિભક્તિના પ્રત્યયો જોડવામાં આવશેઃ ग्राम+ङसि>आत्=ग्रामात् (ગામમાંથી).

★

અપાદાન સંજ્ઞા કરનારા સૂત્ર (ध्रुवम् अपाये अपादानम् । ૧-૪-૨૪)માં कारके પદનો અધિકાર આવે છે. તેથી વૃત્તિકાર ભટ્ટોજિ દીક્ષિતે 'अवधिभूतम् कारकम्....' એમ કહ્યું છે. હવે कारकम् किम् ? એવો પ્રશ્ન પૂછીને તે कारकम् એવા પદનું પ્રયોજન વિચારવામાં આવે છે : (कारके । ૧-૪-૨૩ એવા, અધિકારથી અનુવૃત્ત થઈને આવતા, પદને સ્વીકાર્યા વિના જો) ध्रुवम् अपाये अपादानम् । ૧-૪-૨૪ એટલા ત્રણ પદોનો જ અર્થ કરવામાં આવશે તો જ્યાં જ્યાં વિશ્લેષ થતો હોત ત્યાં અવધિભૂત પદાર્થને માટે અપાદાન સંજ્ઞા પ્રવૃત્ત થઈ જશે. પરિણામે 'વૃક્ષમાંથી પાંદડું છૂટું પડે છે' એમ કહેવું હોય કે 'વૃક્ષનું પાંદડું છૂટું પડે છે' એમ કહેવું હોય તો પણ બન્ને પ્રકારની રજૂઆતમાં 'વૃક્ષ'ની અપાદાન સંજ્ઞા થઈ જાય; અને वृक्षात् पर्णम् पतति । એવી એક જ પ્રકારની વાક્યરચના બને. મતલબ કે वृक्षस्य पर्णम् पतति । એવી જે એક બીજા પ્રકારની વાક્યરચના (કે જેમાં 'વૃક્ષ અને પાંદડાં વચ્ચે અવયવ-અવયવીભાવ સંબંધ છે' એટલું જ દર્શાવવાનો ઉદ્દેશ્ય છે,) લોકમાં પ્રચલિત છે તેને માન્યતા મળશે નહીં. માટે સૂત્રકારે સૂત્રમાં कारकम् પદનો અધિકાર સ્વીકારીને તેના અર્થને ધ્યાનમાં લેવાનું કહ્યું છે. "વિશ્લેષ થતો હોય ત્યાં 'જે અવધિભૂત **કારક** હોય' તેની (જ) 'અપાદાન' સંજ્ઞા થાય છે." અહીં જે વિશ્લેષ (વિભાગીકરણ)ની ક્રિયા થાય છે તેમાં અવધિભૂત પદાર્થ-વૃક્ષ-નો અન્વય થાય છે એમ સૂચવવું હશે તો જ અવધિભૂત પદાર્થ-વૃક્ષ-ને "અપાદાન **કારક**" (क्रियान्वयित्वं कारकत्वम्) કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે. પરંતુ જ્યારે અવધિભૂત પદાર્થનો ક્રિયામાં અન્વય છે એમ નહીં બતાવવું હોય, પણ કેવળ વૃક્ષ અને પાંદડાં વચ્ચે અવયવ-અવયવીભાવ **સંબંધ** છે એટલું જ સૂચવવું હશે ત્યાં વૃક્ષને સંબંધ વાચિકા ષષ્ઠી વિભક્તિ જોડવામાં આવશે. આનાથી वृक्षस्य पर्णम् पतति । જેવા પ્રયોગો પણ બની શકશે (અને તેનો વ્યાકરણમાં સમાવેશ પણ થાય છે એવું દર્શાવી શકાશે).

★

વાર્તિકઃ- पातात् जुगुप्सते । पापात् विरमति । धर्मात् प्रमाद्यति । જેવાં ઉદાહરણમાં સ્થૂળ દષ્ટિએ વિચારતાં જણાય છે કે વાસ્તવમાં અહીં કોઈ બે સંયુક્ત પદાર્થો હોય અને પછી તે બેની વચ્ચે વિશ્લેષ થતો હોય એવું કશું જોવા મળતું નથી. જેવી રીતે 'વૃક્ષ ઉપરથી પાંદડું છૂટું પડે છે,' તેવી રીતે 'પાપથી અટકે છે' એમ કહેવામાં કશોય વિશ્લેષ, વિયોગ કે વિભાગ થતા હોવાનો ખ્યાલ આવતો નથી. માટે આવા સૂક્ષ્મ-અમૂર્ત-વિશ્લેષના સન્દર્ભોને આવરી લેવા માટે વાર્તિકકારે ઉપર્યુક્ત વાર્તિક રચ્યું છે.

પરંતુ ભાષ્યકાર પતંજલિએ જણાવ્યું છે કે ध्रुवम् अपाये अपादानम् । ૧-૪-૨૪ સૂત્રથી જેવી રીતે સ્થૂળ

588 **(૫૭) भीत्रार्थानां भयहेतुः । पा. सू. १-४-२५**

589 **(૫૮) पराजेः असोढः । पा. सू. १-४-२६**

(वृत्तिः) **भयार्थानां त्राणार्थानां च प्रयोगे भयहेतुः अपादानं स्यात् ।। (उदा०) चोराद् बिभेति । चोरात् त्रायते ।। 'भयहेतुः' किम् । अरण्ये बिभेति/त्रायते वा ।।**

(वृत्तिः) **पराजेः प्रयोगे असह्यः अर्थः अपादानं स्यात् । (उदा०) अध्ययनात् पराजयते । =ग्लायति इत्यर्थः ।। 'असोढः' किम् ? शत्रून् पराजयते ।। =अभिभवति इत्यर्थः ।।**

વિશ્લેષ-અપાય-ના સન્દર્ભો આવરી લેવાય છે તેવી રીતે સૂક્ષ્મ-માનસિક વિશ્લેષ-અપાયના સન્દર્ભો પણ આવરી લઈ શકાય છે. એને માટે જુદાં વાર્તિકવચનો કરવાની જરૂર નથી.

જ્યારે આપણે એમ કહીએ છીએ કે पापात् विरमति । 'પાપથી વિરતિ પામે છે/અટકે છે' ત્યારે એવું ચોક્કસ સમજાય છે કે વિચારશીલ પુરુષ પહેલાં વિચારે છે કે પાપ કરવાથી અધર્મ થશે, એનાથી કશુંય શુભ થશે નહીં. એટલે કે વિચારની પ્રક્રિયા દરમ્યાન તે પુરુષ બુદ્ધિથી પાપની નજીક જાય છે, અને પછી તેનાથી વિમુખ થાય છે. આમ એકવાર સંયોગની સ્થિતિમાંથી વિયોગની સ્થિતિ ઊભી થાય છે. માટે તે પણ (સ્થૂળ અપાય નહીં હોવા છતાંય) બુદ્ધિકૃત અપાય-અપાદાન-નો વિષય તો ગણાશે જ. આમ તે ध्रुवम् अपाये अपादानम् । ૧-૪-૨૪ સૂત્રનો જ પ્રવૃત્તિવિષય બની રહેશે. તેવા (માનસિક અપાયના) સન્દર્ભો માટે જુદું વાર્તિક રચવાની જરૂર રહેતી નથી. (અર્થાત્ ભાષ્યકારે વાર્તિકનું ખંડન કર્યું છે.)[૭૩]

**(અનુ૦) ભયાર્થક** (ડરવું અર્થવાળા) **અને ત્રાણાર્થક** (બચાવવું અર્થવાળા) **ધાતુઓનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે ભય ઉત્પન્ન કરનાર પદાર્થને** (ભયહેતુને) **'અપાદાનકારક' કહેવાય છે. જેમકે, ૧. देवदत्तः चोराद् बिभेति । 'દેવદત્ત ચોરથી ડરે છે.' ૨. देवदत्तः चोरात् त्रायते । 'દેવદત્ત ચોરથી બચી જાય છે.'** (અર્થાત્ ચોરથી ડરીને, પોતાની જાતને વધબંધનાદિથી બચાવવા સંતાઈ જઈને દેવદત્ત પોતાનું રક્ષણ કરે છે.)

**સૂત્રમાં 'भयहेतुः'=જેનાથી ભય ઉત્પન્ન થતો હોય'** (તેની અપાદાન સંજ્ઞા થાય છે) **એવું શા માટે કહ્યું છે ?** (ઉત્તરઃ) **अरण्ये बिभेति । अरण्ये त्रायते । 'અરણ્યમાં ભય પામે છે'. 'અરણ્યમાં** (ચોરાદિથી) **બચે છે'.** (અહીં અરણ્યથી ભય ઉત્પન્ન થતો નથી. અરણ્ય તો ભય પામવાની ક્રિયાનું આધારસ્થાન છે. આધારસ્થાનની 'અધિકરણ' સંજ્ઞા થાય છે અને તેને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**(વિમર્શ)** આ બે ધાતુઓના સન્દર્ભમાં પણ બુદ્ધિકૃત અપાદાનની-માનસિક અપાયની-પ્રતીતિ થાય છે. જેમકે, चोरात् बिभेति । અહીં ચોર જોઈને માણસને ભય ઉત્પન્ન થાય છે. ચોર, પોતાને જોનાર માણસનો વધ કરી નાંખે કે ક્યાંક બાંધી દે, પૂરી દે એવી શક્યતા હોવાથી માણસો ચોરથી બીએ છે. અહીં વિચારની પ્રક્રિયા દરમ્યાન માણસ ચોરની સાથે જોડાય છે અને પછી તેનાથી માનસિક રીતે છુટો પડે છે. એટલે કે અહીં પણ એક પ્રકારનો માનસિક વિશ્લેષ થતો હોય છે. માટે જ્યાંથી છુટા પડવામાં આવે છે તે -चोर-ને અપાદાનકારક કહેવાશે. આવા અપાદાનકારકને अपादाने पञ्चमी । ૨-૩-૨૮ એવા વિધિસૂત્રથી પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે- चोरात् ।

પરંતુ ભાષ્યકાર કહે છે કે સ્થૂળ અપાદાનની જેમ જ, માનસિક અપાદાનના બધા જ દાખલાઓ પણ ध्रुवमपाये० । ૧-૪-૨૪ સૂત્રથી જ સાધી શકાય છે. આવા દાખલાઓને માટે સૂત્રકારે અલગ નવું સૂત્ર રચવાની જરૂર નથી. આમ ભાષ્યકારે આ સૂત્રનું ખંડન કર્યુ છે.

**(અનુ૦) परा ઉપસર્ગપૂર્વક √जि ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે જે અસહ્ય પદાર્થ હોય તેને અપાદાનકારક કહેવાય**

૭૩. जुगुप्साविरामप्रमादार्थानाम् उपसङ्ख्यानम् (वा-१).....तत्तर्हि इदं वक्तव्यम् ।। न वक्तव्यम् । इह तावदधर्माज्जुगुप्सते, अधर्माद् बीभत्सते इति यः एष मनुष्य प्रेक्षापूर्वकारी भवति, स पश्यति 'दुःखोऽधर्मो, नानेन कृत्यमस्तीति' । स बुद्धया संप्राप्य, निवर्तते ।। तत्र "ध्रुवमपायेऽपादानम् । १-४-२४" इत्येव सिद्धम् ।। (१-४-२४ इत्यत्र भाष्यम्)।

590 (૫૯) **वारणार्थानाम् ईप्सितः । पा. सू. १-४-२७**

**(वृत्तिः) प्रवृत्तिविघातः=वारणम् । "वारणार्थानां धातूनां प्रयोगे ईप्सितः अर्थः 'अपादानं' स्यात्" ॥ (उदा०) यवेभ्यः गां वारयति ॥ 'ईप्सितः' किम् ? यवेभ्यः गां वारयति क्षेत्रे ॥**

---

**છે. ઉદા.ત. अध्ययनात् पराजयते । 'અધ્યયનથી પરાજય પામે છે** (વિમુખ બને છે.)**' અર્થાત્ અધ્યયનથી ગ્લાનિ પામે છે.**

**અહીં સૂત્રમાં "असोढः 'જે અસહ્ય પદાર્થ હોય' તેની અપાદાન સંજ્ઞા થાય છે" એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તરઃ) **शत्रून् पराजयते । 'શત્રુઓનો પરાજય કરે છે' અર્થાત્ શત્રુઓને હરાવે છે.** (જ્યારે શત્રુઓ હરાવી શકાય એટલા નિર્બળ હોય તો ત્યારે તેમનાથી વિમુખ થવાનો-ગ્લાનિ પામવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. એટલે કે શત્રુઓ અહીં અસહ્ય પદાર્થ નથી. માટે તેમની-શત્રુઓની-અપાદાન સંજ્ઞા થશે જ નહીં અને તેમને પંચમી વિભક્તિના પ્રત્યયો પણ લગાડી શકાશે નહીં.)

**(વિમર્શ)** अध्ययनात् पराजयते । 'અધ્યયનથી વિમુખ બને છે.' અહીં શિષ્ય વિચારે છે કે ભણવાની પ્રક્રિયા દુઃખદાયક છે, ભણેલું યાદ રાખવું મૂશ્કેલ છે; વળી ગુરુઓ પણ દુરુપચાર-દુરારાધ્ય-હોય છે. માટે તે ભણવાથી વિમુખ બને છે. આ ઉદાહરણમાં શિષ્ય વિચારની કક્ષાએ પહેલાં અધ્યયનથી સાથે જોડાય છે, અને પછી તકલીફો જોતાં તેનાથી વિખુટો પડે છે. આમ આ પણ માનસિક અપાયનું ઉદાહરણ બની રહે છે, બુદ્ધિકૃત અપાદાનનું ઉદાહરણ બની રહે છે. ભાષ્યકાર આ સૂત્રનું ખંડન કરતાં કહે છે કે સ્થૂળ અપાદાનના સંદર્ભોની જેમ જ માનસિક અપાદાનના સર્વે સન્દર્ભો પણ **ध्रुवमपायेऽपादानम्** । ૧-૪-૨૪ સૂત્રથી જ આવરી લઈ શકાય છે. એને માટે નવું અલગ સૂત્ર રચવાની કોઈ જરૂર નથી.)

**(અનુ૦) પ્રવૃત્તિનો વિઘાત કરવો એટલે પ્રવૃત્તિને રોકી દેવી. આને વારણ** (નિવારણ) **કર્યું કહેવાય.** (સૂત્રાર્થઃ) **વારણાર્થક ધાતુઓનો પ્રયોગ થયો હોય ત્યારે જે પદાર્થની પાસેથી પ્રવૃત્તિનું નિવારણ કરવું ઇષ્ટ હોય તે પદાર્થને** (અર્થાત્ 'જે પદાર્થ ઉપર પ્રવૃત્તિ થતી અટકાવી દેવામાં આવે' તે પદાર્થને) **અપાદાનકારક કહેવામાં આવે છે. ઉદા.ત. यवेभ्यः गां वारयति (क्षेत्रपालः) ।** '(ખેડૂત) **જવ પાસેથી ગાયને નિવારે છે.** (દૂર હટાવે છે.') (અહીં ગાય જવ ખાવા માટે જવની પાસે જઈ રહી છે. પરંતુ ખેડૂત તે ગાયને જવ પાસે જતી અટકાવી દે છે. તો ગાયને જે પદાર્થ-જવ-પાસેથી ખસેડી લેવામાં આવે છે તે-જવ-ને અપાદાન કારક કહેવાશે. અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે : **यवेभ्यः**)

**સૂત્રમાં ईप्सितः="જેની પાસેથી નિવારણ કરવું ઇષ્ટ હોય** (તે પદાર્થની 'અપાદાન' સંજ્ઞા થાય છે)" **એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તરઃ) **यवेभ्यः गां वारयति क्षेत्रे ।** '(ખેડૂત) **ખેતરમાં જવના ઢગલા પાસેથી** ગાયને **દૂર** ખસેડે છે.' (અહીં ગાયને ખેતરમાં જતી અટકાવવામાં આવતી નથી. ખેતર તો નિવારણ ક્રિયાનું આધારસ્થાન છે. એટલે નિવારણ ક્રિયા ક્યાં થાય છે ? તો 'ખેતરમાં' એમ આધારસ્થાનનો જવાબ મળે છે. આધારસ્થાન વાચક શબ્દની તો 'અધિકરણ' સંજ્ઞા થઈને, તેને સપ્તમી વિભક્તિમાં -क्षेत्रे- મૂકવામાં આવશે. આપણે તો જેની જેની પાસેથી નિવારણ કરવાનું હોય તેને જ અપાદાન કહેવાનું છે; નહીં કે જ્યાં-જે આધાર સ્થાનમાં-નિવારણ થતું હોય તેને.)

**(વિમર્શ)** જેની પાસેથી નિવારણ કરવું ઇષ્ટ હોય તે પદાર્થની 'અપાદાન' સંજ્ઞા થાય છે. ઉદા.ત. अग्नेः माणवकं वारयति । 'અગ્નિ પાસેથી બાળકને ખસેડી લે છે.' અહીં બાળકને અગ્નિ પાસે જતું અટકાવવું ઈષ્ટ છે. માટે 'અગ્નિ' અપાદાનકારક કહેવાશે, તેને પંચમી વિભક્તિમાં -अग्नेः- મૂકવામાં આવશે.

અહીં નોંધપાત્ર મુદ્દો એ છે કે નિવારણ કરવું **અત્યંત ઇષ્ટ** છે -ઈપ્સિત**તમ** છે તે- તો બાળક છે. માટે ઈપ્સિત**તમ** પદાર્થ -माणवक-ની તો कर्तुरीप्सिततमं कर्म । ૧-૪-૪૯ સૂત્રથી 'કર્મ' સંજ્ઞા થશે અને તેને દ્વિતીયા વિભક્તિ -माणवकं-માં મૂકવામાં આવશે. તથા **જેની પાસેથી** નિવારણ કરવું **ઇષ્ટ** -ઈપ્સિત - છે તે 'અગ્નિ' પદાર્થ અપાદાનકારક કહેવાશે; અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવશે. આમ કર્મસંજ્ઞા અને અપાદાનસંજ્ઞાનો વિષયપ્રદેશ તદ્દન ભિન્ન ભિન્ન છે. તેમની વચ્ચે પરસ્પર વિરોધ ઊભો થવાની શક્યતા નથી.

591 (૬૦) **अन्तर्धौ येन अदर्शनम् इच्छति । पा. सू. १-४-२८**

592 (૬૧) **आख्याता उपयोगे । पा. सू. १-४-२९**

---

**(वृत्तिः)** **व्यवधाने सति यत्कर्तृकस्य आत्मनः दर्शनस्य अभावम् इच्छति, तद् 'अपादानं' स्यात् ।। (उदा०) मातुः निलीयते कृष्णः ।। १. 'अन्तर्धौ' किम् ? -चौरान् न दिदृक्षते ।। २. 'इच्छति-' ग्रहणं किम् ? -अदर्शनेच्छायां सत्यां सति अपि दर्शने यथा स्यात् ।।**

**(वृत्तिः)** **नियमपूर्वकविद्यास्वीकारे वक्ता प्राक्संज्ञः स्यात् ।। (उदा०) उपाध्यायाद् अधीते ।। 'उपयोगे' किम् ? -नटस्य गाथां शृणोति ।।**

---

આ જ પ્રમાણે, माषेभ्यो गां वारयति । कूपाद् अन्धं वारयति । વગેરે ઉદાહરણ પણ સમજવા.

ભાષ્યકાર પતંજલિ કહે છે કે આ સૂત્ર પણ રચવાની જરૂર નથી. કારણ કે ખેડૂત ગાયને જવની પાસે જતી રોકે છે, તે પૂર્વે એટલું વિચાર છે કે જો ગાય જવના ઢગલા પાસે જશે તો ચોક્કસ જવનો નાશ થશે. પરિણામે અનાજનો નાશ થવાથી અધર્મ થશે. વળી, રાજા તરફથી પણ ભય-ત્રાસ ઊભો થશે. માટે તે ગાયને જવ પાસેથી ખસેડી લે છે. એ જ પ્રમાણે, અંધપુરુષ કૂવા પાસે જશે તો તેમાં પડીને મરી જશે. એટલે અંધપુરુષનો પણ કૂવાની સાથે સંયોગ થતો અટકાવી દેવામાં આવે છે. આમ અહીં પણ બુદ્ધિકૃત અપાય જોવા મળે છે. જેથી ध्रुवम् अपायेऽपादानम् । ૧-૪-૨૪ સૂત્રથી જ, અહીં પણ વારણાર્થક ધાતુઓના પ્રયોગમાં અપાદાન સંજ્ઞા થઈ જશે. તેને માટે નવું સૂત્ર રચવાની જરૂર નથી.

**(અનુ૦)** (વ્યવધાન=અંતરાય, આડશ) **વ્યવધાન હોય ત્યારે** (વ્યવધાનને આધારે) **પોતાની જાતને જેનાથી સંતાડવાની ઇચ્છા હોય તે વ્યક્તિને અપાદાનકારક કહેવામાં આવે છે. ઉદા.ત. मातुः निलीयते कृष्णः । 'જશોદા માતાથી પોતાની જાતને કૃષ્ણ સંતાડે છે.'** (અહીં કૃષ્ણ ઇચ્છે છે કે માતા જશોદા પોતાને ન જોઈ જાય. આથી જશોદા માતાથી પોતાની જાતને સંતાડવાની ઇચ્છા છે. એ સન્દર્ભમાં 'માતા'ની અપાદાન સંજ્ઞા થશે અને તેને પંચમી વિભક્તિમાં -मातुः- મૂકવામાં આવશે.)

**૧. સૂત્રમાં अन्तर्धौ-व्यवधाने सति 'અંતરાય હોય ત્યારે' એવી શરત શા માટે મૂકવામાં આવી છે ?** (ઉત્તરઃ) **चौरान् न दिदृक्षते । 'ચોરોને જોવાની ઇચ્છા રાખતો નથી.'** (અહીં રસ્તે જતાં ચોર સામા મળી આવે છે ત્યારે ત્યાં સંતાવાની ઇચ્છા હોવા છતાંય, કશાયની પાછળ સંતાઈ શકાય એવું કોઈ વ્યવધાન-અંતરાય કે આડશ-નથી. આથી ચોરને માટે અપાદાન સંજ્ઞા વાપરી શકાશે નહીં).

**૨. સૂત્રમાં इच्छति એવા પદનું ગ્રહણ કેમ કર્યું છે ?-એ પદનું શું પ્રયોજન છે ?** (ઉત્તરઃ) **જો અદર્શનની** (સંતાવાની) **ઇચ્છા હોય અને પછી** (વચ્ચે અંતરાય રાખવા છતાંય) **જો દર્શન થઈ જાય તો ત્યાં** ('સંતાવાની **ઇચ્છા હતી'** એ મુદ્દા ઉપર જ ભાર આપીને) **'જેનાથી સંતાવાની ઇચ્છા હોય' તે વ્યક્તિની 'અપાદાન' સંજ્ઞા જાહેર કરી શકાય છે.**

(એટલે કે વ્યવધાન હોવા છતાંય જો સંતાનાર વ્યક્તિ દેખાઈ જતી હોય તો તે 'દેખાઈ જવા' ઉપર ભાર ન આપતાં, સંતાવાની ઇચ્છા હતી' એની ઉપર ભાર આપવો જોઈએ. અને એ સન્દર્ભમાં પણ 'જેનાથી સંતાવાની ઇચ્છા હોય' તે વ્યક્તિને 'અપાદાનકારક' જાહેર કરી શકાય છે.)

**(વિમર્શ)** उपाध्यायाद् शिष्यः अन्तर्धत्ते (तिरोभवति) । 'ગુરુથી શિષ્ય સંતાઈ જાય છે.' અહીં શિષ્ય વિચારે છે કે જો ગુરુ જોઈ જશે તો જરૂર કોઈક કામે મોકલશે, ઉપાલંભ (ઠપકો) આપશે અથવા ભણવા બેસાડશે વગેરે. આમ તે માનસિક રીતે ગુરુની નજીક જાય છે અને ઉપર્યુક્ત વિચાર આવતાં, ગુરુ જોઈ ન જાય એમ ઝાડ કે આશ્રમની કુટિર વગેરેની પાછળ સંતાઈ જાય છે ! અહીં પણ બુદ્ધિકૃત અપાય જોવા મળે છે. તેથી ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ સૂત્ર દ્વારા જ 'જેનાથી સંતાવાની ઇચ્છા હશે' તે વ્યક્તિની પણ અપાદાનસંજ્ઞા થઈ શકશે, એને માટે આવું અલગ (પ્રસ્તુત) સૂત્ર બનાવવાની જરૂર નથી.)

**(અનુ૦) 'ઉપયોગ'માં અર્થાત્ નિયમપૂર્વક વિદ્યા પ્રાપ્ત કરવાનો સન્દર્ભ હોય તો જે આખ્યાતા=વક્તા[૭૪] હોય**

---

૭૪. સૂત્રમાં આવેલ आख्यातृ > आख्याता શબ્દનો અર્થ 'વિદ્યાનો પ્રતિપાદયિતૃ → પ્રતિપાદયિતા' (=ગુરુ) થાય છે. (કાશિકા)

593 (६२) **जनिकर्तुः**[७५] **प्रकृतिः**[७६] । पा. सू. १-४-३०

**(वृत्तिः) जायमानस्य हेतुः 'अपादानं' स्यात् ।। (उदा०) ब्रह्मणः प्रजाः प्रजायन्ते ।।**

**તેની પૂર્વે કહેલી='અપાદાન' સંજ્ઞા થાય છે. ઉદા.ત. उपाध्यायाद् अधीते । 'ઉપાધ્યાય પાસેથી** (વેદાદિ) **ભણે છે ?'** (અહીં શિષ્ય ગુરુ પાસે જાય છે ત્યારે સમિત્પાણિ થઈને જાય છે. ગોત્રોચ્ચારણાદિ સહિત અભિવાદન કરે છે અને ગુરુના જમણા હાથે શુચાવકાશમાં બેસે છે. આમ નિયમપૂર્વક વિનીતવેશે જઈને ગુરુ પાસેથી **'વિદ્યા'** પ્રાપ્ત કરે છે. આવો વિદ્યા પ્રાપ્ત કરવાનો સન્દર્ભ હોય ત્યારે જે ગુરુ હોય=જે વિદ્યાનો પ્રવક્તા હોય તેને અપાદાનકારક કહેવામાં આવે છે અને તેને પંચમી વિભક્તિમાં-उपाध्यायाद्-મૂકવામાં આવે છે.)

**સૂત્રમાં ઉપયોગે=નિયમપૂર્વક વિદ્યા સ્વીકાર કરવાનો સન્દર્ભ હોય ત્યારે'** (વક્તાની 'અપાદાન' સંજ્ઞા થાય છે)**-એવી શરત મૂકવાની શી જરૂર હતી ?** (ઉત્તર:) **नटस्य गाथां शृणोति । 'નટની પાસેથી ગાથા** (ગીત) **સાંભળે છે.'** (અહીં 'નટ' વક્તા છે ખરો. પરંતુ અહીં નિયમપૂર્વક **વિદ્યા** સ્વીકારવાનો સન્દર્ભ નથી; માત્ર ગીત સાંભળવું અને મનોરંજન પ્રાપ્ત કરવું એટલો જ સન્દર્ભ છે. આથી ગાથાના વક્તા-नट-ની 'અપાદાન' સંજ્ઞા થતી નથી. તેથી તેને પંચમી વિભક્તિ લગાડવામાં આવતી નથી; પરંતુ તેને શેષ અર્થમાં ષષ્ઠી વિભક્તિ જોડવામાં -नटस्य- આવે છે.

**(વિમર્શ)** ભાષ્યકારે આ સૂત્રનું પણ ખંડન કર્યું છે. કેમકે આ સૂત્રનો વિષય પણ મૂળ (૧-૪-૨૪) અપાદાન સંજ્ઞા કરનાર સૂત્રથી જ આવરી લઈ શકાય છે.

**(વિશેષ)** उपाध्यायाद् अधीते । 'ઉપાધ્યાય પાસેથી (વેદાદિ) ભણે છે' એ ઉદાહરણ વિશે એક વિચારણા કરીશું : અહીં ઉપાધ્યાયને ખરેખર અવધિભૂત ગણી શકાશે ? અથવા તો, બીજા શબ્દોમાં કહીએ તો અહીં આ જ્ઞાનનો અપાય થાય છે ખરો ? ઉપાધ્યાય તો સતત ભણાવ્યા જ કરે છે. આમ ઉપાધ્યાયમાંથી જ્ઞાન છૂટું પડી જતું હોય એવું તો જણાતું નથી. (વૃક્ષ ઉપરથી પાંદડું છૂટું પડે છે ત્યારે ત્યાં પાંદડું તો કાયમ માટે છૂટું પડી જાય છે. એવી રીતે ઉપાધ્યાયમાંથી જ્ઞાન કાયમ માટે છૂટું પડી જતું નથી.) હવે જો ઉપાધ્યાયમાંથી જ્ઞાનનો વિશ્લેષ ન થતો હોય તો તેને અવધિભૂત પદાર્થ ગણી શકાશે નહીં અને પરિણામે તેને અપાદાન કારક કહેવાશે નહીં (અને પંચમી વિભક્તિ પણ વાપરી શકાશે નહીં.) આ દષ્ટિએ પ્રસ્તુત ઉદાહરણની યુક્તિયુક્તતા વિચારણીય છે. ભાષ્યકારે કહ્યું છે કે આપણને ઉપાધ્યાય સતત ભણાવ્યા કરે છે તેથી લાગે છે કે ઉપાધ્યાયમાંથી જ્ઞાન છૂટું પડતું નથી, જ્ઞાનનો અપાય થતો નથી. પણ તે એક ભ્રાન્તિ છે. ઉપાધ્યાયના મુખમાંથી જે જ્ઞાન બહાર પડે છે તે ધારાસંતતિ=પ્રવાહનિત્યતાને કારણે વિશ્લષ્ટિ થયેલું દેખાતું નથી. અથવા ज्योतिर्वज्ज्ञानानि भवन्ति ।। (=દીવો **સતત** બળતો દેખાય છે; પણ વાસ્તવમાં પ્રત્યેક ક્ષણે જ્યોત્ બદલાતી હોય છે તેમ.)

**(અનુ૦) 'જન્મ લેનાર"**[૭૭] **પદાર્થનું જે કારણ** (હેતુ)**' તેને અપાદાન કારક કહેવામાં આવે છે. ઉદા.ત. ब्रह्मणः प्रजाः प्रजायन्ते । 'બ્રહ્મમાંથી-હિરણ્યગર્ભમાંથી-પ્રજા જન્મે છે.' (અહીં જન્મ લેનાર પ્રજા છે.'** આ પ્રજાની ઉત્પત્તિનું જે કારણ છે તે **ब्रह्मन्** છે. આથી **ब्रह्मन्**ને અપાદાન કારક કહેવાશે અને તેને પંચમી વિભક્તિમાં-**ब्रह्मणः**- મૂકવામાં આવશે.)

**(વિમર્શ)** સૂત્રકારે ઉત્પદ્યમાન-જાયમાન (જન્મ લેનાર) પદાર્થની જે 'પ્રકૃતિ' હોય તેની અપાદાન સંજ્ઞા કરવી એમ કહ્યું છે. પરંતુ અહીં પ્રશ્ન થશે કે 'પ્રકૃતિ' શબ્દનો તાત્ત્વિક દૃષ્ટિએ કયો અર્થ અભિપ્રેત છે ? વૃત્તિકાર વામન અને જયાદિત્ય કહે છે કે અહીં પ્રકૃતિ એટલે નિમિત્તકારણ. (ઘટાદિ પ્રત્યે કુંભાર જેવી રીતે નિમિત્તકારણ છે, તેવી રીતે અહીં જાયમાન પદાર્થનું જે નિમિત્તકારણ હોય તેને 'પ્રકૃતિ' કહેવાશે.) પરંતુ આ મત ગ્રાહ્ય જણાતો નથી. કેમકે

---

૭૫. जनिर्जननम् उत्पत्तिः । 'जनी प्रादुर्भावे' दैवादिकोऽकर्मकः । 'इणजादिभ्यः' इति भावे इण् । 'जनिवध्योश्च' इति निषेधान्नोपधा-वृद्धिः । **जनेः कर्ता** इति विग्रहः । शेषषष्ठ्या समासः । (बालमनोरमा)

૭૬. **प्रकृतिः**=हेतुः । પ્રકૃતિ એટલે ઉપાદાન/નિમિત્ત કારણ.

૭૭. જાયમાન એટલે ઉત્પત્તિક્રિયાનો આશ્રય અર્થાત્ જન્મ લેનાર. जनधातोः कर्तरि लटश्शानच् , श्यन् , 'ज्ञाजनोर्जा' 'आने मुक्' उत्पत्त्याश्रयस्य इत्यर्थः ।। (बालमनोरमा)

594 (६३) **भुवः प्रभवः । पा. सू. १-४-३१**

**(वृत्तिः) भवनं भूः । भूकर्तुः प्रभवः तथा ।। (उदा०) हिमवतः गङ्गा प्रभवति । -तत्र प्रकाशते इत्यर्थः ।।**

**(क) (वार्तिकम् ) *ल्यबलोपे कर्मणि अधिकरणे च (पञ्चमी वाच्या)* । १. प्रासादात् प्रेक्षते । २. आसनात् प्रेक्षते । =प्रासादम् आरुह्य, आसने उपविश्य प्रेक्षते इत्यर्थः । ३. श्वसुरात् जिह्रेति । =श्वसुरं वीक्ष्य जिह्रेति इत्यर्थः ।। (ख) गम्यमाना अपि क्रिया कारकविभक्तीनाम् निमित्तम् । कस्मात् त्वम् ? नद्याः ।। (ग) * यतः च अध्वकालनिर्माणं[७८] तत्र पञ्चमी । तद्युक्ताद् अध्वनः प्रथमासप्तम्यौ । कालात्सप्तमी वक्तव्या । वनाद् ग्रामः योजनं योजने वा । कार्तिक्याः आग्रहायणी मासे ।।**

પ્રકૃતિનો અર્થ નિમિત્તકારણ લેવાથી ત્યાં સંયોગ-વિશ્લેષનો સન્દર્ભ ઊભો થશે અને **ध्रुवमपायेऽपादानम्** । ૧-૪-૨૪ સૂત્રથી જ જે મુદ્દો કહેવાઈ ગયો છે તેની પુનરુક્તિ થશે. ભાષ્યકાર અને કૈયટના મતે 'પ્રકૃતિ' શબ્દ ઉપાદાનકારણ અર્થમાં વપરાયો છે. કેમકે ભાષ્યકારે गोमयाद् वृश्चिकाः जायन्ते । 'છાણમાંથી વીંછી જન્મે છે' એવું ઉદાહરણ આપ્યું છે.

ભટ્ટોજિ દીક્ષિતે જે વાક્ય આપ્યું છે -ब्रह्मणः प्रजाः प्रजायन्ते- તે નિમિત્તકારણ અને ઉપાદાનકારણનું પણ ઉદાહરણ છે ! કારણ કે હિરણ્યગર્ભ એ માત્ર પ્રકૃતિ=હેતુ (નિમિત્તકારણ) હોઈ શકે; ઉપાદાનકારણ નહીં. અથવા તો માયોપહિત ચૈતન્ય બ્રહ્મ જ બધાં કર્મોનું ઉપાદાનકારણ છે એવો વેદાન્તનો સિદ્ધાન્ત છે. એ દષ્ટિએ આ વાક્ય ઉપાદાનકારણનું પણ ઉદાહરણ છે.

ભાષ્યકારે આ સૂત્રનો પણ અસ્વીકાર કર્યો છે. **ध्रुवमपायेऽपादानम्** । ૧-૪-૨૪ સૂત્રથી જ પ્રસ્તુત (૧-૪-૩૦) સૂત્રનો વિષય પ્રદેશ આવરી લઈ શકાશે. માટે આ સૂત્ર રચવાની જરૂર નથી.

**(અનુ.)** (ઉત્પન્ન) **થવું એને भूः** કહે છે. **"આ भू** (=ઉત્પન્ન થવું) **ક્રિયાના કર્તા** (અર્થાત્ ઉત્પન્ન થનાર પદાર્થ) **નું જે પ્રભવસ્થાન-ઉત્પત્તિસ્થાન-હોય, તેને** અપાદાનકારક **કહેવામાં આવે છે."** ઉદા.ત. **हिमवतः गङ्गा प्रभवति । 'હિમાલયમાંથી ગંગા જન્મે છે' અર્થાત્ ત્યાંથી નીકળે છે.** (અહીં જન્મવાની ક્રિયાની કર્ત્રી 'ગંગા' છે. અર્થાત્ ઉત્પન્ન થનાર-જન્મ લેનાર-પદાર્થ ગંગા છે. તેનું જે પ્રભવસ્થાન-ઉત્પત્તિસ્થાન-છે તેને 'અપાદાનકારક' કહેવામાં આવે છે અને તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે;) **हिमवत्>हिमवतः ।**

**(क)** (વાર્તિક) ल्यब्=ल्यबन्त **રૂપનો** (ઉપસર્ગ સહિતના સંબંધક ભૂતકૃદન્તનો) **લોપ થાય ત્યારે કર્મકારકને અને અધિકરણ કારકને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. દા.ત. ૧. प्रासादम् आरुह्य प्रक्षते→प्रासादात् प्रेक्षते । 'મહેલ ઉપર ચઢીને જુએ છે → મહેલમાંથી જુવે છે.' ૨. आसने उपविश्य प्रेक्षते → आसनात् प्रेक्षते । 'આસન ઉપર બેસીને જુવે છે.→આસન પરથી જુવે છે.' ૩. श्वसुरं वीक्ष्य जिह्रेति→श्वसुरात् जिह्रेति । 'સસરાને જોઈને શરમાય છે→સસરાથી શરમાય છે.'** (અહીં ल्यप्=य પ્રત્યયાન્ત એટલે ल्यबन्त રૂપ. અર્થાત્ ઉપસર્ગસહિતનું સંબંધક ભૂતકૃદન્તનું રૂપ.[૭૯] આ રૂપોનો=आरुह्य, उपविश्य વગેરે રૂપોનો લોપ થાય ત્યારે કર્મકારકને અને અધિકરણ કારકને=प्रासादम अने आसने જેવાને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. જેમકે, प्रासादात् અને आसनात् ।

**(ख) "અધ્યાહાર કે અનુમાનથી પ્રાપ્ત થતી ક્રિયા પણ કારકવિભક્તિના પ્રયોગમાં નિમિત્ત બને છે." જેમકે,; कस्मात् त्वम् ? 'તમે ક્યાંથી...' એવો પ્રશ્ન પૂછવામાં આવે તો ત્યાં જવાબ આપવામાં આવે છે કે नद्याः** (પંચમ્યન્ત રૂપ) **'નદીએથી** (આવ્યો છું)'. **અહીં नद्याः પદની સાથે आगतोऽस्मि કે आगच्छामि એવા ક્રિયાપદનો અધ્યાહાર લેવામાં આવે છે. આ અધ્યાહૃત ક્રિયાના અનુસન્ધાનમાં જણાય છે કે નદીની સાથે જે પુરુષનો સંયોગ હતો તેનો વિશ્લેષ થતાં અહીં** (ગામમાં) આવ્યો છે.) **આમ 'नद्याः' રૂપની સાથે आगच्छामि જેવી અધ્યાહૃત ક્રિયા=ગમ્યમાના ક્રિયા અપાદાનકારકની**

---

૭૮. '...अध्वकालनिमान ततः...' એવો પાઠ 'બાલમનોરમા' ટીકામાં મળે છે.

૭૯. समानकर्तृकयोः पूर्वकाले । ૩-૪-૨૧ સૂત્રથી ધાતુને (સંબંધક ભૂતકૃદન્તનો) क्त्वा (त्वा) પ્રત્યય લાગે છે. જો અવ્યય (=ઉપસર્ગ)પૂર્વક ધાતુનો પ્રયોગ થયો હોય તો समानेऽनञ् पूर्वे क्त्वो ल्यप् । ૭-૧-૩૭ સૂત્રથી क्त्वाને બદલે ल्यप् (य) પ્રત્યય લાગે છે. જેમકે, कृत्वा → प्रकृत्य ।

595 (६४) **अन्य-आराद्-इतर-ऋते-दिक्शब्द-अञ्चूत्तरपद-आच्-आहि युक्ते । पा. सू. २-३-२९**

**(वृत्तिः) एतैः योगे पञ्चमी स्यात् ।। 'अन्य' इति अर्थग्रहणम् । 'इतर' ग्रहणं प्रपञ्चार्थम् ।। (उदा०) १. एवं २. अन्यः/भिन्नः/इतरः वा कृष्णात् । ३. आराद् वनात् । ४. ऋते कृष्णात् । ५. (ख) पूर्वः ग्रामात् ।। (ब) दिशि दृष्टः शब्दः 'दिक्शब्दः' । तेन सम्प्रति देशकालवृत्तिना योगेऽपि भवति । चैत्रात् पूर्वः फाल्गुनः ।**

**अवयववाचियोगे तु न, "तस्य परमाम्रेडितम् । ८/१/२" इति निर्देशात् । (उदा०) पूर्वम् कायस्य ।।**

**६. अञ्चूत्तरपदस्य तु दिक्शब्दत्वे अपि 'षष्ठ्यतसर्थ-प्रत्ययेन २/३/३०' इति षष्ठी बाधितुं पृथग्ग्रहणम् । (उदा०) प्राक्/प्रत्यग् वा ग्रामात् ।। ७. आच्-दक्षिणा ग्रामात् । ८. आहि-दक्षिणाहि ग्रामात् ।। ९. "अपादाने पञ्चमी । २/३/२८" इति सूत्रे 'कार्तिक्याः प्रभृति' इति भाष्यप्रयोगात् प्रभृत्यर्थयोगे अपि पञ्चमी । (उदा०) भवात् प्रभृति आरभ्य वा सेव्यः हरिः ।। १०. "अपपरिबहिरञ्चवः पञ्चम्या । २/१/१२" इति समासविधानात् ज्ञापनात् 'बहिर्' योगे पञ्चमी (भवति) । (उदा०) ग्रामाद् बहिः ।।**

---

**વાચિકા પંચમી વિભક્તિના પ્રયોગમાં નિમિત્ત બને છે.**

(ग) (આ વાર્તિક ત્રણ વાક્યોનું બનેલું છે :)

**૧. 'જ્યાંથી માંડીને માર્ગ કે કાળની ગણતરી કરવામાં આવી હોય તે અવધિવાચક શબ્દને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.'** ૨. **'એ અવધિથી યુક્ત માર્ગવાચક શબ્દને પ્રથમા વિભક્તિ કે સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.' તથા** ૩.'(એ અવધિથી યુક્ત) **કાલવાચક શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.'** દા.ત. ૧/૨ **वनाद् ग्रामः योजनं योजने वा (अस्ति) । 'વનથી ગામ એક યોજને** (આવેલું છે.)' અહીં વન અવધિવાચક શબ્દ છે તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવેલ છે. તથા માર્ગનું અંતર ગણી બતાવતો योजन શબ્દ પ્રથમા અથવા સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. ('વનથી ગામ એક યોજન દૂર આવેલું છે' આમ કહેતી વખતે ગામનો અને વનનો સ્થૂળ વિશ્લેષ થતો જણાતો નથી. માટે વાર્તિકકારે આવું વાર્તિક રજૂ કર્યું છે.) ઉદા.ત. ૩. **कार्तिक्याः आग्रहायणी मासे । 'કાર્તિકી પૂર્ણિમાથી આગ્રહાયણી[૮૦]-માર્ગશીર્ષ-પૂર્ણિમા-એક મહિને આવે છે.'** (અહીં અવધિવાચક 'કાર્તિકી પૂર્ણિમા' શબ્દને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે; અને કાલવાચક -मास- શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવ્યો છે.)

**(વિમર્શ)** ભાષ્યકારે भुवः प्रभवः । ૧-૪-૩૧ સૂત્રનું પણ ખંડન કર્યું છે. हिमवतः गङ्गा प्रभवति । 'હિમાલયમાંથી ગંગા નીકળે છે' અહીં બુદ્ધિકૃત અપાદાનની પ્રતીતિ થાય છે. આથી તે ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ સૂત્રનો જ પ્રવૃત્તિવિષય બની રહે છે અને માટે નવું સૂત્ર રચવાની જરૂર નથી.

★

ભાષ્યકારના મતે બધા જ પ્રકારના અપાદાનનાં ઉદાહરણો ध्रुवमपायेऽपादानम् । ૧-૪-૨૪ સૂત્રથી જ આવરી લઈ શકાય છે. આથી ૧-૪-૨૫ થી ૧-૪-૩૦ સુધીનાં છ સૂત્રો અને બીજાં વાર્તિક વચનોનું ખંડન કરવામાં આવ્યું છે. અહીં પ્રશ્ન થશે કે ૧-૪-૨૪ સૂત્રથી જ બધા પ્રકારનાં અપાદાનકારકને આવરી લઈ શકાય છે તો સૂત્રકારે આ છ સૂત્રોને શા માટે રજૂ કર્યાં છે ? સૂત્રકારને આ મુદ્દાની ખબર ન હતી ? ભર્તૃહરિ આનો જવાબ આપતાં કહે છે કે बालानाम् सुखबोधाय એ સૂત્રો રજૂ કરવામાં આવ્યા છે :

निर्धारणे विभक्ते यो भीत्रादीनां च यो विधिः ।
उपात्तापेक्षितापायः सोऽबुधप्रतिपत्तये ।। (વા. પ. ૩-૭-૧૪૭)

**(અનુ.)** (ઉપપદવિભક્તિનું વિધાન કરનારું સૂત્ર :)

**"સૂત્રમાં ગણાવેલા अन्य, आराद् , इतर, ऋते, दिक्शब्द, √अञ्चु गतौ । ધાતુ જેના ઉત્તરપદમાં હોય તેવા શબ્દો, आच् પ્રત્યયાન્ત શબ્દો અને आहि પ્રત્યયાન્ત શબ્દોના યોગે પંચમી વિભક્તિ વપરાય છે." નોંધઃ સૂત્રમાં આવેલો अन्य શબ્દ 'अन्य' અર્થવાળા બીજા શબ્દોનું પણ ગ્રહણ કરે છે.** (આથી अन्य એટલે 'ભિન્ન' 'ઈતર' વગેરે શબ્દો પણ

---

૮૦. अग्रे हायनम् अस्याः सा इति आग्रहायणी ।। અર્થાત્ માગશર મહિનાની પૂનમ.

સમજી લેવાના રહેશે.) **આમ इतर શબ્દ પ્રપંચાર્થે છે.** (કેમકે अन्यार्थक શબ્દોમાં તેનું પરિગણન થઈ જાય છે.) **હવે ઉદાહરણો જોઈશું :**

**१. अन्यः कृष्णात् (मोक्षदायकः नास्ति) ।**

**भिन्नः कृष्णात् " ।** } 'કૃષ્ણ સિવાય બીજો કોઈ (મોક્ષદાયક નથી.)'

**२. इतरः कृष्णात् " ।**

**૩. आराद् वनाद् । 'વનની નજીક'**

**૪. ऋते कृष्णात् । 'કૃષ્ણ સિવાય'**

**૫. (अ) पूर्वः ग्रामात् । 'ગામની પૂર્વમાં.'**

**૫. (ब) અહીં 'दिशि दृष्टः शब्दः' इति दिक् शब्दः ।। અર્થાત્ એકવાર જે શબ્દ દિશાવાચક બન્યો હોય તે હંમેશા 'દિક્' વાચક શબ્દ જ ગણાય છે. આથી** (ભૂતકાળમાં દિશાવાચક હોય) **પણ હાલમાં** (=કોઈ ઉદાહરણમાં) **જો તે દેશ કે કાલવાચક શબ્દ બન્યો હોય તો પણ તે 'દિક્શબ્દ' જ કહેવાય છે. જેમકે, चैत्रात् पूर्वः फाल्गुनः । 'ચૈત્રમાસની પહેલાં ફાગણ મહિનો આવે છે.'**

(આ ઉદાહરણમાં पूर्वः શબ્દ 'પહેલાંનો સમય' અર્થમાં છે. તે કોઈ દિશા રૂપી અર્થ આપતો નથી. છતાંય ભૂત-કાળમાં અર્થાત્ અન્યત્ર તે દિક્વાચક હોવાથી, અત્યારે ભલે તે કાલવાચક શબ્દ બન્યો છે; તો પણ તે દિશાવચક='દિક્ શબ્દ' જ કહેવાશે. આ 'દિક્વાચક' શબ્દોના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે : चैत्रात् ।)

('દિક્શબ્દ'ના પૂર્વોક્ત વ્યાખ્યાનના અનુસન્ધાનમાં જ એક વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે :) '(पूर्वादि દિક્વાચક શબ્દો) **જો અવયવના વાચક બન્યા હોય તો ત્યાં પંચમી વિભક્તિ વપરાતી નથી;' એવું तस्य परमाम्रेडितम् । ૮-૧-૨ સૂત્રને આધારે જણાયું છે.** (જેમકે, આ સૂત્રમાં આવેલો परम् શબ્દ, અન્યત્ર पश्चात् અર્થમાં વપરાય છે.) **અર્થાત્ તે 'દિક્શબ્દ' છે. પરંતુ સૂત્રકારે તેના યોગમાં પંચમી વિભક્તિ વાપરી નથી, પણ तस्य એવી ષષ્ઠી વિભક્તિ વાપરી છે. કારણ કે એ શબ્દ 'દિક્શબ્દ' હોવા છતાંય પ્રસ્તુત (૮-૧-૨) સૂત્રમાં અવયવનો વાચક છે. આથી જ્ઞાપિત થાય છે કે દિક્શબ્દો જો અવયવના વાચક હોય તો પંચમી વિભક્તિ વપરાતી નથી.**[૮૧] ઉદા.ત. **पूर्वम् कायस्य । 'શરીરની આગળનો ભાગ.'** (અહીં અવયવ વાચક पूर्व શબ્દ હતો તેથી પંચમી વિભક્તિ વપરાઈ નથી.)

**૬. જો કે अञ्चूत्तरपद** ('√अञ्चु गतौ ધાતુ છે ઉત્તરપદમાં જેના'-એવા) **શબ્દો પણ 'દિક્શબ્દો'** (દિશાવાચક) **છે, તો પણ षष्ठी अतसर्थप्रत्ययेन । २-३-३० સૂત્રોક્ત ષષ્ઠી વિભક્તિનો બાધ કરવા માટે આ (૨-૩-૨૯) સૂત્રમાં ફરીથી 'अञ्चूत्तरपद' એટલો શબ્દ જુદો** (ફરી) **લખ્યો છે.**[૮૨] **ઉદા.ત. प्राक् ग्रामात् । प्रत्यग् ग्रामात् । 'ગામની આગળ.'**

---

૮૧. तस्य परमाम्रेडितम् । ૮-૧-૨ સૂત્રનો અર્થ છે : દ્વિરુક્તિ પામેલાં બે પદોમાંથી જે ઉત્તરપદ હોય છે તેને 'આમ્રેડિત' કહેવામાં આવે છે. દા.ત. अधि अधि । આ શબ્દસમૂહમાંથી જે પર (પાછળનો) અવયવ (=પાછળનું પદ) છે તેને 'આમ્રેડિત' કહેવાય છે. આમ આ સૂત્રમાં परम् શબ્દ દિક્શબ્દ હોવા છતાંય 'पश्चात् અવયવ'નો વાચક છે. તેને યોગે સૂત્રકારે પંચમી વિભક્તિ વાપરી નથી, પણ तस्य એમ ષષ્ઠી વિભક્તિ વાપરી છે.

૮૨. अञ्चूत्तरपद । શબ્દો પણ એક પ્રકારના 'દિક્શબ્દો' જ છે. તેથી પ્રસ્તુત સૂત્ર (૨-૩-૨૯)માં લખેલા दिक्शब्द શબ્દથી अञ्चूत्तरपद શબ્દોનું ગ્રહણ થઈ જ જશે. એ સ્થિતિમાં લાઘવની દષ્ટિએ પ્રસ્તુત સૂત્ર (૨-૩-૨૯)માં જુદો अञ्चूत्तरपद શબ્દ લખવાની જરૂર ન હતી. છતાંય સૂત્રકારે એ શબ્દ લખ્યો છે એનું એક વિશેષ કારણ છે. જેમકે षष्ठी अतसर्थप्रत्ययेन । ૨-૩-૩૦ સૂત્રથી अतस् પ્રત્યયાન્ત (દા.ત. दक्षिणतः) દિક્શબ્દોના યોગે ષષ્ઠી વિભક્તિ લગાડવી એમ કહ્યું છે. આમ આ સૂત્ર સામાન્યપણે બધા પ્રકારના દિક્શબ્દોને કહેલી પંચમી વિભક્તિનો બાધ કરે છે. પરંતુ अञ्चूत्तरपद પ્રકારના જે દિકશબ્દો છે, તેમનો પણ બાધ ન થાય અર્થાત્ अञ्चूत्तरपद દિક્શબ્દોના યોગે તો પંચમી વિભક્તિ જ લાગે; (ષષ્ઠી ન લાગે) એટલા માટે સૂત્રકારે આ ૨-૩-૨૯ સૂત્રમાં ફરીથી દિક્વાચક अञ्चूत्तरपद શબ્દ લખ્યો છે. આમ લાઘવભંગ સહેતુક કરવામાં આવ્યો છે.

596 (६५) **अपपरी वर्जने । पा. सू. १-४-८८**

597 (६६) **आङ् मर्यादावचने । पा. सू. १-४-८९**

**(वृत्तिः) एतौ वर्जने कर्मप्रवचनीयौ स्तः ।।**

**(वृत्तिः) आङ् मर्यादायाम् उक्तसंज्ञः स्यात् ।।**

---

**૭. आच् પ્રત્યયાન્ત શબ્દોના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે : दक्षिणा ग्रामात् । 'ગામના દક્ષિણ ભાગે.'** (અહીં दक्षिण શબ્દને आच् પ્રત્યય લાગીને दक्षिणा શબ્દ બન્યો છે. આને आजन्त શબ્દ કહેવાય.)

**૮. आहि પ્રત્યયાન્ત શબ્દોના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે : दक्षिणाहि ग्रामात् । 'ગામની દક્ષિણે.'**

**૯. अपादाने पञ्चमी । ૨-૩-૨૮ સૂત્ર ઉપરના ભાષ્યમાં પતંજલિએ 'कार्तिक्याः प्रभृति' એવું એક વાક્ય લખ્યું છે.** (આ વાક્યમાં प्रभृति શબ્દના યોગે પંચમી વિભક્તિ વાપરી છે.) **તેથી સૂચિત થાય છે કે प्रभृति શબ્દ અને તે શબ્દના અર્થવાળા બીજા શબ્દોના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે. ઉદા.ત. भवात् प्रभृति सेव्यः हरिः । અથવા भवात् आरभ्य सेव्यः हरिः । 'જન્મથી (જ) માંડીને શ્રીહરિને ભજવા જોઈએ.'**

**૧૦. अपपरिबहिरञ्चवः पञ्चम्या । ૨-૧-૧૨ એ સૂત્રમાં કહ્યું છે કે 'बहिर् શબ્દનો પંચમ્યન્ત પદની સાથે સમાસ થાય છે.' -એનાથી જ્ઞાપિત થાય છે કે बहिर् શબ્દના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે. ઉદા.ત. ग्रामाद् बहिः । 'ગામની બહાર.'**

**(વિમર્શ)** આ સૂત્ર ઉપપદ વિભક્તિનું વિધાન કરનારું છે. જેમકે,

૧. अन्य કે 'અન્ય' અર્થવાળા બીજા-भिन्न વગેરે-શબ્દો;

૨. आराद् (નજીક) શબ્દ,

૩. इतर (=અન્ય. આ શબ્દ જુદો ગણાવવાની જરૂર નથી. પહેલા પ્રકારમાં તેનો સમાવેશ થઈ જશે.),

૪. ऋते (-ના સિવાય) શબ્દ,

૫. दिक्शब्द =દિશાવાચક શબ્દો

(અવયવવાચક पूर्व, पश्चिम આદિ શબ્દો સિવાયના,

अ. દિશાવાચક पूर्व, पश्चिम વગેરે શબ્દો અને

ब. સ્થળ કે વાચક पूर्व, पश्चिम શબ્દો).

૬. अञ्चूत्तरपद શબ્દો (=√अञ्चु गतौ ધાતુ ઉત્તરપદમાં વપરાયો હોય તેવા प्राक् , प्रत्यग् વગેરે દિશાવાચક શબ્દો),

૭. आच् प्रत्ययान्त (दक्षिणा વગેરે શબ્દો),

૮. आहि प्रत्यायन्त (दक्षिणाहि વગેરે શબ્દો),

૯. प्रभृति શબ્દ (અને તેના જેવા જ અર્થવાળા બીજા શબ્દો) અને

૧૦. **बहिर्** શબ્દ-ના યોગે પંચમી વિભક્તિ વપરાય છે.

**(કર્મપ્રવચનીય યોગે પંચમી વિભક્તિ)**

**(અનુ૦) વર્જનાર્થક अप અને परि શબ્દો** (અવ્યયો)**ની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે.**

**(અનુ૦) મર્યાદા અર્થમાં आङ्ની પૂર્વોક્ત** (=કર્મપ્રવચનીય) **સંજ્ઞા થાય છે.**

**(વિમર્શ)** आङ् અવ્યયના બે અર્થો પ્રચલિત છે : आङ् मर्यादाभिविध्योः । २-१-१२. ૧. મર્યાદા અને ૨. અભિવિધિ અર્થમાં आङ् વપરાય છે. तेन विना इति मर्यादा । અને तेन सह इति अभिविधिः । (નીચે આપેલાં ઉદાહરણોથી આ

598 (૬૭) **पञ्चमी अपाङ्परिभिः । पा. सू. २-३-१०**

599 (૬૮) **प्रतिः प्रतिनिधि-प्रतिदानयोः । पा. सू. १-४-९२**

600 (૬૯) **प्रतिनिधिप्रतिदाने च यस्मात् । पा. सू. २-३-११**

601 (૭૦) **अकर्तरि ऋणे पञ्चमी । पा. सू. २-३-२४**

---

(वृत्तिः) **एतैः कर्मप्रवचनीयैः योगे पञ्चमी स्यात् ।। (उदा०) १. अप हरेः संसारः । परि हरेः संसारः ।। -परिः अत्र वर्जने । लक्षणादौ तु 'हरिं परि' ।। २. आ मुक्तेः संसारः । आ सकलात् ब्रह्म ।।**

(वृत्तिः) **एतयोः अर्थयोः 'प्रति' उक्तसंज्ञः स्यात् ।**

(वृत्तिः) **अत्र कर्मप्रवचनीयैः योगे पञ्चमी स्यात् ।। (उदा०) १. प्रद्युम्नः कृष्णात् प्रति ।। २. तिलेभ्यः प्रतियच्छति माषान् ।**

(वृत्तिः) **कर्तृवर्जितं यद् ऋणं हेतुभूतं, ततः पञ्चमी स्यात् ।। (उदा०) शताद् बद्धः ।। 'अकर्तरि' इति किम् ?-शतेन बन्धितः ।।**

---

અર્થો વધુ સ્પષ્ટ થશે.)

સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં મર્યાદાયામ્ એટલું જ કહ્યું હોત તો પણ કામ ચાલી શકત. મતલબ કે વચન એટલો વધારાનો શબ્દ કેમ લખ્યો છે ? આનું પ્રયોજન સ્પષ્ટ કરતાં ટીકાકારો લખે છે કે અહીં 'મર્યાદા' અર્થનો વાચક આङ् શબ્દ તો 'કર્મપ્રવચનીય' સંજ્ઞક બને છે, પરંતુ 'અભિવિધિ' અર્થનો વાચક જો આङ् શબ્દ વપરાયો હોય તો ત્યાં પણ તેની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થશે.

**(અનુ૦) વર્જનાર્થક अप અને परि, તથા મર્યાદા** (અને અભિવિધિ) **અર્થવાળો आङ् કે જેમની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા કરવામાં આવી છે તેમના યોગે પંચમી વિભક્તિ વપરાય છે.**

ઉદા.ત. ૧. **(अ) अप हरेः संसारः । 'સંસાર હરિ વિનાનો છે.'** ૨. **(ब) परि हरेः संसारः । 'સંસાર હરિ વિનાનો છે.' આ ઉદાહરણમાં परि અવ્યય વર્જનાર્થક છે.**

**लक्षण અર્થમાં જો 'કર્મપ્રવચનીય' સંજ્ઞાવાળો परि શબ્દ હશે તો, તેના યોગે कर्मप्रवचनीययुक्ते द्वितीया । २-३-८ સૂત્રથી દ્વિતીયા વિભક્તિ જ વપરાશે. જેમકે, हरिं परि ।**

૨. **(अ) आ मुक्तेः संसारः । 'મુક્તિ મળે ત્યાં સુધી જ સંસાર છે.'** (અર્થાત્ મુક્તિ મળ્યા પછી સંસાર નથી. અહીં 'મર્યાદા' અર્થમાં आङ् વપરાયો છે અને તેના યોગે પંચમી વિભક્તિ વપરાઈ છે.)

**(ब) आ सकलात् ब्रह्म । 'બ્રહ્મ સકલ સ્થળમાં વ્યાપીને રહેલું છે.'** (અહીં અભિવિધિ' અર્થમાં आङ् વપરાયો છે. અને તેના યોગે પંચમી વિભક્તિ વપરાઈ છે.

**(અનુ૦) પ્રતિનિધિ અને પ્રતિદાન-એ બે અર્થમાં વપરાયેલા प्रति શબ્દની પણ પૂર્વે કહેલી** (કર્મપ્રવચનીય) **સંજ્ઞા થાય છે.**

**(અનુ૦) પ્રતિનિધિ અને પ્રતિદાન અર્થવાળા કર્મપ્રવચનીય સંજ્ઞક प्रति શબ્દના યોગે પણ પંચમી વિભક્તિ વપરાય છે. ઉદા.ત. ૧. प्रद्युम्नः कृष्णात् प्रति । 'પ્રદ્યુમ્ન કૃષ્ણનો પ્રતિનિધિ છે.' ૨. तिलेभ्यः माषान् प्रतियच्छति । 'તલના બદલામાં માષ** (અડદ) **આપે છે.'** (=પ્રતિદાન કરે છે.) **અહીં** (कृष्ण અને तिल શબ્દોને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે.)

(કર્મપ્રવચનીયનો વિષય પૂરો થયો.)

**(અનુ૦) કર્તૃભિન્ન હેતુભૂત જે ઋણવાચક શબ્દ, તેને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. ઉદા.ત. शताद् बद्धः । 'સો રૂપિયાને કારણે બંધાયો છે.'**

602 (૭१) **विभाषा गुणे अस्त्रियाम् । पा. सू. २-३-२५**

(वृत्तिः) **गुणे हेतौ अस्त्रीलिङ्गे पञ्चमी वा स्यात्[८३] । (उदा०) जाड्यात्/जाड्येन वा बद्धः ।। 'गुणे' इति किम् ? -धनेन कुलम् ।। 'अस्त्रियां' किम् ? -बुद्ध्या मुक्तः ।। 'विभाषा' इति योगविभागाद् 'अगुणे' स्त्रियाम्' च क्वचित् । -धूमात् अग्निमान् । नास्ति घटः, अनुपलब्धेः ।।**

**સૂત્રમાં 'अकर्तरि=कर्तृभिन्न એવા** (હેતુભૂત ઋણવાચક શબ્દને પંચમી વિભક્તિ લાગે છે)' **એમ શા માટે કહ્યું છે ? (ઉત્તર) शतेन बन्धितः । 'સો રૂપિયાથી બંધાયો છે.** (અહીં સો રૂપિયા 'કર્તા' છે એવું દર્શાવવાનો આશય છે. તેથી કર્તૃવાચક શત શબ્દને कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮થી તૃતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.)

**(વિમર્શ)** ઋણવાચક શબ્દોને પંચમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. પરંતુ ક્યારે ? એ પ્રશ્નનો વિચાર કરતાં બે મુદ્દા ધ્યાન ઉપર ચઢે છે : ૧. જો ઋણ 'હેતુભૂત' હોય તો અને ૨. એ હેતુભૂત ઋણ કર્તા (ક્રિયા કરનાર) ન બન્યું હોય તો (તેવા ઋણવાચક શબ્દને પંચમી વિભક્તિ લાગે છે.) આમ ઋણના બે વિશેષણ-કર્તૃભિન્ન અને હેતુભૂત-ધ્યાનમાં લેવા પડે છે.

એક ઉદાહરણથી આ વિશેષણો સમજીશું : દેવદત્તે યજ્ઞદત્ત પાસેથી સો રૂપિયા લીધા છે અને તે પાછા આપતો નથી. આથી યજ્ઞદત્ત એક દિવસ ગુસ્સે થઈ દેવદત્તને પકડે છે અને લીંબડે બાંધી છે. તો અહીં દેવદત્તની બંધનક્રિયામાં હેતુભૂત-કારણ-સો રૂપિયા (દેવું) છે અને બાંધવાની ક્રિયા કરનાર 'કર્તા' સો રૂપિયા (ઋણ) નથી; પણ યજ્ઞદત્ત છે. આમ કર્તૃભિન્ન હેતુભૂત સો રૂપિયાનું ઋણ પંચમી વિભક્તિથી રજૂ થશે. એટલે કે આવાં કર્તૃભિન્ન હેતુભૂત ઋણવાચક શબ્દને પંચમી વિભક્તિ લગાડવામાં આવે છે : शताद् बद्धः ।

**(અનુ૦)** "**હેતુભૂત** (કારણભૂત) **પદાર્થ વાચક શબ્દ પોતે ગુણવાચક હોય અને સ્ત્રીલિંગમાં ન આવેલો હોય તો તેને પંચમી વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે."**

**ઉદા.ત. जाड्यात् बद्धः । 'જડતાને કારણે બંધાયો છે.** (અહીં जाड्य શબ્દ સ્ત્રીલિંગમાં આવેલો નથી, તે નપુંસકલિંગ શબ્દ છે. પોતે ગુણવાચક શબ્દ પણ છે. બંધનક્રિયામાં તે કારણ (હેતુ) પણ છે. તેથી આવા-સ્ત્રીલિંગભિન્ન અને ગુણવાચક એવા હેતુભૂત-શબ્દને વિકલ્પે પંચમી વિભક્તિ जाड्यात् લાગે છે. જ્યારે પંચમી વિભક્તિ નહીં લાગે ત્યારે તૃતીયા વિભક્તિ લાગે છે :) **जाड्येन बद्धः । 'જડતાથી બંધાયો છે.'**

**સૂત્રમાં 'गुणे=**(હેતુભૂત પદાર્થવાચક શબ્દ) **ગુણવાચક શબ્દ હોવા જોઈએ' એમ શા માટે કહ્યું છે ? (ઉત્તર) धनेन कुलम् । 'ધનથી કુળ-કુલીન-છે.'** (અહીં धन શબ્દ હેતુભૂત હોવા છતાંય ગુણવાચક શબ્દ નથી, દ્રવ્યવાચક શબ્દ છે. તેથી તેને પંચમી વિભક્તિ લાગી નથી, પણ हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી તૃતીયા વિભક્તિ લાગી છે.)

**સૂત્રમાં अस्त्रियाम्—**'(હેતુભૂત પદાર્થવાચક શબ્દ) **સ્ત્રીલિંગમાં ન હોવો જોઈએ' એમ શા માટે કહ્યું છે ? (ઉત્તર) बुद्ध्या मुक्तः । 'બુદ્ધિથી મુક્ત થઈ ગયો.'** (અહીં મુક્તિમાં बुद्धि કારણ-હેતુ-છે, પણ તે શબ્દ સ્ત્રીલિંગમાં આવેલો છે. સૂત્રકારે તો શરત મૂકી છે કે હેતુભૂત પદાર્થ વાચક શબ્દ સ્ત્રીલિંગ હોય તો જ પંચમી લાગે. આમ बुद्धि શબ્દ સ્ત્રીલિંગમાં હોઈ તેને પંચમી વિભક્તિ લાગશે નહીં. हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી તૃતીયા વિભક્તિ જ લાગશે.)

विभाषा । ૨-૩-૨૫ (अ) અને गुणेऽस्त्रियाम् । ૨-૩-૨૫ (ब) એવો યોગવિભાગ=સૂત્રવિચ્છેદ કરવાથી, એકમાંથી બે સૂત્રો થશે. [અને બે પ્રકારનો સૂત્રાર્થ પ્રાપ્ત થશે :

૧. હેતુભૂત પદાર્થને વિકલ્પે પંચમી વિભક્તિ લાગે છે,—જ્યાં પંચમી નહીં લાગે ત્યાં हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી તૃતીયા વિભક્તિ લાગશે-(અર્થાત્ અગુણવાચક અને ત્રણ લિંગમાંથી ગમે તે લિંગમાં રહેલા હેતુભૂત પદાર્થને વિકલ્પે પંચમી થશે.)

૨. સ્ત્રીલિંગભિન્ન અને ગુણવાચક હેતુભૂત પદાર્થને વિકલ્પે પંચમી (કે તૃતીયા વિભક્તિ) લાગે છે.

૮૩. हेतौ । ૨-૩-૨૩માંથી પ્રસ્તુત સૂત્રમાં 'हेतौ' પદની અનુવૃત્તિ આવે છે. આ हेतौ પદ गुणेનું વિશેષણ બને છે.

અહીં પહેલાં विभाषा । ૨-૩-૨૫ (अ) એવા સૂત્રથી જ બધાં ઉદાહરણો સિદ્ધ થઈ શકે એમ છે અને બીજા गुणेऽस्त्रियाम् । ૨-૩-૨૫ (ब) સૂત્રની જરૂર રહેતી નથી. છતાંય સૂત્રવિચ્છેદ કર્યો છે તે ઇષ્ટસિદ્ધ્યર્થે જ છે તેથી गुणेऽस्त्रि-याम् । નો અર્થ अगुणे અને स्त्रियाम् એવો થઈ શકે છે.

અથવા

અહીં પહેલા विभाषा । ૨-૩-૨૫ (अ) એવા સૂત્રથી હેતુભૂત અગુણવાચક અને હેતુભૂત સ્ત્રીલિંગ શબ્દોને પણ તૃતીયા કે પંચમી વિભક્તિ લાગી શકશે. અને બીજા गुणेऽस्त्रियाम् । ૨-૩-૨૫ (ब) સૂત્રથી સ્ત્રીલિંગભિન્ન અને ગુણવાચક એવા હેતુભૂત શબ્દોને તૃતીયા કે પંચમી વિભક્તિ લાગી શકશે.] **પરિણામે ક્યારેક ગુણવાચક શબ્દ નહીં હોય તો પણ પંચમી વિભક્તિ લાગી શકશે, તથા ક્યારેક હેતુભૂત ગુણવાચક શબ્દ સ્ત્રીલિંગમાં હશે તો પણ પંચમી વિભક્તિ લાગી શકશે. દા.ત. धूमाद् अग्निमान् । 'ધૂમાડાને કારણે (પર્વત) અગ્નિયુક્ત છે.'** (અહીં धूम શબ્દ ગુણવાચક નથી, છતાંય પંચમી વિભક્તિ પ્રવૃત્ત થઈ છે) તથા नास्ति घटः, अनुपलब्धेः । **'અનુપલબ્ધિને' કારણે** (ભૂતલ ઉપર) **ઘટ નથી.'** (અહીં હેતુભૂત 'અનુપલબ્ધિ' શબ્દ સ્ત્રીલિંગમાં છે, તો પણ પંચમી વિભક્તિ લાગી છે.)

**(વિમર્શ)** હેતુભૂત પદાર્થને આ (૨-૩-૨૫) સૂત્રથી પંચમી વિભક્તિનું વિધાન કરવામાં આવે છે. પરંતુ આ સૂત્રને પ્રવૃત્ત કરતાં પહેલાં બે શરતોનું પાલન થાય છે કે નહીં તે જોવું પડશે. જેમકે, જે હેતુભૂત પદાર્થને પંચમી વિભક્તિના પ્રત્યયો લગાડવા હોય તે ૧. ગુણવાચક શબ્દ હોવો જોઈએ. અને ૨. એ સ્ત્રીલિંગમાં ન આવેલો હોવો જોઈએ. દા.ત. जाड्यात्/जाड्येन वा बद्धः । 'જડતાને કારણે અથવા જડતાથી બંધાયા છે.' અહીં जाड्य એ હેતુભૂત (બંધન ક્રિયામાં કારણ) છે. આ जाड्य શબ્દ ગુણવાચક છે અને સ્ત્રીલિંગમાં આવેલો નથી. તેથી હેતુભૂત પદાર્થ-जाड्य-ને (વિકલ્પે) પંચમી વિભક્તિ લાગી છે.

આમ સૂત્રકારે ઉપર્યુક્ત બે શરતો સચવાતી હોય તો હેતુભૂત પદાર્થને પંચમી વિભક્તિનું (વિકલ્પે) વિધાન કર્યું છે. પરંતુ લોકમાં એવાં કેટલાંક ઉદાહરણો જોવાં મળે છે કે જેમાં, આ બે શરતો (કે બે માંથી એક શરત) જળવાતી નથી. દા.ત. ૧. धूमाद् अग्निमान् । આ ઉદાહરણમાં પર્વત અગ્નિયુક્ત છે એ નક્કી કરવા માટે धूम કારણભૂત -હેતુ- છે, પણ એ ગુણવાચક શબ્દ નથી. તેથી પંચમી વિભક્તિ લાગી શકશે નહીં. ૨. भूतले घटो नास्ति, अनुपलब्धेः । આ ઉદાહરણમાં ઘટના અભાવનું કારણ -હેતુ- 'અનુપલબ્ધિ' છે. પણ એ 'અનુપલબ્ધિ' શબ્દ સ્ત્રીલિંગભિન્ન નથી; એ શબ્દ તો સ્ત્રીલિંગમાં આવેલો છે. આથી પંચમી વિભક્તિ પ્રવૃત્ત થવી ન જોઈએ. પરંતુ લોકમાં આવા પંચમ્યન્ત પ્રયોગો તો થાય છે જ. આથી આવા પ્રયોગોને પણ વ્યાકરણશાસ્ત્રની અંદર સમાવી લેવા માટે -વ્યાકરણશાસ્ત્રની અનુમતિ છે એવું દર્શાવવા માટે- ટીકાકારોએ એક યુક્તિ વિચારી છે : विभाषा गुणेऽस्त्रियाम् । ૨-૩-૨૫ સૂત્રનો બે ભાગમાં વિચ્છેદ કરી, એકમાંથી બે સૂત્રો બનાવવા. આને **"યોગવિભાગ"** કર્યો એમ કહેવાય છે.

યોગવિભાગ કર્યા પછી સૂત્રોની આયોજના આ પ્રમાણે બની રહેશે :

हेतौ । ૨-૩-૨૩ (हेत्वर्थे तृतीया स्यात् )

अकर्तरि ऋणे पञ्चमी । ૨-૩-૨૪

૧. विभाषा । ૨-૩-૨૫ (अ)

૨. गुणेऽस्त्रियाम् । ૨-૩-૨૫ (ब)

અગાઉનાં ૨-૩-૨૩ અને ૨-૩-૨૪ સૂત્રોમાંથી અનુક્રમે 'हेतौ तृतीया' અને 'पञ्चमी' એ બે પદોની અનુવૃત્તિ ૨-૩-૨૫ (अ)માં આવશે. પરિણામે "विभाषा (हेतौ) (तृतीया) (पञ्चमी) । ૨-૩-૨૫ (अ)" એવું સૂત્ર બની રહેશે. અને આ આખા સૂત્રની અનુવૃત્તિ ૨-૩-૨૫ (ब)માં આવશે. જેથી "(विभाषा) (हेतौ) (तृतीया) (पंचमी) गुणे अस्त्रियाम् । ૨-૩-૨૫ (ब)" એવું સૂત્ર બની રહેશે. આ બન્નેનો અર્થ નીચે મુજબ થશે : ૧. "હેતુભૂત પદાર્થને (=હેતુવાચક શબ્દને વિકલ્પે તૃતીયા કે પંચમી વિભક્તિ લાગે છે." ૨. "ગુણવાચક અને સ્ત્રીલિંગભિન્ન એવા હેતુભૂત પદાર્થને (=હેતુવાચક શબ્દને) વિકલ્પે તૃતીયા કે પંચમી વિભક્તિ લાગે છે." આમાંથી જે પહેલું विभाषा । ૨-૩-૨૫ (अ) સૂત્ર છે, તેનાથી ગુણવાચક ન હોય તેવા અને સ્ત્રીલિંગમાં પણ હોય તેવા હેતુવાચક શબ્દોને તૃતીયા કે પંચમી વિભક્તિ લાગી શકશે.

આથી धूमाद् अग्निमान् । જેવા ઉદાહરણમાં હેતુભૂત પદાર્થ धूम ગુણવાચક શબ્દ નથી છતાંય પંચમી વિભક્તિ

## 603 (७२) पृथग्-विना-नानाभिः तृतीया अन्यतरस्याम् । पा. सू. २-३-३२

**(वृत्तिः) एभिः योगे तृतीया स्यात्, पञ्चमीद्वितीये च ॥ 'अन्यतरस्याम्' ग्रहणं समुच्चयार्थम्, पञ्चमीद्वितीये च अनुवर्तेते ॥ (उदा०) पृथग् रामेण/रामात्/रामं वा । एवं 'विना', 'नाना' ॥**

प्रवृत्त थई शकी छे. तथा नास्ति घटोऽनुपलब्धेः । જેવા ઉદાહરણમાં હેતુભૂત પદાર્થ વાચક અનુલબ્ધિ શબ્દ સ્ત્રીલિંગમાં છે. તથાપિ ઉપર્યુક્ત યોગવિભાગને કારણે પંચમી વિભક્તિ લાગી શકે છે.

અહીં એ ખાસ નોંધપાત્ર છે કે **યોગવિભાગ માત્ર ઇંષ્ટસિદ્ધિ કરવા માટે (જ) હોય છે.**[८४] તેથી ઉપર્યુક્ત યોગવિભાગથી પ્રાપ્ત થતા દ્વિવિધ સૂત્રાર્થની સાર્વત્રિક પ્રવૃત્તિ નથી થતી. પરિણામે धूमाद् अग्निमान् કે नास्ति घटोऽनुपलब्धेः । નું સાધુત્વ (પ્રયોગાર્હત્વ) સિદ્ધ કરવા માટે જ તે યોગવિભાગનું આશ્રયણ કરી શકાશે.

પરંતુ આ યોગવિભાગની મદદથી પંચમી વિભક્તિના વિકલ્પમાં धूमेन अग्निमान् । नास्ति घटोऽनुपलब्ध्या । જેવા તૃતીયા વિભક્ત્યન્ત પ્રયોગની સિદ્ધિ ન કરવી.[८५]

Pāṇini as a Variationist (Univ. of Poona, 1980) નામના ગ્રન્થમાં Paul Kiparsky એ विभाषा શબ્દનો અર્થ— "or rather not, rarely, preferably not, marginally" - એવો કર્યો છે. તેના અનુસન્ધાનમાં વિચારીએ તો विभाषा गुणोऽस्त्रियाम् । २-३-२५ સૂત્રમાં પણ विभाषा શબ્દ આવેલો છે. હવે हेतौ । २-३-२३, अकर्तर्यृणे पञ्चमी । २-३-२४ અને પછી विभाषा गुणेऽस्त्रियाम् । २-३-२५ એવો સૂત્રોનો અનુક્રમ છે. પૂર્વસૂત્ર (२४)માંથી પંચમી વિભક્તિનું વિધાન ચાલ્યું આવતું હતું. એ સ્થિતિમાં २५મા સૂત્રમાં 'विभाषा' શબ્દ મૂકીને સૂત્રકારે, ૨-૩-૨૩ સૂત્રોક્ત તૃતીયાનો પણ વિકલ્પે અવતાર કર્યો છે. આમ विभाषा શબ્દના પ્રયોગથી રજૂ થતો તૃતીયા વિભક્તિ- વાળો વૈકલ્પિક પ્રયોગ ભાષામાં સાધુ (સાચો) ગણાય, તો પણ તે ગ્રાહ્ય નથી, પસંદ કરવા યોગ્ય નથી. સૂત્રકારની धूमेन अग्निमान् જેવા તૃતીયાન્ત પ્રયોગ તરફ અરુચિ છે. આવો કોઈએ પ્રયોગ કર્યો હોય તો પણ તે કાદાચિત્ક (rare) છે એમ જાણવું -એવો પોલ કિપાર્સ્કીનો મત છે. -તે અત્રે ધ્યાનાસ્પદ છે.

**(અનુ૦) "પૃથક્, विना અને नाना એ ત્રણ શબ્દોના યોગે તૃતીયા, પંચમી કે દ્વિતીયા વિભક્તિ વપરાય છે." સૂત્રમાં આવેલ 'अन्यतरस्याम्' પદ સમુચ્ચયાર્થક** (=અન્યનું ગ્રહણ કરનાર) **છે. આ** (૨-૩-૩૨) **સૂત્રમાં અગાઉનાં સૂત્રમાંથી पञ्चमी અને द्वितीया એ બે પદો અનુવૃત્તિથી આવે છે. ઉદા.ત.**

**(१) पृथग् रामेण । पृथग् रामात् । पृथग् रामम् । 'રામથી જુદા.'**

**(२) विना रामेण । विना रामात् । विना रामम् । 'રામ વિના'**

**(૩) नाना रामेण । नाना रामात् । नाना रामम् । ' જુદા જુદા રામ'**

**(વિમર્શ)** આમ पृथक्, विना અને नाना આ ત્રણ અવ્યયોના યોગે બીજી, ત્રીજી કે પંચમી વિભક્તિ વપરાય છે.

---

८४. योगविभागादिष्टसिद्धिः । (પરિભાષેન્દુશેખર-૧૧૪)

૮૫. આ યોગવિભાગને કારણે એક પ્રકારની સંદિગ્ધતા ઊભી થાય છે. જેમકે, ક્યારે 'હેતુ' અર્થમાં તૃતીયા વિભક્તિ કરવી, ક્યારે 'હેતુ' અર્થમાં પંચમી વિભક્તિ કરવી; કે ક્યારે 'હેતુ' અર્થમાં તૃતીયા અને પંચમી વિભક્તિ બન્ને વિકલ્પે કરવી ? આ બાબતમાં શિષ્ટપ્રયોગોને જ અનુસરવું રહ્યું.

'અષ્ટાધ્યાયી'માં हेतौ । ૨-૩-૨૩, अकर्तर्यृणे पञ्चमी । ૨-૩-૨૪, विभाषा गुणेऽस्त्रियाम् । ૨-૩-૨૫ એ ક્રમે સૂત્રો આવેલાં છે. ૨૩મા સૂત્રથી 'હેતુ' અર્થમાં તૃતીયા વિભક્તિનું વિધાન કર્યું છે. પરંતુ આ જ 'હેતુ' શબ્દ જ્યારે ૨૫મા સૂત્રમાં અનુવૃત્ત થઈને આવે છે ત્યારે તે જુદા અર્થમાં વપરાયો હોય એમ લાગે છે. અહીં લાઘવાર્થે 'હેતુ' શબ્દની અનુવૃત્તિ ઊભી કરી, પણ એનાથી અર્થની જટિલતા ઊભી થઈ છે. જેમકે, ૨-૩-૨૩ સૂત્રમાંનો 'હેતુ' શબ્દ 'ઉત્પાદકહેતુ' અર્થ આપે છે : दण्डेन घटः । પણ ૨-૩-૨૫માં અનુવૃત્તિ પામેલા 'હેતુ' શબ્દનો અર્થ 'જ્ઞાપક હેતુ' થાય છે : पर्वतो वह्निमान् धूमात् । જુઓઃ ડૉ ચારુદેવ શાસ્ત્રી સ્મૃતિ વિશેષાંક, विश्वसंस्कृतम् (વર્ષ :- ૨૫ અંક : ૨, ૩, ૪) ૧૯૮૮માં પૃ. ૮૩-૯૦ ઉપર આવેલો મારો લેખ : पाणिनीयसूत्रयोर्हेतुपदस्यार्थः ।

604 (७३) **करणे च स्तोक-अल्प-कृच्छ्र-कतिपयस्य असत्त्ववचनस्य । पा. सू. २-३-३३**

605 (७४) **दूरान्तिकार्थेभ्यः द्वितीया च । पा. सू. २-३-३४**

**(वृत्तिः)** एभ्यः अद्रव्यवाचकेभ्यः करणे तृतीयापञ्चम्यौ स्तः । (उदा०) स्तोकेन/स्तोकाद् वा मुक्तः ।। द्रव्ये तु-'स्तोकेन विषेण हतः ।

**(वृत्तिः)** एभ्यः द्वितीया स्यात्, चात् पञ्चमीतृतीये । प्रातिपदिकार्थमात्रे विधिः अयम् । १. ग्रामस्य दूरं/दूरात्/दूरेण वा । २. अन्तिकम्/अन्तिकात्/अन्तिकेन वा ।। 'असत्त्ववचनस्य' इति अनुवर्तनात् न इह-दूरः पन्थाः ।।

આ સૂત્ર ઉપપદવિભક્તિનું વિધાન કરે છે.

**(અનુ૦) અસત્ત્વવાચક=અદ્રવ્યવાચક. "દ્રવ્યવાચક ન હોય તેવા स्तोक, अल्प, कृच्छ्र અને कतिपय એ ચાર અવ્યયોને, 'કરણ' અર્થમાં તૃતીયા કે પંચમી વિભક્તિ** લગાડવામાં આવે છે." ઉદા.ત. **स्तोकेन मुक्तः । स्तोकाद् मुक्तः । 'થોડી** (શિક્ષા)**થી જ મુક્ત થઈ** ગયો.' (અહીં स्तोक શબ્દ કોઈ દ્રવ્યનો વાચક નથી. તેથી તૃતીયા અને પંચમી બન્ને વપરાઈ છે.) **પરંતુ આ ચાર અવ્યયો જ્યાં દ્રવ્યવાચક હોય ત્યાં** (કરણ અર્થમાં) **માત્ર તૃતીયા વિભક્તિ જ વપરાય છે. જેમકે, स्तोकेन विषेण हतः 'થોડાક જ ઝેર** (દ્રવ્ય)**થી મરી ગયો'**

**(અનુ.)** (અદ્રવ્યવાચક) **દૂર** અને **અન્તિક** (નજીક) **અર્થવાળા શબ્દોને द्वितीया વિભક્તિમાં મૂકવામાં આવે છે.** આ (૨-૩-૩૫) **સૂત્રમાં છેલ્લે च કાર જોડ્યો છે, તેનાથી पञ्चमी અને तृतीया** (પદોની અનુવૃત્તિ આવશે. પરિણામે દૂર અને અન્તિકાર્થ શબ્દોને દ્વિતીયા ઉપરાંત, તૃતીયા અને પંચમી) **વિભક્તિમાં પણ મૂકવામાં આવશે.**

**આ સૂત્રથી જે જે વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે તે** (કોઈ કારકાર્થને કહેતી નથી પરંતુ) **કેવળ પ્રાતિપદિકાર્થને કહે છે. દા.ત. ૧. ग्रामस्य दूरम् । ग्रामस्य दूरात् । ग्रामस्य दूरेण । 'ગામની દૂર.' ૨. ग्रामस्य अन्तिकम् । ग्रामस्य अन्तिकात् । ग्रामस्य अन्तिकेन । 'ગામની નજીક.'** (અહીં दूर+अम् , दूर+आत् કે दूर+इन એવા જે દ્વિતીયાદિ વિભક્તિઓના પ્રત્યયો જોડાયા છે, તે કોઈ કર્મકારકાદિ અર્થો કહેતા નથી. પણ दूर એવા પ્રાતિપદિકનો જે અર્થ છે તેને જ ફરીથી કહે છે.)

**આ (૨-૩-૩૫) સૂત્રમાં** અગાઉના **(૨-૩-૩૪) સૂત્રમાંથી असत्त्ववचनस्य** ('અદ્રવ્યવાચકને') **પદની અનુવૃત્તિ આવે છે. તેથી दूर વગેરે શબ્દો જ્યારે દ્રવ્યવાચક હશે ત્યારે તેમને બીજી, ત્રીજી કે પંચમી વિભક્તિ લાગશે નહીં. પણ એ दूर વગેરે શબ્દો જેમના** (જે દ્રવ્યના) **વિશેષણ** બન્યાં **હશે, તે દ્રવ્ય-વિશેષ્ય-ને જે વિભક્તિ લાગી હશે તે વિભક્તિ તે दूर વગેરે વિશેષણોને લાગશે. જેમકે, दूरः पन्थाः । 'રસ્તો દૂર છે.'** (અહીં पन्थाःને પ્રથમા વિભક્તિ લાગી છે. તો दूरને પણ તે પ્રથમા વિભક્તિ લાગી છે.)

(અહીં અપાદાનકારકનો વિષય અને પંચમી વિભક્તિના પ્રયોગો પૂરા થયા.)

**(इति पञ्चमी)**

— x —

606 (७५) षष्ठी शेषे । पा. सू. २-३-५०

**(वृत्तिः) कारक-प्रातिपदिकार्थव्यतिरिक्तः स्व-स्वामिभावादि सम्बन्धः शेषः, तत्र षष्ठी स्यात् ।। (उदा०) राज्ञः पुरुषः ।। कर्मादीनाम् अपि सम्बन्धमात्रविवक्षायां षष्ठी एव ।। (उदा०) सतां गतम् । सर्पिषः जानीते । मातुः स्मरति । एधः दकस्य उपस्कुरुते । भजेः शम्भोः चरणयोः । फलानां तृप्तः ।।**

**(અનુ.) કારકાર્થ અને પ્રાતિપદિકાર્થથી ભિન્ન એવો જે સ્વ-સ્વામિભાવાદિ સંબંધ તેને 'શેષ' કહેવામાં આવે છે. આવા 'શેષ' અર્થને કહેવા માટે ષષ્ઠી વિભક્તિ વપરાય છે. ઉદા.ત. राज्ञः पुरुषः । 'રાજાનો પુરુષ.'** (અહીં રાજા સ્વામી (સેવ્ય) છે અને પુરુષ સેવક છે. અર્થાત્ રાજા અને પુરુષની વચ્ચે એક પ્રકારનો -સેવ્યસેવકભાવ/સ્વસ્વામિભાવ- સંબંધ છે. આ 'સંબંધ'ને અભિવ્યક્ત કરવા માટે ષષ્ઠી વિભક્તિ વપરાય છે. રાજા અને પુરુષ એ બેમાંથી જે વિશેષણ છે (રાજા) તેને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. અહીં ષષ્ઠી વિભક્તિથી કર્તૃકારક, કર્મકારક, કરણકારક, સમ્પ્રદાનકારક, અપાદાનકારક કે અધિકરણકારક જેવા કોઈ કારકાર્થો અભિવ્યક્ત થતા નથી. તથા પ્રાતિપદિકાર્થને પણ તે ષષ્ઠી વિભક્તિ વ્યક્ત કરતી નથી. પરંતુ આપણે જોયું તેમ ષષ્ઠી વિભક્તિ એક પ્રકારના **સંબંધ**ની વાચિકા બની છે.)

**સંબંધમાત્રની વિવક્ષા હોય ત્યારે કર્મ, કરણાદિ કારકોને પણ ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત.**

૧. **सतां गतम् । 'સજ્જનોનું ગમન.' અર્થાત્ સજ્જન સંબંધિ ગમન.** (અહીં ગમનક્રિયાના કર્તા સજ્જનો છે એમ દર્શાવવું હોત તો सद्भिः गतम् । એમ કર્તૃતૃતીયા થઈ હોત.)

૨. **सर्पिषः जानीते । 'ઘીસંબંધી પ્રવર્તનમ્'** (અહીં सर्पिषा उपायेन प्रवर्तते । એવા કરણકારકની સંબંધમાત્રમાં વિવક્ષા કરી છે. તેથી सर्पिष्‌ને ષષ્ઠી વિભક્તિ લાગી છે.)

૩. **मातुः स्मरति । 'માતાનું સ્મરણ કરે છે.' અર્થાત્ માતા સંબંધિ સ્મરણ કરે છે.** (અહીં मातरं स्मरति । એવા કર્મકારકની સંબંધમાત્રમાં વિવક્ષા કરવામાં આવી છે.)

૪. **एधोदकस्य उपस्कुरुते ।**[૮૬] **'લાકડાં અને પાણીને પરિષ્કૃત કરે છે.'** (અહીં કર્મકારકની સંબંધમાત્રમાં વિવક્ષા કરી છે. તેથી एधोदक સમાસને ષષ્ઠીમાં મૂકવામાં આવ્યો છે.) (ઉદક=પાણી અર્થમાં दक શબ્દ પણ પ્રચલિત છે.)

૫. **भजेः शम्भोः चरणयोः । 'શમ્ભુના ચરણસંબંધિ સેવન** (તારે) **કરવું જોઇએ.'** (અહીં સેવનક્રિયાનું કર્મ चरण છે. તેની શેષત્વ વિવક્ષા કરવાથી તેને ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરી શકાય છે.)

૬. **फलानां तृप्तः । 'ફળ સંબંધિની તૃપ્તિ.'** (અહીં કરણકારકની શેષત્વ વિવક્ષા કરવામાં આવી છે.)[૮૭]

**(વિમર્શ)** પાણિનિએ નામપદને લાગતા ૨૧ सुप् પ્રત્યયોનું વિધાન કર્યું છે તથા નામપદને જ્યારે આ પ્રત્યયો લાગે છે ત્યારે તે કયા કયા અર્થને અભિવ્યક્ત કરે છે ? એનું પણ નિરૂપણ કર્યું છે. જેમકે,

| | | | |
|---|---|---|---|
| ૧. | सु औ जस् | ← → | प्रातिपदिकार्थ०मात्रे प्रथमा । २-३-४६ |
| ૨. | अम् औट् शस् | ← → | कर्मणि द्वितीया । २-३-२ |
| ૩. | टा भ्याम् भिस् | ← → | कर्तृकरणयोस्तृतीया । २-३-१८ |
| ૪. | ङे भ्याम् भ्यस् | ← → | चतुर्थी सम्प्रदाने २-३-१३ |
| ૫. | ङसि भ्याम् भ्यस् | ← → | अपादाने पञ्चमी । २-३-२८ |
| ૬. | ङस् ओस् आम् | | ———— |
| ૭. | ङि ओस् सुप् | ← → | सप्तमी अधिकरणे च । २-३-३६ |

૮૬. एधः એટલે લાકડાં. काष्ठं दार्विन्धनं त्वेध इध्ममेधः समित् स्त्रियाम् । તથા दक=उदक, 'भुवनममृतं जीवनं स्याद् दकं च ।।

૮૭. આ (૧-૬) ઉદાહરણો વિશે આગળ ઉપર (612 થી) વિચારણા કરવામાં આવશે.

આમાંથી પ્રથમા વિભક્તિના પ્રત્યયો 'પ્રાતિપદિકાર્થ'[૮૮]ને અભિવ્યક્ત કરે છે. એ સિવાયની દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિઓના પ્રત્યયો અનુક્રમે કર્મકારક, કર્તૃકારક કે કરણકારક, સમ્પ્રદાનકારક, અપાદાનકારક અને અધિકરણકારકને અભિવ્યક્ત કરે છે. હવે ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો કયો અર્થ અભિવ્યક્ત કરે છે ? તે કેવળ દર્શાવવાનું બાકી છે. એટલે સૂત્રકાર પાણિનિ કહે છે કે **षष्ठी शेषे** । ૨-૩-૫૦ 'શેષ' અર્થને-અર્થાત્ (૧) પ્રાતિપદિકાર્થ અને (૨) કારકાર્થથી ભિન્ન; બાકી રહેલા અર્થને-અભિવ્યક્ત કરવા માટે ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો વપરાય છે.

બાકી રહેલો આ 'શેષ' અર્થ "સંબંધ" છે. જગત્માં 'સંબંધ' બે જગ્યાએ જોવા મળે છે : (૧) જગત્ના પદાર્થોનો કોઈ ક્રિયા જોડેનો સંબંધ અને (૨) જગત્ના એક પદાર્થનો બીજા પદાર્થની જોડે સંબંધ. આ બે સંબંધોમાંથી પદાર્થ (વસ્તુ/વ્યક્તિ)નો **ક્રિયા** જોડેનો સંબંધ કહેવા માટે (પ્રથમા), દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિ વપરાય છે. તથા જગત્ના એક પદાર્થનો બીજા **પદાર્થ** જોડેનો સંબંધ કહેવા માટે ષષ્ઠી વિભક્તિ વપરાય છે. જગત્ના પદાર્થોનો એક બીજાની સાથે અનેક પ્રકારનો સંબંધ હોઈ શકે છે. ભાષ્યકાર પતંજલિ કહે છે કે **एकशतं षष्ठ्यर्थाः । ते सर्वे षष्ठ्याम् उच्चारितायां प्राप्नुवन्ति । (षष्ठी स्थानेयोगा । ૧-૧-૪૯ સૂત્રભાષ્ય)** 'ષષ્ઠી વિભક્તિના સો (=અસંખ્ય) અર્થો છે. ષષ્ઠી વિભક્તિનું ઉચ્ચારણ થતાં તે બધા જ અર્થો (સંબંધો) પ્રાપ્ત થાય છે.' પરંતુ ટીકાકારોએ ચાર પ્રકારના સંબંધો ગણાવ્યા છે :

(૧) स्वस्वामि-जन्यजनका-ऽवयवाङ्गी तृतीयकः ।
स्थान्यादेशश्च विज्ञेयः, सम्बन्धोऽसौ चतुर्विधः ॥

(૨) साधो र्धनं, पितुः, पुत्रः, पशोः पादो, 'ब्रुवो वचिः' ।
उदाहृतश्चतुर्धा यः, कविभिः परिशीलितः ॥

"(પ્રાધાન્યેન) સંબંધ ચાર પ્રકારના છે : ૧. સ્વસ્વામિભાવ સંબંધ, ૨. જન્યજનકભાવ સંબંધ, ૩. અવયવ-અવયવીભાવ સંબંધ અને ૪. (વ્યાકરણશાસ્ત્રમાં દર્શાવેલો) સ્થાનિ-આદેશભાવ સંબંધ. આ ચારેય પ્રકારના સંબંધોનાં ઉદાહરણો અનુક્રમે આ પ્રમાણે છે : ૧. साधोः धनम् । 'સજ્જનનું ધન'. ૨. पितुः पुत्रः । 'પિતાનો પુત્ર' ૩. पशोः पादः । 'પશુનો પગ' અને ૪. **ब्रुवो वचिः** । ૨-૪-૫૩ '√**ब्रु** ધાતુના સ્થાનમાં **वच** આદેશ થાય છે.'—બુધજનોએ આ ઉદાહરણો વિચાર્યા છે."

આ ઉદાહરણોમાં, 'સાધુ (સજ્જન વ્યક્તિ) અને ધન (દ્રવ્ય) વચ્ચેનો સ્વસ્વામિભાવ સંબંધ, પિતા અને પુત્ર વચ્ચેનો જન્યજનકભાવ સંબંધ, પશુ અને એના પગ વચ્ચેનો અવયવ-અવયવીભાવ સંબંધ તથા √**ब्रु** ધાતુના સ્થાનમાં **वच** આદેશ થાય છે' એવા વિધાનમાં રજૂ થતો સ્થાનિ-આદેશભાવ સંબંધ-ષષ્ઠી વિભક્તિથી કહેવાયો છે.

★


આમ (૧) નામપદ અને ક્રિયાપદ વચ્ચેનો સંબંધ કારકવિભક્તિઓ-(પ્રથમા), દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી-થી રજૂ થાય છે. પરંતુ (૨) એક નામપદનો બીજા નામપદની સાથેનો સંબંધ ષષ્ઠી વિભક્તિથી રજૂ થાય.

ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ ક્યારે થાય છે ? એ મુદ્દાને બીજી રીતે પણ સમજાવી શકાય છે : -લોકની અંદર જે શબ્દવ્યવહાર થાય છે તેની પાછળનો હેતુ 'ક્રિયાવિધાન' છે. એટલે કે કઈ ક્રિયા થઈ રહી છે/થઈ ગઈ છે/થશે/થવી જોઇએ વગેરેનું વિધાન કરવા માટે જ શબ્દવ્યવહાર થાય છે. હવે, વક્તા જ્યારે કોઈ ક્રિયાનું વિધાન કરે છે. ત્યારે કેવળ ક્રિયાપદનું જ ઉચ્ચારણ કરતો નથી. તે ક્રિયાપદ ઉપરાંત બીજાં નામપદોનો પણ વાક્યમાં પ્રયોગ કરતો હોય છે. પરંતુ શબ્દવ્યવહારમાં જો મુખ્યત્વે ક્રિયા વિષે જ વાત કરવી ઉદ્દિષ્ટ હોય તો આ બીજાં પદોનો શા માટે પ્રયોગ કરવામાં આવે છે ? તેવો અહીં પ્રશ્ન થશે. આનો જવાબ એ છે કે કોઈ ક્રિયા વિષે વાત કરીએ ત્યારે તે ક્રિયા કોણ કરે છે; ક્યારે, ક્યાં, કેવી રીતે કરે છે ? વગેરે વિગતો પણ આપવી જરૂરી જણાય છે. માટે વક્તા વાક્યમાં ક્રિયાપદ ઉપરાંત બીજાં નામપદો વાપરતો હોય છે. જેમકે, એક ક્રિયા વિષે વાત કરીશું ત્યારે ૧. તે ક્રિયાના શાશ્વત્ બે અધિકરણો (અથવા બે નિમિત્તકારણ રૂપ) કાલ અને દિશા (સ્થળ) વિષે વિગત આપવી પડશે. ૨. એ ક્રિયા કરનારાં જુદાં જુદાં

૮૮. વાક્યમાં જો કોઈ ક્રિયાપદ વપરાયું હોય તો પ્રથમા વિભક્તિ 'અભિહિત કારકાર્થ'ને રજૂ કરે છે. તથા જો વાક્યમાં ક્રિયાપદ ન વપરાયું હોય તો કેવળ 'પ્રાતિપદિકાર્થ'ને રજૂ કરે છે. (વિશેષ માટે પ્રસ્તુત 'કારકપ્રકરણ'નું પ્રથમ સૂત્ર જુઓ.)

કારકો (doer/operator); અર્થાત્ એ ક્રિયાનાં નિર્વર્તકો, એ ક્રિયામાં ભાગ લેનારા (participants) અંગે ઉલ્લેખ કરવા પડશે. તથા ૩. એ ક્રિયા કરનારાં કારકો (=જુદા જુદા પદાર્થો)નો જગત્‌ના બીજા પદાર્થો જોડેનો સંબંધ પણ કહેવો પડશે.

(નીચેના ચિત્રથી આ મુદ્દો વધુ સ્પષ્ટ થશે :)




(૧) पचति । રાંધે છે (ક્રિયાનું વિધાન)

(૨) अद्य पचति । **આજે** (કાળ) રાંધે છે.

(૩) अद्य ग्रामे पचति । આજે **ગામમાં** (સ્થળ) રાંધે છે.

(૪) रामः काष्ठैः तण्डुलान् स्थाल्यां अद्य ग्रामे पचति । **રામ** (કર્તા) **લાકડાંથી** (કરણ) **ચોખા** (કર્મ) તપેલીમાં (અધિકરણ) આજે ગામમાં રાધે છે.

(૫) दशरथस्य रामः, वृक्षस्य काष्ठैः, कुरुक्षेत्रस्य तण्डुलान् रजतस्य स्थाल्यां... पचति । **'દશરથનો** (પુત્ર) રામ, **વૃક્ષનાં** લાકડાંથી, **કુરુક્ષેત્રના** ચોખાથી, **ચાંદીની** તપેલીમાં...રાંધે છે.

(કારકોનો જગત્‌ના અન્ય પદાર્થો સાથેનો સંબંધ.)

અહીં કાળ અને દિશાનો સીધો સંબંધ (અન્વય) માત્ર ક્રિયા જોડે છે. પરંતુ કારકોનો સંબંધ (અન્વય) એક તરફથી ક્રિયા જોડે છે; અને બીજી તરફથી (તે દરેક કારકનો) જગત્‌ના અન્ય પદાર્થો સાથે પણ કોઈક સંબંધ છે. આમાંથી, કારકોનો ક્રિયા સાથેનો સંબંધ અભિવ્યક્ત કરવા માટે (પ્રથમા), દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી અને સપ્તમી વિભક્તિ વપરાય છે. પરંતુ राम, काष्ठ વગેરે કર્તૃકારક, કરણકારકાદિનો જગત્‌ના દશરથ વગેરે અન્યપદાર્થો સાથે પણ (જન્યજનકાદિભાવે) સંબંધ છે તે દર્શાવવા માટે ષષ્ઠી વિભક્તિ વપરાય છે.

અહીં એ નોંધપાત્ર છે કે ષષ્ઠી વિભક્તિ સ્વસ્વામિભાવાદિ **સંબંધ**ની વાચિકા છે. પણ કોઈ પ્રકારના ક્રિયાકારક ભાવની વાચિકા નથી. કારણ કે ઉપર વર્ણવ્યું છે તેમ કારક (ક્રિયા કરનાર) પદાર્થનો અન્વય ક્રિયાપદ જોડે હોય છે. પરંતુ ષષ્ઠી વિભક્તિમાં આવેલા પદનો અન્વય ક્રિયાપદમાં હોતો નથી. દા.ત. दशरथस्य रामः पचति । 'દશરથનો (પુત્ર) રામ રાંધે છે.' અહીં રામ કર્તૃકારકનો અન્વય રાંધવાની ક્રિયામાં છે, પણ દશરથનો અન્વય કોઈ પણ રીતે તે ક્રિયામાં નથી. દશરથનો અન્વય કેવળ જન્યજનકભાવ સંબંધે રામની જોડે -કર્તૃકારકની સાથે- છે. આમ ષષ્ઠી વિભક્તિમાં આવેલા પદનો અન્વય કારકવાચક પદ જોડે હોય છે, પણ ક્રિયાવાચક પદ જોડે હોતો નથી. **આથી ષષ્ઠી વિભક્તિને**

'કારકવિભક્તિ' કહેવામાં આવતી નથી; તેને 'સંબંધવાચિકા વિભક્તિ' કહેવામાં આવે છે.

★

षष्ठी शेषे । ૨-૩-૫૦ "ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો 'શેષ' અર્થ સૂચવવા વપરાય છે." અહીં 'શેષ'નો અર્થ આપણે બાકીના બધા (અર્થાત્ પ્રાતિપદિકાર્થ અને કારકાર્થ સિવાયના)' એમ કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો -ક્રિયાકારકભાવ સિવાયના 'શેષ' (=સ્વસ્વામિભાવાદિ સંબંધ (અર્થ)ને સૂચવવા માટે ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો વપરાય છે.

પરંતુ ભાષ્યકારે 'શેષ'નો અર્થ 'અવિવક્ષા' કર્યો છે. આ મુદ્દાની ચર્ચા કરવી આવશ્યક છે : 'શેષ' શબ્દના બે અર્થો છે. જેમકે, ૧. ગૌણ (subordinate), અપ્રધાન (subservient);[૮૯] અને ૨. નહીં કહેવાયેલ (उक्ताद् अन्यः)-(remainder, i.e. the instances not treated so far). આ બેમાંથી એક પણ અર્થ પ્રસ્તુત સન્દર્ભ (૨-૩-૫૦ સૂત્ર)માં બંધબેસતો નથી. કારણ કે 'શેષ'નો અર્થ જો 'ગૌણ' લઈશું તો કર્તૃ-કર્માદિ બધાં જ કારકો 'શેષ' ગણાશે. કેવી રીતે ? તો વાક્યમાં 'ક્રિયા' સાધ્ય હોવાથી પ્રધાન છે અને તે (ક્રિયાનાં નિર્વર્તકો) કારકો સાધનો હોવાથી ગૌણ છે. આમ શેષનો અર્થ ગૌણ કે અપ્રધાન લઈ શકાય એમ નથી. એ જ પ્રમાણે, શેષનો અર્થ બાકીના/નહીં કહેલ (उक्ताद् अन्यः) (અર્થાત્ પ્રાતિપદિકાર્થથી ભિન્ન અને કારકાર્થથી ભિન્ન) અર્થ કરીશું તો તેવો કોઈ અર્થ પ્રાપ્ત થવો શક્ય જ નથી. કારણ કે 'શેષ'નો જે કોઈ વિષય હશે તેમાં પણ ક્રિયાકારકભાવ (=કારકાર્થ) બતાવી શકાય છે. એટલે કે ષષ્ઠી વિભક્તિનો જ્યાં પ્રયોગ થયો હોય ત્યાં પણ વાસ્તવિક દષ્ટિએ વિચારતાં ક્રિયા-કારકભાવ રહેલો હોય છે. જેમકે, ૧. राज्ञः पुरुषः ।માં राजा पुरुषाय ददाति । એવો બોધ થાય છે. એટલે કે રાજા કર્તૃકારક છે અને પુરુષ સમ્પ્રદાન કારક છે એમ બતાવી શકાય છે. ૨. वृक्षस्य शाखा ।માં वृक्षे शाखा अस्ति । એવો બોધ થાય છે. અને ૩. पितुः पुत्रःમાં पिता पुत्रं जनयति । એવો બોધ થાય છે. આમ રાજા, વૃક્ષ અને પિતાને 'કારક' (ક્રિયા કરનાર) પદાર્થ તરીકે વર્ણવી શકાય છે. આમ 'શેષ' (સંબંધ) અર્થમાં પણ ક્રિયાકારકભાવ રહેલો જ છે. (બીજા શબ્દોમાં કહીએ તો ષષ્ઠી વિભક્તિને પણ "કારકવિભક્તિ" કહી શકાય છે.)[૯૦] આથી 'શેષ' શબ્દનો અર્થ "પ્રાતિપદિકાર્થ અને કારકાર્થથી ભિન્ન-ઉક્ત (કારક) અર્થથી જુદો=નહીં કહેવાયેલ" -એવો થઈ શકશે નહીં.

આ સન્દર્ભમાં ભર્તૃહરિએ કહ્યું છે કે-

सम्बन्धः कारकेभ्योऽन्यः क्रियाकारकपूर्वकः ।

श्रुतायामश्रुतायां वा क्रियायां सोऽभिधीयते ।। (वा.प. ૩-૭-૧૫૬)

"(શેષ શબ્દથી ઉલ્લેખાયેલો) સંબંધ કારકોથી ભિન્ન છે, પણ છતાંય ત્યાં ક્રિયાકારકભાવ રહેલો છે એવું દર્શાવી શકાય છે. આ ક્રિયાકારકભાવમાં અન્વિત ક્રિયાનું સ્પષ્ટ વિધાન થયું હોય છે કે નથી થયું હોતું." દા.ત. (क) राज्ञः पुरुषः । માંથી राजा पुरुषाय ददाति । એવા ક્રિયાકારકભાવનો બોધ થાય છે. પણ અહીં અન્વિત (દાન) ક્રિયાનો સ્પષ્ટ ઉલ્લેખ થયો નથી. (ख) मातुः स्मरति । 'માતાસંબંધી સ્મરણ'=માતાને યાદ કરે છે એ ઉદાહરણમાં સ્મરણ ક્રિયાનો સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. આમ બે પદાર્થો વચ્ચે કોઈ (સ્વસ્વામિભાવાદિ) સંબંધ ઊભો થાય તે પૂર્વે, વાસ્તવિક દષ્ટિએ (તાર્કિક દષ્ટિએ) ક્રિયાકારકભાવ સંબંધ તો રહેલો હોય છે જ.

હવે, બે પદાર્થો વચ્ચે વાસ્તવિક દષ્ટિએ રહેલો ક્રિયાકારકભાવ સંબંધ વાક્યમાં સ્પષ્ટપણે રજૂ કરવો કે ન રજૂ કરવો તે વક્તાની વિવક્ષા ઉપર આધાર રાખે છે. જો ક્રિયાકારકભાવ સંબંધ કહેવાની ઇચ્છા હશે તો તે राजा पुरुषाय ददाति । જેવું વાક્ય ઉચ્ચારશે. જો વક્તા ક્રિયાકારકભાવ સંબંધ નહીં કહેવા માંગતો હોય તો તે राज्ञः पुरुषः । એમ એક નામપદને બીજા નામપદ જોડે જોડીને વાક્યરચના કરશે. અહીં બીજા પ્રકારની વાક્યરચનામાં માત્ર બે પદાર્થો વચ્ચેનો સંબંધ કહેવાય છે. આમ 'શેષ' એટલે ક્રિયાકારકભાવ સંબંધને કહેવાની અનિચ્છા=અવિવક્ષા. (આ જ મુદ્દો

---

૮૯. शेषः अङ्गम् गुणः इति समानार्थाः ।

૯૦. 'क्रियाकारकपूर्वकः' इत्यनेन कारकत्वं व्याचष्टे शेषस्य । तथा हि राज्ञः पुरुषः, वृक्षस्य शाखा, पशोः पादः, पितुः पुत्रः इत्यादौ अश्रूयमाणक्रियाविषये स्वस्वामिभावावयवावयविभावजन्यजनकभावादौ सम्बन्धे ददातिस्थितिजन्यादि क्रियाप्रभाविते पूर्वभाविकारकत्वम् उत्तरावस्थायाम् अपि अनुगतम् इति भवत्येव शेषः कारकम् ।। (वा. प. ૩-૭-૧૫૬. હેલારાજ : पृ-૩૫૫)

ભટ્ટોજિ દીક્ષિતે "कर्मादीनाम् अपि सम्बन्धमात्रविवक्षायां षष्ठी एव ।" થી રજૂ કર્યો છે.)

★

ભાષ્યકારે 'શેષ'નો અર્થ 'અવિવક્ષા' કર્યો છે. પરંતુ ડૉ. એસ. ડી. જોશી (પૂના) કહે છે કે ભાષ્યકારનું અર્થઘટન સૂત્રકારક પાણિનિના અભિપ્રાયની વિરુદ્ધ છે. 'શેષ'નો અર્થ 'અવિવક્ષા' કેવી રીતે હોઈ શકે ? બીજું, પતંજલિએ આવું અર્થઘટન કેમ આપ્યું હશે ? એમ પ્રશ્ન છે. આવું કરવાનું એક કારણ એ હોઈ શકે કે 'શેષ'ના વિષયપ્રદેશમાં ૨-૩-૫૧થી ૬૪ સૂત્રોનો પણ સમાવેશ થઈ શકે. એટલે કે કારકસંબંધોની ચર્ચા કરનારાં આ સૂત્રોને 'શેષ'ના શીર્ષક નીચે સમજાવી શકાય છે.(પ્રાતિપદિકશેષાહ્નિક; પૃ-૫૮)

**(વિશેષ)** ઉપર્યુક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થયું હશે કે ષષ્ઠી વિભક્તિ (પ્રાતિપદિકાર્થ અને કારકાર્થથી ભિન્ન,) સંબંધની વાચિકા છે. પરંતુ તાત્ત્વિક દષ્ટિએ સંબંધતત્ત્વ તો એવું છે કે જે બે પદાર્થો વચ્ચે સંબંધ હોય તે બન્નેમાં એ રહે છે- (द्विष्ठः एकः सम्बन्धः।) અર્થાત્ સ્વસ્વામિભાવાદિ સંબંધો કોઈ એક પદાર્થમાં રહેતા નથી. સંબંધમાત્ર 'द्विष्ठ' હોય છે. એટલે કે "રાજા અને પુરુષ વચ્ચે સ્વસ્વામિભાવ સંબંધ છે" એમ જો કોઈ બોલે તો એનો અર્થ એ કે તે સંબંધ બન્નેમાં એક સરખો રહેલો છે. સંબંધતત્ત્વ કોઈ દિવસ એક પદાર્થમાં રહેતું નથી. હવે, જો સંબંધનું સ્વરૂપ આવું હોય તો, (૧) राजन् અને पुरुष એ બે પદાર્થોમાંથી માત્ર पुरुष પદાર્થને જ શા માટે સંબંધ વાચિકા ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે ?

(૨) સ્વસ્વામિભાવ જેવો સંબંધ જો દ્વિષ્ઠ હોય તો, राजन् અને पुरुष બન્નેને સંબંધ વાચિકા ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો કેમ લગાડવામાં આવતા નથી ? (અર્થાત્ राज्ञः पुरुषस्य એવું કેમ થતું નથી ?) અથવા-

(૩) राजन् અને पुरुष એ બે પદાર્થોમાંથી (પ્રચલિત વ્યવસ્થા મુજબ) જેમ માત્ર राजन् પદાર્થને જ ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે, તેમ કેવળ पुरुष પદાર્થને જ ષષ્ઠી વિભક્તિ કેમ લગાડવામાં આવતી નથી ? (અર્થાત્ 'રાજાનો પુરુષ' **એ જ અર્થમાં** राजा पुरुषस्य । એવું કેમ થતું નથી ? )

આવી શંકા થવાનું મૂળ કારણ એ છે કે સૂત્રકાર પાણિનિએ षष्ठी शेषे । ૨-૩-૫૦ સૂત્રમાં, બેમાંથી કયા પદાર્થને=પદને ષષ્ઠી વિભક્તિ લગાડવી એનું સ્પષ્ટ વિધાન કર્યું નથી. આથી, પરસ્પર સંબંધી એવા બે પદાર્થોમાંથી કયા પદાર્થને ષષ્ઠી વિભક્તિમાં મૂકીશું ? એવો પ્રશ્ન થાય છે.

આ પ્રશ્નનો જવાબ ભર્તહરિએ આપ્યો છે : જે બે પદાર્થો વચ્ચે સ્વસ્વામિભાવ (આદિ) સંબંધ હોય છે તે બે પદાર્થોમાંથી એક પદાર્થ પ્રધાન (વિશેષ્ય) હોય છે અને બીજો પદાર્થ ગૌણ (વિશેષણ) હોય છે. હવે જે (સ્વસ્વામિભાવાદિ) સંબંધ હોય છે તે દ્વિષ્ઠ-બન્ને પદાર્થોમાં રહેલો- હોય છે. પરંતુ બે પદાર્થોમાં જ ગૌણપદાર્થ હોય છે તે પરાર્થ (=પ્રધાન પદાર્થને માટે) હોય છે. (એટલે કે ગૌણ પદાર્થ પ્રધાન પદાર્થનું 'વિશેષણ' બને છે. જેમકે, 'રાજાનો માણસ.' એમાં 'રાજાનો' એ પદ 'માણસ'નું વિશેષણ બને છે.) આથી સંબંધની પ્રતીતિ સવિશેષપણે ગૌણપદાર્થમાં (જ) થતી હોય છે.[૯૧] માટે ગૌણ પદાર્થ વાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે.[૯૨]

---

૯૧. द्विष्ठोऽप्यसौ परार्थत्वात् गुणेषु व्यतिरिच्यते । (वा. प. ૩-૭-૧૫૭ क) (द्विष्ठोऽपि असौ सम्बन्धः परार्थत्वात् , गुणेषु (स सम्बन्धः) व्यतिरिच्यते=उद्भूततया प्रतीयते ।।) अत्र हेलाराजः-द्विष्ठः एकः सम्बन्धः । तत्र चैकैव षष्ठी न्याय्या । षष्ठीद्वये संबंधद्वयं प्रतीयेत । सा चैकैव षष्ठी भवन्ती गुणादेव भवति न प्रधानात् । यस्मादसौ संबन्धो द्वयोरपि संबन्धिनोः स्थितः, तयोर्गुणप्रधान- भावेनैकवाक्यत्वात्, प्रधानानुरोधित्वाद् गुणानामेव रूपपरिवर्तनस्यौचित्यात् तत्रैव फलतीति गुणादेव संबन्धकार्या षष्ठी न्याय्या । तथा हि गुणेषु व्यतिरेकमाधिक्यं दर्शयति संबन्धः । प्रधानं तु स्वरूपादप्रच्यवमानमेव संबन्धमनुभवति ।। एवं हि तस्य प्राधान्यं भवति यदि गुणानुरोधेन रूपपरिवर्तनं नासादयति । गुणाश्रयतया च संबन्धस्याभिधाने षष्ठ्या प्रधानगतमपि रूपमुपभुक्तं स्पृष्टमेवाभिहितमेवेत्यर्थः । (पृ. ૩૫૭)

૯૨. राज्ञः पुरुषःનો અર્થ राजनिष्ठविशेषणतानिरूपितविशेष्यतावान् पुरुषः । થાય છે. (='રાજામાં રહેલી વિશેષણતાથી વિશિષ્ટ-વિશેષિત કરવામાં આવેલો-પુરુષ.') અહીં 'રાજા' વિશેષણ રૂપે વર્તે છે અને 'પુરુષ' વિશેષ્ય રૂપે વર્તે છે. બીજા શબ્દોમાં કહીએ તો-राज्ञः पुरुषः । વાક્યનું પૃથક્કરણ કરતાં જણાય છે કે પુરુષ 'ઉદ્દેશ્ય' છે અને રાજા 'વિધેય' છે. એટલે કે પુરુષ 'પ્રધાન' છે-વિશેષ્ય-છે અને રાજા 'ગૌણ'-વિશેષણ છે. આવા ગૌણપદાર્થ વાચક-વિશેષણવાચક-શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવી એવો સંસ્કૃત ભાષાનો નિયમ છે.

607 (૭૬) **षष्ठी हेतुप्रयोगे । पा. सू. २-३-२६**

608 (૭૭) **सर्वनाम्नः तृतीया च । पा. सू. २-३-२७**

**(वृत्तिः) 'हेतु' शब्दप्रयोगे हेतौ द्योत्ये षष्ठी स्यात् ।। (उदा०) अन्नस्य हेतोः वसति ।**

**(वृत्तिः) सर्वनाम्नः हेतुशब्दस्य च प्रयोगे हेतौ द्योत्ये तृतीया स्यात् , षष्ठी च ।। (उदा०) केन हेतुना वसति । कस्य हेतोः (वसति) ।। (वार्तिकम्) *निमित्तपर्य्यायप्रयोगे सर्वासां प्रायदर्शनम् ।* १. किं निमित्तं वसति । केन निमित्तेन । कस्मै निमित्ताय इत्यादि । एवं २. किं कारणम् । ३. को हेतुः । ४. किं प्रयोजनम् इत्यादि ।। प्रायग्रहणाद् असर्वनाम्नः प्रथमाद्वितीये न स्तः । ज्ञानेन निमित्तेन हरिः सेव्यः । ज्ञानाय निमित्ताय इत्यादि ।।**

બીજા શબ્દોમાં કહીએ તો-રાજા અને પુરુષ એમ બે પદાર્થો છે : અહીં આપણે જાણીએ છીએ કે તે બેમાંથી રાજા પાસે ધનસમ્પત્તિ છે. આથી 'રાજા ઉપકારિન્ (ઉપકારક) છે; અને પુરુષ ઉપકાર્ય છે' એમ સમજાય છે. આ ઉપકાર્યોપકારકભાવને ભાષામાં કેવી રીતે વ્યક્ત કરવો ? એ પ્રશ્ન છે. તો ઉપકાર્ય પુરુષને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે અને ઉપકારિન્ રાજાને ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે. કેમકે ઉપકાર્ય પદાર્થના સન્દર્ભમાં આપણે જે વ્યક્ત કરવા માંગીએ છીએ તે કેવળ પ્રાતિપદિકાર્થ છે. જ્યારે ઉપકારિન્ પદાર્થના સન્દર્ભમાં આપણે 'સંબંધ' રૂપ અર્થ પણ વ્યક્ત કરવા માંગીએ છીએ. કારણ કે આપણે આ સંબંધ દ્વારા જ 'ઉપકાર્ય' કોણ છે ?' તે વ્યક્ત કરતા હોઈએ છીએ. આમ સંબંધ રૂપ અર્થ કહેવા માટે આપણે ષષ્ઠી વિભક્તિ વાપરીએ છીએ, અને એ ષષ્ઠી વિભક્તિ જે ઉપકારિન્ પદાર્થ -રાજા- છે તેને લગાડીએ છીએ : राज्ञः पुरुषः । રાજાનો પુરુષ.

'રાજાનો માણસ' જેવા વાક્યથી 'સ્વસ્વામિભાવ સંબંધ'ની પ્રતીતિ થાય છે. આ સંબંધ દ્વિષ્ઠ છે, એટલે કે સંબંધ બન્ને સંબંધી પદાર્થમાં રહેતો હોય છે. પણ સૂત્રકારે બેમાંથી કયા એક સંબંધી-પદાર્થને ષષ્ઠી વિભક્તિ લગાડવી ? એ વિશે કશું જ કહ્યું નથી. પાણિનિએ તો માત્ર ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય કયા અર્થમાં (=કયા અર્થની અભિવ્યક્તિ કરવા માટે) પ્રવૃત્ત થાય છે ? તો षष्ठी शेषे । ='સંબંધ' એવા અર્થમાં (=અર્થની અભિવ્યક્તિ કરવા માટે) ષષ્ઠી વિભક્તિ વપરાય છે." -એટલું જ કહ્યું છે. જ્યારે, બે સંબંધી પદાર્થોમાંથી કેવળ પ્રતિયોગી (=વિશેષણભૂત) પદાર્થને ષષ્ઠી કેમ લાગે છે [અને અનુયોગી=વિશેષ્યભૂત પદાર્થને ષષ્ઠી કેમ નથી લાગતી ?] તેનો ખુલાસો કરતાં કહ્યું છે કે-

द्विष्ठोऽप्सौ परार्थत्वाद् गुणेषु व्यतिरिच्यते ।

तत्राभिधीयमानः सन् प्रधानेऽप्युज्यते ।। (વા. પ. ૩-૭-૧૫૭)

અર્થાત્-જે બે પદાર્થો વચ્ચે સંબંધ રહેલો હોય છે તે બે પદાર્થોમાં એક પદાર્થ **પ્રધાન** (વિશેષ્ય હોય છે. જેમકે, 'રાજાનો માણસ'માં ઉપકારક રાજા કરતાં, ઉપકાર્ય પુરુષ એ પ્રધાન-મહત્ત્વનો ગણાય છે. જ્યારે રાજા ગૌણ ગણાય છે) હોય છે. અને બીજો પદાર્થ **"પરાર્થ"** (=પ્રધાન પદાર્થને માટે) હોય છે. આથી સંબંધની પ્રતીતિ ગૌણ પદાર્થમાં જ સવિશેષપણે થતી હોય છે. એકવાર આવા ગૌણ પદાર્થવાચક શબ્દને લાગેલી ષષ્ઠી વિભક્તિ પાછળથી પ્રધાનપદાર્થની સાથે પણ (उपज्युते) જોડાય છે. [વળી, બે સંબંધી પદાર્થોમાંથી કેવળ વિશેષણવાચક ગૌણપદાર્થને જ ષષ્ઠી વિભક્તિનો પ્રત્યય લગાડવો-એ બાબતમાં સંસ્કૃત ભાષાના આદ્ય ભાષકોની યદચ્છા (arbitrariness) પણ કારણભૂત હોઈ શકે.]

**(અનુ૦) વાક્યમાં 'હેતુ' શબ્દનો પ્રયોગ થયો હોય અને** (તેની સાથે જ) **હેતુ દ્યોતિત રહેતો હોય તો ષષ્ઠી વિભક્તિનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદા.ત. अन्नस्य हेतोः वसति । 'અન્નના હેતુથી નિવાસ કરે છે.**

**(વિમર્શ)** તૃતીયા વિભક્તિ વિષયમાં આપણે જોયું છે કે हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી હેતુ=ફળ અર્થમાં તૃતીયા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. દા.ત. अध्ययनेन वसति । 'અધ્યયનના હેતુથી વસે છે.' (અહીં નિવાસ ક્રિયાનું ફળ=હેતુ અધ્યયન છે. આથી ફલવાચક अध्ययन શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.) પરંતુ આ ૨-૩-૨૬ સૂત્ર તેનો (૨-૩-૨૩નો) બાધ કરે છે. આથી વાક્યમાં કેવળ હેતુ=ફળ દ્યોતિત રહેતો હોય તો ૨-૩-૨૩ થી તૃતીયા વિભક્તિ પ્રવૃત્ત થાય છે (જેમકે, अध्ययनेन वसति). પણ જો ફળ (હેતુ) દ્યોતિત રહેવાની સાથે (=ફલવાચક શબ્દનો પ્રયોગ

609 (૭૮) **षष्ठी 'अतसर्थ' प्रत्ययेन । पा. सू. २-३-३०**

**(वृत्तिः) एतद् योगे षष्ठी स्यात् ।। '...दिक्शब्दे...' (२/३/२९) इति पञ्चम्याः** अपवादः । **(उदा०) ग्रामस्य दक्षिणतः ।। पुरः -पुरस्तात् , उपरि-उपरिष्टात् ।।**

થવાની સાથે) 'હેતુ' એવો શબ્દ પણ વપરાય તો ૨-૩-૨૬ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગશે. જેમકે, अध्ययनस्य हेतोः वसति । अन्नस्य हेतोः वसति । અહીં ફલવાચક શબ્દ अध्ययन અને अन्नने પણ ષષ્ઠી વિભક્તિ લાગી છે અને હેતુ શબ્દને પણ ષષ્ઠી વિભક્તિ લાગી છે. 607

**(અનુ૦) વાક્યમાં 'હેતુ' શબ્દનો પ્રયોગ થયો હોય અને હેતુ દ્યોતિત રહેતો હોય તો સર્વનામ વાચક શબ્દોને તૃતીયા વિભક્તિ અને ષષ્ઠી વિભક્તિ** (વિકલ્પે) લગાડવામાં આવે છે. ઉદા.ત. **केन हेतुना वसति । 'કયા કારણે વસે છે ?'** (તૃતીયા) **અથવા कस्य हेतोः वसति । કયા કારણે વસે છે ?'** (ષષ્ઠી).

**વાર્તિકઃ *"નિમિત્ત** (=કારણ) **અર્થવાળા અન્ય શબ્દોનો પ્રયોગ થયો હોય તો પણ** (સર્વનામવાચક શબ્દોને) **લગભગ બધી વિભક્તિઓ લગાડવામાં આવે છે."**

દા.ત.

૧. **किं निमित्तं वसति । 'શા નિમિત્તે વસે છે ?'** (પ્રથમા)
**केन निमित्तेन वसति ।** (તૃતીયા)
**कस्मै निमित्ताय वसति ।** (ચતુર્થી). વગેરે.

૨. **किं कारणम् वसति ।** (પ્રથમા)
**केन कारणेन वसति ।** (તૃતીયા)
**कस्मै कारणाय वसति ।** (ચતુર્થી). **વગેરે.**

૩. **को हेतुः ।** (પ્રથમા)
**केन हेतुना ।** (તૃતીયા)
**कस्मै हेतवे ।** (ચતુર્થી). વગેરે.

૪. **किं प्रयोजनम् ।** (પ્રથમા)
**केन प्रयोजनेन ।** (તૃતીયા)
**कस्मै प्रयोजनाय ।** (ચતુર્થી). વગેરે.

(અહીં નિમિત્ત/હેતુ/કારણ/પ્રયોજનાદિ શબ્દોના સાંનિધ્યમાં किम् સર્વનામને લગભગ બધી વિભક્તિઓ લગાડી શકાય છે એનું દિગ્દર્શન કરાવ્યું છે.)

**ઉપર્યુક્ત વાર્તિકમાં 'प्रायः** (મોટા ભાગે)' **એવો શબ્દ લખ્યો છે. એથી સર્વનામ વાચક શબ્દ ન હોય તો પ્રથમા વિભક્તિ અને દ્વિતીયા વિભક્તિ** લગાડવામાં આવતી નથી. જેમકે, **ज्ञानेन निमित्तेन हरिः सेव्यः । જ્ઞાનના નિમિત્તે હરિ ભજવા જોઈએ'** (તૃતીયા). **અથવા ज्ञानाय निमित्ताय हरिः सेव्यः ।** (ચતુર્થી).. (અહીં સર્વનામવાચકથી ભિન્ન ज्ञान શબ્દ વપરાયો છે. આથી વાક્યમાં કારણવાચક निमित्त શબ્દનું સાંનિધ્ય હોવા છતાંય પ્રથમા કે દ્વિતીયા વિભક્તિ વપરાતી નથી.) 608

**(અનુ૦)** [દિગ્-દેશ-કાલ રૂપ અર્થવાળા] **अतसुच् (૫-૩-૨૮) વગેરે પ્રત્યયોના યોગે ષષ્ઠી વિભક્તિ વપરાય છે.**

**૨-૩-૨૯ સૂત્રોક્ત "દિક્શબ્દોના યોગે પંચમી વિભક્તિ વપરાય છે." એવા વિધાનનું આ** (૨-૩-૩૦) **સૂત્ર**

610 (૭૯) **एनपा द्वितीया । पा. सू. २-३-३१**

**(वृत्तिः) एनबन्तेन योगे द्वितीया स्यात् ।। 'एनपा' इति योगविभागात् षष्ठी अपि ।। (उदा०) दक्षिणेन ग्रामं ग्रामस्य वा ।**

**અપવાદ=બાધક છે.**

**ઉદા.ત. ग्रामस्य दक्षिणतः । 'ગામની દક્ષિણે.'** (અહીં दक्षिण શબ્દને अतसुच् પ્રત્યય લાગીને दक्षिणतः શબ્દ બન્યો છે. આવા अतसुच् પ્રત્યયાન્ત શબ્દોના યોગે ग्राम શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**એ જ પ્રમાણે, पुरः > पुरस्तात् અને उपरि > उपरिष्टात् । શબ્દોના યોગે પણ ષષ્ઠી વિભક્તિ વપરાય છે.** (કેમકે તે શબ્દોને દિક્-દેશ-કાલ અર્થમાં स्तात् પ્રત્યય લાગ્યો છે.)

**(વિમર્શ)** ૫-૩-૨૭થી શરૂ કરીને ૫-૩-૩૮ સુધીનાં સૂત્રો દ્વારા अस्ताति, अतसुच् , आच् , आहि વગેરે પ્રત્યયો બતાવવામાં આવ્યા છે. આ પ્રત્યયો દિક્શબ્દો (=દિશાવાચક શબ્દો), દેશવાચક અને કાલવાચક-શબ્દોને સ્વાર્થમાં લગાડવામાં આવે છે. જેમકે,

(૧) दिक्शब्देभ्यः सप्तमीपञ्चमीप्रथमाभ्यो दिग्देशकालेषु अस्ताति । ५-३-२७

पूर्व > पुर + अस्तात् → पुरस्तात् ।।

(२) दक्षिणोत्तराभ्याम् अतसुच् । ५-३-२८

दक्षिण + अतस् → दक्षिणतः ।

उत्तर + अतस् → उत्तरतः ।

(३) उपर्युपरिष्टात् । ५-३-३१

ऊर्ध्व > उप + रिल् (रि) → उपरि ।

ऊर्ध्व > उप + रिष्टातिल् (रिष्टात् ) → उपरिष्टात् ।

(४) दक्षिणाद् आच् । ५-३-३६

दक्षिण + आच् (आ) → दक्षिणा ।

(५) आहि च दूरे । ५-३-३७

दक्षिण + आहि → दक्षिणाहि ।

(६) उत्तराच्च । ५-३-३८

उत्तर + आच् (आ) → उत्तरा ।

उत्तर + आहि → उत्तराहि ।

આ શબ્દોને 'अतसर्थ પ્રત્યયાન્ત' (=अतसुच् પ્રત્યયનો જે-દિગ્દેશકાલ રૂપ-અર્થ છે તેવા અર્થવાળા) શબ્દો કહે છે. કેમકે अतसुच् પ્રત્યયનો જે અર્થ છે, તે જ અર્થ अस्ताति, आच् અને आहि પ્રત્યયનો અર્થ છે. આથી આવા પ્રત્યયો જેના અંતે લાગ્યા હોય તે બધા શબ્દોને 'अतसर्थ પ્રત્યયાન્ત' શબ્દો કહેવાય છે. આવા શબ્દોના યોગે (=पुरस्तात् दक्षिणतः, उपरि, उपरिष्टात्, दक्षिणा, दक्षिणाहि, उत्तरा, उत्तराहि વગેરે શબ્દોના યોગે) ષષ્ઠી વિભક્તિ વપરાય છે.

ઉપર્યુક્ત શબ્દો એક રીતે દિશા રૂપી અર્થ આપનારા હોઈ 'દિક્શબ્દો' કહેવાય છે. આથી આ શબ્દોને अन्यारादितरर्तेदिक्शब्दाञ्चूत्तरपदाजाहि युक्ते । ૨-૩-૨૯ સૂત્રથી પંચમી વિભક્તિ લાગવા આવશે. પરંતુ આ ૨-૩-૩૦ સૂત્ર તે પંચમીનો (૨-૩-૨૯નો) બાધ કરી નાખશે. જેથી अतसर्थ પ્રત્યયાન્ત દિક્શબ્દોના યોગે =पुरस्तात् વગેરે શબ્દોના યોગે તો ષષ્ઠી વિભક્તિ જ વપરાશે. 609

**(અનુ૦) 'एनप् (૫-૩-૩૫) પ્રત્યયાન્ત શબ્દોના યોગે દ્વિતીયા વિભક્તિ વપરાય છે.' અહીં एनपा । २-३-३१**

611 (૮૦) **दूरान्तिकार्थैः षष्ठी अन्यतरस्याम् । पा. सू. २-३-३४**

612 (૮१) **ज्ञो अविदर्थस्य करणे । पा. सू. २-३-५१**

---

**(वृत्तिः) एतैः योगे षष्ठी स्यात् , पञ्चमी च ।** (उदा०) १. **दूरं ग्रामस्य/ग्रामाद्** वा । २. **निकटं ग्रामस्य/ग्रामाद्** वा ।।

**(वृत्तिः) जानातेः अज्ञानार्थस्य करणे शेषत्वेन विवक्षिते षष्ठी स्यात् ।** (उदा०) सर्पिषः ज्ञानम् ।

---

**(अ)** (અને દ્વિતીયા । ૨-૩-૩૧ (બ)) **એવો યોગવિભાગ** (સૂત્રવિચ્છેદ) કરવાથી (एनप् પ્રત્યયાન્ત શબ્દોના યોગે) **ષષ્ઠી વિભક્તિ પણ વપરાય છે. ઉદા.ત.**

**(૧) दक्षिणेन ग्रामम् । ગામની દક્ષિણે** (દ્વિતીયા)

**(૨) दक्षिणेन ग्रामस्य । ગામની દક્ષિણે** (ષષ્ઠી).

(વિમર્શ) एनबन्त એટલે एनप् પ્રત્યય જેના અંતે લાગ્યો હોય તેવો શબ્દ. एनब् अन्यतरस्याम् अदूरे अपञ्चम्याः । ૫-૩-૩૫ સૂત્રથી "उत्तर, अधर અને दक्षिण શબ્દને (દિક્દેશકાલ અર્થમાં) વિકલ્પે एनप् પ્રત્યય લાગે છે : उत्तर + एनप् > उत्तरेण । अधर + एनप् > अधरेण । दक्षिण + एनप् > दक्षिणेन ।।" અહીં उत्तरेण વગેરે શબ્દોને 'एनबन्त શબ્દો' કહેવાશે. આવા શબ્દોના યોગે દ્વિતીયા (કે ક્યારેક ષષ્ઠી પણ) વપરાય છે.

અહીં એ નોંધપાત્ર છે કે उत्तर વગેરે શબ્દોને તૃતીયા વિભક્તિનો इन પ્રત્યય લાગીને જો उत्तरेण વગેરે રૂપો બન્યાં હોય તો તેમના યોગે દ્વિતીયા કે ષષ્ઠી વિભક્તિ વપરાશે નહીં.

**(અનુ.) દૂર અને અન્તિક=નજીક અર્થવાળા શબ્દોના યોગે ષષ્ઠી વિભક્તિ અને પંચમી વિભક્તિ વપરાય છે. ઉદા.ત.**

**(૧) दूरं ग्रामस्य । ગામની દૂર** (ષષ્ઠી)

**दूरं ग्रामाद् । ગામથી દૂર** (પંચમી)

**(૨) निकटं ग्रामस्य । ગામની નજીક** (ષષ્ઠી)

**निकटं ग्रामाद् । ગામથી નજીક** (પંચમી)

★

**નોંધ :** 607 (૨-૩-૨૬)થી 611 (૨-૩-૩૪) સુધીનાં પાંચ સૂત્રોમાં 'અમુક અમુક પ્રકારનાં પદોના યોગે ષષ્ઠી વિભક્તિ વપરાય છે' એવું વિધાન કર્યુ છે.

હવે, અમુક અમુક સન્દર્ભોમાં કારકોની અવિવક્ષા કરીને અને શેષત્વની વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિનું વિધાન કરનારાં સૂત્રો 612 (૨-૩-૫૧)થી શરૂ થાય છે.

**(અનુ૦) જ્ઞાનાર્થક ન હોય તેવા √ज्ञा** (जानाति) **ધાતુના કરણ કારકની** (અર્થાત્ √ज्ञा ધાતુવાચ્ય ક્રિયાનાં કરણકારકની) **શેષત્વ રૂપે વિવક્ષા કરવામાં આવે તો તેને** (=કરણકારક વાચક શબ્દને) **ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. દા.ત. सर्पिषः ज्ञानम् । 'ઘી સંબંધિ જ્ઞાન.'**

**(વિમર્શ)** ભાષ્યકારે 'શેષ' (૨-૩-૫૦)નો અર્થ 'અવિવક્ષા' કર્યો છે. બે સંબંધી પદાર્થ વચ્ચે રહેલા ક્રિયાકારકભાવ સંબંધને કહેવાની અનિચ્છા-અવિવક્ષા હોય ત્યારે ષષ્ઠી વિભક્તિ પ્રવૃત્ત થાય છે. 'શેષ' શબ્દના આ અર્થઘટનના અનુસન્ધાનમાં હવે ૨-૩-૫૧થી ૬૪ સૂત્રને રજૂ કરવામાં આવે છે.

અહીં વાસ્તવિક દષ્ટિએ વિચારીએ તો सर्पिषा जानीते । 'ઘી થી જાણે છે' એવો અર્થ છે. પરંતુ ઘીનું કરણત્વ અવિવક્ષિત છે. માટે તેની શેષ રૂપે વિવક્ષા કરીને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.

**(વિશેષ)** ૨-૩-૫૦ (षष्ठी शेषे) સૂત્રથી 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. હવે જો **'શેષ'નો અર્થ 'અવિવક્ષા'** કરવામાં આવે તો ज्ञोऽविदर्थस्य करणे । ૨-૩-૫૧થી ૬૪ સધીનાં સૂત્રો રચવાની જરૂર રહેતી જ નથી. કારણ કે **षष्ठी शेषे । ૨-૩-૫૦ સૂત્રથી જ ૨-૩-૫૧થી ૬૪માં** વર્ણવેલા પ્રત્યેક સન્દર્ભોમાં ષષ્ઠી વિભક્તિ

613 (८२) **अधीगर्थ-दयेशां कर्मणि । पा. सू. २-३-५२**

614 (८३) **कृञः प्रतियत्ने । पा. सू. २-३-५३**

615 (८४) **रुजार्थानां भाववचनानाम् अज्वरेः । पा. सू. २-३-५४**

---

**(वृत्तिः)** **एषां कर्मणि शेषे षष्ठी स्यात् ।। (उदा०) मातुः स्मरणम् । सर्पिषः दयनम् । सर्पिषः ईशनम् वा ।।**

**(वृत्तिः)** **प्रतियत्नः गुणाधानम् ।। "कृञः कर्मणि षष्ठी स्यात् , गुणाधाने" ।। (उदा०) एधोदकस्य उपस्करणम् ।**

**(वृत्तिः)** **भावकर्तृकाणां ज्वरिवर्जितानां रुजार्थानां कर्मणि शेषे षष्ठी स्यात् ।। (उदा०) चौरस्य रोगस्य रुजा ।। (वार्तिकम्) *अज्वरिसन्ताप्योः' इति वाच्यम् । (उदा०) रोगस्य चौरज्वरः/चौरसन्तापो वा । रोगकर्तृकं चौरसम्बन्धि ज्वरादिकम् इत्यर्थः ।।**

---

પ્રવૃત્ત થઈ શકશે. આવી શંકાનો પરિહાર કરવા માટે કહેવામાં આવ્યું છે કે ૨-૩-૫૦ સૂત્રથી જ્યાં સ્વસ્વામિભાવાદિ સંબંધોમાં ષષ્ઠી વિભક્તિ થઈ હોય ત્યાં (षष्ठी । ૨-૨-૮ સૂત્રોક્ત) ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકે છે. [જેમકે, राज्ञः पुरुषः । અહીં સ્વસ્વામિભાવ સંબંધમાં राजन् શબ્દને ષષ્ઠી વિભક્તિ षष्ठी शेषे । ૨-૩-૫૦ સૂત્રથી લગાડવામાં આવી છે. આથી તે બે પદોનો, षष्ठी । ૨-૨-૮ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકશે : राजपुरुषः । ] પરંતુ જ્યાં ૨-૩-૫૧ થી ૬૪ સુધીનાં સૂત્રો દ્વારા વિભક્તિ થઈ હશે ત્યાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકતો નથી. (જેમકે, **सर्पिषः** ज्ञानम् અહીં ज्ञोऽविदर्थस्य **कर्मणि** । ૨-૩-૫૧ સૂત્રથી **सर्पिष्** શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. આથી આ બે પદોનો षष्ठी । ૨-૨-૮ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકશે નહીં.) વાર્તિકકાર કાત્યાયને આ સન્દર્ભમાં કહ્યું છે કે **प्रतिपदविधाना षष्ठी न समस्यते । એટલે કે "૨-૩-૫૧થી ૬૪ સુધીનાં સૂત્રો દ્વારા કહેવામાં આવેલી ષષ્ઠી વિભક્તિનો સમાસ થઈ શકતો નથી."**

આવી (૨-૩-૫૧થી ૬૪ સૂત્રોક્ત) ષષ્ઠી વિભક્તિ જેને લાગી હોય તેવા પદનો અન્ય (सुबन्त) પદની સાથે સમાસ નહીં થવા દેવાનું કારણ એ છે કે જો આ સન્દર્ભોમાં સમાસ થાય તો ૨-૩-૫૧થી ૬૪ સૂત્રોએ કરેલી ષષ્ઠી વિભક્તિ જોવા જ ન મળે. એટલે કે सर्पिषः ज्ञानम् । જેવાં પદોનો ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ જાય તો પછી ૨-૩-૫૧ સૂત્રે કરેલો વિધિ-ષષ્ઠી વિભક્તિનું વિધાન- જોવા જ ન મળે. આથી સૂચિત થાય છે કે ૨-૩-૫૧થી ૬૪ સૂત્રોક્ત સન્દર્ભોમાં માત્ર ષષ્ઠી વિભક્તિ જ થાય છે; સમાસ થતો નથી. 612

**(અનુ૦) अधि ઉપસર્ગપૂર્વકનો √इक् स्मरणे, √दय दानगतिरक्षणहिंसादानेषु અને √ईश ऐश्वर्ये ધાતુઓના કર્મકારકને 'શેષ' ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. ૧. मातुः स्मरणम् । 'માતૃસંબંધિ સ્મરણ.' ૨. सर्पिषः दयनम् । 'ઘી સંબંધિ દાન' અને ૩. सर्पिषः ईशनम् । 'ઘી સંબંધિ શાસન'** (=યથેચ્છવિનિયોગ). (અહીં વસ્તુતઃ માતા અને ઘી કર્મકારકો છે. પરંતુ તેમની 'શેષ' રૂપે વિવક્ષા કરવાથી તેમને ષષ્ઠી વિભક્તિમાં મૂકી શકાય છે.)

**(વિમર્શ)** અહીં "ઉક્ત ત્રણ ધાતુઓના કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે" એનો અર્થ એ કે (માતા અને ઘી જેવા) કર્મકારકોની (કર્મ રૂપે) અવિવક્ષા કરવામાં આવે તો તે કર્મવાચક (માતા અને ઘી) શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. 613

**(અનુ૦) સૂત્રમાં વપરાયેલા प्रतियत्न શબ્દનો અર્થ 'ગુણાધાન** (=ગુણારોપણ)**' થાય છે.** (સૂત્રાર્થ) **"कृञ् ધાતુના કર્મકારકને શેષ અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે."** ઉદા.ત. **एधोदकस्य उपस्करणम् । 'લાકડાં અને જળ સંબંધિ સંસ્કરણ'** (અહીં વસ્તુતઃ एधस् અને (उ)दक કર્મકારક છે. પણ તેમની 'શેષ' રૂપે વિવક્ષા કરવામાં આવશે -અને કર્મકારક રૂપે અવિવક્ષા કરવામાં આવશે -તો તેમને ષષ્ઠી વિભક્તિમાં મૂકવા પડશે.)

**(વિમર્શ)** અહીં एधस् (યજ્ઞનાં લાકડાં) શબ્દ સકારાન્ત નપુંસકલિંગ છે (અથવા અકારાન્ત પુંલિંગ एध શબ્દ પણ મળે છે) અને दक શબ્દ उदक (પાણી)નો પર્યાયવાચક શબ્દ છે. અહીં "√कृञ् ધાતુના કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે" એનો અર્થ એ કે કર્મકારકની અવિવક્ષા કરવામાં આવે તો કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. 614

**(અનુ૦) જ્વરાર્થક સિવાયના રુજાર્થક ધાતુઓમાંથી સાધવામાં આવેલ ભાવવાચક નામો કર્તા તરીકે પ્રવર્તતાં હોય ત્યારે કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. चौरस्य रोगस्य रुजा । 'ચોરને રોગસંબંધી**

616 (८५) **आशिषि नाथः । पा. सू. २-३-५५**

**(वृत्तिः) 'आशीः' अर्थस्य नाथतेः शेषे कर्मणि षष्ठी स्यात् । (उदा०) सर्पिषः नाथनम् ।। 'आशिषि' इति किम् ? -माणवकनाथनम् । =तत्सम्बन्धिनी याच्ञा इत्यर्थः ।।**

**પીડા.'** (અર્થાત્ रोगः चौरं संतापादिना पीडयति । 'રોગ ચોરને પીડા કરે છે.' અહીં √रुज ધાતુ ઉપરથી ભાવવાચક रोग શબ્દ બનાવવામાં આવ્યો છે. આ रोग પીડા જન્માવવામાં કર્તા છે, અને चौर કર્મ છે. આથી પ્રસ્તુત સૂત્ર ૨-૩-૫૪થી કર્મને શેષત્વની વિવક્ષા કરીને ષષ્ઠીમાં મૂકવામાં આવે છે.

અહીં એ નોંધપાત્ર છે કે रुजा એવા કૃદન્તશબ્દનો યોગ હોય ત્યારે કર્તૃવાચક रोग શબ્દને પણ વિભક્તિ લગાડવામાં આવે છે. चौरस्य रोगस्य रुजा । (આની ચર્ચા कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ સૂત્ર ઉપર કરીશું.)

**વાર્તિક : *"જ્વર** (તાવ) **અને સંતાપ-એમ કુલ બે અર્થ સિવાયના અર્થવાળા રુજાર્થક ધાતુઓના** (કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે)" એમ કહેવું જોઈએ. *ઉદા.ત.

**रोगस्य चौरज्वरः ।** ⎤ **'રોગકર્તૃક ચોરસંબંધી જ્વર/સંતાપ.'**
**रोगस्य चौरसन्तापः ।** ⎦

['रोगस्य चौरज्वरः । નો અર્થ 'रोगस्य चौरस्य ज्वरः' । છે. અહીં 'चौरस्य'માં પ્રસ્તુત ૨-૩-૫૪ સૂત્રથી કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી લાગી નથી (કેમકે વાક્યમાં જ્વરાર્થક ધાતુનો પ્રયોગ થયો છે) પણ **षष्ठी शेषे** । ૨-૩-૫૦ **સૂત્રથી ષષ્ઠી** વિભક્તિ લાગી છે. (ત્યાર પછી **षष्ठी** । ૨-૨-૮૦ **સૂત્રથી चौरस्य** ज्वरः' એ બે પદોનો ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો છે : 'चौरज्वरः]

**(વિમર્શ)** સૂત્રકારે अज्वरेः કહીને એક જ (ज्वर) અર્થવાળા રુજાર્થક ધાતુના સન્દર્ભમાં, પ્રસ્તુત સૂત્ર ૨-૩-૫૪ની અપ્રવૃત્તિ સૂચવી છે. પરંતુ વાર્તિકકારે તેમાં ઉમેરો કરીને કહ્યું કે-"જ્વર અને સંતાપ અર્થ સિવાયના રુજાર્થક ધાતુઓમાંથી સાધવામાં આવેલા ભાવવાચક નામો કર્તા તરીકે વપરાયાં હોય ત્યારે કર્મકારકને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લાગી છે." આથી નીચે મુજબની વ્યવસ્થા પ્રાપ્ત થાય છે :

(क) रोगस्य **चौरस्य** रुजा । 'ચોરને રોગ સંબંધી પીડા.' અહીં 'જ્વર કે 'સંતાપ અર્થ સિવાયનો ભાવવાચક रोग શબ્દ વપરાયો છે. આથી चौर કર્મકારકને શેષત્વની વિવક્ષા કરીને પ્રસ્તુત સૂત્રથી ષષ્ઠી લગાડવામાં આવશે.

**षष्ठी शेषे** । ૨-૩-૫૦ સિવાયના કોઈ પણ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી હોય તો ત્યાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થતો નથી. આથી અહીં चौरस्य અને रुजा એ બે પદોનો ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકતો નથી.

(ख) रोगस्य **चौरस्य** ज्वरः । કે रोगस्य **चौरस्य** संतापः । 'ચોરને રોગ સંબંધી તાવ' કે 'ચોરને રોગસંબંધી સંતાપ.' અહીં જ્વર અને સંતાપ અર્થવાળા ભાવવાચક रोग શબ્દનો પ્રયોગ થયો છે. આથી चौर કર્મની શેષત્વ વિવક્ષા કરીને, પ્રસ્તુત સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લગાડી શકાશે નહીં. પણ **षष्ठी शेषे** । ૨-૩-૫૦થી ષષ્ઠી વિભક્તિ લગાડી શકાશે.

જ્યાં **षष्ठी शेषे** । ૨-૩-૫૦થી ષષ્ઠી વિભક્તિ લગાડી હોય ત્યાં **षष्ठी** । ૨-૨-૮ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ શકે છે. આથી આ 'જ્વર' અને 'સંતાપ' અર્થવાળા ઉદાહરણમાં સમાસ કર્યો છે : रोगस्य चौरज्वरः । रोगस्य चौरसन्तापः । 615

**(અનુ૦) આશીર્વાદ અર્થવાળા √नाथ ધાતુના કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. सर्पिषः नाथनम् । 'ઘી સંબંધી આશીર્વાદ.'** (ઘી મળે એવી ઈચ્છા-આશાસન).

**સૂત્રમાં "आशिषि=આશીર્વાદ અર્થવાળા** (√नाथ ધાતુના કર્મની શેષ રૂપે વિવક્ષા કરવામાં આવે તો-)" **એમ કહેવાનું શું ફળ છે ?** (ઉત્તર) माणवकनाथनम् । **'માણવક સંબંધી યાચ્ના (માંગણી).'** અહીં √नाथ ધાતુ આશીર્વાદાર્થક નથી, પણ યાચ્ના (માંગણી) અર્થવાળો છે. એટલે **षष्ठी शेषे** । ૨-૩-૫૦થી 'માણવક'ને ષષ્ઠી લાગી છે. माणवकस्य

617 (८६) **जासि-निप्रहण-नाट-क्राथ-पिषां हिंसायाम् । पा. सू. २-३-५६**

618 (८७) **व्यवहृ-पणोः समर्थयोः । पा. सू. २-३-५७**

**(वृत्तिः) हिंसार्थानाम् एषां शेषे कर्मणि षष्ठी स्यात् ।। (उदा०) १. चौरस्य उज्जासनम् ।। नि-प्रौ संहतौ विपर्यस्तौ व्यस्तौ वा । २. (क) चौरस्य निप्रहणनम् । (ख) चौरस्य प्रणिहननम् । (ग) चौरस्य निहननम् । (घ) चौरस्य प्रहणनम् वा ।। √नाट अवस्कन्दने चुरादिः । ३. चौरस्य उन्नाटनम् । ४. चौरस्य क्राथनम् । ५. वृषलस्य पेषणम् ।। 'हिंसायाम्' किम् ?-धानापेषणम् ।।**

**(वृत्तिः) शेषे कर्मणि षष्ठी स्यात् । द्यूते क्रयविक्रयव्यवहारे च अनयोः तुल्यार्थता ।। (उदा०) शतस्य व्यवहरणं पणनं वा । 'समर्थयोः' किम् ?-१. शलाकाव्यवहारः । =गणना इत्यर्थः ।। २. ब्राह्मणपणनम् । =स्तुतिः इत्यर्थः ।।**

नाथनम् (याच्ञा) । ત્યાર પછી षष्ठी २-२-८ સૂત્રથી ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈને माणवकनाथनम् । શબ્દ બન્યો છે. જો આશીર્વાદ અર્થમાં नाथनम् શબ્દ વપરાયો હોય તો माणवक શબ્દને ૨-૩-૫૫થી ષષ્ઠી વિભક્તિ લાગી હોય તો ત્યાં સમાસ થતો નથી.) 616

**(અનુ૦) હિંસાર્થક √जासि, नि અને/અથવા प्र ઉપસર્ગપૂર્વકનો √हन, √नाट, √क्राथ અને √पिष ધાતુઓના કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત.**

१. **चौरस्य उज्जासनम् । ચોર સંબંધિની હિંસા.**

२. **नि અને प्र ઉપસર્ગો √हन ધાતુની આગળ એક સાથે વપરાયા હોય, ઉલટસૂલટ વપરાયા હોય કે છૂટા છૂટા વપરાયા હોય-એ દરેક સન્દર્ભમાં ષષ્ઠી વિભક્તિ વપરાય છે :**

- **(क) चौरस्य निप्रहणनम् । (निप्र + √हन)**
- **(ख) चौरस्य प्रणिहननम् । (प्रनि + √हन)** — 'ચોર સંબંધિની હિંસા.'
- **(ग) चौरस्य निहननम् । (नि + √हन)**
- **(घ) चौरस्य प्रहणनम् । (प्र + √हन)**

३. **√नाट अवस्कन्दने ધાતુ चुरादि (१०મા)** ગણનો છે.
**चौरस्य उन्नाटनम् ।** 'ચોર સંબંધિની હિંસા.'

४. **चौरस्य क्राथनम् ।** 'ચોર સંબંધિની હિંસા.'

५. **वृषलस्य पेषणम् ।** 'વૃષલ સંબંધિની હિંસા.'

**સૂત્રમાં 'हिंसायाम्=હિંસાર્થક जासि** વગેરે **ધાતુઓના** (કર્મને શેષવિવક્ષામાં ષષ્ઠી વિભક્તિ લાગે છે)**' એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **धानापेषणम् (=धानायाः पेषणम् । (धाना भृष्टयवे स्त्रियः इत्यमरः)) 'ધાના સંબંધી પેષણ** (પીસવું/દળવું).' (અહીં ધાનાને પીસવાની ક્રિયામાં હિંસા થતી નથી. માટે પ્રસ્તુત સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગી નથી. પણ षष्ठी शेषे । ૨-૩-૫૦ થી ષષ્ઠી વિભક્તિ લાગી છે અને ત્યાર પછી षष्ठी । ૨-૨-૮ સૂત્રથી-धानायाः पेषणम्નો ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો છે.) 617

**(અનુ૦) "वि+अव ઉપસર્ગપૂર્વક √हृ અને √पण ધાતુના કર્મને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." અહીં वि+अव+√हृ અને √पण-એ બે ધાતુઓનો એક સમાન અર્થ છે : ૧. દ્યૂત રમવું અને ૨. ખરીદ-વેચાણ કરવું. ઉદા.ત. शतस्य व्यवहरणम् । शतस्य पणनम् ।** (બન્ને વાક્યોનો અર્થઃ) **'સો રૂપિયાનું દ્યૂત રમે છે' અથવા 'સો રૂપિયાનો વેપાર** (ખરીદ વેચાણ) **કરે છે.'** (અહીં દ્યૂત કે વેપાર અર્થમાં 'વ્યવહરણ' અને 'પણન' શબ્દો વપરાયા છે. તેથી પ્રસ્તુત સૂત્ર ૨-૩-૫૭થી કર્મ-शत-ને ષષ્ઠી વિભક્તિ લાગી છે.)

619 (८८) **दिवः तदर्थस्य । पा. सू. २-३-५८**

620 (८९) **विभाषा उपसर्गे । पा. सू. २-३-५९**

---

**(वृत्तिः) द्यूतार्थस्य क्रयविक्रयरूप व्यवहारार्थस्य च दिवः कर्मणि षष्ठी स्यात् । (उदा०) शतस्य दीव्यति ।। 'तदर्थस्य' किम् ? ब्राह्मणं दीव्यति । -स्तौति इत्यर्थः ।**

**(वृत्तिः) पूर्वयोगापवादः । (उदा०) शतस्य/शतं वा प्रतिदीव्यति ।**

---

**આ સૂત્રમાં 'समर्थयोः=એક સરખા અર્થવાળા.** (ઉક્ત બે ધાતુઓના કર્મને શેષ વિવક્ષામાં ષષ્ઠી વિભક્તિ લાગે છે), **એવી શરત કેમ મૂકી છે ?** (ઉત્તરઃ) **૧. शलाकाव्यवहारः । (=शलाकायाः व्यवहारः) 'શલાકાસંબંધિ વ્યવહાર=ગણના.'** [અહીં 'વ્યવહાર' શબ્દ દ્યૂત રમવું કે વેપાર કરવો અર્થમાં નથી. આથી પ્રસ્તુત સૂત્ર ૨-૩-૫૭થી ષષ્ઠી વિભક્તિ લાગી નથી. (પણ આ ઉદાહરણમાં षष्ठी शेषे । ૨-૩-૫૦થી ષષ્ઠી લાગી છે અને પછી ૨-૨-૮ સૂત્રમાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો છે.)]

૨. ब्राह्मणपणनम् । (ब्राह्मणस्य पणनम् ) 'બ્રાહ્મણસંબંધી પણન=સ્તુતિ.' [અહીં 'પણન' શબ્દ દ્યૂત રમવું કે વેપાર કરવો અર્થમાં નથી. આથી પ્રસ્તુત ૨-૩-૫૭થી ષષ્ઠી લાગી નથી. (આ ઉદાહરણમાં પણનનો અર્થ સ્તુતિ કરવી થાય છે. આથી षष्ठी शेषे । ૨-૩-૫૦ થી ષષ્ઠી લાગી છે અને ૨-૨-૮થી ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો છે.] 618

**(અનુ૦) 'દ્યૂત રમવું' કે 'ખરીદ-વેચાણ કરવું' અર્થવાળા √दिव ધાતુના કર્મને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. शतस्य दीव्यति । 'સો રૂપિયાનું દ્યૂત રમે છે' અથવા 'સો રૂપિયાને વેપાર કરે છે.'** (અહીં દ્યૂત કે વેપાર અર્થમાં √दिव ધાતુનો પ્રયોગ થયો છે. માટે પ્રસ્તુત સૂત્ર ૨-૩-૫૮થી, કર્મને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**આ સૂત્રમાં तदर्थस्य (=समर्थयोः=द्यूतार्थस्य क्रयविक्रयरूपव्यवहारार्थस्य च) (=દ્યૂત અને વેપાર રૂપ અર્થવાળા** (√दिव् ધાતુના કર્મને ષષ્ઠી વિભક્તિ લાગે છે) **એવી શરત કેમ મૂકવામાં આવી છે ? ब्राह्मणं दीव्यति (=स्तौति) । 'બ્રાહ્મણની સ્તુતિ કરે છે.'** (અહીં દ્યૂત રમવું કે વેપાર કરવો-એ બેમાંથી એક પણ અર્થમાં दीव्यति રૂપ વપરાયું નથી. આથી કર્મ-ब्राह्मण-ને ષષ્ઠી વિભક્તિ લગાડી શકાશે નહીં).

**(વિમર્શ)** પૂર્વસૂત્ર (૨-૩-૫૭)માંથી જે '**शेषे**' પદની અનુવૃત્તિ આવતી હતી, તે અહીં અટકી ગઈ છે. આથી કર્મની શેષત્વની વિવક્ષામાં ષષ્ઠી પ્રવર્તતી નથી, પણ કર્મ અર્થમાં જ ષષ્ઠી વિભક્તિ લાગે છે. (વાસ્તવિક દષ્ટિએ અથવા અર્થની દષ્ટિએ-semantics level ઉપર-જે કર્મ-object-છે, તેની વાક્યરચનામાં syntactic level ઉપર-ષષ્ઠી વિભક્તિથી રજૂઆત થાય છે.) 619

**(અનુ૦) પૂર્વયોગ** (=સૂત્ર)**નો આ અપવાદ છે.** (અર્થાત્ પૂર્વસૂત્ર ૨-૩-૫૮નું આ પ્રસ્તુત ૨-૩-૫૯ સૂત્ર બાધક છે.)

(સૂત્રાર્થ : દ્યૂત રમવું કે વેપાર કરવો અર્થમાં ઉપસર્ગ પૂર્વકનો √दिव ધાતુ વપરાયો હોય તો તેના કર્મને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે. ષષ્ઠી વિભક્તિ ન લાગે ત્યારે દ્વિતીયા વિભક્તિ લાગે છે.) **ઉદા.ત. शतस्य प्रतिदीव्यति । અથવા शतं प्रतिदीव्यति ।** (આ બન્ને પ્રકારના વાક્યનો અર્થ થાય છે :) **'સો રૂપિયાનો જુગાર રમે છે અથવા સો રૂપિયાનો વેપાર કરે છે.'**

**(વિમર્શ)** ઉપર્યુક્ત ઉદાહરણમાં, ઉક્ત બે અર્થોમાં ઉપસર્ગસહિતનો √दिव् ધાતુ વપરાયો છે. તેથી વિકલ્પે ષષ્ઠી કે દ્વિતીયા વિભક્તિ વાપરી શકાય છે. પરંતુ અહીં એ નોંધપાત્ર છે કે આ સૂત્રમાં પણ शेषे પદની અનુવૃત્તિ આવતી નથી. 620

621 (૯૦) **प्रेष्य-ब्रुवोः हविषो देवतासम्प्रदाने । पा. सू. २-३-६१**

622 (९१) **कृत्वोऽर्थप्रयोगे काले अधिकरणे । पा. सू. २-३-६४**

---

**(वृत्तिः)** **देवतासम्प्रदाने अर्थे वर्तमानयोः प्रेष्यब्रुवोः कर्मणः हविर्विशेषस्य वाचकात् शब्दात् षष्ठी स्यात् ।। (उदा०) अग्नये छागस्य हविषः वपायाः मेदसः प्रेष्य अनुब्रूहि वा ।**

**(वृत्तिः)** **कृत्वः अर्थानां प्रयोगे कालवाचिनि अधिकरणे शेषे षष्ठी स्यात् । (उदा०) पञ्चकृत्वः अह्नः भोजनम् । द्विः अह्नः भोजनम् । 'शेषे' किम् ? -द्विः अहनि अध्ययनम् ।।**

---

**(અનુ૦)** 'કોઈ દેવતાને ઉદ્દેશીને હવિર્વિશેષ આપવામાં આવે છે' એ અર્થવાળા **प्र+√इष** (૪થો ગણ) અને **√ब्रु** **ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે, એ બે ધાતુઓના કર્મને=હવિર્વિશેષ** વાચક શબ્દને **ષષ્ઠી** વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. **अग्नये 'छागस्य हविषः वपायाः मेदसः' प्रेष्य । અથવા अग्नये 'छागस्य हविषः वपायाः' अनुब्रूहि । "અગ્નિને** છાગસંબંધિ હવિઃ-**'વપ'** નામનું મેદસ્ (=વસ્ત્રખંડ તુલ્ય માંસવિશેષ)- **આપવું જોઈએ." (અહીં ૧. દેવતાને ઉદ્દેશીને હવિષાન્ન આપવાનો સન્દર્ભ છે અને ૨.** વાક્યમાં **प्रेष्य** અને **अनुब्रूहि क्रिया**પદો વપરાયાં છે. **આથી કર્મને=હવિ-વિશેષ વાચક શબ્દો-छाग, हविष, वपा અને मेदस्-ને ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે.**

**(વિમર્શ)** આ સૂત્રમાં પણ 'શેષે' પદની અનુવૃત્તિ આવતી નથી. 621

**(અનુ.) कृत्वसुच् અને सुच् પ્રત્યયો 'ક્રિયાની આવૃત્તિ' દર્શાવનારા પ્રત્યયો છે.**[૯૪] **ક્રિયાની આવૃત્તિ દર્શાવનારા પ્રત્યયો જે** (સંખ્યાવાચક) **શબ્દોને** લાગ્યા હોય, **તેવા શબ્દોનો વાક્યમાં પ્રયોગ થયો હોય ત્યારે કાલરૂપી અધિકરણ વાચક શબ્દને 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ** લગાડવામાં **આવે છે.** ઉદા.ત.

**૧. पञ्चकृत्वः अह्नः भोजनम् । 'પાંચવાર દિવસસંબંધિ ભોજન.'** (અહીં વાક્યમાં **कृत्वसुच्** પ્રત્યયાન્ત **(पञ्चकृत्व)** શબ્દનો પ્રયોગ થયો છે. માટે કાલ રૂપી અધિકરણ વાચક અહન્ શબ્દને શેષત્વની વિવક્ષામાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**૨. द्विः अह्नः भोजनम् । 'બે વાર દિવસસંબંધી ભોજન.'** (અહીં सुच् પ્રત્યયાન્ત -द्विः- શબ્દનો પ્રયોગ થયો છે. તેથી કાલ રૂપી અધિકરણવાચક અહન્ શબ્દને શેષત્વની વિવક્ષામાં ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**આ સૂત્રમાં "શેષે"** પદની **અનુવૃત્તિ** (મંડૂકપ્લુતિથી) **આવે છે. તેના કારણે સૂત્રાર્થ ઉપર કઈ અસર પડશે ?** (ઉત્તર) **द्विः अहनि अध्ययनम् । 'દિવસે બેવાર અધ્યયન કર્યું.'** (અહીં ક્રિયાની આવૃત્તિ દર્શાવનાર सुच् પ્રત્યયાન્ત द्विः શબ્દ વપરાયો છે. તથા વાક્યમાં કાલ રૂપી અધિકરણવાચક અહન્ શબ્દ પણ છે. પરંતુ આ સૂત્રમાં મંડૂકપ્લુતિથી **શેષે**ની અનુવૃત્તિ આવે છે. તેથી એક ત્રીજી શરત પણ ઉમેરાય છે કે વક્તાને જો અધિકરણ કારકની શેષ રૂપે વિવક્ષા કરવી હોય તો જ તે કાલવાચક અને અધિકરણ વાચક શબ્દોને ષષ્ઠીમાં મૂકશે. અન્યથા જો અધિકરણ કારકને શેષ રૂપે કહેવું વિવક્ષિત નહીં હોય તો તે અધિકરણને, સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરીને અધિકરણ રૂપે જ રજૂ કરશે. આ ઉદાહરણમાં પણ અહન્ રૂપી અધિકરણની શેષ વિવક્ષા કરી નથી, અને તેને સપ્તમી વિભક્તિ લગાડી છે કે જેથી તે અધિકરણ રૂપે જ રજૂ થાય.)

**(વિમર્શ)** दिवस्तदर्थस्य । ૨-૩-૫૮થી શેષે પદની અનુવૃત્તિ અટકી ગઇ હતી. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૪માં મંડૂકપ્લુતિથી તે (શેષ) પદની અનુવૃત્તિ ફરીથી શરૂ થઈ છે. 622

---

૯૪. **संख्यायाः क्रियाभ्यावृत्तिगणने कृत्वसुच्** । ૫-૪-૧૭ 'ક્રિયાની આવૃત્તિ'-અમુક ક્રિયા કેટલીવાર થઈ એ દર્શાવવા માટે સંખ્યાવાચક શબ્દોને कृत्वसुच् પ્રત્યય લગાડવામાં આવે છે. દા.ત. पञ्चकृत्वः भोजनम् । 'પાંચવાર ભોજન કર્યું.' અહીં 'ભોજનક્રિયા પાંચવાર થઈ છે' એમ દર્શાવવા માટે સંખ્યાવાચક पञ्च શબ્દને कृत्वसुच् પ્રત્યય લાગ્યો છે. એ જ પ્રમાણે, द्वित्रिचतुर्भ्यः सुच् । ૫-૪-૧૮ સૂત્રથી પણ 'ક્રિયાની આવૃત્તિ' દર્શાવવા માટે સંખ્યાવાચક द्वि, त्रि અને चतुर् શબ્દોને सुच् પ્રત્યય લગાડવામાં આવે છે. દા.ત. द्विः भोजनम् । 'બે વાર ભોજન કર્યુ'. આમ બે પ્રત્યયોને कृत्वोऽर्थे પ્રત્યયો કહે છે.

623 (૯૨) **कर्तृकर्मणोः कृति । पा. सू. २-३-६५**

**(वृत्तिः) कृद्योगे कर्तरि कर्मणि च षष्ठी स्यात् । (उदा०) १. कृष्णस्य कृतिः २. जगतः कर्ता कृष्णः ।। (वार्तिकम्) *गुण-कर्मणि वा इष्यते ।* । (उदा०) नेता अश्वस्य स्रुघ्नस्य/स्रुघ्नं वा । 'कृति' किम् ? तद्धिते मा भूत् । -कृतपूर्वी कटम् ।।**

**(અનુ૦) કૃદન્ત શબ્દોના યોગે કર્તૃવાચક શબ્દને અને કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. ૧. कृष्णस्य कृतिः । 'કૃષ્ણની કૃતિ** (સર્જન).' ૨. **जगतः कर्ता कृष्णः । 'કૃષ્ણ જગત્‌નો કર્તા છે.'** (અહીં પહેલા ઉદાહરણમાં कृति શબ્દ √कृ ધાતુને કૃદન્તનો ति પ્રત્યય લાગીને બન્યો છે. એટલે કે તે શબ્દ 'કૃદન્ત'-કૃત્ પ્રત્યયાન્ત-છે. આથી તેના યોગમાં, कर्तृ (कर्ता) વાચક શબ્દ -कृष्ण-ને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે. બીજા ઉદાહરણમાં √कृ ધાતુને, કૃદન્તનો तृच् પ્રત્યય લગાડીને कर्तृ > कर्ता શબ્દ બનાવવામાં આવ્યો છે. આમ અહીં कर्ता એવા કૃદન્ત શબ્દનો યોગ છે. આથી કર્મવાચક जगत् શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**વાર્તિક** : "(વાક્યમાં દ્વિકર્મક ધાતુનો પ્રયોગ થયો હોય તો) **ગૌણકર્મને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે." *દા.ત. (देवदत्तः) नेता अश्वस्य स्रुघ्नस्य । અથવા नेता अश्वस्य स्रुघ्नम् । 'અશ્વને સ્રુઘ્ન દેશમાં લઈ જનાર** (દેવદત્ત છે).' (√नी 'લઈ જવું' દ્વિકર્મક ધાતુ છે. અહીં લઈ જવાની ક્રિયાનું મુખ્ય કર્મ 'અશ્વ' છે અને સ્રુઘ્નદેશ ગૌણકર્મ છે.[૯૫] વાક્યમાં કૃદન્ત શબ્દ नेता < √ नी + કૃદન્તનો तृच् પ્રત્યય=नेतृ > વપરાયો છે; તેથી કર્મને ષષ્ઠી વિભક્તિ લગાડવાની પ્રાપ્ત થાય છે. પરંતુ આ વાક્યમાં બે કર્મ છે માટે કયા કર્મને ષષ્ઠી વિભક્તિ લગાડવી ? એવો પ્રશ્ન થાય છે. અહીં મુખ્ય કર્મ-अश्व-ને તો પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૫થી જ ષષ્ઠી વિભક્તિ લાગે છે. પરંતુ બીજું જે-स्रुघ्न-ગૌણકર્મ છે તેને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લગાડવી એવું વાર્તિકકાર સૂચવે છે. જેમકે, नेता अश्वस्य स्रुघ्नस्य । અથવા नेता अश्वस्य स्रुघ्नम् ।)

**સૂત્રમાં "कृति=कृत् प्रत्ययान्त** (=કૃદન્ત શબ્દ)**નો યોગ હોય તો'** (કર્તાને અને કર્મને ષષ્ઠી વિભક્તિ લાગે છે)" **એવી શરત શા માટે મૂકવામાં આવી છે ?** (ઉત્તર:) **तद्धित प्रत्ययान्त શબ્દનો યોગ હશે તો કર્તા કે કર્મને ષષ્ઠી વિભક્તિ લાગશે નહીં. જેમકે, कृतपूर्वी कटम् । 'જેણે પૂર્વે કટ** (સાદડી) **બનાવી છે તેવો** (પુરુષ).' (कृत+पूर्वનો સમાસ કરીને પછી कृतपूर्व શબ્દને तद्धितનો इन् પ્રત્યય લગાડીને कृतपूर्विन् શબ્દ બનાવ્યો છે. અહીં 'કૃદન્ત શબ્દનો યોગ છે' એમ કહી શકાશે નહીં. અહીં તો તદ્ધિતાન્ત શબ્દનો યોગ છે. આથી કર્મવાચક कट શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડી શકાશે નહીં.)

**(વિમર્શ)** આ સૂત્રમાં शेषे પદની અનુવૃત્તિ આવતી નથી. આથી 'શેષત્વની વિવક્ષામાં કર્તા કે કર્મને ષષ્ઠી વિભક્તિ લાગે છે' એમ કહેવાશે નહીં. અહીં કર્તા કે કર્મ અર્થમાં જ ષષ્ઠી વિભક્તિ પ્રવૃત્ત થાય છે, આ ષષ્ઠી વિભક્તિને "કારકષષ્ઠી" કહેવાય છે.

★

આ સૂત્રમાં આવેલું **"कृति"** પદ સતિસપ્તમી વિભક્તિમાં આવેલું છે. कृतिનો અર્થ कृद्योगे='કૃદન્ત શબ્દના યોગમાં' એવો કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે સપ્તમી વિભક્તિમાં આવેલા પદથી કોઈક પ્રકારની શરત રજૂ કરવામાં આવતી હોય છે. જેમકે, ૧. "જે શબ્દને કે વર્ણને કોઈ વ્યાકરણિક કાર્ય કરવું હોય તેનાથી અવ્યવહિત પરમાં અમુક શબ્દ કે વર્ણનો સંયોગ હોય ત્યારે-", ૨. "અમુક અર્થ અભિવ્યક્ત કરવો હોય ત્યારે-", ૩. "અમુક શબ્દનો કે વર્ણનો (વાક્યમાં ગમે ત્યાં) યોગ હોય ત્યારે-". પ્રસ્તુત સૂત્રમાં कृति પદ 'સતિસપ્તમી'માં આવેલું છે. આથી ઉપર્યુક્ત ત્રીજા પ્રકારની શરતનો બોધ થાય છે. એટલે કે कृति=कृद्योगे=કૃદન્ત શબ્દનો વાક્યમાં ગમે ત્યાં યોગ હોય ત્યારે (કર્તાને કે કર્મને ષષ્ઠી વિભક્તિ લાગે છે.) દા.ત. कृष्णस्य कृतिः । અહીં કૃદન્ત શબ્દ 'कृतिः'નો યોગ પાછળ છે, તો પણ કર્તૃવાચક

---

૯૫. अकथितञ्च । ૧-૪-૫૧ સૂત્રની વૃત્તિમાં દ્વિકર્મક ધાતુઓની યાદી રજૂ કરતી કારિકા જોવી. મૂળમાં સ્રુઘ્ન દેશ અધિકરણ કારક છે. તેની અવિવક્ષા કરીને, તેની કર્મ સંજ્ઞા જાહેર કરવામાં આવી છે.

कृष्ण શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. ब. नेता अश्वस्य स्रुघ्नस्य । અહીં કૃદન્ત શબ્દ 'नेता'નો પૂર્વમાં યોગ છે, તો પણ કર્મવાચક अश्व શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. क. जगतः कृष्णः कर्ता । અહીં કૃદન્ત શબ્દ 'कर्ता' અને કર્મવાચક जगत् શબ્દની વચ્ચે कृष्ण શબ્દ પડેલો છે; તો પણ કર્મવાચક जगत् શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. આમ **कृति** એટલે કૃદન્ત શબ્દનો વાક્યમાં (ગમે ત્યાં-આગળ, પાછળ કે અન્ય પદોના વ્યવધાનમાં પણ-) યોગ હોય ત્યારે કર્તૃવાચક અને કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ('**कृति** પદમાં સતિસપ્તમી વપરાઈ છે' એવું શાને આધારે નક્કી થાય છે ? અર્થાત્ कृति પદ સતિસપ્તમ્યન્ત છે એમાં કયું પ્રમાણ છે ? એની ચર્ચા હવે પછીના સૂત્રમાં કરવામાં આવશે.)

★

હવે એક મહત્ત્વના પ્રશ્નની વિચારણા કરીશું : સૂત્રમાં '**कृति**=કૃદન્ત શબ્દનો યોગ હોય ત્યારે' એવી શરત કેમ મૂકવામાં આવી છે ? અર્થાત્ કૃદન્ત શબ્દને બદલે, તદ્ધિત શબ્દનો યોગ હોય ત્યારે આ (૨-૩-૬૫) સૂત્ર પ્રવૃત્ત થાય કે નહીં ? ભાષ્યકાર પતંજલિ જણાવે છે કે કૃદન્ત શબ્દને બદલે જો તદ્ધિત (=તદ્ધિતાન્ત) શબ્દનો યોગ હોય તો આ સૂત્ર પ્રવૃત્ત થશે નહીં. જેમકે, **कृतपूर्वी कटम्** । 'પૂર્વે જેણે સાદડી બનાવી છે તેવી વ્યક્તિ.' અહીં **कृतपूर्विन्** શબ્દ તદ્ધિત (=તદ્ધિતાન્ત) છે. આથી કર્મવાચક **कट** શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડી શકાશે નહીં.

**कृतपूर्वी कटम्** । એટલે कटः पूर्वं कृतः अनेन । 'આ વ્યક્તિએ પહેલાં સાદડી બનાવી હતી.' અહીં **पूर्व** શબ્દ ક્રિયાવિશેષણ છે. તથા **पूर्वम्** શબ્દનો **कृतः** શબ્દની સાથે (सुप् सुपा । ૨-૧-૪ સૂત્રથી) સમાસ થયો છે : **कृतपूर्व** । ત્યાર પછી कृतपूर्व શબ્દને पूर्वाद् इनिः । ૫-૨-૮૬ અને सपूर्वाच्च । ૫-૨-૮૭ સૂત્રથી તદ્ધિતનો इनि > इन् પ્રત્યય લગાડવામાં આવે છે : कृतपूर्विन् । અહીં कृतपूर्विन् શબ્દમાં करोति ક્રિયા સંભળાય છે. બીજા શબ્દોમાં કહીએ તો कृतः એટલે 'બનાવેલું.' હવે √**कृ** (करोति < कृतः) ધાતુ સકર્મક હોઈ પ્રશ્ન થશે 'શું બનાવ્યું છે ? તો कट સાદડી બનાવી છે.' આમ **कृत** ક્રિયાની અપેક્ષાએ कट 'કર્મકારક' કહેવાય છે. બીજી તરફથી, √**कृ** ધાતુને કર્મણિ ભૂત કૃદન્તનો क्त > त પ્રત્યય લગાડીને **कृत** શબ્દ બનાવ્યો છે. આથી **कृत** શબ્દ 'કૃદન્ત' કહેવાશે. આથી કૃદન્ત **कृत** શબ્દના યોગે કર્મવાચક कट શબ્દને પ્રસ્તુત સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગવી જોઈએ-એવી કોઈને શંકા થાય. તો અહીં જણાવવામાં આવે છે કે પ્રસ્તુત વાક્યમાં કેવળ **कृत** શબ્દ વપરાયો નથી. **कृत** એવો કૃદન્ત શબ્દનો पूर्वની જોડે સમાસ થઈને તેને તદ્ધિતનો इन् પ્રત્યય લાગ્યો છે. તેથી તે कृतपूर्विन् શબ્દ કૃદન્ત=कृत् પ્રત્યયાન્ત ('कृत्' સંજ્ઞાવાળો પ્રત્યય છે અંતમાં જેની એવો શબ્દ) કહેવાશે નહીં. આ શબ્દ તદ્ધિત=તદ્ધિતાન્ત (તદ્ધિતનો इन् પ્રત્યય છે અંતમાં જેની એવો શબ્દ) કહેવાશે. પરિણામે આ ઉદાહરણ પ્રસ્તુત સૂત્ર (૨-૩-૬૫)ના કાર્યક્ષેત્રની બહાર નીકળી જાય છે. એટલે કે "તદ્ધિત શબ્દનો યોગ હોય ત્યારે કર્મવાચક ષષ્ઠી વિભક્તિ લગાડવી" એવું આ સૂત્રમાં કહ્યું નથી. માટે कटને ષષ્ઠી વિભક્તિ લાગશે નહીં.

આમ ભાષ્યકાર પતંજલિએ '**कृति**' એવી શરતનું પ્રયોજન દર્શાવતાં કહ્યું છે કે તદ્ધિત શબ્દનો યોગ હશે તો આ સૂત્ર લાગશે નહીં. આ પ્રયોજન સામે આપણને કોઈ વાંધો નથી, પરંતુ આ પ્રયોજન સમજાવવા એમણે જે ઉદાહરણ (**कृतपूर्वी कटम्** ) આપ્યું છે તે થોડું ચર્ચાસ્પદ છે :

कटः कृतः पूर्वम् अनेन । એવા વિગ્રહમાં **कृत** શબ્દનો पूर्वम् શબ્દની સાથે સમાસ જ થઈ શકશે નહીં. કારણ કે कृत શબ્દ સાપેક્ષ છે. એટલે કે कृतः સાંભળીએ એટલે આપણને આકાંક્ષા થાય કે 'શું બનાવ્યું ? (√**कृ** ધાતુ સકર્મક છે. એટલે करोति ક્રિયાનું કર્મ જાણવાની ઇચ્છા થાય છે.) આમ **कृत** શબ્દને કર્મવાચક कट શબ્દની અપેક્ષા રહે છે. હવે બે પદોનો સમાસ કરતી વખતે સામાન્ય નિયમ એવો છે કે સાપેક્ષ પદોનો સમાસ ન કરવો. આથી कटः कृतः पूर्वम् अनेन એવા વિગ્રહ વાક્યમાંથી **कृत** અને पूर्वનો સમાસ થશે નહીં; कृतपूर्व જેવો શબ્દ જ બનશે નહીં. આવો કોઈ શબ્દ જ બનશે નહીં તો તેને તદ્ધિતનો इन् પ્રત્યય લાગશે નહીં. એટલે કે कृतपूर्विन् જેવો તદ્ધિતાન્ત શબ્દ જ બનશે નહીં. આ તદ્ધિતાન્ત શબ્દનું ઉદાહરણ જ કહેવાશે નહીં. વળી, **कृत** શબ્દમાં કર્મણિ ભૂત કૃદન્તનો જે क्त > त પ્રત્યય લાગ્યો છે, તેનાથી કર્મ ઉક્ત (અભિહિત) છે. માટે તેને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત જ થવાની નથી. એટલે

## 624 (९३) उभयप्राप्तौ कर्मणि । पा. सू. २-३-६६

**(वृत्तिः) उभयोः प्राप्तिः यस्मिन् कृति तत्र कर्मणि एव षष्ठी स्यात् । (उदा०) आश्चर्यः गवां दोहः अगोपेन । ( वार्तिकम् ) १. *स्त्रीप्रत्यययोः अक-अकारयोः न अयं नियमः * । भेदिका बिभित्सा वा रुद्रस्य जगतः । २. *शेषे विभाषा * । -'स्त्रीप्रत्यये' इति एके । विचित्रा जगतः कृतिः हरेः/हरिणा वा । केचिद् अविशेषेण विभाषाम् इच्छन्ति । शब्दानाम् अनुशासनम् आचार्येण/आचार्यस्य वा ।।**

તેની નિવૃત્તિ કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. આમ તદ્ધિતાન્ત શબ્દના યોગે ષષ્ઠી વિભક્તિ ન વપરાતી હોય એના ઉદાહરણ તરીકે ભાષ્યકારે જે ( कृतपूर्वी कटम् ) ઉદાહરણ આપ્યું છે તે ચર્ચાસ્પદ છે.

ટીકાકારોએ આ ઉદાહરણની યોગ્યતા દર્શાવતાં કહ્યું છે કે પહેલા લૌકિક વિગ્રહ વાક્યને બદલે અલૌકિક વિગ્રહ વાક્ય कृत+अम् पूर्व+अम् રાખવું. આમાં કટ શબ્દનું સાંનિધ્ય નથી, એથી કર્મ રૂપે તેનો (√कृ ધાતુમાં) અન્વય કરવાનો પ્રશ્ન રહેતો નથી. આમ √कृ ધાતુ અકર્મક છે એમ માનીને नपुंसके भावे क्तः । ૩-૩-૧૧૪ સૂત્રથી 'ભાવ' અર્થમાં क्त > त પ્રત્યય લગાડીને (=કર્મ અર્થમાં क्त > त પ્રત્યય નહીં.) कृत શબ્દ બનાવી લેવો. હવે कृत શબ્દને कटની અપેક્ષા છે= **कृत** શબ્દ સાપેક્ષ છે-એમ કહેવાશે નહીં. એટલે कृत+अम् पूर्व+अम्નો સમાસ થઈ શકશે. હવે कृतपूर्व સમાસ બની ગયા પછી તેને તદ્ધિતનો इन् પ્રત્યય લગાડીને कृतपूर्विन् તદ્ધિતાન્ત શબ્દ બનાવી શકાશે. આવા कृतपूर्वीનો અર્થ 'पूर्वम् कृतवान्' (પહેલાં જેણે અમુક કાર્ય કર્યું છે તેવો) થશે. હવે किं कृतवान् ? એવી જિજ્ઞાસા ઊભી થશે. ત્યારે આપણે કહીશું कटम् पूर्वम् कृतवान् । આમ कृतपूर्वी બનાવી લીધા પછી જ કર્મકારક कट શબ્દનો અન્વય કરીશું. અહીં **कृत** શબ્દના क्त>त પ્રત્યયથી કર્મત્વ ઉક્ત (અભિહિત) નથી, કેમકે તે તો 'ભાવ' અર્થમાં આપણે લગાડ્યો હતો. એ જ પ્રમાણે, इनि>इन् પ્રત્યયથી પણ कट રૂપ કર્મ ઉક્ત નથી. કેમકે તે તો 'કર્તા' (કરનાર) અર્થમાં લાગ્યો છે. આવી સ્થિતિમાં, જો 'કૃદન્ત શબ્દનો યોગ હોય ત્યારે (જ) કર્મવાચક શબ્દને ષષ્ઠી લાગે છે' એમ નહીં કહ્યું હોય તો તદ્ધિતાન્ત શબ્દ -कृतपूर्वी-ના યોગે કર્મવાચક कट શબ્દને ષષ્ઠી લાગી જશે. આથી ભાષ્યકારના મતે સૂત્રમાં "कृति=कृद्योगे" એમ કહ્યું છે, તેથી તદ્ધિતાન્ત શબ્દના યોગે કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી. અને એનું ઉદાહરણ कृतपूर्वी कटम् । છે. આમ ભાષ્યકારે આપેલું ઉદાહરણ યુક્તિયુક્ત (તદ્ધિતાન્ત શબ્દના યોગવાળું) છે.

**(અનુ૦) જે કૃદન્ત શબ્દના યોગે બન્નેને-કર્તૃવાચક શબ્દને અને કર્મવાચક શબ્દને-ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય, ત્યાં કેવળ કર્મવાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. आश्चर्यः, गवां दोहः अगोपेन । 'આશ્ચર્ય છે કે અગોપ** (ગોવાળીઓ ન હોય તેવી) **વ્યક્તિએ ગાયોને દોહી.'** (અહીં दोहः શબ્દ કૃદન્ત -કૃત્ પ્રત્યયાન્ત- શબ્દ છે. આથી; જો પૂર્વસૂત્ર कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ને ધ્યાનમાં લઈએ તો કર્તૃવાચક अगोप અને કર્મકારક गो શબ્દને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે બન્ને શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૬ કહે છે કે કૃદન્ત શબ્દના યોગે જો બન્નેને ષષ્ઠી પ્રાપ્ત થાય તો ત્યાં કેવળ કર્મવાચક શબ્દને જ **ષષ્ઠી વિભક્તિ** લગાડવી. આથી ગોને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં (गवाम्) આવી છે; અને કર્તૃવાચક શબ્દ 'अगोप'ને कर्तृकरणयोस्तृतीया । ૨-૩-૧૮ સૂત્રથી તૃતીયા વિભક્તિ (अगोपेन) લગાડવામાં આવી છે.)

**વાર્તિક-૧ *अक પ્રત્યયાન્ત કે अ પ્રત્યયાન્ત** (કૃદન્ત) **શબ્દો સ્ત્રીલિંગમાં હોય ત્યારે તે શબ્દોના યોગે 'કર્મવાચક શબ્દને જ માત્ર ષષ્ઠી વિભક્તિ લાગે છે' એવો નિયમ નથી." અર્થાત્** આ સન્દર્ભમાં (કર્મવાચક શબ્દની જેમ) **કર્તૃવાચક શબ્દને પણ ષષ્ઠી વિભક્તિ લાગે છે. દા.ત. ૧. भेदिका रुद्रस्य जगतः । 'જગત્ ને ભેદી નાંખનાર રુદ્ર.'** (भिद् + કર્તા' અર્થમાં કૃદન્તનો अक + સ્ત્રીલિંગમાં आ=भेदिका । શબ્દ બન્યો છે. અહીં अक પ્રત્યયાન્ત શબ્દ સ્ત્રીલિંગમાં ફેરવ્યો છે. હવે આવા શબ્દના યોગે 'માત્ર કર્મવાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લાગે' એવો કોઈ નિયમ નથી. અર્થતઃ ફલિત થયું કે કર્તૃવાચક શબ્દને અને કર્મવાચક શબ્દને પણ ષષ્ઠી વિભક્તિ લાગે છે. આથી કર્મવાચક जगत् શબ્દને અને કર્તૃવાચક

रुद्र શબ્દને પણ ષષ્ઠી વિભક્તિ લાગી છે.) **२. बिभित्सा रुद्रस्य जगतः । 'જગત્‌ને ભેદી નાંખવાની ઇચ્છાયુક્ત રુદ્ર.'** (भिद्+ઇચ્છાર્થક કૃદન્તનો सन् પ્રત્યય, ધાતુનું દ્વિત્વ+अ પ્રત્યય+સ્ત્રીલિંગમાં आ=बिभित्सा । શબ્દ બન્યો છે. અહીં કર્મવાચક जगत् શબ્દને અને કર્તૃવાચક रुद्र શબ્દને પણ ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**વાર્તિક-૨ *शेषे विभाषा । આ વાર્તિકને ત્રણ રીતે સમજાવવામાં આવે છે :** (क) **"अक પ્રત્યય અને अ પ્રત્યય સિવાયના** ( કૃત્ ) **પ્રત્યયોના યોગે उभयप्राप्तौ कर्मणि ।** ૩-૩-૬૬ **સૂત્ર** વિકલ્પે **પ્રવૃત્ત થાય છે."**

**બીજા કેટલાક આચાર્યોના મતે- (ख) "अक** પ્રત્યયાન્ત અને अ પ્રત્યયાન્ત કૃદન્ત **શબ્દો સ્ત્રીલિંગમાં હોય ત્યારે उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ સૂત્ર** વિકલ્પે **પ્રવૃત્ત થાય છે."**

**વાર્તિક-૨ના પૂર્વોક્ત** (क) **અર્થઘટન મુજબ-विचित्रा जगतः कृतिः हरेः । અથવા विचित्रा जगतः कृतिः हरिणा । જેવા પ્રયોગો પ્રાપ્ત થાય છે.** (અહીં अक પ્રત્યય અને अ પ્રત્યય સિવાયનો-स्त्रियां क्तिन् । -૩/૩/૯૪- સૂત્રથી કૃત્=કૃદન્ત 'ति' પ્રત્યય √**कृ** ધાતુને લગાડીને कृति શબ્દ બનાવવામાં આવ્યો છે. આવા કૃદન્ત શબ્દના યોગે પ્રસ્તુત ૨-૩-૬૬ સૂત્ર વિકલ્પે પ્રવૃત્ત થશે. પરિણામે કર્તૃવાચક શબ્દને ક્યારેક ષષ્ઠી વિભક્તિ લાગશે અને ક્યારેક નહીં લાગે. આ નિયમ મુજબ કર્મવાચક जगत् શબ્દને તો નિત્ય ષષ્ઠી લાગી છે, પણ કર્તૃવાચક हरि શબ્દને એકવાર ષષ્ઠી વિભક્તિ લાગી છે અને બીજીવાર ષષ્ઠી વિભક્તિના વિકલ્પમાં તૃતીયા વિભક્તિ લાગી છે.)

**કેટલાક આચાર્યો અવિશેષ** (=સામાન્ય) **રૂપે उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ સૂત્રની વૈકલ્પિક પ્રવૃત્તિ ઇચ્છે છે. અર્થાત્ (ग) "સ્ત્રીલિંગમાં હોય કે ન હોય; अक પ્રત્યયાન્ત, अ પ્રત્યયાન્ત, ति પ્રત્યયાન્ત; કે બીજો કોઈ પણ 'કૃત્ પ્રત્યય લાગીને બનેલો કૃત્ પ્રત્યયાન્ત'=કૃદન્ત શબ્દ હોય તો તેના યોગે કર્તૃવાચક શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે,** (અને કર્મવાચક શબ્દને તો નિત્ય ષષ્ઠી વિભક્તિ લાગે છે.)" **દા.ત. शब्दानाम् अनुशासनम् आचार्येण । અથવા शब्दानाम् अनुशासनम् आचार्यस्य ।** (અહીં अनु+√शास् ધાતુને 'अन' કૃત્ પ્રત્યય લાગીને अनुशासन શબ્દ બન્યો છે. આ કૃદન્ત શબ્દ સ્ત્રીલિંગમાં નથી; अक પ્રત્યયાન્ત, अ પ્રત્યયાન્ત કે ति પ્રત્યયાન્ત પણ નથી. આવા (अन પ્રત્યયાન્ત) કૃદન્ત શબ્દના યોગે કર્તૃવાચક आचार्य શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગી છે. જ્યાં ષષ્ઠી વિભક્તિ લાગી નથી ત્યાં તૃતીયા વિભક્તિ લાગી છે.)

**(વિમર્શ)** 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોમાં જ્યાં જ્યાં સપ્તમી વિભક્તિ વપરાઈ છે તેનું અર્થઘટન કરવા માટે પાણિનિએ **तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य** । ૧-૧-૬૬ પરિભાષા સૂત્ર આપ્યું છે. આ સૂત્ર કહે છે કે સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરીને જે કાર્યનું વિધાન કર્યું હોય તે કાર્ય સપ્તમી વિભક્તિમાં નિર્દેશેલા નિમિત્તની અવ્યવહિત પૂર્વમાં (=બરાબર આગળ) આવેલા અંશને થાય છે. દા.ત. **इको यण्-अचि** । ૬-૧-૭૭ 'अच् (સ્વર)ની અવ્યવહિત પૂર્વમાં આવેલા इक् (इ उ ऋ लृ) ને यण् (य् व् र् ल्) થાય છે.' (સુધી+**उपास्य** । અહીં **'उ'** अच् (સ્વર)ની અવ્યવહિત પૂર્વમાં આવેલા **धी** > ईने य् થાય છે. सुध् य् + उपास्य=सुध्युपास्यः). અહીં अचि પદ સપ્તમી વિભક્તિમાં આવેલું છે. આથી તે अच्‌ની અવ્યવહિત પૂર્વમાં આવેલા इक्‌ને જ यण् થાય છે. એવી રીતે कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ સૂત્રમાં જો 'कृति' પદ સપ્તમ્યન્ત હોય તો તે સૂત્રનો અર્થ આ પ્રમાણે થશે : -

"કૃદન્ત શબ્દની અવ્યવહિત પૂર્વમાં (=બરાબર આગળ) આવેલા કર્તૃવાચક કે કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવી જોઈએ." જેમકે, आश्चर्यः, गवां दोहः अगोपेन । અહીં કૃદન્ત શબ્દ दोहः‌ની અવ્યવહિત પૂર્વમાં કર્મવાચક गो શબ્દ આવેલો છે, તેને જ ષષ્ઠી વિભક્તિ ( गवाम् ) લાગશે. આ અર્થઘટન મુજબ, કોઈ પણ વાક્યમાં કૃદન્ત શબ્દની અવ્યવહિત પૂર્વમાં (=બરાબર આગળ) ગમે તે એક જ-કર્તૃવાચક કે કર્મવાચક- શબ્દ આવી શકશે. આમ **उभयप्राप्तौ कर्मणि** । ૨-૩-૬૬ સૂત્ર જ અસંગત બની રહેશે. આ મુદ્દાને વિસ્તારથી સમજીશું :

उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ સૂત્ર કહે છે કે કૃદન્ત શબ્દના યોગે જો બન્ને (કર્તૃવાચક અને કર્મવાચક) શબ્દોને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય તો ત્યાં કેવળ કર્મવાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવી. પરંતુ અહીં એક પ્રશ્ન પૂછવામાં આવે છે : કર્તૃવાચક અને કર્મવાચક એમ બન્ને શબ્દોને કૃદન્તનો યોગ કેવી રીતે હોઈ શકે ? જેમકે, कृष्णः जगतः

कर्ता । અહીં કૃદન્ત 'कर्ता' શબ્દની બરોબર આગળ (અવ્યવહિત પૂર્વમાં) કેવળ કર્મવાચક जगत् શબ્દ જ છે, કર્તૃવાચક कृष्ण શબ્દ તો થોડો દૂર (વ્યવહિત) છે. માટે એકી સાથે બન્નેનો કૃદન્ત શબ્દની સાથે યોગ છે એમ કહી શકાશે નહીં. હવે બન્ને કર્તૃવાચક અને કર્મવાચક (ઉભય)નો જો કૃદન્ત શબ્દની સાથે, એકી સાથે યોગ નહીં રહેતો હોય તો બન્નેને ષષ્ઠી વિભક્તિ પણ પ્રાપ્ત થશે નહીં. જે એક કર્તૃવાચક કે કર્મવાચકનો યોગ હશે તેને જ ષષ્ઠી વિભક્તિ લાગશે. આમ "બન્નેને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત હોય ત્યારે (उभयप्राप्तौ)', કર્મવાચકને ષષ્ઠી વિભક્તિ લાગે છે; કર્તૃવાચકને નહીં" એવો નિષેધ રજૂ કરવાની જરૂર નથી.

પરંતુ પાણિનિનું કોઈ સૂત્ર અસંગત તો હોઈ જ ન શકે. આથી कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫નું અર્થઘટન ફરીથી વિચારવું પડશે. જેમકે, આ (૨-૩-૬૫) સૂત્રના कृति પદને સપ્તમ્યન્ત લેવાથી (ઉપર ચર્ચા કર્યા મુજબ) ૨-૩-૬૬ સૂત્ર અસંગત બની જાય છે. આથી જ્ઞાપિત થાય છે કે ૨-૩-૬૫નું कृति પદ સપ્તમ્યન્ત નથી; પણ સતિ-સપ્તમીમાં આવેલું છે. આવું માનવાથી નીચે મુજબનો સૂત્રાર્થ પ્રાપ્ત થાય છે.

"કૃદન્ત શબ્દનો વાક્યમાં (ગમે ત્યાં- આગળ, પાછળ કે અન્ય પદોના વ્યવધાનમાં પણ) યોગ હોય ત્યારે કર્તૃવાચક અને કર્મવાચક (બન્ને) શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે."

આમ कृति પદને સતિસપ્તમ્યન્ત તરીકે લઈએ છીએ ત્યારે જ વાક્યમાં, કૃદન્ત શબ્દના યોગમાં કર્તૃવાચક અને કર્મવાચક-શબ્દોને એકી સાથે ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. હવે આ સન્દર્ભમાં, (ઉભય-કર્તૃવાચક અને કર્મવાચકપદોને ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે ત્યારે) उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ એવું સૂત્ર રજૂ કરવામાં આવે છે. આ સૂત્ર કહે છે કે જ્યારે વાક્યમાં કૃદન્ત શબ્દના યોગે કર્તૃવાચક અને કર્મવાચક બન્નેને ષષ્ઠી પ્રાપ્ત થાય ત્યારે કેવળ કર્મવાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવી; (કર્તૃવાચકને ષષ્ઠી વિભક્તિ ન લગાડવી, તેને તો તૃતીયા વિભક્તિ લગાડવી.) જેમકે, आश्चर्यः, गवां दोहः अगोपेन । (અહીં કેવળ કર્મવાચક गो શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવી છે.)

આમ कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ સૂત્રનું कृति પદ સતિસપ્તમીમાં આવેલું છે એનું પ્રમાણ उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૩૬ સૂત્ર છે.

★

પ્રસ્તુત સૂત્ર (उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬)થી જણાવવામાં આવે છે કે કૃદન્ત શબ્દના યોગે બન્ને કર્તૃવાચક અને કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગવા આવે ત્યારે કેવળ કર્મવાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લાગે છે. અર્થાત્ **કર્તૃવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.** આમ આ સૂત્રનું વિધિમાં તાત્પર્ય નથી, પણ નિષેધમાં તાત્પર્ય છે.

कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ સૂત્રથી વાક્યમાં કૃદન્ત શબ્દનો યોગ હોય ત્યારે -જો કર્તૃવાચક શબ્દ વપરાયો હશે તો તેને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. જેમકે, कृष्णस्य कृतिः । તથા વાક્યમાં જો કર્મવાચક શબ્દ વપરાયો હોય તો તેને પણ આ જ (૨-૩-૬૫) સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે. પરંતુ એક જ વાક્યમાં તે બન્ને -કર્તૃવાચક અને કર્મવાચક- શબ્દો વપરાયા હશે તો ત્યાં પણ कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫થી તે બન્ને શબ્દોને ષષ્ઠી વિભક્તિ લાગવા આવશે. આ સ્થિતિમાં उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬થી કર્તૃવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ ન લગાડવી એવો નિષેધ રજૂ કરવામાં આવે છે; અને कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫થી કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે.[૯૬]

★

આ સૂત્ર ઉપરની વૃત્તિમાં રજૂ કરેલ વાર્તિક-૨ *शेषे विभाषा*ને ત્રણ રીતે સમજાવવામાં આવે છે : (૧) વાર્તિક-૧ના અનુસન્ધાનમાં शेषेનો અર્થ કરીએ તો- "अक પ્રત્યય अ પ્રત્યય સિવાયના કૃત્ પ્રત્યયોના યોગે उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ સૂત્ર વિકલ્પે પ્રવૃત્ત થાય છે."

---

૯૬. पूर्वसूत्रेणैव सिद्धे नियमार्थमिदमिति ध्वनयति 'कर्मणि एव' इति । एवं च कर्तरि षष्ठीप्रतिषेधोऽस्य सूत्रस्य फलम् , न तु कर्मणि षष्ठीविधानमिति स्थितम् ।। (तत्त्वबोधिनी)

625 (૯૪) **क्तस्य च वर्तमाने । पा. सू. २-३-६७**

626 (૯૫) **अधिकरणवाचिनश्च । पा. सू. २-३-६८**

---

**(वृत्तिः) वर्तमानार्थस्य क्तस्य योगे षष्ठी स्यात् ।। 'न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् । २-३-६९' इति निषेधस्य अपवादः ।। (उदा०) राज्ञां मतः/बुद्धः/पूजितो वा ।।**

**(वृत्तिः) क्तस्य योगे षष्ठी स्यात् ।। (उदा०) इदम् एषाम् आसितम्/शयितम्/गतम्/भुक्तम् वा ।।**

---

અથવા

(૨) વાર્તિક-૧ના અનુસન્ધાનમાં शेषेનો અર્થ કરતી વખતે स्त्रीप्रत्यये એટલું વિશેષણ (વાચક પદ) જોડાયા પછી અર્થ કરીએ તો- "अक પ્રત્યયાન્ત અને अ પ્રત્યયાન્ત કૃદન્ત શબ્દો સ્ત્રીલિંગમાં હોય ત્યારે **उभयप्राप्तौ कर्मणि** । ૨-૩-૬૬ સૂત્ર વિકલ્પે પ્રવૃત્ત થાય છે."

અથવા

(૩) સ્વતન્ત્ર રૂપે વાર્તિક-૨નો અર્થ કરીએ તો (અર્થાત્ વાર્તિક-૧ના અનુસન્ધાનમાં નહીં, પણ, ૨-૩-૬૬ સૂત્રના જ સન્દર્ભમાં વાર્તિક-૨ને સમજીએ તો)- उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ સૂત્ર વિકલ્પે પ્રવૃત્ત થાય છે." (એટલે કે સ્ત્રીલિંગમાં હોય કે ન હોય તેવા अक પ્રત્યયાન્ત, अ પ્રત્યયાન્ત, ति પ્રત્યયાન્ત કે બીજો કોઈ પણ કૃત્ પ્રત્યય લાગીને બનેલો કૃદન્ત શબ્દ હોય તો તેના યોગે કર્તૃવાચક શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે. તથા કર્મવાચક શબ્દને તો નિત્ય ષષ્ઠી વિભક્તિ લાગે છે.) 624

**(અનુ૦) "વર્તમાન (કાળ) અર્થમાં क्त > त પ્રત્યય લાગીને જે કૃદન્ત શબ્દ બન્યો હોય, તેના યોગમાં** (કર્તૃવાચક શબ્દને) **ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે."**

**न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम्** । ૨-૩-૬૯ **એવા આગળ ઉપર આવતા સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો જે નિષેધ રજૂ કરવામાં આવ્યો છે; તેનો નિષેધ કરવા માટે આ ૨-૩-૬૭ અપવાદ** (બાધક) **સૂત્ર રજૂ કરવામાં આવ્યું છે.** (અર્થાત્ ૨-૩-૬૯ નિષેધ સૂત્રનો નિષેધ કરવા માટે ૨-૩-૬૭ અપવાદસૂત્ર રજૂ કર્યું છે.)

**આ સૂત્રનાં ઉદાહરણો :**

**(૧) राज्ञां मतः । રાજાનો મત (ઇચ્છા). (૨) राज्ञां बुद्धः । રાજાથી** જ્ઞાત. **(૩) राज्ञां पूजितः । રાજાથી પૂજિત (પૂજાયેલો).**

**(વિમર્શ)** સામાન્ય રીતે क्त પ્રત્યય 'કર્મણિ ભૂતકૃદન્ત' રૂપે પ્રયોજાય છે. એટલે કે તે મહદંશે ભૂતકાળનો અર્થ વ્યક્ત કરે છે. પરંતુ ત્રણ ધાતુના સન્દર્ભમાં તે વર્તમાનકાળનો અર્થ આપે છે. જેમકે, **मतिबुद्धिपूजार्थेभ्यः च** । ૩-૨-૧૮૮ સૂત્રથી મતિ=ઇચ્છા, બુદ્ધિ (જાણવું) અને પૂજાર્થક ધાતુઓને વર્તમાન અર્થમાં કર્મણિ ભૂતકૃદન્તનો 'क्त' પ્રત્યય લાગે છે. આ ત્રણ ધાતુઓને क्त પ્રત્યય લાગીને જે કૃદન્ત શબ્દ બને છે તેના યોગમાં કર્તૃવાચક राजन् શબ્દને ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

જો કર્મણિ ભૂતકૃદન્તનો क्त પ્રત્યય 'ભૂતકાલ' અર્થમાં જ આ ત્રણ ધાતુઓને લાગ્યો હોય તો ત્યાં કર્તૃવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી. જેમકે, पूजितो यः सुरासुरैः । 'દેવો અને દાનવો વડે (ભૂતકાળમાં) પૂજાયેલો.' અહીં पूजित એવો કૃદન્ત શબ્દ ભૂતકાલનો અર્થ આપે છે. માટે કર્તૃવાચક सुरासुर શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી નથી.

બીજું, "૨-૩-૬૯ નિષેધસૂત્રનો નિષેધ કરવા માટે આ ૨-૩-૬૭ અપવાદ (=બાધક) સૂત્ર રજૂ કર્યું છે" -આ વાક્યની સમજૂતી આગળ ઉપર આપવામાં આવશે. 625

**(અનુ૦) "('અધિકરણ અર્થમાં) क्त > त પ્રત્યય લાગીને જે કૃદન્ત શબ્દ બન્યો હોય, તેના યોગમાં** (કર્તૃવાચક શબ્દને) **ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે."** ઉદા.ત.

627 . (९६) **न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् । पा. सू. २-३-६९**

(न ल-उ-उक-अव्यय-निष्ठा-खलर्थ-तृनाम्)

**(वृत्तिः) एषां प्रयोगे षष्ठी न स्यात् ।। १. लादेश-कुर्वन् / कुर्वाणः वा सृष्टिं हरिः । २. उ-हरिं दिदृक्षुः । (हरिं) अलङ्करिष्णुः वा । ३. उक-दैत्यान् घातुकः हरिः । (वार्तिकम् ) *कमेः अनिषेधः * । लक्ष्म्याः कामुकः हरिः ।। ४. अव्ययम्-जगत् सृष्ट्वा । सुखं कर्तुम् ।। ५. निष्ठा-विष्णुना हता दैत्याः । दैत्यान् हतवान् हरिः ।। ६. खलर्थाः -ईषत्करः प्रपञ्चः हरिणा ।। ७. 'तृन्' इति प्रत्याहारः, 'शतृ-शानचौ' इति तृशब्दाद् आरभ्य आतृनः नकारात् । (क) शानन्-सोमं पवमानः । (ख) चानश्-आत्मानं मण्डयमानः । (ग) शतृ-वेदम् अधीयन् । (घ) तृन्-कर्ता लोकान् ।।**

**(वार्तिकम्) *द्विष शतुर्वा* । (उदा०) मुरस्य मुरं वा द्विषन् ।। सर्वः अयं कारकषष्ठ्याः प्रतिषेधः । शेषे षष्ठी (२-३-५०) तु स्याद् एव ।। (उदा०) ब्राह्मणस्य कुर्वन् । नरकस्य जिष्णुः ।।**

---

(१) **इदम् एषाम् आसितम् । આ એમનું બેસવાનું** (સ્થળ) **છે.**

(२) **इदम् एषाम् शयितम् । આ એમનું સુવાનું** (સ્થાન) **છે.**

(३) **इदम् एषाम् गतम् । આ એમના જવાનો** (માર્ગ) **છે.**

(४) **इदम् एषाम् भुक्तम् । આ એમનું જમવાનું** (આસન) **છે.** (જુઓ : મુદ્રારાક્ષસ)

**(વિમર્શ)** કર્મણિ ભૂતકૃદન્તનો क्त પ્રત્યય ક્યારેક 'અધિકરણ' અર્થમાં પણ લાગે છે, જેમકે, **क्तोऽधिकरणे च०** । ૩-૪-૭૬ "ધાતુને 'અધિકરણ' અર્થમાં क्त પ્રત્યય લાગે છે." આથી आस्यते अस्मिन् इति आसितम् । शेते अस्मिन् इति शयितम् । વગેરે રૂપો સિદ્ધ થાય છે.

૨-૩-૬૭થી જેમ, આ ૨-૩-૬૮ સૂત્ર પણ ૨-૩-૬૯ નિષેધસૂત્રનો નિષેધ કરવા માટે છે. 626

**(અનુ૦) લકારના સ્થાનમાં થયેલ આદેશ સ્વરૂપ ' કૃત્ ' પ્રત્યયાન્ત** (=કૃદન્ત) **શબ્દો, उ પ્રત્યયાન્ત શબ્દ, उकञ् (उक) પ્રત્યયાન્ત શબ્દ, અવ્યય સ્વરૂપ કૃદન્ત શબ્દો, 'નિષ્ઠા' સંજ્ઞાવાળા-૧.** (કર્મણિ ભૂતકૃદન્ત) **क्त>त પ્રત્યયાન્ત શબ્દો, અને ૨.** (કર્તરિ ભૂતકૃદન્ત) **क्तवतु>तवत् પ્રત્યયાન્ત શબ્દો, खल् પ્રત્યયના** અર્થવાળા **કૃદન્ત શબ્દો અને तृन् પ્રત્યાહારમાં આવતા પ્રત્યયો લાગીને જે** (કૃદન્ત) **શબ્દો બન્યા** હોય; **તેમનો જો** વાક્યમાં **થયો** હોય **તો** (કર્તૃવાચક અને કર્મવાચક શબ્દને) **ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.**

ઉદા.ત. :

**૧. લકારના સ્થાનમાં**[૯૭] **થયેલ આદેશ સ્વરૂપ કૃત્ પ્રત્યયાન્ત શબ્દો : कुर्वन् सृष्टिं हरिः । 'સૃષ્ટિની રચના કરતાં શ્રીહરિ.' कुर्वाणः सृष्टिं हरिः । 'સૃષ્ટિની રચના કરતાં શ્રીહરિ'** [√कृ ધાતુને વર્તમાનકાળમાં लट् લકાર જોડવામાં આવે છે. (कृ + लट् > कृ + ल) । ત્યાર પછી लटः शतृशानचौ अप्रथमा समानाधिकरणे । ૩-૨-૧૨૪ સૂત્રથી लट् > ल्‌ના સ્થાનમાં-લ્‌ની જગ્યાએ-'વર્તમાન કૃદન્તના' ૧. शतृ > अत् (પરસ્મૈપદમાં) અને ૨. शानच् > आन (આત્મનેપદમાં) પ્રત્યયો થાય છે : कृ + ल् > अत् = कुर्वत् > પુંલિંગ પ્રથમા વિભક્તિ એકવચનમાં कुर्वन् ।। અને कृ + ल्— आन=कुर्वान > પુંલિંગ પ્રથમા એકવચનમાં कुर्वाणः ।।

---

૯૭. પાણિનિએ 'કાળ' અને 'અર્થ' (mood) દર્શાવવા માટે લ્કારવાળી જુદી જુદી દશ કૃત્રિમ સંજ્ઞાઓ વાપરી છે. દા.ત. 'વર્તમાન કાળ માટે लट्, પરોક્ષ ભૂતકાળ માટે लिट् , અનદ્યતન ભવિષ્યત્કાળ लुट् , આજ્ઞાર્થ માટે लोट् વગેરે. આ દરેકને લકાર કહેવાય છે. આવા લકારના સ્થાનમાં આદેશ રૂપે કોઈ કૃત્ પ્રત્યય આવે, તે કાળવાચક કૃદન્ત બને છે.

અહીં લ્કારના સ્થાનમાં થયેલ આદેશ સ્વરૂપ કૃત્ પ્રત્યયાન્ત -कुर्वन् અને कुर्वाण-રૂપો વાક્યમાં વપરાયાં છે. આથી તેમના યોગે કર્તૃવાચક हरि શબ્દને **कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫** સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગવા આવી. ત્યારે **उभयप्राप्तौ कर्मणि** । ૨-૩-૬૬થી તેનો નિષેધ કરવામાં આવે છે. પરંતુ કર્મવાચક **सृष्टि** શબ્દને તો ષષ્ઠી (૨-૩-૬૫, ૬૬થી) લાગવા આવશે જ. આથી તેનો પ્રસ્તુત સૂત્ર (न लोकाव्यय०) ૨-૩-૬૯થી નિષેધ કરવામાં આવે છે. હવે અભિહિત કર્તા અર્થમાં हरिને પ્રથમા વિભક્તિ લાગી છે અને અનભિહિત કર્મ અર્થમાં सृष्टिને દ્વિતીયા વિભક્તિ લાગી છે.]

**૨. उ પ્રત્યયાન્ત** (કૃદન્ત) **શબ્દ:-हरिं दिदृक्षुः । हरिं अलङ्करिष्णु ।** [અહીં √दृश (पश्य) ધાતુનું ઇચ્છાદર્શક दिदृक्ष् અંગ બનાવીને, તેને 'કર્તા' અર્થમાં **सनाशंसभिक्ष उः** । ૩-૨-૧૬૮ સૂત્રથી उ પ્રત્યય લગાડવામાં આવે છે > **दिदृक्षुः** (હરિને) જોવાની ઇચ્છાવાળો.' એ જ પ્રમાણે, अलम् + √कृ + इष्णु = अलङ्करिष्णुः= '(હરિને) શણગારવાની ઇચ્છાવાળો.' અહીં 'કર્તા' અર્થમાં લાગેલો उ પ્રત્યય 'કૃત્ પ્રત્યય' છે. આથી તે दिदृक्षु શબ્દને 'કૃદન્ત' શબ્દ કહેવાશે. આવા શબ્દના યોગે કર્મવાચક हरि શબ્દને ષષ્ઠી વિભક્તિ (૨-૩-૬૬થી) લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯ તેનો બાધ કરે છે. આથી કર્મવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.]

**૩. उक (उकञ्) પ્રત્યયાન્ત** (કૃદન્ત) **શબ્દ:-दैत्यान् घातुकः हरिः ।** (અહીં √हन् ધાતુને **लषपतपदस्थाभूवृषहनकमगमशृभ्य उकञ्** । ૩-૨-૧૫૪ સૂત્રથી उकञ् પ્રત્યય લાગીને घातुक શબ્દ બન્યો છે. આ કૃદન્ત શબ્દના યોગમાં કર્મવાચક दैत्य શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ કરવામાં આવે છે.)

(उकञ् પ્રત્યયના સન્દર્ભમાં એક વાર્તિકઃ- ) * **"√कम** (કામના કરવી) **ધાતુને उकञ् પ્રત્યય લાગીને कामुक શબ્દ બન્યો હોય તો તે શબ્દના યોગે "કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી' એવો નિષેધ લાગતો નથી** (અર્થાત્ આ સન્દર્ભમાં કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગે છે)" ***જેમકે, लक्ष्म्याः कामुकः हरिः । 'હરિ લક્ષ્મીનો કામુક** (ઇચ્છુક) **છે.** (અહીં √कम ધાતુને उकञ् પ્રત્યય લાગીને कामुक શબ્દ બન્યો છે. તેના યોગે કર્મવાચક **लक्ष्मी** શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી છે. અર્થાત્ આ સન્દર્ભમાં, પ્રસ્તુત સૂત્રોક્ત ષષ્ઠી વિભક્તિનો નિષેધ લાગતો નથી.

**૪. અવ્યય સ્વરૂપ કૃદન્ત શબ્દો :- जगत् सृष्ट्वा ।** (क्त्वा પ્રત્યય-સંબંધક ભૂત કૃદન્ત) **'જગત્ ને સર્જીને.' सुखं कर्तुम् ।** (तुम् પ્રત્યય=હેત્વર્થ કૃદન્ત) **'સુખ કરવા માટે.'** (અહીં પહેલા ઉદાહરણમાં त्वा પ્રત્યયાન્ત સંબંધક ભૂતકૃદન્ત सृष्ट्वा શબ્દના યોગે કર્મવાચક जगत् શબ્દને ષષ્ઠી વિભક્તિ -૨-૩-૬૬થી-લાગવા આવે છે. પરંતુ ૨-૩-૬૯ સૂત્રથી તેનો નિષેધ થઈ જાય છે. બીજા ઉદાહરણમાં तुम् પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્ત कर्तुम् શબ્દના યોગે કર્મવાચક सुख શબ્દને ષષ્ઠી વિભક્તિ-૨-૩-૬૬થી-લાગવા આવે છે. પરંતુ આ ૨-૩-૬૯ સૂત્રથી તેનો નિષેધ થઈ જાય છે. આથી કર્મવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.)[૯૮]

**૫. 'નિષ્ઠા' સંજ્ઞાવાળા क.** (કર્મણિ ભૂતકૃદન્ત) **क्त>त પ્રત્યયાન્ત** શબ્દો અને ख. (કર્તરિ ભૂતકૃદન્ત) **क्तवतु>तवत् પ્રત્યયાન્ત શબ્દો : विष्णुना हता दैत्याः । 'વિષ્ણુ વડે દૈત્યો હણાયા.'** 'विष्णुः हतवान् **दैत्यान् । 'વિષ્ણુએ દૈત્યોને હણ્યા.'** (અહીં પાણિનિએ કર્મણિ ભૂતકૃદન્તના क्त > त પ્રત્યયની, તથા કર્તરિ ભૂતકૃદન્તના क्तवतु > तवत् પ્રત્યયની 'નિષ્ઠા' સંજ્ઞા પાડી છે.[૯૯] અહીં √हन् ધાતુને તે બે પ્રત્યયો લાગીને हत અને हतवान् જેવા કૃદન્ત શબ્દો બન્યા છે. આ શબ્દોના યોગે કર્મવાચક दैत्य શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગવા આવી, પણ પ્રસ્તુત ૨-૩-૬૯ સૂત્ર તેનો નિષેધ કરે છે. આથી જે વાક્યમાં કર્મણિ ભૂતકૃદન્ત हत શબ્દ વપરાયો છે તેમાં કર્મવાચક दैत्य શબ્દને પ્રથમા વિભક્તિ લગાડી છે અને જે વાક્યમાં કર્તરિ ભૂતકૃદન્ત हतवान् શબ્દ વપરાયો છે તેમાં કર્મવાચક दैत्य શબ્દને દ્વિતીયા વિભક્તિ લાગી છે.)

**૬. खल् પ્રત્યયના અર્થવાળા કૃદન્ત શબ્દો : ईषत्करः प्रपञ्चः हरिणा । 'હરિએ સંસાર સુખકર બનાવ્યો છે.'** (અહીં

૯૮. त्वा પ્રત્યયાન્ત (તથા य પ્રત્યયાન્ત) સંબંધક ભૂતકૃદન્ત અને तुम् પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તોને 'અવ્યય' જાહેર કરવામાં આવ્યાં છે. कृन्मेजन्तः । (૧-૧-૩૯ અને कत्वातोसुन्कसुनः । ૧-૧-૪૦)
આવા શબ્દોના યોગે કર્મવાચક શબ્દોને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.

૯૯. क्तक्तवतू निष्ठा । ૧-૧-૨૬

ईषद् दुस्सुषु कृच्छ्राकृच्छ्रार्थेषु खल् । ૩-૩-૧૨૬ સૂત્રથી ईषद् + √कृ + खल्>ईषत्करः એવો કૃદન્ત શબ્દ બન્યો છે. આ શબ્દના યોગે કર્મવાચક प्रपञ्च શબ્દને ૨-૩-૬૬ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ કરવામાં આવે છે. (ईषत्करः શબ્દમાં खल् પ્રત્યય 'કર્મ' અર્થમાં લાગ્યો છે. તેથી કર્મ प्रपञ्च ઉક્ત-અભિહિત-બને છે. આવા અભિહિત કર્મને પ્રથમા વિભક્તિ લાગી છે.

खल् પ્રત્યયનો જે અર્થ છે તે અર્થવાળો युच् પ્રત્યય પણ છે. આ युच् પ્રત્યય લાગીને જે કૃદન્ત શબ્દ બન્યો હોય તેના યોગે પણ ષષ્ઠી વિભક્તિનો નિષેધ થાય છે. જેમકે, ईषत्पानः सोमः भवता । 'આપે સોમનું સુખદ પાન કર્યું.' અહીં ईषत् + √पा (पिब) + यु > अन = ईषत्पानः । શબ્દના યોગે કર્મવાચક सोम શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્રથી તેનો નિષેધ થાય છે.)

**૭. 'तृन् એક પ્રત્યાહાર છે.[100] આ પ્રત્યાહારમાં लटः शतृशानचौ० । ૩-૨-૧૨૪ સૂત્રસ્થ तृथी શરૂ કરીને तृन् । ૩-૨-૧૩૫ સૂત્રસ્થ तृन्ના न् કાર સુધી જતાં, તે બેની વચ્ચે આવતાં બધા પ્રત્યયોનું ગ્રહણ કરવાનું છે. દા.ત. (૧) शानन् પ્રત્યય - सोमं पवमानः । 'સોમને પવિત્ર કરતો.'** (અહીં पूङ्यजोः शानन् । ૩-૨-૧૨૮થી √पूञ् पवने ધાતુને शानन् પ્રત્યય લાગીને पवमान કૃદન્ત શબ્દ બન્યો છે. આ શબ્દના યોગે કર્મવાચક सोम શબ્દને ૩-૨-૬૬થી ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ થાય છે. ત્યાર પછી કર્મવાચક सोम શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.)

**દા.ત. (૨) चानश् પ્રત્યય-'आत्मानं मण्डयमानः । 'પોતાને શણગારતો.'** (અહીં ताच्छील्यवयोवचनशक्तिषु चानश् । ૩-૨-૧૨૯ સૂત્રથી √मडि भूषायां हर्षे च । ધાતુને चानश् પ્રત્યય લાગીને मण्डयमानः કૃદન્ત શબ્દ બન્યો છે. આ શબ્દના યોગે કર્મવાચક आत्मन् શબ્દને ૨-૩-૬૬ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ થાય છે. આથી તે કર્મવાચક શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**દા.ત. (૩) शतृ પ્રત્યય-'वेदम् अधीयन् । 'વેદને ભણતો.'** (અહીં लटः शतृशानचौ० । ૩-૨-૧૨૪ સૂત્રથી વર્તમાન કૃદન્તનો √शतृ>अत् પ્રત્યય अधि+√इङ् ધાતુને લાગ્યો છે=अधीयन् । આ શબ્દના યોગે કર્મવાચક वेद શબ્દને ૨-૩-૬૬થી ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ કરવામાં આવે છે. આથી કર્મવાચક वेद શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**દા.ત. (૪) तृन् પ્રત્યય-'कर्ता लोकान् । 'લોકનું સર્જન કરનાર.'** (અહીં तृन् । ૩-૨-૧૩૫ સૂત્રથી √कृ ધાતુને કર્તૃ અર્થમાં तृन् પ્રત્યય લાગીને कर्तृ>कर्ता શબ્દ બન્યો છે. આ શબ્દના યોગે કર્મવાચક लोक શબ્દને ષષ્ઠી વિભક્તિ ૨-૩-૬૬ સૂત્રથી લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ થાય છે. આથી તે કર્મવાચક लोक શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.)

(शतृ પ્રત્યયના સન્દર્ભમાં એક વાર્તિકઃ-) *"**√द्विष ધાતુને વર્તમાન કૃદન્તનો शतृ પ્રત્યય લાગીને द्विषन् શબ્દ બન્યો હોય તો, તેના યોગે કર્મવાચક શબ્દને ૨-૩-૬૬થી જે ષષ્ઠી વિભક્તિ લાગવા આવે તેનો પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી વિકલ્પે નિષેધ થાય છે." જેમકે, मुरस्य द्विषन् । मुरं द्विषन् । 'મુર નામના રાક્ષસનો દ્વેષ કરતા (કૃષ્ણ).'** (અહીં शतृ પ્રત્યયાન્ત द्विषन् શબ્દના યોગે ષષ્ઠી વિભક્તિનો વિકલ્પે નિષેધ થાય છે. આથી કર્મવાચક मुर શબ્દને ક્યારેક ષષ્ઠી વિભક્તિ લાગે છે અને ક્યારેક નથી લાગતી.)

**પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી ષષ્ઠી વિભક્તિનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે 'કારકષષ્ઠી'** (અર્થાત્ कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ અને उभयप्राप्तौ कर्मणि । ૨-૩-૬૬ જેવા સૂત્રોથી કરવામાં આવતી ષષ્ઠી)**નો નિષેધ છે. આથી જ્યાં 'શેષ' અર્થમાં षष्ठी शेषे । ૨-૩-૫૦થી ષષ્ઠી વિભક્તિ કરવામાં આવી હોય ત્યાં પ્રસ્તુત ૨-૩-૬૯ સૂત્રોક્ત નિષેધ લાગુ પડતો નથી. અર્થાત્ કારકષષ્ઠીની ગેરહાજરીમાં षष्ठी शेषे । ૨-૩-૫૦થી ષષ્ઠી થઈ શકશે. દા.ત. ब्राह्मणस्य**

---

૧૦૦. तृन् પ્રત્યાહારમાં शतृ, शानच् , शानन् , चानश् , અને तृन् પ્રત્યયો આવેલા છે.

**कुर्वन् । 'બ્રાહ્મણને બનાવતો.'** (અહીં વર્તમાનકૃદન્તનો शतृ પ્રત્યય લાગીને कुर्वन् શબ્દ બન્યો છે. આથી તે શબ્દના યોગે કર્મવાચક ब्राह्मण શબ્દને ૨-૩-૬૬થી ષષ્ઠી વિભક્તિ લાગવા આવશે તો પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ થઈ જશે. મતલબ કે ब्राह्मण શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગી શકશે નહીં. પરંતુ જો षष्ठी शेषे । ૨-૩-૫૦થી 'શેષ' અર્થમાં ब्राह्मणને ષષ્ઠી વિભક્તિ લગાડવી હશે તો તે લાગી શકશે અને આ षष्ठी शेषे । ૨-૩-૫૦નો બાધ કોઈ પણ સૂત્ર કરી શકશે નહીં.) **એ જ પ્રમાણે नरकस्य जिष्णुः । 'નરક સંબંધી જયશીલ.'** (અહીં √जि ધાતુને ग्स्नुः (૩-૨-૧૩૯) પ્રત્યય લાગીને जिष्णु શબ્દ બન્યો છે. આ શબ્દના યોગે षष्ठी शेषे । ૨-૩-૫૦થી 'શેષ' અર્થમાં, કર્મવાચક नरकને ષષ્ઠી વિભક્તિ લાગી છે. આનો નિષેધ કોઈ પણ સૂત્ર કરી શકશે નહીં.)

**(વિમર્શ)** (कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫, उभयप्राप्तौ कर्मणि । ૬૬, क्तस्य च वर्तमाने । ૬૭, अधिकरण - वाचिनश्च । ૬૮) અહીં ૨-૩-૬૫ થી ૬૮ સુધીનાં ચાર સૂત્રો દ્વારા, કૃદન્ત શબ્દોના યોગે 'કારકષષ્ઠી'નું વિધાન કરવામાં આવ્યું છે. એટલે કે 'જો કોઈ કૃદન્ત શબ્દોનો વાક્યમાં યોગ હોય-સાંનિધ્ય હોય-તો કર્તૃવાચક શબ્દને અથવા કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગે છે' એવું કહેવામાં આવ્યું છે. કર્તૃવાચક કે કર્મવાચક શબ્દને લાગેલી ષષ્ઠી વિભક્તિને 'કારકષષ્ઠી' કહેવામાં આવે છે. હવે 'न लोकाव्ययनिष्ठा० । ૨-૩-૬૯)' સૂત્રથી, પહેલા બે (૨-૩-૬૫ અને ૨-૩-૬૬) સૂત્રોથી કહેવામાં આવેલી 'કારકષષ્ઠી'નો નિષેધ કરવામાં આવે છે.

कर्तृकर्मणोः कृति । ૨-૩-૬૫ અને उभयप्राप्तौ कर्मणि । ૬૬ સૂત્રથી કર્તૃવાચક શબ્દથી ષષ્ઠી વિભક્તિ લગાડતી વખતે માત્ર એટલું જ જોવાનું છે કોઈ કૃદન્ત શબ્દનો યોગ છે કે નહીં. એટલે કે અહીં 'કૃદન્ત સામાન્યના યોગે-કોઈ પણ કૃદન્તના યોગે-કર્તૃવાચક કે કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગે છે' એવું વિધાન કરવામાં આવ્યું છે. [તથા પછીનાં બે સૂત્રો क्तस्य च वर्तमाने । ૬૭ અને अधिकरणवाचिनश्च । ૬૮ દ્વારા વર્તમાન કાળ અર્થમાં क्त પ્રત્યય અને 'અધિકરણ' અર્થમાં क्त પ્રત્યય વપરાઈને જે (क्तान्त-क्त પ્રત્યયાન્ત) કૃદન્ત શબ્દો બન્યા હોય, તેમના યોગે કર્તૃવાચક શબ્દોને ષષ્ઠી વિભક્તિ લાગે છે-એવું વિધાન કરવામાં આવ્યું છે. આ બે સૂત્રોથી જે ષષ્ઠી વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે, તે પણ 'કારકષષ્ઠી' જ છે. પરંતુ न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् । ૨-૩-૬૯ સૂત્ર તેમનો બાધ કરતું નથી. (તેથી ઊલટું, તે બે સૂત્રો न लोकाव्ययनिष्ठा० । ૨-૩-૬૯નો બાધ કરે છે.)] પરંતુ હવે અમુક અમુક કૃદન્તોના યોગે ષષ્ઠી વિભક્તિ લાગતી નથી એનું દિગ્દર્શન કરવામાં આવે છે : न लोकाव्ययनिष्ठाखलर्थतृनाम् । ૨-૩-૬૯. જેમકે,

૧. પરસ્મૈપદી અને આત્મનેપદી ધાતુને લાગતાં વર્તમાન કૃદન્તો-शतृ અને शानच् (अत् અને आन) પ્રત્યયો) (कुर्वन् - कुर्वाणः),

૨. કર્તા અર્થમાં લાગતો उ પ્રત્યય (दिदृक्षुः), इष्णुच् પ્રત્યય (अलङ्करिष्णुः),

૩. કર્તા અર્થમાં લાગતો उकञ् પ્રત્યય (घातुकः),

૪. અવ્યય સ્વરૂપ 'સંબંધક ભૂતકૃદન્ત'નો क्त्वा > त्वा પ્રત્યય (सृष्ट्वा) અને હેત્વર્થ કૃદન્ત'નો तुमुन्>तुम् પ્રત્યય ( कर्तुम् ),

૫. 'નિષ્ઠા' સંજ્ઞાવાળા 'કર્મણિ ભૂતકૃદન્ત'નો क्त>त પ્રત્યય અને 'કર્તરિ ભૂતકૃદન્ત'નો क्तवतु>तवत् પ્રત્યય ( हतः, हतवान् ),

૬. खल् પ્રત્યય અને તેના જેવા (સમાન) અર્થવાળા युच् વગેરે પ્રત્યયો ईषत्करः, ईषत्पानः); અને

૭. तृन् પ્રત્યાહાર (૩-૨-૧૨૪ થી ૧૩૫)માં આવતા शतृ, शानच् , शानन् , शानश् , शतृ અને तृन् પ્રત્યયો લાગીને कुर्वन् , कुर्वाणः, पवमानः, मण्डयमानः, बधीयन् અને कर्ता) જે કૃદન્ત શબ્દો બન્યા હોય તેમના યોગે કર્તૃવાચક કે કર્મવાચક શબ્દોને ૨-૩-૬૫ કે ૬૬ થી ષષ્ઠી વિભક્તિ લાગવા આવે તો, પ્રસ્તુત સૂત્ર ૨-૩-૬૯થી તેનો નિષેધ કરવામાં આવે છે. અર્થાત્ ઉપર ગણાવેલા કૃત્ પ્રત્યયો લાગીને જે કૃદન્ત શબ્દ બન્યો હોય તેના યોગે કર્તૃવાચક કે કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.

અહીં એ નોંધપાત્ર છે કે ઉપર ગણાવેલા કૃદન્ત શબ્દોના યોગે કારકષષ્ઠી(=૨-૩-૬૫ કે ૨-૩-૬૬ સૂત્રોક્ત ષષ્ઠી) લાગતી નથી. પણ षष्ठी शेषे । ૨-૩-૫૦થી 'શેષ' અર્થમાં ષષ્ઠી વિભક્તિ લાગી શકે છે. એટલે કે आश्चर्यः, गवां

628 (९७) अक-इनोः भविष्यद् आधमर्ण्ययोः । पा. सू. २-३-७०

629 (९८) कृत्यानां कर्तरि वा । पा. सू. २-३-७१

(वृत्तिः) भविष्यति 'अक'स्य, भविष्यद् आधमर्ण्यार्थ 'इनः' च योगे षष्ठी न स्यात् ॥ (उदा०) १. सतः पालकः अवतरति । २. (क) व्रजं गामी । (ख) शतं दायी ॥

(वृत्तिः) षष्ठी वा स्यात् । (उदा०) मया/मम वा सेव्यो हरिः ॥ 'कर्तरि' इति किम् ? -गेयो माणवकः साम्नाम् । 'भव्यगेय०, ३-४-६८ इति कर्तरि 'यद्' विधानात् अनभिहितं कर्म ॥ अत्र योगः विभज्यते- १. "कृत्यानाम्" (२-३-७१ अ) । "उभयप्राप्तौ" (२-३-३६) इति, 'न' (२-३-६९) इति च अनुवर्तते । तेन 'नेतव्या व्रजं गावः कृष्णेन ॥ ततः, २. "कर्तरि वा" (२-३-७१ ब) उक्तः अर्थः ॥

दोहः अगोपेन । માં अगोप કર્તૃવાચક શબ્દને કારકષષ્ઠી (૨-૩-૬૬ મુજબ) લાગશે નહીં; પણ षष्ठी शेषे । (૨-૩-૫૦થી) તો લાગી શકશે. 627

**(અનુ૦) (૧) 'ભવિષ્યમાં' અર્થવાળો अक પ્રત્યય જેને** લાગ્યો હોય તેવા કૃદન્ત **શબ્દના યોગમાં, તથા (૨) (क) 'ભવિષ્યમાં' અને (ख) દેવાદાર' અર્થવાળો इन પ્રત્યય જેને** લાગ્યો હોય તેવા **કૃદન્ત શબ્દના યોગમાં** (કર્મવાચક શબ્દોને) **ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.** ઉદા.ત.

**(૧) सतः पालकः (रामः) अवतरति । 'સજ્જનોનું** (ભવિષ્યમાં) **પાલન** કરનાર (રામ) **અવતરે છે.'** [અહીં 'ભવિષ્યમાં પાલન કરનાર' અર્થવાળો पालक શબ્દ વપરાયો છે. (तुमुन्ण्वुलौ० । ૩-૩-૧૦ સૂત્રથી √पाल् ધાતુને ण्वुल्>अक પ્રત્યય લાગીને पालक શબ્દ બન્યો છે.) આથી તે કૃદન્ત શબ્દના યોગે (જેનું પાલન કરવાનું છે તે) કર્મવાચક सत् શબ્દને ૨-૩-૬૬થી ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૭૦ તેનો નિષેધ કરે છે. આથી सत् શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી પણ દ્વિતીયા વિભક્તિ (બહુવચન) લાગી છે.]

**(૨) (क) व्रजं गामी (देवदत्तः)** । '(દેવદત્ત ભવિષ્યમાં) **વ્રજમાં જનારો છે.'** [અહીં 'ભવિષ્યમાં જનાર' અર્થમાં इन् પ્રત્યય લાગીને गामिन् શબ્દ બન્યો છે. (भविष्यति गम्यादयः० । ૩-૩-૯ સૂત્રથી √गम ધાતુને णिनि>इन् પ્રત્યય લાગીને गामिन् શબ્દ બન્યો છે.) આ કૃદન્ત શબ્દના યોગમાં કર્મવાચક व्रज શબ્દને ૨-૩-૬૬થી ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૭૦થી તેનો નિપેધ કરવામાં આવે છે. આથી व्रज શબ્દને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.]

**(ख) शतं दायी** (देवदत्तः) । '(દેવદત્ત) **સો રૂપિયાનો દેવાદાર છે.'** [અહીં 'આધમર્ણ્ય=દેવાદાર' અર્થમાં √दा ધાતુને इन् પ્રત્યય લાગીને दायिन् શબ્દ બન્યો છે. (आवश्यकाधमर्ण्० । ૩-૩-૨૭ સૂત્રથી √दा ધાતુને णिनि>इन् પ્રત્યય લાગીને दायिन् શબ્દ બન્યો છે.) આ કૃદન્ત શબ્દના યોગમાં કર્મવાચક शत શબ્દને ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ પ્રસ્તુત સૂત્રથી તેનો નિષેધ કરવામાં આવે છે. આથી शत શબ્દને દ્વિતીયા વિભક્તિ લગાડવામાં આવી છે.]

**(વિમર્શ)** આ સૂત્ર પણ 'કારક ષષ્ઠી'નો નિષેધ કરનારું સૂત્ર છે. अक અને इन् પ્રત્યયો (અમુક ચોક્કસ અર્થમાં) લાગીને જે કૃદન્ત શબ્દ બન્યા હોય તેના યોગમાં કર્મવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી. 628

**(અનુ૦) 'કૃત્ય' પ્રત્યય લાગીને જે શબ્દો બન્યા હોય,** તેમના યોગમાં કર્તૃવાચક **શબ્દને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લાગે છે. ઉદા.ત. मया सेव्यः हरिः । અથવા मम सेव्यः हरिः ।** 'મારા વડે હરિ ભજાવા **જોઈએ." અથવા 'મારે હરિ**

૧૦૧. 'કૃત્ય' સંજ્ઞાવાળા પ્રત્યયો સાત છે :

यतं ण्यतं क्यपञ्चैव केलिमर् अनीयरम् ।
तव्यञ्च तव्यतञ्चैव 'कृत्यान्' सप्त विदुर्बुधाः ॥

630 (૯૯) **तुल्यार्थैः अतुलोपमाभ्यां तृतीया अन्यतरस्याम् । पा. सू. २-३-७२**

**(वृत्तिः) तुल्यार्थैः योगे तृतीया वा स्यात् ।। पक्षे षष्ठी ।। (उदा०) तुल्यः, सदृशः, समः वा कृष्णस्य कृष्णेन वा ।। 'अतुलोपमाभ्याम्' किम् ? -तुला उपमा वा कृष्णस्य नास्ति ।।**

---

**ભજવા જોઈએ.'** [અહીં √षेव>सेव ધાતુને 'કર્મ' અર્થમાં ऋहलोर्ण्यत् । ૩-૨-૧૨૩ સૂત્રથી ('કૃત્ય' સંજ્ઞક)[૧૦૧] ण्यत् પ્રત્યય લાગીને 'सेव्य' શબ્દ બન્યો છે. આ શબ્દના યોગમાં કર્તૃવાચક अस्मद् (સર્વનામ વાચક) શબ્દને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લાગે છે : मम सेव्यः हरिः । જ્યાં ષષ્ઠી વિભક્તિ નહીં લાગે ત્યાં અનભિહિત કર્તૃકારક તૃતીયા વિભક્તિ લાગશે : मया सेव्यः हरिः ।]

**સૂત્રમાં कर्तरि='**કર્તૃવાચક **શબ્દને** (વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લગાડવામાં આવે છે.)**' એમ શા માટે કહ્યું છે ?** (ઉત્તરઃ) **गेयः माणवकः साम्नाम् । 'માણવક સામને ગાનારો છે.' અહીં भव्यगेय० । ૩-૪-૬૮ સૂત્રથી 'કર્તા' અર્થમાં यत् પ્રત્યય લાગીને गेय શબ્દ બન્યો છે.[૧૦૨] આથી** ('કર્તા' અભિહિત છે અને) **'કર્મ' અનભિહિત છે.** [આ સન્દર્ભમાં, ('કૃત્ય' સંજ્ઞક गेय શબ્દના યોગમાં કર્મવાચક सामन् શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ ન લાગી જાય- એટલા માટે સૂત્રકારે 'कर्तरि=કર્તૃવાચક શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ લાગે છે' એમ કહ્યું છે.]

**અહીં 'યોગવિભાગ'** (=સૂત્રવિચ્છેદક) **કરવામાં આવે છે : ૧. "कृत्यानाम्" ૨-૩-૭૧ (अ). આ સૂત્રમાં, સૂત્ર ૨-૩-૬૬માંથી 'उभयप्राप्तौ' પદ, અને સૂત્ર ૨-૩-૬૯માંથી 'न' પદની અનુવૃત્તિ આવે છે.** (આથી 'उभयप्राप्तौ कृत्यानां न' એવું એક સૂત્ર બને છે. જેનો અર્થ આ પ્રમાણે થશે : "'કૃત્ય' સંજ્ઞાવાળા પ્રત્યયો લાગીને જે શબ્દો બન્યા હોય તેમના યોગે કર્તૃવાચક અને કર્મવાચક એ બેમાંથી એકેય શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.") **આ સૂત્રથી नेतव्या व्रजं गावः कृष्णेन । જેવું ઉદાહરણ સિદ્ધ થાય છે.** (અહીં √नी ધાતુને 'કર્મ' અર્થમાં 'કૃત્ય' સંજ્ઞક तव्य પ્રત્યય લાગીને नेतव्य શબ્દ બન્યો છે. આ શબ્દના યોગમાં કર્તૃવાચક कृष्ण શબ્દને અને કર્મવાચક गो- અને ગૌણ કર્મવાચક व्रज-શબ્દને ષષ્ઠી વિભક્તિ લાગતી નથી.)

**૨. कर्तरि वा । ૨-૩-૭૧ (ब). આ સૂત્રનો અર્થ કહેવાઈ ગયો છે.** (અર્થાત્ સૂત્ર વિચ્છેદ કર્યા પહેલાંનો -મૂળ સૂત્રનો- જે સૂત્રાર્થ હતો તે આ ૨-૩-૭૧ (ब)નો અર્થ થશે. જેમકે, "કૃત્ય પ્રત્યયો લાગીને જે શબ્દો બન્યા હોય, તેમના યોગમાં કર્તૃવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ વિકલ્પે લાગે છે.") 629

**(અનુ૦)** (ઉપપદ વિભક્તિ કરનારું સૂત્ર :)

**તુલા અને ઉપમા સિવાયના, તુલ્યાર્થક શબ્દોના યોગે** (=तुल्य શબ્દના અર્થવાળા तुल्य, सदृश, सम વગેરે શબ્દોના યોગે) **તૃતીયા વિભક્તિ વિકલ્પે થાય છે. આવા શબ્દોના યોગે જ્યાં તૃતીયા વિભક્તિ નથી લાગતી ત્યાં ષષ્ઠી વિભક્તિ લાગે છે. ઉદા.ત. तुल्यः कृष्णेन । અથવા तुल्यः कृष्णस्य ।। सदृशः कृष्णेन । सदृशः कृष्णस्य ।। समः कृष्णेनः । समः कृष्णस्य ।। "કૃષ્ણની તુલ્ય.' 'કૃષ્ણના જેવો.' 'કૃષ્ણની સમાન.'** (અહીં તુલ્યાર્થક तुल्य, सदृश અને सम શબ્દોના યોગે વિકલ્પે તૃતીયા વિભક્તિ અને ષષ્ઠી વિભક્તિઓ વપરાઈ છે.)

**સૂત્રમાં अतुलोपमाभ्याम्-'**(તુલ્યાર્થક હોવા છતાંય) **तुला અને उपमा શબ્દો સિવાયના** (तुल्य, सदृश ઇત્યાદિ તુલ્યાર્થક શબ્દોના યોગે વિકલ્પે તૃતીયા વિભક્તિ વપરાય છે)**' -એમ કહેવાથી શું સિદ્ધ થાય છે ?** (ઉત્તરઃ) **तुला कृष्णस्य नास्ति । उपमा कृष्णस्य नास्ति ।** (અહીં अतुलोपमाभ्याम् એવો સંકોચ કરવાથી જ્યાં तुला કે उपमा શબ્દો વપરાયા હશે

---

૧૦૨. અગાઉના ઉદાહરણમાં 'કર્મ' અર્થમાં ण्यत् પ્રત્યય લાગીને **सेव्य** શબ્દ બન્યો હતો. **सेव्य**='સેવવા યોગ્ય' (સેવન ક્રિયાનું કર્મ). તથા गेय=गायक='ગાનાર' (ગાન ક્રિયા કરનાર કર્તા).

631 (१००) **चतुर्थी च आशिषि आयुष्य-मद्र-भद्र-कुशल-सुख-अर्थ-हितैः ।**

**पा. सू. २-३-७३**

**(वृत्तिः) एतदर्थैः योगे चतुर्थी वा स्यात् । पक्षे षष्ठी ।। (उदा०)** आशिषि-'आयुष्यं **चिरञ्जीवितं कृष्णाय/कृष्णस्य वा भूयात् ।। एवं मद्रं, भद्रं, कुशलं, निरामयं, सुखं, शम् , अर्थः, प्रयोजनं, हितं, पथ्यं वा भूयात् ।। 'आशिषि' किम् ? - देवदत्तस्य आयुष्यम् अस्ति ।। व्याख्यानात् सर्वत्र अर्थग्रहणम् ।। मद्र-भद्रयोः पर्य्यायत्वाद् अन्यतरः न पठनीयः ।।**

ત્યાં તૃતીયા વિભક્તિ થશે જ નહીં. કેવળ ષષ્ઠી વિભક્તિ લાગશે : कृष्णस्य ।). 630

**(અનુ.)** (ઉપપદ વિભક્તિ કરનારું સૂત્ર)

**આશીર્વાદ અર્થમાં વપરાયેલા આયુષ્ય,** મદ્ર, ભદ્ર, કુશળ, સુખ, અર્થ (પ્રયોજન) **અને હિત અર્થવાળા શબ્દોના યોગે ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે. આવા શબ્દોના યોગે જ્યારે ચતુર્થી** વિભક્તિ **નથી લાગતી ત્યારે ષષ્ઠી વિભક્તિ લાગે છે. ઉદા.ત. આશીર્વાદ અર્થમાં-आयुष्यं=चिरञ्जीवितं कृष्णाय भूयात्** । અથવા **आयुष्यं=चिरञ्जीवितं कृष्णस्य भूयात् । 'કૃષ્ણનું આયુષ્ય=ચિરંજીવિત્વ હો.'** (અહીં આશીર્વાદ આપવામાં આવે છે કે કૃષ્ણ ઘણું લાબું આયુષ્ય ભોગવે. **આ** વાક્યમાં આશીર્વાદ અર્થવાળો आयुष्य શબ્દ વપરાયો છે. તેના યોગે વિકલ્પે ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિઓ **વપરાઈ** છે.

આ જ પ્રમાણે, कृष्णाय/कृष्णस्य मद्रं भूयात् । कृष्णाय/कृष्णस्य भद्रं भूयात् । कृष्णाय/कृष्णस्य कुशलं, निरामयं, सुखं, शम्, अर्थः, प्रयोजनं, हितं पथ्यं भूयात् ।।

**સૂત્રમાં आशिषि="આશીર્વાદ અર્થવાળા** (આયુષ્ય વગેરે શબ્દોના યોગે ચતુર્થી વિભક્તિ વિકલ્પે થાય છે)" **એમ કહેવાથી શું સિદ્ધ થાય છે ? (ઉત્તરઃ) देवदत्तस्य आयुष्यम् अस्ति । 'દેવદત્તનું આયુષ્ય છે.'** (અહીં વાક્યમાં आयुष्य શબ્દ વપરાયો છે, પરંતુ આશીર્વાદ આપવાનો સન્દર્ભ નથી. કોઈ જ્યોતિર્વિદ દેવદત્તની જન્મકુંડળી જોઈને ભવિષ્યવાંચન કરે છે કે દેવદત્તનું આયુષ્ય છે. અહીં સિદ્ધસ્થિતિનું કથનમાત્ર છે; આશીર્વાદ નથી. આથી आयुष्य શબ્દનો યોગ હોવા છતાંય ચતુર્થી વિભક્તિ પ્રવૃત્ત થતી નથી.)

**ટીકાકારોએ કરેલા વ્યાખ્યાન ઉપરથી જણાય છે કે આ સૂત્રમાં** લખેલા आयुष्य **વગેરે શબ્દોથી તે તે શબ્દોના સમાનાર્થક શબ્દોના યોગે આ સૂત્ર પ્રવૃત્ત થાય છે.** (જેમકે, कुशलम्=निरामयम् , सुखम्=शम् , अर्थः=प्रयोजनम् અને हितम्=पथ्यम् આદિ શબ્દોના યોગે પણ વિકલ્પે ચતુર્થી વિભક્તિ લગાડી શકાય.)

**પ્રસ્તુત સૂત્રમાં मद्र અને भद्र -એવા બે શબ્દો લખ્યા છે. પરંતુ** તે બન્ને **પરસ્પરના પર્ય્યાય હોવાથી** (ગમે તે એક શબ્દ લખ્યો હોય તો ચાલી શકત. અર્થાત્ તે બે સમાનાર્થક શબ્દોમાંથી) ગમે **તે એક શબ્દ લખવાની જરૂર ન હતી.** 631

(અહીં ષષ્ઠી વિભક્તિનો વિષય પૂરો થાય છે.)

**(इति षष्ठी)**

★ ★ ★

(अथ सप्तमी)

## 632 (१०१) आधारोऽधिकरणम् । पा. सू. १-४-४५

**(वृत्तिः) कर्तृकर्मद्वारा तन्निष्ठक्रियायाः आधारः कारकम् 'अधिकरण'-संज्ञं स्यात् ।।**

**(અનુ.) "કર્તા અને કર્મ દ્વારા, ( અર્થાત્ ) તેમનામાં રહેલી ક્રિયાનો આધાર તે કારકને 'અધિકરણ' કહેવામાં આવે છે."**

**(વિમર્શ)** रामः गच्छति । 'રામ જાય છે' અહીં જવાની -ગમન- ક્રિયાનો '**સાક્ષાત્** આધાર' રામ છે. એટલે કે કર્તા (રામ)ની અંદર ગમન ક્રિયા રહેલી છે. એ જ પ્રમાણે, तण्डुलाः पच्यन्ते । 'ચોખા રંધાય છે.' અહીં રાંધવાની ક્રિયાનો '**સાક્ષાત્** આધાર' ચોખા છે. એટલે કે કર્મ (ચોખા)ની અંદર રાંધવાની ક્રિયા રહેલી છે. આમ ક્રિયાના સાક્ષાત્ આધાર તો કર્તા કે કર્મ જ હોય છે. પરંતુ વિશેષ વિચારતાં જણાય છે કે કર્તા અને કર્મ પણ બીજા કોઈકને આધારે રહેલા હોય છે. એટલે કે કર્તા રામ કોઈક આધાર ઉપર ઊભો હશે તો જ ગમનક્રિયા કરી શકશે. તથા કર્મ -ચોખા- બીજા કોઈક (તપેલી જેવા) આધારને આધારે રહેલા હશે તો જ રાંધવાની ક્રિયા થઈ શકશે. જેમકે, रामः वनम् (वने) गच्छति । 'રામ વનમાં જાય છે. (ચાલે છે).' स्थाल्यां तण्डुलाः पच्यन्ते । 'તપેલીમાં ચોખા રંધાય છે.' એટલે કે ગમનક્રિયાના કર્તાનો આધાર 'વન' છે અને રાંધવાની ક્રિયાના કર્મનો આધાર 'તપેલી' છે. આમ 'વન' કર્તા (રામ)નો આધાર બનીને પરોક્ષ રીતે ગમન ક્રિયાને ઉપકાર કરે છે. તથા 'તપેલી' કર્મ (ચોખા)નો આધાર બનીને પરોક્ષ રીતે રાંધવાની ક્રિયાને ઉપકાર કરે છે. આથી 'વન'ને અને 'તપેલી'ને અધિકરણ કહેવાશે.

| ગમનક્રિયા | રાંધવાની ક્રિયા |
|---|---|
| ↓ | ↓ |
| 'રામ' - કર્તૃકારકમાં રહેલી છે. | 'ચોખા' - કર્મકારકમાં રહેલી છે. |
| ↓ | ↓ |
| 'વન' = અધિકરણ. | 'તપેલી' = અધિકરણ |

ભટ્ટોજિ દીક્ષિત આ જ મુદ્દો વૃત્તિમાં કહે છે : -"કર્તા અને કર્મ દ્વારા (=through) -અર્થાત્ કર્તામાં અને કર્મમાં રહેલી ક્રિયાનો જે (પરોક્ષ) આધાર તે પદાર્થ (=કારક)ને 'અધિકરણ' કહેવામાં આવે છે."

ભર્તૃહરિએ 'અધિકરણ'ને આ રીતે સમજાવ્યું છે :

कर्तृकर्मव्यवहिताम् **असाक्षात्** धारयत् क्रियाम् ।
उपकुर्वत् क्रियासिद्धौ शास्त्रेऽधिकरणम् स्मृतम् ।। (वा. प. ३-७-१४८).

"કર્તા અને કર્મથી વ્યવહિત, અસાક્ષાત્ રૂપે જે ક્રિયાને ધારણ કરે છે; અને એ દ્વારા (through) ક્રિયાસિદ્ધિમાં ઉપકાર કરે છે તેને શાસ્ત્રમાં (=आधारोऽधिकरणम् । ૧-૪-૪૫ સૂત્રમાં) 'અધિકરણ' કહેવામાં આવ્યું છે." ઉપરનાં ઉદાહરણમાં આપણે જોયું છે તેમ 'વન' ગમનક્રિયામાં સીધેસીધું આધાર બનતું નથી. ચાલવાની ક્રિયાનો આધાર રામ છે અને રામનો આધાર વન છે. એ જ પ્રમાણે, રાંધવાની ક્રિયાને રહેવાનો આધાર ચોખા છે અને ચોખાનો આધાર તપેલી છે (રામ કે ચોખા ન હોય તો ગમન ક્રિયા કે રાંધવાની ક્રિયા અસ્તિત્વમાં આવતી જ નથી. આથી રામ અને ચોખાને તો ક્રિયાના 'સાક્ષાત્ આધાર' કહેવાશે.)[૧૦૩] પણ રામ અને ચોખાને ધારણ કરનાર બીજા કોઈક આધાર નહીં

૧૦૩. કોઈને અહીં શંકા થાય કે-ક્રિયાના સાક્ષાત્ ધારકો-આધારો-(કર્મ અને કર્તા)ની 'અધિકરણ' સંજ્ઞા કેમ કરવામાં આવી નથી ? ઉત્તરઃ કર્મસંજ્ઞા અને કર્તૃસંજ્ઞા કરનારાં (૧-૪-૪૯ અને ૧-૪-૫૪) સૂત્રો પરસૂત્રો હોવાથી તે આવી 'અધિકરણ' (૧-૪-૪૫) સંજ્ઞાનો બાધ કરે છે. कारकाधिकारे च तरतमयोगो नास्तीत्यत्र परम्परया क्रियाधारकेऽधिकरणसंज्ञाया सावकाशत्वात् क्रियाधारकयोः परत्वात् कर्तृकर्मसंज्ञे एव । (हेलाराजः पृ. ३४८).

633 (१०२) **सप्तमी अधिकरणे च । पा. सू. २-३-३६**

**(वृत्तिः) अधिकरणे सप्तमी स्यात् । 'च'काराद् दूरान्तिकार्थेभ्यः ।। १.** औपश्लेषिकः, २. **वैषयिकः, ३. अभिव्यापकः च इति आधारः त्रिधा । १. (क) कटे आस्ते । (ख) स्थाल्यां पचति ।** २. मोक्षे **इच्छा अस्ति । ३. सर्वस्मिन् आत्मा अस्ति ।। वनस्य दूरेऽन्तिके वा ।। 'दूरान्तिकार्थेभ्यः (द्वितीया च ।** २-३-३५)" **इति विभक्तित्रयेण सह चतस्रः, अत्र विभक्तयः फलिताः ।। (वार्तिकम्) १. *तस्य 'इन'-विषयस्य कर्मणि उपसङ्ख्यानम्** * । **(उदा०) अधीती व्याकरणे । 'अधीतम् अनेन' इति विग्रहे, "इष्टादिभ्यः च" ।** (५-२-८८) **इति कर्तरि इनिः ।। (वार्तिकम्) २. * साधु-असाधुप्रयोगे च * । (उदा०) साधुः कृष्णः मातरि । असाधुः** मातुले ।। **(वार्तिकम्) - ३. * निमित्तात् कर्मयोगे * । निमित्तमिह फलम् । योगः=संयोगसमवायात्मकः ।** - (उदाहरणानि)

**चर्मणि द्वीपिनं हन्ति, दन्तयोर्हन्ति कुञ्जरम् ।**

**केशेषु चमरीं हन्ति, सीम्नि पुष्कलको हतः ।।**

**"हेतौ" (२-३-२३) तृतीया अत्र प्राप्ता, तन्निवारणार्थम् ।। सीमा=अण्डकोशः । पुष्कलकः** गन्धमृगः ।। **योगविशेषे किम् । -वेतनेन धान्यं लुनाति ।।**

---

હોય તો રામ અને ચોખા કોઈ ક્રિયાને ધારણ નહીં કરી શકે. આથી વન અને તપેલી પરોક્ષ રીતે -અસાક્ષાત્ રીતે- ગમન ક્રિયાને અને રાંધવાની ક્રિયાને ધારણ કરે છે; ઉપકાર કરે છે એમ કહેવાશે.[૧૦૪] આમ કર્તા અને કર્મ દ્વારા (through) -પરોક્ષ રીતે- ક્રિયાને જે ધારણ કરે તેને 'અધિકરણ' કહેવામાં આવે છે. 632

**(વિશેષ)** आधारोऽधिकरणम् । ૧-૪-૪૫ સૂત્રમાં આવેલા अधिकरण શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો अधिक्रियते अस्मिन् इति अधिकरणम् । 'જેનામાં મૂકવામાં આવે છે તે (આધાર).' આમ 'અધિકરણ' શબ્દથી 'આધાર' અર્થનો બોધ થઈ જાય છે. એટલે કે લાઘવની દૃષ્ટિએ 'अधिकरणम्' એટલું જ સૂત્ર બનાવ્યું હોત તો પણ ચાલી શકત. છતાંય સૂત્રકારે પૂર્વોક્ત (૧-૪-૪૫) સૂત્રમાં 'आधार' શબ્દ પણ મૂક્યો છે (आध्रियते अस्मिन् इति आधारः). હવે જો शब्दाधिक्याद् अर्थाधिक्यम् । માનીએ તો "आधारः अधिकरणम्" એવા બે પદોનો અર્થ થશે : 'અતિશય આધારની અધિકરણ સંજ્ઞા થાય છે.' જેમકે, तिलेषु तैलम् । दध्नि सर्पिः । 'તલમાં તેલ છે.' 'દહીંમાં ઘી છે.' તલના દરેક અવયવ -અંશ-માં તેલ છે. આથી तिलની અધિકરણ સંજ્ઞા થઈ શકે છે. પરંતુ गङ्गायां घोषः । 'ગંગા ઉપર નેસડો.' અહીં गङ्गा પદની 'અધિકરણ' સંજ્ઞા થઈ શકશે નહીં. કારણ કે ગંગાના જલપ્રવાહના પ્રત્યેક ભાગ ઉપર કે એકાદ ભાગ ઉપર પણ નેસડો આવેલો નથી. નેસડો તો ગંગા નદીના તટ ઉપર આવેલો છે. એટલે કે ગંગા ગૌણ આધાર છે. આવા ગૌણ આધારની 'અધિકરણ' સંજ્ઞા ન થવી જોઈએ. છતાંય લોકમાં આવા ગૌણ આધારની 'અધિકરણ' સંજ્ઞા કરવામાં આવે છે અને તેને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે. આથી સૂચિત થાય છે કે આ કારકાધિકાર (૧-૪-૨૩ થી ૧-૪-૫૪/૫૫ સુધીનાં સૂત્રો)માં शब्दाधिक्याद् अर्थाधिक्यम् । નિયમ લાગતો નથી. અને પરિણામે ગૌણમુખ્યભાવનું પણ આશ્રયણ થતું નથી. એટલે કે "મુખ્ય આધારમાં (દરેક અંશમાં આધાર રહેતો હોય તો) જ 'અધિકરણ' સંજ્ઞા થાય છે અને ગૌણ આધારમાં 'અધિકરણ' સંજ્ઞા થતી નથી" એવું માનવાનું નથી. મુખ્ય આધાર (तिल)ની જેમ જ ગૌણ (गङ्गा) આધારમાં પણ 'અધિકરણ' સંજ્ઞા લાગુ પડે છે અને તે બન્ને પ્રકારના અધિકરણને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

**(અનુ૦)** (આ વિધિસૂત્ર છે :) **"અધિકરણ કારકને સપ્તમી વિભક્તિ** લગાડવામાં **આવે છે." આ સૂત્ર (૨-૩-૩૬)માં च કાર પણ જોડ્યો છે, એટલે પૂર્વસૂત્ર** (दूरान्तिकार्थेभ्यः द्वितीया च । २-३-३५)**માંથી 'दूरान्तिकार्थ' પદની અહીં (૨-૩-૩૬માં) અનુવૃત્તિ આવે છે. પરિણામે 'દૂર' અને 'નજીક' અર્થવાળા શબ્દોને પણ સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.**

**આધાર ત્રણ પ્રકારના જોવા મળે છે : ૧. ઔપશ્લેષિક, ૨.** વૈષયિક અને ૩ **અભિવ્યાપક. આનાં ઉદાહરણો**

---

૧૦૪. क्रियाश्रयधारणादेव लोकेऽधिकरणस्य क्रियोपकारः प्रतीयते, न साक्षात् । જે અધિકરણ હોય છે; પણ સાક્ષાત્ ક્રિયાને ધારણ કરતું નથી અને એ રીતે જ તે (=અધિકરણ) ક્રિયાને ઉપકૃત કરે છે એવું લોકમાં જોવા મળે છે. (વા. પ. ૩-૭-૧૪૮ ઉપર હેલારાજ પૃ ૩૪૮)

**આ પ્રમાણે છે : ૧. (क) कटे आस्ते (देवदत्तः) । 'દેવદત્ત સાદડી** (ચટ્ટાઈ) **ઉપર બેઠો છે.** [અહીં દેવદત્ત 'બેસવાની' ક્રિયાનો કર્તા છે. આ કર્તાને ધારણ કરીને, પરોક્ષ રીતે જે બેસવાની ક્રિયાને ધારણ કરે છે તે कट=સાદડી છે. આથી कट=સાદડીને 'અધિકરણકારક' કહેવાશે. આવા અધિકરણકારકને સપ્તમી વિભક્તિ લગાડવી એવું પ્રસ્તુત સૂત્ર (૨-૩-૩૬) કહે છે.

અહીં દેવદત્ત અને સાદડી વચ્ચે સંયોગસંબંધ=ઉપશ્લેષ છે. આથી कट=સાદડી "ઔપશ્લેષિક" આધાર કહેવામાં આવશે.[૧૦૫] અહીં દેવદત્ત 'કર્તા દ્વારા' (through) कट અધિકરણ બન્યું છે.]

**(ख) स्थाल्यां (तण्डुलान्) पचति । "તપેલીમાં** (ચોખા) **રાંધે છે.'** [અહીં ચોખા રૂપી 'કર્મ દ્વારા' (through) स्थाली અધિકરણ બની છે એનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. એટલે કે ચોખા 'રાંધવાની' ક્રિયાનું કર્મ છે. આ કર્મને ધારણ કરીને, પરોક્ષ રીતે જે રાંધવાની ક્રિયાને ધારણ કરે છે તે स्थाली=તપેલી છે. આથી स्थाली=તપેલીને 'અધિકરણકારક' કહેવાશે. આવા અધિકરણકારકને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં (स्थाल्याम्) આવે છે.

અહીં પણ ચોખા અને તપેલી વચ્ચે સંયોગ-સંબંધ=ઉપશ્લેષ છે. આથી स्थाली=તપેલીને "ઔપશ્લેષિક" આધાર કહેવામાં આવશે. અહીં तण्डुल-ચોખા 'કર્મ દ્વારા' स्थाली અધિકરણ બને છે.]

**૨. मोक्षे इच्छा अस्ति । 'મોક્ષમાં ઇચ્છા છે.'** [અહીં 'મોક્ષમાં ઇચ્છા છે'નો અર્થ 'મોક્ષ વિષયક ઇચ્છા છે' એવો થાય છે. આ વાક્યમાં કર્તા इच्छा છે, તેની અંદર સત્તા (હોવું) -अस्ति- ક્રિયા રહેલી છે. હવે મોક્ષ, ઇચ્છાનો વિષય બનીને ઇચ્છાને (કર્તાને) ધારણ કરે છે. આમ ઇચ્છા (કર્તા) દ્વારા (through) अस्ति ક્રિયાનો આધાર મોક્ષ બને છે. આથી મોક્ષને 'અધિકરણ' કહેવાય છે અને તેને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. આ બીજા પ્રકારના "વૈષયિક" આધારનું ઉદાહરણ છે. બીજું ઉદા. ब्रह्मणि जिज्ञासा अस्ति । 'બ્રહ્મ**ને વિષે** જિજ્ઞાસા છે.'-આ પણ વૈષયિક અધિકાર છે.]

**૩. सर्वस्मिन् आत्मा अस्ति । 'બધામાં આત્મા છે.'** [આ ત્રીજા પ્રકારના "અભિવ્યાપક" આધારનું ઉદાહરણ છે.[૧૦૬] આ વાક્યનો કર્તા आत्मा છે, તેની અંદર સત્તા (હોવું) -अस्ति- ક્રિયા રહેલી છે અને સર્વ (=કૃત્સ્નવ્યાપ્તિ) રૂપ આધાર, કર્તા आत्माને ધારણ કરે છે. આમ आत्मा રૂપી કર્તા દ્વારા (through) अस्ति ક્રિયાનો આધાર સર્વ બને છે. આથી સર્વને 'અધિકરણ' કહેવાય છે અને તેને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે. આ ત્રીજા પ્રકારના 'અભિવ્યાપક' આધારનું ઉદાહરણ છે.][૧૦૭]

★

[ઉપર જણાવ્યું છે કે-આ सप्तमी अधिकरणे च । ૨-૩-૩૬ સૂત્રમાં જે ચકાર જોડવામાં આવ્યો છે. તેનાથી પૂર્વસૂત્રોક્ત दूरान्तिकार्थ પદની અનુવૃત્તિ અહીં (૨-૩-૩૬માં) આવે છે. એટલે 'દૂર' અને 'નજીક' અર્થવાળા શબ્દોને પણ સપ્તમી વિભક્તિ લાગે છે. હવે આનું ઉદાહરણ આપવામાં આવે છે.]

**वनस्य दूरे । वनस्य अन्तिके । વનની દૂર. વનની નજીક.** (આ ઉદાહરણમાં દૂર અને अन्तिक શબ્દોને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે.)

**दूरान्तिकार्थेभ्यः द्वितीया च । ૨-૩-૩૫ સૂત્રથી કહ્યું છે કે દૂર અને अन्तिक અર્થવાળા શબ્દોને 'द्वितीया, तृतीया**

---

૧૦૫. उपश्लेषः संयोगादिसम्बन्धः । तत्प्रयोज्य आधारः प्रथमः इत्यर्थः । (बालमनोरमा) [उप=समीपे)+श्लेष, (=सम्बन्धः) इति उपश्लेषः । उपश्लेषः=सामीप्यमूलक सम्बन्धः/संयोगादिसम्बन्धः । तत्कृतम् अधिकरणम् औपश्लेषिकम् ।।]

૧૦૬. सकलावयवव्याप्तिकृत आधारस्तृतीयः इत्यर्थः (बालमनोरमा) જ્યારે આધારના સર્વ અવયવોમાં આધારત્વ રહેલું હોય ત્યારે તેને 'અભિવ્યાપક' આધાર=અધિકરણ કહેવામાં આવે છે. જેમકે, तिलेषु तैलम् । 'તલમાં તેલ રહેલું છે. અહીં તેલ (આધેય) તલ (આધાર)ના સર્વ અવયવોમાં વ્યાપ્ત છે. માટે તલ (तिल)ને 'અભિવ્યાપક અધિકરણ' કહેવાય છે.

देवदत्तः कटे आस्ते । 'દેવદત્ત સાદડી ઉપર બેઠો છે.' અહીં દેવદત્ત સાદડીના દરેક અવયવને સ્પર્શીને બેઠેલો નથી. બીજા શબ્દોમાં કહીએ તો સાદડી અને દેવદત્ત વચ્ચે 'સંયોગસંબંધ' રહેલો છે. જ્યારે तिलेषु तैलम् । માં તલના સર્વ અવયવોમાં તેલ રહેલું છે. એટલે કે તલ અને તેલ વચ્ચે 'સમવાય સંબંધ' રહેલો છે. આમ સમવાયસંબંધે જે આધાર હોય તેને "અભિવ્યાપક અધિકરણ" કહે છે.

૧૦૭. કેટલાક વૈયાકરણોના મતે सामीपिक નામનું ચોથા પ્રકારનું અધિકરણ પણ હોય છે. દા.ત. नद्याम् आस्ते । गङ्गायां घोषः । कूपे गर्गकूलम् । (નદી કિનારે બેઠો છે. ગંગા તટે નેસડો છે. કૂવા નજીક ગર્ગોનું કુટુમ્બ વસ્યું છે.) અર્થાત્ સામીપ્યમૂલક **ગૌણ** આધારમાં જ્યાં સપ્તમી વિભક્તિ લાગી હોય ત્યાં આ ચોથા પ્રકારનું **(ગૌણ)** અધિકરણ છે એમ જાણવું.

**અને પંચમી વિભક્તિ' એમ ત્રણ વિભક્તિઓ લાગે છે; તેની સાથે** હવે (૨-૩-૩૬ સૂત્રને કારણે) **સપ્તમી વિભક્તિ પણ લાગશે. આમ दूर અને अन्तिक અર્થવાળા શબ્દોને કુલ ચાર** (૨, ૩, ૫ અને ૭) **વિભક્તિઓ પ્રાપ્ત થાય છે.**

(દા.ત. वनस्य दूरं, दूरेण, दूरात्, दूरे वा)

**વાર્તિક-૧. *इन् વિષયક क्त પ્રત્યયાન્ત શબ્દના કર્મકારકને પણ** (સપ્તમી વિભક્તિ લાગે છે) **એવું** (મૂળ સૂત્રમાં) **ઉમેરવું જોઈએ."** *[અર્થાત્ જે क्त પ્રત્યયાન્ત (=કર્મણિ ભૂત કૃદન્ત) શબ્દને इन् પ્રત્યય લગાડવાનો હોય, તેવા **क्त** પ્રત્યયાન્ત શબ્દના કર્મને પણ સપ્તમી વિભક્તિ લાગે છે-એમ ઉમેરવું જોઈએ.] દા.ત. अधीती **व्याकरणे । જે વ્યાકરણ ભણ્યો છે** (તેવી વ્યક્તિ)' (अधि + √इङ्=અધ્યયન કરવું. આ ધાતુને કર્મણિ ભૂતકૃદન્તનો क्त પ્રત્યય લગાડવામાં આવે તો अधीत શબ્દ બને છે.) **હવે अधीतम् अनेन 'આના વડે ભણાયું' અર્થમાં** (કર્તા અર્થમાં) **इष्टादिभ्यश्च । ૫-૨-૮૮ સૂત્રથી अधीत શબ્દને इन् પ્રત્યય લગાડીએ તો अधीतिन् શબ્દ બને** (તેનું પુંલિંગ પ્રથમા એકવચનઃ **अधीती**) [આ क्त પ્રત્યયાન્ત अधीत શબ્દનું કર્મ व्याकरण છે; તેને (આ વાર્તિકના કહેવા મુજબ) સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે : व्याकरणे । ]

**વાર્તિક-૨** *"(વાક્યમાં) **साधु અને असाधु શબ્દનો પ્રયોગ થયો** હોય તો પણ **સપ્તમી વિભક્તિ વપરાય છે." દા.ત. *૧. साधुः कृष्णः मातरि । 'કૃષ્ણ માતા વિષે સાધુ છે.' ૨. असाधुः (कृष्णः) मातुले । 'કૃષ્ણ મામાને વિષે અસાધુ છે.'** (અહીં साधु અને असाधु શબ્દોના યોગમાં मातृ અને मातुल શબ્દોને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવ્યા છે.

**વાર્તિક-૩ * "કર્મકારકનો યોગ હોય તો નિમિત્તવાચક** (=ફલવાચક) શબ્દને **સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે." અહીં** (વાર્તિકમાં) **'નિમિત્ત'નો અર્થ ફળ થાય છે. તથા** (કર્મકારકનો) યોગ' હોય **એમ જે કહ્યું છે, તેનો અર્થ** "(ફલનો કર્મકારકની સાથે) **'સંયોગ સંબંધ' હોય કે 'સમવાયસંબંધ'** હોય ત્યારે" (ફળવાચક શબ્દને સપ્તમી વિભક્તિ લાગે છે.)

**ઉદા.ત.**

**(૧) चर्मणि द्वीपिनं हन्ति । 'ચામડા માટે વાઘને હણે છે.'** (અહીં √हन ધાતુનું કર્મકારક द्वीपिन् -વાઘ- છે. તથા વાઘનું ચામડું મેળવવા માટે વાઘને હણવામાં આવે છે. એટલે કે द्वीपिહનનનું નિમિત્ત=ફળ चर्मन् છે. અહીં द्वीपिन् -વાઘ- કર્મકારકની સાથે चर्मन् -ચામડાનો સમવાયસંબંધ છે. આથી કર્મકારક द्वीपिनम्ના "યોગ" ફળવાચક चर्मन् શબ્દને સપ્તમી વિભક્તિ લાગી છે.)

**(૨) दन्तयोः हन्ति कुञ्जरम् । દાંતને મેળવવા માટે હાથીને હણે છે.'** (અહીં √हन् ધાતુનું કર્મ कुञ्जर -હાથી- છે. તથા હાથીના દાંત મેળવવા માટે હાથીને હણવામાં આવે છે. એટલે કે कुञ्जर હનનનું નિમિત્ત=ફળ दन्त છે. અહીં कुञ्ज અને दन्तની વચ્ચે સમવાયસંબંધ છે. આથી કર્મકારક कुञ्जरम्ના "યોગ"માં ફળવાચક दन्त શબ્દને સપ્તમી વિભક્તિ દ્વિવચનનો પ્રત્યય લાગ્યો છે.)

**(૩) केशेषु चमरीं हन्ति । 'વાળ મેળવવા માટે ચમરી** (=મૃગવિશેષ)ને મારે છે.' (અહીં √हन् ધાતુનું કર્મ चमरी -મૃગ- છે. તથા ચમરીના કેશ મેળવવા માટે ચમરીને હણવામાં આવે છે. એટલે કે ચમરીહનનનું નિમિત્ત=ફળ केश છે. અહીં चमरी અને केश વચ્ચે સમવાયસંબંધ છે. આથી કર્મકારક चमरीम्ના "યોગ"માં ફળવાચક केश શબ્દને સપ્તમી વિભક્તિ બહુવચનનો પ્રત્યય લાગ્યો છે.)

**(૪) सीम्नि पुष्कलको हतः । કસ્તુરી મેળવવા માટે 'પુષ્પલક' નામના મૃગને હણ્યો.'** (અહીં √हन् ધાતુનું કર્મ पुष्कलक=ગન્ધમૃગ છે તથા પુષ્કલકની કસ્તુરી -सीमन्- મેળવવા માટે પુષ્કલકને હણવામાં આવે છે. એટલે કે પુષ્કલક હનનનું નિમિત્ત=ફલ सीमन् -કસ્તુરી- છે. અહીં पुष्कलकः અને सीमन् વચ્ચે સમવાયસંબંધ છે. આથી કર્મકારક पुष्कलकः યોગમાં ફલવાચક सीमन् શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.)[૧૦૮]

**ઉપરનાં ચાર ઉદાહરણોમાં हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી નિમિત્ત=ફલ** વાચક શબ્દોને **તૃતીયા વિભક્તિ** (પણ) **લાગવા**

---

૧૦૮. આ છેલ્લા ઉદાહરણમાં પદમંજરીકાર હરદત્ત **सीम्नि पुष्कलको** हतः । એટલે 'સીમા (સરહદ) જાણવા માટે ખીલો ઠોકે છે' એવો અર્થ લે છે. (અહીં **'सीमा'**નો અર્થ 'સરહદ' અને पुष्कलकःનો અર્થ 'શંકુ-ખીલો' લેવામાં આવે છે.) આ અર્થ લઈએ તો સીમા અને પુષ્કલક વચ્ચે 'સંયોગસંબંધ' છે એમ કહેવું પડશે.

634 (૧૦૩) **यस्य च भावेन भावलक्षणम् ।। पा. सू. २-३-३७**

**(वृत्तिः)** **यस्य क्रियया क्रियान्तरं लक्ष्यते,** ततः सप्तमी स्यात् । (उदा०) गोषु दुह्यमानासु गतः ।। **(वार्तिकम्)* अर्हणां कर्तृत्वे, अनर्हाणाम् अकर्तृत्वे तद्वैपरीत्ये च । * १. सत्सु तरत्सु** असन्त आसते **। २. असत्सु तिष्ठत्सु** सन्तः **तरन्ति । ३. सत्सु तिष्ठत्सु असन्तः तरन्ति । ४. असत्सु तरत्सु** सन्तः तिष्ठन्ति ।।

---

**આવે છે.**[૧૦૯] **ચોથા ઉદાહરણમાં सीमन्‌નો અર્થ** અંડકોશ (=કસ્તુરી પિંડ) થાય છે અને पुष्कलक**નો અર્થ ગન્ધમૃગ (કસ્તુરીમૃગ) થાય છે.**

**ત્રીજા વાર્તિક** (निमित्तात् कर्मयोगे)**માં - योगविशेष-"(કર્મકારકની સાથે)** સંયોગસંબંધ **કે સમવાયસંબંધ હોય ત્યારે** (ફલવાચક શબ્દને સપ્તમી વિભક્તિ લાગે છે)" **એમ કહેવાનું શું પ્રયોજન છે ?** (ઉત્તર) **वेतनेन धान्यं लुनाति । 'વેતનથી** (વેતન લઈને) **ધાન્ય લણે છે.'** (અહીં लुनाति-લણવાની ક્રિયાનું નિમિત્ત=ફળ 'વેતન' છે, પણ તેનો લણવાની ક્રિયાના કર્મ -धान्य-ની સાથે "યોગ" (સંયોગસંબંધ કે સમવાયસંબંધ) નથી. માટે ફલવાચક 'વેતન' શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવતી નથી. અહીં हेतौ । ૨-૩-૨૩ સૂત્રથી **वेतन** શબ્દને તૃતીયા વિભક્તિ લગાડવામાં આવે છે.)

**(વિમર્શ)** અધિકરણકારકના ત્રણ ભેદ છે : ૧. ઔપશ્લેષિક ૨. વૈષયિક અને ૩. અભિવ્યાપક. (કેટલાક વૈયાકરણોના મતે ચોથું સામીપિક અધિકરણ પણ હોય છે. પરંતુ બીજા કેટલાક વૈયાકરણો તેનો 'ઔપશ્લેષિક' અધિકરણમાં જ સમાવેશ કરી લે છે.)

ભર્તૃહરિના મતે, આધાર અને આધેય વચ્ચેનો સંબંધ તો સર્વત્ર (અધિકરણના ત્રણેય ભેદોમાં) એક સરખો હોય છે. પરંતુ આધારભૂત પદાર્થ આધેયને જુદી જુદી રીતે ઉપકૃત કરે છે. જેમકે, ક્યાંય આધાર અને આધેય વચ્ચે સંયોગસંબંધ હશે તો ક્યાંક સમવાયસંબંધ હશે. દા.ત. પહેલા ઔપશ્લેષિક અધિકરણના कटे आस्ते देवदत्तः । જેવા ઉદાહરણમાં, દેવદત્તનો સાદડી જોડે સંયોગસંબંધ છે એવું પ્રતીત થાય છે. અહીં સાદડીના પ્રત્યેક અવયવ જોડે દેવદત્તનો ઉપશ્લેષ=સંયોગ સંબંધ જોવા મળતો નથી. જ્યારે ત્રીજા અભિવ્યાપક અધિકરણના तिलेषु तैलम् । 'તલમાં તેલ છે.' જેવા ઉદાહરણમાં, તલની સાથે તેલનો સમવાયસંબંધ છે એવું પ્રતીત થાય છે. કારણ કે તલના પ્રત્યેક અવયવમાં તેલ રહેલું છે. આથી તલને 'વ્યાપક'=અભિવ્યાપક અધિકરણ કહેવામાં આવે છે. હવે, (બીજા પ્રકારના) વૈષયિક અધિકરણને થોડાં વધુ ઉદાહરણોથી સમજવું જરૂરી છે :

(क) खे शकुनयः । 'આકાશમાં પક્ષીઓ છે.' અહીં આકાશના એકદેશમાં પક્ષીઓ છે એમ સમજવાનું છે. કારણ કે તાત્ત્વિક દષ્ટિએ આકાશમાં અવયવો નથી. આથી કલ્પિત પ્રદેશની જોડે પક્ષીઓનો સંબંધ છે એમ સમજાય છે. પક્ષીઓ અન્યત્ર મળતા નથી. આથી આકાશ પક્ષીઓને ઉડવાનું સ્થાન છે-ઉડવાનો પ્રદેશ છે એટલું જ કહેવાનો આશય છે. આને વૈષયિક અધિકરણ કહેવાય છે. અહીં 'વિષય'નો અર્થ 'અનન્યત્ર ભાવ' થાય છે. અર્થાત્ અન્યત્ર ન હોવાપણાનો ભાવ તેને 'વિષય' કહે છે.—

(ख) गुरौ वसति शिष्यः । 'શિષ્ય ગુરુ પાસે રહે છે.' આનો અર્થ શિષ્યનું અધ્યયન અને બીજી જરૂરિયાત ગુરુ પર અવલંબે છે. આમ શિષ્ય આધેય છે અને ગુરુ આધાર છે - અધિકરણ છે. એ જ પ્રમાણે,—

(ग) युद्धे सन्नह्यति । 'યુદ્ધ માટે તૈયાર થાય છે. અહીં 'युद्ध' એ તૈયાર થવા માટેનું પ્રયોજન-નિમિત્ત છે, એને પણ અધિકરણ તરીકે રજૂ કરવામાં આવે છે. આ ત્રણેય ઉદાહરણમાં આકાશ, ગુરુ અને યુદ્ધ ભૌતિક દૃષ્ટિએ અધિકરણ નથી; પણ આલંકારિક રીતે તેમને અધિકરણ રૂપે રજૂ કરવામાં આવે છે. 633

**(અનુ૦) જે** (કર્તા કે કર્મ)**ની ક્રિયા**[૧૧૦] **દ્વારા બીજી કોઈ ક્રિયા લક્ષિત** થાય ત્યારે **તે** (ક્રિયાને અને ક્રિયાશ્રય કર્તા

---

૧૦૯. તથા તાદર્થ્યે ચતુર્થી વિભક્તિ પણ લાગવા આવે છે. પણ તૃતીયા કે ચતુર્થી વિભક્તિ લાગતી નથી. કારણ કે **જ્યાં ફલને અને કર્મકારકને** "યોગે"-સંયોગસંબંધ કે સમવાયસંબંધ ન હોય ત્યાં જ **हेतौ** । ૨-૩-૨૩ સૂત્રથી તૃતીયા વિભક્તિ લાગે છે. દા.ત. **वेतनेन धान्यं लुनाति** ।। પરંતુ અહીં જે **चर्मणि द्वीपिनं हन्ति** । વગેરે ચાર ઉદાહરણ વર્ણવ્યાં છે તેમાં ફલને કર્મકારકની જોડે "યોગ" છે. આથી ત્યાં આ વાર્તિકથી કેવળ સપ્તમી વિભક્તિ જ થશે.

૧૧૦. ભાવનો અર્થ 'ક્રિયા' થાય છે. આથી 'यस्य च भावेन भावलक्षणम्'નો અર્થ આ પ્રમાણે થશે : "'**જેની ક્રિયાથી ક્રિયા-ક્રિયાન્તર લક્ષિત** થાય' તેને સપ્તમી વિભક્તિ લાગે છે."

કે કર્મ)**ને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે. ઉદા.ત. गोषु दुह्यमानासु** (देवदत्तः) **गतः । 'ગાયો દોહવાતી હતી તે વખતે** (દેવદત્ત) **ગયો.'** (અહીં દેવદત્તની ગમનક્રિયા ક્યારે થઈ એ ગોદોહન ક્રિયાથી દર્શાવવામાં આવે છે. આ ઉદાહરણમાં ગમનક્રિયા લક્ષ્ય છે અને ગોદોહનક્રિયાકાલ લક્ષક છે. લક્ષક દોહનક્રિયાથી ક્રિયાન્તર=ગમનક્રિયા લક્ષિત થાય છે માટે દોહનક્રિયા વાચક दुह्यमान શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે તથા દોહનક્રિયાના આશ્રયભૂત કર્મ-गो-ને પણ સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે : गोषु दुह्यमानासु ।)

**वार्तिक : *"યોગ્ય** (સાધુ) **વ્યક્તિઓનું કર્તૃત્વ હોય ત્યારે અને અયોગ્ય** (અસાધુ) **વ્યક્તિઓનું અકર્તૃત્વ હોય ત્યારે** (સપ્તમી વિભક્તિ વપરાય છે); **તથા એથી વિપરીત પરિસ્થિતિમાં પણ** (સપ્તમી વિભક્તિ વપરાય છે.) (અર્થાત્ અયોગ્ય વ્યક્તિઓનું કર્તૃત્વ હોય ત્યારે અને યોગ્ય વ્યક્તિઓનું અકર્તૃત્વ હોય ત્યારે પણ સપ્તમી વિભક્તિ વપરાય છે.)' **દા.ત. ૧. सत्सु तरत्सु असन्तः आसते । 'સજ્જનો જ્યારે તરે છે, ત્યારે અસજ્જનો બેઠા છે.'** (અહીં યોગ્ય-સાધુ-વ્યક્તિઓનું કર્તૃત્વ છે ત્યારે અયોગ્ય વ્યક્તિઓમાં અકર્તૃત્વ છે. અર્થાત્ યોગ્ય વ્યક્તિ જ્યારે ક્રિયાશીલ છે ત્યારે અયોગ્ય વ્યક્તિ નિષ્ક્રિય છે. અહીં સજ્જનોની તરવાની ક્રિયાથી અસજ્જનોની બેસવાની ક્રિયા લક્ષિત થાય છે, માટે તરવાની ક્રિયાના વાચક तरत् શબ્દને અને તે ક્રિયાના આશ્રય सत्-સજ્જનો-કર્તાને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**૨. असत्सु तिष्टत्सु सन्तः तरन्ति । 'અસજ્જનો જ્યારે ઊભા છે ત્યારે સજ્જનો તરે છે.'** અહીં અસજ્જનોનું અકર્તૃત્વ છે ત્યારે સજ્જનોનું કર્તૃત્વ છે. અહીં અસજ્જનોની ઊભા રહેવાની ક્રિયાથી સજ્જનોની તરવાની ક્રિયા લક્ષિત થાય છે. માટે 'ઊભા રહેવાની' ક્રિયાના વાચક तिष्ठत् શબ્દને તે ક્રિયા કરનાર કર્તૃવાચક-असत् શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**૩. सत्सु तिष्ठत्सु असन्तः तरन्ति । 'સજ્જનો ઊભા છે ત્યારે અસજ્જનો તરે છે.'** (અહીં સજ્જનો નિષ્ક્રિય છે ત્યારે અસજ્જનો સક્રિય છે. અહીં સજ્જનોની ઊભા રહેવાની ક્રિયાથી અસજ્જનોની તરવાની ક્રિયા લક્ષિત થાય છે. માટે ઊભા રહેવાની ક્રિયાવાચક तिष्ठत् શબ્દને અને તે ક્રિયા કરનાર કર્તૃવાચક सत् શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.)

**૪. असत्सु तरत्सु सन्तः तिष्ठन्ति । 'અસજ્જનો તરે છે ત્યારે સજ્જનો ઊભા છે.'** (અહીં અસજ્જનો સક્રિય છે ત્યારે સજ્જનો નિષ્ક્રિય છે. અહીં તરવાની ક્રિયાથી ઊભા રહેવાની ક્રિયા લક્ષિત થાય છે. આથી 'તરવાની' ક્રિયાના વાચક तरत् શબ્દને અને તે ક્રિયા કરનાર કર્તૃવાચક असत् શબ્દને સપ્તમી વિભક્તિમાં મૂકવામાં આવે છે.)

**(વિમર્શ)** 'સત્સપ્તમી' (=સતિસપ્તમી) વિભક્તિ કરનારું આ સૂત્ર છે. એક જ્ઞાત ક્રિયાથી જ્યારે અ-જ્ઞાત ક્રિયા લક્ષિત થાય ત્યારે આ 'સતિ સપ્તમી' વિભક્તિ પ્રવૃત્ત થતી હોય છે. જેમકે, गोषु दुह्यमानासु देवदत्तः गतः । 'ગાયો દોહવાતી હતી ત્યારે દેવદત્ત ગયો.' અહીં દેવદત્ત ક્યારે ગયો ? -અર્થાત દેવદત્તે ગમનક્રિયા ક્યારે કરી ? એ અ-જ્ઞાત છે. આ અ-જ્ઞાત ક્રિયા બીજી એક જ્ઞાત ક્રિયાથી સૂચવાય છે-લક્ષિત થાય છે. એટલે કે જ્યારે ગાયો દોહવાની ક્રિયા થતી હતી' ત્યારે દેવદત્ત ગયો. અહીં ગમનક્રિયા લક્ષ્ય છે અને ગોદોહનક્રિયા લક્ષક છે. આથી લક્ષ્ય-લક્ષકભાવ સંબધમાં ષષ્ઠી વિભક્તિ લાગવા આવે છે. પરંતુ પ્રસ્તુત સૂત્ર ૨-૩-૩૭થી (ષષ્ઠી વિભક્તિનો બાધ કરીને) સપ્તમી વિભક્તિનું વિધાન કરવામાં આવે છે.

અહીં લક્ષક ક્રિયાથી (અથવા જ્ઞાત ક્રિયાથી) લક્ષ્ય ક્રિયા (અજ્ઞાત ક્રિયા=ક્રિયાન્તર) સૂચવાય છે. માટે પ્રસ્તુત સૂત્ર પ્રવૃત્ત થશે. એટલે કે સપ્તમી વિભક્તિ લગાડવી પડશે. પરંતુ અહીં પ્રશ્ન થશે કે કોને સપ્તમી વિભક્તિ લગાડવી ? ઉત્તરઃ ૧. લક્ષક ક્રિયાવાચક કૃદન્ત શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવી અને ૨. એ લક્ષક ક્રિયા જેમાં રહેતી હોય તે કર્તા અને કર્મને પણ સપ્તમી વિભક્તિ લગાડવી, દા.ત. ક્રિયાવાચક दुह्यमान એવા કૃદન્ત શબ્દને અને તે દોહવાની ક્રિયા જેમાં રહેલી છે તેવા-गो-કર્મકારકને પણ સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે : गोषु दुह्यमानासु ।। બીજું ઉદાહરણ લઈએ-ब्राह्मणेषु अधीयानेषु देवदत्तः गतः । 'બ્રાહ્મણો અધ્યયન કરતા હતા ત્યારે દેવદત્ત ગયો.' અહીં અધ્યયન ક્રિયાવાચક अधीयान કૃદન્ત શબ્દને અને તે ક્રિયા જેમાં રહેલી છે તેવા-ब्राह्मण-કર્તૃકારકને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.

*अर्हणां कर्तृत्वेऽनर्हाणाम् अकर्तृत्वे, तद्वैपरीत्ये च * । આ વાર્તિકથી सत्सु तरत्सु असन्तः आसते । જેવાં ઉદાહરણો સિદ્ધ કરવામાં આવ્યાં છે. આ સન્દર્ભમાં, તાત્ત્વિક દષ્ટિએ વિચારતાં જણાય છે કે આ વાર્તિક બીનજરૂરી છે. કેમકે તે ચારેય ઉદાહરણમાં મૂળસૂત્ર (૨-૩-૩૭) જ લાગુ પડી શકે એમ છે. જેમકે, તરવાની (લક્ષક) ક્રિયાથી બેસી રહેવાની

635 (१०४) **षष्ठी च अनादरे ।। पा. सू. २-३-३८**

636 (१०५) **स्वामीश्वराधिपतिदायादसाक्षिप्रतिभूप्रसूतैश्च ।। पा. सू. २-३-३९**

637 (१०६) **आयुक्त-कुशलाभ्यां च आसेवायाम् ।। पा. सू. २-३-४०**

---

**(वृत्तिः) अनादराधिक्ये भावलक्षणे षष्ठीसप्तम्यौ स्तः ।। (उदा०) रुदति/रुदतः वा प्राव्राजीत् । -रुदन्तं पुत्रादिकम् अनादृत्य संन्यस्तवान् इत्यर्थः ।।**

**(वृत्तिः) "एतैः सप्तभिः योगे षष्ठीसप्तम्यौ स्तः" । -षष्ठ्याम् एव प्राप्तायां पाक्षिकसप्तम्यर्थम् वचनम् ।। (उदा०) १. गवां/गोषु वा स्वामी । २. गवां/गोषु वा प्रसूतः । -गा एव अनुभवितुं जातः इत्यर्थः ।।**

**(वृत्तिः) आभ्यां योगे षष्ठीसप्तम्यौ स्तः, तात्पर्ये अर्थे । 'आयुक्तः'=व्यापारितः ।। (उदा०) आयुक्तः/कुशलः वा हरिपूजने हरिपूजनस्य वा ।। आसेवायाम् किम् ? -आयुक्तः गौः शकटे । ईषद् युक्तः इत्यर्थः ।।**

---

કે ઊભા રહેવાની (લક્ષ્ય) ક્રિયા લક્ષિત થાય છે. આથી લક્ષ્યલક્ષણભાવ સંબંધમાં, મૂલ સૂત્રોક્ત સપ્તમી વિભક્તિ લાગુ પડી શકે છે. જો કે કૈયટ જેવા વૈયાકરણ કહે છે કે જ્યાં બે ક્રિયાઓ વચ્ચે લક્ષ્યલક્ષકભાવ સંબંધ રહેલો છે એમ કહેવાની ઇચ્છા નહીં હોય ત્યાં આ વાર્તિકની જરૂર પડશે. 634

**(અનુ૦) અનાદર પ્રદર્શિત કરવો હોય ત્યારે જે** (લક્ષક) **ક્રિયાથી ક્રિયાન્તર લક્ષિત થાય તે** (લક્ષક) **ક્રિયાવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ અને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે.** દા.ત. रुदति (पुत्रे) **प्राव्राजीत्** (पिता) **। અથવા** रुदतः (पुत्रस्य) **प्राव्राजीत् पिता । 'પુત્ર રડતો હતો ત્યારે પિતા ચાલી નીકળ્યો=સંન્યાસી થઈ ગયો.' અર્થાત્ રડતાં પુત્ર વગેરે કુટુમ્બીજનોનો અનાદર કરીને સંન્સાસી થઈ ગયો.**

(અહીં અનાદર સહિતની પ્રવ્રજ્યા-સંન્યાસ લેવાની-ક્રિયા લક્ષ્ય છે અને પુત્રાદિકની રુદનક્રિયા લક્ષક છે. આથી લક્ષક રુદનક્રિયાના વાચક रुदत् શબ્દને સપ્તમી વિભક્તિ કે ષષ્ઠી વિભક્તિ પણ લાગી શકે છે : रुदति અથવા रुदतः ।)

**(વિમર્શ)** પ્રસ્તુત ૨-૩-૩૮ સૂત્રમાં 'यस्य च भावेन भावलक्षणम्' (૨-૩-૩૭) પદોની અનુવૃત્તિ આવે છે. તથા આ સૂત્ર (૨-૩-૩૮)માં આવેલા ચકારથી, પૂર્વસૂત્ર (सप्तमी अधिकरणे च । ૨-૩-૩૬) માંથી 'सप्तमी' પદની અનુવૃત્તિ ખેંચી લાવવામાં આવે છે. આથી સૂત્રાર્થ આ પ્રમાણે મળે છે : अनादरे गम्यमाने सति यस्य **क्रियया क्रियान्तरं लक्ष्यते** ततः **षष्ठी सप्तमी च स्तः** ।।

અહીં એ નોંધપાત્ર છે કે કેવળ 'ભાવલક્ષણ'-ક્રિયાન્તર લક્ષિત કરવા-નો સન્દર્ભ હોય તો માત્ર સપ્તમી વિભક્તિ પ્રવૃત્ત થાય છે; અને જો અનાદરસહિતનું ભાવલક્ષણ હોય તો ષષ્ઠી અને સપ્તમી એમ બન્ને (=બેમાંથી ગમે તે એક) વિભક્તિ પ્રવૃત્ત થઈ શકે છે. 635

**(અનુ૦) "स्वामी, ईश्वर, अधिपति, दायाद, साक्षि, प्रतिभू અને प्रसूत**-આ સાત **શબ્દોના યોગે ષષ્ઠી વિભક્તિ કે સપ્તમી વિભક્તિ વપરાય છે." આ સાત શબ્દોના યોગે માત્ર ષષ્ઠી વિભક્તિ** જ **પ્રાપ્ત થતી હતી; પણ વિકલ્પે સપ્તમી વિભક્તિ પણ વાપરી શકાય એવી વ્યવસ્થા સૂચવવા માટે આ 'વચન'**=સૂત્ર રચવામાં **આવ્યું છે.**

ઉદા.ત. **૧. गवां स्वामी । અથવા गोषु स्वामी । 'ગાયોનો સ્વામી.'** (અહીં स्वामिन् > स्वामी-પ્રથમા એકવચન-શબ્દના યોગમાં गो શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ અને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.) **૨. गवां प्रसूतः । અથવા गोषु प्रसूतः । 'ગાયોમાં જન્મ્યો છે.' અર્થાત્ ગાયોનો અનુભવ કરવા માટે** જ-ગાયોને ભોગવવા-**જન્મ્યો છે.** (અહીં प्रसूत શબ્દના યોગે गो શબ્દને વિકલ્પે ષષ્ઠી વિભક્તિ અને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે.)[૧૧૧] 636

**(અનુ.) "आयुक्त અને कुशल શબ્દોના યોગે, 'તાત્પર્ય=ઉત્સુકતા'** એવો અર્થ **સૂચવવો હોય તો ષષ્ઠી વિભક્તિ**

---

૧૧૧. એ જ પ્રમાણે, गवां गोषु वा ईश्वरः । गवां गोषु वा अधिपतिः । गवां गोषु वा दायादः । (પિતાએ કમાયેલું ધન, કે જે પુત્ર વડે ગ્રહણ કરી શકાય તેને 'દાય' કહે છે. આ 'દાય'ને જે લે તે (પુત્ર) "દાયાદ" કહેવાય.) વગેરે

638 (१०७) **यतः च निर्धारणम् । पा. सू. २-३-४१**

**(वृत्तिः) जाति-गुण-क्रिया-संज्ञाभिः समुदायाद् एकदेशस्य पृथक् करणं 'निर्धारणम्',** यतः ततः **षष्ठीसप्तम्यौ स्तः ।। (उदा०) १. नृणां नृषु वा ब्राह्मणः श्रेष्ठः । २. गवां गोषु वा कृष्णा** बहुक्षीरा । ३. **गच्छतां गच्छत्सु वा धावन् शीघ्रः । ४. छात्राणां छात्रेषु वा मैत्रः पटुः ।।**

**અને સપ્તમી વિભક્તિ વપરાય છે." (અહીં आयुक्त નો અર્થ વ્યાપારિત=પ્રવર્તિત'** એવો **થાય છે.)** ઉદા.ત. **૧. आयुक्तः हरिपूजने । અથવા आयुक्तः हरिपूजनस्य । 'હરિપૂજનમાં પ્રવૃત્ત** કરવામાં આવેલો' ૨. કુશલઃ **हरिपूजने । અથવા कुशलः हरिपूजनस्य । 'હરિપૂજનમાં કુશલ છે.'** (અહીં आयुक्त શબ્દ અને કુશલ શબ્દ 'આસેવા=ઉત્સુકતા' અર્થમાં વપરાયા છે, તેથી વિકલ્પે ષષ્ઠી અને સપ્તમી વિભક્તિઓ વપરાઈ છે.)

**પ્રસ્તુત ૨-૩-૪૦ સૂત્રમાં आसेवायाम्** (=તાત્પર્ય=ઉત્સુકતા) **પદ** શા માટે જોડવામાં **આવ્યું છે ?** (ઉત્તરઃ) **आयुक्तः गौः शकटे । 'બળદને ગાડે જોડવામાં આવ્યો છે.' અહીં आयुक्तનો અર્થ** 'થોડો **જોડાયેલ' છે.** (અહીં आयुक्त શબ્દ 'ઉત્સુકતા' અર્થમાં નથી, પણ 'જોડવામાં આવેલો' અર્થમાં છે. તેથી આવા અર્થવાળા आयुक्त શબ્દના યોગમાં વિકલ્પે ષષ્ઠી વિભક્તિ વપરાશે નહીં.) 637

**(અનુ૦) જાતિ, ગુણ, ક્રિયા અને સંજ્ઞા** (નામ) વડે કોઈ **સમુદાયના** એકદેશનું **પૃથક્કરણ કરવામાં આવે ત્યારે તેને 'નિર્ધારણ કર્યું એમ કહેવાય છે.**

સૂત્રાર્થઃ "જે સમુદાયમાંથી નિર્ધારણ કરવામાં આવ્યું હોય તે સમુદાયવાચક શબ્દને ષષ્ઠી વિભક્તિ કે સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે." ઉદા.ત.

**૧. नृणां ब्राह्मणः श्रेष्ठः । અથવા नृषु ब्राह्मणः श्रेष्ठः । 'માણસોમાં બ્રાહ્મણો** શ્રેષ્ઠ છે.' (અહીં માણસોના સમુદાયમાંથી બ્રાહ્મણને જુદો પાડવામાં આવે છે. માટે સમુદાયવાચક नृ શબ્દને ષષ્ઠી કે સપ્તમી વિભક્તિ લાગે છે. અહીં જાતિવાચક ब्राह्मण શબ્દથી નિર્ધારણ=પૃથક્કરણ કરવામાં આવ્યું છે.)

**૨. गवां कृष्णा बहुक्षीरा । અથવા गोषु कृष्णा बहुक्षीरा ।** 'ગાયોમાં કાળી ગાય **ઘણું દૂધ આપનારી છે.'** (અહીં ગાયોના સમુદાયમાંથી કાળી ગાયનું નિર્ધારણ=પૃથક્કરણ કરવામાં આવ્યું છે. આથી સમુદાયવાચક गो શબ્દને ષષ્ઠી કે સપ્તમી વિભક્તિ લગાડી શકાય છે. અહીં ગુણવાચક **कृष्णा** શબ્દથી નિર્ધારણ કરવામાં આવ્યું છે.)

**૩. गच्छतां धावन् शीघ्रः । અથવા गच्छत्सु धावन् शीघ्रः । 'ચાલનારાંઓમાં દોડતો વ્યક્તિ શીઘ્ર** (જલ્દી પહોંચે) **છે.'** (અહીં 'ચાલનારાઓના સમુદાયમાંથી દોડતા વ્યક્તિનું નિર્ધારણ કરવામાં આવે છે. આથી સમુદાયવાચક गच्छत् શબ્દને ષષ્ઠી કે સપ્તમી લગાડવામાં આવી છે. અહીં ક્રિયાવાચક धावन् શબ્દથી નિર્ધારણ કરવામાં આવ્યું છે.)

**૪. छात्राणां मैत्रः पटुः । અથવા छात्रेषु मैत्रः पटुः । 'વિદ્યાર્થીઓમાં** 'મૈત્ર' **નામનો વિદ્યાર્થી હોંશિયાર છે.'** (અહીં વિદ્યાર્થીઓના સમુદાયમાંથી મૈત્રનું નિર્ધારણ કરવામાં આવ્યું છે. આથી સમુદાયવાચક **छात्र** શબ્દને ષષ્ઠી કે સપ્તમી વિભક્તિ લાગે છે. અહીં સંજ્ઞાવાચક **मैत्र** શબ્દથી નિર્ધારણ કરવામાં આવ્યું છે.)

**(વિમર્શ)** આ સૂત્રની પ્રવૃત્તિ કરતી વખતે ત્રણ મુદ્દા ધ્યાનમાં રાખવાના છે :

(क) સમુદાયમાંથી એકદેશનું નિર્ધારણ=પૃથક્કરણ કરવાનો સન્દર્ભ હોય ત્યારે જ આ સૂત્ર પ્રવૃત્ત કરી શકાય.

(ख) આ પૃથક્કરણ ૧. જાતિ ૨. ગુણ ૩. ક્રિયા ૪. સંજ્ઞાથી થવું જોઈએ અને

(ग) સમુદાયથી જે એકદેશનું પૃથક્કરણ કરવામાં આવે તેમની વચ્ચે 'અભેદ' હોવો જોઈએ. એટલે કે नृणां नृषु वा ब्राह्मणः श्रेष्ठः । 'માણસોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે.' અહીં સમુદાય માણસોનો બનેલો છે અને તેમાંથી જેનું નિર્ધારણ કરવામાં આવે છે તે 'બ્રાહ્મણ' પણ માણસ જ છે. આમ સમુદાય અને એકદેશ વચ્ચે 'અભેદ' છે. આ સન્દર્ભમાં જ પ્રસ્તુત સૂત્રથી ષષ્ઠી કે સપ્તમી વિભક્તિ લગાડી શકાય છે. 638

★

639 (૧૦૮) **पञ्चमी विभक्ते ।। पा. सू. २-३-४२**

640 (૧૦૯) **साधुनिपुणाभ्याम् अर्चायां सप्तमी अप्रतेः ।। पा. सू. २-३-४३**

---

**(वृत्तिः) विभागो विभक्तम् । 'निर्धार्यमाणस्य यत्र भेद एव तत्र पञ्चमी** स्यात्' ।। (उदा०) **माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः ।।**

**(वृत्तिः) आभ्यां योगे सप्तमी स्याद् अर्चायाम् , न तु प्रतेः प्रयोगे ।** (उदा०) मातरि साधुः/**निपुणो वा ।। 'अर्चायाम्' इति किम् ? -निपुणः राज्ञः भृत्यः । इह तत्त्वकथने तात्पर्यम् ।।** (वार्तिकम्) *'अप्रत्यादिभिः' **इति वक्तव्यम् * ।** (उदा०) **साधुः/निपुणः वा मातरं प्रति/परि/अनु वा ।।**

---

**નિર્ધારણ કરતી વખતે જો સમુદાય અને એકદેશ વચ્ચે ભેદ રહેલો** હોય તો **નીચેનું સૂત્ર પ્રવૃત્ત થાય છે :**

**(અનુ૦) વિભાગને વિભક્ત કહે છે. "નિધાર્યમાણનો જ્યાં ભેદ** (ભિન્નત્વ) **હોય ત્યાં પંચમી વિભક્તિ લાગે છે." ઉદા.ત. माथुराः पाटलिपुत्रकेभ्यः आढ्यतराः । 'મથુરાના લોકો પાટલિપુત્ર**ના લોકો **કરતાં વધુ સમૃદ્ધ છે.'**

**(વિમર્શ)** નિર્ધારણ-પૃથક્કરણ-હંમેશા બે પદાર્થો વચ્ચે જ શક્ય છે. હવે જ્યારે નિર્ધારણ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે તે બે પદાર્થો વચ્ચે અભેદ છે કે ભેદ તેનો વિચાર કરવામાં આવે છે. જો બે પદાર્થો વચ્ચે અભેદ હોય તો ત્યાં પૂર્વસૂત્ર ૨-૩-૪૧થી ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ પ્રવૃત્ત થાય છે. તથા જો બે પદાર્થો વચ્ચે ભેદ હોય તો પ્રસ્તુત સૂત્ર ૨-૩-૪૨થી કેવળ પંચમી વિભક્તિ પ્રવૃત્ત થાય છે.[૧૧૨]

અહીં પ્રશ્ન થશે-પંચમી વિભક્તિ કોને લગાડવામાં આવે છે ? ઉત્તર : જ્યાંથી/જેનાથી નિર્ધારણ-પૃથક્કરણ-કરવાનું હોય તે (નિર્ધારણની અવધિ સૂચવતા શબ્દ)ને પંચમી વિભક્તિ લગાડવામાં આવે છે (અને જેનું નિર્ધારણ કરવાનું હોય છે=જે નિર્ધાર્યમાણ પદાર્થ હોય છે તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે.

ભાષ્યકાર પતંજલિએ આ સૂત્રનું ખંડન કર્યું છે (જુઓ : ૧-૪-૨૪ સૂત્રભાષ્ય). કારણ કે પૂર્વોક્ત સન્દર્ભમાં બુદ્ધિકૃત-અપાદાનને જો સ્વીકારીશું તો **ध्रुवम् अपाये अपादानम्** । ૧-૪-૨૪થી અપાદાન સંજ્ઞા થઈ શકશે અને પંચમી વિભક્તિ પ્રવૃત્ત થઈ શકશે. 639

**(અનુ૦) साधु અને निपुण શબ્દોના યોગમાં, જો 'પૂજા'=સમ્માન અર્થ પ્રદર્શિત કરવો હોય તો સપ્તમી વિભક્તિ વપરાય છે. પરંતુ, વાક્યમાં જો प्रति શબ્દનો પ્રયોગ થયો હોય તો સપ્તમી** વિભક્તિ **વપરાતી નથી. ઉદા.ત. मातरि साधुः । मातरि निपुणः । 'માતાને વિષે સજ્જન છે' 'માતાનું કામકાજ કરવામાં** નિપુણતા **છે.'** (અહીં માતા પ્રત્યે સજ્જનતા કે માતાના કામકાજમાં નિપુણતા છે એનું કારણ માતા પ્રત્યે ખૂબ સમ્માન છે. આ સમ્માન **साधु** કે निपुण શબ્દોથી અહીં વ્યક્ત થાય છે. આથી આ શબ્દોના યોગમાં मातृ શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે : मातरि ।)

**સૂત્રમાં 'अर्चायाम्-પૂજા=સમ્માન પ્રદર્શિત કરવું હોય ત્યારે' એવી શરત કેમ મૂકવામાં આવી છે ?** (ઉત્તરઃ) **निपुणः राज्ञः भृत्यः । 'રાજાનો નોકર નિપુણ છે.' અહીં વાસ્તવિક કથન કરવાનું** તાત્પર્ય છે. (અર્થાત્ નોકરને રાજા પ્રત્યે સમ્માન છે માટે તે કામમાં નિપુણ છે એવું નથી. અહીં માત્ર નોકરની કાર્યદક્ષતા જ નોંધવાની ઇચ્છા છે; સમ્માન વ્યક્ત કરવાનો સન્દર્ભ નથી. માટે राजन् શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી નથી.)

**વાર્તિક : *સૂત્રમાં 'अप्रत्यादिभिः' એવું કહેવું જોઈએ. ***(અર્થાત્ સૂત્રકારે 'अप्रतेः' એટલું પદ મૂકીને માત્ર प्रतिના પ્રયોગ વખતે સપ્તમીનો નિષેધ કર્યો છે. પરંતુ વાર્તિકકારના મતે अप्रत्यादेः એવું પદ મૂકીને प्रति વગેરે-प्रति, परि, अनु વગેરે-ના પ્રયોગ વખતે પણ સપ્તમીનો નિષેધ થાય છે એવું કહેવું જોઈતું હતું.) **પરિણામે साधुः मातरं प्रति/परि/ अनु । કે निपुणः मातरं प्रति/परि/अनु । જેવાં ઉદાહરણો પ્રાપ્ત થાય** (સિદ્ધ થાય). (આ ઉદાહરણમાં साधु શબ્દનો કે

---

૧૧૨. सूत्रारम्भवादिनापि निर्धारणाश्रयत्वेन एषां **बुद्ध्या** एव समुदायभावः समानगुणत्वाद् आश्रयणीयः । अन्यथा निर्धारणाधिकाराद् (२-३-४१) एव विभागे लब्धे, 'विभक्त'ग्रहणाद् अत्यन्तविभागप्रतीतौ; न वास्तवः समुदायभावो युज्येत ।। (वा. प. ३-७-४ ઉપર હેલારાજ-પૃ° ૨૩૫)

641 (११०) **प्रसितोत्सुकाभ्यां तृतीया च । पा. सू. २-३-४४**

642 (१११) **नक्षत्रे च लुपि । पा. सू. २-३-४५**

**(वृत्तिः) आभ्यां योगे तृतीया स्यात्; चात् सप्तमी ।। (उदा०) प्रसितः/उत्सुकः** वा हरिणा **हरौ वा ।।**

**(वृत्तिः) नक्षत्रे प्रकृत्यर्थे यः लुप्संज्ञया लुप्यमानस्य प्रत्ययस्य अर्थः, तत्र वर्तमानात्** तृतीयासप्तम्यौ **स्तः, अधिकरणे ।। (उदा०) मूलेन आवाहयेद् देवीम्, श्रवणेन विसर्जयेत् ।। मूले श्रवणे** इति वा ।। 'लुपि' **किम् ? - पुष्ये शनिः ।।**

નિપુણ શબ્દનો પ્રયોગ હોવા છતાંય प्रति, परि કે अनुનો પણ પ્રયોગ છે, તેથી मातृ શબ્દને સપ્તમી વિભક્તિ લાગી શકતી નથી.) 640

**(અનુ૦) प्रसित અને उत्सुक શબ્દોના યોગે તૃતીયા વિભક્તિ** વપરાય છે. આ **સૂત્રમાં** चकार **જોડ્યો છે** (તેથી પૂર્વસૂત્ર ૨-૩-૪૩માંથી સપ્તમી પદની અનુવૃત્તિ આવશે.) **પરિણામે આ** શબ્દોના યોગે **સપ્તમી વિભક્તિ પણ** (વિકલ્પે) **વપરાય છે. ઉદા.ત. १. प्रसितः हरिणा । અથવા प्रसितः हरौ । २. उत्सुकः** हरिणा । **અથવા उत्सुकः हरौ । 'હરિને માટે તત્પર છે' 'હરિને માટે ઉત્સુક છે.'** (અહીં પહેલા ઉદાહરણમાં प्रसित શબ્દના યોગે हरि શબ્દને તૃતીયા કે સપ્તમી વિભક્તિ લાગી છે. તથા બીજા ઉદાહરણમાં उत्सुक શબ્દના યોગે हरि શબ્દને તૃતીયા કે સપ્તમી વિભક્તિ લાગી છે.)

**(વિમર્શ)** અહીં प्रसित એટલે प्रकर्षेण सितः=शुक्लः । 'અત્યંત સફેદ' એવો અર્થ થતો નથી. કારણ કે સૂત્રમાં જે બીજો उत्सुक શબ્દ આવેલો છે તેના સાહચર્યથી प्रसित શબ્દનો પણ 'તત્પર' અર્થ લેવાનો છે. રૂઢિથી પણ આ જ અર્થ લઈ શકાય છે. 'तत्परे प्रसितासक्तविष्टार्थोद्युक्त उत्सुकः' इति अमरः । 641

**(અનુ૦) નક્ષત્રવાચક શબ્દ પ્રકૃતિના અર્થમાં હોય ત્યારે**[113] (અર્થાત્ નક્ષત્રવાચક શબ્દ મૂળ પોતાના અર્થમાં જ હોય ત્યારે, નક્ષત્રવાચક શબ્દને તદ્ધિતનો કોઈ પ્રત્યય લાગ્યો હોય અને પછી) लुप् સંજ્ઞા**થી તે પ્રત્યય લુપ્ત થયો હોય તો તે લુપ્ત થયેલા પ્રત્યયના અર્થમાં રહેનાર નક્ષત્રવાચક શબ્દને,** 'અધિકરણ' અર્થમાં તૃતીયા **કે સપ્તમી વિભક્તિ લાગે છે.**[114] **દા.ત. मूलेन आवाहयेद् देवीम् । અથવા मूले आवाहयेद् देवीम्** । "'મૂલ' **નક્ષત્રના કાલમાં દેવીનું આહ્વાન કરવું જોઈએ." श्रवणेन विसर्जयेद् देवीम् । અથવા श्रवणे विसर्जयेत् देवीम्** । "'શ્રવણ' **નક્ષત્રના કાલમાં દેવીનું વિસર્જન કરવું જોઈએ."** (અહીં मूल એક નક્ષત્રનું નામ છે. પ્રસ્તુત સન્દર્ભમાં આ मूल શબ્દ કોઈ વ્યક્તિનું નામ નથી. એટલે કે તે પ્રકૃત્યર્થમાં જ રહેલો છે. આવા मूल શબ્દને नक्षत्रेण युक्तः कालः । ૪-૨-૩ સૂત્રથી જે તે નક્ષત્રથી યુક્ત 'કાલ' અર્થમાં अण् પ્રત્યય લગાડવામાં આવે છે : मूल+अ (ण्) । ત્યાર પછી लुबविशेषे । ૪-૨-૪ સૂત્રથી તે अण् પ્રત્યય લુપ્ત-અદશ્ય-થાય છે. અહીં પ્રત્યય લુપ્ત થવા છતાંય તે પ્રત્યયનો અર્થ રહી જાય છે.[115] આથી હવે मूल એટલે માત્ર 'મૂલ નક્ષત્ર' નહીં, પણ "મૂલ નક્ષત્રથી યુકતકાલ" એવો તેનો અર્થ થશે. આમ अण् પ્રત્યય લુપ્ત થવા છતાંય તે પ્રત્યયના અર્થમાં રહેલા मूल નક્ષત્રવાચક શબ્દને, અધિકરણ અર્થમાં તૃતીયા કે સપ્તમી વિભક્તિમાં મૂકી શકાય છે. જેમકે, मूलेन અથવા मूले । श्रणेन અથવા श्रवणे ।। અહીં તૃતીયા કે સપ્તમી વિભક્તિના પ્રત્યયો 'અધિકરણ' અર્થમાં પ્રવૃત્ત થાય છે. આથી ઉદાહરણાર્થ આ પ્રમાણે થશે : "'મૂલ' નક્ષત્રથી યુકત કાળમાં દેવીનું આહ્વાન કરવું જોઈએ.)[116]

**સૂત્રમાં लुपि-लुप् સંજ્ઞાથી પ્રત્યય લુપ્ત થયો હોય ત્યારે" એમ** શા માટે કહ્યું છે ? **(ઉત્તરઃ) पुष्ये शानिः । 'પુષ્ય**

---

૧૧૩. ક્યારેક લોકમાં નક્ષત્રોનાં નામ ઉપરથી માણસોનાં નામ પાડવામાં આવે છે. દા.ત. સ્વાતિ બેન, મૂળજી, મૂળશંકર. આવાં નામો નક્ષત્રના વાચક છે એમ નહીં કહેવાય, તે વ્યક્તિવિશેષના વાચક હોય છે.

૧૧૪. આ ૨-૩-૪૫ સૂત્રમાં 'मंडूकप्लुति' અનુવૃત્તિથી 'अधिकरणे' (૨-૩-૩૬ સૂત્રમાંથી) પદની અનુવૃત્તિ આવે છે.

૧૧૫. જેવી રીતે ફૂલદાનીમાંથી ફૂલ કાઢી લેવા છતાંય ફૂલની સુગન્ધિ રહી જાય છે. તેમ એક ન્યાય પણ છે : यः **शिष्यते स** लुप्यमानार्था-**भिधायी** । 'જે (પ્રકૃતિ) બાકી રહે છે તે લુપ્ત થયેલા (પ્રત્યય) અંશની વાચિકા બને છે.'

૧૧૬. કાશિકાકારે **नक्षत्रे च** लुपि । **સૂત્રનો અર્થ આ પ્રમાણે આપ્યો છે** : लुबन्तात् नक्षत्रशब्दात् तृतीयासप्तम्यौ **विभक्ती भवतः** । 'लुबन्त' નક્ષત્રવાચક શબ્દને તૃતીયા અને સપ્તમી વિભક્તિ થાય છે.'

## 643 (११२) सप्तमीपञ्चम्यौ कारकमध्ये । पा. सू. २-३-७

**(वृत्तिः) शक्तिद्वयमध्ये यौ कालाध्वनौ ताभ्याम् एते स्तः । (उदा०) १. अद्य भुक्त्वा अयं द्व्यहे/द्व्यहाद् वा भोक्ता । कर्तृशक्त्योः मध्ये अयं कालः ॥ २. इहस्थः अयं क्रोशे/क्रोशाद् वा लक्ष्यं विध्येत् । कर्तृकर्मशक्त्योः मध्ये देशः ॥**

**'अधिक' शब्देन योगे सप्तमीपञ्चम्यौ इष्येते । 'तदस्मिन् अधिकम्०' (५-२-४५) इति, 'यस्मादधिकं यस्य चेश्वरवचनम्' (२-३-९) इति च सूत्रनिर्देशात् । (उदा०) लोके/लोकाद् वा अधिकः हरिः ।**

---

નક્ષત્રમાં શનિ છે' (અહીં પુષ્ય નક્ષત્રવાચક શબ્દને તદ્ધિતનો કોઈ પ્રત્યય લાગ્યો નથી. અને પરિણામે તેવા કોઈ પ્રયયનો લુપ્ -અદર્શન- કરવાની પણ સ્થિતિ ઊભી થઈ નથી. આમ પુષ્ય શબ્દ લુબન્ત નથી, માટે તેને તૃતીયા વિભક્તિ લગાડી શકાતી નથી. અહીં સન્દર્ભ એવો છે કે પુષ્ય નક્ષત્રમાં શનિ રહેલો છે. આમ શનિગ્રહને રહેવા માટે પુષ્યનક્ષત્ર કેવળ અધિકરણ બન્યું છે, એવું કહેવાનો આશય છે. આથી પુષ્ય શબ્દને માત્ર સપ્તમી વિભક્તિ લાગી શકશે.)

**(વિમર્શ)** આ સૂત્રથી નક્ષત્રવાચક શબ્દને 'અધિકરણ' અર્થમાં તૃતીયા કે સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે. પરંતુ આ નક્ષત્રવાચક શબ્દ કેવો હોવો જોઈએ ? તે અંગે થોડાં સ્પષ્ટીકરણો કરવાં પડશે.

૧. 'પ્રકૃતિ-અર્થમાં' રહેલો નક્ષત્રવાચક શબ્દ. એટલે જે નામ નક્ષત્રનું હોય તે નક્ષત્ર માટે જ વપરાયું હોય. મતલબ કે કોઈ વ્યક્તિનું નામ નક્ષત્રના નામ પરથી પાડવામાં આવ્યું હોય તો તે નામને નક્ષત્રવાચક નહીં કહેવાય. કોઈ વ્યક્તિનું નામ 'સ્વાતિ' કે 'મૂલજી' હોય તો ત્યાં તે શબ્દો મૂળ પ્રકૃતિના અર્થમાંથી ખસી ગયા છે. એટલે કે નક્ષત્રવાચક નહીં રહેતાં, વ્યક્તિવિશેષના વાચક બન્યા છે.

૨. પ્રકૃત્યર્થમાં રહેલા નક્ષત્રવાચક શબ્દને તદ્ધતિનો કોઈ પ્રત્યય લાગ્યો હોવો જોઈએ.

૩. આ પ્રત્યયનો 'લુપ્' સંજ્ઞાથી[૧૧૭] લોપ=અદર્શન થયું હોવું જોઈએ.

૪. આવા લુપ્ત પ્રત્યયવાળા નક્ષત્રવાચક શબ્દને જ 'અધિકરણ' અર્થમાં તૃતીયા કે સપ્તમી વિભક્તિ લગાડવામાં આવે છે. 642

**(અનુ૦) બે કારકશક્તિઓની મધ્યમાં આવેલા કાલવાચક શબ્દને અને માર્ગ** (દેશ) **વાચક શબ્દને સપ્તમી વિભક્તિ અથવા પંચમી વિભક્તિ** લગાડવામાં **આવે છે. દા.ત. ૧. अद्य भुक्त्वा अयं (देवदत्तः) द्व्यहे भोक्ता । અથવા अद्य भुक्त्वा अयं द्व्यहाद् भोक्ता । 'આજે જમ્યા પછી આ** (દેવદત્ત) **બે દિવસ પછી જમશે.' અહીં** (દેવદત્ત નામના માણસની) **બે કર્તૃશક્તિની[૧૧૮] મધ્યમાં કાલવાચક द्व्यहन् શબ્દ આવે છે;** (તેને સપ્તમી કે પંચમી વિભક્તિ લાગી છે.) **૨. इहस्थ अयं** (देवदत्तः) **क्रोशे लक्ष्यं विध्येत् । અથવા इहस्थ अयं** (देवदत्तः) **क्रोशाद् लक्ष्यं विध्येत् । 'અહીં ઊભેલો આ દેવદત્ત એક માઈલ દૂર આવેલા લક્ષ્યને વીંધી શકે છે.' અહીં દેવદત્તની** (વીંધનાર તરીકેની) **કર્તૃકારક શક્તિ અને** (વીંધાનાર) **લક્ષ્યની કર્મકારક શક્તિની વચ્ચે દેશવાચક क्रोश શબ્દ આવેલો છે;** (આ દેશવાચક क्रोश શબ્દને સપ્તમી કે પંચમી વિભક્તિ લાગી છે.)

**अधिक શબ્દના યોગે સપ્તમી વિભક્તિ કે પંચમી વિભક્તિ વપરાય તે ઈષ્ટ છે. કારણ કે तद् 'अस्मिन्' अधिकम् । ૫-૨-૪૫ સૂત્રમાં** (अधिक શબ્દના યોગે સપ્તમી વિભક્તિ વાપરી છે) **અને 'यस्माद्' अधिकम् यस्य चेश्वरवचनम् । ૨-૩-૯ સૂત્રમાં** (अधिक શબ્દના યોગે પંચમી વિભક્તિ વાપરી છે) **એવો નિર્દેશ જોવા મળે છે. આને**

---

૧૧૭. પાણિનિ પ્રકૃતિ+પ્રત્યયનો સંસ્કાર કરીને કોઈ 'રૂપ' સિદ્ધ કરી બતાવતાં હોય છે. ત્યારે અમુક અમુક અંશોનું અદર્શન-લોપ જાહેર કરતા હોય છે. આવું અદર્શન જાહેર કરવા માટે તેમણે लुक् , श्लु, लुप् અને लोप જેવી સંજ્ઞાઓ વાપરી છે.

અહીં એ નોંધપાત્ર છે કે लुप् સિવાયની, બાકીની ત્રણ સંજ્ઞાઓથી કોઈ પ્રત્યયનો લોપ-અદર્શન-કર્યો હોય તો ત્યાં આ સૂત્ર લાગશે નહીં.

૧૧૮. દેવદત્ત આજે ભોજનક્રિયા કરે તો તે સમયની એક કર્તૃકારકશક્તિ અને બે દિવસ પછી જે ફરી ભોજનક્રિયા કરશે તે સમયની બીજી કર્તૃકારકશક્તિ. આ 'બે કર્તૃશક્તિ'ની મધ્યમાં આવેલા કાલવાચક શબ્દને સપ્તમી વિભક્તિ કે પંચમી વિભક્તિ લગાડવામાં આવે છે.

644 (११३) अधिः ईश्वरे । पा. सू. १-४-३७

645 (११४) यस्माद् अधिकं, यस्य च ईश्वरवचनं तत्र सप्तमी । पा. सू. २-३-३९

---

(वृत्तिः) स्वस्वामिसम्बन्धे 'अधिः' कर्मप्रवचनीयसंज्ञः स्यात् ।

(वृत्तिः) अत्र कर्मप्रवचनीययुक्ते सप्तमी स्यात् ।। (उदा०) १. 'उप परार्धे हरेः गुणाः' । -परार्धाद् अधिका इत्यर्थः ।। २. ऐश्वर्ये तु स्वस्वामिभ्यां पर्य्यायेण सप्तमी । 'अधि भुवि रामः'/'अधि रामे भूः' । 'सप्तमी शौण्डैः (२-१-४०)' इति समासपक्षे तु 'रामाधीना' । -'अषडक्ष० (५-४-७) इत्यादिना खः ।।

---

**આધારે જે ઉદાહરણ પ્રાપ્ત થાય છે તે આ પ્રમાણે છે :- लोके अधिकः हरिः । અથવા लोकाद् अधिकः हरिः । 'લોકમાં** અથવા લોક કરતાં હરિ અધિક (મહાન્) છે.'

**(વિમર્શ)** સૂત્રમાં આવેલા कारकमध्ये પદનો અર્થ शक्तिद्वयमध्ये=कारकशक्तिद्वयमध्ये કરવામાં આવે છે. કારણ કે જગત્‌ના પદાર્થો 'કારક' (ક્રિયાના નિર્વર્તક) નથી; પણ તે પદાર્થોમાં રહેલી શક્તિ એ 'કારક' છે. (शक्तिः कारकम् ।ની સાથે સાથે शक्तिमत् कारकम् । એવો મત પણ પ્રચલિત છે.) પ્રસ્તુત સૂત્ર જણાવે છે કે બે કારકોની = બે કારકશક્તિઓની મધ્યમાં રહેલા કાલ કે દેશવાચક શબ્દોને સપ્તમી વિભક્તિ કે પંચમી વિભક્તિ લગાડવી. 643

**(અનુ૦) સ્વસ્વામિભાવ સંબંધમાં अधिની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે.**

**(વિમર્શ)** સૂત્રમાં આવેલ ईश्वर શબ્દનો અર્થ 'સ્વસ્વામિભાવ સંબંધ' થાય છે. અગાઉ 551 (૨૦) उपोऽधिके च । ૧-૪-૮૭ સૂત્રથી અધિક અર્થમાં उपની પણ 'કર્મપ્રવચનીય' સંજ્ઞા જાહેર કરવામાં આવી હતી. ત્યાં જણાવ્યું હતું કે 'અધિક' અર્થવાળા उप કર્મપ્રવચનીયના યોગે સપ્તમી વિભક્તિ વપરાય છે. એવું આગળ ઉપર - 645 (૧૧૪)- કહેવામાં આવશે. 644

★

હવે આ अधि અને उप કર્મપ્રવચનીયના યોગમાં સપ્તમી વિભક્તિનું વિધાન કરવા માટે નીચેનું સૂત્ર રજૂ કરવામાં આવે છે :

**(અનુ૦) उप શબ્દના પ્રયોગથી 'જેનાથી અધિકપણું' દર્શાવવું હોય અને अधि શબ્દના પ્રયોગથી 'જેના સ્વામિ' હોવાનું દર્શાવવું હોય, ત્યાં તે કર્મપ્રવચનીય સંજ્ઞાવાળા उप અને अधि શબ્દોના યોગે સપ્તમી વિભક્તિ વપરાય છે. ઉદા.ત. १. उप परार्धे हरेः गुणाः । 'હરિના ગુણો પરાર્ધ** (સંખ્યા) **કરતાંય અધિક છે.' -પરાર્ધસંખ્યાથી પણ અધિક ગુણો છે એવો આ વાક્યનો અર્થ છે.** (અહીં उप શબ્દથી अधिक અર્થ વ્યક્ત થાય છે અને તેથી તેની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા (૧-૪-૮૭) થાય છે. આ કર્મપ્રવચનીયના યોગમાં परार्ध શબ્દને સપ્તમી વિભક્તિ લાગી છે.)

**ઉદા. ૨. 'ऐश्वर्य' અર્થમાં अधि કર્મપ્રવચનીયનો પ્રયોગ થયો હોય તો स्व** (માલિકીની વસ્તુ) **અને स्वामि** (માલિક) **વાચક શબ્દોને પર્ય્યાયથી** (=વારાફરતી) **સપ્તમી વિભક્તિ લાગે છે. દા.ત. अधि भुवि रामः । 'રામ પૃથ્વીના માલિક છે.'** (અહીં स्व='માલિકીની વસ્તુ' भू શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.) **અથવા ક્યારેક अधि रामे भूः । 'રામ પૃથ્વીના માલિક છે.'** (અહીં સ્વામી=માલિક વાચક राम શબ્દને સપ્તમી વિભક્તિ લગાડવામાં આવી છે.)

(અહીં अधि रामे भूः । એ વાક્યમાં अधि+रामेનો સમાસ શક્ય છે :) **शौण्डादि ગણમાં अधि શબ્દ આવેલો છે. તેથી सप्तमी शौण्डैः । ૨-૧-૪૦ સૂત્રથી સપ્તમ્યન્ત** (रामे) **પદનો शौण्डादि ગણના (अधि) શબ્દની સાથે સમાસ થાય છે : रामाधि ।। ત્યાર પછી अषडक्षाशितङ्ग्वलङ्कर्मालम्पुरुषाध्युत्तरपदात् खः । ૫-૪-૭ સૂત્રથી रामाधि એવા સામાસિક શબ્દને ख પ્રત્યય લાગે છે. ત્યાર પછી** (આ ख પ્રત્યયના સ્થાનમાં आयनेयीनीयि० । ૭-૧-૨ સૂત્રથી इन આદેશ થાય છે. માટે रामधि+ख>इन=रामाधीन+સ્ત્રીલિંગમાં टाप्>आ પ્રત્યય લાગશે તો=) **रामाधीना (भूः) । એવો શબ્દ બનશે.** (અહીં

646 (११५) **विभाषा कृञि । पा. सू. १-४-३८**

(वृत्तिः) **अधिः करोतौ प्राक्संज्ञः वा स्याद् , ईश्वरे अर्थे ।। (उदा०) 'यद् अत्र माम् अधिकरिष्यति ।' विनियोक्ष्यत इत्यर्थः । इह विनियोक्तुः ईश्वरत्वं गम्यते । अ'गति'त्वात् 'तिङि चोदात्तवति (८-१-७१)' इति निघातः न ।।**

**। इति सप्तमीविभक्तिः ।**

**।। इति कारकप्रकरणम् ।।**

ઐશ્વર્યવાચક અધિ શબ્દના યોગમાં સ્વ અને સ્વામિ વાચક શબ્દોને વારાફરતી ભુવિ/રામે- સપ્તમી વિભક્તિ લાગી છે.)

**(અનુ૦) 'ઈશ્વર' અર્થ પ્રાપ્ત થતો હોય તો √कृ>करोति ધાતુની આગળ વપરાયેલા 'अधि' શબ્દની વિકલ્પે 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થાય છે. ઉદા.ત. यद् अत्र माम् अधिकरिष्यति । 'જે** (વ્યક્તિ) **મને આ વિષયમાં વિનિયોજશે.' અહીં મને વિનિયોજનાર વ્યક્તિનું ઈશ્વરત્વ=સ્વામિત્વ સૂચવાય છે.** (આથી √कृञ् ધાતુની પૂર્વમાં આવેલા अधिની કર્મ-પ્રવચનીય સંજ્ઞા થાય છે અને આ કર્મપ્રવચનીયના યોગે अस्मद् શબ્દને દ્વિતીયા (૨-૩-૮ સૂત્રથી) વિભક્તિ; -माम्- લાગી છે.) **અહીં अधिकरिष्यति રૂપમાં अधिની 'કર્મપ્રવચનીય' સંજ્ઞા થઈ છે.** (તેથી प्रादयः, उपसर्गाः क्रियायोगे । ૧-૪-૫૮, ૫૯ સૂત્રથી અધિની ગતિ સંજ્ઞા કે ઉપસર્ગ સંજ્ઞા થઈ શકશે નહીં) **એટલે કે अधिकरिष्यति રૂપમાં अधिની ગતિ સંજ્ઞા થતી નથી; પરિણામે तिङि चोदात्तवति । ૮-૧-૭૧ સૂત્રથી તે अधिને નિઘાત** (=સર્વાનુદાત્ત સ્વર) **થશે નહીં.**

અહીં અધિકરણકારક અને સપ્તમી વિભક્તિનો વિષય પૂરો થયો.

તથા

'કારકપ્રકરણ' પણ પૂરું થયું.

**।। इति शुभं भूयात् ।।**

★ ★ ★

# ગ્રન્થ-સૂચિ


१. **काशिका** (भाग १ एवं २), (न्यासपदमञ्जरीटीकाद्वयोपेता) सं. द्वारिकादासः शास्त्री, कालिकाप्रसादः शुक्लश्च । प्राच्यभारतीप्रकाशनम् , वाराणसी, 1965.

२. **न्यायकोशः** । सं. म.म. भीमाचार्य जळकीकर BORI, Poona, 1978.

३. **बृहच्छब्देन्दुशेखरः** (भाग-२), सं. सीतारामः शास्त्री, (सरस्वतीभवनग्रन्थमाला-87) वाराणसेय संस्कृतविद्यालयः, वाराणसी, 1960.

४. **परिभाषासंग्रहः**, सं. म. म. के. वी. अभ्यङ्कर, BORI, Poona, 1967.

५. **परिभाषेन्दुशेखरः** (Part-I), सं. म. म. के. वी. अभ्यङ्कर, BORI, Poona, 1962.

६. **पाणिनीयसूत्रयोर्हेतुपदस्यार्थः** । (ચારુદેવશાસ્ત્રી સ્મૃતિ વિશેષાંક) विश्वसंस्कृतम् 25–2, 3, 4. 1988. pp. 83-90

७. **वाक्यपदीयम्** (with the commentary of Helārāja) (काण्ड-३, भाग-१), ed. by K.A. Subramania Iyer, Deccan college Monograph series : 21, Poona, 1963.

८. **वैयाकरणसिद्धान्तकौमुदी** (भाग-१), बालमनोरमया तत्त्वबोधिन्या च समेता । सं. गिरिधरशर्मा परमेश्वरानन्दशर्मा च । मोतीलाल बनारसीदास, दिल्ली, 1975.

९. **વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી** (હિન્દી વ્યાખ્યા), પંડિત શ્રી બાલકૃષ્ણ પંચોલીજી, ચૌખમ્બા વિદ્યાભવન, કાશી, 1969.

१०. **व्याकरणदर्शनभूमिका** । ले० रामाज्ञा पाण्डेयः, राजकीय संस्कृत पुस्तकालयः, सरस्वतीभवनम् , काशी, सं. २०१० (1954).

११. **व्याकरणमहाभाष्यम्** (प्रदीपोद्द्योतसहितम् ) भाग : १, २, ३. मोतीलाल बनारसीदास, दिल्ली, 1967.

१२. **Pāṇini as a Variationist**, by Paul Kiparsky, Univ. of Poona, 1980.

१३. *Studies on Pāṇini's* ***Grammar,*** by B. Faddegon, Amsterdam, 1963.

१४. **The Fundamentals of Anuvṛtti,** by S. D. Joshi & Bhate, Univ. of Poona, 1984.

१५. Vyākaraṇa-Mahābhāṣya *Kārakāhnika* (P. 1-4-23—1-4-55) by S. D. Joshi and J.A.F. Roodbergen, CASS, Univ, of Poona, 1975.

१६. Vyākaraṇa-Mahābhāṣya *Vibhaktyāhnika* (P. 2-3-18—2-3-45) by S. D. Joshi and J.A.F. Roodbergen, CASS, Univ. of Poona, Poona, 1980.

१७. Vyākaraṇa-Mahābhāsya *Prātipadika-śeṣāhnika*. (P. 2-3-56—2-3-71) by S. D. Joshi and J.A.F. Roodbergen, CASS, Univ, of Poona, Poona, 1981.

१८. Vyākaraṇa-Mahābhāṣya *Anabhihitāhnika* 2-3-1—2-3-17) by S. D. Joshi and J.A.F. Roodbergen, Univ. of Poona, Poona 1976.

१९. **પાણિનીય વ્યાકરણ વિમર્શ,** ડૉ. વસન્તકુમાર ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 1994.

२०. **સંસ્કૃત વાક્યસંરચના,** ડૉ. વસન્તકુમાર ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 1996.